ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન


પ્રથમ ઉલ્લાસ • ભાગ-૨



મોટી વાવડી



નાની વાવડી



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

પ્રથમ ઉલ્લાસ : ભાગ-૨

❖ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❖ સંકલન-સંશોધનકારિકા ❖

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના
સમુદાયના સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ : પ્રથમ ઉલ્લાસ

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૫ ✦ વિ. સં. ૨૦૬૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

વીર સં. ૨૫૪૦ ✦ વિ. સં. ૨૦૭૦ ✦✦✦ આવૃત્તિ : દ્વિતીય ✦ નકલ : ૩૦૦

મૂલ્ય : ૩. ૨૪૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી
શ્રી શરદભાઈ અમૃતલાલ ઝવેરી પરિવાર, મુંબઈ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :





'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

* મુદ્રક *
સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ

૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા

૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)

૩. યોગદૃષ્ટિસમુચ્ચય

૪. કર્મવાદ કર્ણિકા

૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)

૬. સદ્‌ગતિ તમારા હાથમાં !

૭. સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)

૮. દર્શનાચાર

૯. શાસન સ્થાપના

૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)

૧૧. અનેકાંતવાદ

૧૨. પ્રશ્નોત્તરી

૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)

૧૪. ચિત્તવૃત્તિ

૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)

૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ

૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ

૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય

૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨

૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દેવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઇઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૨૨. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૨૩. ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૪. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨૫. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૬. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૨૭. ૧૮ પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ના

સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

જગતની સુવ્યવસ્થા ધર્મના આધારસ્તંભ ઉપર ચાલે છે અને પરિપૂર્ણ ધર્મને પામેલો જગતમાં સર્વથી સુખી છે. વળી પરિપૂર્ણ ધર્મ પામેલાને દેવસંજ્ઞા અથવા ઈશ્વરસંજ્ઞા અપાય છે, માટે સંપૂર્ણ સુખી થવા અને પરિપૂર્ણ ધર્મ પામવા માટે ધર્મનું સ્વરૂપ સમજવા કોની પાસે જવું જોઈએ ? તેનું સમાધાન એ છે કે જેઓ પરિપૂર્ણ ધર્મના સ્વરૂપને જાણીને સતત ધર્મની આરાધના કરી રહ્યા છે તેવા સદ્‌ગુરુ પાસે ધર્મ સમજવા જવું જોઈએ, પરંતુ સદ્‌ગુરુ 'આ છે' તેવો નિશ્ચય ન થાય ત્યાં સુધી ધર્મશ્રવણ થઈ શકે નહિ, તેથી 'આ ગુરુ' 'સદ્‌ગુરુ' છે તેવો નિશ્ચય કરાવવા માટે ઉપાધ્યાય યશોવિજય મહારાજનો રચેલો આ ગુરુતત્ત્વવિનિશ્ચય નામનો ગ્રંથ મહા ઉપકારી છે.

વળી આ ગ્રંથના પહેલા ઉલ્લાસમાં ગ્રંથકારે સદ્‌ગુરુનો મહિમા બતાવ્યો, પછી સદ્‌ધર્મરૂપ ચારિત્રગ્રહણ માટે વર્તમાનકાળ યોગ્ય નથી તેમ બતાવવા પૂર્વપક્ષીએ ગાથા-૩૪ સુધી પ્રશ્નો કર્યા છે, અને વર્તમાનકાળમાં પણ અતિચારોની સમ્યક્ આલોચના કરવાથી ચારિત્ર અખંડ રહે છે તેમ ગ્રંથકારશ્રીએ સિદ્ધ કર્યું છે. પૂર્વપક્ષીના પ્રશ્નોની આંટીઘૂટી ઉકેલીને ચારિત્રનો મહિમા અખંડ રાખવાનો ગ્રંથકારનો પ્રયત્ન અત્યંત પ્રશંસનીય છે.

શાસનસમ્રાટ પૂ. આ. ભ. શ્રી નેમિસૂરિ મહારાજના સમુદાયના પૂ. આ. ભ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી નિર્મળચંદ્રવિજયજી મહારાજ સાહેબની (સંસારી પક્ષે ભાઈ) સંમતિપૂર્વક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ પાસે આ અધ્યાત્મગ્રંથનો અભ્યાસ કરવાનો સંયોગ સાંપડ્યો તે બદલ આ ઉપકારી મહાત્માની હું ઋણી છું.

આ ગ્રંથના ગુજરાતી વિવરણના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં શ્રુતોપાસક-શ્રુતપિપાસુ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતા અનુભવેલ છે.

આ ગ્રંથરત્નના અભ્યાસ દ્વારા મને અને અન્ય વાંચકોને ભાવચારિત્રની પ્રાપ્તિ થાય અને મોક્ષધામ પ્રતિ શીઘ્ર પ્રયાણ કરીને પરમપદને પામીએ એ જ અભ્યર્થના.

– શાસનસમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના
સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી ચારિત્રાશ્રીજી મહારાજ સાહેબના
પ્રશિષ્યા સાધ્વીજી શ્રી ઋજુમતિશ્રીજી

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૨ની

સંકલના

સાધુ અઢાર હજાર શીલાંગનાધારી હોય છે, તેમાંથી કોઈપણ સ્થાનનો ભંગ થાય તો નિશ્ચયનયથી ભંગની પ્રાપ્તિ થાય છે અને તત્કાલ તે સાધુ નિંદા, ગર્હા દ્વારા ભંગ થયેલા સંયમની શુદ્ધિ કરે તો સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે. અન્યથા તે સાધુ અસંયમી કહેવાય છે.

વળી, વ્યવહારનયથી યત્કિંચિત ગુણના ભંગમાં પણ ચારિત્રના ભંગની પ્રાપ્તિ થતી નથી અને સંયમશ્રેણીથી પાત પામે તો વ્યવહારનયથી ચારિત્રનો ભંગ સ્વીકારાય છે.

વળી, વ્યવહારનય મૂળગુણના ભંગ પછી તરત ચારિત્રનો નાશ થાય છે એમ સ્વીકારે છે અને ઉત્તરગુણના ભંગથી કંઈક કાળના વિલંબનથી ચારિત્રનો નાશ સ્વીકારે છે. તેથી વર્તમાનકાળમાં જે સાધુ આરાધક ભાવવાળા છે તેઓ અઢાર હજાર શીલાંગમાંથી કોઈપણ શીલાંગનો ભંગ થાય અને તેની શુદ્ધિ કરી લે તો તેઓમાં ચારિત્રની પ્રાપ્તિ છે માટે વર્તમાનમાં ચારિત્ર નથી તેમ કહી શકાય નહિ. આ પ્રકારનું ગાથા-૮૨થી ૯૨ સુધી ગ્રંથકારે સ્થાપન કરેલ છે.

વળી, મૂળગુણની વિપરીત આચરણા અને ઉત્તરગુણની વિપરીત આચરણા, ચારિત્રનાં નાશમાં કઈ રીતે કારણ બને છે તે દૃષ્ટાંતથી ગાથા-૯૩માં બતાવેલ છે. વળી સાધુના ઉત્તરગુણો કયા છે તે ગાથા-૯૪માં બતાવેલ છે. સાધુના અસંયમ સ્થાનો કયા છે તે ગાથા-૯૬માં બતાવેલ છે.

સંયમસ્થાનમાં જે અતિચારો લાગે છે તે અપ્રશસ્ત સંયમસ્થાનો છે અને તે અપ્રશસ્ત સંયમસ્થાનોની ઉત્પત્તિ ચારિત્રીમાં કઈ રીતે થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૯૭થી ૯૯માં કરેલ છે.

વળી, સાધુને છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધીના અતિચારમાં સંયમસ્થાનનો સંભવ છે તેની સ્પષ્ટતા ગાથા-૧૦૦માં કરેલ છે.

પાસત્થાદિમાં પણ છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ દ્વારા અપેક્ષાએ ચારિત્રના સ્વીકારની યુક્તિઓ ગાથા-૧૦૧થી ૧૧૨ સુધી બતાવી છે.

વંદનવિષયક અપવાદથી કેવા પાસત્થાને વંદન થાય અને કેવાને વંદન ન થાય તેની સ્પષ્ટતા ગાથા-૧૧૩ અને ૧૧૪માં કરેલ છે. અપવાદથી મૂળગુણ પ્રતિસેવીને પણ પૂજ્ય સ્વીકારવાની યુક્તિ ગાથા-૧૧૪થી ૧૧૬માં બતાવેલ છે. અપવાદિક આચરણામાં આરંભ હોવા છતાં ગૃહસ્થના આરંભ અને સંયમીના આરંભ વચ્ચેના ભેદનું સ્વરૂપ ગાથા-૧૧૭થી ૧૧૯માં બતાવેલ છે. અને જે સાધુ નિષ્કારણ

પ્રતિસેવા કરે છે તેઓ સંયમના ફલરૂપે સંસારની વૃદ્ધિને પામે છે તેની સ્પષ્ટતા ગાથા-૧૨૦માં કરેલ છે. સાવશેષ ચારિત્રવાળા પાસત્થાને અપવાદથી વંદનની અનુજ્ઞા અને ઉત્સર્ગથી સંયમશ્રેણીમાં રહેલાને જ વંદનની અનુજ્ઞા છે તેની સ્પષ્ટતા ગાથા-૧૨૧-૧૨૩માં કરેલ છે.

વર્તમાનકાળમાં કેવા જીવોમાં ચારિત્રનો સંભવ છે અને કેવા જીવોમાં ચારિત્રનો સંભવ નથી તેની સ્પષ્ટતા ગાથા-૧૨૪થી ૧૨૭ સુધી કરેલ છે.

અપ્રમાદી સાધુમાં બાહ્યથી વિપરીત આચરણાકાળમાં પણ અઢાર હજાર શીલાંગનો અખંડ ભાવ છે તેની સ્થાપક યુક્તિ ગાથા-૧૨૮-૧૨૯માં કરેલ છે.

અપ્કાય, તેઉકાય અને મૈથુનની પ્રતિસેવના કરનાર સાધુને મિથ્યાત્વની પ્રાપ્તિ સ્વીકારનાર મહાનિશીથના વચનનું તાત્પર્ય ગાથા-૧૩૦-૧૩૧માં સ્પષ્ટ કરેલ છે.

સંયમમાં પ્રમાદી સાધુને ક્યારે મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે અને ક્યારે મિથ્યાત્વની પ્રાપ્તિ થતી નથી તે ગાથા-૧૩૨માં બતાવેલ છે.

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના અપાલનના સામર્થ્યમાં મિથ્યાત્વથી રક્ષણ કરવા અર્થે સંયમત્યાગની ઉચિત વિધિનું સ્પષ્ટીકરણ ગાથા-૧૩૩માં કરેલ છે. સંયમશ્રેણી શું છે, તેના હાનિવૃદ્ધિના ષટ્સ્થાનો શું છે તેની સ્પષ્ટતા ગાથા-૧૩૪થી ૧૪૫ સુધી કરેલ છે.

દેશવિરતિનાં ગ્રહણપૂર્વક, સર્વવિરતિ ગ્રહણ કરવાની શાસ્ત્રીય મર્યાદાવિષયક કયા કયા વિકલ્પો છે તેની સ્પષ્ટતા ગાથા-૧૪૬થી ૧૪૮ સુધી કરેલ છે.

વળી, અભ્યાસ ચારિત્ર શું છે અને ગુણસ્થાનકને સ્પર્શનારું ચારિત્ર શું છે તેની સ્પષ્ટતા ગાથા-૧૪૮માં કરેલ છે.

વળી, બીજાધાન અર્થે આઠ વર્ષના બાળને પણ દીક્ષા આપવાની વિધિ અને બાળની દીક્ષાથી તીર્થના અવ્યવચ્છેદની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૧૪૯-૧૫૦માં કરેલ છે.

વળી, ક્ષયોપશમનાં ભેદથી અભ્યાસકર ચારિત્ર, તે તે વિશેષ ગુણવાળું ચારિત્ર પ્રાપ્ત થવા છતાં સર્વચારિત્રીઓ દ્વારા તીર્થની પ્રભાવના સમાન રીતે થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૧૫૧માં કરેલ છે.

પૂર્વમાં આચાર્યનાં ગુણો કેવા હતા અને વર્તમાનમાં આચાર્યના ગુણો કેવા જોઈએ તેની વિચારણા ગાથા-૧૫૨થી ૧૭૦ સુધી આગમયુક્ત અનેક દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરેલ છે.

વળી, જેઓ સમ્યક્ત્વથી પણ રહિત છે, વેશમાત્રથી ચારિત્રી છે અને થોડા શાસ્ત્રો ભણીને પોતાનામાં ચારિત્રનું સ્થાપન કરે છે, તેઓ કેવા છે તેનું સ્વરૂપ ગાથા-૧૭૧થી ૧૭૩ સુધી બતાવેલ છે.

વળી, જેઓ આચાર્ય આદિ પદવીવાળા છે અને શિષ્યને જિનવચન અનુસાર યોગમાર્ગમાં પ્રવર્તાવવા

સમર્થ નથી તેઓને સર્વ શિષ્યોનાં પ્રમાદજન્ય પ્રાયશ્ચિત્ત કરતા ચાર ગણા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોવાથી દુરન્ત સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૧૭૪-૧૭૫માં કરેલ છે.

વળી, જે ગુરુ શિષ્યોને જિનવચનઅનુસાર યોગમાર્ગમાં પ્રવર્તાવતા નથી તેવા ગુરુને શિષ્યોએ કઈ વિધિથી ત્યાગ કરવો જોઈએ તેની સ્પષ્ટતા ગાથા-૧૭૬-૧૭૭માં કરેલ છે.

ભગવાનનાં નિર્વાણ પછી ૧૨૫૦ વર્ષ પછી ઘણા કુગુરુઓ ભગવાનના શાસનમાં થશે તેની સ્પષ્ટતા ગાથા-૧૭૮માં કરેલ છે.

વર્તમાનકાળમાં ઘણા કુગુરુઓની સંભાવના છે તેથી કલ્યાણના અર્થીએ નિપુણગુરુની પરીક્ષા કરીને સુગુરુના સાનિધ્યની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઈએ તેની સ્પષ્ટતા ગાથા-૧૭૯માં કરે છે.

વર્તમાનમાં નિજમતિ કલ્પિત જ સંયમનો વ્યવહાર બહુલતાએ છે તોપણ સર્વથા સન્માર્ગ નષ્ટ નથી તેની સ્પષ્ટતા ગાથા-૧૮૦માં કરેલ છે.

આગમ વ્યવહારનો વિચ્છેદ હોવા છતાં આગમમાંથી ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહાર૩૫ શ્રુતથી વર્તમાનમાં પણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોવાથી ચારિત્રમાં લાગેલા અતિચારોની શુદ્ધિનો સંભવ છે તેની સ્પષ્ટતા ગાથા-૧૮૧માં કરેલ છે.

પૂર્વનાં પ્રાયશ્ચિત્ત કરતાં જીતવ્યવહારથી વર્તમાનમાં પ્રાયશ્ચિત્તનો ભેદ યુક્તિયુક્ત છે, તેની સ્પષ્ટતા ગાથા-૧૮૨માં કરેલ છે.

વર્તમાનમાં કયા પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે અને કયું પ્રાયશ્ચિત્ત કોને પ્રાપ્ત થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૧૮૩થી ૧૮૯ સુધી કરેલ છે.

ભગવાનના શાસનમાં વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન થયું છે એમ કહેનારાને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૧૯૦માં કરેલ છે.

વર્તમાનમાં પ્રાયશ્ચિત્તવિષયક કયા પ્રકારનો વિવેક છે તેનું દૃષ્ટાંતથી ભાવન ગાથા-૧૯૧થી ૧૯૬ સુધી કરેલ છે.

પ્રાયશ્ચિત્તવિષયક ઉચિત ઉત્સર્ગ-અપવાદની સ્પષ્ટતા ગાથા-૧૯૭થી ૨૦૦ સુધી કરેલ છે.

વર્તમાનમાં અનશન માટેની કઈ ઉચિત વ્યવસ્થા છે અને તે પ્રમાણે સાધુએ અનશનમાં શક્તિ અનુસાર ઉદ્યમ કરવો જોઈએ તેની સ્પષ્ટતા ગાથા-૨૦૧માં કરેલ છે.

દર્શન-જ્ઞાન દ્વારા ભગવાનના તીર્થને સ્વીકારવામાં શું દોષો પ્રાપ્ત થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૨૦૨થી ૨૦૬ સુધી કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથનું અત્યાર સુધીનું કથન ગુરુ તત્ત્વના નિર્ણયમાં કઈ રીતે ઉપકારી છે તેની સ્પષ્ટતા ગાથા-૨૦૭માં કરેલ છે.

વ્યવહારનયના સ્થાપનનું વિશિષ્ટ ફળ શું છે તેની સ્પષ્ટતા ગાથા-૨૦૮માં કરેલ છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માગું છું.

વિ. સં. ૨૦૬૯, આસો સુદ-૧૦,
તા. ૧૪-૧૦-૨૦૧૩, સોમવાર.
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૮૨.	પ્રમાદથી કોઈપણ સંયમસ્થાનના ભંગમાં ચારિત્રનો ભંગ.	૧-૩
૮૩-૮૪.	વ્યવહારનયથી સંયમ શ્રેણીના ભંગમાં ચારિત્રનો ભંગ. મૂળગુણના ભંગથી શીઘ્ર ચારિત્રનો ભંગ. ઉત્તરગુણના ભંગથી વિલંબનથી ચારિત્રનો ભંગ.	૩-૭
૮૫.	સંયમરક્ષણ માટે સાધુને ઉચિત કર્તવ્ય.	૭-૧૦
૮૬.	અતિચારથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોવાથી સાધુને અતિચારનાં પરિહારની આવશ્યકતા.	૧૦-૧૧
૮૭ થી ૮૯.	મૂળગુણ અને ઉત્તરગુણના અતિચારથી ચારિત્રનો ભંગ હોવાથી સાધુને તેના પરિહારની વિધિ.	૧૧-૧૪
૯૦.	મૂળગુણ અને ઉત્તરગુણની પરસ્પર ચારિત્ર નાશ પ્રત્યેની કારણતાનું સ્વરૂપ.	૧૪-૧૭
૯૧-૯૨.	અતિચારકાળમાં પણ ક્યાં સુધી સંયમશ્રેણીનો નાશ નથી તેની સ્પષ્ટતા.	૧૭-૨૦
૯૩.	મૂળગુણની પ્રતિસેવનાથી અને ઉત્તરગુણની પ્રતિસેવનાથી ચારિત્રના નાશની દૃષ્ટાંતથી સ્પષ્ટતા.	૨૦-૨૬
૯૪.	સાધુના ઉત્તરગુણો.	૨૭-૨૮
૯૫-૯૬.	ચારિત્રના ભ્રંશના કારણ અસંયમી સ્થાનોનું સ્વરૂપ.	૨૮-૩૪
૯૭.	અતિચાર સ્થાન અને સંયમ ભ્રંશના ભેદનું સ્વરૂપ.	૩૪-૩૬
૯૮.	અતિચાર સ્થાનની પ્રાપ્તિનું સ્વરૂપ.	૩૬-૪૦
૯૯.	સંયમમાં અતિચારથી અપકૃષ્ટ સંયમસ્થાનની પ્રાપ્તિ.	૪૦-૪૬
૧૦૦.	કેટલા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી સંયમનો સંભવ તેની સ્પષ્ટતા.	૪૬-૪૯
૧૦૧ થી ૧૧૨.	પાસત્થાદિમાં પણ છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી મલિન ચારિત્રનો સ્વીકાર.	૪૯-૭૪
૧૧૩.	અપવાદથી વંદનીય પાસત્થા અને અવંદનીય પાસત્થાનો ભેદ.	૭૪-૭૭
૧૧૪ થી ૧૧૯.	અપવાદથી મૂળગુણ પ્રતિસેવીમાં અને ઉત્તરગુણ પ્રતિસેવીમાં પણ સંયમસ્થાનનો સ્વીકાર.	૭૭-૮૮

ગાથા નં.	વિષય	પાના નં.
૧૧૭ થી ૧૧૯.	અપવાદિક આચરણામાં આરંભ હોવા છતાં ગૃહસ્થના આરંભ અને સંયમીના આરંભ વચ્ચેના ભેદનું સ્વરૂપ.	૮૩-૮૮
૧૨૦.	નિષ્કારણ પ્રતિસેવનમાં સંયમીને સંસારની વૃદ્ધિની પ્રાપ્તિ.	૮૮-૯૧
૧૨૧-૧૨૨.	દેશ પાસત્થામાં કંઈક ચારિત્રનો સંભવ. દેશ પાસત્થાને અપવાદથી વંદનની વિધિ.	૯૧-૯૫
૧૨૩.	ઉત્સર્ગથી સંયમશ્રેણીમાં રહેલાને જ વંદનની વિધિ.	૯૫-૯૯
૧૨૪.	કેવા પ્રકારના દેશપાસત્થામાં ચારિત્રનો સંભવ અને સર્વપાસત્થામાં ચારિત્રનો અસંભવ.	૧૦૦-૧૦૨
૧૨૫ થી ૧૨૭.	વર્તમાનકાળમાં સંયમીમાં કેવા પ્રકારની વક્રતા-જડતાનો સંભવ.	૧૦૨-૧૦૮
૧૨૮-૧૨૯.	અપવાદિક વિપરીત આચરણામાં પરિપૂર્ણ શુદ્ધચારિત્રનો સંભવ.	૧૦૮-૧૧૩
૧૩૦-૧૩૧.	અપ્કાય, તેઉકાય અને મૈથુનની પ્રતિસેવનામાં સાધુને મિથ્યાત્વની પ્રાપ્તિ કહેનાર શાસ્ત્રવચનની પ્રાપ્તિ.	૧૧૩-૧૨૩
૧૩૨.	સંયમમાં પ્રમાદીને મિથ્યાત્વની પ્રાપ્તિ અને સાનુતાપીને સમ્યક્ત્વનો સંભવ.	૧૨૩-૧૨૪
૧૩૩.	સંયમ પાલનમાં અસમર્થને સંયમ ત્યાગ વિષયક ઉચિત વિધિ.	૧૨૫-૧૩૦
૧૩૪ થી ૧૪૫.	સંયમ શ્રેણીનું સ્વરૂપ.	૧૩૦-૧૫૮
૧૪૬-૧૪૭.	દેશવિરતિના પાલનપૂર્વક બહુલતાએ સર્વવિરતિની પ્રાપ્તિ અને દેશવિરતિપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરનારા જીવોને સિંહતુલ્ય પરાક્રમવાળા ચારિત્રની પ્રાપ્તિ.	૧૫૮-૧૬૫
૧૪૮.	અભ્યાસકર ચારિત્રનું સ્વરૂપ. અભ્યાસકર ચારિત્ર દ્વારા પણ ભાવચારિત્રની પ્રાપ્તિથી ૭-૮ ભવમાં મોક્ષની પ્રાપ્તિ.	૧૬૫-૧૭૩
૧૪૯-૧૫૦.	બીજાધાન માટે આઠ વર્ષના બાળને દીક્ષા આપવાની વિધિ અને બાળને દીક્ષા આપવાથી તીર્થનાં અવ્યવચ્છેદની પ્રાપ્તિ.	૧૭૩-૧૭૬
૧૫૧.	અભ્યાસકર ચારિત્રનાં અનેક ભેદો. અભ્યાસકર ચારિત્ર અને ભાવચારિત્રવાળા જીવોથી સમાન રીતે તીર્થની પ્રભાવનાની પ્રાપ્તિ.	૧૭૬-૧૮૩
૧૫૨ થી ૧૭૦.	વર્તમાનકાળને ઉચિત આચાર્યના ગુણો અને પૂર્વકાળનાં આચાર્યનાં ગુણો વચ્ચેની અનેક દૃષ્ટાંતોથી તુલના.	૧૮૩-૨૦૮

ગાથા નં.	વિષય	પાના નં.
૧૭૧ થી ૧૭૩.	સમ્યક્ત્વથી ભ્રષ્ટ, ચારિત્ર માત્રનાં આચારને ધારણ કરનારા, યત્કિંચિત્ શાસ્ત્ર ભણેલા વર્તમાનના સાધુઓનું સ્વરૂપ.	૨૦૮-૨૧૫
૧૭૪.	પ્રમાદીઆચાર્યને શિષ્યનાં પ્રમાદજન્ય પ્રાયશ્ચિત્તથી દુરંત સંસારની પ્રાપ્તિ.	૨૧૫-૨૧૮
૧૭૫.	અપ્રમાદી પણ આચાર્યને શિષ્યનાં પ્રમાદની ઉપેક્ષામાં દુરંત સંસારની પ્રાપ્તિ.	૨૧૮-૨૨૧
૧૭૬-૧૭૭.	કુગુરુનાં ત્યાગની ઉચિત વિધિ.	૨૨૨-૨૨૮
૧૭૮.	ભગવાનના નિર્વાણથી ૧૨૫૦ વર્ષ પછી ઘણા કુગુરુઓની પ્રાપ્તિ.	૨૨૮-૨૩૧
૧૭૯.	વર્તમાનમાં કુગુરુનાં બાહુલ્યને કારણે કલ્યાણના અર્થીએ સુગુરુની અત્યંત પરીક્ષાપૂર્વક સ્વીકારની વિધિ.	૨૩૧-૨૩૩
૧૮૦.	વર્તમાનમાં નિજમતિ કલ્પિત વ્યવહાર બહુલતાએ હોવા છતાં શુદ્ધ વ્યવહારની પ્રાપ્તિ.	૨૩૩-૨૩૫
૧૮૧.	વર્તમાનમાં પ્રકલ્પ વ્યવહારથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	૨૩૫-૨૩૭
૧૮૨.	પૂર્વના અને વર્તમાનના પ્રાયશ્ચિત્તના ભેદનું પ્રયોજન.	૨૩૭-૨૪૦
૧૮૩ થી ૧૮૯.	વર્તમાનમાં વિચ્છિન્ન પ્રાયશ્ચિત્ત અને કોને કયા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તેની સ્પષ્ટતા.	૨૪૦-૨૪૬
૧૯૦.	ભગવાનના તીર્થની અવસ્થિતિ સુધી સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રની અવશ્ય પ્રાપ્તિ.	૨૪૬-૨૪૭
૧૯૧ થી ૧૯૬.	વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત વિષયક વિવેકનું સ્વરૂપ.	૨૪૭-૨૫૭
૧૯૭-૨૦૦.	પ્રાયશ્ચિત્ત વિષયક ઉત્સર્ગ-અપવાદ.	૨૫૭-૨૬૩
૨૦૧.	જીવનના અંત સમયે અનશનવિષયક ઉચિત વિધિનું સ્વરૂપ.	૨૬૩-૨૮૧
૨૦૨ થી ૨૦૬.	દર્શન-જ્ઞાન દ્વારા ભગવાનના તીર્થને સ્વીકારવામાં પ્રાપ્ત થતા દોષો.	૨૮૧-૨૯૨
૨૦૭.	ગુરુતત્ત્વના નિર્ણયમાં પૂર્વપક્ષનાં ઉદ્ભાવન અને નિરાકરણની ઉપયોગિતા.	૨૯૨-૨૯૬
૨૦૮.	વ્યવહારનયના સ્થાપનનું વિશિષ્ટ ફળ.	૨૯૬-૨૯૮

❋ ❖ ❋

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

महोपाध्याय श्रीमद्यशोविजयगणि विरचित स्वोपज्ञवृत्तियुत

गुरुतत्त्वविनिश्चय

शब्दशः विवेचन

प्रथम उल्लास : भाग-२

अवतरणिका :-

इत्थं चान्यतरस्थानभङ्गेऽपि निश्चयेन भङ्गोक्तिर्नानुपपन्ना, केवलं तत्कालमावृत्तस्य पुनः सङ्घटनम्, अन्यथा तु तदवस्थ एव भङ्ग इत्याह –

अवतरणिकार्थ :-

અને આ રીતે=ગાથા-૮૧માં કહ્યું એ રીતે, અન્યતર સ્થાનના ભંગમાં પણ=સંયમનાં સર્વ સ્થાનોમાંથી કોઈ એક સ્થાનના ભંગમાં પણ, નિશ્ચયનયથી ભંગની ઉક્તિ=ચારિત્રનો ભંગ થયો છે એ પ્રકારનું કથન, અનુપપન્ન નથી; કેવલ તત્કાલ આવૃત સાધુને=ચારિત્રનો ભંગ થયા પછી તત્કાલ નિંદા-ગર્હાદિ દ્વારા પ્રતિનિવૃત્ત સાધુને, ફરી સંઘટન છે=ચારિત્રના ભંગનું સંઘટન છે. વળી અન્યથા=અન્યતર સ્થાનનો ભંગ થયા પછી તત્કાલ પ્રતિનિવૃત્ત ન હોય તો, તદવસ્થ જ ભંગ છે=નિશ્ચયનયથી ભંગ થયેલું ચારિત્ર ભંગઅવસ્થાવાળું જ રહે છે. ઇતિ=એતદ્=એને, કહે છે –

❖ 'अन्यतरस्थानभङ्गेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગચ્છાચારના એકથી અધિક સ્થાનોના ભંગમાં તો નિશ્ચયનયથી ભંગોક્તિ અનુપપન્ન નથી, પરંતુ ગચ્છાચારના કોઈ એક સ્થાનના ભંગમાં પણ નિશ્ચયનયથી ભંગોક્તિ અનુપપન્ન નથી.

ભાવાર્થ :-

ગાથા-૮૧માં કહ્યું કે ભાવશુદ્ધ એવા મુનિ આવૃત હોય અર્થાત્ સંયમસ્થાનમાં કોઈ સ્ખલના થઈ હોય કે તરત જ નિંદા-ગર્હાદિ દ્વારા પ્રતિનિવૃત્ત હોય, તો ચારિત્રનો ભંગ નથી; કેમ કે સ્ખલનાથી પાછા ફરેલા હોવાને કારણે ભંગનું સંઘટન છે. એ રીતે ગચ્છાચારના કોઈ એક સ્થાનના ભંગમાં પણ નિશ્ચયનયથી ચારિત્રનો ભંગ થાય છે, એ કથન ઘટે છે. ફક્ત ભંગ થયા પછી તત્કાલ જે સાધુ તે સ્ખલનાથી પાછા ફરેલા

છે, તેઓના ચારિત્રનું સંઘટન છે, અને જે સાધુ ભંગ થયા પછી તત્કાલ પાછા ફરતા નથી, તેઓના ચારિત્રનું નિશ્ચયનયથી સંઘટન નથી, પરંતુ તદવસ્થ જ ભંગ છે. તે જ બતાવવા માટે કહે છે –

ગાથા :-

जो पुण पमायदोसो, थोवो वि हु णिच्छएण सो भंगो ।
सम्ममणाउट्टस्स उ, अवगरिसो संजमम्मि जओ ।।८२।।

અન્વયાર્થ :-

जो पुण=જે વળી, थोवो वि=થોડો પણ, पमायदोसो=પ્રમાદદોષ છે, णिच्छएण=નિશ્ચયથી=નિશ્ચયનયથી, सो भंगो=તે ભંગ છે, उ=વળી, सम्ममणाउट्टस्स=સમ્યગ્ રીતે પાછા નહિ ફરેલાને, सो भंगो=તે ભંગ=તે ભંગ ઉત્તરકાલમાં રહે છે, जओ=જે કારણથી, संजमम्मि=સંયમમાં, अवगरिसो=અપકર્ષ છે. ।।૮૨।।

❖ 'હુ' પાદપૂર્તિ અર્થે છે.

ગાથાર્થ :-

જે વળી થોડો પણ પ્રમાદદોષ છે, નિશ્ચયનયથી તે ભંગ છે. વળી સમ્યગ્ રીતે પાછા નહિ ફરેલાને તે ભંગ ઉત્તરકાલમાં રહે છે, જે કારણથી સંયમમાં અપકર્ષ છે. ।।૮૨।।

ટીકા :-

'जो पुण'त्ति । यः पुनः स्तोकोऽपि प्रमाददोषः स निश्चयेन भङ्गः, सम्यगनावृत्तस्य तु स भङ्ग उत्तरकालमवतिष्ठत इति शेषः, यतः=यस्मात्, संयमे=चारित्रे, अपकर्षः=अधस्तनस्थानसङ्क्रम-लक्षणः ।।८२।।

ટીકાર્થ :-

यः पुनः ..... अधस्तनस्थानसङ्क्रमलक्षणः ।। જે વળી થોડો પણ પ્રમાદદોષ છે, તે નિશ્ચયનયથી ભંગ છે. વળી સમ્યગ્ અનાવૃત્તને=સમ્યગ્ રીતે સ્ખલનાથી પાછા નહિ ફરેલાને, તે ભંગ ઉત્તરકાલમાં રહે છે. 'ઉત્તરકાલમાં રહે છે' એ પદ ગાથામાં અધ્યાહાર છે. એ બતાવવા માટે 'इति शेषः' કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે થોડો પ્રમાદદોષ છે તે ચારિત્રમાં અતિચાર છે તેમ ન કહ્યું, પરંતુ નિશ્ચયનયથી ભંગ છે એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

જે કારણથી સંયમમાં=ચારિત્રમાં, અપકર્ષ છે=નીચેના સ્થાનમાં સંક્રમ સ્વરૂપ અપકર્ષ છે, તેથી પૂર્વના ચારિત્રની અપેક્ષાએ અપકર્ષવાળું ચારિત્ર છે. માટે ચારિત્રનો ભંગ છે, એમ અન્વય છે. ।।૮૨।।

❖ 'स्तोकोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઘણો પ્રમાદદોષ તો નિશ્ચયનયથી ભંગ છે, પરંતુ થોડો પણ પ્રમાદદોષ નિશ્ચયનયથી ભંગ છે.

ભાવાર્થ :-

સંયમી સાધુને પ્રતિક્ષણ મોહના ઉન્મૂલનને અનુકૂળ અપ્રમાદથી શમભાવમાં યત્ન કરવાનો છે, તેથી સમભાવને અનુકૂળ સર્વ ઉચિત અનુષ્ઠાનમાં મન, વચન અને કાયાને સુદૃઢ પ્રવર્તાવવાના છે, અને તે રીતે યત્ન કરતા સાધુને થોડો પણ જે પ્રમાદદોષ થાય અર્થાત્ ક્ષણભર પણ મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપારથી અન્યથા વ્યાપાર થાય, તો તે પ્રમાદદોષ નિશ્ચયનયથી સંયમના ભંગરૂપ છે; અને આ રીતે સંયમનો ભંગ થયા પછી તે સાધુ તે ભંગના નિવર્તન માટે નિંદા-ગર્હાદિ દ્વારા સમ્યગ્ યત્ન કરીને પાછા ફરે નહિ તો તે ભંગ ઉત્તરકાલમાં અવસ્થિત રહે છે. તેથી જો તે સાધુ તે પ્રમાદ સેવ્યા પછી તેની શુદ્ધિ કર્યા વગર અન્ય સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય તોપણ તેઓમાં ચારિત્રનો ભંગ થયેલો હોવાથી તે ચારિત્રી નથી.

અહીં પ્રશ્ન થાય કે જે સાધુ મોહના ઉન્મૂલન માટે અસ્ખલિત યત્ન કરી રહ્યા છે, તોપણ અનાદિભવઅભ્યસ્ત પ્રમાદ હોવાને કારણે તે સાધુને ક્ષણભર પ્રમાદનું સેવન થયું એટલામાત્રથી તેના ચારિત્રનો ભંગ છે, તેમ નિશ્ચયનય કેમ કહે છે ? તેથી કહે છે –

જે કારણથી તે પ્રમાદ સેવ્યા પછી તે સાધુ ચારિત્રના અધોકંડકમાં છે, તેથી પૂર્વના ચારિત્રનો ભંગ છે. માટે નિશ્ચયનય પ્રમાદ સેવ્યા પછી સમ્યગ્ શુદ્ધિ ન કરી હોય તેવા સાધુને અચારિત્રી કહે છે.

અહીં વિશેષ એ છે કે સંયમ ગ્રહણ કરતી વખતે 'કરેમિ ભંતે સામાઈયં' એ પદ દ્વારા સાધુ પ્રતિજ્ઞા કરે છે કે 'હું સમભાવને કરું છું.' તેથી સંયમ ગ્રહણ કર્યા પછી અસ્ખલિત રીતે સમભાવની વૃદ્ધિને અનુકૂળ મન, વચન, કાયાના વ્યાપારને સુદૃઢ પ્રવર્તાવે તો જ તે પ્રતિજ્ઞાનું વહન થાય, અને જે પ્રવૃત્તિ સમભાવની વૃદ્ધિનું કારણ ન હોય તેવી કોઈપણ પ્રવૃત્તિ સાધુ મનથી, વચનથી કે કાયાથી ક્ષણભર પણ કરે તો તે સંયમમાં સ્ખલના છે, અને અનાભોગ આદિથી પણ તેવી કોઈ પ્રવૃત્તિ થઈ હોય તો સમ્યગ્ વિધિ અનુસાર તેની શુદ્ધિ કરવી જોઈએ, જેથી ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞામાં થયેલી સ્ખલનાનું સંઘટન થાય; અન્યથા તે સ્ખલનાનું સંઘટન નહિ થવાથી ચારિત્રનો અપકર્ષ પ્રાપ્ત થાય છે. માટે નિશ્ચયનયથી ચારિત્રનો ભંગ છે. **॥૮૨॥**

અવતરણિકા :-

व्यवहारनयाभिप्रायेण तु यत्किञ्चिदल्पगुणभङ्गानुवृत्तावपि न चारित्रस्य भङ्गस्तन्मते देश-भङ्गेऽपि चारित्रानुवृत्तेः, सर्वभङ्गस्य च श्रेणिपातरूपत्वाद् बाह्यक्रियासाकल्यस्य चैकत्र वृत्त्य-सम्भवेन तदभावस्याप्येकत्र दुर्वचत्वादित्याशयेनाह –

અવતરણિકાર્થ :-

વળી વ્યવહારનયના અભિપ્રાયથી યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ=સંયમસ્થાનમાં સ્ખલનારૂપ અલ્પગુણના ભંગની શુદ્ધિના અભાવમાં પણ, ચારિત્રનો ભંગ નથી; કેમ કે તેના મતમાં= વ્યવહારનયના મતમાં, દેશભંગ હોતે છતે પણ ચારિત્રની અનુવૃત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રનો દેશથી ભંગ છે, એમ કહીને ચારિત્રની અનુવૃત્તિ છે તેમ કેમ કહી શકાય ? અર્થાત્ ચારિત્ર નથી, તેમ કહેવું જોઈએ. તેથી બીજો હેતુ કહે છે –

સર્વભંગનું શ્રેણિના પાતરૂપપણું છે અર્થાત્ ચારિત્રના સર્વભંગનું શ્રેણીના પાતરૂપપણું છે, તેથી દેશભંગમાં પણ વ્યવહારનયથી ચારિત્રની અનુવૃત્તિ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. માટે યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ ચારિત્રનો ભંગ નથી, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે ગચ્છાજ્ઞાના એકાદ સ્થાનના ભંગમાં ચારિત્રનો દેશથી ભંગ છે તેમ કહેવાય તો, સર્વ ગચ્છાજ્ઞાનો જેણે ભંગ કર્યો હોય તેનામાં ચારિત્રનો સર્વ ભંગ છે તેમ માનવું જોઈએ; પરંતુ જેણે સર્વ ગચ્છાજ્ઞાનો ભંગ કર્યો નથી, આમ છતાં શ્રેણીથી પાત પામ્યા છે તેવા સાધુને ચારિત્રનો સર્વ ભંગ છે, માટે ચારિત્રની અનુવૃત્તિ નથી, એમ વ્યવહારનય કેમ કહે છે ? તેથી ત્રીજો હેતુ કહે છે –

અને એકત્ર=એક પુરુષમાં, બાહ્યક્રિયાના સાકલ્યની વૃત્તિનો અસંભવ હોવાને કારણે તેના અભાવનું પણ=બાહ્યક્રિયાના સાકલ્યના અભાવનું પણ, એક પુરુષમાં દુર્વચપણું છે, તેથી શ્રેણીના પાતરૂપ ચારિત્રનો સર્વ ભંગ છે એમ અન્વય છે. ઇતિ=એ પ્રકારના=વ્યવહારનયના અભિપ્રાયથી યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ ચારિત્રનો ભંગ નથી, એ પ્રકારના, આશયથી ગ્રંથકારશ્રી કહે છે -

❖ 'अल्पगुणभङ्गानुवृत्तावपि'માં 'अपि'થી એ કહેવું છે કે યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિ ન હોય તો તો ચારિત્રનો ભંગ નથી, પરંતુ યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ ચારિત્રનો ભંગ નથી.

❖ 'देशभङ्गेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દેશનો ભંગ ન હોય તો તો ચારિત્રની અનુવૃત્તિ છે, પરંતુ દેશના ભંગમાં પણ ચારિત્રની અનુવૃત્તિ છે.

❖ 'तदभावस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્યક્રિયાના સાકલ્યનું તો એકત્ર દુર્વચપણું છે, પરંતુ બાહ્યક્રિયાસાકલ્યના અભાવનું પણ એકત્ર દુર્વચપણું છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ગચ્છાચારના કોઈ એક સ્થાનના ભંગમાં પણ નિશ્ચયનયથી ચારિત્રનો ભંગ છે. તેથી હવે તે વિષયમાં વ્યવહારનય શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

વ્યવહારનયના અભિપ્રાયથી ગચ્છાજ્ઞાના કોઈ એક સ્થાનના ભંગરૂપ અલ્પગુણનો ભંગ થયા પછી કોઈ સાધુ તત્કાલ નિંદા-ગર્હાદિ દ્વારા તેની શુદ્ધિ ન કરી શકે તો તે ગુણના ભંગની અનુવૃત્તિ હોય છે, તોપણ ચારિત્રનો ભંગ નથી; કેમ કે જેમ નિશ્ચયનય દેશના ભંગમાં ચારિત્રનો ભંગ સ્વીકારે છે, તેમ વ્યવહારનય સ્વીકારતો નથી; પરંતુ વ્યવહારનય કહે છે કે દેશના ભંગમાં પણ ચારિત્રની અનુવૃત્તિ છે. ત્યાં પ્રશ્ન થાય કે વ્યવહારનયથી ચારિત્રનો સર્વથા ભંગ છે તેમ ક્યારે કહેવાય ? તેથી કહે છે –

વ્યવહારનયના મતે શ્રેણીના પાતરૂપ ચારિત્રનો સર્વભંગ છે અર્થાત્ જે સાધુ સંયમની શ્રેણીથી પાત પામેલા હોય તે સાધુમાં ચારિત્રનો સર્વભંગ છે.

અહીં પ્રશ્ન થાય કે ગચ્છાચારની સર્વ આજ્ઞાઓમાંથી કોઈ એક આજ્ઞાનો ભંગ થાય ત્યારે દેશભંગ કહેવાય છે. તે નિયમ પ્રમાણે જે સાધુએ ગચ્છાજ્ઞાની સર્વ આજ્ઞાઓનો ભંગ કર્યો છે અર્થાત્ જે સાધુ ગચ્છઆજ્ઞાની સર્વ ક્રિયાઓ કરતા નથી, તે સાધુમાં ચારિત્રનો સર્વભંગ છે તેમ માનવું જોઈએ. તેના બદલે સંયમશ્રેણીથી પાતરૂપ ચારિત્રનો સર્વભંગ છે, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

કોઈ સાધુએ સંયમ ગ્રહણ કરેલું હોય તે સાધુમાં ગચ્છાચારની બાહ્યક્રિયાસાકલ્યનો સંભવ નથી; કેમ કે સ્વભૂમિકા અનુસાર તે મહાત્મા સર્વ ઉચિત ક્રિયા કરતાં હોય ત્યારે પણ સ્વભૂમિકા ઉપરની ક્રિયા તેઓ કરતા નથી. વળી, કોઈ સાધુમાં બાહ્યક્રિયાસાકલ્યના અભાવનો પણ સંભવ નથી; કેમ કે સાધુવેશમાં છે તેથી છેવટે કોઈ સંયમની ક્રિયા પણ તેઓમાં પ્રાપ્ત થશે જ. માટે ગચ્છાચારની સર્વ ક્રિયાઓ જેઓ નથી કરતા, તેઓમાં ચારિત્રનો સર્વભંગ છે તેમ કહી શકાય નહિ; પરંતુ ગચ્છાજ્ઞાના કોઈપણ સ્થાનનો ભંગ કરતા હોય અને સંયમશ્રેણીથી પણ તેઓ પાત પામ્યા હોય તો ચારિત્રનો સર્વભંગ છે, તેમ માનવું જોઈએ. તેથી વ્યવહારનયના અભિપ્રાયથી યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ ચારિત્રનો ભંગ નથી, એ પ્રકારના આશયથી ગ્રંથકારશ્રી આગળની ગાથામાં કહે છે –

અહીં વિશેષ એ છે કે સાધુએ સંયમની કઈ કઈ ઉચિત આચરણાઓ કરવી જોઈએ, તેવી ગચ્છાજ્ઞાઓ અનેક છે, તે ગચ્છાજ્ઞા પ્રમાણેની બધી બાહ્યક્રિયાઓ કોઈ એક સાધુમાં હોતી નથી; પરંતુ જે સાધુની જે પ્રકારની શક્તિ હોય તેને અનુરૂપ બાહ્યક્રિયાઓ તે સાધુને સેવવાની છે. તેથી જે સાધુ અપ્રમાદભાવથી સર્વ ઉચિત બાહ્યક્રિયાઓ સેવતા હોય તે સાધુમાં પણ બાહ્યક્રિયાસાકલ્યનો સંભવ નથી, તેની જેમ સર્વ બાહ્યક્રિયાઓનો અભાવ પણ કોઈ એક સાધુવેષધારીમાં સંભવિત નથી, ફક્ત ગૃહસ્થમાં સાધુની બાહ્યક્રિયાસાકલ્યનો અભાવ સંભવે, તે સિવાય સંયમસ્થાનથી બહિર્ભૂત એવા પાસત્થાદિમાં પણ સંયમની કોઈક ક્રિયાનો સંભવ રહે છે. માટે જે સાધુમાં સર્વ બાહ્યક્રિયાનો અભાવ હોય તે સાધુમાં ચારિત્રનો સર્વભંગ છે, તેમ વ્યવહારનય કહેતો નથી; પરંતુ ચારિત્રની કોઈપણ વિપરીત આચરણા કરતી વખતે સંયમ પ્રત્યેના નિરપેક્ષ પરિણામને કારણે જે સાધુ સંયમશ્રેણીથી બહિર્ભૂત થાય છે, તે સાધુમાં ચારિત્રનો સર્વભંગ છે, તેમ વ્યવહારનય કહે છે.

ગાથા :-

ववहारणयाभिमयं, सेढिब्भंसं पडुच्च भंगं तु ।
खिप्पेयरकालकओ, भेओ मूलुत्तरगुणेसुं ।।८३।।

અન્વયાર્થ :-

तु ववहारणयाभिमयं सेढिब्भंसं भंगं पडुच्च=વળી, વ્યવહારનયને અભિમત એવા શ્રેણીના ભ્રંશરૂપ ભંગને આશ્રયીને, मूलुत्तरगुणेसुं खिप्पेयरकालकओ भेओ=મૂળ-ઉત્તરગુણના વિષયમાં ક્ષિપ્રકાલકૃત અને ઈતરકાલકૃત ભેદ જાણવો=મૂળગુણના વિષયમાં અવિલંબિત કાલકૃત ભેદ અને ઉત્તરગુણના વિષયમાં વિલંબિત કાલકૃત ભેદ જાણવો. ।।૮૩।।

ગાથાર્થ :-

વળી, વ્યવહારનયને અભિમત એવા શ્રેણીના ભ્રંશરૂપ ભંગને આશ્રયીને મૂળ-ઉત્તરગુણના વિષયમાં ક્ષિપ્રકાલકૃત અને ઇતરકાલકૃત ભેદ જાણવો. ॥૮૩॥

ટીકા :-

'ववहार'त्ति । व्यवहारनयाभिमतं श्रेणिभ्रंशं मूलतः श्रेणिनिवृत्तिलक्षणं भङ्गं तु प्रतीत्य मूलोत्तरगुणेषु क्षिप्रेतरकालकृतः=विलम्बितविलम्बितकालकृतो, भेदोऽभ्युपगन्तव्यः ।।૮૩।।

ટીકાર્થ :-

व्यवहारनयाभिमतं ..... भेदोऽभ्युपगन्तव्यः ।। વ્યવહારનયને અભિમત મૂળથી શ્રેણિનિવૃત્તિસ્વરૂપ શ્રેણિભ્રંશરૂપ ભંગને આશ્રયીને મૂળ-ઉત્તરગુણવિષયક ક્ષિપ્રકાલકૃત અને ઇતરકાલકૃત ભેદ જાણવો= મૂળગુણના વિષયમાં અવિલંબિત કાલકૃત ભેદ અને ઉત્તરગુણના વિષયમાં વિલંબિત કાલકૃત ભેદ જાણવો. ॥૮૩॥

અવતરણિકા :-

तमेवाह –

અવતરણિકાર્થ :-

તેને જ કહે છે=ગાથા-૮૩માં કહ્યું કે વ્યવહારનયને અભિમત શ્રેણિભ્રંશરૂપ ભંગને આશ્રયીને મૂળગુણના ભંગમાં તરત ચારિત્રનો ભંગ થાય છે, અને ઉત્તરગુણના ભંગમાં વિલંબથી ચારિત્રનો ભંગ થાય છે. તેને જ કહે છે –

ગાથા :-

मूलगुणाणइयारा, खिप्पं उत्तरगुणे णिहंतूणं ।
चरणं हणंति इयरे, कालेणं मूलगुणघाया ।।૮૪।।

અન્વયાર્થ :-

मूलगुणाणइयारा=મૂળગુણના અતિચારો, खिप्पं=તત્કાલ, उत्तरगुणे णिहंतूणं=ઉત્તરગુણનો નાશ કરીને, चरणं हणंति=ચારિત્રનો નાશ કરે છે, इयरे=ઇતર=ઉત્તરગુણના અતિચારો, कालेणं=કાળથી=વિલંબિત કાળથી, मूलगुणघाया=મૂળગુણના ઘાતથી (ચારિત્રનો નાશ કરે છે.) ॥૮૪॥

ગાથાર્થ :-

મૂળગુણના અતિચારો તત્કાલ ઉત્તરગુણનો નાશ કરીને ચારિત્રનો નાશ કરે છે, ઉત્તરગુણના અતિચારો વિલંબિત કાળથી મૂળગુણના ઘાતથી ચારિત્રનો નાશ કરે છે. ॥૮૪॥

ટીકા :-

'मूल'त्ति । मूलगुणातिचाराः क्षिप्रं=तत्कालम् उत्तरगुणान्निहत्य चरणं घ्नन्ति, इतरे=उत्तरगुणातिचाराः, कालेन=विलम्बितेनानेहसा, मूलगुणघाताच्चरणं घ्नन्ति ।।८४।।

ટીકાર્થ :-

मूलगुणातिचाराः ..... घ्नन्ति ।। મૂળગુણના અતિચારો તત્કાલ ઉત્તરગુણનો નાશ કરીને ચારિત્રનો નાશ કરે છે, ઉત્તરગુણના અતિચારો કાળથી=વિલંબિત કાળથી, મૂળગુણના ઘાતથી ચારિત્રનો નાશ કરે છે. ।।૮૪।।

ભાવાર્થ :-

સાધુના પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણો છે અને સમિતિ-ગુપ્તિ આદિરૂપ ઉત્તરગુણો છે, અને મૂળગુણોમાં અતિચાર લાગે તો તે મૂળગુણના અતિચારો તત્કાલ ઉત્તરગુણોનો નાશ કરીને ચારિત્રનો નાશ કરે છે, તેથી વ્યવહારનયના મતમાં મૂળગુણનો નાશ થતાની સાથે સંયમશ્રેણિની નિવૃત્તિ થાય છે; અને કોઈ સાધુ ઉત્તરગુણોના અતિચારો સેવે તો તત્કાલ ચારિત્રનો નાશ થતો નથી, પરંતુ ઉત્તરગુણના અતિચારો વિલંબિતકાળથી સાધુના મૂળગુણોનો નાશ કરીને ચારિત્રનો નાશ કરે છે, તેથી ઉત્તરગુણના અતિચારો ક્રમે કરીને સંયમશ્રેણિથી પાત કરે છે.

આનાથી એ ફલિત થાય કે વ્યવહારનયના અભિપ્રાયથી યત્કિંચિત્ અલ્પગુણના ભંગની અનુવૃત્તિમાં પણ તરત ચારિત્રનો ભંગ નથી, પરંતુ તે ભંગ કાળના વિલંબનથી ચારિત્રનો નાશ કરે છે. **॥૮૩-૮૪॥**

અવતરણિકા :-

इत्थं च मूलगुणोत्तरगुणातिचारयोर्द्वयोरपि चारित्रघातकत्वादनिष्टोपस्थितौ कालविलम्बस्याप्यविश्वसनीयत्वान्मोक्षार्थमभ्युद्यतेन द्वयोरपि शुद्धिः कर्त्तव्येत्याह –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=ગાથા-૮૨માં કહ્યું કે થોડો પણ પ્રમાદદોષ સેવવાથી નિશ્ચયનયથી તરત ચારિત્રનો ભંગ થાય છે, અને ગાથા-૮૩-૮૪માં કહ્યું કે થોડો પણ પ્રમાદદોષ સેવવાથી વ્યવહારનયથી વિલંબિત કાળથી મૂળગુણનો ઘાત થઈને ચારિત્રનો નાશ થાય છે, એ રીતે, મૂળગુણના અતિચાર અને ઉત્તરગુણના અતિચારરૂપ બંનેનું પણ ચારિત્રનું ઘાતકપણું હોવાથી અનિષ્ટની ઉપસ્થિતિ થયે છતે= મૂળગુણના કે ઉત્તરગુણના અતિચારના સેવનરૂપ અનિષ્ટની પ્રાપ્તિ થયે છતે, કાળવિલંબનું પણ અવિશ્વસનીયપણું હોવાથી=ઉત્તરગુણના અતિચારના સેવનથી કાળના વિલંબનથી ચારિત્રના નાશની પ્રાપ્તિનું અવિશ્વસનીયપણું હોવાથી, મોક્ષ માટે ઉદ્યત એવા પુરુષે બંનેની પણ=મૂળગુણના અતિચાર અને ઉત્તરગુણના અતિચારરૂપ બંનેની પણ, શુદ્ધિ કરવી જોઈએ, એ પ્રમાણે કહે છે –

❖ 'मूलगुणोत्तरगुणातिचारयोर्द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારોમાંથી એકનું તો ચારિત્રઘાતકપણું છે, પરંતુ બંનેનું પણ ચારિત્રઘાતકપણું છે.

❖ 'कालविलम्बस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રના ભંગમાં કાળના અવિલંબનું તો અવિશ્વસનીયપણું છે, પરંતુ ચારિત્રના ભંગમાં કાળના વિલંબનું પણ અવિશ્વસનીયપણું છે.

❖ 'द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રના સદ્યઘાતક એવા મૂળગુણના અતિચારોની તો શુદ્ધિ કરવી જોઈએ, પરંતુ ચારિત્રના સદ્યઘાતક મૂળગુણના અને ચારિત્રના વિલંબથી ઘાતક ઉત્તરગુણના અતિચારોરૂપ બંનેની પણ શુદ્ધિ કરવી જોઈએ.

ભાવાર્થ :-

ગાથા-૮૨થી ૮૪ સુધીમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચારિત્રમાં થોડો પણ પ્રમાદ નિશ્ચયનયથી ચારિત્રનો નાશ કરે છે, અને વ્યવહારનયથી ચારિત્રમાં થોડો પણ પ્રમાદ કાળવિલંબનથી મૂળગુણનો નાશ કરીને ચારિત્રનો નાશ કરે છે. એ રીતે મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રના ઘાતક છે તેમ ફલિત થાય છે. તેથી ચારિત્રમાં પ્રમાદને કારણે લેશ પણ અતિચાર થાય તો મોક્ષના અર્થી માટે અનિષ્ટની ઉપસ્થિતિ થાય છે.

વળી કોઈ વિચારે કે 'ચારિત્રના ઉત્તરગુણના અતિચારોથી તત્કાલ અનિષ્ટની ઉપસ્થિતિ નથી' તેને કહે છે કે 'કાળના વિલંબનનું પણ અવિશ્વસનીયપણું છે' અર્થાત્ ઉત્તરગુણના સેવાયેલા અતિચારથી તત્કાલ ચારિત્રનો નાશ થતો નથી, પરંતુ વિલંબનથી નાશ થશે, તોપણ તે વિલંબનનો વિશ્વાસ રખાય નહિ; કેમ કે કાળના વિલંબનનો વિશ્વાસ રાખીને પ્રમાદદોષ સેવવામાં આવે તો ગમે ત્યારે ચારિત્રનો નાશ થવાથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ અવરુદ્ધ બને છે. માટે મોક્ષના અર્થી જીવે મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારોરૂપ બંનેની પણ શુદ્ધિ કરવી જોઈએ જેથી વિશુદ્ધિને પામેલું એવું ચારિત્ર પ્રકર્ષને પામીને મોક્ષના અર્થીને અત્યંત ઇષ્ટ એવા મોક્ષની પ્રાપ્તિનું કારણ થાય. એ બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

तम्हा दोसु वि णियमा, भावविसुद्धेसु संजमो होइ ।
एवं च इमं णेयं, इमाहिं ववहारगाहाहिं ।।८५।।

અન્વયાર્થ :-

तम्हा=તે કારણથી=ગાથા-૮૨થી ૮૪ સુધીમાં બતાવ્યું કે ચારિત્રમાં લાગેલા અતિચારો ચારિત્રના ઘાતક છે તે કારણથી, णियमा=નિયમથી, भावविसुद्धेसु दोसु वि=ભાવવિશુદ્ધ એવા બંને હોતે છતે જ= વિશુદ્ધ ભાવને કારણે મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો અનુત્થિત હોતે છતે જ અથવા કોઈક રીતે ઊઠેલા અતિચારો યત્નપૂર્વક નાશ કરાયેલ હોતે છતે જ, संजमो होइ=સંયમ છે; च=અને, इमं=આ=ગ્રંથકારશ્રીએ ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ, एवं=એ રીતે=જે રીતે ગાથાના પૂર્વાર્ધમાં

કહ્યું એ રીતે, ઇમાહિં વવહારગાહાહિં=આ વ્યવહાર ગાથાઓ વડે=આગળ કહેવાશે એ વ્યવહારસૂત્રની ગાથાઓ વડે, णेयं=જાણવું. ।।૮૫।।

ગાથાર્થ :-

ગાથા-૮૨થી ૮૪ સુધીમાં બતાવ્યું કે ચારિત્રમાં લાગેલા અતિચારો ચારિત્રના ઘાતક છે, તે કારણથી નિયમથી ભાવવિશુદ્ધ એવા બંને હોતે છતે જ સંયમ છે; અને જે રીતે ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે આગળ કહેવાશે એ વ્યવહારસૂત્રની ગાથાઓ વડે જાણવું. ।।૮૫।।

ટીકા :-

'तम्ह'त्ति । तस्मात् द्वयोरपि=मूलोत्तरातिचारयोः, नियमात्=निश्चयात्, भावविशुद्धयोः=भावेनानुत्थितयोर्नाशितयोर्वा, संयमो भवति, न त्वगवेषितप्रतीकारोऽयमवतिष्ठते, तथा च भावविशुद्ध्योभयसङ्घटनं कर्त्तव्यं न तु भङ्गमात्रभयादलसायितव्यमिति भावः, एतच्चैवं ज्ञेयमिमाभिर्व्यवहारगाथाभिः ।।८५।।

ટીકાર્થ :-

तस्मात् ..... ज्ञेयमिमाभिर्व्यवहारगाथाभिः ।। તે કારણથી=ગાથા-૮૨થી ૮૪ સુધી કહ્યું એ પ્રમાણે ચારિત્રના અતિચારો ચારિત્રના ઘાતક છે તે કારણથી, નિયમથી ભાવવિશુદ્ધ એવા બંને હોતે છતે જ=વિશુદ્ધ ભાવ હોવાને કારણે અનુત્થિત એવા મૂળગુણના અને ઉત્તરગુણના અતિચાર હોતે છતે અથવા કોઈક રીતે લાગેલા પણ નાશિત એવા મૂળગુણના અને ઉત્તરગુણના અતિચાર હોતે છતે જ, સંયમ છે; પરંતુ અગવેષિત પ્રતિકારવાળો એવો આ=સંયમ, રહેતો નથી, અને તે રીતે=ભાવવિશુદ્ધ એવા મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો હોતે છતે જ સંયમ છે એ રીતે, ભાવવિશુદ્ધિ દ્વારા ઉભયનું સંઘટન કરવું જોઈએ=ભાવવિશુદ્ધિ દ્વારા મૂળગુણ અને ઉત્તરગુણનું સંઘટન કરવું જોઈએ, પરંતુ ભંગમાત્રના ભયથી=આ કાળમાં જીવોમાં પ્રમાદબાહુલ્ય છે માટે ચારિત્રનો ભંગ થશે એ પ્રકારના ભંગમાત્રના ભયથી, આળસ કરવી જોઈએ નહિ=સંયમપાલનનું સામર્થ્ય હોતે છતે પણ સંયમ ગ્રહણ કરવામાં આળસ કરવી જોઈએ નહિ, એ પ્રકારનો ભાવ છે.

અને આ=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ, આ વ્યવહારગાથાઓ વડે આ પ્રમાણે જાણવું=જે પ્રમાણે ગ્રંથકારશ્રીએ કહ્યું એ પ્રમાણે જાણવું. ।।૮૫।।

❖ 'द्वयोरपि'માં 'अपि' 'एव'કાર અર્થમાં છે.

ભાવાર્થ :-

ગાથા-૮૨થી ૮૪ સુધીમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી બતાવ્યું કે થોડો પણ પ્રમાદદોષ ચારિત્રનો ઘાતક છે. તે કથનનું નિગમન કરતાં કહે છે –

જે કારણથી ચારિત્રમાં થોડો પણ પ્રમાદ ચારિત્રનો ઘાતક છે, તે કારણથી જે સાધુ નિયમથી ભાવની વિશુદ્ધિ દ્વારા મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારોની શુદ્ધિ કરે છે, તે સાધુમાં સંયમ રહે છે અર્થાત્ ભગવાનના વચનના અવલંબનરૂપ શુદ્ધભાવથી સંયમમાં અતિચાર ઉત્થિત ન થવા દે, અને ક્વચિત્ અનાભોગ આદિથી કોઈક અતિચાર થઈ ગયો હોય તો ભાવવિશુદ્ધિ દ્વારા તેનો નાશ કરે, તો જ સંયમ રહે છે; પરંતુ જે સાધુ વડે અતિચારોના સેવન પછી પ્રતિકાર કરાયો નથી તે સાધુનું ચારિત્ર ટકતું નથી.

આનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

આથી સાધુએ ભાવવિશુદ્ધિ દ્વારા મૂળગુણ અને ઉત્તરગુણનું સંઘટન કરવું જોઈએ, પરંતુ 'ચારિત્ર ગ્રહણ કરીશ અને અતિચાર લાગશે તો ચારિત્રનો ભંગ થશે' એટલા ભંગમાત્રના ભયથી ચારિત્રગ્રહણની શક્તિ હોય છતાં ચારિત્ર ગ્રહણ કરવામાં આળસ કરવી જોઈએ નહિ; પરંતુ શક્તિના અતિશયથી શુદ્ધભાવનું અવલંબન લઈને મૂળગુણ અને ઉત્તરગુણની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરવો જોઈએ, જેથી ઇષ્ટ એવા મોક્ષની શીઘ્ર પ્રાપ્તિ થાય. આ પ્રમાણે જે ગ્રંથકારશ્રીએ કહ્યું એ આગળ બતાવાશે, એ વ્યવહારસૂત્રની ગાથાઓથી જાણવું. **॥૮૫॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે 'ગ્રંથકારશ્રીએ જે કહ્યું એ કથન' આ વ્યવહારસૂત્રની ગાથાઓથી જાણવું. તેથી હવે તે વ્યવહારસૂત્રની નવ ગાથાઓ ક્રમસર કહે છે –

ગાથા :-

मूलइयारे चेयं, पच्छित्तं होइ उत्तरगुणे य ।
तम्हा खलु मूलगुणे, णइक्कमे उत्तरगुणे वा ।।८६।।

અન્વયાર્થ :-

च=અને, (જે કારણથી) मूलइयारे=મૂળગુણના અતિચારોમાં, य=અથવા, उत्तरगुणे=ઉત્તરગુણના અતિચારોમાં, इयं पच्छित्तं=આ પ્રાયશ્ચિત્ત=તપ, છેદ અને મૂળને યોગ્ય પ્રાયશ્ચિત્ત, होइ=છે, तम्हा=તે કારણથી, खलु=ખરેખર, मूलगुणे उत्तरगुणे वा=મૂળગુણોને અને ઉત્તરગુણોને, णइक्कमे=સાધુ અતિક્રમણ કરે નહિ. ॥૮૬॥

ગાથાર્થ :-

અને જે કારણથી મૂળગુણના અતિચારોમાં અથવા ઉત્તરગુણના અતિચારોમાં તપ, છેદ અને મૂળને યોગ્ય પ્રાયશ્ચિત્ત છે, તે કારણથી ખરેખર મૂળગુણોને અને ઉત્તરગુણોને સાધુ અતિક્રમણ કરે નહિ. ॥૮૬॥

ટીકા :-

'मूलइयारे'त्ति । एतत्=तपश्छेदमूलार्हं प्रायश्चित्तं यस्मात् मूलातिचारे=प्राणातिपाताद्या-

सेवने, उत्तरैर्वा पिण्डविशुद्ध्यादिभिरतिचर्यमाणैर्भवति तस्मात् खलु मूलगुणानुत्तरगुणान् वा नातिक्रमेत् ।।८६।।

ટીકાર્થ :-

'एतत्' ..... नातिक्रमेत् ।। જે કારણથી મૂળ અતિચારમાં=મૂળગુણના અતિચારમાં=પ્રાણાતિપાત આદિના આસેવનમાં, અથવા પિંડવિશુદ્ધિ આદિરૂપ ઉત્તરો વડે=અતિચરણ કરાતા એવા પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો વડે, આ પ્રાયશ્ચિત્ત થાય છે=તપયોગ્ય, છેદયોગ્ય અને મૂળયોગ્ય પ્રાયશ્ચિત્ત થાય છે=તપ-છેદ-મૂળ પ્રાયશ્ચિત્તથી નાશ કરવા યોગ્ય પાપનો બંધ થાય છે, તે કારણથી સાધુ મૂળગુણોને અને ઉત્તરગુણોને અતિક્રમણ કરે નહિ=ઉલ્લંઘન કરે નહિ. ।।૮૬।।

❖ पिण्डविशुद्ध्यादिभिः માં 'आदि'પદથી વસતિશુદ્ધિ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સાધુ પ્રમાદને વશ થઈને મૂળગુણના અતિચારરૂપ પ્રાણાતિપાત, મૃષાવાદ આદિનું સેવન કરે અથવા પિંડવિશુદ્ધિ આદિરૂપ ઉત્તરગુણના અતિચારોનું સેવન કરે, તો તે અતિચારને અનુરૂપ કોઈકને તપયોગ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અર્થાત્ તપથી જેની વિશુદ્ધિ થાય એવા પાપની પ્રાપ્તિ થાય છે, કોઈકને સંયમપર્યાયના છેદથી વિશુદ્ધિ થાય એવા પાપની પ્રાપ્તિ થાય છે, કોઈકને ફરી સંયમ આપવા રૂપ મૂળથી વિશુદ્ધિ થાય એવા પાપની પ્રાપ્તિ થાય છે, તે કારણથી સાધુએ પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણોનું અને પિંડવિશુદ્ધિ આદિ રૂપ ઉત્તરગુણોનું અતિક્રમણ કરવું જોઈએ નહિ. **॥૮૬॥**

અવતરણિકા :-

अत्र पर आह –

અવતરણિકાર્થ :-

આમાં=મૂળગુણના અતિચાર અને ઉત્તરગુણના અતિચારના વિષયમાં, પર કહે છે=પર શંકા કરે છે –

ગાથા :-

मूलव्वयाइआरा, जयसुद्धा चरणभंसगा हुंति ।
उत्तरगुणातियारा, जिणसासणि किं पडिक्कुट्ठा ।।८७।।

અન્વયાર્થ :-

जयसुद्धा=જો અશુદ્ધ છે એથી કરીને, मूलव्वयाइआरा=મૂળવ્રતના અતિચારો, चरणभंसगा=ચારિત્રભ્રંશક, हुंति=છે, (તો) उत्तरगुणातियारा=ઉત્તરગુણના અતિચારો, जिणसासणि=ભગવાનના શાસનમાં, किं=કેમ, पडिक्कुट्ठा=નિષેધ કરાયા છે ? ।।૮૭।।

ગાથાર્થ :-

જો અશુદ્ધ છે, એથી કરીને મૂળવ્રતના અતિચારો ચારિત્રભ્રંશક છે, તો ઉત્તરગુણના અતિચારો ભગવાનના શાસનમાં કેમ નિષેધ કરાયા છે ? ।।૮૭।।

ટીકા :-

'मूल'त्ति । मूलव्रतातिचारा यद्यशुद्धा इति कृत्वा चरणभ्रंशका भवन्ति तदा किमुत्तरगुणातिचारा जिनशासने प्रतिक्रुष्टाः ? तेषां दोषाकारित्वान्मूलातिचाराणामेव चरणभ्रंशकत्वप्रतिपत्तेः ।।८७।।

ટીકાર્થ :-

मूलव्रतातिचारा ..... चरणभ्रंशकत्वप्रतिपत्तेः ।। જો અશુદ્ધ છે એથી કરીને મૂળવ્રતના અતિચારો ચરણભ્રંશક છે, તો ઉત્તરગુણના અતિચારો જિનશાસનમાં કેમ નિષેધ કરાયા ? અર્થાત્ નિષેધ કરાવવા જોઈએ નહિ; કેમ કે તેઓનું=ઉત્તરગુણના અતિચારોનું, દોષઅકારીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ઉત્તરગુણોના અતિચારોનું દોષઅકારીપણું છે, તે કેમ નક્કી થાય ? તેથી હેતુ કહે છે –

મૂળવ્રતના અતિચારોનો જ ચારિત્રભ્રંશકત્વરૂપે સ્વીકાર છે. ।।૮૭।।

ગાથા :-

उत्तरगुणातियारा, जयसुद्धा चरणभंसगा हुंति ।
मूलव्वयातियारा, जिणसासणि किं पडिक्कुट्ठा ।।८८।।

અન્વયાર્થ :-

जयसुद्धा=જો અશુદ્ધ છે એથી કરીને, उत्तरगुणातियारा=ઉત્તરગુણના અતિચારો, चरणभंसगा=ચારિત્રભ્રંશક, हुंति=છે, (તો) मूलव्वयातियारा=મૂળવ્રતના અતિચારો, जिणसासणि=ભગવાનના શાસનમાં, किं पडिक्कुट्ठा=કેમ નિષેધ કરાયા છે ? ।।૮૮।।

ગાથાર્થ :-

જો અશુદ્ધ છે એથી કરીને ઉત્તરગુણના અતિચારો ચારિત્રભ્રંશક છે, તો મૂળવ્રતના અતિચારો ભગવાનના શાસનમાં કેમ નિષેધ કરાયા છે ? ।।૮૮।।

ટીકા :-

'उत्तर'त्ति । यदि उत्तरगुणातिचारा अशुद्धा इति कृत्वा चरणभ्रंशका भवन्ति तदा मूलव्रतातिचाराः किमिति जिनशासने प्रतिक्रुष्टाः ? तेषां दोषाकारित्वादुत्तरातिचाराणामेव चरणभ्रंशकत्वप्रतिपत्तेः ।।८८।।

ટીકાર્થ :-

यदि ..... चरणभ्रंशकत्वप्रतिपत्तेः ।। જો અશુદ્ધ છે એથી કરીને ઉત્તરગુણના અતિચારો ચારિત્રભ્રંશક છે, તો મૂળવ્રતના અતિચારો જિનશાસનમાં કેમ નિષેધ કરાયા ? અર્થાત્ નિષેધ કરાવવા જોઈએ નહિ; કેમ કે તેઓનું=મૂળવ્રતના અતિચારોનું, દોષઅકારીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે મૂળવ્રતોના અતિચારોનું દોષઅકારીપણું છે, તે કેમ નક્કી થાય ? તેથી હેતુ કહે છે -

ઉત્તર અતિચારોનો જ=ઉત્તરગુણના અતિચારોનો જ, ચારિત્રભ્રંશકત્વરૂપે સ્વીકાર છે. ॥૮૮॥

અવતરણિકા :-

સૂરિરાહ –

અવતરણિકાર્થ :-

સૂરિ કહે છે=ગાથા-૮૭-૮૮માં પરે શંકા કરેલ, તેના વિષયમાં સૂરિ ઉત્તર આપે છે –

ગાથા :-

मूलगुण उत्तरगुणा, जम्हा भंसंति चरणसेढीओ ।
तम्हा जिणेहिं दोण्णि वि, पडिसिद्धा सव्वसाहूणं ।।८९।।

અન્વયાર્થ :-

जम्हा=જે કારણથી, मूलगुण उत्तरगुणा=અતિચરણ કરાતા એવા મૂળગુણો અને ઉત્તરગુણો, चरणसेढीओ=ચારિત્રશ્રેણીથી, भंसंति=ભ્રંશ કરે છે, तम्हा=તે કારણથી, जिणेहिं=જિનેશ્વર વડે, सव्वसाहूणं=સર્વ સાધુઓને, दोण्णि वि=બન્ને પણ=મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો બન્ને પણ, पडिसिद्धा=નિષેધ કરાયા છે. ॥૮૯॥

ગાથાર્થ :-

જે કારણથી અતિચરણ કરાતા એવા મૂળગુણો અને ઉત્તરગુણો ચારિત્રશ્રેણીથી ભ્રંશ કરે છે, તે કારણથી જિનેશ્વર વડે સર્વસાધુઓને બંને પણ નિષેધ કરાયા છે. ॥૮૯॥

ટીકા :-

'मूल'त्ति । यस्मान्मूलगुणा उत्तरगुणा वा पृथक्पृथग् युगपद्वाऽतिचर्यमाणाश्चरणश्रेणितो भ्रंशयन्ति साधून् तस्मात् जिनैः=सर्वज्ञै, र्द्वयेऽपि मूलगुणातिचारा उत्तरगुणातिचाराश्च प्रतिक्रुष्टाः ।।८९।।

ટીકાર્થ :-

જે કારણથી પૃથક્ પૃથક્ અતિચરણ કરાતા અથવા યુગપદ્ અતિચરણ કરાતા મૂળગુણો અને

ઉત્તરગુણો, સાધુઓને ચારિત્રશ્રેણીથી ભ્રંશ કરે છે, તે કારણથી સર્વજ્ઞોએ મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો બંને પણ નિષેધ કર્યા છે. ॥૮૯॥

અવતરણિકા :-

एतेषां च प्रत्येकमन्यगुणघातद्वारा चरणभ्रंशकत्वमिति तत्र दृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

અને આમનામાંથી પ્રત્યેકનું=મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારોમાંથી પ્રત્યેકનું, અન્યગુણના ઘાત દ્વારા=મૂળગુણોના અતિચારોનું ઉત્તરગુણના ઘાત દ્વારા અને ઉત્તરગુણના અતિચારોનું મૂળગુણના ઘાત દ્વારા, ચારિત્રભ્રંશકપણું છે, એથી તેમાં=મૂળગુણ અને ઉત્તરગુણના અતિચારોમાંથી પ્રત્યેકનું અન્યગુણના ઘાત દ્વારા ચારિત્રભ્રંશકપણું છે તેમાં, દૃષ્ટાંતને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૮૭-૮૮માં પરે પ્રશ્ન કરેલ કે ભગવાને મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો બંનેનો કેમ પ્રતિષેધ કર્યો ? તેનો ઉત્તર સૂરિએ ગાથા-૮૯માં આપ્યો કે મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રની શ્રેણીથી ભ્રંશ કરે છે, માટે જિનોએ નિષેધ કર્યો છે. હવે તે અતિચારો કઈ રીતે ચારિત્રના ભ્રંશક છે ? તે બતાવવા અર્થે કહે છે –

મૂળગુણના અતિચારો મૂળગુણથી અન્ય એવા ઉત્તરગુણનો ઘાત કરીને ચારિત્રના ભ્રંશક છે અર્થાત્ મૂળગુણના અતિચારો મૂળગુણ અને ઉત્તરગુણ બંનેનો ઘાત કરીને ચારિત્રના ભ્રંશક છે; અને ઉત્તરગુણના અતિચારો ઉત્તરગુણથી અન્ય એવા મૂળગુણના ઘાત દ્વારા ચારિત્રના ભ્રંશક છે અર્થાત્ ઉત્તરગુણના અતિચારો ઉત્તરગુણ અને મૂળગુણ બંનેનો ઘાત કરીને ચારિત્રના ભ્રંશક છે, તેમાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતને બતાવે છે –

ગાથા :-

अग्गग्घाओ मूलं, मूलग्घाओ अ अग्गयं हंति ।
तम्हा खलु मूलगुणा, ण संति ण य उत्तरगुणा य ।।९०।।

અન્વયાર્થ :-

अग्गग्घाओ=અગ્રમાં ઘાત=તાડવૃક્ષના અગ્રમાં ઘાત, मूलं=મૂળને, अ=અને, मूलग्घाओ=મૂળમાં ઘાત, अग्गयं=અગ્રને, हंति=હણે છે.

ગાથા-૮૭-૮૮માં પરે પ્રશ્ન કરેલ કે ભગવાનના શાસનમાં મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો બન્ને કેમ નિષેધ કર્યા ? તેનો ઉત્તર સૂરિએ ગાથા-૮૯માં આપ્યો કે બંનેના અતિચારો ચારિત્રના ભ્રંશક છે; માટે ભગવાને નિષેધ કર્યા છે; અને તેનું ભાવન સૂરિએ ગાથાના પૂર્વાર્ધમાં દૃષ્ટાંતથી કર્યું. સૂરિના આ ઉત્તરથી શું ફલિત થાય ? તે પ્રશ્નકાર સૂરિને કહે છે –

ખલુ=ખરેખર, તમ્હા=તે કારણથી=સૂરિએ પૂર્વમાં ઉત્તર આપ્યો તે કારણથી, મૂલગુણા ણ સંતિ ણ ય ઉત્તરગુણા ય=મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી=વર્તમાનમાં મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી. ॥૯૦॥

ગાથાર્થ :-

તાડવૃક્ષના અગ્રમાં ઘાત મૂળને, અને મૂળમાં ઘાત અગ્રને હણે છે. ખરેખર ! તે કારણથી વર્તમાનમાં મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી. ॥૯૦॥

ટીકા :-

'अग्गग्घातो'त्ति । यथा तालद्रुमस्याग्रे=मस्तकशूच्यां घातो मूलं हन्ति, मूलघातोऽपि चाग्रं हन्ति, एवं मूलगुणानां विनाश उत्तरगुणानपि नाशयति, उत्तरगुणानामपि विनाशो मूलगुणानिति द्वयेऽप्येते प्रतिक्रुष्टाः । प्रेरकः प्राह-तस्मात् खलु मूलगुणा न सन्ति उत्तरगुणाश्च न सन्ति, न ह्यस्ति स संयतो यो मूलोत्तरगुणानामन्यतमं न प्रतिसेवते, अन्यतमप्रतिसेवने चोभयाभावः, तदभावे च सामायिकादि-संयमाभावः, तदभावे बकुशादिनिर्ग्रन्थाभावः, ततश्चाचारित्रं तीर्थं प्राप्तमिति ।।९०।।

ટીકાર્થ :-

यथा तालद्रुमस्याग्रे ..... प्राप्तमिति ।। જે પ્રમાણે તાલવૃક્ષના અગ્રમાં=મસ્તકશૂચિમાં, ઘાત મૂળને હણે છે, અને મૂળનો ઘાત પણ અગ્રને હણે છે, એ રીતે=જે રીતે તાલવૃક્ષમાં કરેલો ઘાત તાલવૃક્ષનો વિનાશ કરે છે એ રીતે, મૂળગુણોનો વિનાશ ઉત્તરગુણોને પણ નાશ કરે છે, ઉત્તરગુણોનો વિનાશ મૂળગુણોનો પણ નાશ કરે છે, એથી બંને પણ આ=મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો, નિષેધ કરાયા છે.

પ્રેરક કહે છે=સૂરિના આ સમાધાનમાં પ્રશ્ન કરનાર સૂરિને કહે છે – તે કારણથી=જે કારણથી તમે સિદ્ધ કર્યું કે મૂળગુણના અતિચારો મૂળગુણનો અને ઉત્તરગુણનો નાશ કરે છે અને ઉત્તરગુણના અતિચારો ઉત્તરગુણનો અને મૂળગુણનો નાશ કરે છે તે કારણથી, ખરેખર મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી=વર્તમાનકાળમાં કોઈ સાધુમાં મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી, હિ=યસ્માત્=જે કારણથી, તે સંયત નથી જે મૂળગુણ-ઉત્તરગુણમાં અન્યતમને=મૂળગુણ અને ઉત્તરગુણમાંથી કોઈ એકને, પ્રતિસેવન કરતા ન હોય=વિરુદ્ધ સેવન કરતા ન હોય; અને અન્યતમના પ્રતિસેવનમાં=મૂળગુણ કે ઉત્તરગુણમાંથી કોઈ એકના વિરુદ્ધ સેવનમાં, ઉભયનો અભાવ છે=મૂળગુણ અને ઉત્તરગુણ બંનેનો અભાવ છે, અને તેના અભાવમાં=મૂળગુણ અને ઉત્તરગુણના અભાવમાં, સામાયિક આદિ સંયમનો અભાવ છે, તેના અભાવમાં=સામાયિકાદિ સંયમના અભાવમાં, બકુશાદિ નિર્ગ્રંથનો અભાવ છે, અને તેથી=બકુશાદિ નિર્ગ્રંથનો અભાવ છે તેથી, અચારિત્ર તીર્થ પ્રાપ્ત થયું=વર્તમાનનું તીર્થ ચારિત્ર રહિત પ્રાપ્ત થયું. 'इति' શબ્દ પ્રેરકના કથનની સમાપ્તિમાં છે. ॥૯૦॥

❖ 'मूलघातोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે અગ્રઘાત તો મૂળનો નાશ કરે છે, પરંતુ મૂળઘાત પણ અગ્રનો નાશ કરે છે.

❖ 'उत्तरगुणानपि'માં 'अपि'થી એ કહેવું છે કે તાલવૃક્ષનું દૃષ્ટાંત આપ્યું એ રીતે સેવાયેલા મૂળગુણના અતિચારો મૂળગુણોનો તો નાશ કરે છે, પરંતુ તે થયેલો મૂળગુણોનો વિનાશ ઉત્તરગુણોને પણ નાશ કરે છે.

❖ 'उत्तरगुणानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણોનો વિનાશ તો ઉત્તરગુણોનો વિનાશ કરે છે, પરંતુ ઉત્તરગુણોનો પણ વિનાશ મૂળગુણોનો નાશ કરે છે.

❖ 'द्वयेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણના અતિચારોમાંથી અને ઉત્તરગુણના અતિચારોમાંથી એકનો તો નિષેધ છે, પરંતુ બંને પણ નિષિદ્ધ છે.

❖ 'सामायिकादिसंयमाभावः'માં 'आदि'થી છેદોપસ્થાપનીય આદિનું ગ્રહણ કરવું.

❖ 'बकुशादिनिर्ग्रंथाभावः'માં 'आदि'થી કુશીલ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પર એવા પ્રશ્નકાર સૂરિને ગાથા-૮૭-૮૮થી પ્રશ્ન કરે છે કે 'મૂળ વ્રતના અતિચારો અશુદ્ધ છે, એથી કરીને ચારિત્રના ભ્રંશક છે, એમ તમે કહેતા હો તો શાસ્ત્રમાં ઉત્તરગુણના અતિચારોનો કેમ નિષેધ કરાયો ? અને ઉત્તરગુણના અતિચારો અશુદ્ધ છે એથી કરીને ચારિત્રભ્રંશક છે, એમ તમે કહેતા હો તો શાસ્ત્રમાં મૂળગુણના અતિચારોનો કેમ નિષેધ કરાયો ?' આ પ્રકારનો પ્રશ્ન કરીને પરને એ સ્થાપન કરવું છે કે મૂળગુણના અતિચારો અને ઉત્તરગુણના અતિચારો બન્ને ચારિત્રના ભ્રંશક છે માટે ભગવાને નિષેધ કર્યા છે. આ રીતે પ્રશ્ન કરીને પ્રશ્ન કરનારને સૂરિ પાસેથી જ સ્પષ્ટ કરાવવું છે કે મૂળગુણ અને ઉત્તરગુણ બન્નેના અતિચારો ચારિત્રના નાશક છે; અને પ્રશ્ન કરનારને અભિમત એવો જ ઉત્તર સૂરિ પણ ગાથા-૮૯માં આપે છે અને કહે છે કે મૂળગુણના અતિચારો પૃથક્ પૃથક્ સેવાતા હોય કે એક સાથે સેવાતા હોય તો તે ચારિત્રના ભ્રંશક છે અર્થાત્ કોઈ સાધુ પાંચ મહાવ્રતોના અતિચારો ક્યારેક પૃથક્ પૃથક્ રૂપે સેવે તો ક્યારેક એક સાથે ૨-૩ આદિ મહાવ્રતોના અતિચારોને સેવે, અથવા કોઈ સાધુ ઉત્તરગુણના અતિચારો ક્યારેક પૃથક્ પૃથક્ સેવે અથવા એક સાથે ૨-૩ આદિ ઉત્તરગુણના અતિચારો સેવે, તો તે સાધુ ચારિત્રશ્રેણિથી ભ્રંશ પામે છે. માટે ભગવાને સાધુને મૂળગુણોના અતિચારોના સેવનનો અને ઉત્તરગુણોના અતિચારોના સેવનનો નિષેધ કર્યો છે.

વળી સૂરિ પ્રશ્ન કરનારને જેમ ઇષ્ટ જવાબ આપે છે તેમ તે કથનને ગાથા-૯૦ના પૂર્વાર્ધથી દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે અને કહે છે કે જેમ તાલવૃક્ષના અગ્રભાગમાં ઘાત કરવામાં આવે તો તે તાલવૃક્ષના મૂળનો પણ ઘાત થાય છે અર્થાત્ મૂળથી તે તાલવૃક્ષ સૂકાઈ જાય છે, તેથી આખું તાલવૃક્ષ વિનાશ પામે છે; વળી તે તાલવૃક્ષના મૂળમાં ઘાત કરવામાં આવે તો તે ઘાતથી અગ્રભાગનો પણ વિનાશ થાય છે; તેની જેમ મૂળગુણના અતિચારો મૂળગુણનો અને ઉત્તરગુણનો બંનેનો નાશ કરે છે, અને ઉત્તરગુણના અતિચારો પણ ઉત્તરગુણનો અને મૂળગુણનો બન્નેનો નાશ કરે છે. માટે ભગવાને મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારોના

સેવનનો નિષેધ કરેલ છે. સૂરિ પાસેથી આ પ્રકારનો ઉત્તર પ્રાપ્ત કરીને પ્રશ્ન કરનાર આ કથનથી પોતાને જે સ્થાપન કરવું છે તે બતાવતાં કહે છે –

જે કારણથી મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રના નાશક છે, તે કારણથી વર્તમાનમાં કોઈ સાધુમાં મૂળગુણો નથી કે ઉત્તરગુણો નથી.

અહીં પ્રશ્ન થાય કે વર્તમાનમાં કોઈ સાધુમાં મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી, એ પ્રમાણે પ્રશ્નકાર કઈ રીતે સ્થાપન કરી શકે ? તેથી પ્રશ્ન કરનાર પોતાના કથનની પુષ્ટિ અર્થે કહે છે કે વર્તમાનમાં કોઈ એવા સંયત નથી કે જે સંયત મૂળગુણોમાંથી કે ઉત્તરગુણોમાંથી કોઈ એકની પણ વિરુદ્ધ સેવના ન કરતા હોય. તેથી સૂરિના પ્રત્યુત્તર પ્રમાણે મૂળગુણનો અને ઉત્તરગુણનો અભાવ સર્વ સાધુઓમાં પ્રાપ્ત થાય છે, અને મૂળગુણોનો અને ઉત્તરગુણોનો અભાવ હોતે છતે સામાયિકાદિ પાંચે સંયમનો અભાવ પ્રાપ્ત થાય છે, અને સામાયિકાદિ સર્વ સંયમનો અભાવ પ્રાપ્ત થાય તો બકુશ આદિ નિર્ગ્રંથનો અભાવ પ્રાપ્ત થાય છે. તેથી વર્તમાનમાં વીર ભગવાનનું તીર્થ ચારિત્ર વગરનું છે તેમ પ્રાપ્ત થાય છે. **॥૮૭-૮૮-૮૯-૯૦॥**

અવતરણિકા :-

સૂરિરાહ –

અવતરણિકાર્થ :-

સૂરિ કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં પ્રશ્ન કરનારે સૂરિને કહેલ કે જે કારણથી મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો સાધુને સંયમશ્રેણિથી ભ્રંશ કરે છે, માટે ભગવાને બંનેના અતિચારોને સેવવાનો નિષેધ કરેલ છે, તે કારણથી વર્તમાનમાં મૂળગુણો નથી અને ઉત્તરગુણો નથી; કેમ કે વર્તમાનમાં એવા કોઈ સાધુ નથી કે જેઓ મૂળગુણો અને ઉત્તરગુણોમાંથી અન્યતમની પ્રતિસેવના ન કરતા હોય. તેથી વર્તમાનમાં વીરભગવાનનું તીર્થ ચારિત્ર રહિત છે. એ પ્રકારના પરના કથનમાં સૂરિ ઉત્તર આપે છે –

ગાથા :-

चोअग ! छक्कायाणं, तु संजमो जा ऽणुधावए ताव ।
मूलगुण उत्तरगुणा, दोण्णि वि अणुधावए ताव ।।९१।।

અન્વયાર્થ :-

चोअग !=હે પ્રેરક !, जा=જ્યાં સુધી, छक्कायाणं संजमो=છકાયમાં સંયમ, अणुधावए=વર્તે છે, ताव=ત્યાં સુધી, मूलगुण उत्तरगुणा दोण्णि वि=મૂળગુણો ઉત્તરગુણો બન્ને પણ, अणुधावए=વર્તે છે. 'तु' શબ્દ અને ગાથાનો છેલ્લો 'ताव' શબ્દ પાદપૂર્તિ માટે છે. ।।૯૧।।

ગાથાર્થ :-

હે પ્રેરક ! જ્યાં સુધી છકાયમાં સંયમ વર્તે છે, ત્યાં સુધી મૂળગુણો-ઉત્તરગુણો બંને પણ વર્તે છે. ।।૯૧।।

ટીકા :-

'चोयग'त्ति । हे चोदक ! यावत् षड्जीवनिकायेषु संयमः अनुधावति=प्रतिबन्धेन वर्त्तते, तावन्मूलगुणा उत्तरगुणाश्च द्वयेऽप्येतेऽनुधावन्ति ।।९१।।

ટીકાર્થ :-

हे चोदक ! ..... नुधावन्ति ।। જ્યાં સુધી છજીવનિકાયમાં સંયમ અનુસરણ કરે છે=પ્રતિબંધથી વર્તે છે અર્થાત્ છજીવનિકાયના પાલનના રાગથી પ્રવર્તે છે, ત્યાં સુધી આ મૂળગુણો અને ઉત્તરગુણો બંને પણ અનુસરણ કરે છે=સાધુમાં વર્તે છે. ।।૯૧।।

❖ 'द्वयेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણો અને ઉત્તરગુણો બંનેમાંથી એક તો વર્તે છે, પરંતુ બંને પણ વર્તે છે.

ગાથા :-

इत्तरसामाइअछेयसंजमा तह दुवे णियंठा य ।
बउसपडिसेवगा ता, अणुसज्जंते य जा तित्थं ।।९२।।

અન્વયાર્થ :-

(જ્યાં સુધી મૂળગુણો અને ઉત્તરગુણો બંને પણ અનુસરણ કરે છે ત્યાં સુધી) इत्तरसामाइअछेय-संजमा=ઈત્વરસામાયિક અને છેદસંયમ વર્તે છે, य=અને (જ્યાં સુધી ઈત્વરસામાયિક અને છેદસંયમ વર્તે છે), तह=ત્યાં સુધી, दुवे णियंठा=બંને નિર્ગ્રંથો વર્તે છે=બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવકનિર્ગ્રંથ વર્તે છે, य=અને, जा=જ્યાં સુધી, तित्थं=તીર્થ છે, ता=ત્યાં સુધી, बउसपडिसेवगा=બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવક નિર્ગ્રંથ अणुसज्जंते=વર્તે છે. ।।૯૨।।

ગાથાર્થ :-

જ્યાં સુધી મૂળગુણો અને ઉત્તરગુણો બંને પણ અનુસરણ કરે છે ત્યાં સુધી ઈત્વરસામાયિક અને છેદસંયમ વર્તે છે, અને જ્યાં સુધી ઈત્વરસામાયિક અને છેદસંયમ વર્તે છે ત્યાં સુધી બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવકનિર્ગ્રંથ વર્તે છે, અને જ્યાં સુધી તીર્થ છે ત્યાં સુધી બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવકનિર્ગ્રંથ વર્તે છે. ।।૯૨।।

ટીકા :-

'इत्तर'त्ति । यावद्द्वयेऽप्येतेऽनुधावन्ति तावदित्वरसामायिकच्छेदोपस्थापनसंयमावनुधावतः, यावच्चैतौ

तावद् द्वौ निर्ग्रन्थावनुधावतस्तद्यथा-बकुशः प्रतिसेवकश्च, यावन्मूलगुणप्रतिसेवना तावत्प्रतिसेवकः, यावदुत्तरगुणप्रतिसेवना तावद्बकुशः, ततो यावत्तीर्थं तावद्बकुशाः प्रतिसेवकाश्चानुषञ्जन्तीति नाचारित्रं प्रसक्तं प्रवचनम् ।।९२।।

टीकार्थ :-

यावद्द्वये ..... प्रवचनम् ।। જ્યાં સુધી બંને પણ આ=પૂર્વગાથામાં કહ્યા તે મૂળગુણો અને ઉત્તરગુણો, વર્તે છે, ત્યાં સુધી ઇત્વરસામાયિક અને છેદોપસ્થાપનસંયમ વર્તે છે; અને જ્યાં સુધી આ છે=ઇત્વરસામાયિક અને છેદોપસ્થાપનસંયમ વર્તે છે, ત્યાં સુધી બે નિર્ગ્રંથો વર્તે છે. તે આ પ્રમાણે -

(૧) બકુશનિર્ગ્રંથ વર્તે છે, (૨) પ્રતિસેવકનિર્ગ્રંથ વર્તે છે.

બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવકનિર્ગ્રંથનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

જ્યાં સુધી મૂળગુણની પ્રતિસેવના છે ત્યાં સુધી પ્રતિસેવક છે, અને જ્યાં સુધી ઉત્તરગુણની પ્રતિસેવના છે ત્યાં સુધી બકુશ છે. તેથી=જ્યાં સુધી ઇત્વરસામાયિક અને છેદસંયમ વર્તે છે ત્યાં સુધી બે નિર્ગ્રંથો છે તેથી, જ્યાં સુધી તીર્થ છે ત્યાં સુધી બકુશ અને પ્રતિસેવક વર્તે છે. એથી પ્રવચન=ભગવાનનું શાસન, અચારિત્ર પ્રસક્ત નથી=ચારિત્ર વગરનું છે, તેમ માનવાનો પ્રસંગ નથી. ।।૯૨।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં પ્રશ્નકારે કહેલ કે વીરભગવાનનું તીર્થ ચારિત્રરહિત પ્રાપ્ત થાય છે. તેને સૂરિ કહે છે -

વર્તમાનકાળમાં જ્યાં સુધી સાધુઓને છજીવનિકાયમાં સંયમ રાખવાનો પરિણામ વર્તે છે અર્થાત્ 'મારે છજીવનિકાયનું પાલન કરવું છે, તેથી ભગવાનના વચનાનુસાર હું સંયમમાં ઉદ્યમ કરું' એ પ્રકારનો પ્રતિબંધ વર્તે છે, ત્યાં સુધી તે સાધુઓમાં મૂળગુણો અને ઉત્તરગુણો બંને વર્તે છે; અને જ્યાં સુધી સાધુઓમાં મૂળગુણો અને ઉત્તરગુણો વર્તતા હોય ત્યાં સુધી તે સાધુઓમાં વડીદીક્ષા પૂર્વે ઇત્વરસામાયિક છે અને વડીદીક્ષા પછી છેદોપસ્થાપનસંયમ છે, અને જ્યાં સુધી સાધુઓમાં ઇત્વરસામાયિક અને છેદોપસ્થાપનસંયમ છે ત્યાં સુધી તે સાધુઓ બકુશનિર્ગ્રંથ કે પ્રતિસેવકનિર્ગ્રંથ છે.

બકુશનિર્ગ્રંથ એટલે પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોના અતિચારો સેવનારા સાધુઓ, અને પ્રતિસેવકનિર્ગ્રંથ એટલે પાંચ મહાવ્રતોના અતિચારોને સેવનારા સાધુઓ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી ભગવાનનું તીર્થ છે ત્યાં સુધી બકુશચારિત્રીઓ અને પ્રતિસેવક ચારિત્રીઓ છે. તેથી ભગવાનનું તીર્થ ચારિત્ર રહિત છે તેમ માનવાનો પ્રસંગ નથી.

અહીં વિશેષ એ છે કે જે સાધુઓ છજીવનિકાયના સંયમના પાલનના પરિણામવાળા છે, તે સાધુઓમાં મૂળગુણો પણ છે અને ઉત્તરગુણો પણ છે, આમ છતાં જે સાધુઓ મૂળગુણના અતિચારો સેવે છે તેઓ પ્રતિસેવક નિર્ગ્રંથ છે, અને ઉત્તરગુણના અતિચારો સેવે છે તેઓ બકુશનિર્ગ્રંથ છે. તેથી વર્તમાનકાળના સાધુઓમાં ષટ્કાયના પાલનનો પરિણામ વિદ્યમાન હોવા છતાં નિમિત્તને પામીને મૂળગુણોની પ્રતિસેવના

અને ઉત્તરગુણોની પ્રતિસેવના પણ હોઈ શકે છે, અને એટલા માત્રથી તેઓ અચારિત્રી નથી; પરંતુ મૂળગુણ અને ઉત્તરગુણની પ્રતિસેવના થયા પછી તેની શુદ્ધિ કરવામાં ન આવે તો પ્રતિસેવનાથી ચારિત્રનો ભ્રંશ થાય છે, માટે ભગવાને મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારોને સેવવાનો નિષેધ કર્યો છે; પરંતુ ચારિત્રના ભ્રંશક હોવાને કારણે આ અતિચારોને સેવવાનો ભગવાને નિષેધ કર્યો છે, તેટલા વચનમાત્રનું અવલંબન લઈને તે અતિચારોને સેવનારા બધા સાધુઓ અચારિત્રી છે, તેમ કહીને ભગવાનનું તીર્થ ચારિત્રરહિત છે, તેમ કહી શકાય નહિ; પરંતુ જે સાધુઓ મૂળગુણના કે ઉત્તરગુણના લાગેલા અતિચારોને શોધન કરવા યત્ન કરતા નથી કે નિરપેક્ષપણાથી મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે, તેઓમાં ચારિત્ર નથી, તેમ કહી શકાય. **॥૯૧-૯૨॥**

અવતરણિકા :-

અથ મૂલગુણપ્રતિસેવનાયામુત્તરગુણપ્રતિસેવનાયાં વા ચારિત્રભ્રંશેઽસ્તિ કશ્ચિદ્વિશેષ ઉત નાસ્તિ ?, અસ્તીતિ બ્રૂમઃ, કોઽસૌ ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

અથ થી પ્રેરક કહે છે કે મૂળગુણની પ્રતિસેવના હોતે છતે અથવા ઉત્તરગુણની પ્રતિસેવના હોતે છતે ચારિત્રના ભ્રંશમાં કોઈ વિશેષ 'છે' કે 'નથી' ? 'છે' એ પ્રમાણે અમે કહીએ છીએ. કયો આ=વિશેષ, છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૨માં સૂરિએ સ્થાપન કર્યું કે મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રના ભ્રંશક હોવા છતાં જે સાધુઓમાં છજીવનિકાયનો સંયમ વર્તે છે તે સાધુઓમાં મૂળગુણ પણ છે અને ઉત્તરગુણ પણ છે; આમ છતાં તેવા પણ સાધુઓમાંથી કોઈક સાધુઓ ઉત્તરગુણોની પ્રતિસેવના કરે છે તો કોઈક સાધુઓ મૂળગુણોની પણ પ્રતિસેવના કરે છે, અને તે સાધુઓ મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવનાની શુદ્ધિ ન કરે તો તેઓના મૂળગુણના અતિચારો કે ઉત્તરગુણના અતિચારો ચારિત્રભ્રંશક છે. ત્યાં 'અથ'થી કોઈ પ્રશ્ન કરે છે કે મૂળગુણની પ્રતિસેવનાથી કે ઉત્તરગુણની પ્રતિસેવનાથી જે ચારિત્રનો ભ્રંશ થાય છે, તે ભ્રંશમાં કોઈ ભેદ છે ? કે બન્નેથી સમાન ભ્રંશ થાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે– તે બંને અતિચારોથી થતા ભ્રંશમાં વિશેષ છે. ત્યાં પ્રશ્નકાર પૂછે છે કે શું વિશેષ છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मूलगुण दइअसगडे, उत्तरगुण मंडवे सरिसवाई ।
छक्कायरक्खणट्ठा, दोसु वि सुद्धे चरणसुद्धी ।।९३।।

અન્વયાર્થ :-

મૂલગુણ દઇઅસગડે=મૂળગુણમાં દૃતિ અને શકટ દૃષ્ટાંત છે, ઉત્તરગુણ મંડવે સરિસવાઈ=ઉત્તરગુણમાં મંડપવિષયક સર્ષપાદિ દૃષ્ટાંત છે. (તે કારણથી), છક્કાયરક્ખણટ્ઠા=છકાયના રક્ષણ માટે યત્ન કરવો જોઈએ. દોસુ વિ સુદ્ધે=બંને પણ શુદ્ધ થયે છતે=મૂળગુણ અને ઉત્તરગુણ બંને પણ શુદ્ધ થયે છતે, ચરણસુદ્ધી=ચારિત્રની શુદ્ધિ છે. ॥૯૩॥

ગાથાર્થ :-

મૂળગુણમાં દૃતિ અને શકટ દૃષ્ટાંત છે, ઉત્તરગુણમાં મંડપવિષયક સર્ષપાદિ દૃષ્ટાંત છે. તે કારણથી છકાયના રક્ષણ માટે યત્ન કરવો જોઈએ. મૂળગુણ અને ઉત્તરગુણ બંને પણ શુદ્ધ થયે છતે ચારિત્રની શુદ્ધિ છે. ॥૯૩॥

ટીકા :-

'मूलगुण'त्ति । मूलगुणे दृष्टान्तो दृतिः शकटं च, केवलमुत्तरगुणा अपि तत्र दर्शयितव्याः, उत्तरगुणेषु दृष्टान्तो मण्डपे सर्षपादिः, आदिशब्दाच्छिलादिपरिग्रहः, अत्रापि मूलगुणा अपि दर्शयितव्याः । इयमत्र भावना–एकेनापि मूलगुणप्रतिसेवनेन तत्क्षणादेव चारित्रभ्रंश उपजायते, उत्तरगुणप्रतिसेवनायां पुनः कालेन, दृष्टान्तो दृतिकः, तथाहि– यथा दृतिक उदकभृतः पञ्चमहाद्वारस्तेषां महाद्वाराणामेकस्मिन्नपि द्वारे मुत्कलीभूते तत्क्षणादेव रिक्तीभवति, शुषिरेण तु कालेन, एवं महाव्रतानामेकस्मिन्नपि महाव्रतेऽतिचर्यमाणे तत्क्षणादेव समस्तचारित्रभ्रंशो भवति, एकमूलगुणघाते सर्वमूलगुणानां घातात्, तथा च गुरवो व्याचक्षते– "एकव्रतभङ्गे सर्वव्रतभङ्गः" इति, एतन्निश्चयनयमतम्, व्यवहारे पुनरेकव्रतभङ्गे तदेवैकं भग्नं प्रतिपत्तव्यम्, शेषाणां तु भङ्गः क्रमेण यदि प्रायश्चित्तप्रतिपत्त्या नानुसंधत्त इति । अन्ये पुनराहुः-चतुर्थमहाव्रतप्रतिसेवनेन तत्कालमेव सकलचारित्रभ्रंशः, शेषेषु पुनर्महाव्रतेष्वभीक्ष्णप्रतिसेवनायां महत्यतिचरणे वा वेदितव्यः, उत्तरगुणप्रतिसेवनायां पुनः कालेन चरणभ्रंशो यदि पुनः प्रायश्चित्तप्रतिपत्त्या नोज्ज्वालयति, एतदपि कुतोऽवसेयम् ? इति चेदुच्यते शकटदृष्टान्तात्, तथाहि– शकटस्य मूलगुणा द्वे चक्रे उद्धी अक्षश्च, उत्तरगुणा वध्रकीलकलोहपट्टकादयः, एतैर्मूलगुणैरुत्तरगुणैश्च संप्रयुक्तं सत् शकटं यथा भारवहनक्षमं भवति तथा साधुरपि मूलगुणैरुत्तरगुणैश्च संप्रयुक्तः सन्नष्टादशशीलाङ्गसहस्रभारवहनक्षमो भवति, विशिष्टविशिष्टतरोत्तरसंयमाध्यवसायस्थानपथे च सुखं प्रवर्त्तते । अथ शकटस्य मूलाङ्गानामेकमपि मूलाङ्गं भग्नं भवति तदा न भारवहनक्षमं नापि मार्गे प्रवर्त्तते, उत्तराङ्गैस्तु कैश्चिद्विनापि शकटं कियत्कालं भारवहनक्षमं भवति प्रवहति च मार्गे, कालेन पुनर्गच्छताऽन्यान्यपरिशटनादयोग्यमेतदुपजायते, एवमिहापि मूलगुणानामेकस्मिन्नपि मूलगुणे हते न साधूनामष्टादशशीलाङ्गसहस्रभारवहनक्षमता, नापि संयमश्रेणिपथे प्रवहनम्, उत्तरगुणैस्तु कैश्चित्

प्रतिसेवितैरपि भवति कियन्तं कालं चरणभारवहनक्षमता संयमश्रेणिपथे प्रवर्त्तनं च, कालेन पुनर्गच्छता तत्रान्यान्यगुणप्रतिसेवनातः समस्तचारित्रभ्रंशः, ततः शकटदृष्टान्तादेतदुपपद्यते मूलगुणानामेकस्यापि मूलगुणस्य नाशे तत्कालं चारित्रभ्रंश उत्तरगुणनाशे कालक्रमेणेति । इतश्चैतदेवं मण्डपसर्षपादिदृष्टान्तात्, तथाहि-एरण्डादिमण्डपे यद्येको द्वौ बहवो वा सर्षपा उपलक्षणमेतत् तिलतण्डुलादयो वा प्रक्षिप्यन्ते तथापि न स मण्डपो भङ्गमापद्यते, अतिप्रभूतैस्त्वाढकादिसङ्ख्याकैर्भज्यते, अथ तत्र महती शिला प्रक्षिप्यते तदा तयैकयापि तत्क्षणादेव ध्वंसमुपयाति, एवं चारित्रमण्डपोऽप्येकद्वित्र्यादिभिरुत्तर-गुणैरतिचर्यमाणैर्न भङ्गमुपयाति, बहुभिस्तु कालक्रमेणातिचर्यमाणैर्भज्यते, शिलाकल्पेन पुनरेकस्यापि मूलगुणस्यातिचारेण तत्कालं भ्रंशमुपगच्छतीति । तदेवं यस्मान्मूलगुणातिचारेण क्षिप्रमुत्तरगुणातिचारेण च कालेन चारित्रभ्रंशो भवति तस्मान्मे मूलगुणा उत्तरगुणाश्च निरतिचाराः स्युरिति षट्कायरक्षार्थं सम्यक् प्रयतितव्यम्, षट्कायरक्षणे हि मूलगुणा उत्तरगुणाश्च शुद्धा भवन्ति, तेषु च द्वयेष्वपि शुद्धेषु, अत्र गाथायामेकवचनं प्राकृतत्वात्, प्राकृते हि वचनव्यत्ययोऽपि भवतीति, 'चरणशुद्धिः' चारित्रशुद्धिः ।।९३।।

ટીકાર્થ :-

मूलगुणे ..... चारित्रशुद्धिः ।। મૂળગુણમાં દૃતિ અને શકટ દૃષ્ટાંત છે; ફક્ત ત્યાં=મૂળગુણના દૃષ્ટાંતમાં, ઉત્તરગુણો પણ બતાવવા જોઈએ. ઉત્તરગુણોમાં મંડપવિષયક સર્ષપાદિ દૃષ્ટાંત છે. સર્ષપાદિમાં આદિ શબ્દથી શિલાદિનું ગ્રહણ કરવું. અહીં પણ=ઉત્તરગુણના દૃષ્ટાંતમાં પણ, મૂળગુણો પણ બતાવવા જોઈએ.

અહીં=ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યો એમાં, આ ભાવના છે – એક પણ મૂળગુણના પ્રતિસેવનથી તત્ક્ષણે જ=મૂળગુણના અતિચારો સેવ્યા પછી તરત શુદ્ધિ કરવામાં ન આવે તો તરત જ, ચારિત્ર ભ્રંશ થાય છે, ઉત્તરગુણની પ્રતિસેવનામાં વળી કાળથી=કંઈક કાળથી, ચારિત્રનો ભ્રંશ થાય છે. દૃતિકનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે –

જે પ્રમાણે પાણીથી ભરાયેલો પાંચ મહાદ્વારવાળો દૃતિક છે, તે મહાદ્વારોમાંથી એક પણ દ્વાર ખુલ્લું કરાયે છતે તરત જ=દ્વાર ખૂલ્યા પછી તરત બંધ કરવામાં ન આવે તો નહિવત્ કાળથી જ, દૃતિક ખાલી થાય છે. વળી છિદ્રથી કાળથી દૃતિક ખાલી થાય છે, એ રીતે મહાવ્રતોમાંથી એક પણ મહાવ્રતનું અતિચરણ કરાયે છતે તત્ક્ષણ જ=મહાવ્રતમાં અતિચાર લાગ્યા પછી તરત શોધન કરવામાં ન આવે તો નહિવત્ કાળથી જ, સમસ્ત ચારિત્રનો ભ્રંશ થાય છે; કેમ કે એક મૂળગુણના ઘાતમાં સર્વ મૂળગુણનો ઘાત થાય છે, અને તે રીતે ગુરુઓ કહે છે : 'એક વ્રતના ભંગમાં સર્વ વ્રતનો ભંગ છે.' 'इति' શબ્દ ગુરુના વચનની સાક્ષીની સમાપ્તિમાં છે. આ નિશ્ચયનયનો મત છે=એક વ્રતના ભંગમાં બધા વ્રતોનો ભંગ છે, એ નિશ્ચયનયનો મત છે. વળી વ્યવહારમાં=વ્યવહારનયના મતમાં, એક

વ્રતનો ભંગ થયે છતે તે જ એક વ્રત ભગ્ન સ્વીકારવું. વળી ક્રમથી શેષોનો ભંગ છે, જો પ્રાયશ્ચિત્તના સ્વીકારથી સાધુ અનુસંધાન ન કરે=ભંગ થયેલા વ્રતને પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધ ન કરે. 'ઇતિ' શબ્દ નિશ્ચયનય અને વ્યવહારનયના વક્તવ્યની સમાપ્તિમાં છે.

અન્ય વળી કહે છે=અન્ય આચાર્યો પાંચ મહાવ્રતોમાંથી એક વ્રતના અતિચારનું સેવન થાય તો સમસ્ત ચારિત્ર ભંગ થાય છે તેના વિષયમાં કહે છે– ચોથા મહાવ્રતના પ્રતિસેવનથી તત્કાલ જ સકલ ચારિત્રનો ભ્રંશ છે. વળી શેષ મહાવ્રતોના વિષયમાં સતત પ્રતિસેવના હોતે છતે અથવા મોટા અતિચારો હોતે છતે જાણવો=સકલ ચારિત્રનો ભ્રંશ જાણવો. ઉત્તરગુણની પ્રતિસેવનામાં વળી કાળથી ચારિત્રભ્રંશ થાય છે, જો વળી પ્રાયશ્ચિત્તના સ્વીકારથી ઉજ્જ્વલ ન કરે=સાધુ ચારિત્રને ઉજ્જ્વલ ન કરે. આ પણ=અન્ય આચાર્યો કહે છે એ પણ, શેનાથી જાણવું ? એ પ્રમાણે કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે, શકટના દૃષ્ટાંતથી. અને તે જ શકટનું દૃષ્ટાંત 'તથાહિ'થી બતાવે છે –

ગાડાના મૂળગુણો=મૂળ અંગો - બે ચક્ર, બે ઉદ્ધ અને એક અક્ષ છે, ઉત્તરગુણો=ઉત્તરઅંગો વધ્ર, કીલક અને લોહપટ્ટકાદિ છે. આ મૂળગુણો અને ઉત્તરગુણો વડે સમ્યક્ પ્રયુક્ત છતું ગાડું જે પ્રમાણે ભાર વહન કરવામાં સમર્થ થાય છે, તે પ્રમાણે સાધુ પણ મૂળગુણો અને ઉત્તરગુણોથી સમ્યક્ પ્રયુક્ત છતો અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરવામાં સમર્થ થાય છે, અને વિશિષ્ટ વિશિષ્ટતર એવા ઉત્તર સંયમના અધ્યવસાયના સ્થાનરૂપ પથમાં સુખે પ્રવર્તે છે. હવે ગાડાના મૂળ અંગમાંથી એક પણ મૂલાંગ ભગ્ન થાય છે, ત્યારે ભાર વહન કરવા સમર્થ નથી=તે ગાડું ભાર વહન કરવા સમર્થ નથી, વળી માર્ગમાં પ્રવર્તતું નથી, પુનઃ કેટલાંક ઉત્તર અંગો વિના પણ ગાડું કેટલોક કાળ ભાર વહન કરવા સમર્થ થાય છે અને માર્ગમાં આગળ જાય છે. વળી જતા કાળ વડે અન્ય અન્ય પરિશટનથી=અન્ય અન્ય અવયવોના નાશથી, આ=ગાડું, અયોગ્ય થાય છે=ભાર વહન કરવામાં અને આગળ જવામાં અયોગ્ય થાય છે. એ રીતે=જે રીતે ગાડું મૂળ અંગોના કે ઉત્તર અંગોના ભંગથી અસમર્થ થાય છે એ રીતે, અહીં પણ=ચારિત્રના વિષયમાં પણ, મૂળગુણોમાંથી એક પણ ગુણ હણાયે છતે સાધુની અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરવાની ક્ષમતા નથી, વળી, સંયમશ્રેણીપથમાં આગળ જવાની પ્રવૃત્તિ નથી, વળી કેટલાક પ્રતિસેવિત પણ ઉત્તરગુણો વડે કેટલોક કાળ ચારિત્રનો ભાર વહન કરવાની ક્ષમતા છે અને સંયમશ્રેણીપથમાં પ્રવર્તન છે, વળી પસાર થતા કાળ વડે ત્યાં=સંયમપથમાં, અન્ય અન્ય ગુણની પ્રતિસેવનાથી=અન્ય અન્ય ઉત્તરગુણની પ્રતિસેવનાથી, સમસ્ત ચારિત્રનો ભ્રંશ થાય છે. તેથી શકટના દૃષ્ટાંતથી આ ઉપપન્ન થાય છે– મૂળગુણોમાંથી એક પણ મૂળગુણના નાશમાં તત્કાલ ચારિત્રભ્રંશ છે, ઉત્તરગુણના નાશમાં કાળના ક્રમથી ચારિત્રનો નાશ છે. 'ઇતિ' શબ્દ શકટના દૃષ્ટાંતના ભાવનની સમાપ્તિમાં છે.

અને આથી=પૂર્વમાં દૃતિકના અને શકટના દૃષ્ટાંતથી મૂળગુણની પ્રતિસેવનાનું અને ઉત્તરગુણની પ્રતિસેવનાનું સ્પષ્ટીકરણ કર્યું આથી, આ=મૂળગુણની પ્રતિસેવનાથી અને ઉત્તરગુણની પ્રતિસેવનાથી ચારિત્રનો ભ્રંશ થાય છે એ, મંડપમાં સર્ષપાદિના દૃષ્ટાંતથી એવં=આ રીતે છે. તે 'તથાહિ'થી બતાવે છે -

એરંડ આદિના મંડપમાં જો એક બે કે ઘણા સરસવના દાણા અથવા તલ, ચોખા આદિ પ્રક્ષેપ કરાય તોપણ તે મંડપ ભંગ પામતો નથી, આઢકાદિ સંખ્યાવાળા ઘણા સરસવો વડે ભંગ પામે છે.

આ=સર્ષપનું ગ્રહણ, તલ, તંડુલાદિનું ઉપલક્ષણ છે.

ગાથામાં સર્ષપાદિ કહ્યું ત્યાં સર્ષપ શબ્દથી તલ, તંડુલાદિ ઉપલક્ષિત થાય છે તેમ બતાવ્યું. હવે સર્ષપાદિમાં આદિ પદથી શિલાદિનું ગ્રહણ થાય છે. તેથી હવે મંડપ ઉપર શિલાના પ્રક્ષેપથી શું થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

હવે ત્યાં=મંડપ ઉપર, મોટી શિલા પ્રક્ષેપ કરાય તો તે એકથી પણ=તે એક શિલાથી પણ, તત્ક્ષણ જ=શિલાનો પ્રક્ષેપ કરાય કે તરત જ, ધ્વંસને પામે છે=મંડપ નાશને પામે છે. એ રીતે=જે રીતે સર્ષપ અને શિલાદિના પ્રક્ષેપથી મંડપ નાશને પામે છે એ રીતે, અતિચરણ કરાતા એવા એક-બે-ત્રણ આદિ ઉત્તરગુણો વડે ચારિત્રમંડપ પણ ભંગને પામતો નથી, પરંતુ અતિચરણ કરાતા એવા ઘણા ઉત્તરગુણો વડે કાલક્રમથી ભંગ થાય છે=ચારિત્રમંડપ ભગ્ન થાય છે. વળી શિલાકલ્પ એવા એકપણ મૂળગુણના અતિચારથી તત્કાલ ભ્રંશને પામે છે=ચારિત્રમંડપ તત્કાલ નાશને પામે છે. 'ઇતિ' શબ્દ મંડપમાં સર્ષપાદિના દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.

ગાથાના પૂર્વાર્ધનો અર્થ ટીકામાં સ્પષ્ટ કર્યા પછી તે કથનના નિગમનરૂપ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરતાં 'तदेवं'થી કહે છે –

'तदेवं' શબ્દ નિગમન અર્થે છે– જે કારણથી મૂળગુણના અતિચારથી ક્ષિપ્ર અને ઉત્તરગુણના અતિચારથી કાલથી ચારિત્ર ભ્રંશ થાય છે, તે કારણથી 'મારા મૂળગુણો અને ઉત્તરગુણો નિરતિચાર થાય' એ હેતુથી=એ આશયથી, છકાયની રક્ષા માટે સમ્યગ્ યત્ન કરવો જોઈએ. हि=यस्मात्=જે કારણથી, છકાયના રક્ષણમાં મૂળગુણો અને ઉત્તરગુણો શુદ્ધ થાય છે, અને બંને પણ તેઓ શુદ્ધ હોતે છતે ચારિત્રની શુદ્ધિ છે. આ ગાથામાં એકવચન='सुद्धे' એ પ્રમાણે એકવચન, પ્રાકૃત હોવાથી છે અર્થાત્ 'दोसु' શબ્દ પ્રમાણે 'सुद्धेषु' બહુવચન જોઈએ, આમ છતાં પ્રાકૃતપણું હોવાથી सुद्धे એકવચન છે, જે કારણથી પ્રાકૃતમાં વચનવ્યત્યય પણ થાય છે. 'ઇતિ' શબ્દ બહુવચનના સ્થાને એકવચનના કથનની સમાપ્તિમાં છે. ॥૯૩॥

❖ 'उत्तरगुणा अपि'માં 'अपि'થી એ કહેવું છે કે દૃતિ અને શકટના દૃષ્ટાંતમાં મૂળગુણો તો બતાવવા જોઈએ, પરંતુ ઉત્તરગુણો પણ બતાવવા જોઈએ.

❖ 'शिलादिपरिग्रहः'માં 'आदि'પદથી શિલા જેવો અન્ય કોઈ મોટો પદાર્થ ગ્રહણ કરવો, જેનાથી મંડપનો નાશ થાય.

❖ 'अत्रापि=मूलगुणा अपि'માં 'अपि'થી એ કહેવું છે કે દૃતિના અને શકટના દૃષ્ટાંતમાં તો ઉત્તરગુણો બતાવવા જોઈએ, પરંતુ મંડપના દૃષ્ટાંતમાં પણ મૂળગુણો બતાવવા જોઈએ અર્થાત્ ઉત્તરગુણો તો બતાવવા જોઈએ, પરંતુ મૂળગુણો પણ બતાવવા જોઈએ.

❖ 'एकेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ આદિ મૂળગુણોના પ્રતિસેવનથી તો તત્ક્ષણ જ ચારિત્રભ્રંશ થાય છે, પરંતુ એક પણ મૂળગુણના પ્રતિસેવનથી પણ તરત જ ચારિત્રભ્રંશ થાય છે.

❖ 'एकस्मिन्नापि द्वारे'માં 'अपि'થી એ કહેવું છે કે દૃતિનાં ૨-૩ દ્વાર ખુલ્લાં કરાયે છતે તો તત્ક્ષણ દૃતિ ખાલી થાય છે, પરંતુ એક પણ દ્વાર ખુલ્લું કરાયે છતે દૃતિ ખાલી થાય છે.

❖ 'एकस्मिन्नपि महाव्रतेऽतिचर्यमाणे'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ મહાવ્રતનું અતિચરણ કરાયે છતે તો તત્ક્ષણ ચારિત્રભ્રંશ થાય છે, પરંતુ એક પણ મહાવ્રત અતિચરણ કરાયે છતે તત્ક્ષણ ચારિત્રભ્રંશ થાય છે.

❖ 'एतदपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગ્રંથકારશ્રીએ કહ્યું કે મૂળગુણના ભંગમાં ચારિત્ર તત્કાલ નાશ પામે છે. તે કથન દૃતિના દૃષ્ટાંતથી જાણવું. વળી એ વિષયમાં અન્ય આચાર્યો કહે છે, એ પણ શેનાથી જાણવું ?

❖ 'साधुरपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણ અને ઉત્તરગુણથી યુક્ત શકટ તો ભાર વહન કરવા સમર્થ થાય છે, પરંતુ મૂળગુણ અને ઉત્તરગુણથી યુક્ત સાધુ પણ અઢાર હજાર શીલાંગના ભારને વહન કરવા સમર્થ થાય છે.

❖ 'मूलाङ्गानामेकमपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂલાંગમાંથી ૨-૩ મૂલાંગ ભગ્ન થાય તો શકટ ભાર વહન કરવા સમર્થ નથી અને માર્ગમાં જવા સમર્થ નથી, પરંતુ એક પણ મૂલાંગ ભગ્ન થાય તોપણ શકટ ભાર વહન કરવા સમર્થ નથી અને માર્ગમાં જવા પણ સમર્થ નથી.

❖ 'विनाऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બધાં ઉત્તરાંગો સહિત તો શકટ ભાર વહન કરવા સમર્થ છે, પરંતુ કેટલાંક ઉત્તરાંગો વિના પણ શકટ કેટલોક કાળ ભાર વહન કરવા સમર્થ છે.

❖ एवमिहापि 'मूलगुणानामेकस्मिन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે જે રીતે શકટમાં મૂળ અંગોમાંથી એક પણ અંગના ભંગમાં શકટ ભાર વહન કરવા સમર્થ નથી, એ રીતે સાધુમાં પણ મૂળગુણોમાંથી એક પણ મૂળગુણના નાશમાં સાધુ અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરવા સમર્થ નથી અર્થાત્ ૨-૩ મૂળગુણના નાશમાં તો સાધુની અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરવાની ક્ષમતા નથી, પરંતુ એક પણ મૂળગુણના ઘાતમાં સાધુની અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરવાની ક્ષમતા નથી.

❖ 'प्रतिसेवितैरपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉત્તરગુણોની પ્રતિસેવના ન કરી હોય તો તો ચારિત્રનો ભાર વહન કરવાની ક્ષમતા છે, પરંતુ કેટલાક ઉત્તરગુણો પ્રતિસેવિત હોવા છતાં પણ કેટલોક કાળ ચારિત્રનો ભાર વહન કરવાની ક્ષમતા છે.

❖ 'मूलगुणानामेकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણોમાંથી ૨-૩ના નાશમાં તો તત્કાલ ચારિત્રભ્રંશ છે, પરંતુ એક પણ મૂળગુણના નાશમાં તત્કાલ ચારિત્રભ્રંશ છે.

❖ 'एकयापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ શિલાના પ્રક્ષેપથી તો મંડપ નાશ પામે છે, પરંતુ એકપણ શિલાના પ્રક્ષેપથી તત્ક્ષણ મંડપ નાશને પામે છે.

❖ चारित्रमण्डपोऽपिમાં 'अपि'થી એરંડાદિ મંડપનો સમુચ્ચય કરવો.

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ મૂળગુણના અતિચારથી તો ચારિત્રભ્રંશ થાય છે, પરંતુ એકપણ મૂળગુણના અતિચારથી ચારિત્રનો ભ્રંશ થાય છે.

❖ 'द्वयेष्वपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણ અને ઉત્તરગુણ બંનેમાંથી એકની શુદ્ધિ થયે છતે ચારિત્રની શુદ્ધિ ન થાય, પરંતુ બંને પણ શુદ્ધ થયે છતે ચારિત્રની શુદ્ધિ થાય છે.

❖ 'वचनव्यत्ययोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રાકૃતમાં વિભક્તિનો વ્યત્યય તો થાય છે, પરંતુ વચનનો પણ વ્યત્યય થાય છે.

ભાવાર્થ :-

ગાથા-૯૨માં કહેલ કે વર્તમાનમાં બકુશચારિત્રીથી અને પ્રતિસેવકચારિત્રીથી ભગવાનનું તીર્થ ચારિત્રવાળું છે, અને પ્રતિસેવકનો અર્થ કરેલ કે મૂળગુણની જે પ્રતિસેવના કરે તે પ્રતિસેવકચારિત્રી છે, અને બકુશનો અર્થ કરેલ કે ઉત્તરગુણની જે પ્રતિસેવના કરે તે બકુશચારિત્રી છે; અને પ્રસ્તુત ગાથામાં દૃતિ અને શકટના દૃષ્ટાંતથી ભાવના કરી કે મૂળગુણની પ્રતિસેવના કરે તો તત્ક્ષણ ચારિત્રનો ભ્રંશ થાય છે, અને ઉત્તરગુણની પ્રતિસેવના કરે તો કાલે કરીને ચારિત્રનો ભ્રંશ થાય છે.

તેથી એ ફલિત થાય કે કોઈ સાધુ મૂળગુણની પ્રતિસેવના કરીને તરત અતિચારની શુદ્ધિ કરી લેતા હોય તો ચારિત્રનો ભ્રંશ થતો નથી, તેથી મૂળગુણની પ્રતિસેવના કરનાર પ્રતિસેવકચારિત્રીની પ્રાપ્તિ છે; અને કોઈ સાધુ ઉત્તરગુણની પ્રતિસેવના કરીને તત્કાલ શુદ્ધિ ન કરે, પરંતુ કંઈક વિલંબનથી પણ શુદ્ધિ કરી લેતા હોય, તો ચારિત્રનો ભ્રંશ થતો નથી, તેથી ઉત્તરગુણની પ્રતિસેવના કરનાર બકુશચારિત્રીની પ્રાપ્તિ છે; અને જેઓ મૂળગુણની પ્રતિસેવના કર્યા પછી તત્કાલ શુદ્ધિ કરતા નથી, તેઓ ચારિત્રરહિત છે; અને ઉત્તરગુણની પ્રતિસેવના કર્યા પછી કંઈક વિલંબનથી પણ જેઓ શુદ્ધિ કરતા નથી, પરંતુ અતિચાર સેવ્યા કરે છે તેઓ ચારિત્રરહિત છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રથી ભ્રંશ કરનારા છે. માટે જે સાધુ મૂળગુણને અને ઉત્તરગુણને નિરતિચાર કરવા અર્થે છકાયના રક્ષણમાં સમ્યગ્ યત્ન કરે છે, તેઓના મૂળગુણો અને ઉત્તરગુણો શુદ્ધ છે, અને તેઓના ચારિત્રની શુદ્ધિ છે, અને તેવા ચારિત્રની શુદ્ધિવાળા જ બકુશચારિત્રી અને પ્રતિસેવકચારિત્રીથી ભગવાનનું તીર્થ ચારિત્રવાળું છે.

અહીં વિશેષ એ છે કે ષટ્કાયના રક્ષણ માટે સમ્યગ્ યત્ન કરવો એટલે સર્વ જીવોને આત્મતુલ્ય માનીને કોઈ જીવને પીડા ન થાય, કોઈના પ્રાણ નાશ ન થાય, અને કોઈને કષાયનો ઉદ્રેક ન થાય તે રીતે અપ્રમાદભાવથી યત્ન કરવો; અને જે સાધુ તે રીતે યત્ન કરે છે તે સાધુ સ્વયં પોતાના કષાયોનો ઉદ્રેક ન થાય તેવો પણ યત્ન અવશ્ય કરે છે; કેમ કે ષટ્કાયના અંતર્ગત પોતાનું પણ ગ્રહણ છે. તેથી પોતાના અને પરના ભાવપ્રાણોના રક્ષણ માટે પણ જે સાધુઓ સમ્યગ્ ઉદ્યમ કરે છે તેઓ ષટ્કાયનું પાલન કરનારા છે, અને તેઓનું ચારિત્ર શુદ્ધ છે; અને આવા સાધુથી પણ કોઈક નિમિત્તે અતિચાર થયો હોય તો તેની શુદ્ધિ કરીને ફરી ષટ્કાયના પાલનમાં અપ્રમાદભાવથી યત્ન કરે, તો તે સાધુનું ચારિત્ર શુદ્ધ છે. માટે ચારિત્રની શુદ્ધિના અર્થીએ ષટ્કાયના રક્ષણમાં સમ્યગ્ ઉદ્યમ કરવો જોઈએ, એમ કહેલ છે. **॥૯૩॥**

અવતરણિકા :-

ननु मूलगुणास्तावत्प्राणातिपातादिनिवृत्त्यात्मकाः पञ्च ज्ञायन्त एव, उत्तरगुणास्तु के ते ? इत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી કોઈ શંકા કરે છે કે મૂળગુણો પ્રાણાતિપાતાદિ નિવૃત્તિસ્વરૂપ પાંચ જણાય જ છે. વળી ઉત્તરગુણો તે કયા છે ? એથી ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૯૩માં કહ્યું કે મૂળગુણના અતિચારો તત્કાલ ચારિત્રનો નાશ કરે છે અને ઉત્તરગુણના અતિચારો કંઈક કાળથી ચારિત્રનો નાશ કરે છે. માટે પોતાના મૂળગુણોની અને ઉત્તરગુણોની શુદ્ધિના અર્થી સાધુએ ષટ્કાયની રક્ષામાં યત્ન કરવો જોઈએ, ત્યાં પાંચ મહાવ્રતરૂપી મૂળગુણો વિચારકને જણાય છે, અને ઉત્તરગુણો કયા છે ? તેવી જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે. તેને ગ્રંથકારશ્રી ઉત્તરગુણો બતાવે છે –

ગાથા :-

पिंडस्स जा विसोही, समिईओ भावणा तवो दुविहो ।
पडिमा अभिग्गहा वि य, उत्तरगुण मो वियाणाहि ।।९४।।

અન્વયાર્થ :-

जा पिंडस्स विसोही=જે પિંડની વિશુદ્ધિ, समिईओ=સમિતિ, भावणा=ભાવના, दुविहो तवो=બે પ્રકારનો તપ, पडिमा=પ્રતિમા, वि य=અને, अभिग्गहा=અભિગ્રહો છે, उत्तरगुण=એ ઉત્તરગુણોને, वियाणाहि=તું જાણ. 'मो' પાદપૂરણ માટે છે. ।।૯૪।।

ગાથાર્થ :-

જે પિંડની વિશુદ્ધિ, સમિતિ, ભાવના, બે પ્રકારનો તપ, પ્રતિમા અને અભિગ્રહો છે, એ ઉત્તરગુણોને તું જાણ. ।।૯૪।।

❖ ગાથામાં 'जा' શબ્દ છે એના પ્રમાણે 'एआ' અધ્યાહર છે; કેમ કે 'यद्' અને 'एतद्' નો સંબંધ છે.

ટીકા :-

'पिंडस्स'त्ति । पिण्डस्य या विशोधिः आधाकर्मादिदोषपरिहारलक्षणा, याश्च समितयः ईर्यासमित्यादिकाः, याश्च भावना महाव्रतानां, यच्च द्विभेदं तपः, याश्च प्रतिमा भिक्षूणां द्वादश, ये चाभिग्रहा द्रव्यादिभेदभिन्नाः, एतान् उत्तरगुणान् 'मो' इति पादपूरणे विजानीहि । एतेषां च सङ्ख्या-

"बायाला अट्ठेव उ, पणवीसा बार बारस य चेव ।
दव्वाइचउरभिग्गहभेआ खलु उत्तरगुणाणं ।।१।।" **इति गाथावसेयेति ।।९४।।**

ટીકાર્થ :-

पिण्डस्य ..... गाथावसेयेति ।। પિંડની આધાકર્માદિ દોષના પરિહારરૂપ જે વિશુદ્ધિ છે અને જે ઈર્યાસમિતિ આદિક સમિતિઓ છે અને મહાવ્રતોની જે ભાવના છે અને જે બે ભેદવાળું તપ છે અને જે સાધુની બાર પ્રતિમાઓ છે અને દ્રવ્યાદિ ભેદોથી ભિન્ન એવા જે અભિગ્રહો છે, એ ઉત્તરગુણોને તું જાણ. ગાથામાં 'मो' શબ્દ પાદપૂરણ માટે છે, અને આમની=ઉત્તરગુણોની, સંખ્યા 'बायाला' ઇત્યાદિ ગાથા જાણવી='बायाला' એ પ્રકારની ગાથાથી ઉત્તરગુણોની સંખ્યા જાણવી.

ઉત્તરગુણોની સંખ્યાની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

ઉત્તરગુણોના ૪૨ ભેદો પિંડવિશુદ્ધિના છે, આઠ ભેદો સમિતિના છે, ૨૫ ભેદો મહાવ્રતોની ભાવનાના છે, બાર ભેદો બે પ્રકારના તપના છે, બાર ભેદો ભિક્ષુની પ્રતિમાના છે અને દ્રવ્યાદિ ચાર અભિગ્રહના ભેદો છે. **।।૯૪।।**

ભાવાર્થ :-

જે સાધુ પિંડવિશુદ્ધિ આદિ અર્થે આધાકર્માદિ ૪૨ દોષોના પરિહાર માટે યત્ન કરે છે, વળી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં અપ્રમાદભાવથી યત્ન કરે છે અને મહાવ્રતોમાં સુદૃઢ યત્ન કરવા અર્થે મહાવ્રતોની ૨૫ ભાવનાઓથી સદા ભાવિત છે, છતાં કોઈક નિમિત્તે મહાવ્રતોની ભાવનામાં ગ્લાનિ દેખાય તો ફરી ફરી તે ભાવનાઓના સ્વરૂપનું ચિંતવન કરીને સ્થિર કરવા યત્ન કરે છે; વળી સ્વશક્તિ અનુસાર બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારના તપમાં અપ્રમાદભાવથી યત્ન કરે છે, અને શક્તિનો સંચય થયો હોય તો સાધુની બાર પ્રતિમામાંથી જે પ્રતિમા પોતાને ઉચિત હોય તેમાં યત્ન કરે છે, અને પિંડાદિના ગ્રહણ અર્થે જતી વખતે શક્તિ અનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને અભિગ્રહો કરે છે, તે સાધુના ચારિત્રમાં ઉત્તરગુણોની વિશુદ્ધિ છે; અને સર્વ ઉત્તરગુણોમાંથી શક્તિ હોવા છતાં જે સાધુ ઉત્તરગુણોમાં યત્ન ન કરે કે ઉત્તરગુણોમાં યત્ન કરવા છતાં સમ્યગ્ યત્ન ન કરે, તો તે ઉત્તરગુણોનો ભંગ છે. આ ઉત્તરગુણોની સંખ્યા વ્યવહારભાષ્યના ઉદ્ધરણની ગાથાથી જાણવી, અને તે સંખ્યા આ પ્રમાણે છે –

પિંડવિશુદ્ધિના ૪૨ ભેદો, સમિતિના ૮ ભેદો, મહાવ્રતોની ભાવનાના ૨૫ ભેદો, તપના ૧૨ ભેદો, સાધુની પ્રતિમાના ૧૨ ભેદો અને અભિગ્રહના ૪ ભેદો એમ કુલ-૧૦૩ ભેદો ઉત્તરગુણોના થાય છે. **॥૯૪॥**

અવતરણિકા :-

तदेवं कस्मिंश्चिन्मूलोत्तरगुणातिक्रमेऽपि यथोचितप्रायश्चित्तग्रहणाभिमुखपरिणामशुद्ध्या चारित्रव्यवस्थितिरिति सिद्धम्, अत्र कश्चिदाक्षिपति –

અવતરણિકાર્થ :-

ગાથા-૯૧થી સૂરિએ જે કથન કર્યું તેનું 'तदेवं'થી નિગમન કરતાં કહે છે – કોઈક મૂળગુણ અને ઉત્તરગુણનો અતિક્રમ થયે છતે પણ, યથોચિત પ્રાયશ્ચિત્તના ગ્રહણને અભિમુખ પરિણામની શુદ્ધિથી=જે પ્રકારે મૂળગુણનો કે ઉત્તરગુણનો અતિક્રમ થયો હોય તેને ઉચિત એવા પ્રાયશ્ચિત્તના ગ્રહણને અભિમુખ પરિણામની શુદ્ધિથી, ચારિત્રની વ્યવસ્થિતિ છે=સાધુમાં ચારિત્ર રહેલું છે, એ પ્રમાણે સિદ્ધ થયું=ગાથા-૯૧થી ૯૩ સુધીના કથનથી સિદ્ધ થયું. એમાં=અતિચારને સેવનારા પુરુષમાં ચારિત્રનો સ્વીકાર કર્યો એ કથનમાં, કોઈક આક્ષેપ કરે છે=કોઈક વિરોધ કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૮૭થી ૯૦ સુધી પ્રશ્ન કરનારે સૂરિને કહેલ કે ભગવાને મૂળગુણોના અને ઉત્તરગુણોના અતિચારોના સેવનનો સાધુને નિષેધ કર્યો છે, તેથી મૂળગુણના અને ઉત્તરગુણના અતિચારો ચારિત્રના વિનાશક છે; અને અત્યારે તેને સેવનારા સાધુઓ પ્રાપ્ત થાય છે, માટે ભગવાનનું તીર્થ ચારિત્ર રહિત છે. તેનું સમાધાન ગાથા-૯૧થી ૯૩ સુધી સૂરિએ કર્યું, તેનાથી શું ફલિત થાય તે 'तदेवं'થી બતાવતાં કહે છે –

આ રીતે કોઈ સાધુ મૂળગુણનો કે ઉત્તરગુણનો અતિક્રમ કરે; આમ છતાં જો તે સાધુમાં જે અતિચારો સેવ્યા છે તેની શુદ્ધિ કરવાનો પરિણામ વર્તે છે, તો તે સાધુમાં ચારિત્ર છે. તેથી આવા આરાધક સાધુ પ્રાયઃ અતિચાર થાય નહિ તેવી કાળજી રાખે છે; છતાં અનાભોગ કે સહસાત્કારથી અતિચાર થઈ જાય તો ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા તેની શુદ્ધિ કરે છે. તેવા સાધુમાં ચારિત્ર વિદ્યમાન છે, અને તેને આશ્રયીને જ મૂળગુણના પ્રતિસેવક કે ઉત્તરગુણના પ્રતિસેવકને ચારિત્ર છે તેમ શાસ્ત્રકારો કહે છે. એ કથન ગાથા-૯૧થી ૯૩ સુધીના સૂરિના કથનથી સિદ્ધ થાય છે.

આ પ્રકારના સૂરિના કથનમાં કોઈક ગાથા-૯૫થી ૯૭ સુધીના પૂર્વાર્ધ સુધીમાં વિરોધ કરતાં કહે છે –

ગાથા :-

णणु चरणस्साभंगं, पायच्छित्तस्स भावओ भणह ।
तमसंजमठाणकयं, तेऽसंखिज्जा जओऽभिहियं ।।९५।।

અન્વયાર્થ :-

णणु='ननु'થી કોઈક આક્ષેપ કરે છે – चरणस्साभंगं=ચારિત્રનો અભંગ, पायच्छित्तस्स भावओ= પ્રાયશ્ચિત્તના ભાવથી, भणह=તમે કહો છો, तम्=ते=પ્રાયશ્ચિત્ત, असंजमठाणकयं=અસંયમસ્થાનકૃત છે. ते=તેઓ=અસંયમસ્થાનો, असंखिज्जा=અસંખ્યાતા છે; जओ=જે કારણથી, अभिहियं=કહેવાયું છે=વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૯૫।।

ગાથાર્થ :-

'ननु'થી કોઈ આક્ષેપ કરે છે – પ્રાયશ્ચિત્તના ભાવથી તમે ચારિત્રનો અભંગ કહો છો તે પ્રાયશ્ચિત્ત અસંયમસ્થાનકૃત છે. તે અસંયમસ્થાનો અસંખ્યાતાં છે; જે કારણથી વ્યવહાર-ભાષ્યમાં કહેવાયું છે. ।।૯૫।।

ટીકા :-

'णणु' इत्यादि । ननु चरणस्य=चारित्रस्य, अभङ्गं यूयं प्रायश्चित्तस्य भावतो भणथ, तत्= प्रायश्चित्तम्, असंयमस्थानकृतं, तानि=असंयमस्थानानि, असङ्ख्यातानि यतः अभिहितं भणितं व्यवहारभाष्ये ।।९५।।

ટીકાર્થ :-

ननु 'चरणस्य' ..... व्यवहारभाष्ये ।। 'ननु'થી કોઈક આક્ષેપ કરે છે - ચારિત્રનો અભંગ તમે પ્રાયશ્ચિત્તના ભાવથી કહો છો, તે=પ્રાયશ્ચિત્ત, અસંયમસ્થાનકૃત છે=અસંયમના સેવનથી પ્રાપ્ત થયેલું છે, તેઓ= અસંયમનાં સ્થાનો, અસંખ્યાતાં છે; જે કારણથી વ્યવહારભાષ્યમાં ગાથા-૨૧૯માં કહેવાયું છે. ।।૯૫।।

અવતરણિકા :-

ગાથા-૯૫ના અંતે કહ્યું કે અસંયમસ્થાનો અસંખ્યાતાં છે. તેમાં હેતુ આપ્યો કે જે કારણથી વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. તેથી હવે તે વ્યવહારભાષ્યનું કથન બતાવે છે –

ગાથા :-

असमाहिट्ठाणा खलु, सबला य परीसहा य मोहम्मि ।
पलिओवमसागरोवमपरिमाण तओ असंखिज्जा ।।९६।।

અન્વયાર્થ :-

असमाहिट्ठाणा=અસમાધિસ્થાનો=૨૦ અસમાધિસ્થાનો છે. खलु='खलु' શબ્દ સંભાવનાના અર્થમાં છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે દેશ, કાળ, પુરુષના ભેદથી ૨૦ અસમાધિસ્થાનો છે તે અસંખ્યાતાં છે. सबला=૨૧ સબલ છે=ચારિત્રને કાબરચીતરું કરનાર સ્થાનો છે, परीसहा=૨૨ પરિષહો છે=૨૨ પરિષહોનો સમ્યગ્ જય કરવામાં ન આવે તો ચારિત્રના અતિચારો થાય છે, य=અને, मोहम्मि=મોહમાં= મોહનીયકર્મમાં ૨૮ ભેદો છે અથવા મોહના વિષયમાં ૩૦ સ્થાનો છે.

ગાથાના પૂર્વાર્ધથી અસમાધિસ્થાનો બતાવ્યાં. હવે તે અસમાધિસ્થાનો અસંખ્યાતાં કઈ સંખ્યાથી થાય છે, તે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

पलिओवमसागरोवमपरिमाण=પલ્યોપમ અને સાગરોપમનું પરિમાણ છે, तओ=તેનાથી, असंखिज्जा= અસંખ્યાતાં=અસંખ્યાતાં અસંયમસ્થાનો છે. ।।૯૬।।

ગાથાર્થ :-

અસમાધિસ્થાનો=૨૦ અસમાધિસ્થાનો છે. 'खलु' શબ્દ સંભાવના અર્થમાં છે, ૨૧ શબલ છે, ૨૨ પરિષહો છે અને મોહનીયકર્મમાં ૨૮ ભેદો છે અથવા મોહના વિષયમાં ૩૦ સ્થાનો છે. પલ્યોપમ અને સાગરોપમનું પરિમાણ, તેનાથી અસંખ્યાતાં અસંયમસ્થાનો છે. ॥૯૬॥

ટીકા :-

'असमाहिट्ठाण'त्ति । यानि खल्वसमाधिस्थानानि विंशतिः, खलुशब्दः संभावने, स चैतत्संभावयति-असङ्ख्यातानि देशकालपुरुषभेदतोऽसमाधिस्थानानि, एवमेकविंशतिः शबलानि, द्वाविंशतिः परीषहाः, तथा मोहे=मोहनीये कर्मणि, येऽष्टाविंशतिर्भेदाः, अथवा मोहे=मोहविषयाणि त्रिंशत् स्थानानि, एतेभ्योऽसंयमस्थानेभ्य एष प्रायश्चित्तराशिरुत्पद्यते । कियन्ति खलु तान्यसंयमस्थानानि ? उच्यते – "पलिओवम" इत्यादि । पल्योपमे सागरोपमे च यावन्ति वालाग्राणि तावन्ति न भवन्ति, किन्तु व्यावहारिकपरमाणुमात्राणि यानि वालाग्राणां खण्डानि तेभ्योऽसङ्ख्येयानि । इयमत्र भावनाः—यावन्ति खलु पल्योपमे वालाग्राणि तावन्त्यसंयमस्थानानि भवन्ति ? नायमर्थः समर्थः, यावन्ति सागरोपमे वालाग्राणि तावन्ति भवन्ति ? नायमर्थः समर्थः, यद्येवं तर्हि सागरोपमे यानि वालाग्राणि प्रत्येकम-सङ्ख्येयखण्डानि क्रियन्ते तानि च खण्डानि सांव्यवहारिकपरमाणुमात्राणि तावन्ति भवन्ति ? नायमप्यर्थः समर्थः, कियन्ति पुनस्तानि भवन्ति ? उच्यते – तेभ्योऽप्यसङ्ख्येयगुणानि । अन्ये तु ब्रुवते-परमाणुमात्राणि खण्डानि सूक्ष्मपरमाणुमात्राणि द्रष्टव्यानि, तदसम्यक्, सूक्ष्मपरमाणवो हि तत्रानन्ताः, असंयमस्थानानि चोत्कर्षतोऽप्यसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणानीति ।।९६।।

ટીકાર્થ :-

यानि ..... प्रदेशप्रमाणानीति ।। જે અસમાધિસ્થાનો ૨૦ છે, ગાથામાં 'खलु' શબ્દ સંભાવના અર્થમાં છે, 'खलु' શબ્દ આની સંભાવના કરે છે – તે=દેશ, કાળ, પુરુષના ભેદથી અસમાધિસ્થાનો અસંખ્યાતાં છે=સ્થૂલથી જે ૨૦ અસમાધિસ્થાનો બતાવ્યાં તે સૂક્ષ્મથી અસંખ્યાતાં છે. एवम् એ રીતે=જે રીતે અસમાધિસ્થાન ૨૦ છે એ રીતે, ૨૧ શબલસ્થાનો છે. ૨૨ પરિષહો છે=૨૨ પરિષહોનો સમ્યગ્ જય કરવામાં ન આવે તો ચારિત્રને મલિન કરનારા ૨૨ પરિષહો છે, અને મોહમાં=મોહનીયકર્મમાં જે ૨૮ ભેદો છે=૩ દર્શનમોહનીય, ૧૬ કષાય અને ૯ નોકષાયરૂપ ૨૮ ભેદો છે અથવા મોહમાં=મોહના વિષયવાળા ૩૦ સ્થાનો છે. આ અસંયમસ્થાનોથી=૨૦ અસમાધિસ્થાન, ૨૧ શબલસ્થાન, ૨૨ પરિષહનાં સ્થાન, ૩૦ મોહનીયના સ્થાન એ રૂપ અસંયમસ્થાનોથી, આ પ્રાયશ્ચિત્તરાશિ ઉત્પન્ન થાય છે=સંયમની પ્રવૃત્તિમાં આ પ્રાયશ્ચિત્તનો સમૂહ ઉત્પન્ન થાય છે.

પૂર્વમાં કહ્યું કે અસંખ્યાતાં અસમાધિસ્થાનો છે. તે અસંખ્યાતાંની સંખ્યા બતાવવા અર્થે કહે છે –

કેટલાં તે અસંયમસ્થાનો છે ? - "पलिओवम" इत्यादि थी કહેવાય છે - પલ્યોપમમાં અને સાગરોપમમાં જેટલા વાલાગ્ર છે તેટલા થતા નથી, પરંતુ વ્યાવહારિક પરમાણુમાત્ર જે વાલાગ્રના ખંડો છે=સાગરોપમમાં જે વાલાગ્ર છે તેના વ્યાવહારિક પરમાણુમાત્ર ખંડો કરવામાં આવે અને જેટલા ખંડો પ્રાપ્ત થાય તેનાથી અસંખ્યાતાં છે.

આ=આગળ કહેવાય છે એ, અહીં=અસંખ્યાતાં અસંયમસ્થાનની વિચારણામાં, ભાવના છે=તાત્પર્ય છે –

ખરેખર પલ્યોપમમાં જેટલા વાલાગ્ર છે તેટલાં અસંયમસ્થાનો છે ? આ અર્થ સમર્થ નથી. સાગરોપમમાં જેટલા વાલાગ્ર છે, તેટલાં છે ?=તેટલાં અસંયમસ્થાનો છે ? આ અર્થ સમર્થ નથી. જો આમ છે, તો=પૂર્વમાં બે અર્થ કર્યા તે બંને અર્થ સમર્થ નથી એમ છે, તો, સાગરોપમમાં જે વાલાગ્રો છે તે પ્રત્યેકને અસંખ્ય ખંડો કરાય અને તે ખંડો સાંવ્યવહારિક પરમાણુમાત્ર (કરાય) તેટલાં થાય છે ?=અસંયમસ્થાનો તેટલાં થાય છે ? આ પણ અર્થ સમર્થ નથી=સાગરોપમમાં રહેલા પ્રત્યેક વાલાગ્રના સાંવ્યવહારિક પરમાણુ જેવડા ખંડો કરવામાં આવે અને જેટલી સંખ્યા પ્રાપ્ત થાય તેટલી સંખ્યાપ્રમાણ અસંયમસ્થાનો છે તેમ સ્વીકારીએ તો એ અર્થ પણ સમર્થ નથી. તો વળી કેટલાં તે છે ?=કેટલાં અસંયમસ્થાનો છે ?, કહેવાય છે –

તેનાથી પણ=સાગરોપમમાં રહેલા સાંવ્યવહારિક પરમાણુમાત્ર ખંડો જેવડા વાલાગ્રોની સંખ્યાથી પણ, અસંખ્યાતગુણા અસંયમસ્થાનો છે.

વળી અન્ય કહે છે –

'પરમાણુમાત્ર ખંડો સૂક્ષ્મપરમાણુમાત્ર જાણવા=સાગરોપમમાં રહેલા વાલાગ્રના પરમાણુમાત્ર ખંડો શાસ્ત્રમાં કહેલા છે તે સૂક્ષ્મપરમાણુમાત્ર જાણવા,' તે અસમ્યક્ છે=અન્ય જે કહે છે તે અસમ્યક્ છે, હિ=જે કારણથી, ત્યાં=વાલાગ્રના એક ખંડમાં, સૂક્ષ્મપરમાણુ અનંતા છે, અને અસંયમસ્થાનો ઉત્કર્ષથી પણ અસંખ્યેયલોકાકાશપ્રદેશપ્રમાણ છે.

'इति' શબ્દ અન્યના કથનના નિરાકરણની સમાપ્તિ માટે છે. ॥૯૬॥

❖ 'नायमपि'માં 'अपि'થી એ કહેવું છે કે પહેલા બે અર્થ કર્યા તે તો સમર્થ નથી, પરંતુ આ ત્રીજો અર્થ પણ સમર્થ નથી.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ગાથા-૯૧થી ૯૩ સુધીમાં સ્થાપન કર્યું કે 'કોઈ સાધુ મૂળગુણની પ્રતિસેવના કરતા હોય કે ઉત્તરગુણની પ્રતિસેવના કરતા હોય, આમ છતાં પ્રાયશ્ચિત્ત કરવાનો પરિણામ છે, તે સાધુમાં ચારિત્રનો અભંગ છે, અને તેને આશ્રયીને ભગવાનના શાસનમાં બકુશચારિત્રી અને પ્રતિસેવકચારિત્રી છે. આ કથન કોઈકને અસંગત જણાવાથી 'ननु'થી આક્ષેપ કરે છે કે તમે પ્રાયશ્ચિત્તના પરિણામને આશ્રયીને

ચારિત્રનો અભંગ કહો છો, અને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ અસંયમસ્થાનના સેવનથી થાય છે, અને તે અસંયમસ્થાનો વ્યવહારભાષ્યમાં અસંખ્યાતાં કહ્યાં છે' આમ કહીને શું વિરોધ આવશે, તેની ચર્ચા પૂર્વપક્ષી આગળ કરવાના છે, પરંતુ આ પ્રકારનો પ્રશ્ન કરીને વ્યવહારભાષ્યના અસંયમસ્થાનને કહેનારા વચનનો અર્થ ગાથા-૯૬માં કરતાં કહે છે કે શાસ્ત્રમાં ૨૦ અસમાધિસ્થાનો બતાવ્યાં છે અર્થાત્ સંયમમાં અસમાધિ પ્રાપ્ત થવાનાં સ્થાનો બતાવ્યાં છે, વળી ૨૧ શબલસ્થાનો છે=ચારિત્રને કાબરચીતરું કરનારાં અસંયમસ્થાનો છે, વળી શક્તિ અનુસાર ૨૨ પરિષહોમાંથી ઉચિત પરિષહનો જય ન કરવામાં આવે તો તે પરિષહો અસંયમસ્થાનો છે, વળી મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓ છે એમાંથી ક્ષયોપશમભાવરૂપે નહિ પરંતુ ઉદયરૂપે મોહનીયકર્મની જે પ્રકૃતિ વર્તતી હોય તે અસંયમનું સ્થાન છે, અથવા મોહના વિષયવાળાં ૩૦ સ્થાનો છે તેમાંથી જે સ્થાનમાં સાધુ વર્તતા હોય તે અસંયમસ્થાન છે, અને આ સર્વ અસંયમસ્થાનોને આશ્રયીને પ્રાયશ્ચિત્તનો સમૂહ ઉત્પન્ન થાય છે અર્થાત્ આ અસંયમસ્થાનોમાંથી જે કોઈ અસંયમસ્થાનની પ્રાપ્તિ સાધુને થઈ હોય તેને આશ્રયીને સાધુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. આ રીતે અસંયમસ્થાનોની સંખ્યા બતાવી, તે દરેક અસંયમસ્થાન સૂક્ષ્મથી અસંખ્યાત સંખ્યાવાળાં છે. એ અર્થ ગાથામાં કહેલા 'खलु' શબ્દથી પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે દેશ, કાળ અને પુરુષના ભેદથી અસમાધિસ્થાનના અસંખ્યાત ભેદ પ્રાપ્ત થાય, શબલના પણ અસંખ્યાત ભેદ પ્રાપ્ત થાય, પરિષહના પણ અસંખ્યાત ભેદ પ્રાપ્ત થાય, મોહના પણ અસંખ્યાત ભેદ પ્રાપ્ત થાય, આ અસંયમસ્થાનોની કુલ સંખ્યા અસંખ્યાત પ્રાપ્ત થાય છે.

વળી અસંખ્યાત સંખ્યા કેટલા પ્રમાણ છે ? તે ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરતાં કહે છે –

એક પલ્યોપમમાં જે વાલાગ્રો છે, તેટલી અસંખ્યાત સંખ્યાપ્રમાણ અસંયમસ્થાનો નથી, પરંતુ તેનાથી અધિક છે. વળી એક સાગરોપમમાં જે વાલાગ્રો છે, તે દરેક વાલાગ્રના અસંખ્યાત ટુકડા કરવામાં આવે અને તે ટુકડા પણ સાંવ્યવહારિક પરમાણુ જેવડા કરવામાં આવે અને જે સંખ્યાની પ્રાપ્તિ થાય તેટલાં અસંયમસ્થાનો નથી, પરંતુ તેનાથી અધિક છે; અને તે અધિકની સંખ્યા સ્પષ્ટ કરતાં કહે છે કે તેનાથી અસંખ્યાતગુણા અસંયમસ્થાનો છે અર્થાત્ એક સાગરોપમમાં રહેલા પ્રત્યેક વાલાગ્રના સાંવ્યવહારિક પરમાણુ જેવડા ખંડો કરવામાં આવે અને જે સંખ્યા પ્રાપ્ત થાય, તેનાથી અસંખ્યાતગુણા અસંયમસ્થાનો છે.

વળી અહીં અન્ય કહે છે કે 'સાગરોપમમાં રહેલા વાલાગ્રના ખંડો સૂક્ષ્મ પરમાણુ જેવડા ગ્રહણ કરીએ અર્થાત્ નૈશ્ચયિક પરમાણુ જેવડા ગ્રહણ કરીએ તેનાથી અસંખ્યાતગુણા છે.' આ અન્યનું કથન યુક્ત નથી; કેમ કે એક વાલાગ્રમાં સૂક્ષ્મ પરમાણુ અનંતા છે, અને અસંયમસ્થાનો ઉત્કર્ષથી પણ અસંખ્યાતાં લોકાકાશના પ્રદેશોની જે સંખ્યા તેટલા પ્રમાણ છે. તેથી સૂક્ષ્મ પરમાણુને ગ્રહણ કરીને તેનાથી અસંખ્યાતગુણા અસંયમસ્થાનો છે તેમ જે પર કહે છે, તે અનુચિત છે.

અહીં વિશેષ એ છે કે એક પલ્યોપમ એટલે એક યોજન લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઊંડો ખાડો, અને તેમાં તરત જન્મેલા બાળકના વાળને ગ્રહણ કરીને દરેક વાળના અસંખ્યાત ટુકડા કરવામાં આવે અને તે રીતે તે આખો ખાડો ભરવામાં આવે, તો તેમાં રહેલા વાલાગ્રોની સંખ્યા પલ્યોપમ પ્રમાણ કહેવાય; અને ક્રોડને ક્રોડ વડે ગુણીએ તે કોડાકોડી, એવા દશ કોડાકોડી પલ્યોપમ પ્રમાણ એક

સાગરોપમ થાય. તેથી સાગરોપમમાં ઘણી મોટી સંખ્યાના વાલાગ્રોની પ્રાપ્તિ થાય, અને તે દરેક વાલાગ્રના પણ અસંખ્યાત ટુકડા કરવામાં આવે તો તેનાથી ઘણી મોટી સંખ્યા પ્રાપ્ત થાય, પરંતુ તે ટુકડા પણ સાંવ્યવહારિક પરમાણુથી મોટા હોય તો ઓછી સંખ્યા પ્રાપ્ત થાય. તેથી તે વાલાગ્રના ટુકડા કલ્પનાથી સાંવ્યવહારિક પરમાણુ જેવડા કરવાનું કહેલ છે. તેનાથી જે સંખ્યા પ્રાપ્ત થાય, તેનાથી અસંખ્યાતગુણાં અસંયમસ્થાનો છે, તેમ ભગવાન કેવળજ્ઞાનથી જાણે છે. તે સર્વ અસંયમસ્થાનો પૃથક્ પૃથક્ રીતે બતાવવાં શક્ય નથી, તેથી અસમાધિસ્થાન-૨૦ ઇત્યાદિ દ્વારા તે અસંયમસ્થાનોને સ્થૂલથી બતાવેલ છે, જેના બળથી ઉચિત પ્રાયશ્ચિત્તનો વિચાર થઈ શકે. **॥૯૫-૯૬॥**

અવતરણિકા :-

ગાથા-૯૫થી કોઈક પૂર્વપક્ષીએ ગ્રંથકારશ્રીને આક્ષેપ કરેલો કે 'પ્રાયશ્ચિત્તના ભાવથી તમે ચારિત્રનો અભંગ કહો છો, પરંતુ પ્રાયશ્ચિત્ત અસંયમસ્થાનકૃત છે.' તેમ કહીને ગ્રંથકારશ્રીના કથનનો કઈ રીતે વિરોધ આવે છે, તે હવે પૂર્વપક્ષી બતાવે છે –

ગાથા :-

तेहिँ विरोहो संजमठाणाणं तेण संजमो कत्तो ।
भन्नइ अपसत्थत्ता, असंजमो संजमो चेव ।।९७।।

અન્વયાર્થ :-

तेहिँ=તેઓની સાથે=અસંયમસ્થાનોની સાથે, संजमठाणाणं विरोहो=સંયમસ્થાનોનો વિરોધ છે, तेण=તે કારણથી, संजमो कत्तो=સંયમ ક્યાંથી હોય ?, भन्नइ=કહે છે=આ પ્રકારના પૂર્વપક્ષના આક્ષેપનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે, संजमो चेव=સંયમ જ, अपसत्थत्ता=અપ્રશસ્તપણું હોવાથી, असंजमो= અસંયમ છે. ॥૯૭॥

ગાથાર્થ :-

અસંયમસ્થાનોની સાથે સંયમસ્થાનોનો વિરોધ છે, તે કારણથી સંયમ ક્યાંથી હોય ? આ પ્રકારના પૂર્વપક્ષના આક્ષેપનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – સંયમ જ અપ્રશસ્તપણું હોવાથી અસંયમ છે. ॥૯૭॥

ટીકા :-

'तेहिँ' ति । तैः=असंयमस्थानैः, विरोधः संयमस्थानानां तेन कुतः संयमः ? भण्यते=अत्रोत्तरं दीयते, संयम एवाप्रशस्तत्वादसंयमः, अब्राह्मण इत्यादावप्रशस्तार्थेऽपि नञः प्रवृत्तिदर्शनात्, तथा चाप्रशस्त-संयमस्थानान्येवासंयमस्थानानीति तत्कृतस्य प्रायश्चित्तराशेरुपपत्तिरितिभावः ।।९७।।

ટીકાર્થ :-

'तैः' ..... पत्तिरितिभावः ।। તેઓની સાથે=અસંયમસ્થાનોની સાથે=ચારિત્રપાલન કરનારા અને પ્રાયશ્ચિત્તના પરિણામવાળા સાધુમાં અસંયમસ્થાનની પ્રાપ્તિરૂપ જે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ, તેની સાથે, સંયમસ્થાનોનો વિરોધ છે, તેથી સંયમ ક્યાંથી હોય ?=પ્રાયશ્ચિત્તના ભાવવાળા અસંયમસ્થાનને સેવનારા એવા ચારિત્રીમાં સંયમ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય, આ પ્રકારે પૂર્વપક્ષી કહે છે. भण्यते= આમાં ઉત્તર અપાય છે=પૂર્વપક્ષના વિરોધમાં ઉત્તર અપાય છે – સંયમ જ અપ્રશસ્તપણું હોવાથી અસંયમ છે; કેમ કે અબ્રાહ્મણ ઈત્યાદિમાં અપ્રશસ્ત અર્થમાં પણ 'ન' કારની પ્રવૃત્તિ દેખાય છે=કોઈ બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણને ન શોભે તેવી પ્રવૃત્તિ કરે ત્યારે આ "અબ્રાહ્મણ" છે અર્થાત્ અપ્રશસ્ત પ્રવૃત્તિ કરનાર બ્રાહ્મણ છે એ અર્થમાં પણ બ્રાહ્મણ પદની આગળ 'અ' પદની પ્રવૃત્તિનું દર્શન છે.

ગ્રંથકારશ્રીના ઉત્તરથી શું ફલિત થાય ? તે બતાવે છે –

અને તે રીતે=ગ્રંથકારશ્રીએ ઉત્તર આપ્યો કે અપ્રશસ્તપણું હોવાને કારણે સંયમ જ અસંયમ છે, તે રીતે, અપ્રશસ્ત સંયમસ્થાનો જ અસંયમસ્થાનો છે, એથી તત્કૃત પ્રાયશ્ચિત્તરાશિની=અપ્રશસ્તસંયમસ્થાન કૃત પ્રાયશ્ચિત્તરાશિની, ઉપપત્તિ છે, એ પ્રકારનો ભાવ છે. ।।૯૭।।

❖ 'अब्राह्मण इत्यादावप्रशस्तार्थेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બ્રાહ્મણ ન હોય પણ અન્ય જાતિ હોય ત્યાં તો 'અબ્રાહ્મણ' એ પ્રકારનો પ્રયોગ થાય છે, પરંતુ બ્રાહ્મણ હોવા છતાં અપ્રશસ્ત પ્રવૃત્તિ કરનારો 'અબ્રાહ્મણ' છે, એવો અર્થ બતાવવા માટે પણ 'અબ્રાહ્મણ' એ પ્રકારે 'नञ्' પદની પ્રવૃત્તિ દેખાય છે.

ભાવાર્થ :-

પૂર્વમાં પ્રાયશ્ચિત્તનાં અસંયમસ્થાનો અસંખ્યાતાં છે એ બતાવ્યું, તે સર્વ અસંયમસ્થાનોની સાથે સંયમસ્થાનોનો વિરોધ છે. તેથી જે સાધુ અસંયમસ્થાનોને સેવીને પ્રાયશ્ચિત્તના સ્થાનને પામ્યો હોય તે સાધુમાં પ્રાયશ્ચિત્ત કરવાનો પરિણામ હોય તોપણ સંયમસ્થાન ક્યાંથી હોય ? અર્થાત્ અસંયમસ્થાન વિદ્યમાન હોવાને કારણે સંયમસ્થાન ક્યાંથી હોય ? એમ કહીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે 'જે સાધુએ અસંયમસ્થાનનું સેવન કર્યું છે તે સાધુમાં પ્રાયશ્ચિત્ત કરવાનો પરિણામ હોય તોપણ ચારિત્ર નથી. તેથી ભગવાનના શાસનમાં અતિચારને સેવનારા સાધુઓ હોવાથી કોઈ સાધુ ચારિત્રી નથી. માટે વીરભગવાનનું શાસન ચારિત્રરહિત છે.' આ પ્રકારના પૂર્વપક્ષીના વિરોધનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

જેમ કોઈ બ્રાહ્મણ ન હોય તો તેને અબ્રાહ્મણ કહેવાય છે, વળી કોઈ બ્રાહ્મણ હોવા છતાં કુત્સિત આચરણા કરતો હોય તોપણ તેને અબ્રાહ્મણ કહેવાય છે. તેમ સંયમનો અભાવ હોય ત્યારે પણ અસંયમ કહેવાય અને કુત્સિત સંયમ હોય અર્થાત્ અપ્રશસ્ત સંયમ હોય ત્યારે પણ અસંયમ કહેવાય; અને જે સાધુ ભગવાનના વચનાનુસાર સંયમસ્થાનોમાં યત્ન કરે છે, અને કોઈક નિમિત્તને પામીને મૂળગુણમાં કે ઉત્તરગુણમાં સ્ખલના પામે છે; આમ છતાં પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને શુદ્ધિ કરવાના પરિણામવાળા છે, તેઓ જ્યાં સુધી પ્રાયશ્ચિત્તથી પાપની શુદ્ધિ કરી નથી ત્યાં સુધી સંયમના અભાવવાળા નથી, પરંતુ અપ્રશસ્ત સંયમવાળા છે.

તેથી તે સાધુમાં વિશુદ્ધ સંયમ નથી, પરંતુ કંઈક મલિન થયેલું પણ સંયમ છે. માટે તે ચારિત્રી છે અને પ્રાયશ્ચિત્ત દ્વારા જ્યારે તે શુદ્ધિ કરશે ત્યારે તેનું ચારિત્ર વિશુદ્ધ બનશે. આનાથી એ પ્રાપ્ત થયું કે પ્રાયશ્ચિત્તના પરિણામવાળા સાધુની થયેલી સ્ખલના અપ્રશસ્ત સંયમસ્થાન છે, અને તેના કારણે તેઓને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. તેથી જે સાધુ મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરીને પ્રાયશ્ચિત્તને પામેલા છે, તેઓ અચારિત્રી નથી, પરંતુ મલિન ચારિત્રી છે અને પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ ચારિત્રવાળા બને છે. માટે ભગવાનનું શાસન ચારિત્રરહિત નથી, પરંતુ બકુશચારિત્રી અને પ્રતિસેવકચારિત્રીથી ચારિત્રવાળું છે. ॥૯૭॥

અવતરણિકા :-

અપ્રશસ્તસંયમોત્પત્તિપ્રકારમેવાહ –

અવતરણિકાર્થ :-

અપ્રશસ્તસંયમની ઉત્પત્તિના પ્રકારને જ ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૯૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અપ્રશસ્તસંયમસ્થાનને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, પરંતુ સંયમના અભાવને કારણે નહિ, તેથી અપ્રશસ્તસંયમસ્થાન સેવનારા સાધુમાં પણ ચારિત્ર છે. ત્યાં જિજ્ઞાસા થાય કે અપ્રશસ્તસંયમસ્થાન કઈ રીતે ઉત્પન્ન થાય છે ? તેથી અપ્રશસ્તસંયમસ્થાનની ઉત્પત્તિના કારણને જ ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

संजलणाणं उदया, दुवालसण्हं पुणो खओवसमा ।
अवकिट्ठज्झवसाए, सबलचरित्तस्स णिप्फत्ती ।।९८।।

અન્વયાર્થ :-

संजलणाणं उदया=સંજ્વલનકષાયના ઉદયથી, पुणो=વળી, दुवालसण्हं खओवसमा=બાર કષાયોના ક્ષયોપશમથી=અનંતાનુબંધી આદિ બાર કષાયોના ક્ષયોપશમથી, अवकिट्ठज्झवसाए=અપકૃષ્ટ અધ્યવસાય હોતે છતે, सबलचरित्तस्स णिप्फत्ती=શબલચારિત્રની નિષ્પત્તિ છે=અપ્રશસ્તસંયમની નિષ્પત્તિ છે. ॥૯૮॥

ગાથાર્થ :-

સંજ્વલનકષાયના ઉદયથી, વળી અનંતાનુબંધી આદિ બાર કષાયોના ક્ષયોપશમથી અપકૃષ્ટ અધ્યવસાય હોતે છતે અપ્રશસ્તસંયમની નિષ્પત્તિ છે. ॥૯૮॥

ટીકા :-

'संजलणाणं'ति । संज्वलनानां कषायाणामुपलक्षणाद्विद्यमानानां नोकषायादीनां चोदयाद्

द्वादशानां पुनः अनन्तानुबन्ध्यादीनां कषायाणां क्षयोपशमात् अपकृष्टाध्यवसाये=हीनाध्यवसाये सति, शबलचारित्रस्य=अप्रशस्तसंयमस्य, निष्पत्तिः, मिलितयोरुक्तोदयक्षयोपशमयोस्तद्धेतुत्वात् ।

ટીકાર્થ :-

'संज्वलनानां' ..... क्षयोपशमयोस्तद्धेतुत्वात् । સંજ્વલનકષાયોના ઉદયથી અને ઉપલક્ષણથી વિદ્યમાન નોકષાયોના ઉદયથી, વળી અનંતાનુબંધી આદિ બાર કષાયોના ક્ષયોપશમથી અપકૃષ્ટ અધ્યવસાય થયે છતે=મોહના ઉન્મૂલનને અનુકૂળ સંયમનો હીન અધ્યવસાય થયે છતે, શબલચારિત્રની=અપ્રશસ્તસંયમની, નિષ્પત્તિ છે; કેમ કે મિલિત એવા ઉક્ત ઉદયનું અને બાર કષાયોના ક્ષયોપશમનું=મિલિત એવા સંજ્વલન કષાય અને નોકષાયના ઉદયનું અને બાર કષાયોના ક્ષયોપશમનું, તદ્હેતુપણું છે=અપ્રશસ્તસંયમનું હેતુપણું છે.

❖ 'नोकषायादीनां'માં 'आदि'પદથી ત્વરા, ઔત્સુક્ય આદિ મોહનીયકર્મની પ્રકૃતિઓનું ગ્રહણ કરવું.

❖ 'अनन्तानुबन्ध्यादीनां'માં 'आदि'પદથી અપ્રત્યાખ્યાનીય આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

કોઈ સાધુ અપ્રમાદભાવથી અંતરંગ રીતે મોહના ઉન્મૂલન માટે યત્ન કરતા હોય, અને સંયમની વૃદ્ધિના પ્રયોજનથી કોઈ ચેષ્ટા કરવાની હોય ત્યારે કંટકઆકીર્ણ ભૂમિમાં ગમનની જેમ ચેષ્ટા કરતા હોય, તો મોક્ષ અને મોક્ષના ઉપાયમાં તેમનો રાગ વર્તે છે, મોક્ષના અનુપાયભૂત અતિચારો પ્રત્યે દ્વેષ વર્તે છે અને જગતના પદાર્થો પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. આથી તે સાધુ સંયમની વૃદ્ધિના ઉપાયભૂત તપ-સંયમમાં ઉદ્યમ કરતા હોય છે, અને અતિચારો પ્રત્યે દ્વેષ હોવાથી અતિચારો ન લાગે તેવો યત્ન કરતા હોય છે, અને જગત પ્રત્યે ઉપેક્ષા હોવાને કારણે સમભાવનો પરિણામ વર્તે છે. આ રીતે પ્રશસ્તરાગ, પ્રશસ્તદ્વેષ અને પ્રશસ્ત ઉપેક્ષાનો ભાવ સાધુમાં વર્તતો હોય તે વખતે સંજ્વલન આદિ સોળે કષાયોનો ક્ષયોપશમભાવ તે સાધુમાં વર્તે છે, અને સોળે કષાયોના ક્ષયોપશમકાળમાં અનંતાનુબંધી આદિ બાર કષાયોનો પ્રદેશોદય વર્તે છે અને ચાર સંજ્વલન કષાયોનો ક્ષયોપશમભાવ યુક્ત વિપાકોદય વર્તે છે અને નોકષાયોનો પણ વિપાકોદય વર્તે છે અને તે વિપાકોદયને પ્રાપ્ત એવા સંજ્વલનકષાયો અને નોકષાયો સંયમની વૃદ્ધિમાં કારણ બને છે. તેથી તે સાધુને સંયમમાં કોઈ અતિચારની પ્રાપ્તિ થતી નથી; પરંતુ અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે મોહના ઉન્મૂલનમાં કરાતો દૃઢવ્યાપાર કંઈક મ્લાન થાય છે, ત્યારે સંજ્વલનકષાયના ઉદયથી તે સાધુને ઇષત્ જ્વલન ઉત્પન્ન થાય છે અર્થાત્ અપ્રશસ્તરાગ કે અપ્રશસ્તદ્વેષનો પરિણામ થાય છે, અને વિદ્યમાન એવા નોકષાયોના ઉદયથી શાતા આદિમાં રતિ કે અશાતા આદિમાં અરતિ ઉત્પન્ન થાય છે; ત્યારે તે સાધુને સંજ્વલનકષાયનો ક્ષયોપશમભાવ નથી, પરંતુ ઉદયભાવ છે, તેથી અતિચારની પ્રાપ્તિ થાય છે; અને અનંતાનુબંધી આદિ બાર કષાયોનો ક્ષયોપશમભાવ છે, તેથી મોહના ઉન્મૂલનનો પક્ષપાત જીવે છે અને થયેલી સ્ખલનાની શુદ્ધિનો અધ્યવસાય પણ વર્તે છે, તે વખતે તે સાધુમાં હીન અધ્યવસાય પ્રાપ્ત થાય છે અર્થાત્ સંજ્વલનકષાયનો ઉદય ન હતો તે વખતે જે સંયમનો અધ્યવસાય હતો તેના કરતાં હીનકક્ષાનો સંયમનો અધ્યવસાય પ્રાપ્ત થાય છે. તેથી તે સાધુમાં અપ્રશસ્તસંયમની નિષ્પત્તિ છે અર્થાત્ અસંયમની નિષ્પત્તિ નથી, પરંતુ કાબરચીતરા

એવા ચારિત્રની નિષ્પત્તિ છે; કેમ કે કાબરચીતરા ચારિત્રની નિષ્પત્તિ પ્રત્યે સંજ્વલનનો ઉદય અને બાર કષાયનો ક્ષયોપશમ મિલિત થઈને કારણ છે.

ટીકા :-

कर्मोदयेनौदयिका एव भावा रागादयो जन्यन्ते द्वादशानां कषायाणां क्षयोपशमेन च क्षायोपशमिकं चारित्रमिति नोभाभ्यामेककार्यजननम्, भावसङ्करप्रसङ्गात्, इति चेन्न, तथापि क्षीरनीरन्यायेन सङ्कीर्णभावानां कथञ्चिदभेदस्य सुवचत्वात्, अनयैव विवक्षया घृतं दहतीतिवत्पूर्वसंयमः स्वर्गहेतुरिति व्यवहारेण प्रतिपादनात्, तत्त्वतस्तु प्रशस्तरागस्यैव स्वर्गहेतुत्वात्, चारित्रस्य तु मोक्षहेतुत्वात्, मोक्षहेतोः संसारहेतुत्वायोगादिति सूक्ष्ममीक्षणीयम् ।।९८।।

ટીકાર્થ :-

कर्मोदयेनौदयिका ..... सूक्ष्ममीक्षणीयम् ।।

પૂર્વમાં કહ્યું કે સંજ્વલનકષાયના ઉદયથી અને બાર કષાયોના ક્ષયોપશમથી શબલચારિત્રની નિષ્પત્તિ છે. ત્યાં શંકા કરતાં કોઈ કહે છે –

કર્મના ઉદયથી=સંજ્વલનકષાય અને નોકષાયઆદિરૂપ કર્મના ઉદયથી, ઔદયિક જ રાગાદિભાવો થાય છે, અને બાર કષાયોના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક ચારિત્ર છે. એથી ઉભય દ્વારા=સંજ્વલનકષાયનો ઉદય અને બાર કષાયોના ક્ષયોપશમરૂપ ઉભય દ્વારા, એક કાર્ય જનન નથી=અપ્રશસ્ત સંયમરૂપ એક કાર્યની નિષ્પત્તિ નથી; કેમ કે ભાવસંકરનો પ્રસંગ છે=ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવરૂપ બે ભાવોના સંકરનો પ્રસંગ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી=સંજ્વલનના ઉદયથી અને અનંતાનુબંધી આદિ બાર કષાયોના ક્ષયોપશમથી જન્ય અપ્રશસ્ત સંયમરૂપ એક કાર્ય નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે વાત બરાબર નથી, તેમાં હેતુ કહે છે –

તોપણ=સંજ્વલન કષાયના ઉદયથી અને બાર કષાયોના ક્ષયોપશમથી એક કાર્ય નથી, પરંતુ બે જુદાં જુદાં કાર્યો છે તેમ સ્વીકારીએ તોપણ, ક્ષીર-નીર ન્યાયથી સંકીર્ણ એવા ભાવોના=દૂધ-પાણીના દૃષ્ટાંતથી સંકીર્ણ એવા રાગાદિનો ઉદય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમરૂપ બે ભાવોના, કથંચિદ્ અભેદનું સુવચપણું છે=કથંચિદ્ અભેદ સ્વીકારીને અપ્રશસ્ત સંયમરૂપ એક ભાવ કહેવો શક્ય છે.

સંકીર્ણ એવા ઔદયિકભાવો અને ક્ષાયોપશમિકભાવોનો કથંચિદ્ અભેદ સ્વીકારીને અપ્રશસ્ત સંયમ સ્વીકારી શકાય છે, તેની પુષ્ટિ કરવા અર્થે હેતુ કહે છે –

આ જ વિવક્ષાથી=સંકીર્ણ એવા ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવની કથંચિદ્ એક રૂપ જ વિવક્ષાથી, 'ઘી બાળે છે' એની જેમ પૂર્વસંયમ=અસંગઅનુષ્ઠાનની પૂર્વનું વચનાનુષ્ઠાનરૂપ સંયમ, સ્વર્ગનો હેતુ છે, એ પ્રકારે વ્યવહારથી=વ્યવહારનયથી, પ્રતિપાદન છે.

વ્યવહારનયથી પૂર્વસંયમને સ્વર્ગનો હેતુ કહ્યો તો નિશ્ચયનયથી પૂર્વસંયમ સ્વર્ગનો હેતુ નથી તેમ પ્રાપ્ત થાય. તેથી પ્રશ્ન થાય કે નિશ્ચયનયથી પૂર્વસંયમ કેમ સ્વર્ગનો હેતુ નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે હેતુ કહે છે–

તત્ત્વથી=પરમાર્થથી, નિશ્ચયનયની દૃષ્ટિથી પ્રશસ્તરાગનું જ=પૂર્વસંયમમાં વર્તતા પ્રશસ્તરાગનું જ, સ્વર્ગનું હેતુપણું હોવાથી પૂર્વ સંયમ સ્વર્ગનો હેતુ નથી, એમ અધ્યાહાર છે.

ત્યાં પ્રશ્ન થાય કે પૂર્વસંયમ શેનો હેતુ છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

વળી ચારિત્રનું મોક્ષહેતુપણું હોવાથી પૂર્વસંયમ સ્વર્ગનો હેતુ નથી, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રકારોએ પૂર્વસંયમને સ્વર્ગનો હેતુ કહેલ છે, તેથી પૂર્વસંયમમાં વર્તતા ચારિત્રાંશને સ્વર્ગનો હેતુ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિષેધ માટે કહે છે –

મોક્ષના હેતુનો=મોક્ષના હેતુ એવા ચારિત્રનો, સંસારહેતુત્વનો અયોગ છે=સ્વર્ગની પ્રાપ્તિરૂપ સંસારના હેતુત્વનો અયોગ છે, એ પ્રમાણે સૂક્ષ્મ જોવું જોઈએ=પૂર્વસંયમમાં વર્તતો સંયમાંશ સ્વર્ગની પ્રાપ્તિનું કારણ નથી, પરંતુ પૂર્વસંયમમાં વર્તતો પ્રશસ્ત રાગાંશ સ્વર્ગની પ્રાપ્તિનું કારણ છે અને સંયમ મોક્ષનું કારણ છે, આમ છતાં સંકીર્ણ એવા રાગ અને સંયમના પરિણામનો દૂધ-પાણીની જેમ અભેદ કરીને પૂર્વસંયમને સ્વર્ગનો હેતુ કહ્યો, તે રીતે સંકીર્ણ એવા સંજ્વલનકષાયના ઉદયને અને બાર કષાયોના ક્ષયોપશમને કથંચિદ્ અભેદરૂપે સ્વીકારીને અપ્રશસ્તસંયમની નિષ્પત્તિ છે, એમ પૂર્વમાં જે કહ્યું એ સૂક્ષ્મદૃષ્ટિથી જોવું જોઈએ. ॥૯૮॥

ભાવાર્થ :–

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સંજ્વલનના ઉદયથી અને બાર કષાયોના ક્ષયોપશમથી અપ્રશસ્તસંયમ નિષ્પન્ન થાય છે. ત્યાં શંકા કરતાં કોઈક કહે છે કે 'સંજ્વલનકષાયના ઉદયથી ઔદયિક એવા રાગાદિભાવો થાય છે, અને બાર કષાયોના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક ચારિત્ર થાય છે, તેથી બે કાર્યો થાય છે, પરંતુ બે કારણો દ્વારા અપ્રશસ્તસંયમરૂપ એક કાર્યની નિષ્પત્તિ થતી નથી; અને જો બે કાર્યોની કારણસામગ્રીથી એક કાર્ય થાય છે તેમ માનવામાં આવે, તો ઔદયિકભાવ અને ક્ષયોપશમભાવ એ બે ભાવો સંકીર્ણ થઈ ગયા છે અર્થાત્ એકત્વભાવને પામ્યા છે તેમ માનવાનો પ્રસંગ આવે.' આમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે 'અતિચારને સેવનારા સાધુમાં અપ્રશસ્તસંયમ છે, તેમ કહીને 'અતિચારને સેવનારા અને પ્રાયશ્ચિત્તના પરિણામવાળા સાધુ સંયમી છે,' તેમ તમે કહો છો તે બરાબર નથી; કેમ કે સંજ્વલનના કષાયથી ઔદયિકભાવ થાય છે તે સંયમનો પરિણામ નથી, પરંતુ અસંયમનો પરિણામ છે.' આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અપેક્ષાએ પૂર્વપક્ષીનું વચન સાચું છે અર્થાત્ સંજ્વલનકષાયના ઉદયથી રાગાદિ ઔદયિકભાવો થાય છે અને બાર કષાયોના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક ચારિત્ર થાય છે, તે બંને પૃથક્કાર્યો થાય છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે વાત સાચી છે; તોપણ જેમ દૂધ અને પાણી પરસ્પર મિશ્ર થયેલાં હોય ત્યારે તે બેમાં કથંચિદ્ અભેદનો વ્યવહાર થાય છે, તેમ ચારિત્રના પરિણામવાળા મુનિમાં પ્રમાદને કારણે સંજ્વલનના

ઉદયથી અતિચારો થયા હોય અને બાર કષાયોના ક્ષયોપશમથી ચારિત્ર વર્તતું હોય ત્યારે સાધુના ઔદયિકભાવના અતિચારોમાં અને ક્ષયોપશમભાવના ચારિત્રમાં કથંચિદ્ અભેદનો વ્યવહાર થાય છે. તેથી તે સાધુમાં અપ્રશસ્તસંયમ છે, તેમ કહેવામાં વિરોધ નથી. માટે ગ્રંથકારશ્રીએ અતિચારને સેવનારા પણ પ્રાયશ્ચિત્તના પરિણામવાળા સાધુમાં ચારિત્રનો અભાવ નથી, પરંતુ અપ્રશસ્તચારિત્ર છે, તેમ કહ્યું, તેમાં કોઈ દોષ નથી.

આ રીતે ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'ક્ષીર-નીરના દૃષ્ટાંતથી સંકીર્ણ એવા ઔદયિકભાવ અને ક્ષયોપશમભાવથી અપ્રશસ્તસંયમસ્થાન નિષ્પન્ન થાય છે, તેમ કહેવું સુવચ છે.' તેને જ યુક્તિથી દૃઢ કરતાં કહે છે –

જે રીતે ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવનો કથંચિદ્ અભેદ હોવાથી અપ્રશસ્તસંયમસ્થાન નિષ્પન્ન થાય છે, એમ કહ્યું, એ રીતે 'ઘી બાળે છે' એ દૃષ્ટાંતથી પૂર્વનું સંયમ સ્વર્ગનો હેતુ છે એ પ્રમાણે વ્યવહારનયથી પ્રતિપાદન થાય છે.

આશય એ છે કે ઘી બાળતું નથી, પરંતુ ઉષ્ણ થયેલું ઘી બાળે છે ત્યારે ઘી સહવર્તી અગ્નિના પરમાણુઓ બાળે છે, છતાં વ્યવહારમાં ઘી બાળે છે તેમ કહેવાય છે; તેમ વચનાનુષ્ઠાન પ્રત્યે રાગવાળા સાધુ ભગવાનના વચનના નિયંત્રણથી સંયમને ઉચિત સર્વ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે, તે સંયમકાળમાં વર્તતો ભગવાનના વચનનો રાગ એ પ્રશસ્તરાગ છે, અને તે વચનથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિથી થતો સંવરભાવ એ ચારિત્ર છે, અને ભગવાનના વચનનો રાગ સ્વર્ગનો હેતુ છે અને ભગવાનના વચનના રાગથી થતી પ્રવૃત્તિને કારણે આત્મામાં જે સંવરભાવ પ્રગટ્યો છે તે સંવરભાવ મોક્ષનું કારણ છે; તોપણ ભગવાનના વચનના રાગરૂપ પ્રશસ્તાંશ સાથે ચારિત્રનો કથંચિદ્ અભેદ કરીને પૂર્વસંયમને સ્વર્ગનો હેતુ કહેલ છે. વસ્તુતઃ જો તે બેનો ભેદ કરીને વિવક્ષા કરીએ તો ભગવાનના વચનનો રાગ સ્વર્ગનો હેતુ છે અને ભગવાનના વચનના રાગથી થયેલી ઉચિત પ્રવૃત્તિને કારણે આત્મામાં પ્રગટ થયેલો સંવરભાવ મોક્ષનું કારણ છે, એમ કહેવાય. આમ છતાં 'ઘી બાળે છે', એની જેમ ભગવાનના વચન પ્રત્યેના રાગ સાથે સંયમનો અભેદ કરીને પૂર્વના સંયમને સ્વર્ગનો હેતુ કહેલ છે; તેમ બાર કષાયોના ક્ષયોપશમથી પ્રગટ થયેલા ચારિત્રનો અને સંજ્વલનના ઉદયથી ઉત્પન્ન થયેલા અતિચારોનો કથંચિદ્ અભેદ કરીને અપ્રશસ્તસંયમસ્થાન છે, એમ કહેવામાં કોઈ વિરોધ નથી.

અહીં વિશેષ એ છે કે અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓમાં સંયમ છે, તેના કરતા પૂર્વનું સંયમ વચનાનુષ્ઠાનવાળા મુનિઓમાં છે; કેમ કે ભવથી વિરક્ત થયેલા અને અપ્રમાદથી સંયમમાં યત્ન કરનારા મુનિઓ સંયમ ગ્રહણ કરે ત્યારથી અતિચાર રહિત સંયમનું પાલન કરતા હોય તોપણ તે સંયમ વચનાનુષ્ઠાનરૂપ છે, અને શાસ્ત્રઅધ્યયનાદિ કરીને સંપન્ન થાય છે ત્યારે ઉત્તરના સંયમને પ્રાપ્ત કરે છે અર્થાત્ અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે; અને અસંગઅનુષ્ઠાનકાળનું રત્નત્રયીની એકતાની પરિણતિરૂપ સંયમ મોહથી અનાકુળ વીતરાગભાવનું સંયમ છે, અને વીતરાગભાવનું સંયમ ઉત્તર-ઉત્તરના ક્ષયોપશમભાવના પ્રકર્ષ દ્વારા કેવળજ્ઞાનનું કારણ છે. તેથી અસંગઅનુષ્ઠાનવાળા મુનિના સંયમને શાસ્ત્રકારોએ મોક્ષનું કારણ કહેલ છે; અને અસંગઅનુષ્ઠાનની

પ્રાપ્તિ પૂર્વે નિરતિચારરૂપે સેવાયેલું અથવા સાતિચારરૂપે સેવાયેલું પૂર્વસંયમ ભગવાનના વચનના રાગથી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવા પ્રેરણા આપે છે, અને તે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવાથી આત્મામાં સંવરભાવ પ્રગટે છે. તે સંવરાંશ ચારિત્ર છે, અને ભગવાનના વચનનો રાગાંશ પ્રશસ્તરાગ છે. તેથી પૂર્વના ચારિત્રમાં બે અંશો છે : એક પ્રશસ્તરાગરૂપ અંશ અને બીજો અન્ય પાપની વિરતિરૂપ સંવર અંશ. આ બન્ને અંશોથી સંકીર્ણ એવો પૂર્વસંયમનો ઉપયોગ છે, અને તે ઉપયોગમાં વર્તતા પ્રશસ્તરાગાંશને સામે રાખીને શાસ્ત્રકારોએ પૂર્વસંયમને સ્વર્ગનો હેતુ કહેલ છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે વચનાનુષ્ઠાન=સરાગચારિત્ર, બે ભૂમિકાવાળું છે : (૧) સાતિચાર વચનાનુષ્ઠાન અને (૨) નિરતિચાર વચનાનુષ્ઠાન.

(૧) સાતિચાર વચનાનુષ્ઠાન :- વચનાનુષ્ઠાનકાળમાં સંજ્વલનકષાયના ઉદયથી અપ્રશસ્ત રાગ કે અપ્રશસ્ત દ્વેષ હોય છે, બાર કષાયોના ક્ષયોપશમથી થયેલું ચારિત્ર હોય છે અને સંજ્વલનના ઉદયને કારણે થયેલા અપ્રશસ્ત રાગ-દ્વેષને કારણે અતિચાર હોય છે.

(૨) નિરતિચાર વચનાનુષ્ઠાન :- વચનાનુષ્ઠાનકાળમાં સંજ્વલનકષાયના ક્ષયોપશમભાવથી અનુવિદ્ધ એવા સંજ્વલનકષાયના ઉદયને કારણે ભગવાનના વચનનો રાગ અને અસંયમનો દ્વેષ વર્તે છે અને બાર કષાયોના ક્ષયોપશમથી ચારિત્ર વર્તે છે. આ ચારિત્રમાં સંજ્વલનકષાયના ક્ષયોપશમભાવથી અનુવિદ્ધ એવો સંજ્વલનકષાયનો ઉદય હોવાને કારણે અતિચાર હોતા નથી.

અસંગઅનુષ્ઠાન :- અસંગઅનુષ્ઠાનકાળમાં સંગ કરવાનો પરિણામ તિરોધાન થયેલો હોય છે અને આત્માનો અસંગસ્વભાવ છે તે સ્ફુરાયમાન હોય છે. આ અસંગભાવ સોળે કષાયોના ક્ષયોપશમથી થયેલો જીવનો વિશુદ્ધ સ્વભાવ છે ફક્ત સંજ્વલનકષાયનો જે ઉદય છે તે ક્ષીણ ક્ષીણતર થાય છે તેથી આ ક્ષયોપશમભાવ ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને ક્ષાયિક એવા વીતરાગભાવમાં વિશ્રાંત થાય છે. તેથી અસંગ-અનુષ્ઠાનવાળા યોગીઓ સર્વથા સંગ વગરના હોવાથી વીતરાગ ચારિત્રવાળા છે. **॥૯૮॥**

અવતરણિકા :-

ननु संज्वलनोदयाच्चारित्रेऽप्यविरतिः स्यादेव, संज्वलनानां चारित्रमोहनीयत्वेनाविरतिजनकत्वात्; न च तत्सत्त्वे संयमाभावप्रसङ्गः, अविरतिसंयमयोरभिभाव्याभिभावकभावेन विरोधित्वात्, क्षीरघटे निम्बरसलववदल्पत्वेनाविरतेः संयमाभिभवाक्षमत्वाद्, युक्तं चैतत् संज्वलनोदयजनिताविरतिवैचित्र्येणा-तिक्रमादिदोषभेदोपपत्तेः, अन्यथा त्वेतद्भेदानुपपत्तिरित्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે સંજ્વલનના ઉદયથી ચારિત્રમાં પણ=સર્વવિરતિ ચારિત્રમાં પણ, અવિરતિ થાય જ; કેમ કે સંજ્વલન કષાયોનું ચારિત્રમોહનીયપણું હોવાને કારણે અવિરતિનું જનકપણું છે –

પૂર્વપક્ષી પોતાની વાતની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે તેનું સત્ત્વ હોતે છતે=સંજ્વલનના ઉદયથી અવિરતિનું સત્ત્વ હોતે છતે, સંયમના અભાવનો પ્રસંગ છે એમ ન કહેવું; કેમ કે અવિરતિ અને સંયમનું અભિભાવ્ય=અભિભાવકભાવથી વિરોધીપણું છે=છાયા-આતપની જેમ એકના અભાવમાં અન્યના ભાવરૂપ વિરોધીપણું નથી, પરંતુ અહિ-નકુલ ન્યાયથી સાથે રહીને એકબીજાને અભિભવ કરે તે સ્વરૂપે વિરોધીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે અભિભાવ્ય-અભિભાવકરૂપે અવિરતિ અને સંયમનું વિરોધીપણું હોય તો જ્યારે સંજ્વલનના ઉદયથી થયેલી અવિરતિ સંયમનો અભિભવ કરશે ત્યારે સંયમના અભાવની પ્રાપ્તિ થશે. તેના નિરાકરણ માટે પૂર્વપક્ષી અન્ય હેતુ કહે છે –

દૂધના ઘડામાં લીંબડાના રસલવની જેમ સંજ્વલનના ઉદયથી થતી અવિરતિનું અલ્પપણું હોવાને કારણે બાર કષાયોના ક્ષયોપશમથી થયેલા સંયમના અભિભવમાં અક્ષમપણું છે=અવિરતિનું અક્ષમપણું છે.

'નનુ'થી પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે સંજ્વલનના ઉદયથી અપ્રશસ્તસંયમ ઉત્પન્ન થતું નથી, પરંતુ અવિરતિથી સંવલિત સંયમ પ્રગટ થાય છે. અને એ વાતને પુષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

અને આ=સંજ્વલનના ઉદયથી સંવલિત ચારિત્ર અવિરતિથી સંવલિત ચારિત્ર છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ, યુક્ત છે; કેમ કે સંજ્વલનના ઉદયથી જનિત અવિરતિના વૈચિત્ર્યથી અતિક્રમાદિ દોષોના ભેદોની ઉપપત્તિ છે. વળી અન્યથા=સંજ્વલનના ઉદયથી જનિત અવિરતિનું વૈચિત્ર્ય ન માનો તો, આના ભેદોની અનુપપત્તિ છે=અતિક્રમાદિ દોષોના ભેદોની અનુપપત્તિ છે. એથી ગ્રંથકારશ્રી કહે છે=પૂર્વપક્ષીએ શંકા કરીને સ્થાપન કર્યું કે સંજ્વલનના ઉદયથી અવિરતિ યુક્ત સંયમ થાય છે, અપ્રશસ્તસંયમ થતું નથી, એથી તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'चारित्रेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રના અભાવમાં તો અવિરતિ હોય, પરંતુ સંજ્વલનના ઉદયથી ચારિત્રમાં પણ અવિરતિ થાય.

❖ 'अतिक्रमादिदोषभेदोपपत्तेः'માં 'आदि'પદથી વ્યતિક્રમાદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વગાથા-૯૮માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સંજ્વલન કષાયના ઉદયથી અને બાર કષાયોના ક્ષયોપશમથી અપ્રશસ્તસંયમની નિષ્પત્તિ થાય છે. ત્યાં 'નનુ'થી કોઈક શંકા કરતાં કહે છે કે સંજ્વલનના ઉદયથી સર્વવિરતિ ચારિત્રમાં પણ અવિરતિની જ પ્રાપ્તિ થાય; કેમ કે સંજ્વલન કષાય ચારિત્રમોહનીય સ્વરૂપ છે. તેથી જેમ અપ્રત્યાખ્યાનીય આદિ કષાય ચારિત્રમોહનીય હોવાને કારણે અવિરતિના જનક છે, તેમ સંજ્વલનના કષાયો પણ અવિરતિના જનક છે તેમ માનવું જોઈએ.

અહીં કોઈ પૂર્વપક્ષીને કહે કે સંજ્વલનના ઉદયથી અવિરતિ સ્વીકારવામાં આવે તો સંજ્વલનના ઉદયવાળા સાધુમાં સંયમનો અભાવ સ્વીકારવાની આપત્તિ આવશે. તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે -

અવિરતિ અને સંયમનો અભિભાવ્ય-અભિભાવકભાવરૂપે વિરોધ છે.

જેમ –

સાપ અને નોળિયાનો અભિભાવ્ય-અભિભાવકભાવરૂપે વિરોધ હોવાથી સાથે રહીને એકબીજાના નાશ માટે ઉદ્યમ કરે છે, માટે તે બેની સહપ્રાપ્તિ છે અર્થાત્ છાયા-આતપની જેમ સહપ્રાપ્તિ નથી અર્થાત્ એકના અભાવમાં અન્યની પ્રાપ્તિ નથી, પરંતુ સાપ અને નોળિયો બંને સાથે પ્રાપ્ત થાય છે.

તેમ –

સંજ્વલનકષાયના ઉદયથી થયેલી અવિરતિ અને બાર કષાયોના ક્ષયોપશમથી પ્રગટ થયેલું ચારિત્ર એ બેની વચ્ચે અભિભાવ્ય-અભિભાવકભાવરૂપે વિરોધ હોવાને કારણે સંજ્વલનના ઉદયથી અવિરતિ હોવા છતાં સંયમના અભાવની પ્રાપ્તિનો પ્રસંગ નથી; કેમ કે તે બેની સહપ્રાપ્તિ છે, તેથી સંજ્વલનનો ઉદય ચારિત્રના નાશમાં યત્ન કરે છે અને બાર કષાયોનો ક્ષયોપશમ સંજ્વલનના ઉદયથી થયેલી અવિરતિનો નાશ કરવા ઉદ્યમ કરે છે. જેમ સાપ બળવાન થાય તો નોળિયાનો નાશ કરે છે અને નોળિયો બળવાન થાય તો સાપનો નાશ કરે છે તેમ સંજ્વલનકષાયથી થયેલા અતિચારો બળવાન થાય તો ચારિત્રનો નાશ કરે છે અને બાર કષાયોના ક્ષયોપશમથી થયેલ ચારિત્ર બળવાન થાય તો સંજ્વલનકષાયથી થયેલા અતિચારોનો નાશ કરે છે.

અહીં કોઈ પૂર્વપક્ષીને કહે કે સંજ્વલનના ઉદયથી અવિરતિ સ્વીકારવામાં આવશે તો તે અવિરતિ વિરતિથી વિરોધી હોવાથી ચારિત્રનો અભિભવ થશે, એના કારણે ચારિત્રના અભાવની પ્રાપ્તિ થશે. તે આપત્તિનું નિવારણ કરવા માટે પૂર્વપક્ષી કહે છે –

દૂધના ઘડામાં લીંબડાના રસનું બિંદુ હોય તેટલા માત્રથી દૂધનો અભિભવ થતો નથી અર્થાત્ લીંબડાના કડવા રસથી દૂધના મધુર રસનો નાશ થતો નથી, તેમ સંજ્વલનના ઉદયથી પ્રગટ થયેલી અવિરતિ અલ્પ હોવાને કારણે બાર કષાયોના ક્ષયોપશમથી પ્રગટ થયેલા સંયમનો નાશ થતો નથી; અને પોતાનું આ કથન યુક્ત છે તેમ સ્થાપન કરવા માટે પૂર્વપક્ષી કહે છે કે સંજ્વલનના ઉદયથી જનિત અવિરતિના વૈચિત્ર્યને કારણે સાધુને અતિક્રમ આદિ દોષો કહ્યા છે, તેના ભેદોની સંગતિ થાય છે, અને જો સંજ્વલનના ઉદયથી અવિરતિ થાય છે તેમ ન સ્વીકારો તો ચારિત્રમાં લાગતા અતિક્રમાદિ દોષોના ભેદોની સંગતિ થાય નહિ.

આ રીતે પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે બાર કષાયોના ક્ષયોપશમથી અને સંજ્વલનના ઉદયથી અપ્રશસ્ત સંયમ ઉત્પન્ન થતું નથી, પરંતુ અવિરતિથી સંવલિત ચારિત્ર ઉત્પન્ન થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

कम्मोदयभेअकओ, पइठाणमइक्कमाइओ भेओ ।
देसजयत्तं हुज्जा, अविरइलेसे तु संतम्मि ।।९९।।

અન્વયાર્થ :-

पइठाणम्=प्रतिस्थान=प्रतिस्थानने आश्रयीने=पांच महाव्रतोરૂપ प्रतिस्थानने आश्रयीने, अइक्कमाइओ

ભેઓ=અતિક્રમાદિ ભેદ, કમ્મોદયભેઅકઓ=કર્મોદયના ભેદથી કરાયેલો છે=સંજ્વલનકષાયરૂપ કર્મના ઉદયથી થયેલો છે.

(તેથી સંજ્વલનના ઉદયથી અવિરતિની પ્રાપ્તિ થાય છે એમ પૂર્વપક્ષી કહે છે એ બરાબર નથી.)

તુ=વળી, અવિરઇલેસે સંતમ્મિ=અવિરતિલેશ હોતે છતે=પૂર્વપક્ષીના વચન અનુસાર સંજ્વલનના ઉદયથી અવિરતિલેશ સ્વીકારાયે છતે, દેસજયત્તં હુજ્જા=દેશવિરતિપણું થાય=સંજ્વલનના ઉદયવાળા સાધુમાં શ્રાવકપણું થાય. ॥૯૯॥

ગાથાર્થ :-

પાંચ મહાવ્રતોરૂપ પ્રતિસ્થાનને આશ્રયીને અતિક્રમાદિ ભેદ કર્મોદયના ભેદથી કરાયેલો છે. વળી પૂર્વપક્ષીના વચનાનુસાર સંજ્વલનના ઉદયથી અવિરતિલેશ સ્વીકારાયે છતે સંજ્વલનના ઉદયવાળા સાધુમાં શ્રાવકપણું થાય. ॥૯૯॥

ટીકા :-

'कम्मोदय'त्ति । प्रतिस्थानं प्रतिप्राणातिपातनिवृत्त्यादिगुणव्यक्ति, अतिक्रमादिकः, आदिना व्यतिक्रमातिचारानाचारपरिग्रहः, 'भेदः' विशेषः-अपकृष्टापकृष्टतरत्वादिलक्षणः कर्मोदयभेदकृतः= संज्वलनाद्युदयतारतम्याहितो, न त्वविरतितारतम्यानुप्रवेशसंपादितस्तद्धेतोरिति न्यायात् । अविरतिलेशे तु सति चारित्रिणः देशयतित्वं=श्रावकत्वं स्यात्, विरताविरतत्वस्य तल्लक्षणत्वात्, तच्च नेष्यत इति न चारित्रिणोऽविरत्यभ्युपगमः श्रेयानित्यप्रशस्तसंयमस्थानेभ्य एव प्रायश्चित्तोत्पत्तिरिति स्थितम् ।।९९।।

ટીકાર્થ :-

'प्रतिस्थानं' ..... स्थितम् ।। પ્રાણાતિપાતનિવૃત્તિ આદિ ગુણના વ્યક્તિરૂપ પ્રતિસ્થાનને આશ્રયીને અર્થાત્ પાંચ મહાવ્રતોરૂપ ગુણની અભિવ્યક્તિરૂપ પ્રતિસંયમસ્થાનને આશ્રયીને, અતિક્રમાદિ ભેદ=અપકૃષ્ટ અપકૃષ્ટતરત્વાદિ સ્વરૂપ વિશેષ, કર્મોદયના ભેદકૃત છે=સંજ્વલનાદિના ઉદયના તારતમ્યથી આહિત છે, પરંતુ અવિરતિના તારતમ્યના અનુપ્રવેશથી સંપાદિત નથી; કેમ કે 'तद्धेतोः' એ પ્રકારનો ન્યાય છે='तद्धेतोरेवास्तु किं तेन' એ પ્રકારનો ન્યાય છે. 'अतिक्रमादिकः'માં 'આદિ' પદથી વ્યતિક્રમ, અતિચાર, અનાચારનું ગ્રહણ કરવું.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સિદ્ધ કર્યું કે સંજ્વલનના ઉદયના તારતમ્યથી જ અતિચાર આદિનો ભેદ છે, અવિરતિના તારતમ્યથી નથી; આમ છતાં પૂર્વપક્ષીના વચનાનુસાર અવિરતિનું તારતમ્ય સ્વીકારીએ તો શું દોષ આવે ? તે બતાવતાં કહે છે –

વળી અવિરતિલેશ હોતે છતે=સંજ્વલનના ઉદયથી સર્વવિરતિ ચારિત્રમાં અવિરતિલેશ હોતે છતે, ચારિત્રીનું=સર્વવિરતિ ચારિત્રીનું, દેશયતિપણું=શ્રાવકપણું થાય; કેમ કે વિરતાવિરતપણાનું તેનું લક્ષણપણું છે=શ્રાવકનું લક્ષણપણું છે, અને તે=વિરતાવિરતપણું, ઇચ્છાતું નથી=અતિક્રમાદિ દોષવાળા

ચારિત્રીમાં ઇચ્છાતું નથી, એથી=ચારિત્રીને અવિરતિનો સ્વીકાર ઇષ્ટ નથી એથી, અપ્રશસ્તસંયમસ્થાનોથી જ પ્રાયશ્ચિત્તની ઉત્પત્તિ છે, એ પ્રમાણે સ્થિત છે=એ પ્રમાણે ગાથાના અર્થથી ફલિત છે. ॥૯૯॥

❖ 'संज्वलनाद्युदयतारतम्याहितो'માં 'आदि'પદથી નોકષાયાદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૯૮માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સંજ્વલનકષાયના ઉદયથી અને બાર કષાયોના ક્ષયોપશમથી અપ્રશસ્ત સંયમસ્થાનની નિષ્પત્તિ છે. અવતરણિકામાં તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે સંજ્વલનકષાયના ઉદયથી અતિક્રમાદિરૂપ અવિરતિ પ્રાપ્ત થાય છે, અને બાર કષાયોના ક્ષયોપશમથી ચારિત્રની નિષ્પત્તિ થાય છે. આ રીતે સંજ્વલનકષાયના ઉદયવાળા મુનિને પૂર્વપક્ષીના મતાનુસાર અવિરતિથી યુક્ત ચારિત્ર છે.

આ પૂર્વપક્ષીનું કથન યુક્ત નથી તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે સાધુને પ્રાણાતિપાત આદિ પાંચ મહાવ્રતોરૂપ પ્રતિસંયમસ્થાનને આશ્રયીને અતિક્રમાદિના અપકૃષ્ટ અપકૃષ્ટતરત્વાદિરૂપ ભેદ પ્રાપ્ત થાય છે, તે સંજ્વલનાદિના ઉદયના તારતમ્યથી થાય છે; પરંતુ સંજ્વલનાદિના ઉદયના તારતમ્યને કારણે અવિરતિનું તારતમ્ય થાય છે, અને તેના કારણે અતિક્રમાદિનો ભેદ થાય છે, તેમ જે પૂર્વપક્ષી કહે છે તે યુક્ત નથી. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે 'તેના હેતુનું જ કારણપણું હો, તેના વડે શું'=અવિરતિના તારતમ્યના હેતુરૂપ સંજ્વલનના તારતમ્યનું જ અતિક્રમાદિ પ્રત્યે કારણપણું હો. સંજ્વલનના ઉદયથી અવિરતિ ઉત્પન્ન થાય છે, એ પ્રકારના અવિરતિના સ્વીકાર વડે શું ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી, એ પ્રકારનો ન્યાય છે.

આશય એ છે કે પૂર્વપક્ષીના મતાનુસાર અવિરતિના તારતમ્યનો હેતુ સંજ્વલનકષાયના ઉદયનું તારતમ્ય છે. તેથી સંજ્વલનકષાયના ઉદયના તારતમ્યને કારણે અવિરતિનું તારતમ્ય પ્રાપ્ત થાય છે અને અવિરતિના તારતમ્યને કારણે બાર કષાયોના ક્ષયોપશમવાળા સાધુમાં અતિક્રમાદિ દોષોના તારતમ્યની પ્રાપ્તિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે અવિરતિના તારતમ્યનો હેતુ એવો સંજ્વલનકષાયનો ઉદય જ સાક્ષાત્ અતિક્રમાદિના તારતમ્યનો હેતુ સ્વીકારી શકાય; તેના વડે શું=અતિક્રમાદિના હેતુથી જન્ય અવિરતિના તારતમ્ય વડે શું ? અર્થાત્ અવિરતિના તારતમ્યને દ્વારરૂપે સ્વીકારીને સંજ્વલનના ઉદયના તારતમ્યને અતિક્રમાદિના તારતમ્યના કારણરૂપે સ્વીકારવાની આવશ્યકતા નથી, પરંતુ સંજ્વલનકષાયનો ઉદય જ સાક્ષાત્ અતિક્રમાદિ દોષને ઉત્પન્ન કરે છે, પણ સંજ્વલન આદિનો ઉદય અવિરતિને ઉત્પન્ન કરીને અતિક્રમાદિને ઉત્પન્ન કરતો નથી. તેથી સંજ્વલનના ઉદયવાળા સાધુમાં અતિક્રમાદિ દોષવાળું અપ્રશસ્ત સંયમસ્થાન નિષ્પન્ન થાય છે તેમ સ્વીકારી શકાય છે. માટે સંજ્વલનના ઉદયવાળા સાધુમાં અવિરતિથી સંવલિત સંયમ છે, તેમ સ્વીકારવાની આવશ્યકતા નથી; કેમ કે 'तद्धेतोः' એ ન્યાયથી વિચારીએ તો સંજ્વલનકષાયના ઉદયથી અવિરતિ દ્વારા અતિક્રમાદિ થાય છે, તેમ માનવામાં ગૌરવ છે, અને સંજ્વલનકષાયનો ઉદય સાક્ષાત્ અતિક્રમાદિને ઉત્પન્ન કરે છે, તેમ માનવામાં લાઘવ છે.

વળી પૂર્વપક્ષી કહે છે તેમ સંજ્વલનકષાયના ઉદયથી સાધુને અવિરતિલેશ થાય છે તેમ સ્વીકારીએ, તો સંજ્વલનકષાયના ઉદયવાળા સાધુમાં શ્રાવકપણું સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે શ્રાવકમાં વિરતિ-

અવિરતિ છે તેમ સંજ્વલનના ઉદયવાળા સાધુમાં વિરતિ-અવિરતિ છે. માટે તે સાધુને શ્રાવક સ્વીકારવાની આપત્તિ આવે; અને સંજ્વલનના ઉદયવાળા સાધુને શ્રાવકપણું ઇચ્છાતું નથી, તેથી સંજ્વલનના ઉદયવાળા ચારિત્રીમાં અવિરતિનો સ્વીકાર થાય નહિ. માટે સંજ્વલનના ઉદયવાળા સાધુને અપ્રશસ્ત સંયમસ્થાનને કારણે જ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, પરંતુ અવિરતિને કારણે નહિ, એ પ્રમાણે ફલિત થાય છે. ॥૯૯॥

અવતરણિકા :-

અથ કિયત્પ્રાયશ્ચિત્તાપત્તૌ સંયમઃ સ્યાન્ન વા ? ઇત્યાહ –

અવતરણિકાર્થ :-

હવે કેટલું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયે છતે સંયમ હોય અથવા ન હોય ? એને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૯૯માં કહ્યું કે અપ્રશસ્ત સંયમસ્થાનથી પ્રાયશ્ચિત્તની ઉત્પત્તિ થાય છે. તેથી એ ફલિત થયું કે જે સાધુ અતિક્રમાદિ સેવે છે અને પ્રાયશ્ચિત્તના પરિણામવાળા છે તેઓમાં સંયમ છે, અને અતિક્રમાદિને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. ત્યાં પ્રશ્ન થાય કે અતિક્રમાદિના સેવનને કારણે કેટલા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય ત્યાં સુધી સાધુમાં સંયમ છે ? અને કયા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય ત્યારે સાધુમાં સંયમ નથી ? એ પ્રકારની જિજ્ઞાસામાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

છેઅસ્સ જાવ દાણં, તાવયમેગં પિ ણો અઇક્કમઇ ।
એગં અઇક્કમંતો, અઇક્કમે પંચ મૂલેણં ।।૧૦૦।।

અન્વયાર્થ :-

જાવ=જ્યાં સુધી, છેઅસ્સ દાણં=છેદનું દાન છે=છેદપ્રાયશ્ચિત્તનું દાન છે, તાવયમ્=ત્યાં સુધી, એગં પિ=એક પણ વ્રત, ણો અઇક્કમઇ=સાધુ અતિક્રમણ કરતા નથી. મૂલેણં=મૂળથી=મૂળ પ્રાયશ્ચિત્તથી, એગં અઇક્કમંતો=એકને અતિક્રમણ કરતા, પંચ અઇક્કમે=પાંચેને અતિક્રમણ કરે. ॥૧૦૦॥

ગાથાર્થ :-

જ્યાં સુધી છેદપ્રાયશ્ચિત્તનું દાન છે ત્યાં સુધી એક પણ વ્રત સાધુ અતિક્રમણ કરતા નથી. મૂળ પ્રાયશ્ચિત્તથી એકને અતિક્રમણ કરતા પાંચેને અતિક્રમણ કરે. ॥૧૦૦॥

ટીકા :-

'છેયસ્સ'ત્તિ । છેદસ્ય=છેદપ્રાયશ્ચિત્તસ્ય, યાવદ્દાનં તાવદેકમપિ વ્રતં નાતિક્રમેત્, મૂલેન=મૂલપ્રાયશ્ચિત્તેન, એકં વ્રતમતિક્રમંશ્ચ પઞ્ચાપ્યતિક્રમેત્ । નન્વેવં મૂલપ્રાયશ્ચિત્તસ્યૈવાપ્રશસ્તસંયમસ્થાનાદનુપપત્તેઃ કથમસંયમસ્થાનપદસ્યાપ્રશસ્તસંયમસ્થાનાર્થત્વમ્ ? ઇતિ ચેન્ન, અસંયમસ્થાનેભ્યઃ

प्रायश्चित्तराशिरुत्पद्यत इत्यत्रासंयमस्थानपदस्य यथायोगं नानार्थत्वात्, अथवाऽसमाधिस्थानादीन्यपि स्वरूपतोऽसंयमस्थानान्येव संयमसामग्र्या बलवत्त्वाच्च ततो नासंयमोत्पत्तिरिति यथाश्रुतार्थ एव समीचीन इति नयभेदेन व्याख्यावैचित्र्ये न किञ्चिद्दूषणमुत्पश्यामः । अन्ये त्वाहुः-असंयमस्थानजनिता अतिचारादयोऽप्यविरतिरूपा एव, सूक्ष्मत्वाच्च न तेषामविरतित्वं विवक्ष्यते, अविरतसम्यग्दृष्टेरिवानन्तानुबन्धिक्षयोपशमजनितगुणानां विरतित्वमिति ।।१००।।

ટીકાર્થ :-

'छेदस्य' ..... विरतित्वमिति ।। જ્યાં સુધી છેદપ્રાયશ્ચિત્તનું દાન છે ત્યાં સુધી સાધુ એક પણ વ્રતને અતિક્રમણ કરતા નથી. મૂળથી=મૂળપ્રાયશ્ચિત્તથી એક વ્રતને અતિક્રમણ કરતા પાંચેને પણ=પાંચે વ્રતોને પણ અતિક્રમણ કરે છે.

આ રીતે=પૂર્વમાં કહ્યું કે મૂળપ્રાયશ્ચિત્તથી પાંચે વ્રતોનું અતિક્રમણ થાય છે એ રીતે, અપ્રશસ્ત સંયમસ્થાનથી મૂળપ્રાયશ્ચિત્તની જ અનુપપત્તિ હોવાને કારણે, અસંયમસ્થાનપદનું અપ્રશસ્ત સંયમસ્થાનઅર્થપણું કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે અસંયમસ્થાનથી પ્રાયશ્ચિત્તની રાશિ ઉત્પન્ન થાય છે એ પ્રકારના કથનમાં અસંયમસ્થાનપદનું યથાયોગ=જે પ્રમાણે યોજન થાય તે પ્રમાણે, નાનાર્થપણું છે અર્થાત્ છેદપ્રાયશ્ચિત્ત સુધીના અસંયમસ્થાનપદનો અર્થ અપ્રશસ્ત સંયમસ્થાન છે, અને મૂળપ્રાયશ્ચિત્તના સ્થાનમાં અસંયમસ્થાનપદનો અર્થ સંયમનો અભાવ છે, અથવા અસમાધિસ્થાનાદિ પણ સ્વરૂપથી અસંયમસ્થાન જ છે=સંયમના અભાવનાં સ્થાનો જ છે, અને સંયમસામગ્રીનું બલવાનપણું હોવાથી=છેદ સુધીના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિવાળા સાધુમાં બાર કષાયોના ક્ષયોપશમરૂપ સંયમસામગ્રીનું બલવાનપણું હોવાથી, તેનાથી=છેદ સુધીના પ્રાયશ્ચિત્તવાળા સાધુથી સેવાયેલા અસમાધિસ્થાનાદિરૂપ અસંયમસ્થાનના સેવનથી, અસંયમની ઉત્પત્તિ નથી, એથી યથાશ્રુતાર્થ જ સમીચીન છે=અસમાધિસ્થાનાદિને કહેનાર અસંયમસ્થાનપદનો અર્થ જે પ્રકારે સંભળાય છે એ પ્રકારે અસંયમરૂપ અર્થ જ સમીચીન છે. એથી નયભેદથી વ્યાખ્યાના વૈચિત્ર્યમાં='અથવા'થી કરાયેલા નયભેદથી વ્યાખ્યાના વૈચિત્ર્યમાં, કંઈ દૂષણ અમે જોતા નથી.

વળી અન્ય કહે છે – અસંયમસ્થાનજનિત અતિચારાદિ પણ અવિરતિરૂપ જ છે, અને સૂક્ષ્મપણું હોવાથી=અતિચારના સેવનથી જનિત અવિરતિનું સૂક્ષ્મપણું હોવાથી, તેઓનું=અતિચારોનું, અવિરતિપણું વિવક્ષા કરાતું નથી. જેમ અવિરત સમ્યગ્દૃષ્ટિના અનંતાનુબંધી કષાયોના ક્ષયોપશમથી જનિત ગુણોનું વિરતપણું અલ્પ હોવાથી વિવક્ષા કરાતું નથી.

'इति' શબ્દ અન્યના કથનની સમાપ્તિમાં છે. ।।૧૦૦।।

❖ 'तावदेकमपि'માં 'अपि'થી એ કહેવું છે કે છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી ૨-૩ વ્રત તો અતિક્રમ થતાં નથી, પરંતુ એક પણ વ્રત અતિક્રમ થતું નથી.

❖ 'पञ्चापि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિથી ૨-૩ વ્રત તો અતિક્રમ થાય છે, પરંતુ પાંચે પણ વ્રતોનો અતિક્રમ થાય છે.

❖ 'असमाधिस्थानादीन्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળપ્રાયશ્ચિત્તનાં સ્થાનો તો અસંયમસ્થાનો છે, પરંતુ છેદપ્રાયશ્ચિત્ત સુધીનાં સેવાતાં અસમાધિસ્થાનાદિ પણ સ્વરૂપથી અસંયમસ્થાનો જ છે.

❖ 'अतिचारादयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રત્યાખ્યાનીયાવરણાદિના ઉદયથી થયેલા દોષો તો અવિરતિરૂપ છે, પરંતુ સંજ્વલનના ઉદયથી ઉત્પન્ન થયેલા અસંયમસ્થાનથી જનિત અતિચારાદિ પણ અવિરતિરૂપ જ છે.

ભાવાર્થ :-

કોઈ સાધુ સંયમમાં સ્ખલના પામે, તેથી કોઈ અસમાધિસ્થાનાદિનું સેવન થાય અને પ્રાયશ્ચિત્તનો પરિણામ વિદ્યમાન હોય, તે સાધુને તે સ્ખલનાથી છેદ સુધીનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય ત્યાં સુધી તે સાધુમાં ચારિત્રનો પરિણામ છે; અને વળી કોઈ સાધુમાં તેના સેવાયેલા અસમાધિસ્થાનાદિથી મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી હોય તો તે સાધુએ પાંચે વ્રતોનો અતિક્રમ કર્યો છે. માટે તે સાધુમાં સંયમ નથી. આ પ્રકારના પ્રાયશ્ચિત્તના બળથી એ ફલિત થાય કે અસંયમસ્થાન સેવનારા કેટલાક સાધુમાં ભાવથી સંયમ છે અને કેટલાક સાધુમાં ભાવથી સંયમ નથી.

આ પ્રકારના કથનમાં કોઈક શંકા કરે છે કે જે સાધુને મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, તે સાધુમાં સંયમ નથી; એમ તમે સ્થાપન કર્યું એ રીતે અપ્રશસ્તસંયમસ્થાનથી મૂળપ્રાયશ્ચિત્તની અનુપપત્તિ હોવાથી તમે પૂર્વમાં અસંયમસ્થાનનો અર્થ અપ્રશસ્તસંયમસ્થાન કર્યો તે થઈ શકે નહિ; કેમ કે જે સાધુને મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, તેના વડે સેવાયેલું અસંયમસ્થાન અપ્રશસ્તસંયમસ્થાન છે, તેમ સ્વીકારીએ, તો તેનામાં સંયમ નથી તેમ સ્વીકારી શકાય નહિ; અને મૂળપ્રાયશ્ચિત્તવાળા સાધુને પાંચે વ્રતોનો અતિક્રમ છે તેમ કહેવાથી તેનામાં સંયમ નથી તેમ ફલિત થાય છે. માટે અસંયમસ્થાનપદનો અર્થ અપ્રશસ્તસંયમસ્થાન કરવો ઉચિત નથી. તેનું સમાધાન ગ્રંથકારશ્રી ત્રણ રીતે કરે છે –

(૧) અસંયમસ્થાનથી પ્રાયશ્ચિત્તની રાશિ ઉત્પન્ન થાય છે તે કથનમાં 'અસંયમસ્થાન' પદ જુદા જુદા અર્થવાળું છે. તેથી જેને છેદ સુધીના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, તે સ્થાનમાં 'અસંયમસ્થાન'પદનો અર્થ 'અપ્રશસ્તસંયમસ્થાન' છે, અને જેને મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, તે સ્થાનમાં 'અસંયમસ્થાન'પદનો અર્થ 'સંયમનો અભાવ' છે. માટે પૂર્વમાં કહેલું કે અપ્રશસ્તસંયમસ્થાનથી પ્રાયશ્ચિત્તની ઉત્પત્તિ છે, તે કથન છેદ સુધીના પ્રાયશ્ચિત્તવાળા સાધુને આશ્રયીને છે, અને 'અસંયમસ્થાન'પદનો અર્થ સંયમનો અભાવ, એ અર્થ મૂળપ્રાયશ્ચિત્તવાળા સાધુને આશ્રયીને છે.

આમ, એક રીતે સમાધાન કર્યા પછી બીજી રીતે 'અથવા' થી સમાધાન કરે છે –

(૨) અસમાધિસ્થાનાદિ સ્વરૂપથી અસંયમનાં સ્થાનો જ છે અર્થાત્ સંયમના અભાવનાં સ્થાનો જ છે. તેથી કોઈ સાધુ અસમાધિસ્થાનોનું સેવન કરે તો તેનામાં સંયમનો અભાવ પ્રાપ્ત થવો જોઈએ; આમ છતાં જો તે સાધુમાં બાર કષાયોના ક્ષયોપશમરૂપ સંયમની સામગ્રી બલવાન હોય તો તે સાધુમાં અસંયમસ્થાનની

ઉત્પત્તિ થતી નથી. માટે છેદપ્રાયશ્ચિત્ત સુધીના અસંયમસ્થાનને સેવનારા સાધુમાં સંયમનો અભાવ નથી. આ બીજા કથન પ્રમાણે અસમાધિસ્થાનનો અર્થ સંયમનો અભાવ સ્વીકાર્યો, તેથી પૂર્વમાં અસંયમસ્થાનનો અર્થ અપ્રશસ્તસંયમસ્થાન કરેલ, તેની સાથે વિરોધ આવે. તેથી ખુલાસો કરે છે કે આ બીજા પ્રકારનો યથાશ્રુત અર્થ નયભેદથી છે. તેથી કોઈક નયથી છેદપ્રાયશ્ચિત્ત સુધીનું અસંયમસ્થાન સેવનારમાં અપ્રશસ્તસંયમસ્થાન સ્વીકારવામાં આવે છે, તો વળી અન્ય નયથી અસમાધિસ્થાનને અપ્રશસ્તસંયમસ્થાન સ્વીકારવામાં આવતું નથી, પરંતુ સંયમનો અભાવ જ સ્વીકારવામાં આવે છે. આમ છતાં છેદ સુધીના પ્રાયશ્ચિત્તવાળા સાધુમાં સંયમનો અભાવ નથી, તેમાં આ બીજો નય યુક્તિ આપે છે કે બાર કષાયના ક્ષયોપશમરૂપ સંયમસામગ્રી બલવાન છે, માટે અસંયમસ્થાનના સેવનથી પણ અસંયમની ઉત્પત્તિ થતી નથી; આ પ્રકારના વ્યાખ્યાનમાં કોઈ દોષ નથી.

વળી અન્ય કહે છે એ કથન દ્વારા ગ્રંથકારશ્રી ત્રીજી રીતે સમાધાન કરે છે –

(૩) અસંયમસ્થાનથી જનિત અતિચારો અવિરતિરૂપ જ છે, આમ છતાં સંજ્વલનકષાયના ઉદયથી થયેલી અવિરતિ અલ્પ હોવાને કારણે છેદપ્રાયશ્ચિત્ત સુધીના અસંયમસ્થાનને સેવનારા સાધુમાં અલ્પ અવિરતિ હોવા છતાં અવિરતિ નથી, પરંતુ સર્વવિરતિ છે, તેમ સ્વીકારવામાં આવે છે; અને તેમાં યુક્તિ આપે છે કે જેમ અવિરતસમ્યગ્દૃષ્ટિમાં ચારિત્રમોહનીયની પ્રકૃતિરૂપ અનંતાનુબંધીના ક્ષયોપશમથી જનિત ગુણો વિરતિરૂપ છે, આમ છતાં ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિમાં તે વિરતિ અલ્પ હોવાને કારણે વિરતિ છે, તેમ વિવક્ષા કરાતી નથી. આથી ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિને જેમ અવિરતસમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, તેમ છેદપ્રાયશ્ચિત્ત સુધીના અસંયમસ્થાનવાળા સાધુને સર્વવિરતિધર સ્વીકારાય છે.

આ ત્રીજા પ્રકારના સમાધાનથી એ પ્રાપ્ત થાય કે ગાથા-૯૯ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે સંજ્વલનકષાયના ઉદયથી ચારિત્રમાં પણ અવિરતિની પ્રાપ્તિ થશે, તેનો ગ્રંથકારશ્રીએ સ્વયં નિષેધ કરીને સ્થાપન કરેલું કે સંજ્વલનકષાયના ઉદયથી અવિરતિ સ્વીકારવામાં આવે તો અતિચારને પ્રાપ્ત કરેલા સાધુમાં શ્રાવકપણાના સ્વીકારની આપત્તિ આવશે. તેથી તે વચનાનુસાર છેદપ્રાયશ્ચિત્ત સુધીના અસંયમસ્થાનને સેવનારા સાધુમાં અવિરતિનો નિષેધ કરેલ તે વ્યવહારનયને આશ્રયીને નિષેધ હતો; કેમ કે વ્યવહારનય જેમ અવિરતસમ્યગ્દૃષ્ટિમાં વર્તતી અલ્પવિરતિને વિરતિરૂપે સ્વીકારતો નથી, તેમ સંજ્વલનકષાયના ઉદયવાળા મુનિમાં વર્તતી અલ્પ અવિરતિને અવિરતિરૂપે સ્વીકારતો નથી; અને આ ત્રીજા પ્રકારના સમાધાનમાં નિશ્ચયનયનું આલંબન લઈને કહેલ છે કે અસંયમસ્થાનથી થયેલા અતિચારો પણ અવિરતિરૂપ જ છે; કેમ કે નિશ્ચયનય જેમ અવિરતસમ્યગ્દૃષ્ટિમાં પણ અનંતાનુબંધીકષાયના ક્ષયોપશમથી જનિત વિરતિને સ્વીકારીને ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રી સ્વીકારે છે, તેમ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા સાધુમાં પણ સંજ્વલનકષાયના ઉદયથી થયેલા અતિચારોને અવિરતિરૂપે સ્વીકારીને તેઓમાં તેટલા અંશમાં ચારિત્રનો અભાવ છે, તેમ સ્વીકારે છે. માટે ગાથા-૯૯ના કથન સાથે આ ત્રીજા સમાધાનનો કોઈ વિરોધ નથી. **॥૧૦૦॥**

અવતરણિકા :-

છેદદાનં યાવચ્ચારિત્રમવતિષ્ઠત ઇત્યત્ર પર આક્ષિપતિ –

અવતરણિકાર્થ :-

છેદદાન સુધી ચારિત્ર રહે છે, ઇત્યત્ર=એ પ્રકારના ગાથા-૧૦૦ના કથનમાં, પર આક્ષેપ કરે છે= વિરોધ કરે છે –

ગાથા :-

નણુ પાસત્થાઈણં, ચારિત્તં હોઇ એવમપડિહયં ।
પાયચ્છિત્તં મૂલં, ભયણાએ જેણ તેસિં પિ ।।૧૦૧।।

અન્વયાર્થ :-

નણુ='નનુ'થી પર વિરોધ કરે છે, એવમ્=આ રીતે=છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી ચારિત્ર છે એમ સ્વીકાર્યું એ રીતે, પાસત્થાઈણં અપડિહયં ચારિત્તં હોઇ=પાસત્થાદિને અપ્રતિહત ચારિત્ર થાય; જેણ=જે કારણથી, તેસિં પિ=તેઓને પણ=પાસત્થાદિને પણ, ભયણાએ=ભજનાથી, મૂલં પાયચ્છિત્તં=મૂળ પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. ।।૧૦૧।।

ગાથાર્થ :-

'નનુ'થી પર વિરોધ કરે છે – છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી ચારિત્ર છે એમ સ્વીકાર્યું એ રીતે, પાસત્થાદિને અપ્રતિહત ચારિત્ર થાય, જે કારણથી પાસત્થાદિને પણ ભજનાથી મૂળપ્રાયશ્ચિત્ત કહેવાયું છે. ।।૧૦૧।।

ટીકા :-

'નણુ'ત્તિ । નન્વેવં છેદદાનં યાવદ્ વ્રતાનતિક્રમે પાર્શ્વસ્થાદીનાં ચારિત્રમપ્રતિહતં ભવતિ, યેન કારણેન તેષામપિ પાર્શ્વસ્થાદિવિહારમુપસમ્પદ્ય પુનર્ગચ્છમનુસર્તુકામાનાં મૂલં પ્રાયશ્ચિત્તં ભજનયા ભણિતમ્ ।।૧૦૧।।

ટીકાર્થ :-

નન્વેવં ..... ભણિતમ્ ।। 'નનુ'થી પર આક્ષેપ કરે છે – આ રીતે=પૂર્વમાં ગાથા-૧૦૦માં કહ્યું એ રીતે, છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી વ્રતનો અનતિક્રમ થયે છતે પાસત્થાદિને અપ્રતિહત ચારિત્ર થાય, જે કારણથી તેઓને પણ=પાર્શ્વસ્થાદિવિહારને સ્વીકાર કરીને ફરી ગચ્છમાં આવવાની ઇચ્છાવાળા એવા તેઓને પણ, મૂળપ્રાયશ્ચિત્ત ભજનાથી કહેવાયું છે. ।।૧૦૧।।

❖ 'પાર્શ્વસ્થાદીનાં'માં 'આદિ'થી યથાછંદનું ગ્રહણ કરવું.

❖ તેષામપિમાં 'અપિ'થી એ કહેવું છે કે જેઓ પાસત્થા નથી તેઓને તો મૂળપ્રાયશ્ચિત્ત ભજનાથી છે, પરંતુ પાસત્થાદિને પણ મૂળપ્રાયશ્ચિત્ત ભજનાથી છે.

અવતરણિકા :-

તથા ચ વ્યવહારગાથા –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે પાસત્થાદિને પણ મૂળપ્રાયશ્ચિત્ત ભજનાથી છે તે રીતે, વ્યવહારગાથા-૨૩૩ છે –

ગાથા :-

अत्थि य से सावसेसं, जइ नत्थि मूलमत्थि तवछेया ।
थोवं जइ आवन्नो, पडितप्पइ साहुणो सुद्धो ।।१०२।।

અન્વયાર્થ :-

से=તેને=આલોચના કરવા માટે તત્પર થયેલા પાસત્થાને, सावसेसं अत्थि=સાવશેષ ચારિત્ર છે ?, य=અથવા શું નથી ?, जइ नत्थि=જો નથી તો, मूलम्=મૂળપ્રાયશ્ચિત્ત આપવું, अत्थि=જો ચારિત્ર છે તો, तवछेया=તપપ્રાયશ્ચિત્ત અથવા છેદપ્રાયશ્ચિત્ત આપવું, जइ=જો, थोवं आवन्नो=થોડા પ્રાયશ્ચિત્તને પામેલો એવો, साहुणो पडितप्पइ=સાધુને પ્રતિતર્પિત છે=વૈયાવચ્ચ કરીને સાધુને શાતા ઉપજાવેલી છે તો, सुद्धो=શુદ્ધ છે. ।।૧૦૨।।

ગાથાર્થ :-

આલોચના કરવા માટે તત્પર થયેલા પાસત્થાને સાવશેષ ચારિત્ર છે ? અથવા શું નથી ? જો નથી તો મૂળપ્રાયશ્ચિત્ત આપવું, જો ચારિત્ર છે તો તપપ્રાયશ્ચિત્ત અથવા છેદપ્રાયશ્ચિત્ત આપવું, જો થોડા પ્રાયશ્ચિત્તને પામેલો એવો વૈયાવચ્ચ કરીને સાધુને શાતા ઉપજાવેલી છે તો શુદ્ધ છે. ।।૧૦૨।।

ટીકા :-

'अत्थि य'त्ति । पूर्वमिदं भावनीयम् – से=तस्यालोचनार्थमभ्युद्यतस्य, सावशेषं चारित्रमस्ति चशब्दात्किं वा नास्ति ?, यदि नास्ति ततो मूलं दातव्यम्, मूलं नाम सर्वपर्यायच्छेदः, अथास्ति ततस्तस्मै तपो वा दीयतां छेदो वा, तत्र यदि 'स्तोकमापन्नः' भवति रात्रिन्दिवपञ्चकादारभ्य भिन्नमासं यावत्प्राप्तो भवति साधूनां च स प्रतितर्पितस्ततस्तस्मादेव शुद्ध इति प्रसादेन मुच्यते, मासाद्यापत्तौ त्वन्तिमपदहासः क्रियते, द्वित्रिमासाद्यापत्तावेकद्व्यादिमासानामेव दानात् । न चैवं रागद्वेषप्रसङ्गः, यथा एके दुर्गन्धितिला

निम्बपुष्पैर्वासिता अपरे च स्वाभाविकाः, तत्राद्यानां दुरभिगन्धो बहुविधेनोपक्रमेणापनेतुं शक्यते, अन्त्यानां च स्तोकेन; यथा वा सर्वभोजी रोगी कर्कशया क्रियया शुद्धिमासादयति, असर्वभोजी च स्तोकया; यथा वा वातेन प्रतिदिवसं विधूतः पटो मलिनीभूतः स्तोकेनोपक्रमेण शुध्यति, इतरस्तु बहुना; तथा ये स्वरूपतः पार्श्वस्था अपरं च साधुसमाचारप्रद्वेषतो ग्लानादिप्रयोजनेषु साधूनाम-प्रतर्प्पिणोऽवर्णभाषिणश्च ते महता प्रायश्चित्तेन शुद्धिमासादयन्ति, ये तु पार्श्वस्था अपि कर्मलघुतया साधुसमाचारानुरागतः साधून् ग्लानादिप्रयोजनेषु प्रतितर्पयन्ति श्लाघाकारिणश्च ते स्तोकापराधिन एव शुध्यन्तीत्युक्तक्रमेण प्रायश्चित्तदाने रागद्वेषगन्धस्याप्यभावात् । इत्थं च तपश्छेददानाधिकारित्वेन पार्श्वस्थेऽपि चारित्रसम्भव इति सिद्धम् ।।१०२।।

ટીકાર્થ :-

पूर्वमिदं .... इति सिद्धम् ।। પૂર્વમાં આ ભાવન કરવું=પાર્શ્વસ્થાદિવિહારને સ્વીકારીને ફરી ગચ્છમાં આવવાની ઇચ્છાવાળા સાધુને ગચ્છમાં ગ્રહણ કરતાં પૂર્વે આ ભાવન કરવું : તેને=આલોચના માટે અભ્યુદ્યત એવા તેને, સાવશેષ ચારિત્ર છે ? 'च' શબ્દથી=ગાથામાં રહેલા 'च' શબ્દથી, અથવા શું નથી ? અર્થાત્ સાવશેષ ચારિત્ર નથી ? જો નથી તો મૂળપ્રાયશ્ચિત્ત આપવું જોઈએ, મૂળપ્રાયશ્ચિત્ત એટલે સર્વ પર્યાયનો છેદ=સંયમના સર્વ પર્યાયનો છેદ. હવે જો છે=સાવશેષ ચારિત્ર છે. તો તેને=આલોચના માટે તત્પર થયેલા પાસત્થાને, તપપ્રાયશ્ચિત્ત અપાય અથવા છેદપ્રાયશ્ચિત્ત અપાય. તેમાં=તપપ્રાયશ્ચિત્તમાં, જો થોડા પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થયેલો હોય=પાંચ દિવસથી માંડીને ભિન્નમાસ સુધીના તપપ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થયેલો હોય, અને સાધુઓને પ્રતિતર્પણા કરાયેલો એવો તે છે=ગ્લાનાદિ સાધુની વૈયાવચ્ચ કરીને તેઓને સંયમમાં સહાયક થયેલો એવો તે છે. ततः=તો तस्मादेव=તેનાથી જ=સાધુની પ્રતિતર્પણાથી જ, શુદ્ધ છે, એથી કરીને પ્રસાદથી મુકાય છે=પ્રાયશ્ચિત્ત વગર ગચ્છમાં સ્વીકારાય છે. માસાદિની પ્રાપ્તિમાં વળી=ભિન્નમાસથી અધિક એવા માસાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં વળી, અંતિમ પદ હ્રાસ કરાય છે=જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેને છોડીને તેની પૂર્વનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

અંતિમ પદનો હ્રાસ કરાય છે એમ જે કહ્યું તેને સ્પષ્ટ કરવા માટે હેતુ આપે છે –

૨-૩ માસાદિના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં એક કે બે માસાદિનું જ દાન છે અર્થાત્ બે માસનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તો એક માસનું પ્રાયશ્ચિત્ત અપાય છે, અને ત્રણ માસનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તો બે માસનું પ્રાયશ્ચિત્ત અપાય છે, તેથી અંતિમ પદનો હ્રાસ પ્રાપ્ત થાય છે, અને આ રીતે=સાધુની પ્રતિતર્પણા કરનારને પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્ત કરતાં ઓછું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે, અને સાધુની પ્રતિતર્પણા નહિ કરનારને પૂરું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે એ રીતે, રાગ-દ્વેષનો પ્રસંગ છે=પ્રતિતર્પણા કરનાર પ્રત્યે રાગ છે અને પ્રતિતર્પણા નહિ કરનાર પ્રત્યે દ્વેષ છે એ પ્રકારનો પ્રસંગ છે, તેમ ન કહેવું.

તેમાં ત્રણ દૃષ્ટાંતથી યુક્તિ આપે છે –

(૧) જે પ્રમાણે લીમડાના પુષ્પથી વાસિત કેટલાક દુર્ગંધી તલ છે અને બીજા સ્વાભાવિક તલ છે. તેમાં પ્રથમના તલની દુર્ગંધ ઘણા પ્રકારના ઉપક્રમથી દૂર કરવાને શક્ય છે અને બીજા પ્રકારના તલને થોડા ઉપક્રમથી દુર્ગંધ વગરના કરી શકાય છે.

અથવા

(૨) જે પ્રમાણે સર્વભોજી રોગી=બધું ખાનાર રોગી, કર્કશક્રિયા વડે શુદ્ધિને પામે છે અને અસર્વભોજી રોગી થોડી ક્રિયાથી શુદ્ધિને પામે છે.

અથવા

(૩) વાયુથી પ્રતિદિવસ સુકવાયેલું મેલું થયેલું વસ્ત્ર થોડા ઉપક્રમથી શુદ્ધ થાય છે, વળી વાયુથી પ્રતિદિવસ નહિ સુકવાયેલું વસ્ત્ર ઘણા ઉપક્રમથી શુદ્ધ થાય છે, તે પ્રમાણે જેઓ સ્વરૂપથી પાસત્થા છે અને બીજું સાધુસમાચારના પ્રદ્વેષથી સાધુઓના ગ્લાનાદિ પ્રયોજનમાં અપ્રતિતર્પી છે અને અવર્ણ બોલનારા છે=સાધુના અવર્ણને બોલનારા છે, તેઓ મોટા પ્રાયશ્ચિત્તથી શુદ્ધિને પામે છે. વળી જેઓ પાર્શ્વસ્થા પણ કર્મની લઘુતાને કારણે સાધુસમાચારના અનુરાગથી ગ્લાનાદિ પ્રયોજનમાં સાધુઓની પ્રતિતર્પણા કરે છે=સાધુઓની વૈયાવચ્ચ કરે છે, અને શ્લાઘા કરનારા છે=સાધુની શ્લાઘા કરનારા છે, તેઓ થોડા અપરાધી હોવાથી જ શુદ્ધ થાય છે. એથી ઉક્ત ક્રમથી=સાધુની તર્પણા કરનારને પ્રાપ્ત પ્રાયશ્ચિત્તથી ન્યૂન પ્રાયશ્ચિત્ત આપવું અને સાધુની તર્પણા નહિ કરનાર પાસત્થાદિને પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત આપવું એ પ્રકારના ક્રમથી, પ્રાયશ્ચિત્તના દાનમાં રાગ-દ્વેષની ગંધનો પણ અભાવ છે.

પૂર્વપક્ષીએ ગાથા-૧૦૧માં કહ્યું છે કે છેદદાન સુધી ચારિત્ર છે તેમ સ્વીકારશો તો પાસત્થાદિને ચારિત્રની પ્રાપ્તિ થશે, અને પોતાની વાતની પુષ્ટિ કરવા માટે વ્યવહારભાષ્યની ગાથા બતાવી અને તેના અર્થ પ્રમાણે એ ફલિત થયું કે કોઈ પાસત્થા ફરી ગચ્છમાં આવવાની ઇચ્છાવાળા હોય, તો કોઈકને તપપ્રાયશ્ચિત્ત અપાય છે અને કોઈકને છેદપ્રાયશ્ચિત્ત અપાય છે અને કોઈકને મૂળપ્રાયશ્ચિત્ત અપાય છે, આ કથનથી પોતાની વાત ફલિત થાય છે તે બતાવવા અર્થે પૂર્વપક્ષી 'इत्थं च'થી કહે છે –

અને આ રીતે=છેદપ્રાયશ્ચિત્ત સુધી ચારિત્ર છે તેમ ગાથા-૧૦૦માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું અને વ્યવહારભાષ્યમાં કોઈક પાર્શ્વસ્થાને પણ તપ અને છેદના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે એમ કહ્યું એ રીતે, તપ અને છેદદાનનું અધિકારીપણું હોવાને કારણે પાર્શ્વસ્થમાં પણ ચારિત્રનો સંભવ છે, એમ સિદ્ધ થયું. ॥૧૦૨॥

❖ 'द्वित्रिमासाद्यापत्तो'માં 'आदि'પદથી ચાર માસ અને છ માસનું ગ્રહણ કરવું.

❖ 'रागद्वेषगन्धस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે રાગ-દ્વેષનો તો અભાવ છે, પરંતુ રાગ-દ્વેષની ગંધનો પણ અભાવ છે અર્થાત્ રાગ-દ્વેષનો અત્યંત અભાવ છે.

❖ 'पार्श्वस्थेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બકુશ, કુશીલમાં તો ચારિત્રનો સંભવ છે, પરંતુ પાર્શ્વસ્થમાં પણ ચારિત્રનો સંભવ છે.

અવતરણિકા :-

ગાથા-૯૦માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં કોઈ સાધુ એવા નથી કે જેઓ મૂળગુણની અથવા ઉત્તરગુણની પ્રતિસેવના કરતા ન હોય, તેથી વર્તમાનમાં અચારિત્રવાળું તીર્થ છે. તેનું નિરાકરણ કરતાં સૂરિએ સ્થાપન કર્યું કે જ્યાં સુધી પ્રાયશ્ચિત્તનો પરિણામ છે, ત્યાં સુધી મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરનાર સાધુમાં પણ ચારિત્ર છે.

ત્યાં પ્રશ્ન થાય કે મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરનાર અને પ્રાયશ્ચિત્તના પરિણામવાળા બધામાં ચારિત્ર છે ? તેના ખુલાસા અર્થે ગાથા-૧૦૦માં સ્થાપન કર્યું કે મૂળગુણની અને ઉત્તરગુણની પ્રતિસેવના કરનાર અને પ્રાયશ્ચિત્તના પરિણામવાળા જે સાધુને છેદપ્રાયશ્ચિત્ત સુધીનું પ્રાયશ્ચિત્ત આવે તે સાધુમાં ચારિત્ર છે. ત્યાં પૂર્વપક્ષીએ ગાથા-૧૦૧માં આક્ષેપ કર્યો કે તમે બકુશ અને કુશીલમાં ચારિત્ર સ્થાપન કરવા અર્થે પ્રાયશ્ચિત્તના પરિણામવાળા અને છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત એવા સાધુમાં ચારિત્ર સ્વીકારો છો, પરંતુ તેમ સ્વીકારવાથી કોઈક પાસત્થાદિમાં પણ ચારિત્ર છે, તેમ સ્વીકારવાની આપત્તિ આવે, અને તેની પુષ્ટિ ગાથા-૧૦૨થી પૂર્વપક્ષીએ કરી. તેથી કદાચ ગ્રંથકારશ્રી કહે કે પાસત્થાદિમાં પણ ચારિત્ર છે, તેમ અમે સ્વીકારી લઈશું, તેના નિરાકરણ અર્થે પાસત્થાને ચારિત્ર નથી, તેમ શાસ્ત્રકારો કહે છે. તે બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

ગાથા :-

भणिअं च कप्पभासे, पासत्थाईण सेढिबज्झत्तं ।
किइकम्मस्सऽहिगारे, एयं खलु दुद्धरविरोहं ।।१०३।।

અન્વયાર્થ :-

च=અને, कप्पभासे=કલ્પભાષ્યમાં, किइकम्मस्सऽहिगारे=કૃતિકર્મના અધિકારમાં, पासत्थाईण=પાસત્થાદિનું, सेढिबज्झत्तं भणिअं=શ્રેણિબાહ્યપણું કહેવાયું છે. एयं=આ=પૂર્વગાથા-૧૦૨માં વ્યવહારભાષ્યના બળથી સ્થાપન કર્યું કે પાસત્થા છેદ સુધીના પ્રાયશ્ચિત્તના અધિકારી છે માટે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું એ પ્રમાણે તેઓમાં ચારિત્ર છે એમ માનવું પડે એ, खलु दुद्धरविरोहं=ખરેખર દુર્ધરવિરોધ છે= કલ્પભાષ્યની ગાથા સાથે સમાધાન ન થઈ શકે તેવો વિરોધ છે. ।।૧૦૩।।

ગાથાર્થ :-

અને કલ્પભાષ્યમાં કૃતિકર્મના અધિકારમાં પાસત્થાદિનું શ્રેણિબાહ્યપણું કહેવાયું છે, આ કલ્પભાષ્યની ગાથા સાથે સમાધાન ન થઈ શકે તેવો વિરોધ છે. ।।૧૦૩।।

ટીકા :-

'भणिअं च'त्ति । भणितं च कल्पभाष्ये पार्श्वस्थादीनां कृतिकर्मणोऽधिकारे श्रेणिबाह्यत्वम्, तथाहि-

"सेढिट्ठाणठियाणं, किइकम्मं बाहिरे न कायव्वं ।

पासत्थादी चउरो, तत्थ वि आणादिदोसाइ" ।।१।।

इत्यत्र श्रेणिबाह्याः पार्श्वस्थादयश्चत्वार उक्ताः, तत्र पार्श्वस्थावसन्नकुशीलसंसक्तयथाच्छन्दाः पञ्चाप्येको भेदः, काथिकप्राश्निकमामककृतक्रियसंप्रसारका द्वितीयः, अन्यतीर्थिकास्तृतीयः, गृहस्थाश्चतुर्थ इति । एतत् खलु 'दुर्द्धरविरोधं' दुःसमाधानानुपपत्तिकम्, यदि छेदान्तप्रायश्चित्ताधिकारित्वं पार्श्वस्थादीनां कथं श्रेणिबाह्यत्वं?, यदि च श्रेणिबाह्यत्वं कथं तदधिकारित्वम् ? इति ।।१०३।।

ટીકાર્થ :-

भणितं च ..... तदधकारित्वम् ? इति ।। અને કલ્પભાષ્યમાં પાર્શ્વસ્થાદિનું કૃતિકર્મના અધિકારમાં શ્રેણિબાહ્યપણું કહેવાયું છે=પાર્શ્વસ્થાદિનું શ્રેણિબાહ્યપણું કહેવાયું છે.

તે આ પ્રમાણે છે –

શ્રેણિસ્થાનમાં રહેલાઓને કૃતિકર્મ કરવું, બહારમાં=શ્રેણીથી બહાર રહેલાઓમાં, ન કરવું=કૃતિકર્મ ન કરવું.

શ્રેણી બહાર કોણ છે ? તે સ્પષ્ટ કરે છે - પાસત્થાદિ ચાર છે. ત્યાં પણ=પાસત્થાદિ ચારના કૃતિકર્મના કરણમાં પણ, આજ્ઞાદિ ચાર દોષો છે.

इत्यत्र=આ પ્રકારની કલ્પભાષ્યની ગાથામાં, પાસત્થાદિ ચાર શ્રેણીબાહ્ય કહેવાયા છે, ત્યાં=પાસત્થાદિ ચારમાં, પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, યથાછંદ પાંચેનો પણ એક ભેદ છે, કાથિક, પ્રાશ્નિક, મામક, સંપ્રસારક એ બીજો ભેદ છે, અન્યતીર્થિક ત્રીજો ભેદ છે, ગૃહસ્થ ચોથો ભેદ છે. 'इति' શબ્દ 'तथाहि'થી શરૂ કરાયેલા કથનની સમાપ્તિમાં છે.

આ ખરેખર દુર્ધરવિરોધ છે=ગાથા-૧૦૨ના અંતે સ્થાપન કર્યું કે વ્યવહારભાષ્ય પ્રમાણે તપ-છેદદાનના અધિકારીપણા વડે પાસત્થામાં પણ ચારિત્રનો સંભવ છે, અને પ્રસ્તુત ગાથામાં કલ્પભાષ્યની સાક્ષી બતાવીને કહ્યું કે પાસત્થા શ્રેણીબાહ્ય છે, એ કથન દુઃસમાધાન અનુપપત્તિવાળું છે.

અને તે અનુપપત્તિને સ્પષ્ટ કરે છે –

જો છેદ અંતવાળા પ્રાયશ્ચિત્તનું અધિકારીપણું પાસત્થાદિનું છે, તો શ્રેણીબાહ્યપણું કેમ છે ? અને જો શ્રેણીબાહ્યપણું છે=પાસત્થાનું શ્રેણીબાહ્યપણું છે, તો તેનું અધિકારીપણું કેમ છે ?=છેદ અંતવાળા પ્રાયશ્ચિત્તનું પાસત્થાદિનું અધિકારીપણું કેમ છે ? 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ।।૧૦૩।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૦માં ગ્રંથકારશ્રીએ છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી સાધુમાં ચારિત્ર છે તેમ સ્થાપન કર્યું. તેનો વિરોધ કરતાં પૂર્વપક્ષી કહે છે કે છેદ સુધીના પ્રાયશ્ચિત્તના દાનવાળા સાધુમાં ચારિત્ર સ્વીકારવામાં આવશે તો જે પાસત્થાદિ વિહાર કરીને ફરી ગચ્છમાં આવવા તૈયાર થયા છે, તેઓને ગચ્છમાં સ્વીકારતાં પૂર્વે ચારિત્ર સ્વીકારવાની આપત્તિ આવશે; કેમ કે વ્યવહારભાષ્યની ગાથામાં જે પાસત્થાદિ ગચ્છને છોડીને ગયેલા છે અને ફરી ગચ્છમાં આવે ત્યારે તેમાંથી કેટલાકને મૂળપ્રાયશ્ચિત્ત કહ્યું છે, તો કેટલાકને તપપ્રાયશ્ચિત્ત અથવા છેદપ્રાયશ્ચિત્ત કહેલ છે; તેથી જે પાસત્થાદિ ગચ્છને છોડીને ગયેલા છે અને પાછા ગચ્છમાં આવે છે, ત્યારે જેઓને મૂળપ્રાયશ્ચિત્ત નથી, પરંતુ તપપ્રાયશ્ચિત્ત અથવા છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, તેઓને ચારિત્ર છે તેમ સ્વીકારવું પડશે; કેમ કે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૦૦માં સ્થાપન કર્યું કે 'જે સાધુ પ્રાયશ્ચિત્ત લેવાના પરિણામવાળા છે અને છેદપ્રાયશ્ચિત્ત સુધીનું પ્રાયશ્ચિત્ત તેમને આવતું હોય તે સાધુમાં ચારિત્ર છે.' તે નિયમ પ્રમાણે પ્રાયશ્ચિત્ત લેવાના પરિણામવાળા એવા પાસત્થાદિમાં પણ ચારિત્ર છે તેમ ફલિત થાય છે; અને કલ્પભાષ્યમાં કૃતિકર્મના અધિકારમાં પાસત્થાદિ ચારને શ્રેણીબાહ્ય કહ્યા છે. તેથી કલ્પભાષ્યના વચન પ્રમાણે પાસત્થાદિ સંયમશ્રેણીની બહાર છે તેમ સિદ્ધ થાય છે, અને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે છેદપ્રાયશ્ચિત્ત સુધી સાધુમાં ચારિત્ર છે. તે નિયમ પ્રમાણે તપ અને છેદના પ્રાયશ્ચિત્તને પામેલા એવા પાસત્થાદિમાં ચારિત્ર છે, તેમ સિદ્ધ થાય છે. તેથી ગ્રંથકારશ્રીના વચનથી પાસત્થાદિમાં ચારિત્રની સિદ્ધિ, અને કલ્પભાષ્યના વચન પ્રમાણે પાસત્થામાં સંયમશ્રેણીનું બાહ્યપણું, એ દુર્ધરવિરોધ છે અર્થાત્ જેનું સમાધાન ન થઈ શકે તેવી અનુપપત્તિ છે. આમ કહીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તવાળા સાધુને સંયમ છે તેમ સ્વીકારવું ઉચિત નથી. **॥૧૦૧-૧૦૨-૧૦૩॥**

અવતરણિકા :-

ગાથા-૧૦૧થી પૂર્વપક્ષીએ આક્ષેપ કરેલો કે છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી ચારિત્ર છે તેમ સ્વીકારશો તો કલ્પભાષ્યની ગાથા સાથે વિરોધ આવશે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

भन्नइ सेढीबज्झा, भणिया कप्पम्मि ते उ ववहारा ।
उववाइअं च तत्तं, विभज्ज सक्खं तहिं उवरिं ।।१०४।।

અન્વયાર્થ :-

भन्नइ=પૂર્વપક્ષીને ઉત્તર અપાય છે, कप्पम्मि=કલ્પભાષ્યમાં, उ=તો, सेढीबज्झा ते=શ્રેણીબાહ્ય એવા તેઓ=શ્રેણીબાહ્ય એવા પાસત્થાદિ, ववहारा=વ્યવહારથી, भणिया=કહેવાયા છે, च=અને, तत्तं=શ્રેણીબાહ્યપણું, तहिं=કલ્પભાષ્યમાં, उवरिं=ઉપર=આગળની ગાથામાં, विभज्ज=વિભાગ કરીને, सक्खं=સાક્ષાત્, उववाइअं=ઉપપાદન કરાયું છે. ॥૧૦૪॥

ગાથાર્થ :-

પૂર્વપક્ષીને ઉત્તર અપાય છે – કલ્પભાષ્યમાં તો શ્રેણીબાહ્ય એવા પાસત્થાદિ વ્યવહારથી કહેવાયા છે, અને શ્રેણીબાહ્યપણું કલ્પભાષ્યમાં આગળની ગાથામાં વિભાગ કરીને સાક્ષાત્ ઉપપાદન કરાયું છે. ॥૧૦૪॥

ટીકા :-

'भन्नइ'त्ति । भण्यते अत्रोत्तरं दीयते श्रेणिबाह्याः ते पार्श्वस्थादयः कल्पे=कल्पभाष्ये, व्यवहारात् सम्भवबाहुल्यलक्षणादुक्ता न तु सर्वेऽपि ते तादृशा एवेति उपपादितं च तत्त्वं=श्रेणिबाह्यत्वं विभज्य=पृथक्कृत्य, साक्षाद्विशेषप्रदर्शनपूर्वं 'तत्र' कल्प एव 'उपरि' अव्यवहितोत्तरग्रन्थ एव ।।१०४।।

ટીકાર્થ :-

'भण्यते' ..... अव्यवहितोत्तरग्रन्थ एव ।। અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ઉત્તર અપાય છે – શ્રેણીબાહ્ય એવા તે પાર્શ્વસ્થાદિ કલ્પમાં=કલ્પભાષ્યમાં, સંભવબાહુલ્ય સ્વરૂપ વ્યવહારથી કહેવાયા છે, પરંતુ સર્વ પણ તેઓ=પાસત્થાદિ, તેવા જ નથી=શ્રેણીબાહ્ય જ નથી. 'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

પોતાનું તે કથન દૃઢ કરવા માટે ગાથાના ઉત્તરાર્દ્ધથી કહે છે –

અને શ્રેણીબાહ્યપણું ત્યાં=કલ્પભાષ્યમાં જ, ઉપર=અવ્યવહિત ઉત્તરગ્રંથમાં જ=શ્રેણીબાહ્ય કહ્યા તેના પછીના તરતના કથનમાં જ, વિભાગ કરીને=પૃથક્ કરીને, વિશેષ દેખાડવાપૂર્વક સાક્ષાત્ ઉપપાદન કરાયા છે. ॥૧૦૪॥

❖ 'सर्वेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે કોઈક પાસત્થાદિ તો શ્રેણીબાહ્ય છે, પરંતુ સર્વ પણ પાસત્થાદિ તેવા જ નથી.

ભાવાર્થ :-

ગાથા-૧૦૧થી ૧૦૩ સુધીમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરનાર સાધુમાં ચારિત્ર છે તેમ સ્વીકારશો તો પાસત્થાદિને ચારિત્ર સ્વીકારવું પડશે, અને પાસત્થાદિને ચારિત્ર નથી, તેમ કલ્પભાષ્યમાં કહ્યું છે તેની સાથે વિરોધ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે–

કલ્પભાષ્યમાં પાસત્થાદિને શ્રેણીબાહ્ય વ્યવહારથી કહેલા છે, અને તે વ્યવહાર સંભવબહુલતાને ગ્રહણ કરીને પ્રવર્તનાર છે, તેથી બધા પાસત્થા શ્રેણીબાહ્ય નથી. માટે ગ્રંથકારશ્રીએ કહ્યું કે છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરનાર અને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાના અધ્યવસાયવાળા સાધુમાં ચારિત્ર છે, તે કથન સાથે કલ્પભાષ્યના કથનનો વિરોધ નથી; કેમ કે મૂળપ્રાયશ્ચિત્તને પામેલા પાસત્થાને શ્રેણીબાહ્ય ગ્રહણ કરીને કલ્પભાષ્યની ગાથા છે; અને શ્રેણીબાહ્ય નથી તેવા પણ પાસત્થા છે, તેને બતાવવા માટે કલ્પભાષ્યમાં શ્રેણીબાહ્ય એવા પાસત્થાને કહેનાર ગાથા પછી અન્ય ગાથાઓ છે, જેને ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવે છે. **॥૧૦૪॥**

અવતરણિકા :-

તથાહિ –

અવતરણિકાર્થ :-

તથાહિ=ગાથા-૧૦૪માં કહ્યું કે કેટલાક પાર્શ્વસ્થા શ્રેણીબાહ્ય છે અને કેટલાક પાર્શ્વસ્થા શ્રેણીબાહ્ય નથી, એ પ્રકારનો વિભાગ કરીને કલ્પભાષ્યમાં આગળ જ કહેલું છે, અને કલ્પભાષ્યનું તે આગળનું કથન 'તથાહિ'થી બતાવે છે –

ગાથા :-

લિંગેણ ણિગ્ગઓ જો, પાગડલિંગં ધરેઇ જો સમણો ।
કિહ હોઇ ણિગ્ગઉ ત્તિ ય, દિટ્ઠંતો સક્કરકુડેહિં ।।૧૦૫।।

અન્વયાર્થ :-

લિંગેણ=લિંગથી, જો ણિગ્ગઓ=જે રહિત છે (તે સંયમશ્રેણીથી બહાર છે એમ જણાય છે), પાગડલિંગં=પ્રગટ લિંગને, જો સમણો=જે શ્રમણ, ધરેઇ=ધારણ કરે છે, ણિગ્ગઉ=તે નિર્ગત=શ્રેણીબાહ્ય, કિહ હોઇ=કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. તેનો જવાબ સૂરિ કહે છે – સક્કરકુડેહિં=સાકરના બે ઘડા વડે, દિટ્ઠંતો=દૃષ્ટાંત છે. ।।૧૦૫।।

❖ 'ય' શબ્દ પાદપૂર્તિ માટે છે.

ગાથાર્થ :-

લિંગથી જે રહિત છે તે સંયમશ્રેણીથી બહાર છે એમ જણાય છે. પ્રગટ લિંગને જે શ્રમણ ધારણ કરે છે તે શ્રેણીબાહ્ય કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. તેનો જવાબ સૂરિ કહે છે – સાકરના બે ઘડા વડે દૃષ્ટાંત છે. ।।૧૦૫।।

ટીકા :-

'लिंगेण'त्ति । लिङ्गेन=रजोहरणादिना, यो मुक्तः स संयमश्रेण्या निर्गतः प्रतीयते, यस्तु श्रमणः प्रकटमेव लिङ्गं धारयति स कथं निर्गतः=श्रेणिबाह्यो, भवति ? श्रमणलिङ्गस्योपलभ्यमानत्वान्न भवतीति भावः । अत्र सूरिराह-दृष्टान्तः शर्कराकुटाभ्यामत्र क्रियते – "जहा कस्सइ रन्नो दो घडया सक्कराभरिआ, ते अन्नया मुद्दं दाऊण दोण्हं पुरिसाण समप्पिआ भणिआ य जहा सारक्खह जया मग्गिज्जइ तया दिज्जह" ।।१०५।।

ટીકાર્થ :-

'लिङ्गेन' ..... तया दिज्जह" ।। લિંગથી=રજોહરણાદિથી, જે મુક્ત છે તે સંયમશ્રેણીથી નિર્ગત પ્રતીત થાય છે=સંયમશ્રેણીથી બહાર છે એમ પ્રતીત થાય છે; પરંતુ જે શ્રમણ પ્રગટ લિંગને જ ધારણ

કરે છે તે નિર્ગત=શ્રેણીબાહ્ય કેવી રીતે હોય ? અર્થાત્ સાધુના લિંગનું ઉપલભ્યમાનપણું હોવાથી શ્રેણીબાહ્ય નથી એ પ્રકારનો ભાવ છે.

અહીં=પૂર્વપક્ષીના કથનમાં, સૂરિ કહે છે –

અહીં=સંયમલિંગધારીમાં કેટલાક શ્રેણીબાહ્ય છે અને કેટલાક શ્રેણી અંદર છે તેમાં, સાકરના બે ઘડાથી દૃષ્ટાંત કરાય છે –

જે પ્રમાણે કોઈક રાજાએ બે ઘડા સાકરથી ભર્યા, ક્યારેક મુદ્રા આપીને બે પુરુષોને તે ઘડા અપાયા અને તે બંને કહેવાયા, શું કહેવાયા તે 'जहा'થી બતાવે છે –

રક્ષા કરો, જ્યારે મંગાવાય ત્યારે આપજો. ॥૧૦૫॥

ભાવાર્થ :-

કેટલાક પાસત્થા શ્રેણીબાહ્ય છે અને કેટલાક પાસત્થા શ્રેણીબાહ્ય નથી, તે બતાવવાનો ગ્રંથકારશ્રી પ્રારંભ કરે છે, ત્યાં પ્રથમ પૂર્વપક્ષીનો પ્રશ્ન ગ્રંથકારશ્રી બતાવે છે –

જે સાધુએ સંયમવેશ છોડી દીધો છે તે શ્રેણીબાહ્ય છે તેમ કહી શકાય, પરંતુ જે સાધુએ સંયમવેશ ત્યાગ કર્યો નથી તે સાધુ સંયમની શ્રેણીથી બાહ્ય છે તેમ કેમ કહી શકાય ? એમ પૂર્વપક્ષી કહે છે, તેનો ઉત્તર સાકરના બે ઘડાના દૃષ્ટાંતથી સૂરિ આપે છે –

કોઈ રાજાએ બે ઘડા સાકરથી ભર્યા અને તે બંને ઘડા ઉપર પોતાની રાજમુદ્રા લગાડી, અને બે પુરુષોની પરીક્ષા કરવા અર્થે તે બંને ઘડા તે બે પુરુષોને સોંપ્યા, અને કહ્યું કે 'આની રક્ષા કરજો, હું માગું ત્યારે આપજો.'

આ દૃષ્ટાંતથી સાધુવેશધારી પણ શ્રેણીબાહ્ય હોઈ શકે તેનું સમર્થન ગ્રંથકારશ્રી આગળની ગાથાઓમાં કરશે. **॥૧૦૫॥**

અવતરણિકા :-

ततः किमभूत् ? इत्याह –

અવતરણિકાર્થ :-

તેનાથી=પૂર્વમાં શર્કરાના બે ઘડાનું દૃષ્ટાંત બતાવતાં કહ્યું કે કોઈક રાજાએ સાકરના બે ઘડા ભર્યા, તેના પર મુદ્રા કરી અને બે પુરુષોને સમર્પિત કર્યા, અને તેનું રક્ષણ કરવાનું કહીને કહ્યું કે 'હું માગું ત્યારે આપજો' તેનાથી, શું થયું ? એથી કહે છે –

ગાથા :-

दाउं अहे उ खारं, सव्वत्तो कंटिआहिं वेढित्ता ।
सकवाडमणाबाधे, पालेइ तिसंझमिक्खंतो ।।१०६।।

અન્વયાર્થ :-

પૂર્વગાથા-૧૦૫માં દૃષ્ટાંત આપ્યું તે દૃષ્ટાંતમાં બતાવેલા બે પુરુષોમાંથી એક પુરુષ રાજા વડે અપાયેલા તે ઘટને ગ્રહણ કરીને અહે=તે ઘટની નીચે, खारं दाउं=ખારને આપીને, सव्वत्तो=ચારે બાજુ, कंटिआहिं=કાંટા વડે, वेढित्ता=વીંટાળીને, सकवाडमणाबाधे=કબાટના પિધાનથી યુક્ત એવા અનાબાધ પ્રદેશમાં સ્થાપન કરીને, तिसंझमिक्खंतो=ત્રણ સંધ્યાએ નિરીક્ષણ કરતો, पालेइ=પાલન કરે છે. ॥૧૦૬॥

ગાથાર્થ :-

પૂર્વગાથા-૧૦૫માં દૃષ્ટાંત આપ્યું તે દૃષ્ટાંતમાં બતાવેલા બે પુરુષોમાંથી એક પુરુષ રાજા વડે અપાયેલા તે ઘટને ગ્રહણ કરીને તે ઘટની નીચે ખારને આપીને ચારે બાજુ કાંટા વડે વીંટાળીને કબાટના પિધાનથી યુક્ત એવા અનાબાધ પ્રદેશમાં સ્થાપન કરીને ત્રણ સંધ્યાએ નિરીક્ષણ કરતો પાલન કરે છે. ॥૧૦૬॥

ટીકા :-

'दाउं'ति । तयोरेकः पुरुषस्तं राज्ञा समर्पितं घटं गृहीत्वा तस्याधः क्षारं दत्त्वा यथा कीटिका नागच्छेयुरिति भावः, ततः सर्वतः कण्टिकाभिस्तं वेष्टयित्वा सकपाटे=कपाटपिधानयुक्तेऽनाबाधे प्रदेशे स्थापयित्वा त्रिसन्ध्यमीक्षमाणः सम्यक् पालयति ।।१०६।।

ટીકાર્થ :-

तयोरेकः ..... पालयति ।। તે બેમાંથી=રાજાએ જે બે પુરુષોને સાકરના ઘડા આપ્યા હતા તે બેમાંથી, એક પુરુષ રાજા વડે અપાયેલા તે ઘટને ગ્રહણ કરીને જે રીતે કીડીઓ ન આવે તે રીતે તેની નીચે ક્ષારને આપીને ત્યારપછી ચારે બાજુ કાંટા વડે તેને વીંટાળીને કપાટના પિધાનથી યુક્ત એવા અનાબાધ પ્રદેશમાં સ્થાપન કરીને ત્રણ સંધ્યાએ તે ઘડાને જોતો સમ્યક્ પાલન કરે છે. ॥૧૦૬॥

ભાવાર્થ :-

ગાથા-૧૦૫માં સાકરના બે ઘડાનું દૃષ્ટાંત બતાવ્યું, તેમાં રાજાએ આપેલા ઘડાવાળા તે બે પુરુષોમાંથી એક પુરુષ રાજાએ આપેલા ઘડાને ગ્રહણ કરીને તે ઘડાના રક્ષણ અર્થે તે ઘડાની નીચેના ભાગમાં ક્ષારનો લેપ કરે છે, જેથી કીડીઓ તે ઘડાનો વિનાશ ન કરે. વળી તે ઘડાને ચારે બાજુ કાંટાઓથી વીંટાળીને રાખે છે, જેથી ઘરમાં રહેલા તે ઘડાને સહસા ગ્રહણ કરીને કોઈ તેનો વિનાશ ન કરે. વળી તે ઘડાને પોતાના ઘરમાં બાધ ન થાય તેવા સ્થાનમાં મૂકીને તેને કબાટથી ઢાંકી દે છે. જેથી સહસા કોઈ જઈને તે ઘડાને ગ્રહણ ન કરે. આ રીતે ઘડાના રક્ષણના ઉચિત સર્વ ઉપાયો કરીને રાજાની આજ્ઞાનું પાલન કરવા અર્થે ત્રણ સંધ્યાએ હંમેશ તે ઘડાને જોઈ લે છે. જેથી ઘડો સુરક્ષિત છે તેમ ખાતરી થાય. આ રીતે એક પુરુષે તે ઘડાનું સમ્યક્ પાલન કર્યું. બીજા પુરુષે શું કર્યું તે ઉત્તરની ગાથામાં બતાવે છે. **॥૧૦૬॥**

અવતરણિકા :-

द्वितीयः पुनः किं कृतवान् ? इत्याह –

અવતરણિકાર્થ :-

વળી બીજાએ શું કર્યું ? એને કહે છે –

ગાથા :-

मुद्दं अविद्दवंतीहिं कीडिआहिं सचालणी चेव ।
जज्जरिओ कालेणं, पमायकुडए निवे दंडो ।।१०७।।

અન્વયાર્થ :-

બીજો પુરુષ તે ઘટને કીડીના નગરાની અદૂરમાં સ્થાપન કરીને મધ્ય મધ્યમાં અવલોકન કરતો નથી. તેથી શર્કરાની ગંધથી આવેલી मुद्दं अविद्दवंती हिं कीडिआहिं=મુદ્રાને કાણાં નહિ પાડતી એવી કીડીઓ વડે, स=તે=ઘટ, चालणी चेव=ચાલણી જ કરાયો, कालेणं=કાલથી, जज्जरिओ=જર્જરિત કરાયો, पमायकुडए=જે પુરુષ વડે કુટરક્ષણામાં પ્રમાદ કરાયો તેને, निवे=રાજા વડે, दंडो=દંડ કરાયો. ।।૧૦૭।।

ગાથાર્થ :-

બીજો પુરુષ તે ઘટને કીડીના નગરાની અદૂરમાં સ્થાપન કરીને મધ્ય મધ્યમાં અવલોકન કરતો નથી, તેથી શર્કરાની ગંધથી આવેલી, મુદ્રાને કાણાં નહિ પાડતી એવી કીડીઓ વડે ઘટ ચાલણી જ કરાયો, કાલથી જર્જરિત કરાયો. જે પુરુષ વડે કુટરક્ષણામાં પ્રમાદ કરાયો તેને રાજા વડે દંડ કરાયો. ।।૧૦૭।।

ટીકા :-

'मुद्दं'ति । द्वितीयः पुरुषस्तं घटं कीटिकानगरस्यादूरे स्थापयित्वा मध्ये मध्ये नावलोकते, ततः शर्करागन्धाघ्राणतः समायाताभिः कीटिकाभिर्मुद्रामविद्रवन्तीभिः स घटोऽधस्तात्कालेन जर्जरीकृतः शर्करा सर्वापि भक्षिता । अन्यदा राज्ञा तौ पुरुषौ घटं याचितौ, ततो द्वाभ्यामप्यानीय दर्शितयोर्घटयोः पमायकुडए त्ति येन कुटरक्षणाप्रमादः कृतस्तस्य नृपेण दण्डः कृतः । उपलक्षणमिदं तेन यस्तं सम्यक् पालितवान् तस्य विपुला पूजा विदधे, एष दृष्टान्तः, अयमर्थोपनयः- राजस्थानीया गुरवः, पुरुषस्थानीयाः साधवः, शर्करास्थानीयं चारित्रं, घटस्थानीय आत्मा, मुद्रास्थानीयं रजोहरणं, कीटिकास्थानीयान्यपराधपदानि, दण्डस्थानीया दुर्गतिप्राप्तिः, पूजास्थानीया स्वर्गादिसुखपरम्पराप्राप्तिः ।।१०७।।

ટીકાર્થ :-

द्वितीयः ..... परम्पराप्राप्तिः ।। બીજો પુરુષ કીડીના નગરાની અદૂરમાં તે ઘટને સ્થાપન કરીને મધ્ય મધ્યમાં અવલોકન કરતો નથી, તેથી સાકરની ગંધને સૂંઘવાથી આવેલી, મુદ્રાને છિદ્ર નહિ પાડતી

એવી કીડીઓ વડે તે=ઘટ, નીચેથી (ચાલણી કરાયો.) કાલથી=કંઈક કાળ પસાર થવાથી, જર્જરિત કરાયો, સર્વ પણ સાકર ભક્ષણ કરાઈ. ક્યારેક રાજા વડે તે બે પુરુષો પાસેથી ઘડો યાચના કરાયો, તેથી બંને વડે પણ લાવીને બંને ઘડા બતાવાયે છતે જે પુરુષ વડે ઘડાની રક્ષણામાં પ્રમાદ કરાયો તેને રાજા વડે દંડ કરાયો. આ=જેના વડે પ્રમાદ કરાયો તેને રાજાએ દંડ કર્યો એ કથન, ઉપલક્ષણ છે. તે કારણથી જે પુરુષે તેનું સમ્યક્ પાલન કર્યું તેની વિપુલ પૂજા કરાઈ=રાજા વડે સન્માન કરાયું, આ દૃષ્ટાંત છે. આ=આગળ કહેવાય છે એ, અર્થ ઉપનય છે – રાજાસ્થાનીય ગુરુઓ છે, પુરુષસ્થાનીય સાધુઓ છે, સાકરસ્થાનીય ચારિત્ર છે, ઘટસ્થાનીય આત્મા છે, મુદ્રાસ્થાનીય રજોહરણ છે, કીડીસ્થાનીય અપરાધપદો=અતિચારસ્થાનો છે, દંડસ્થાનીય દુર્ગતિની પ્રાપ્તિ છે, પૂજાસ્થાનીય સ્વર્ગાદિ સુખની પરંપરાની પ્રાપ્તિ છે. ॥૧૦૭॥

❖ 'द्वाभ्यामपि'માં 'अपि'થી એ કહેવું છે કે બંને પુરુષોમાંથી એક વડે તો ઘડો લાવીને બતાવાયો, પરંતુ બંને વડે પણ ઘડો લાવીને બતાવાયો.

ભાવાર્થ :-

રાજા વડે સાકરનો ઘડો અપાયેલો છે એવો બીજો પુરુષ તે ઘટને કીડીઓના નગરાથી બહુ દૂર નહિ તેવા સ્થાનમાં સ્થાપીને વચ્ચે વચ્ચે ક્યારેય તે ઘડાનું અવલોકન કરતો નથી, તેથી ઘડામાં રહેલી સાકરની ગંધથી આવેલી કીડીઓએ ઘડાને નીચેથી ચાલણી જેવો કર્યો અને ઘડાની ઉપર રાજાની મુદ્રા મજબૂત સીલવાળી હોવાથી તે જગ્યાએ ઘડામાં છિદ્રો પાડ્યાં નહિ. કાળ પસાર થતાં નીચેના ભાગમાંથી ઘડો જર્જરિત થઈ ગયો અને કીડીઓ વડે સર્વ પણ સાકર ભક્ષણ કરાઈ.

આ રીતે તે બંને પુરુષોએ શું કર્યું તે બતાવ્યું. હવે તે બેની પરીક્ષાનો અર્થી એવો રાજા તે બંને પુરુષો પાસેથી ઘડો માંગે છે ત્યારે તે બંને પુરુષોએ તે ઘડો લાવીને રાજાને આપ્યો. પ્રથમ પુરુષ રાજાએ જેવો ઘડો આપેલો તેવો સુરક્ષિત પાછો આપે છે, અને બીજો પુરુષ નીચેથી નષ્ટ થયેલો ઉપર મુદ્રાવાળો સાકર રહિત ઘડો પાછો આપે છે. બીજા પુરુષે ઘડાના રક્ષણમાં પ્રમાદ કરેલો, તેથી રાજા તેને શિક્ષા કરે છે. આટલું કથન મૂળગાથામાં છે. તેમાં પ્રમાદ કરનારને રાજા શિક્ષા કરે છે એ કથન ઉપલક્ષણ છે. તેથી તે કથનથી ઉપલક્ષિત થાય છે કે પ્રથમ પુરુષે ઘડાનું સમ્યક્ પાલન કરેલ, તેની રાજા વિપુલ પૂજા કરે છે અર્થાત્ સન્માન કરે છે.

આ કથનનો ઉપનય આ પ્રમાણે છે – રાજાસ્થાનીય ગુરુઓ છે અને પુરુષસ્થાનીય સાધુઓ છે. તેથી ગુરુઓ તે સાધુઓના આત્માને સાકરસ્થાનીય ચારિત્રથી ભરેલા એવા ઘટસ્થાનીય કરે છે, અને મુદ્રાસ્થાનીય રજોહરણ આપે છે; અને જે સાધુઓ સાકરસ્થાનીય ચારિત્રથી યુક્ત ઘટસ્થાનીય એવા પોતાના આત્માનું રક્ષણ કરે છે તેઓ કીડીસ્થાનીય અપરાધને સેવતા નથી, પરંતુ અપરાધો પ્રાપ્ત ન થાય તેને અનુરૂપ સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. તેથી જેમ પ્રથમ પુરુષ ઘડાને ક્ષાર લગાડે છે, કાંટાથી વીંટાળે છે અને અનાબાધ સ્થાનમાં રાખીને ત્રણ સંધ્યાએ જોતો તેનું સમ્યક્ પાલન કરે છે, તેમ જે સાધુઓ ગુરુએ આપેલા વ્રતોનું

રક્ષણ કરવા અર્થે અતિચારો ન લાગે તે રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, અને અતિચારોનું નિમિત્ત પ્રાપ્ત ન થાય તે રીતે સંયમનું પાલન કરે છે, અને કોઈ અતિચાર લાગ્યો નથી તેનું ત્રણ સંધ્યાએ નિરીક્ષણ કરે છે, તેઓનું ચારિત્ર સુરક્ષિત રહે છે. તેથી પ્રથમ પુરુષની રાજાએ જેમ પૂજા કરી તેમ આવા સાધુઓને સ્વર્ગાદિ સુખોની પરંપરાની પ્રાપ્તિ થાય છે.

વળી બીજા પુરુષ જેવા જે સાધુઓ ગુરુ પાસેથી સાકરસ્થાનીય ચારિત્રયુક્ત ઘટસ્થાનીય એવા પોતાના આત્માને પ્રાપ્ત કરે છે, અને મુદ્રાસ્થાનીય રજોહરણને ધારણ કરે છે, પરંતુ ત્યારપછી ચારિત્રના પાલન માટેની ઉચિત પ્રવૃત્તિઓ કરતા નથી, તેથી કીટીકાસ્થાનીય સંયમના અતિચારોરૂપ અપરાધપદોની પ્રાપ્તિ થાય છે. વળી તે અપરાધોને દૂર કરવા માટે બીજા પુરુષની જેમ ક્યારેય અવલોકન કરતા નથી, તેથી તેઓનું સાકરસ્થાનીય ચારિત્ર નાશ પામે છે, અને ચારિત્રયુક્ત એવો તેમનો ઘટસ્થાનીય આત્મા જર્જરિત થાય છે. તેથી મુદ્રાસ્થાનીય રજોહરણ માત્ર તેમની પાસે રહે છે. આથી જેમ બીજા પુરુષને રાજાએ શિક્ષા કરી, તેમ આવા સાધુઓને દંડસ્થાનીય દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. **॥૧૦૭॥**

અવતરણિકા :-

एतमेवोपनयं लेशत आह –

અવતરણિકાર્થ :-

આ જ ઉપનયને=ગાથા-૧૦૬-૧૦૭માં સાકરના બે ઘડાઓનું દૃષ્ટાંત બતાવ્યું તે દૃષ્ટાંતના જ ઉપનયને, લેશથી કહે છે –

ગાથા :-

निवसरिसो आयरिओ, लिंगं मुद्दा उ सक्करा चरणं ।
पुरिसा य हुंति साहू, चरित्तदोसा मुइंगाओ ।।१०८।।

અન્વયાર્થ :-

निवसरिसो आयरिओ=રાજા સરખા આચાર્ય છે, लिंगं मुद्दा=લિંગ મુદ્રા છે=સાધુનું લિંગ એ ઘડા ઉપર લગાડેલી મુદ્રા છે. उ=વળી, सक्करा चरणं=શર્કરા ચારિત્ર છે=સાકરસ્થાનીય ચારિત્ર છે, पुरिसा साहू हुंति=પુરુષો સાધુ છે=રાજા વડે અપાયેલા ઘડાવાળા પુરુષોસ્થાનીય સાધુ છે, य=અને, चरित्तदोसा मुइंगाओ=ચારિત્રના દોષો કીડીઓ છે=ચારિત્રના દોષોસ્થાનીય કીડીઓ છે. ।।૧૦૮।।

ગાથાર્થ :-

રાજા સરખા આચાર્ય છે, લિંગ મુદ્રા છે=સાધુનું લિંગ એ ઘડા ઉપર લગાડેલી મુદ્રા છે. વળી, શર્કરા ચારિત્ર છે=સાકરસ્થાનીય ચારિત્ર છે, પુરુષો સાધુ છે=રાજા વડે અપાયેલા ઘડાવાળા પુરુષોસ્થાનીય સાધુ છે, અને ચારિત્રના દોષો કીડીઓ છે=ચારિત્રના દોષોસ્થાનીય કીડીઓ છે. ।।૧૦૮।।

ટીકા :-

'निवसरिसो' त्ति गतार्था । नवरं 'मुइंगाः' कीटिकाः । यथा तस्य प्रमत्तपुरुषस्य मुद्रासद्भावेऽप्यधः-प्रविशन्तीभिः कीटिकाभिर्घटं विभज्य शर्करा विनाशिता, एवं साधोरपि प्रमादिनो रजोहरणमुद्रा-सद्भावेऽप्यपराधपदैरात्मनि जर्जरिते शर्करातुल्यं चारित्रं कालेन वा सद्यो वा विनाशमाविशति ।।१०८।।

ટીકાર્થ :-

'निवसरिसो' त्ति गतार्था । ..... विनाशमाविशति । 'निवसरिसो' એ પ્રમાણેની ગાથા ગતાર્થ છે=પ્રાપ્ત અર્થવાળી છે, તેથી ટીકા કરેલ નથી; ફક્ત ગાથામાં 'मुइंगाओ' શબ્દ છે તેનો અર્થ કીડીઓ છે. જે પ્રમાણે તે પ્રમત્ત પુરુષના ઘડાની મુદ્રાનો સદ્ભાવ હોવા છતાં પણ નીચેથી પ્રવેશ પામતી કીડીઓ વડે ઘટને વિભાજન કરીને સાકરને વિનાશ કરાઈ, એ રીતે રજોહરણરૂપ મુદ્રાનો સદ્ભાવ હોવા છતાં પણ પ્રમાદી એવા સાધુનો પણ આત્મા અપરાધપદો વડે જર્જરિત કરાયે છતે સાકર તુલ્ય ચારિત્ર કાલથી અથવા તરત વિનાશને પામે છે. ।।૧૦૮।।

❖ 'मुद्रासद्भावेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રમત્ત પુરુષના ઘડાની મુદ્રાનો સદ્ભાવ ન હોય તો તો કીડીઓ વડે સાકર વિનાશ કરાય, પરંતુ મુદ્રાનો સદ્ભાવ હોવા છતાં પણ સાકરનો કીડીઓ વડે નાશ કરાયો.

❖ 'साधोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રમાદી પુરુષના ઘડામાં રહેલી સાકર તો કીડીઓ વડે વિનાશ પામે છે, પરંતુ પ્રમાદી એવા સાધુનું પણ ચારિત્ર અપરાધપદો વડે વિનાશ પામે છે.

❖ 'रजोहरणमुद्रासद्भावेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે રજોહરણ રૂપ મુદ્રાનો સદ્ભાવ ન હોય તો તો ચારિત્ર વિનાશ પામે છે, પરંતુ રજોહરણરૂપ મુદ્રાનો સદ્ભાવ હોવા છતાં પણ અપરાધપદો વડે ચારિત્ર વિનાશ પામે છે.

ભાવાર્થ :-

ગાથા-૧૦૭ની ટીકામાં ટીકાકારે સાકરના ઘડાના દૃષ્ટાંતનો ઉપનય બતાવ્યો. હવે તે ઉપનય જ કંઈક અંશથી મૂળગાથામાં બતાવે છે, અને તેનો અર્થ પૂર્વની ગાથાની ટીકામાં ઉપનય કરેલો હોવાથી પ્રાપ્ત થઈ જાય છે, તેથી પ્રસ્તુત ગાથાની ટીકા ગ્રંથકારશ્રીએ કરેલ નથી. ફક્ત મૂળગાથામાં 'मुइंगाओ' શબ્દ છે તે કીડીઓના અર્થમાં છે તેટલું સ્પષ્ટ કરેલ છે, અને ગાથા-૧૦૭ની ટીકામાં જે ઉપનય કર્યો તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં 'यथा'થી કહે છે –

તેનાથી એ પ્રાપ્ત થયું કે જેમ તે પ્રમત્ત પુરુષે ઘડાનું સમ્યક્ રક્ષણ ન કર્યું તો ઘડાની નીચેથી પ્રવેશ પામતી કીડીઓ વડે ઘડા ઉપર મુદ્રા હોવા છતાં પણ ઘટનો વિભાગ કરીને સાકરનો વિનાશ કરાયો, એ રીતે જે સાધુ સંયમ ગ્રહણ કરીને પ્રમાદવાળા થાય છે તેઓ રજોહરણ ધારણ કરીને રાખે તોપણ અતિચારોથી તેઓનું ચારિત્ર નાશ પામે છે; તેમાં કેટલાકનું ચારિત્ર કંઈક કાળ પછી નાશ પામે છે અને કેટલાકનું ચારિત્ર સદ્ય નાશ પામે છે. માટે ગાથા-૧૦૫માં કોઈક પૂર્વપક્ષીએ પ્રશ્ન કરેલ કે જે સાધુ લિંગને ધારણ કરીને રહેલા છે તેઓને શ્રેણિબાહ્ય કેમ કહી શકાય ? તેનો ઉત્તર આપતાં સૂરિએ સાકરના બે ઘડાઓનું દૃષ્ટાંત છે તેમ કહ્યું, તેનાથી ફલિત થયું કે રજોહરણ ધારણ કરનારા સાધુ પણ જો અપરાધપદોથી આત્માનું રક્ષણ

ન કરે તો સાકર જેવું ચારિત્ર નાશ પામે છે. તેથી મુદ્રા જેવું સાધુનું લિંગ પાસે હોવા છતાં પણ તેઓ ચારિત્ર રહિત બને છે. ॥૧૦૮॥

अवतरणिका :-

तत्र कालेन यथा विनश्यति तथा दर्शयति –

अवतरणिकार्थ :-

ત્યાં=પૂર્વગાથા-૧૦૮ની ટીકામાં કહ્યું કે અપરાધ પદો વડે સાધુનું શર્કરાતુલ્ય ચારિત્ર કાલથી અથવા સદ્ય વિનાશને પામે છે. તે બે પ્રકારના વિનાશમાં, કાળથી જે પ્રમાણે વિનાશ થાય છે, તે પ્રમાણે બતાવે છે –

गाथा :-

एसणदोसे सीयइ, अणाणुतावी ण चेव वियडेइ ।
णेव य करेइ सोहिं, ण य विरमइ कालओ भस्से ।।१०९।।

अन्वयार्थ :-

एसणदोसे=એષણાદોષમાં, सीयइ=સિદાય છે=જે સાધુ સિદાય છે, अणाणुतावी=અનનુતાપી છે, ण चेव वियडेइ=અને વિકટન કરતા નથી જ=ગુરુ આગળ સ્વદોષોનું પ્રકાશન જે સાધુ કરતા નથી જ, य=અને, सोहिं=શુદ્ધિને, णेव करेइ=કરતા નથી જ, ण य विरमइ=વિરામ પામતા નથી=દોષોથી વિરામ પામતા નથી, कालओ भस्से=તે સાધુ કાળથી ભ્રંશ થાય છે=કેટલાક કાળે ચારિત્રથી ભ્રંશ થાય છે. ॥૧૦૯॥

गाथार्थ :-

એષણાદોષમાં જે સાધુ સિદાય છે, અનનુતાપી છે, અને ગુરુ આગળ સ્વદોષોનું પ્રકાશન કરતા નથી જ, અને શુદ્ધિને કરતા નથી જ, દોષોથી વિરામ પામતા નથી, તે સાધુ કેટલાક કાળે ચારિત્રથી ભ્રંશ થાય છે. ॥૧૦૯॥

टीका :-

'एसण' त्ति । एषणादोषेषु सीदति=तद्दोषदुष्टं भक्तपानं गृह्णातीत्यर्थः, एवं कुर्वन्नपि पश्चात्तापं करिष्यतीत्यत आह – अननुतापी पुरःकर्मादिदोषदुष्टाहारग्रहणादनुपश्चात्तप्तुं-हा दुष्ठु कृतं मयेत्यादिमानसिकतापं धर्तुं शीलमस्येत्यनुतापी न तथा अननुतापी, कथमेतद् ज्ञायते ? इत्याह - न चैव विकटयति=गुरूणां पुरतः स्वदोषं न प्रकाशयति, विकटयति वा परं तस्य शोधिं=प्रायश्चित्तं गुरुप्रदत्तं, नैव करोति, न च=नैव, अशुद्धाहारग्रहणाद्विरमति, एवं कुर्वन् कालतः=कियतापि कालेन, चारित्रात्परिभ्रश्येत् ।।१०९।।

ટીકાર્થ :-

एसणादोषेषु ..... चारित्रात्परिभ्रश्येत् ।। એષણાદોષોમાં સિદાય છે=એષણાદોષોથી દુષ્ટ એવા ભક્તપાનને સાધુ ગ્રહણ કરે છે, આ રીતે કરતા પણ=એષણાદોષોથી દુષ્ટ ભક્તપાનાદિને ગ્રહણ કરતા પણ, સાધુ પશ્ચાત્તાપને કરશે. એથી કહે છે=પશ્ચાત્તાપ કરશે તેઓ ચારિત્રથી ભ્રષ્ટ થશે નહિ. તેની વ્યાવૃત્તિ કરવા માટે કહે છે, અનનુતાપી=પુરઃકર્માદિ દોષથી દુષ્ટ આહારના ગ્રહણ પછી હા ! મારા વડે દુષ્ટ કરાયું ! ઇત્યાદિ માનસિક તાપ ધરવાનો સ્વભાવ છે આને, તે અનુતાપી, અને જે તેવો નથી તે અનનુતાપી. આ સાધુ અનનુતાપી છે તે કેમ જણાય ? એથી કહે છે – અને વિકટન કરતા નથી જ=ગુરુની આગળ સ્વદોષોને પ્રકાશન કરતા નથી જ, અથવા વિકટન કરે છે, પરંતુ તેની શુદ્ધિને=ગુરુ વડે અપાયેલ પ્રાયશ્ચિત્તને, કરતા નથી જ, અશુદ્ધ આહારના ગ્રહણથી વિરામ પામતા નથી જ, આ પ્રમાણે=પૂર્વમાં બતાવ્યું તેમ અશુદ્ધ આહારને ગ્રહણ કરે છે, અનનુતાપી છે, પ્રાયશ્ચિત્તને કરતા નથી અને અશુદ્ધ આહારથી વિરામ પામતા નથી એ રીતે, કરતા સાધુ કાળથી=કેટલાક પણ કાળથી, ચારિત્રથી ભ્રંશ થાય છે. ।।૧૦૯।।

❖ 'कुर्वन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે આ રીતે દોષોને સેવતા ન હોય તો તો ચારિત્રવાળા છે, પરંતુ પૂર્વમાં કહ્યું એવા એષણાદિ દોષોને સેવન કરતા પણ સાધુ પશ્ચાત્તાપ કરે તો ચારિત્રવાળા છે.

❖ 'कियतापि कालेन'માં 'अपि'થી એ કહેવું છે કે સાધુ તરત ચારિત્રભ્રંશ થતા નથી, પરંતુ કેટલાક પણ કાળથી ચારિત્રથી ભ્રંશ થાય છે.

ભાવાર્થ :-

પૂર્વગાથાની ટીકામાં કહ્યું કે જે સાધુઓ અપરાધપદોને સેવે છે, એમાંથી કેટલાક સાધુઓ કંઈક કાળ પછી ચારિત્ર રહિત થાય છે, અને કેટલાક સાધુઓ તરત ચારિત્ર રહિત થાય છે. તેમાંથી કેવા અતિચારને સેવનારા સાધુઓ કેટલાક કાળ પછી ચારિત્ર રહિત થાય છે ? તે બતાવે છે –

જેઓ સંયમના ઉત્તર ગુણરૂપ એષણાદોષોનું સેવન કરે છે અને સેવન કર્યા પછી પશ્ચાત્તાપ પણ કરતા નથી, અને તેના કારણે ગુરુની આગળ પોતાના દોષોનું પ્રકાશન કરતા નથી; વળી કેટલાક સાધુઓ દોષોને સેવ્યા પછી પશ્ચાત્તાપ કરીને ગુરુ આગળ પ્રકાશન કરે છે, પરંતુ ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તને કરતા નથી, અને અશુદ્ધ આહારના ગ્રહણથી વિરામ પામતા નથી, તેઓ કેટલોક કાળ પછી ચારિત્રથી રહિત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈક સાધુ સંયમમાં અભ્યુત્થિત હોય છતાં પ્રમાદને વશ ક્યારેક એષણાદિ દોષો સેવી લે ત્યાર પછી તેને પશ્ચાત્તાપ થાય, અને તેને કારણે ગુરુ આગળ પોતે સેવેલા દોષો યથાર્થ પ્રકાશન કરે, અને ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત સમ્યક્ પાલન કરે, અને અશુદ્ધ આહારના ગ્રહણથી વિરામ પામે, તો ચારિત્ર વિનાશ પામતું નથી; પરંતુ જેઓ એષણા દોષોને સેવીને પછી પશ્ચાત્તાપ કરતા નથી અને તેના કારણે થયેલા દોષો ગુરુને કહેતા નથી અથવા થયેલા દોષો ગુરુને કહે પણ ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત કરતા નથી અને દોષોના સેવનથી વિરામ પણ પામતા નથી, એવા સાધુઓનું ચારિત્ર કંઈક કાળ પછી અવશ્ય નાશ પામે છે.

અહીં વિશેષ એ છે કે આગળની ગાથામાં મૂળગુણની વિરાધના કરનારું ચારિત્ર સદ્ય નાશ પામે છે, તેમ કહેવાના છે. તેથી જેઓ એષણાદિ દોષો સેવે છે તેઓનું ચારિત્ર તરત નાશ પામતું નથી, તેનું કારણ તેઓ ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે, મૂળગુણની પ્રતિસેવના કરતા નથી. માટે ઉત્તરગુણની પ્રતિસેવનાનો પરિહાર નહિ કરવાને કારણે તેઓનું ચારિત્ર કંઈક કાળ પછી નાશ પામે છે. **॥૧૦૯॥**

અવતરણિકા :-

यस्तु मूलगुणान् विराधयति स सद्यः परिभ्रश्यति, अमुमेवार्थं सविशेषमाह –

અવતરણિકાર્થ :-

વળી જે સાધુ મૂળગુણોની વિરાધના કરે છે તે તરત ભ્રંશ થાય છે=ચારિત્ર રહિત થાય છે. આ જ અર્થને=મૂળગુણોની વિરાધના કરનાર સદ્ય ચારિત્રથી ભ્રંશ થાય છે એ જ અર્થને, સવિશેષ કહે છે= ઉત્તરગુણના પ્રતિસેવી કઈ રીતે ભ્રંશ પામે છે, તેને બતાવવા પૂર્વક વિશેષને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૦૮માં કહેલ કે અપરાધને સેવનારા પ્રમાદી સાધુનું ચારિત્ર કાળથી અથવા સદ્ય વિનાશ પામે છે, તેમાં કાળથી કોનું ચારિત્ર વિનાશ પામે છે, તે ગાથા-૧૦૯માં બતાવેલ; અને જે સાધુ મૂળગુણોની વિરાધના કરે છે, તે સાધુ તરત સંયમથી ભ્રંશ પામે છે એ અર્થને ઉત્તરગુણના પ્રતિસેવી કઈ રીતે વિનાશ પામે છે ? તેને બતાવવા પૂર્વક કહે છે, જેથી ઉત્તરગુણના પ્રતિસેવક કરતાં મૂળગુણના પ્રતિસેવકમાં શું વિશેષતા છે ? તેનો બોધ થાય છે. તે બતાવવા માટે 'આ જ અર્થને સવિશેષ કહે છે' એમ કહેલ છે.

ગાથા :-

मूलगुण उत्तरगुणे, मूलगुणेहिं तु पागडो होइ ।
उत्तरगुणपडिसेवी, संचयतोऽछेयओ भस्से ।।११०।।

અન્વયાર્થ :-

मूलगुण=મૂળગુણ પ્રતિસેવક, उत्तरगुणे=ઉત્તરગુણ પ્રતિસેવક, तु=વળી, मूलगुणेहिं=મૂળગુણોની પ્રતિસેવના વડે, पागडो होइ=પ્રગટ છે=ચારિત્રથી ભ્રંશ થાય છે એ પ્રગટ છે; उत्तरगुणपडिसेवी=ઉત્તરગુણપ્રતિસેવી, संचयतो=સંચયથી=ઘણા અપરાધોના સંચયથી, अछेयओ=અવ્યવચ્છેદને કારણે=અશુદ્ધ ગ્રહણના અવ્યવચ્છેદને કારણે, भस्से=ભ્રંશને પામે=ચારિત્રથી ભ્રંશને પામે. ।।૧૧૦।।

ગાથાર્થ :-

મૂળગુણ પ્રતિસેવક, ઉત્તરગુણ પ્રતિસેવક, વળી મૂળગુણોની પ્રતિસેવના વડે ચારિત્રથી ભ્રંશ થાય છે એ પ્રગટ છે; ઉત્તરગુણ પ્રતિસેવી ઘણા અપરાધોના સંચયથી અશુદ્ધ ગ્રહણના અવ્યવચ્છેદને કારણે ચારિત્રથી ભ્રંશને પામે. ।।૧૧૦।।

ટીકા :-

'मूलगुण'त्ति । इह प्रतिसेवको द्विधा– मूलगुणप्रतिसेवक उत्तरगुणप्रतिसेवकश्च, तत्र मूलगुण-प्रतिसेवनायां वर्त्तमानः प्रकट एव प्रतीयते यथा चारित्रात्परिभ्रश्यति, उत्तरगुणप्रतिसेवी तु 'सञ्चयेन' बह्वपराधमीलनेन योऽशुद्धग्रहणादेरव्यवच्छेदः-परिणामस्यानुपरमस्ततः 'भ्रश्येत्' चारित्रात्परिभ्रंशमाप्नुयात् ।।११०।।

ટીકાર્થ :-

इह प्रतिसेवको ..... भ्रंशमाप्नुयात् ।। અહીં=સંસારમાં, સંયમજીવનમાં વિપરીત આચરણા કરનાર બે પ્રકારના છે : મૂળગુણ પ્રતિસેવક અને ઉત્તરગુણપ્રતિસેવક. તેમાં=બે પ્રકારના પ્રતિસેવકોમાં, મૂળગુણની પ્રતિસેવનામાં વર્તતા સાધુ જે પ્રકારે ચારિત્રથી ભ્રંશ પામે છે તે પ્રકારે પ્રગટ જ પ્રતીત થાય છે. વળી ઉત્તરગુણના પ્રતિસેવી સંચયથી=બહુ અપરાધના મિલનથી, જે અશુદ્ધ ગ્રહણાદિનો અવ્યવચ્છેદ= પરિણામનો અનુપરમ, તેના કારણે ભ્રંશ પામે=ચારિત્રથી ભ્રંશને પામે. ।।૧૧૦।।

ભાવાર્થ :-

સંસારમાં સંયમ ગ્રહણ કરીને સંયમજીવનથી વિપરીત આચરણા કરનારા સાધુઓ બે પ્રકારના પ્રાપ્ત થાય છે : (૧) મૂળગુણપ્રતિસેવક અને (૨) ઉત્તરગુણપ્રતિસેવક.

(૧) મૂળગુણપ્રતિસેવક :- પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત, એમ છ વ્રત, તેના પ્રતિસેવક તે મૂળગુણના પ્રતિસેવક કહેવાય છે.

(૨) ઉત્તરગુણપ્રતિસેવક :- ભિક્ષાના દોષો કે સમિતિ આદિના દોષોને સેવનારા ઉત્તરગુણના પ્રતિસેવક કહેવાય છે.

આ બે પ્રકારના સાધુઓમાંથી જે સાધુઓ મૂળગુણની પ્રતિસેવના કરનારા છે, તેઓ જે પ્રમાણે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે, તે પ્રગટ જ પ્રતીત છે; કેમ કે સાધુનું સંયમજીવન મૂળગુણ ઉપર જીવે છે. તેથી મૂળગુણની આચરણા વિપરીત થાય તો ચારિત્ર નાશ પામે; અને જેઓ ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે, તેઓના ઉત્તરગુણોના અપરાધોનો સંચય થાય, અને અશુદ્ધ આહારાદિના ગ્રહણના પરિણામથી વિરામ પામેલ ન હોય તો તેઓ ચારિત્રથી ભ્રંશ પામે છે.

આનાથી એ ફલિત થાય કે ઉત્તરગુણના પ્રતિસેવી સાધુઓ ક્યારેક પ્રમાદને વશ થઈને ઉત્તરગુણની પ્રતિસેવના કરે, અને તેની શુદ્ધિ ન કરે, તો આ રીતે વારંવાર પ્રતિસેવન થવાને કારણે ઘણા અપરાધો એકઠા થાય છે. વળી તેઓને તેવા સંયોગો પ્રાપ્ત ન હોય તો ક્યારેક અશુદ્ધ આહાર ગ્રહણ ન પણ કરે, તોપણ જે પ્રકારના દોષો પોતે સેવે છે, તે પ્રકારના દોષો સેવવાનો તેમનો પરિણામ વિરામ પામ્યો ન હોય, તો બાહ્ય રીતે અશુદ્ધ ગ્રહણની પ્રવૃત્તિ ન હોય તોપણ ચારિત્રથી ભ્રંશ પામે છે. **॥૧૧૦॥**

અવતરણિકા :-

અત્રૈવાર્થે દૃષ્ટાન્તમાહ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થમાં=પૂર્વગાથા-૧૧૦ના ઉત્તરાર્દ્ધમાં કહ્યું કે ઉત્તરગુણપ્રતિસેવી ઘણા અપરાધોના સંચયથી ચારિત્રથી ભ્રંશ થાય છે. એ જ અર્થમાં, દૃષ્ટાંતને કહે છે=ગાથાના ઉત્તરાર્દ્ધમાં દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

અંતો ભયણા બાહિં, તુ ણિગ્ગએ તત્થ મરુગદિટ્ઠંતો ।
સંકરસરિસવસગડે, મંડવવત્થેણ દિટ્ઠંતો ।।૧૧૧।।

અન્વયાર્થ :-

અંતો ભયણા=અંદર ભજના છે=સંયમશ્રેણીમાં રહેલાને વંદનવિષયક ભજના છે, તુ=વળી, બાહિં ણિગ્ગએ=બહાર નીકળેલામાં=સંયમશ્રેણીથી બહાર નીકળેલા સાધુમાં કૃતિકર્મ નથી, તત્થ=ત્યાં=સંયમશ્રેણીથી બહાર નીકળેલા સાધુમાં કૃતિકર્મ નથી તેમાં, મરુગદિટ્ઠંતો=બ્રાહ્મણનું દૃષ્ટાંત છે.

ઉત્તરગુણપ્રતિસેવીમાં દૃષ્ટાંતો બતાવે છે –

સંકરસરિસવસગડે, મંડવવત્થેણ દિટ્ઠંતો=સંકર, સર્ષપ, શકટ, મંડપ, વસ્ત્ર વડે દૃષ્ટાંત છે=(૧) સંકર, (૨) શકટમાં સર્ષપનો પ્રક્ષેપ, (૩) મંડપમાં સર્ષપનો પ્રક્ષેપ, (૪) વસ્ત્ર : આ ચાર દૃષ્ટાંત છે. ।।૧૧૧।।

ગાથાર્થ :-

સંયમશ્રેણીમાં રહેલાને વંદનવિષયક ભજના છે. વળી સંયમશ્રેણીથી બહાર નીકળેલા સાધુમાં કૃતિકર્મ નથી, તેમાં બ્રાહ્મણનું દૃષ્ટાંત છે. ઉત્તરગુણપ્રતિસેવીમાં દૃષ્ટાંતો બતાવે છે –

(૧) સંકર, (૨) શકટમાં સર્ષપનો પ્રક્ષેપ, (૩) મંડપમાં સર્ષપનો પ્રક્ષેપ, (૪) વસ્ત્ર : આ ચાર દૃષ્ટાંત છે. ।।૧૧૧।।

ટીકા :-

'अंतो'त्ति । इह सम्बन्धानुलोम्यतः प्रथममुत्तरार्द्धं व्याख्यायते-सङ्करः=तृणादिकचवरः, तद्दृष्टान्तो यथा-आरामो सारणीए पाइज्जइ, तीए वहंतीए एगं तणं सयं लग्गं तं न अवणीयं, अन्नं लग्गं तं पि न अवणीयं, एवं बहूहिं लग्गंतेहिं तत्थ तेण आश्रयेण चिखल्लधूलीए संचओ जाओ, तेण संचएण तं पाणियं रुद्धं अन्नओ गंतुं पयट्टं, ताहे सो आरामो सुक्को, एवमभिक्खणमभिक्खणं उत्तरगुणपडिसेवाए अवराहसंचओ भवइ, तेण संजमजलं पवहमाणं निरुज्झइ, तओ चारित्तारामो सुक्कइ ।। सर्षपशकट-मण्डपदृष्टान्तो यथा-शकटे मण्डपे वा क्काप्येकः सर्षपः प्रक्षिप्तः, स तत्र मातः अन्यः प्रक्षिप्तः सोऽपि

मातः, एवं प्रक्षिप्यमाणैः प्रक्षिप्यमाणैः सर्षपैर्भविष्यति स सर्षपो यस्तं शकटं मण्डपं वा भङ्क्ष्यति । एवं चारित्रेऽप्यशुद्धाहारग्रहणादिरेकोऽपराधः प्रक्षिप्तः स तत्रावस्थितिं कृतवान्, द्वितीयः प्रक्षिप्तः सोऽप्यवस्थितः, एवमपरापरैरुत्तरगुणापराधैः प्रक्षिप्यमाणैर्भविष्यति स उत्तरगुणापराधो येन चारित्रं सर्वथा भङ्गमुपगच्छति ।। वस्त्रदृष्टान्तो यथा-वस्त्रे क्वचिदेकस्तैलबिन्दुः कथमपि लग्नः, स न शोधितस्तदाश्रयेण रेणपुद्गला अप्यवतस्थिरे, एवमन्यत्राप्यवकाशे तैलबिन्दुर्लग्नः, सोऽपि न शोधितः, एवमन्यान्यैस्तैलबिन्दुभिर्लगद्भिरप्यशोध्यमानैः सर्वमपि तद्वस्त्रं मलिनीभूतम् । एवं चारित्रवस्त्रमप्यपरापरैरुत्तरगुणापराधैरुपलिप्यमानमचिरादेव मलिनीभवतीति । तदेवमुत्तरगुणप्रतिसेवी कालेन चारित्रात्परिभ्रश्यतीति स्थितम् । अथ कृतिकर्मविषयं विशेषमाह - अन्तः=संयमश्रेणेर्मध्ये, कृतिकर्मकरणे भजना, अवमरात्निक आलोचनादौ कार्ये वन्द्यते अन्यदा तु न, आपन्नपरिहारिको न वन्द्यते, स पुनराचार्यान् वन्दते । संयत्योऽप्युत्सर्गतो न वन्द्यन्ते, अपवादतस्त्वपूर्वश्रुतस्कन्धधारिणी काचिन्महत्तरोद्देशसमुद्देशादिषु फेटावन्दनेन वन्द्यते । प्रत्येकबुद्धा जिनकल्पिकाः शुद्धपरिहारिणोऽप्रतिबद्धयथालन्दिकाश्च कृतिकर्मकार्ये सङ्घकुलादिकार्ये चानधिकारिण इत्यादिव्यवस्थासत्त्वाद् । बहिः=श्रेणेर्निर्गते, तु न कर्त्तव्यं कृतिकर्म, तत्र 'मरुकस्य' ब्राह्मणस्य दृष्टान्तः ।।१११।।

टीकार्थ :-

इह सम्बन्धानुलोम्यतः ..... दृष्टान्तः ।। અહીં=ગાથામાં, સંબંધના અનુલોમથી=પૂર્વગાથા-૧૧૦ના ઉત્તરાર્દ્ધમાં ઉત્તરગુણપ્રતિસેવી બહુ અપરાધોના સંચયથી ક્રમે કરીને ચારિત્રથી ભ્રંશ પામે છે તેમ કહ્યું. તેની સાથે સંબંધનું યોજન હોવાને કારણે, પ્રથમ ઉત્તરાર્દ્ધની=ગાથાના ઉત્તરાર્દ્ધની, વ્યાખ્યા કરાય છે – સંકર=તૃણાદિ કચરો, તેનું દૃષ્ટાંત છે=ઉત્તરગુણના પ્રતિસેવકમાં તેનું દૃષ્ટાંત છે. તે દૃષ્ટાંત 'યથા'થી બતાવે છે –

બગીચો સારણીથી પાણી પિવડાવાય છે, તે પાણીને વહન કરતી એવી તેમાં એક તણખલું સ્વયં લાગ્યું તેને દૂર કરાયું નહિ, અન્ય લાગ્યું તેને પણ દૂર કરાયું નહિ. આ રીતે ઘણાં તૃણ લાગવાથી ત્યાં=સારણીમાં, તેના આશ્રયથી=ઘણા તૃણસમૂહના આશ્રયથી, કાદવ-ધૂળનો સંચય થયો, તે સંચયથી તે પાણી રુંધાયું, અન્યથી=અન્ય માર્ગથી, જવાને પ્રવૃત્ત થયું, ત્યારે તે બગીચો સુકાયો. આ રીતે અભીક્ષ્ણ અભીક્ષ્ણ ઉત્તરગુણની પ્રતિસેવામાં અપરાધોનો સંચય થાય છે, તેથી વહેતું એવું સંયમરૂપી જલ નિરોધ પામે છે, તેથી ચારિત્રરૂપી બગીચો સુકાય છે.

ગાથાના ઉત્તરાર્દ્ધના સંકર દૃષ્ટાંતને બતાવ્યા પછી શકટમાં સર્ષપનો પ્રક્ષેપ અને મંડપમાં સર્ષપના પ્રક્ષેપના દૃષ્ટાંતને 'યથા'થી બતાવે છે –

શકટમાં અથવા મંડપમાં ક્યાંય પણ એક સર્ષપ પ્રક્ષેપ કરાયો, તે સર્ષપ તેમાં સમાયો, અન્ય

નંખાયો, તે પણ સમાયો. આ રીતે વારંવાર પ્રક્ષેપ કરાતા સર્ષપો વડે તે સર્ષપ થશે, જે શકટને અથવા તે મંડપને ભાંગશે.

એ રીતે ચારિત્રમાં પણ અશુદ્ધ આહારગ્રહણાદિ એક અપરાધ પ્રક્ષેપ કરાયો, તેણે=અપરાધે, ત્યાં=ચારિત્રીમાં, અવસ્થિતિને કરી, બીજો અપરાધ પ્રક્ષેપ કરાયો, તે પણ અવસ્થિત થયો, એ પ્રમાણે બીજા બીજા પ્રક્ષેપ કરાતા એવા ઉત્તરગુણના અપરાધો વડે તે ઉત્તરગુણનો અપરાધ થશે, જેના વડે ચારિત્ર સર્વથા ભંગને પામે છે.

હવે વસ્ત્રનું દૃષ્ટાંત 'યથા'થી બતાવે છે –

વસ્ત્રમાં કોઈક સ્થાનમાં એક તેલનું બિંદુ કોઈક રીતે પણ લાગ્યું, તે શોધન કરાયું નહિ, તેના આશ્રયણથી=તેલના બિંદુના આશ્રયણથી, ધૂળનાં પુદ્ગલો પણ અવસ્થિત થયાં=વસ્ત્ર ઉપર લાગ્યાં, એ રીતે અન્યત્ર પણ અવકાશમાં=વસ્ત્રના અન્ય ભાગમાં, તેલનું બિંદુ લાગ્યું તે પણ શોધન કરાયું નહિ. આ રીતે અન્ય અન્ય લાગતાં પણ નહિ શોધન કરાતાં તેલનાં બિંદુઓ વડે સર્વ પણ તે વસ્ત્ર મલિન થયું.

એ રીતે અપર અપર ઉત્તરગુણના અપરાધો વડે ઉપલિપ્યમાન એવું ચારિત્ર વસ્ત્ર પણ અલ્પકાળથી જ મલિન થાય છે. 'इति' શબ્દ ચારે દૃષ્ટાંતોની સમાપ્તિ માટે છે.

ચારે દૃષ્ટાંતોનું નિગમન 'तदेवं'થી કરે છે –

તે કારણથી આ રીતે=પૂર્વમાં ચાર દૃષ્ટાંતોથી ઉત્તરગુણના પ્રતિસેવી કઈ રીતે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે, તે બતાવ્યું એ રીતે, ઉત્તરગુણના પ્રતિસેવી સાધુ કાળથી=કેટલાક કાળથી, ચારિત્રથી ભ્રંશ થાય છે, એ પ્રમાણે સ્થિત છે.

હવે કૃતિકર્મના વિષયવાળા વિશેષને ગાથાના પૂર્વાર્ધથી કહે છે –

અંદર=સંયમશ્રેણીની મધ્યમાં, કૃતિકર્મકરણમાં ભજના છે; કેમ કે આલોચનાદિ કાર્યમાં નાના સાધુ વંદન કરાય છે, વળી અન્યદા નહિ; આપન્ન પરિહારક સાધુ વંદન કરાતા નથી, તે=આપન્ન પરિહારક સાધુ, વળી આચાર્યને વંદન કરે છે. સંયતી પણ ઉત્સર્ગથી વંદન કરાતી નથી, વળી અપવાદથી અપૂર્વશ્રુતસ્કંધને ધારણ કરનારી કોઈક મહત્તરા સાધ્વી ઉદ્દેશ સમુદ્દેશાદિમાં ફેટાવંદનથી વંદન કરાય છે. પ્રત્યેકબુદ્ધો, જિનકલ્પિકો, શુદ્ધપરિહારીઓ અને અપ્રતિબદ્ધ યથાલંદિક સાધુ કૃતિકર્મકાર્યમાં કે સંઘકુલાદિકાર્યમાં અનધિકારી છે ઇત્યાદિ વ્યવસ્થાનું સત્ત્વ છે. (એથી કૃતિકર્મ કરવામાં શ્રેણીમાં રહેલાને ભજના છે એમ અન્વય છે.) વળી બહાર=શ્રેણીથી નિર્ગત એવા સાધુમાં, કૃતિકર્મ ન કરવું જોઈએ. તેમાં=શ્રેણીબાહ્યને કૃતિકર્મ નહિ કરવામાં, બ્રાહ્મણનું દૃષ્ટાંત છે. ॥૧૧૧॥

❖ 'तृणादिकचवरः'માં 'आदि' પદથી ઝાડનાં પાંદડાં, ડાળી આદિનું ગ્રહણ કરવું.

❖ 'अन्नं लग्गं तं पि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રથમ તૃણ લાગ્યું તે તો દૂર ન કરાયું, પરંતુ બીજું લાગ્યું તે પણ દૂર ન કરાયું.

❖ 'सोऽपि मातः'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રથમ સર્ષપ તો સમાયો, પરંતુ બીજો પણ સર્ષપ સમાયો.

❖ 'चारित्रेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે મંડપમાં કે શકટમાં તો સર્ષપ સમાયો, પરંતુ ચારિત્રમાં પણ અપરાધ કરાયો તે ત્યાં સમાયો.

❖ 'अशुद्धआहारग्रहणादिः'માં 'आदि' પદથી અશુદ્ધ વસતિ આદિનું ગ્રહણ કરવું.

❖ 'रेणु पुद्गला अपि'માં 'अपि'થી એ કહેવું છે કે તેલબિંદુ તો અવસ્થિત રહ્યું, પરંતુ રેણુપુદ્ગલો પણ અવસ્થિત રહ્યાં.

❖ 'अन्यत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે વસ્ત્રમાં જે સ્થાને તેલબિંદુ લાગ્યું ત્યાં તો તેલબિંદુ રહ્યું, પરંતુ વસ્ત્રના અન્ય પણ ભાગમાં તેલબિંદુ લાગ્યું.

❖ 'सोऽपि न शोधितः'માં 'अपि'થી એ કહેવું છે કે પહેલું તેલબિંદુ તો શોધન ન કરાયું, પરંતુ બીજું પણ તેલબિંદુ શોધન ન કરાયું.

❖ 'लगद्भिरपि' અને 'सर्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે વસ્ત્રમાં તેલબિંદુ લાગતાં ન હોય તેનાથી વસ્ત્ર મલિન થતું નથી, પરંતુ લાગતાં પણ નહિ શોધન કરાતાં એવાં અન્ય અન્ય તેલબિંદુઓ વડે આખું પણ વસ્ત્ર મલિન થયું અર્થાત્ કોઈ એક ભાગમાં તો વસ્ત્ર મલિન થયું, પરંતુ આખું પણ વસ્ત્ર મલિન થયું.

❖ 'चारित्रवस्त्रमपि'માં 'अपि'થી એ કહેવું છે કે તેલબિંદુથી વસ્ત્ર તો મલિન થાય છે, એ રીતે ઉત્તરગુણના અપરાધો વડે ચારિત્રરૂપી વસ્ત્ર પણ મલિન થાય છે.

❖ 'आलोचनादौ'માં 'आदि' પદથી વાચનાનું ગ્રહણ કરવું.

❖ 'संयत्योऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે આપન્નપરિહારક તો વંદન કરાતા નથી, પરંતુ ઉત્સર્ગથી સંયતીઓ પણ વંદન કરાતી નથી.

❖ 'उद्देशसमुद्देशादिषु'માં 'आदि' પદથી અનુજ્ઞાનું ગ્રહણ કરવું.

❖ 'सङ्घकुलादिकार्ये'માં 'आदि' પદથી ગણાદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વની ગાથાના ઉત્તરાર્દ્ધમાં કહ્યું કે ઉત્તરગુણ પ્રતિસેવી બહુ અપરાધના સંચયથી ચારિત્રથી ભ્રંશ થાય છે, તે કથન સાથે સંબંધવાળાં દૃષ્ટાંતો પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્દ્ધમાં છે. તેથી તે સંબંધના અનુલોમથી પ્રથમ ટીકામાં ગાથાના ઉત્તરાર્દ્ધનું વ્યાખ્યાન કરે છે અને તેમાં ચાર દૃષ્ટાંતો બતાવ્યાં. તે દૃષ્ટાંતો પ્રમાણે ઉત્તરગુણના અપરાધથી ચારિત્રનો તત્કાલ નાશ થતો નથી, પરંતુ કંઈક કાલ પછી નાશ થાય છે.

તેથી એ ફલિત થાય કે જે સાધુ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત એ રૂપ મૂળગુણોમાં ઉદ્યમવાળા છે, અને તેના રક્ષણ માટે ઉત્તરગુણોનું પણ પાલન કરે છે, આમ છતાં ક્યારેક પ્રમાદવશ થઈને

કોઈક ઉત્તરગુણનો અપરાધ સેવે છે, અને તે અપરાધ થયા પછી તેના શોધનની ઉપેક્ષા કરે છે, અને આ રીતે વારંવાર નિમિત્તને પામીને ક્યારેક ક્યારેક અપરાધો થતા હોય તો તે સાધુનું ચારિત્ર ક્રમે કરીને નાશ પામે છે; પરંતુ જે સાધુ ઉત્તરગુણના અતિચારો પ્રત્યે સર્વથા નિરપેક્ષ છે, અને તેના પરિહાર માટે કોઈ યત્ન કરતા નથી અને સદા અપરાધમય જીવે છે, તેઓમાં ચારિત્રનો સંભવ નથી.

કલ્પભાષ્યમાં કૃતિકર્મનો અધિકાર ચાલે છે, તેથી તેને આશ્રયીને ગાથાના પૂર્વાર્ધમાં કૃતિકર્મવિષયક વિશેષને કહે છે –

જેઓ સંયમશ્રેણીમાં છે, તે બધાને વંદન કરવું એવો નિયમ નથી, પરંતુ તેમાં ભજના છે; અને તે ભજના બતાવે છે –

(૧) પોતાનાથી નાના પર્યાયવાળા સાધુ હોય અને ગીતાર્થ હોય તો તેની પાસે આલોચના કરવાની હોય કે સૂત્ર-અર્થ ગ્રહણ કરવાના હોય ત્યારે તે નાના પર્યાયવાળા સાધુ શાસ્ત્રવિધિ અનુસાર ઉદ્યમ કરનારા છે, તેથી સંયમશ્રેણીમાં છે; તેમને આલોચનાદિ કાર્યમાં મોટા સાધુ વંદન કરે છે, અન્યદા તે નાના સાધુને મોટા સાધુ વંદન કરતા નથી.

(૨) આપન્નપરિહારવાળા સાધુ વંદન કરાતા નથી અને આપન્નપરિહારવાળા સાધુ આચાર્યને વંદન કરે છે, આ પ્રકારની ભજના છે.

(૩) સાધ્વી પણ ઉત્સર્ગથી સાધુ દ્વારા વંદન કરાતી નથી, પરંતુ કોઈ સાધ્વી અપૂર્વ શ્રુતસ્કંધને ધારણ કરનારી હોય અને તેમની પાસેથી શ્રુતને ગ્રહણ કરવાનું હોય, ત્યારે ઉદ્દેશ-સમુદ્દેશાદિના પ્રસંગે અપવાદથી તે સાધ્વીઓ સાધુ દ્વારા ફેટાવંદનથી વંદન કરાય છે.

(૪) પ્રત્યેકબુદ્ધ, જિનકલ્પિક, શુદ્ધપરિહારી, અપ્રતિબદ્ધ યથાલંદિકો કૃતિકર્મ કાર્યમાં અને સંઘકુલાદિ કાર્યમાં અનધિકારી છે. તેથી તેઓ કોઈને વંદન કરતા નથી, પરંતુ અન્ય સાધુઓ તેઓને વંદન કરે છે, તે પ્રકારનો અર્થ અર્થથી જણાય છે.

વળી જે સાધુ સંયમશ્રેણીથી બહાર છે અર્થાત્ સાધુપણું લઈને પાસત્થાદિ સાથે વસે છે, તેથી સંયમશ્રેણીથી બહાર છે, તેઓને વંદન કરાય નહિ; અને સંયમશ્રેણીથી બહારને વંદન કરાય નહિ, તેમાં બ્રાહ્મણનું દૃષ્ટાંત છે, અને તે ગ્રંથકારશ્રી સ્વયં આગળની ગાથામાં બતાવે છે. **॥૧૧૧॥**

અવતરણિકા :-

તમેવાહ –

અવતરણિકાર્થ :-

તેને જ કહે છે=પૂર્વગાથા-૧૧૨ના અંતે કહ્યું કે શ્રેણીથી નિર્ગત સાધુને વંદન કરવું જોઈએ નહિ, તેમાં બ્રાહ્મણનું દૃષ્ટાંત છે. તેને જ પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

ગાથા :-

पक्कणकुले वसंतो, सउणीपारो वि गरहिओ होइ ।
इय गरहिआ सुविहिया, मज्झि वसंता कुसीलाणं ।।११२।।

અન્વયાર્થ :-

पक्कणकुले=માતંગકુળમાં, वसंतो=વસતો, सउणीपारो वि=ચૌદ વિદ્યાનો પારગામી પણ બ્રાહ્મણ, गरहिओ होइ=ગર્હિત થાય છે, इय=એ રીતે, कुसीलाणं मज्झि=કુશીલોની મધ્યમાં, वसंता सुविहिया=વસતા સુવિહિત સાધુઓ, गरहिआ=ગર્હિત થાય છે. ।।૧૧૨।।

ગાથાર્થ :-

માતંગકુળમાં વસતો ચૌદ વિદ્યાનો પારગામી પણ બ્રાહ્મણ ગર્હિત થાય છે, એ રીતે કુશીલોની મધ્યમાં વસતા સુવિહિત સાધુઓ ગર્હિત થાય છે. ।।૧૧૨।।

ટીકા :-

'पक्कण'त्ति । पक्कणकुलं=मातङ्गगृहं, तत्र वसन् शकुनीपारगोऽपि=चतुर्दशविद्यास्थानपारदृश्वाऽपि, द्विजो गर्हितो भवति । एवं सुविहिताः साधवः कुशीलानां मध्ये वसन्तो गर्हिता भवन्तीति, अतो न तेषु वस्तव्यं न वा कृतिकर्म विधेयम् ।।११२।।

ટીકાર્થ :-

पक्कणकुलं ..... विधेयम् ।। પક્કણકુલ=માતંગનું ઘર, તેમાં વસતો શકુનીપારગ પણ=ચૌદ વિદ્યાના સ્થાનને પાર પામનાર પણ, બ્રાહ્મણ ગર્હિત થાય છે, એ રીતે સુવિહિત સાધુઓ=સંયમની સુંદર આચરણા કરનારા સાધુઓ, કુશીલોની મધ્યમાં વસતા ગર્હિત થાય છે. એથી તેઓમાં=કુશીલોમાં, વસવું જોઈએ નહિ=સુસાધુઓએ વસવું જોઈએ નહિ, અથવા કૃતિકર્મ કરવું જોઈએ નહિ=કુશીલોમાં વસતા એવા સુસાધુઓને વંદન કરવું જોઈએ નહિ. ।।૧૧૨।।

❖ 'शकुनीपारगोऽपि' 'चतुर्दशविद्यास्थानपारदृश्वाऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચૌદ વિદ્યાના સ્થાનના પારને નહિ પામેલો બ્રાહ્મણ તો માતંગકુળમાં વસતો ગર્હિત થાય છે, પરંતુ ચૌદ વિદ્યાના સ્થાનના પારને પામેલો પણ બ્રાહ્મણ ગર્હિત થાય છે.

ભાવાર્થ :-

સામાન્યથી બ્રાહ્મણ શિષ્ટ કહેવાય છે, તેથી લોકો માટે આદરપાત્ર છે, તેમાં ચૌદવિદ્યા પારગામી બ્રાહ્મણ તો લોકોમાં વિશેષ રીતે આદરપાત્ર છે, આમ છતાં જો તે બ્રાહ્મણ માતંગના ઘરમાં વસે તો ગર્હિત થાય છે. તે રીતે સંયમના સર્વ આચારોમાં સારી રીતે ઉદ્યમ કરનારા સાધુઓ જો કુશીલ એવા પાસત્થાદિની સાથે વસે તો ગર્હિત થાય છે. આથી તેઓ સંયમના સુંદર આચારો પાળે તોપણ શ્રેણીથી બાહ્ય છે. માટે સાધુએ

કુશીલોની સાથે વસવું જોઈએ નહિ, આમ છતાં પ્રમાદદોષને કારણે કોઈ સાધુ પોતે સંયમમાં અભ્યુત્થિત હોય છતાં કુશીલોની સાથે વસતા હોય તો તેવા સાધુઓ શ્રેણીથી બાહ્ય છે. માટે તેઓને વંદન કરવું જોઈએ નહિ.

પૂર્વગાથાના અંતે કહેલ કે 'શ્રેણીથી બાહ્યને વંદન કરવું જોઈએ નહિ, તેમાં બ્રાહ્મણનું દૃષ્ટાંત છે' એ કથનથી ફલિત થાય છે કે 'કુશીલો સાથે વસતા સાધુ શ્રેણીથી બાહ્ય છે.' **॥૧૧૨॥**

અવતરણિકા :-

ननु पार्श्वस्थानां कृतिकर्म न कर्त्तव्यमिति भवद्भिरभिहितम्, तत्र पार्श्वस्थादीनां लक्षणं क्वचिदग्र-पिण्डभोजित्वादिस्वल्पदोषरूपं क्वचिच्च स्त्रीसेवादिमहादोषरूपमावश्यकादिशास्त्रेष्वभिधीयते, तदत्र वयं तत्त्वं न जानीमहे कस्य कर्त्तव्यं कस्य वा न ? इत्याशङ्कायां विषयविभागमुपदर्शयति –

અવતરણિકાર્થ :-

'ननु'થી કોઈક શંકા કરે છે - પાર્શ્વસ્થાને કૃતિકર્મ ન કરવું જોઈએ, એ પ્રમાણે તમારા વડે કહેવાયું, ત્યાં=તમારા તે કથનમાં, કોઈક સ્થાનમાં અગ્રપિંડ ભોજિત્વાદિ સ્વલ્પદોષરૂપ અને કોઈક સ્થાનમાં સ્ત્રીસેવાદિ મહાદોષરૂપ પાર્શ્વસ્થાદિનું લક્ષણ આવશ્યકાદિ શાસ્ત્રોમાં કહેવાયું છે, તે કારણથી= પાર્શ્વસ્થાદિનું લક્ષણ ક્વચિદ્ અલ્પદોષરૂપ તો ક્વચિદ્ મહાદોષરૂપ પ્રાપ્ત થાય છે તે કારણથી, અહીં= પાર્શ્વસ્થાદિને કૃતિકર્મના નિષેધના વિષયમાં, તત્ત્વને અમે જાણતા નથી અર્થાત્ કોને કૃતિકર્મ કરવું જોઈએ અને કોને કૃતિકર્મ ન કરવું જોઈએ એ પ્રકારના તત્ત્વને અમે જાણતા નથી, એ પ્રકારની આશંકામાં વિષયવિભાગને=કોને કૃતિકર્મ ન કરવું જોઈએ અને કોને કૃતિકર્મ કરવું જોઈએ ? એ રૂપ કૃતિકર્મના વિષયવિભાગને, બતાવે છે –

❖ 'अग्रपिण्डभोजित्वादिस्वल्पदोषरूपं'માં 'आदि' પદથી માલાપહૃતભોજિત્વાદિનું ગ્રહણ કરવું.

❖ 'स्त्रीसेवादिमहादोषरूपं'માં 'आदि' પદથી અન્ય મહાવ્રતોના વિરુદ્ધ આચરણનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૧૧૨માં કહ્યું કે પાસત્થાદિ કુશીલોની સાથે રહેનારા સાધુ ગર્હિત છે, માટે તેઓને વંદન ન કરાય. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે પાસત્થા સાધુને વંદન થાય નહિ. ત્યાં શંકા કરતાં કોઈ કહે છે કે પાસત્થાદિને વંદન કરવાનો તમે નિષેધ કરો છો, પરંતુ આવશ્યકાદિ શાસ્ત્રોમાં પાસત્થાદિ બે પ્રકારના કહેવાયા છે : (૧) સ્વલ્પદોષ સેવનારા અને (૨) મહાદોષ સેવનારા.

(૧) સ્વલ્પદોષ સેવનારા પાસત્થાઓ :- ગૃહસ્થે પોતાના માટે બનાવેલ ભોજન સામગ્રીમાંથી શરીરને અનુકૂળ એવાં ઉષ્ણભોજનાદિને અર્થે અગ્રપિંડ ગ્રહણ કરે છે અર્થાત્ ગૃહસ્થે તૈયાર કરેલી રસોઈમાંથી કોઈએ તેમાંથી ઉપયોગ કરેલો ન હોય તેવો આહાર ગ્રહણ કરે છે અથવા અન્ય અન્ય તેવા નાના દોષો સેવે છે, તેઓ સ્વલ્પદોષ સેવનારા પાસત્થા છે.

(२) **महादोष सेवनारा पासत्थाओ** :- સ્ત્રીને રાખે છે અથવા અન્ય મહાવ્રતોના દોષો સેવે છે, તેઓ મહાદોષ સેવનારા પાસત્થા છે.

તેથી કયા પાસત્થાને કૃતિકર્મ થાય ? અને કયા પાસત્થાને કૃતિકર્મ ન થાય ? તેનો વિભાગ અમને જણાતો નથી, આ પ્રકારની કોઈકની શંકામાં કયા પાસત્થાને વંદન થાય અને કયા પાસત્થાને વંદન ન થાય તેના વિષયવિભાગને ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

संकिन्नवराहपदे, अणाणुतावी य होइ अवरद्धे ।
उत्तरगुणपडिसेवी, आलंबणवज्जिओ वज्जो ।।११३।।

અન્વયાર્થ :-

संकिन्नवराहपदे=અપરાધપદોથી સંકીર્ણ, अवरद्धे अणाणुतावी=અપરાધ કરાયે છતે અનનુતાપી એવો य=જે, आलंबणवज्जिओ=આલંબનરહિત, उत्तरगुणपडिसेवी=ઉત્તરગુણપ્રતિસેવી, होइ=છે, वज्जो=તે વર્જ્ય છે=તે કૃતિકર્મમાં વર્જ્ય છે. ।।११३।।

❖ ગાથામાં 'यः' છે, તેથી 'सः' અધ્યાહાર છે.

ગાથાર્થ :-

અપરાધપદોથી સંકીર્ણ, અપરાધ કરાયે છતે અનનુતાપી એવો જે આલંબનરહિત ઉત્તરગુણપ્રતિસેવી છે, તે કૃતિકર્મમાં વર્જ્ય છે. ।।११३।।

ટીકા :-

'संकिन्न'त्ति । इह यो मूलगुणप्रतिसेवी स नियमादचारित्रीति कृत्वा स्फुटमेवावन्दनीय इति न तद्विचारणा, परं य उत्तरगुणविषयैर्बहुभिरपराधपदैः सङ्कीर्णः-शबलीकृतचारित्रः, अपरं च अपराधे= अशुद्धाहारग्रहणादावपराधे कृते, अननुतापी हा दुष्ठु कृतमित्यादि पश्चात्तापं यो न करोति, निःशङ्को निर्दयश्च प्रवर्त्तत इत्यर्थः, एवंविध उत्तरगुणप्रतिसेवी, यश्च आलम्बनेन=ज्ञानदर्शनचारित्ररूपविशुद्ध-कारणेन, वर्जितः कारणमन्तरेण प्रतिसेवत इत्यर्थः, सः वर्ज्यः=वर्जनीयः, कृतिकर्मकरणे ।।११३।।

ટીકાર્થ :-

इह यो ..... कृतिकर्मकरणे ।। અહીં=સંસારમાં, જે મૂળગુણપ્રતિસેવી છે તે નિયમથી અચારિત્રી છે, એથી કરીને સ્પષ્ટ જ અવંદનીય છે, એથી તેની વિચારણા નથી=મૂળગુણપ્રતિસેવી કેવો વંદનીય હોય અને કેવો વંદનીય ન હોય, તેની વિચારણા ગાથામાં નથી; પરંતુ ઉત્તરગુણના વિષયવાળા બહુ અપરાધપદો વડે જે સંકીર્ણ છે=શબલીકૃત ચારિત્રવાળા છે, અને વળી અપરાધ કરાયે છતે=અશુદ્ધ

આહારગ્રહણાદિ અપરાધ કરાયે છતે, અનનુતાપી છે=હા ! દુષ્ટ કરાયું, ઈત્યાદિ પશ્ચાત્તાપને જે કરતા નથી અર્થાત્ નિઃશંક અને નિર્દય પ્રવર્તે છે, આવા પ્રકારના ઉત્તરગુણપ્રતિસેવી છે, અને જે જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ વિશુદ્ધ કારણરૂપ આલંબનથી વર્જિત છે=કારણ વગર પ્રતિસેવા કરે છે, તે સાધુ કૃતિકર્મના કરણમાં વર્જનીય છે. ॥૧૧૩॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે સ્વલ્પદોષ સેવનારા અને મહાદોષ સેવનારા એવા બે પ્રકારના પાસત્થાઓ આવશ્યકાદિ શાસ્ત્રોમાં બતાવાયા છે. તેથી કોને વંદન થાય ? અને કોને વંદન ન થાય ? તે પ્રકારની શંકામાં વંદનના વિષયવિભાગને બતાવતાં કહે છે –

જે સાધુઓ સ્ત્રીસેવાદિ મહાદોષ સેવનારા છે, તેઓ મૂળગુણપ્રતિસેવી છે, તેઓને વંદન થાય નહિ અને તેની વિચારણા ગાથામાં કરેલ નથી; પરંતુ અલ્પદોષ સેવનારા એવા સાધુઓમાંથી પણ જેઓ ગાથામાં બતાવેલા અનનુતાપી આદિ ભાવોવાળા છે, તેઓ અવંદનીય છે.

હવે સ્વલ્પદોષ સેવનારા અવંદનીય કેવા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જેઓ ઉત્તરગુણના અપરાધો વારંવાર સેવીને ઘણા અપરાધપદોથી સંકીર્ણ ચારિત્રવાળા છે, વળી અપરાધો સેવીને પશ્ચાત્તાપ પણ કરતા નથી, પરંતુ નિઃશંકભાવથી અપરાધ સેવે છે=આ અપરાધથી મારા સંસારની વૃદ્ધિ થશે, તેવી જાતની કોઈ ચિંતા વગર નિઃશંકભાવથી અપરાધ સેવે છે, અને ષટ્કાયના પાલન પ્રત્યે નિર્દય હૈયાવાળા છે, તેથી અપરાધ સેવીને પશ્ચાત્તાપ કરતા નથી. આવા ઉત્તરગુણના પ્રતિસેવી સાધુઓ પણ જે અપરાધો સેવે છે, તે અપરાધો રત્નત્રયીની વૃદ્ધિના આલંબનથી અપવાદરૂપે સેવાયેલા નથી, પરંતુ પ્રમાદથી સેવાયેલા છે, તે સ્વલ્પદોષ સેવનારા એવા પણ પાસત્થાદિ સાધુ વંદન કરવા યોગ્ય નથી.

અહીં વિશેષ એ છે કે ઉત્તરગુણની પ્રતિસેવના કરનાર આલંબન સહિત હોય તો ઉત્તરગુણની પ્રતિસેવના અપવાદિક આચરણા હોવાને કારણે દોષરૂપ નથી, માટે તેઓ વંદનીય છે. વળી કોઈ સાધુ આલંબન રહિત ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે, તેઓનું ચારિત્ર મલિન હોવા છતાં થયેલા અતિચારો માટે અનુતાપી છે, માટે તેઓ પણ વંદનીય છે. **॥૧૧૩॥**

અવતરણિકા :-

शिष्यः प्राह-नन्वेवमर्थादापन्नम्-आलम्बनसहित उत्तरगुणप्रतिसेव्यपि वन्दनीयः, सूरिराह-न केवलमुत्तरगुणप्रतिसेवी मूलगुणप्रतिसेव्यप्यालम्बनसहितः पूज्यः, कथम्? इति चेदुच्यते –

અવતરણિકાર્થ :-

શિષ્ય કહે છે – આ રીતે=ગાથા-૧૧૩માં કહ્યું કે આલંબનરહિત ઉત્તરગુણપ્રતિસેવી જો અનનુતાપી હોય તો અવંદનીય છે એ રીતે, અર્થથી પ્રાપ્ત થયું.

શું પ્રાપ્ત થયું ? તે સ્પષ્ટ કરે છે –

આલંબનસહિત ઉત્તરગુણપ્રતિસેવી પણ વંદનીય છે, એ પ્રકારે અર્થથી પ્રાપ્ત થયું.

સૂરિ કહે છે – કેવલ ઉત્તરગુણપ્રતિસેવી નહિ, પરંતુ મૂળગુણપ્રતિસેવી પણ આલંબનસહિત પૂજ્ય છે. કેવી રીતે પૂજ્ય છે, એ પ્રમાણે શિષ્ય પૂછે તો સૂરિ વડે ગાથામાં કહેવાય છે –

❖ 'उत्तरगुणप्रतिसेव्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉત્તરગુણપ્રતિસેવી ન હોય તે તો વંદનીય છે, પરંતુ આલંબનસહિત એવા ઉત્તરગુણપ્રતિસેવી પણ વંદનીય છે.

❖ 'मूलगुणप्रतिसेव्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉત્તરગુણપ્રતિસેવી આલંબનસહિત તો પૂજ્ય છે, પરંતુ મૂળગુણપ્રતિસેવી પણ આલંબનસહિત પૂજ્ય છે.

ગાથા :-

हिट्ठट्ठाणठियो वी, पावयणिगणयट्ठाउ अधरे उ ।
कडजोगि जं निसेवइ, आदिणियंठु व्व सो पुज्जो ।।११४।।

અન્વયાર્થ :-

हिट्ठट्ठाणठियो वी=જઘન્ય સંયમસ્થાનમાં રહેલા પણ=મૂળગુણપ્રતિસેવી પણ, कडजोगी=कृतयोगी=ગીતાર્થ, अधरे उ=આત્યંતિક કારણ ઉપસ્થિત થયે છતે, पावयणिगणयट्ठाउ=પ્રાવચનિક અને ગણના અનુગ્રહ માટે, जं निसेवइ=જેને સેવે છે=જે વિરુદ્ધ આચારને સેવે છે, सो=તે, आदिणियंठु व्व=આદિ નિર્ગ્રંથની જેમ, पुज्जो=પૂજ્ય છે. ।।૧૧૪।।

ગાથાર્થ :-

જઘન્યસંયમસ્થાનમાં રહેલા પણ ગીતાર્થ, આત્યંતિક કારણ ઉપસ્થિત થયે છતે પ્રાવચનિક અને ગણના અનુગ્રહ માટે જે વિરુદ્ધ આચારને સેવે છે, તે આદિ નિર્ગ્રંથની જેમ પૂજ્ય છે. ।।૧૧૪।।

ટીકા :-

'हिट्ठ'त्ति। अधस्तनेषु=जघन्यसंयमस्थानेषु स्थितोऽपि=मूलगुणप्रतिसेव्यपीति भावः, कृतयोगी=गीतार्थः, प्रावचनिकस्य=आचार्यस्य, गणस्य च-गच्छस्यानुग्रहार्थं - अधरे=आत्यन्तिके कारणे समुपस्थिते, यन्निषेवते तन्नासौ संयमश्रेण्यामेव वर्त्तत इति कृत्वा पूज्यः, क इव ? इत्याह - आदिनिर्ग्रन्थ इव=पुलाक इव, तस्य ह्येतादृशी लब्धिर्यया चक्रवर्त्तिस्कन्धावारमप्यभिवादनादौ कुलादिकार्ये मृद्नीयाद्वा विनाशयेद्वा न च प्रायश्चित्तमाप्नुयात् ।।११४।।

टीकार्थ :-

अधस्तनेषु ..... प्रायश्चित्तमाप्नुयात् ।। અધસ્તન અર્થાત્ જઘન્ય સંયમસ્થાનોમાં રહેલા પણ= મૂળગુણપ્રતિસેવી પણ, કૃતયોગી=ગીતાર્થ, પ્રાવચનિકના=આચાર્યના, અને ગણના=ગચ્છના, અનુગ્રહ માટે આત્યંતિક કારણ ઉપસ્થિત થયે છતે જે સેવન કરે છે=જે પ્રતિસેવના કરે છે, તેમાં=તે પ્રતિસેવનામાં, આ=મૂળગુણપ્રતિસેવી ગીતાર્થ, સંયમશ્રેણિમાં જ વર્તે છે, એથી કરીને પૂજ્ય છે. કોની જેમ પૂજ્ય છે ? એથી કહે છે – આદિ નિર્ગ્રંથની જેમ=પુલાકનિર્ગ્રંથની જેમ, હી=જે કારણથી, તેની=પુલાકનિર્ગ્રંથની, આવા પ્રકારની લબ્ધિ છે=શક્તિ છે, જેના વડે=જે શક્તિ વડે, પુલાકનિર્ગ્રંથ અભિવાદનાદિ કુલાદિકાર્યોમાં ચક્રવર્તીના સૈન્યને પણ મર્દન કરે કે વિનાશ કરે અને પ્રાયશ્ચિત્તને પામે નહિ. ॥११४॥

❖ 'जघन्यसंयमस्थानेषु स्थितोऽपि=मूलगुणप्रतिसेव्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે મૂળગુણપ્રતિસેવી ન હોય તે તો પૂજ્ય છે, પરંતુ મૂળગુણપ્રતિસેવી પણ પૂજ્ય છે.

❖ 'चक्रवर्त्तिस्कन्धावारमपि'માં 'अपि'થી એ કહેવું છે કે અભિવાદનાદિ કુલાદિકાર્યમાં અન્યનો તો પુલાકનિર્ગ્રંથ વિનાશ કરે, પરંતુ ચક્રવર્તીની સેનાનો પણ વિનાશ કરે.

ભાવાર્થ :-

અવતરણિકામાં કહેલ કે આલંબન સહિત એવા મૂળગુણપ્રતિસેવી પણ સાધુ પૂજ્ય છે, તે કથન સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ સાધુ ગીતાર્થ હોય અને આચાર્યના કે ગચ્છના અનુગ્રહ માટે આત્યંતિક કારણ ઉપસ્થિત થાય તો પાંચ મહાવ્રતોથી વિરુદ્ધ એવા કૃત્યને કરે ત્યારે તે સાધુ સંયમશ્રેણીથી બહાર નથી, પરંતુ જઘન્ય સંયમસ્થાનમાં રહેલ છે અર્થાત્ તે સાધુ અપવાદિક આચરણા કરતા ન હોય ત્યારે ઊંચા સંયમસ્થાનમાં હોય, આમ છતાં આચાર્યાદિના અનુગ્રહ માટે વ્રતોની વિરુદ્ધ બાહ્ય આચરણા કરતા હોય ત્યારે જઘન્ય સંયમસ્થાનમાં વર્તે છે, તોપણ સંયમશ્રેણીમાં હોવાને કારણે પૂજ્ય છે.

જેમ –

પુલાકનિર્ગ્રંથ પાસે એવી લબ્ધિ છે કે આખી ચક્રવર્તીની સેનાને ચૂરી શકે, અને શાસનનું કોઈ એવું કાર્ય ઉપસ્થિત થાય ત્યારે ચક્રવર્તીની સેનાને ચૂરી નાખે તોપણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી; અને જ્યારે તે પુલાકનિર્ગ્રંથ ચક્રવર્તીની સેનાને ચૂરે છે, ત્યારે મૂળગુણપ્રતિસેવી છે, તોપણ સંયમશ્રેણીમાં છે.

તેમ –

અન્ય ગીતાર્થ પણ પ્રવચનના અર્થે કે ગચ્છના અર્થે મૂળગુણપ્રતિસેવન કરતા હોય ત્યારે સંયમશ્રેણીથી બહાર નથી, માટે પૂજ્ય છે. **॥११४॥**

અવતરણિકા :-

તથા ચાહ –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=ગાથા-૧૧૪માં કહ્યું કે પુલાકનિર્ગ્રંથ કુલાદિકાર્યમાં ચક્રવર્તીની સેનાને ચૂરે તોપણ પ્રાયશ્ચિત્ત પામતા નથી તે રીતે, કહે છે –

ગાથા :-

कुणमाणो वि य कडणं, कयकरणो णेव दोसमब्भेइ ।
अप्पेण बहुं इच्छइ, विसुद्ध आलंबणो समणो ।।११५।।

અન્વયાર્થ :-

य=અને, कडणं कुणमाणो वि=મર્દનને કરતા પણ=સેનાના મર્દનને કરતા પણ, कयकरणो=કૃતકરણ=પુલાકનિર્ગ્રંથ, दोसमब्भेइ णेव=દોષને પામતા નથી જ (જે કારણથી), विसुद्ध आलंबणो समणो=વિશુદ્ધ આલંબનવાળા એવા આ શ્રમણ, अप्पेण=અલ્પ વડે=અલ્પસંયમના વ્યય વડે, बहुं=બહુસંયમના લાભને, इच्छइ=ઈચ્છે છે. ।।૧૧૫।।

ગાથાર્થ :-

અને સેનાના મર્દનને કરતા પણ પુલાકનિર્ગ્રંથ દોષને પામતા નથી જ, જે કારણથી વિશુદ્ધ આલંબનવાળા એવા આ શ્રમણ અલ્પસંયમના વ્યય વડે બહુસંયમના લાભને ઈચ્છે છે. ।।૧૧૫।।

ટીકા :-

'कुणमाणो वि य'त्ति। कडणं=कटकमर्दं, कुर्वाणोऽपि कृतकरणः=पुलाको, नैव स्वल्पमपि दोषं अभ्येति=प्राप्नोति, कुतः ? इत्याह-यतोऽसौ श्रमणो विशुद्धालम्बनः सन्नल्पेन संयमव्ययेन बहुसंयमलाभमिच्छति ।।११५।।

ટીકાર્થ :-

'कडणं' ..... लाभमिच्छति ।। મર્દનને=સેનાના મર્દનને, કરતા પણ કૃતકરણ=પુલાકનિર્ગ્રંથ, થોડા પણ દોષને પ્રાપ્ત કરતા નથી જ, કેમ થોડા પણ દોષને પામતા નથી ? એથી કહે છે - જે કારણથી આ શ્રમણ=પુલાકશ્રમણ, વિશુદ્ધ આલંબનવાળા છતાં અલ્પસંયમના વ્યયથી=બાહ્ય રીતે જીવોની હિંસારૂપ અલ્પસંયમના વ્યયથી અથવા મૂળગુણપ્રતિસેવનકાળમાં જઘન્ય સંયમસ્થાનમાં પ્રસર્પણરૂપ અલ્પસંયમના વ્યયથી, બહુસંયમના લાભને ઈચ્છે છે=સુસાધુના સંયમરક્ષણાદિ દ્વારા પોતાને ઘણા સંયમની પ્રાપ્તિ થશે એ રૂપ બહુસંયમના લાભને ઈચ્છે છે. ।।૧૧૫।।

❖ 'कुर्वाणोऽपि' 'स्वल्पमपि'માં 'अपि'થી એ કહેવું છે કે પુલાકનિર્ગ્રંથ સેનાનું ઉપમર્દન કરતા ન હોય ત્યારે તો દોષને પામતા નથી, પરંતુ સેનાના મર્દનને કરતા પણ સ્વલ્પ પણ દોષને પામતા નથી અર્થાત્ અધિક દોષને તો પામતા નથી, પરંતુ સ્વલ્પ પણ દોષને પામતા નથી.

ભાવાર્થ :-

તેવા કોઈક કુલાદિકાર્યના પ્રયોજન અર્થે પુલાક સાધુ વિશુદ્ધ આલંબનવાળા હોય, અને તે કાર્યની શુદ્ધિ સેનાના મર્દન વગર અશક્ય જણાય ત્યારે સેનાના મર્દનને કરતા હોય, તોપણ તે મૂળગુણપ્રતિસેવનાકૃત સ્વલ્પ પણ કર્મબંધરૂપ દોષને પામતા નથી; કેમ કે તે પુલાક સાધુ અલ્પસંયમના વ્યયથી ઘણા સંયમના લાભને ઇચ્છે છે.

આશય એ છે કે શાસનના કાર્ય અર્થે પુલાક સાધુ સેનાનું ઉપમર્દન કરે તે વખતે જીવોની હિંસા થાય તે અલ્પસંયમનો વ્યય છે, અને તેનાથી સાધુઓના સંયમનું રક્ષણ થાય છે, અને તે સંયમના રક્ષણથી સાધુઓ શીઘ્ર સંસારનો અંત કરશે ત્યારે તે સાધુના મોક્ષગમનથી ચૌદે રાજલોકમાં અમારિપડહ વાગશે, અને મોક્ષગમન ન થાય ત્યાં સુધી પણ તે સાધુઓ ઉત્તર ઉત્તર સંયમ પાળીને ઘણી અહિંસાનું પાલન કરશે, તેથી સેનાના જીવોની હિંસાની સંખ્યા કરતાં ઘણી અહિંસાની પ્રાપ્તિ થાય છે. વળી જો તે સાધુઓના સંયમનું રક્ષણ કરવામાં ન આવે તો કદાચ તેઓ આર્ત્તધ્યાનાદિ દ્વારા દીર્ઘ સંસાર પરિભ્રમણ કરે, જેથી ઘણી હિંસાની પ્રાપ્તિ થાય, અને તે સાધુઓના સંસારના પરિભ્રમણથી થતી ઘણી હિંસાના ભોગે સેનાના અલ્પજીવોના રક્ષણની પ્રાપ્તિ થાય, જે અનિષ્ટ છે. માટે પુલાક સાધુ સેનાના જીવોની હિંસારૂપ અલ્પસંયમના વ્યય દ્વારા સાધુઓના સંયમના પાલનથી થતી ઘણી અહિંસારૂપ ઘણા સંયમને ઇચ્છે છે, એમ કહેલ છે.

અથવા

શાસનના કાર્ય અર્થે સેનાનું ઉપમર્દન કરતી વખતે પુલાક સાધુ પોતે જે સંયમના ઊંચા કંડકમાં હતા તે સંયમના નીચા કંડકમાં આવે છે, તેથી પોતાના અલ્પસંયમનો વ્યય છે અર્થાત્ પૂર્વમાં પુલાક સાધુનું ઉપશાંત ચિત્ત હતું અને સેનાના ઉપમર્દનકાળમાં પ્રશસ્ત કષાયથી આકુળ ચિત્ત છે. તેથી તે પુલાક સાધુને પૂર્વના સંયમ કરતાં સેનાના મર્દનકાળમાં અધોસંયમની પ્રાપ્તિ હોવાથી અલ્પસંયમનો વ્યય તો છે, તોપણ તે અલ્પસંયમના વ્યય દ્વારા ઘણા સંયમને પ્રાપ્ત કરશે; કેમ કે સંયમીના સંયમના રક્ષણના અધ્યવસાયથી બંધાયેલા ઉત્તમ પુણ્યને કારણે તે પુલાક સાધુને જન્માંતરમાં મહાસંયમની પ્રાપ્તિ થશે, જેથી તે પુલાક સાધુ શીઘ્ર મોક્ષને પામશે. માટે પુલાક સાધુ અલ્પસંયમના વ્યયથી ઘણા સંયમને ઇચ્છે છે, તેમ કહેલ છે. **॥૧૧૫॥**

અવતરણિકા :-

અમુમેવાર્થં સમર્થયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=ગાથા-૧૧૫માં કહ્યું કે સેનાનું ઉપમર્દન કરતા પણ પુલાક સાધુ સ્વલ્પ પણ દોષને પામતા નથી, એ જ અર્થને, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

संजमहेउं अजयत्तणं पि ण हु दोसकारगं बिंति ।
पायण वोच्छेयं वा, समाहिकारो वणादीणं ।।११६।।

અન્વયાર્થ :-

संजमहेउं अजयत्तणं पि=संयमना हेतु એવા અયતનાપણાને પણ, ण हु दोसकारगं बिंति=દોષકારક કહેતા નથી જ, (જે પ્રમાણે), समाहिकारो=વૈદ્ય, वणादीणं पायणं वोच्छेयं वा=વ્રણાદિનું પાચન અથવા વિચ્છેદન કરે છે તે દોષકારક નથી. ।।૧૧૬।।

ગાથાર્થ :-

સંયમના હેતુ એવા અયતનાપણાને પણ દોષકારક કહેતા નથી જ, (જે પ્રમાણે) વૈદ્ય વ્રણાદિનું પાચન અથવા વિચ્છેદન કરે છે તે દોષકારક નથી. ।।૧૧૬।।

ટીકા :-

'संजमहेउं'ति । प्रावचनिकादेः प्राणव्यपरोपणाद्युपद्रवरक्षणेन यः संयमस्तद्धेतोस्तन्निमित्तं पुलाकादेरयतत्वमपि नहि=नैव, दोषकारकं ब्रुवते, यथा समाधिकारः वैद्यो व्रणादीनां यत्तथाविधौषध-प्रलेपनेन पाचनं यच्च शस्त्रादिना विच्छेदनं यद्वा व्यवच्छेदं=लङ्घनं, कारयति तत्तदानीं पीडाकरमपि परिणामसुन्दरमिति कृत्वा न दोषावहम्, एवमिदमपीति ।।११६।।

ટીકાર્થ :-

प्रावचनिकादेः ..... एवमिदमपीति ।। પ્રાવચનિકાદિના=આચાર્ય આદિના, પ્રાણવ્યપરોપણ આદિ ઉપદ્રવના રક્ષણ વડે જે સંયમ છે=જે સંયમનું રક્ષણ છે, તેના હેતુથી=તેના નિમિત્તે, પુલાકાદિના અયતપણાને પણ શાસ્ત્રકાર દોષકારક કહેતા નથી જ, જે પ્રમાણે સમાધિકાર એવા વૈદ્ય=રોગીને સમાધિ કરનાર એવા વૈદ્ય, વ્રણાદિના તથાવિધ ઔષધના પ્રલેપન દ્વારા જે પાચન કરે છે અને શસ્ત્રાદિ દ્વારા જે વિચ્છેદન કરે છે અથવા વ્રણાદિના નાશ અર્થે જે વ્યવચ્છેદને=લાંઘણને, કરાવે છે, તે=પાચન કે શસ્ત્ર દ્વારા વિચ્છેદન અથવા લાંઘણ, ત્યારે પીડાકર હોવા છતાં પણ પરિણામસુંદર છે, એથી કરીને દોષાવહ નથી=દોષને લાવનાર નથી. એ રીતે=વૈદ્યના પાચનાદિ દોષાવહ નથી એ રીતે, આ પણ=પુલાકનું અયતપણું પણ, દોષાવહ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૧૬।।

❖ 'प्रावचनिकादेः'માં 'आदि' પદથી ગણનું ગ્રહણ કરવું.

❖ 'प्राणव्यपरोपणाद्युपद्रवरक्षणेन'માં 'आदि' પદથી અન્ય ઉપદ્રવો ગ્રહણ કરવા.

❖ 'पुलाकादेः'માં 'आदि' પદથી લબ્ધિસંપન્ન કે શક્તિસંપન્ન સાધુનું ગ્રહણ કરવું.

❖ 'अयतत्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રાવચનિકાદિના રક્ષણ અર્થે પુલકાદિનું યતપણું તો દોષરૂપ નથી, પરંતુ અયતપણું પણ દોષરૂપ નથી.

❖ 'व्रणादीनां'માં 'आदि' પદથી અન્ય રોગોનું ગ્રહણ કરવું.

❖ 'शस्त्रादिना'માં 'आदि' પદથી ક્ષાર આદિનું ગ્રહણ કરવું.

❖ 'पीडाकरमपि'માં 'अपि'થી એ કહેવું છે કે વૈદ્યના પીડાકર ન હોય તેવા પ્રયોગો તો દોષાવહ નથી, પરંતુ વૈદ્યના પીડાકર પણ પ્રયોગો દોષાવહ નથી.

❖ 'एवमिदमपि'માં 'अपि'થી એ કહેવું છે કે વૈદ્યનું તો પાચનાદિ દોષાવહ નથી, પરંતુ પુલકાદિનું અયતપણું પણ દોષાવહ નથી.

ભાવાર્થ :-

કોઈક આચાર્ય આદિને રાજા આદિથી પ્રાણનાશ આદિ ઉપદ્રવ પ્રાપ્ત થાય તેમ હોય તેનું રક્ષણ કરવામાં આવે તો આચાર્ય આદિનું સંયમ સુરક્ષિત રહે, અને તેમના સંયમને સુરક્ષિત રાખવા માટે પુલાક આદિ સાધુ ઉપદ્રવ કરનારથી આચાર્યાદિનું રક્ષણ કરવા અર્થે યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે, પરંતુ તે ઉપદ્રવ કરનાર રાજા આદિ સમજાવવાથી પણ શાંત થાય તેવા ન હોય તો અયતનાપૂર્વક તેના નાશ માટે પણ યત્ન કરે, તોપણ પુલાકાદિ સાધુનો તે પ્રયત્ન દોષરૂપ નથી.

જેમ – રોગીને સમાધિ કરનાર એવા સુવૈદ્ય રોગીને થયેલ વ્રણાદિના પાચન માટે તેવા પ્રકારના ઔષધનું પ્રલેપન કરે જેનાથી વ્રણાદિનું પાચન થવાથી તત્કાલ રોગીને પીડા થાય, વળી જરૂર જણાય તો શસ્ત્રાદિથી વ્રણાદિને કાપે પણ ખરા જેનાથી રોગીને તત્કાલ પીડા થાય, અથવા ગાથામાં 'वोच्छेयं' કહ્યું, તેનો બીજી રીતે અર્થ કરતાં કહે છે કે રોગીને લાંઘણ કરાવે જેનાથી રોગીને પીડા થાય, તોપણ તે પીડા સુંદર પરિણામ લાવનાર હોવાથી દોષાવહ નથી.

તેમ – રાજા આદિના વિનાશ માટે પુલાકાદિ સાધુનું અયતનાપણું પણ પરિણામે સંયમીના સંયમના રક્ષણનો હેતુ હોવાથી દોષાવહ નથી. **॥૧૧૬॥**

અવતરણિકા :-

अथ परस्याभिप्रायमाशङ्कमान आह –

અવતરણિકાર્થ :-

હવે પરના અભિપ્રાયની આશંકા કરતા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પુલાકાદિ સાધુ આચાર્યાદિના રક્ષણ અર્થે સેના આદિનો વિનાશ કરે તે દોષરૂપ નથી, એ કથનમાં પરનો અભિપ્રાય શું થઈ શકે ? તેની આશંકા કરતા એવા ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં પરની આશંકાને બતાવે છે –

ગાથા :-

तत्थ भवे जइ एवं, अण्णं अण्णेण रक्खए भिक्खू ।
अस्संजया वि एवं, अण्णं अण्णेण रक्खंति ।।११७।।

અન્વયાર્થ :-

તત્થ=અનંતર ગાથામાં કહેવાયેલો અર્થ કહેવાયે છતે=ગાથા-૧૧૬માં કહેવાયું કે આચાર્યાદિના પ્રાણરક્ષણ અર્થે પુલાકાદિનું અયતપણું દોષકર નથી એ અર્થ કહેવાયે છતે, ભવે=થાય=પરનો અભિપ્રાય થાય. એવં=આ રીતે=પૂર્વગાથામાં કહેવાયું એ રીતે, જઇ=જો, ભિક્ખૂ=પુલાકાદિ સાધુ, અણ્ણં=અન્યને=આચાર્યને, અણ્ણેણ=અન્ય વડે=સેનાદિના વિનાશ વડે, રક્ખએ=રક્ષણ કરે છે, એવં=તો એ રીતે=પુલાકાદિ જે રીતે અન્યના ભોગે અન્યનું રક્ષણ કરે છે એ રીતે, અસ્સંજયા વિ=અસંયતો પણ=ગૃહસ્થો પણ, અણ્ણેણ=અન્ય વડે=અન્યના નાશ વડે, અણ્ણં રક્ખંતિ=અન્યનું રક્ષણ કરે છે. ।।૧૧૭।।

ગાથાર્થ :-

અનંતર ગાથામાં કહેવાયેલો અર્થ કહેવાયે છતે પરનો અભિપ્રાય થાય – પૂર્વગાથામાં કહેવાયું એ રીતે જો પુલાકાદિ સાધુ અન્યને અન્ય વડે રક્ષણ કરે છે, તો એ રીતે ગૃહસ્થો પણ અન્ય વડે અન્યનું રક્ષણ કરે છે. ।।૧૧૭।।

ટીકા :-

'तत्थ'त्ति । तत्र=इत्यनन्तरोक्तेऽर्थेऽभिहिते सति, भवेत् परस्याभिप्राय इति वाक्यशेषः, यद्येवं भिक्षुः=पुलाकादिः, अन्यं=आचार्यादिकं, अन्येन=स्कन्धावारादिना कृत्वा रक्षति एकस्य विनाशेनापरं पालयतीति भावः, तत एवं असंयताः=गृहस्था अप्यन्यमन्येन रक्षन्त्येव, अतो न कश्चिदसंयतानां संयतानां च प्रतिविशेषः ।।११७।।

ટીકાર્થ :-

'तत्र' इत्यनन्त ..... प्रतिविशेषः ।। તે હોતે છતે=અનંતર ગાથામાં કહેવાયેલ અર્થ કહેવાયે છતે, પરનો અભિપ્રાય થાય. ગાથામાં પરનો અભિપ્રાય એ અંશ 'भवे' પછી અધ્યાહાર છે, એ બતાવવા માટે ટીકામાં 'परस्याभिप्राय इति वाक्यशेषः' કહેલ છે.

અને તે પરનો અભિપ્રાય શું છે ? તે સ્પષ્ટ કરે છે –

જો આ રીતે=પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, પુલાકાદિ ભિક્ષુ અન્ય એવા આચાર્યાદિકને અન્ય દ્વારા=સેના આદિ દ્વારા=સેના આદિના વિનાશ દ્વારા રક્ષણ કરે છે અર્થાત્ એકના વિનાશ દ્વારા અપરનું પાલન કરે છે, તો એ રીતે અસંયતો=ગૃહસ્થો પણ, અન્ય દ્વારા=અન્યના વિનાશ દ્વારા,

અન્યનું=સ્વકુટુંબ આદિનું, રક્ષણ કરે જ છે, આથી અસંયત અને સંયતમાં કોઈ ભેદ નથી. ॥૧૧૭॥

❖ 'स्कन्धावारादिना'માં 'आदि' પદથી રાજા આદિનું ગ્રહણ કરવું.

❖ 'गृहस्था अपि'માં 'अपि'થી એ કહેવું છે કે સાધુ તો એકના વિનાશથી અન્યનું પાલન કરે છે, પરંતુ ગૃહસ્થો પણ એકના વિનાશથી અન્યનું પાલન કરે છે.

ભાવાર્થ :-

ગાથા-૧૧૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પ્રાણવ્યપરોપણ આદિ ઉપદ્રવથી આચાર્યાદિના રક્ષણ અર્થે પુલાકાદિની અયતનાપૂર્વકની પ્રવૃત્તિ પણ દોષકારી નથી. આ પ્રમાણે કહેવાયે છતે પરને શું અભિપ્રાય થઈ શકે ? તે અભિપ્રાય જ સ્પષ્ટ કરે છે –

જો પુલાકાદિ સાધુ સેનાના વિનાશ દ્વારા આચાર્યાદિનું રક્ષણ કરે છે તો એ રીતે ગૃહસ્થો પણ પૃથ્વી આદિના આરંભ સમારંભરૂપ વિનાશ વડે કુટુંબ આદિનું રક્ષણ કરે છે, તેથી સાધુની અને ગૃહસ્થોની બન્નેની પ્રવૃત્તિમાં કોઈ ભેદ પ્રાપ્ત થશે નહિ. આ પ્રકારની શંકા કરીને પરને એ કહેવું છે કે ગૃહસ્થો કરતાં સંયમી જુદા પ્રકારના હોય છે, તેથી ગૃહસ્થોની જેમ સંયમી હિંસા કરે નહિ. માટે આચાર્યાદિના રક્ષણ માટે સેનાનો નાશ કરવો તે પુલાકસાધુ માટે ઉચિત નથી, પરંતુ સર્વ ઉદ્યમથી અહિંસામાં જ યત્ન કરવો ઉચિત છે. **॥૧૧૭॥**

અવતરણિકા :-

एवं परेणोक्ते सूरिराह –

અવતરણિકાર્થ :-

આ રીતે પર વડે કહેવાયે છતે=ગાથા-૧૧૭માં કહ્યું એ રીતે જો પુલાકાદિ સાધુ એકના વિનાશ દ્વારા અન્યનું રક્ષણ કરે છે, તો ગૃહસ્થ અને સાધુનો કોઈ ભેદ રહેશે નહિ એ પ્રમાણે પર વડે કહેવાયે છતે, સૂરિ કહે છે –

ગાથા :-

न हु ते संजमहेउं, पालिंति असंजता अजतभावे ।
अच्छित्तिसंजमट्ठा, पालिंति जती जतिजणं तु ।।११८।।

અન્વયાર્થ :-

ते असंजता=તે અસંયતો, अजतभावे=અયતભાવમાં રહેલા એવા ગૃહસ્થોને, संजमहेउं=સંયમના હેતુથી, पालिंति न हु=પાલન કરતા નથી જ, तु=વળી, जती=યતિઓ, अच्छित्तिसंजमट्ठा=તીર્થની અવ્યવચ્છિત્તિ અને સંયમ અર્થે, जतिजणं=યતિજનનું, पालिंति=પાલન કરે છે. ॥૧૧૮॥

ગાથાર્થ :-

તે અસંયતો અસંયતભાવમાં રહેલા એવા ગૃહસ્થોને સંયમના હેતુથી પાલન કરતા નથી જ. વળી યતિઓ તીર્થની અવ્યવચ્છિત્તિ અને સંયમ અર્થે યતિજનનું પાલન કરે છે. ॥૧૧૮॥

ટીકા :-

'न हु ते'त्ति। 'न हि=नैव, ते असंयता अयतभावव्यवस्थितान् गृहस्थान् संयमहेतोः पालयन्ति किन्तु स्वात्मनो जीविकादिनिमित्तम् । ये तु यतयस्ते या तीर्थस्याव्यवच्छित्तिर्यश्च तेषां रक्ष्यमाणानामात्मनश्चान्योन्योपकारद्वारेण संयमस्तदर्थं यतिजनं पालयन्ति । तुशब्दो विशेषणार्थः, एवं विशेषः साधूनां गृहस्थानां चेति ।।११८।।

ટીકાર્થ :-

'न हि' नैव ..... गृहस्थानां चेति ।। તે અસંયતો=ગાથા-૧૧૭માં જે અસંયત એવા ગૃહસ્થોને ગ્રહણ કરીને શંકાકારે દોષ આપેલ તે અસંયતો=ગૃહસ્થો, અયતભાવમાં રહેલા એવા ગૃહસ્થોને=સંયમની યતના વગરના પરિણામવાળા એવા પોતાના કુટુંબાદિ ગૃહસ્થોને, સંયમના હેતુથી પાલન કરતા નથી, પરંતુ પોતાના આત્માની જીવિકાદિ નિમિત્તે પાલન કરે છે. વળી જે યતિઓ છે તેઓ જે તીર્થની અવ્યવચ્છિત્તિ છે અને તે રક્ષણ કરાતા એવા સાધુઓના અને પોતાના અન્યોન્ય ઉપકાર દ્વારા જે સંયમ છે, તેના માટે યતિજનનું પાલન કરે છે. ગાથામાં 'तु' શબ્દ વિશેષણાર્થ છે=વળી અર્થને બતાવનાર 'तु' શબ્દ વિશેષ અર્થને બતાવવા માટે છે.

અને વિશેષ અર્થ જ સ્પષ્ટ કરે છે –

આ પ્રમાણે=પ્રસ્તુત ગાથામાં કહ્યું એ પ્રમાણે, સાધુઓનો અને ગૃહસ્થોનો વિશેષ છે=ભેદ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૧૮॥

❖ 'जीविकादिनिमित्तं'માં 'आदि' પદથી પોતાના ભોગવિલાસ અને પુત્રાદિ પ્રત્યેના મમત્વ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ શંકા કરી કે સેના આદિના વિનાશ દ્વારા જો પુલાક સાધુ યતિજનનું પાલન કરે તો ગૃહસ્થમાં અને સાધુમાં કોઈ ભેદ પ્રાપ્ત થાય નહિ. તેનો ઉત્તર આપતાં સૂરિ કહે છે –

અન્યના વિનાશ દ્વારા યતિજનનું પાલન કરનાર પુલાક સાધુમાં, અને અન્યનો વિનાશ કરીને કુટુંબાદિનું અને રાજ્યાદિનું પાલન કરનાર ગૃહસ્થમાં બાહ્યદૃષ્ટિથી કોઈ ભેદ નથી, પરંતુ યતિજનનું પાલન કરનાર પુલાક સાધુની પ્રવૃત્તિમાં અને કુટુંબાદિનું પાલન કરનાર ગૃહસ્થની પ્રવૃત્તિમાં અંતરંગ રીતે મહાન ભેદ છે; કેમ કે ગૃહસ્થો પોતાની જીવિકાદિ નિમિત્તે અસંયમી ગૃહસ્થોનું પાલન કરે છે, જ્યારે પુલાક સાધુ તો ભગવાનના શાસનનો વિચ્છેદ ન થાય, અને યતિજનના રક્ષણ દ્વારા તેમને અને પોતાને સંયમનો ઉપકાર

થાય, તે માટે યતિજનનું પાલન કરે છે. તેથી અસંયત એવા ગૃહસ્થના પાલનમાં અને સંયત એવા યતિના પાલનમાં મોટો ભેદ છે.

અહીં વિશેષ એ છે કે જો પુલાક સાધુ આચાર્યાદિનું રક્ષણ ન કરે તો તે આચાર્યાદિ દ્વારા ભગવાનના શાસનની જે ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે અર્થાત્ તે આચાર્યના ઉપદેશથી અનેક જીવો સંયમમાં સ્થિર થાય છે, નવા જીવો યોગમાર્ગને પામે છે, તે રૂપ ભગવાનના શાસનની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે, તે વૃદ્ધિ આચાર્યના નાશથી અટકે. તેથી પુલાક સાધુ તીર્થના અવિચ્છેદ અર્થે અર્થાત્ જે તીર્થ પ્રવર્તી રહ્યું છે તેનો એક અંશ વિચ્છેદ ન પામે તદ્અર્થે, આચાર્યાદિનું રક્ષણ કરે છે. વળી આચાર્યાદિ સાધુઓ જીવંત હોય તો તેમના દ્વારા પોતાને માર્ગનો વિશેષ બોધ પ્રાપ્ત થાય કે તેમની વૈયાવચ્ચ આદિ કરીને પોતાના સંયમની વૃદ્ધિ થાય અને પોતે પણ તે આચાર્યાદિને સંયમની વૃદ્ધિનું કારણ બને, આ રીતે તે આચાર્યાદિના સંયમની વૃદ્ધિ અર્થે અને પોતાના સંયમની વૃદ્ધિ અર્થે પુલાક સાધુ તે આચાર્યાદિનું રક્ષણ કરે છે. તેથી પુલાક સાધુનો તીર્થ પ્રત્યેની ભક્તિ અને સ્વપરના સંયમની વૃદ્ધિનો આશય છે, અને ગૃહસ્થનો અન્યના રક્ષણમાં પોતાની જીવિકાદિનો આશય છે અને અસંયમીનું રક્ષણ કરવામાં સંયમની વૃદ્ધિનો પણ આશય નથી. તેથી પુલાક સાધુ દ્વારા થતી હિંસામાં અને ગૃહસ્થથી થતી હિંસામાં મહાન ભેદ છે. **॥૧૧૮॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૧૧૮માં સૂરિએ શંકાકારને ઉત્તર આપ્યો કે અન્યના રક્ષણ માટે અસંયતથી કરાતી હિંસામાં અને પુલાકથી કરાતી હિંસામાં મહાન ભેદ છે. વળી પુલાક સાધુથી સંયમની વૃદ્ધિ અર્થે કરાતી અયતના ઉચિત છે. તેને દૃષ્ટાંતથી પુષ્ટ કરવા અર્થે 'किञ्च'થી કહે છે –

ગાથા :-

कुणइ वयं धणहेउं, धणस्स धणिओ उ आगमं णाउं ।
इय संजमस्स वि वओ, तस्सेवट्ठा ण दोसाय ।।११९।।

અન્વયાર્થ :-

धणिओ=ધનિક, आगमं णाउं=લાભને જાણીને=ધનના લાભને જાણીને, धणहेउं=ધનના હેતુથી, धणस्स वयं=ધનના વ્યયને, कुणइ=કરે છે, इय=એ રીતે, संजमस्स वि वओ=સંયમનો પણ વ્યય, तस्सेवट्ठा=તેના જ અર્થે=સંયમના જ અર્થે, ण दोसाय=દોષને માટે નથી. ।।૧૧૯।।

ગાથાર્થ :-

ધનિક ધનના લાભને જાણીને ધનના હેતુથી ધનના વ્યયને કરે છે, એ રીતે સંયમનો પણ વ્યય સંયમના જ અર્થે દોષને માટે નથી. ।।૧૧૯।।

ટીકા :-

'कुणइ'त्ति। यथा धनिको वाणिज्यं कुर्वन् आगमं=लाभं, ज्ञात्वा धनहेतोः=द्रव्योपार्जनार्थं, शुल्ककर्मकरवृत्तिभाटकप्रदानेन धनस्य व्ययं करोति, एवं पुलाकादेर्मूलगुणप्रतिसेवनं कुर्वाणस्य यः कोऽपि संयमस्य व्ययः सः तस्यैव संयमस्यार्थाय विधीयमानो न दोषाय संजायते, ततः पुष्टालम्बनसहितो मूलगुणप्रतिसेव्यपि शुद्ध इति स्थितम् ।।११९।।

ટીકાર્થ :-

यथा धनिको ..... इति स्थितम् ।। જે પ્રમાણે વાણિજ્યને કરતો એવો ધનિક લાભને જાણીને=ધનના લાભને જાણીને, ધનના હેતુથી=દ્રવ્યઉપાર્જન હેતુથી, કરપ્રદાન, કર્મકરને વૃત્તિપ્રદાન, અને ભાડાના પ્રદાનથી ધનના વ્યયને કરે છે, એ રીતે મૂળગુણના પ્રતિસેવનને કરતા એવા પુલાકાદિ સાધુનો જે કંઈ સંયમનો વ્યય છે, તે=સંયમનો વ્યય, તેના જ=સંયમના જ, માટે કરાતો દોષ માટે થતો નથી.

ગાથા-૧૧૪થી ૧૧૯ સુધીના કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે –

તેથી=ગાથા-૧૧૪ થી ૧૧૯ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે મૂળગુણપ્રતિસેવી એવા પુષ્ટાલંબનવાળા સાધુની પ્રવૃત્તિ ઉચિત છે તેથી, પુષ્ટાલંબન સહિત એવા મૂળગુણપ્રતિસેવી પણ શુદ્ધ છે, એ પ્રમાણે સ્થિત છે. ।।૧૧૯।।

❖ 'मूलगुणप्रतिसेव्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે પુષ્ટાલંબન સહિત ઉત્તરગુણપ્રતિસેવી તો શુદ્ધ છે, પરંતુ પુષ્ટાલંબન સહિત મૂળગુણપ્રતિસેવી પણ શુદ્ધ છે.

ભાવાર્થ :-

પુલાક સાધુ આચાર્યાદિના રક્ષણ અર્થે સેના આદિનો વિનાશ કરે છે તે ઉચિત છે, તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ –

ધનનો અર્થી એવો વેપારી ધનના લાભને જાણીને અધિક ધનપ્રાપ્તિ અર્થે કર આદિ આપવા દ્વારા ધનનો વ્યય કરે છે તે દોષરૂપ નથી, પરંતુ અધિક ધનની પ્રાપ્તિનો ઉપાય હોવાથી ધનિકને ઇષ્ટ છે.

તેમ –

પુલાકાદિ સાધુ આચાર્યાદિના રક્ષણ અર્થે મૂળગુણપ્રતિસેવન કરે છે તે વખતે, સંયમના અધોકંડકની પ્રાપ્તિરૂપ થયેલો સંયમનો વ્યય ઉત્તરમાં અધિક સંયમની પ્રાપ્તિનું કારણ છે; કેમ કે પોતાનાથી રક્ષિત

આચાર્યાદિ દ્વારા તીર્થનો અવ્યવચ્છેદ થવાથી તીર્થની રક્ષાકૃત ઉત્તમ પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, અને જન્માંતરમાં માર્ગની પ્રાપ્તિ સુલભ બને છે. વળી વર્તમાનમાં પણ આચાર્યાદિના રક્ષણને કારણે આચાર્યાદિના અને પોતાના સંયમની વૃદ્ધિ પરસ્પર ઉપકારથી થાય છે. તેથી પુષ્ટાલંબન સહિત મૂળગુણની પ્રતિસેવનાથી જે સંયમનો વ્યય થયો, તેનાથી અધિક સંયમની પ્રાપ્તિ થાય છે. માટે પુષ્ટાલંબન સહિત મૂળગુણપ્રતિસેવી શુદ્ધ જ છે. **॥૧૧૯॥**

અવતરણિકા :-

अथापुष्टालम्बनो निरालम्बनो वा प्रतिसेवते ततः संसारोपनिपातमासादयति, तथा चात्र दृष्टान्तमाह -

અવતરણિકાર્થ :-

હવે અપુષ્ટઆલંબનવાળા કે નિરાલંબનવાળા એવા સાધુ જે પ્રતિસેવના કરે છે તેનાથી=તે પ્રતિસેવનાથી, સંસારના ઉપનિપાતને=સંસારના પરિભ્રમણને, પ્રાપ્ત કરે છે; અને તે રીતે=અપુષ્ટ-આલંબનપ્રતિસેવનાથી અથવા નિરાલંબન પ્રતિસેવનાથી સંસારનું પરિભ્રમણ પ્રાપ્ત કરે છે તે રીતે, આમાં=અપુષ્ટઆલંબન અથવા નિરાલંબન પ્રતિસેવનામાં, દૃષ્ટાંતને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૧૩માં કેવા ઉત્તરગુણપ્રતિસેવી સાધુ વંદન કરવા માટે અયોગ્ય છે, તેમ બતાવેલ, અને ત્યાં કહેલ કે જે સાધુ આલંબનથી રહિત ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે તે કૃતિકર્મ માટે વર્જ્ય છે. તેનાથી અર્થથી પ્રાપ્ત થયેલ કે સાલંબન ઉત્તરગુણપ્રતિસેવી વંદનીય છે. તેથી ત્યારપછી સાલંબન એવા મૂળગુણપ્રતિસેવી અને સાલંબન એવા ઉત્તરગુણપ્રતિસેવી સાધુ વંદનીય છે, તેનું ગાથા-૧૧૪ થી ૧૧૯ સુધી યુક્તિથી સ્થાપન કર્યું. હવે કોઈ સાધુ મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરતા હોય, અને તે પ્રતિસેવના માટે અપુષ્ટઆલંબન લીધું હોય, અથવા કોઈ આલંબન લીધા વગર મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરતા હોય, તો તે મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવનાથી તે સાધુ સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે તે દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રી બતાવે છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૧૧૩માં કહ્યા પ્રમાણે કોઈ સાધુ આલંબન લીધા વગર કે અપુષ્ટ આલંબન લઈને ઉત્તરગુણની પ્રતિસેવના કરે, ત્યારપછી પશ્ચાતાપ થવાને કારણે અનુતાપી હોય, તો તે સાધુ તે પશ્ચાત્તાપને કારણે સંસારના પરિભ્રમણથી બચી શકે; પરંતુ જે સાધુ ઉત્તરગુણની પણ પ્રતિસેવના અપુષ્ટઆલંબનથી કે આલંબન વગર સેવે છે, તેને સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. તે દૃષ્ટાંતથી બતાવે છે –

ગાથા :-

तुच्छमवलंबमाणो, पडइ णिरालंबणो य दुग्गम्मि ।
सालंबणिरालंबे, अह दिट्ठंतो णिसेवंते ।।१२०।।

અન્વયાર્થ :-

તુચ્છમવલંબમાણો=તુચ્છને અવલંબન કરતો, ય=અથવા, णिरालंबणो=નિરાલંબનવાળો (જે પ્રમાણે), दुग्गम्मि=ખાડામાં, पडइ=પડે છે (એ પ્રમાણે), णिसेवंते=સેવન કરતા સાધુનું=મૂળગુણાદિ અપરાધોને સેવતા સાધુનું, सालंबणिरालंबे=સાલંબન-નિરાલંબનવિષયવાળું, अह दिट्ठंतो=આ દૃષ્ટાંત છે. ॥૧૨૦॥

ગાથાર્થ :-

તુચ્છને અવલંબન કરતો અથવા નિરાલંબનવાળો જે પ્રમાણે ખાડામાં પડે છે, એ પ્રમાણે મૂળગુણાદિ અપરાધોને સેવતા સાધુનું સાલંબન-નિરાલંબનવિષયવાળું આ દૃષ્ટાંત છે. ॥૧૨૦॥

ટીકા :-

'तुच्छं' इति। इहालम्बनं द्रव्यभावभेदाद्द्विधा, तत्र गर्त्तादौ पतद्भिर्यद्द्रव्यमालम्ब्यते तद् द्रव्यालम्बनं, तच्च द्विधा–पुष्टमपुष्टं च, अपुष्टं=दुर्बलं कुशवल्कलादि, पुष्टं=बलिष्ठं तथाविधकठोरवल्यादि, एवं भावालम्बनमपि पुष्टापुष्टभेदाद्द्विधा, पुष्टं तीर्थाव्यवच्छित्तिग्रन्थाध्ययनादि, अपुष्टं शठतया स्वमतिमात्रोत्प्रेक्षितमालम्बनम्, ततश्च द्रव्यालम्बनं तुच्छं=अपुष्टं=अवलम्बमानो निरालम्बनो वा यथा दुर्गे=गर्त्तादौ, पतति, यस्तु पुष्टमवलम्बते स सुखेनैवात्मानं गर्त्तादौ पतन्तं धारयति; एवं साधोरपि मूलगुणाद्यपराधान्निषेवमाणस्य सालम्बननिरालम्बनविषयोऽथायं दृष्टान्तो मन्तव्यः, किमुक्तं भवति ? यो निरालम्बनोऽपुष्टालम्बनो वा प्रतिसेवते स आत्मानं संसारगर्त्तायां पतन्तं न संधारयितुं शक्नोति, यस्तु पुष्टालम्बनः स तदवष्टम्भादेव संसारगर्त्तां सुखेनैवातिलङ्घयति, यत एवमतः पुष्टालम्बनवर्जितः कृतिकर्मणि वर्जनीय इति ॥१२०॥

ટીકાર્થ :-

इहालम्बनं ..... वर्जनीय इति ॥ અહીં=સંસારમાં, દ્રવ્ય અને ભાવના ભેદથી આલંબન બે પ્રકારનું છે, ત્યાં=બે પ્રકારના આલંબનમાં, ગર્તાદિમાં પડતા=ઊતરતા, એવા પુરુષો વડે, જે દ્રવ્યનું આલંબન કરાય છે તે દ્રવ્યઆલંબન છે અને તે બે પ્રકારનું છે– પુષ્ટ અને અપુષ્ટ. દુર્બળ એવા ઘાસ, ઝાડની છાલ આદિ અપુષ્ટઆલંબન છે; તેવા પ્રકારના કઠોર વળી આદિ=જેનું આલંબન લઈને ખાડામાં ઊતરવાથી તૂટે નહિ તેવા કઠોર વળી આદિ, બલિષ્ઠ આલંબન છે=પુષ્ટ આલંબન છે. એ રીતે ભાવઆલંબન પણ પુષ્ટ-અપુષ્ટના ભેદથી બે પ્રકારનું છે– તીર્થની અવ્યવચ્છિત્તિ અને ગ્રંથઅધ્યયનાદિ પુષ્ટઆલંબન છે, શઠપણાથી સ્વમતિમાત્રથી વિચારાયેલું અપુષ્ટઆલંબન છે. તેથી=પુષ્ટ-અપુષ્ટ બે પ્રકારનું આલંબન છે તેથી, તુચ્છ એવા=અપુષ્ટ એવા, દ્રવ્યઆલંબનનું અવલંબન કરતો પુરુષ અથવા આલંબન વગરનો પુરુષ જે પ્રમાણે ગર્તાદિમાં પડે છે, વળી જે પુષ્ટનું અવલંબન કરે છે તે પુરુષ સુખપૂર્વક જ ગર્તાદિમાં પડતા એવા પોતાને ધારણ કરે છે; એ રીતે મૂળગુણ આદિ અપરાધોને સેવનાર સાધુનું પણ સાલંબન-નિરાલંબન વિષયવાળું આ=પૂર્વમાં કહ્યું એ, દૃષ્ટાંત જાણવું. શું

કહેવાયેલું થાય છે ?=પૂર્વના કથનથી શું અર્થ પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે– આલંબન વગરનો એવો અથવા અપુષ્ટઆલંબનવાળો એવો જે સાધુ પ્રતિસેવના કરે છે, તે સાધુ સંસારગર્તામાં પડતા એવા પોતાને રક્ષણ કરવા માટે સમર્થ થતો નથી, વળી જે સાધુ પુષ્ટ આલંબનવાળા છે તે સાધુ તેના અવષ્ટંભથી જ=પુષ્ટ આલંબનવાળી પ્રતિસેવનાના અવલંબનથી જ, સુખપૂર્વક જ સંસારગર્તાને લંઘન કરે છે. જે કારણથી આમ છે=નિરાલંબનઆલંબનથી કે અપુષ્ટઆલંબનથી પ્રતિસેવના કરનાર સંસારગર્તામાં પડે છે એમ છે, આથી પુષ્ટઆલંબન રહિત એવા સાધુ કૃતિકર્મમાં વર્જનીય છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૨૦॥

❖ 'गर्तादौ'માં 'आदि' પદથી કૂવાનું ગ્રહણ કરવું.

❖ 'कुशवल्कलादि'માં 'आदि' પદથી દોરડાનું ગ્રહણ કરવું.

❖ 'तथाविधकठोरवल्यादि'માં 'आदि' પદથી તેવા પ્રકારના કઠોર દોરડાનું ગ્રહણ કરવું.

❖ 'भावालम्बनमपि'માં 'अपि'થી એ કહેવું છે કે દ્રવ્યઆલંબન તો પુષ્ટ-અપુષ્ટ ભેદથી બે પ્રકારનું છે, પરંતુ ભાવઆલંબન પણ પુષ્ટ-અપુષ્ટ ભેદથી બે પ્રકારનું છે.

❖ 'तीर्थाव्यवच्छित्तिग्रन्थाध्ययनादि'માં 'आदि' પદથી તે પ્રકારની સંયમવૃદ્ધિના ઉપાયભૂત ઉચિત પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

❖ 'साधोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે ખાડામાં ઊતરનાર પુરુષનું તો સાલંબન-નિરાલંબન વિષયવાળું આ દૃષ્ટાંત છે, પરંતુ મૂળગુણ આદિ અપરાધને સેવનારા સાધુનું પણ સાલંબન નિરાલંબનવિષયવાળું આ દૃષ્ટાંત છે.

ભાવાર્થ :-

કોઈ પુરુષ કોઈક પ્રયોજનવિશેષથી ગર્તા આદિમાં ઊતરતો હોય તે વખતે દોરડાં આદિ દ્રવ્યઆલંબનો લઈને ખાડામાં ઊતરે છે, અને તે દોરડાં આદિ દુર્બળ હોય તો અથવા કોઈ આલંબન વગર ઊતરતો હોય તો તે ખાડામાં પડે છે, અને તે દોરડાં આદિ મજબૂત હોય તો ગર્તા આદિમાં પડતા એવા પોતાને સુખપૂર્વક ધારણ કરી શકે છે. એ રીતે સંયમજીવનમાં મૂળગુણના કે ઉત્તરગુણના અપરાધોને સેવતા સાધુ પણ પુષ્ટ આલંબનવાળા હોય તો સંસારરૂપી ગર્તાને સુખપૂર્વક ઉલ્લંઘન કરી શકે છે, અને આલંબન વગર કે અપુષ્ટઆલંબન લઈને મૂળગુણના કે ઉત્તરગુણના અપરાધોને સેવે છે, તેઓ સંયમની અન્ય આચરણા કરવા છતાં પણ સંસારરૂપી ગર્તામાં પડતા એવા પોતાનું રક્ષણ કરી શકતા નથી. તેથી જે સાધુ પુષ્ટ આલંબન વગર મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે તેઓ વંદન કરવા યોગ્ય નથી. **॥૧૨૦॥**

અવતરણિકા :-

एवं च पार्श्वस्थेऽपि सानुतापादिशुद्धपरिणामे चारित्रसम्भवोऽस्तीति सिद्धम्, इदमेव प्रदेशान्तर-सम्मत्या द्रढयति –

અવતરણિકાર્થ :-

અને આ રીતે=ગાથા-૧૦૪થી ૧૨૦ સુધી સ્થાપન કર્યું એ રીતે, પાસત્થામાં પણ સાનુતાપાદિ

શુદ્ધ પરિણામ હોતે છતે ચારિત્રનો સંભવ છે એ પ્રમાણે સિદ્ધ થયું. એને જ પ્રદેશાન્તરની સંમતિથી= કલ્પભાષ્યના અન્ય વચનની સંમતિથી, દૃઢ કરે છે –

❖ 'પાર્શ્વસ્થેઽપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે ગચ્છને છોડીને પાર્શ્વસ્થવિહાર સ્વીકાર્યો ન હોય તેવા ઉત્તરગુણપ્રતિસેવીમાં તો સાનુતાપાદિ શુદ્ધ પરિણામ હોતે છતે ચારિત્રનો સંભવ છે, પરંતુ ગચ્છને છોડીને પાર્શ્વસ્થવિહાર સ્વીકારનાર એવા પણ પાસત્થામાં સાનુતાપાદિ શુદ્ધ પરિણામ હોતે છતે ચારિત્રનો સંભવ છે.

❖ 'સાનુતાપાદિશુદ્ધપરિણામે'માં 'આદિ' પદથી પ્રાયશ્ચિત્તના ગ્રહણ અને પાલનનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૧૦૦માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી સાધુ એક પણ વ્રતનું અતિક્રમણ કરતા નથી. ત્યારપછી ગાથા-૧૦૧-૧૦૨ દ્વારા પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે એ રીતે કોઈ સાધુ પાર્શ્વસ્થાદિ વિહારને સ્વીકારીને ફરી ગચ્છમાં આવતા હોય તો વ્યવહારભાષ્યની ગાથા પ્રમાણે કેટલાકને તપ કે છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે, માટે તેઓમાં ચારિત્ર છે તેમ માનવું પડે; અને કલ્પભાષ્યમાં કૃતિકર્મના અધિકારમાં પાસત્થાને શ્રેણીબાહ્ય કહ્યા છે. માટે છેદપ્રાયશ્ચિત્તના દાન સુધી ચારિત્ર છે, તે કથન સંગત નથી, એમ ગાથા-૧૦૩માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું, તેનો ઉત્તર આપતાં ગાથા-૧૦૪માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સર્વપાસત્થાઓને કલ્પભાષ્યમાં શ્રેણીબાહ્ય કહ્યા નથી, પરંતુ સંભવબહુલતાની અપેક્ષાએ કૃતિકર્મના અધિકારમાં પાસત્થાઓને શ્રેણીબાહ્ય કહ્યા છે. ત્યારપછી ગાથા-૧૦૫થી ૧૨૦ સુધીમાં અને વિશેષથી ગાથા-૧૧૩માં કલ્પભાષ્યની ગાથાઓ દ્વારા જ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સાનુતાપાદિ પરિણામ હોય તો તે પાસત્થામાં પણ ચારિત્રનો સંભવ છે.

તેથી ફલિત થયું કે કેટલાક સાધુઓ સર્વપાસત્થા છે, તેઓમાં ચારિત્ર નથી; અને કેટલાક સાધુઓ ગચ્છમાંથી નીકળીને પાર્શ્વસ્થવિહાર સ્વીકાર્યા પછી પણ અનુતાપાદિ પરિણામવાળા છે, તેથી તેઓ ફરી ગચ્છમાં આવે છે ત્યારે તેઓને તપ કે છેદ પ્રાયશ્ચિત્તની જ પ્રાપ્તિ થાય છે. માટે તેઓને ચારિત્ર છે, એમ સિદ્ધ થયું. હવે કલ્પભાષ્યમાં જ અન્ય સ્થાને પાસત્થામાં પણ ચારિત્રનો સંભવ છે, તેમ બતાવેલ છે. તેને બતાવીને ગાથા-૧૦૦માં કહેલ કે છેદપ્રાયશ્ચિત્ત સુધીના અતિચાર સેવનાર સાધુમાં ચારિત્ર છે, તેને દૃઢ કરે છે –

ગાથા :-

जत्तो च्चिय पासत्थे, चारित्तं होइ भावभेएणं ।
वंदणयमणुण्णायं, इत्तो च्चिय भावकारणओ ।।१२१।।

અન્વયાર્થ :-

जत्तो च्चिय=જે કારણથી જ, पासत्थे=પાસત્થામાં, भावभेएणं=ભાવભેદથી=કેટલાક પાસત્થામાં સર્વથા ચારિત્રનો અભાવ છે તે ભાવ કરતાં કંઈક ચારિત્ર રહે તેવા પ્રકારનો ભાવનો ભેદ હોવાથી,

चारित्तं होइ=ચારિત્ર હોય છે=સાવશેષ ચારિત્ર હોય છે. इत्तो च्चिय=આથી જ, भावकारणओ=ભાવના આલંબનને કારણે, वंदणयमणुण्णायं=વંદનક અનુજ્ઞાત છે=કલ્પભાષ્યમાં કૃતિકર્મ અનુજ્ઞાત છે. ।।૧૨૧।।

ગાથાર્થ :-

જે કારણથી જ પાસત્થામાં ભાવભેદથી ચારિત્ર હોય છે, આથી જ ભાવના આલંબનને કારણે કલ્પભાષ્યમાં કૃતિકર્મ અનુજ્ઞાત છે. ।।૧૨૧।।

ટીકા :-

'जत्तो च्चिय'त्ति। यत एव पार्श्वस्थे भावभेदेन चारित्रं सावशेषं भवति अत एव भावकारणतः= भावालम्बनात्, वन्दनकं=कृतिकर्म, अनुज्ञातं कल्पभाष्ये ।।१२१।।

ટીકાર્થ :-

यत एव ..... कल्पभाष्ये ।। જે કારણથી જ પાસત્થામાં ભાવભેદથી સાવશેષ ચારિત્ર હોય છે, આથી જ ભાવ ના આલંબનથી=પાસત્થામાં રહેલા સાવશેષ ચારિત્રરૂપ ભાવ ના આલંબનથી, વંદનક=કૃતિકર્મ, કલ્પભાષ્યમાં અનુજ્ઞાત છે=તે પાસત્થાને વંદન કરવાની કલ્પભાષ્યમાં અનુજ્ઞા છે. ।।૧૨૧।।

અવતરણિકા :-

तथाहि –

અવતરણિકાર્થ :-

તે આ પ્રમાણે –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૧૨૧માં કહ્યું કે પાસત્થામાં પણ ભાવભેદને કારણે સાવશેષ ચારિત્ર હોય છે, માટે કલ્પભાષ્યમાં પાસત્થાને વંદન કરવાની અનુજ્ઞા છે. તે વંદનની અનુજ્ઞા 'तथाहि'થી બતાવે છે –

ગાથા :-

दंसणनाणचरित्तं, तवविणयं जत्थ जत्तियं पासे ।
जिणपन्नत्तं भत्तीइ पूयए तं तहिं भावं ।।१२२।।

અન્વયાર્થ :-

जत्थ पासे=જે પાસત્થાદિમાં, दंसणनाणचरित्तं तवविणयं जत्तियं=દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય જેટલું છે, तं जिणपन्नत्तं भावं=તે જિનપ્રજ્ઞપ્ત ભાવને, तहिं=તેમાં=પાસત્થાદિમાં, भत्तीइ=ભક્તિથી, पूयए=પૂજવો જોઈએ. ।।૧૨૨।।

ગાથાર્થ :-

જે પાસત્થાદિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય જેટલું છે, તે જિનપ્રજ્ઞપ્ત ભાવને પાસત્થાદિમાં ભક્તિથી પૂજવો જોઈએ. ।।૧૨૨।।

ટીકા :-

'दंसण'त्ति। दर्शनं च-निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वं, ज्ञानं च-आचारादिश्रुतं, चारित्रं च-मूलोत्तरगुणानुपालनात्मकं, दर्शनज्ञानचारित्रम्, द्वन्द्वैकवद्भावः । एवं तपश्च-अनशनादि, विनयश्च-अभ्युत्थानादिस्तपोविनयम्, एतद्दर्शनादि यत्र पार्श्वस्थादौ पुरुषे यावद्=यत्परिमाणं, स्वल्पं बहु वा जानीयात् तत्र तमेव भावं जिनप्रज्ञप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्यैव भक्त्या कृतिकर्मादिलक्षणया पूजयेदिति ।।१२२।।

ટીકાર્થ :-

दर्शनं च ..... पूजयेदिति ।। દર્શન=નિઃશંકિતાદિ ગુણથી યુક્ત એવું સમ્યક્ત્વ, જ્ઞાન=આચારાદિ શ્રુત અને ચારિત્ર=મૂળગુણના અને ઉત્તરગુણના અનુપાલનરૂપ ચારિત્ર, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ દ્વન્દ્વસમાસ હોવાને કારણે એકવચનનો પ્રયોગ છે=સમાહાર દ્વન્દ્વસમાસ હોવાને કારણે એકવચનનો પ્રયોગ છે, એ રીતે અનશનાદિ તપ, અભ્યુત્થાનાદિ વિનયરૂપ તપ અને વિનય : આ દર્શનાદિ જે પાસત્થાદિ પુરુષમાં સ્વલ્પ અથવા બહુ, જેટલું પરિમાણ જણાય તે પાસત્થામાં જિનપ્રજ્ઞપ્ત એવા તે જ ભાવને સ્વચિત્તમાં વ્યવસ્થાપન કરીને તેટલી જ કૃતિકર્માદિરૂપ ભક્તિથી પૂજવો જોઈએ. ।।૧૨૨।।

- ❖ 'निःशङ्कितादिगुणोपेतं'માં 'आदि' પદથી નિઃકાંક્ષિતનું ગ્રહણ કરવું.
- ❖ 'आचारादिश्रुतं'માં 'आदि' પદથી સૂયગડાંગ આદિનું ગ્રહણ કરવું.
- ❖ 'अनशनादि'માં 'आदि' પદથી ઊણોદરી આદિનું ગ્રહણ કરવું.
- ❖ 'अभ्युत्थानादिः'માં 'आदि' પદથી સન્મુખગમનાદિનું ગ્રહણ કરવું.
- ❖ 'पार्श्वस्थादौ'માં 'आदि' પદથી અવસન્નાદિનું ગ્રહણ કરવું.
- ❖ 'कृतिकर्मादिलक्षणया'માં 'आदि' પદથી વૈયાવચ્ચ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

અનુતાપાદિ શુદ્ધ પરિણામ હોતે છતે પાસત્થાદિમાં પણ ચારિત્રનો સંભવ છે, એમ અવતરણિકામાં કહેલ. તેની જ પુષ્ટિ કરનારું કલ્પભાષ્યનું વચન બતાવે છે –

કેટલાક પાસત્થા અનુતાપાદિ પરિણામવાળા નથી અને પ્રતિસેવના કરે છે તેઓમાં ચારિત્ર નથી, પરંતુ જે પાસત્થા અનુતાપાદિ ભાવવાળા છે અને પ્રતિસેવના કરે છે, તેઓમાં અનુતાપ વગરના પાસત્થા કરતાં ભાવનો ભેદ છે, તેથી સાવશેષ ચારિત્ર છે; અને તે સાવશેષ ચારિત્રરૂપ ભાવનું આલંબન લઈને તેમને વંદન

કરવાની કલ્પભાષ્યમાં અનુજ્ઞા આપી છે. તેમાં કહ્યું છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, તપ અને વિનય એ સાધ્વાચારનાં પાંચ મુખ્ય અંગો છે, તે અંગોમાંથી જે પાસત્થામાં તે ભાવો પ્રાપ્ત થતા હોય તે ભાવો ભગવાને કહેલા છે. તે ભાવોને મનમાં ધારણ કરીને તે પાસત્થાની ભક્તિ કરવી જોઈએ.

આ વચનથી સિદ્ધ થાય છે કે પાસત્થામાં પણ ચારિત્ર સંભવે છે. માટે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૦૦માં કહ્યું કે તપપ્રાયશ્ચિત્ત કે છેદપ્રાયશ્ચિત્ત સુધી પ્રતિસેવના કરનાર સાધુમાં પણ ચારિત્ર છે, તેથી ભગવાનનું શાસન બકુશ-કુશીલ ચારિત્રીથી વર્તે છે, તે કથનનો વિરોધ નથી, તે આ રીતે –

બકુશ-કુશીલ ચારિત્રી પાસત્થા નથી, પરંતુ તેઓ પ્રતિસેવના કરતા હોય અને છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી હોય તોપણ તેઓમાં ચારિત્ર છે, એમ પૂર્વમાં કહ્યું. એ કથનનો વિરોધ થયો કે કેટલાક પાસત્થાઓ પાર્શ્વસ્થવિહાર સ્વીકારીને ગચ્છમાં પાછા આવે ત્યારે તેઓને પણ તપપ્રાયશ્ચિત્ત કે છેદપ્રાયશ્ચિત્ત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી હોય છે. તેથી જો બકુશ, કુશીલને છેદપ્રાયશ્ચિત્ત સુધીના પ્રાયશ્ચિત્તમાં ચારિત્રી સ્વીકારવામાં આવે તો પાસત્થાને પણ ચારિત્રી સ્વીકારવાની આપત્તિ આવે; અને કલ્પભાષ્યમાં પાસત્થાને ચારિત્ર સ્વીકાર્યું નથી, માટે વંદનનો નિષેધ કર્યો છે, એમ પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું. તેનું સમાધાન ગ્રંથકારશ્રીએ કર્યું કે કલ્પભાષ્ય પ્રમાણે જ કેટલાક પાસત્થામાં પણ સાવશેષ ચારિત્ર છે. માટે તેઓને તપપ્રાયશ્ચિત્ત કે છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે; અને જે સાધુઓએ ગચ્છનો ત્યાગ કર્યો નથી અને પ્રમાદવશ કોઈક અપરાધો સેવ્યા છે, તેવા બકુશ-કુશીલ ચારિત્રીમાં પણ તપપ્રાયશ્ચિત્ત કે છેદપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય, તેઓ ચારિત્રી છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૨૧-૧૨૨॥**

અવતરણિકા :-

ननु यद्येवमागमद्वारसूचितेन दर्शनादिभावकारणेनास्य वन्दनमनुज्ञातं तदोत्सर्गेणापि तदविरोधः, संयमश्रेणिस्थित एवोत्सर्गतो वन्दनप्रवृत्तेरित्यत आह –

અવતરણિકાર્થ :-

જો આ રીતે=ગાથા-૧૨૧-૧૨૨માં કહ્યું એ રીતે, આગમ દ્વારા સૂચિત એવા દર્શનાદિ ભાવ ના કારણથી=ગાથા-૧૨૨માં બતાવ્યું એ કલ્પભાષ્યરૂપ આગમ દ્વારા સૂચિત એવા દર્શનાદિ ભાવ ના કારણથી, આને=પાસત્થાને, વંદન અનુજ્ઞાત છે=કલ્પભાષ્યમાં વંદન અનુજ્ઞાત છે, તો ઉત્સર્ગથી પણ તેનો અવિરોધ છે=સાવશેષ ચારિત્રવાળા પાસત્થાને ઉત્સર્ગથી પણ વંદનનો અવિરોધ છે; કેમ કે સંયમશ્રેણીમાં રહેલાને જ ઉત્સર્ગથી વંદનની પ્રવૃત્તિ છે, એથી કહે છે –

❖ 'तदोत्सर्गेणापि'માં 'अपि'થી એ કહેવું છે કે અપવાદથી તો સાવશેષ ચારિત્રવાળા પાસત્થાને વંદનનો અવિરોધ છે, પરંતુ ઉત્સર્ગથી પણ વંદનનો અવિરોધ છે.

ભાવાર્થ :-

ગાથા-૧૨૧-૧૨૨માં ગ્રંથકારશ્રીએ કલ્પભાષ્યના વચનથી સ્થાપન કર્યું કે પાસત્થામાં પણ જેટલા

પ્રમાણમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ કે વિનય હોય તેને આશ્રયીને તેને વંદન કરવું જોઈએ. એ રીતે પાસત્થામાં દર્શનાદિભાવને કારણે જો તેને વંદન અનુજ્ઞાત હોય તો ઉત્સર્ગથી પણ તેને વંદન કરવામાં વિરોધ નથી તેમ માનવું પડે; કેમ કે સંયમશ્રેણીમાં રહેલાને જ ઉત્સર્ગથી વંદન કરાય છે, અને જે પાસત્થા સાવશેષ ચારિત્રવાળા છે, તેઓ સંયમશ્રેણીમાં છે. માટે તેમને ઉત્સર્ગથી વંદન પ્રાપ્ત થાય. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

उस्सग्गओ अ एयं, पडिसिद्धं गच्छमेरमहिगिच्च ।
इत्थं च णत्थि दोसो, सेढिट्ठाणे वि जं भयणा ।।१२३।।

અન્વયાર્થ :-

अ=અને, एयं=आ=પાસત્થાદિને વંદન, गच्छमेरमहिगिच्च=ગચ્છની મર્યાદાને આશ્રયીને, उस्सग्गओ=ઉત્સર્ગથી, पडिसिद्धं=પ્રતિસિદ્ધ છે, इत्थं च=અને આ રીતે=પાસત્થામાં સાવશેષ ચારિત્ર હોવા છતાં ગચ્છમર્યાદાને આશ્રયીને ઉત્સર્ગથી વંદન પ્રતિસિદ્ધ છે એ રીતે, णत्थि दोसो=દોષ નથી, जं=જે કારણથી, सेढिट्ठाणे वि=શ્રેણીસ્થાનમાં પણ=સંયમશ્રેણીસ્થાનમાં રહેલા સાધુમાં પણ, भयणा=ભજના છે=વંદનના વિષયમાં ભજના છે. ।।૧૨૩।।

ગાથાર્થ :-

અને પાસત્થાદિને વંદન ગચ્છની મર્યાદાને આશ્રયીને ઉત્સર્ગથી પ્રતિસિદ્ધ છે, અને આ રીતે દોષ નથી, જે કારણથી સંયમશ્રેણીસ્થાનમાં રહેલા સાધુમાં પણ વંદનના વિષયમાં ભજના છે. ।।૧૨૩।।

ટીકા :-

'उस्सग्गओ'त्ति। उत्सर्गतश्च एतत्=पार्श्वस्थादिवन्दनं गच्छमेरां=गच्छव्यवहारम्, अधिकृत्य प्रतिषिद्धम्, चारित्रवत्त्वे सत्येकसामाचारीकत्वस्यैव वन्द्यतायां तन्त्रत्वात्; इत्थं च नास्ति दोषः, श्रेणिस्थानेऽपि यत्=यस्माद्, भजना एकगच्छव्यवहारवतां वन्दनप्रवृत्तेरापन्नपरिहारिकादीनां च तदप्रवृत्तेः । केवलं वन्दनादिव्यवहारानवतारिणां शुद्धचारित्रिणां चारित्रं विषयविशेषपक्षपातद्वारापि फलजनकम्, पार्श्वस्थादीनां त्वतिजघन्यसंयमस्थानवर्त्तिनां सदपि तदनिष्टानुबन्धितया न तथा, अत एवोक्तं पापश्रमणीयाध्ययने' –

"एयारिसे पञ्चकुसीलसंवुडे, रूवंधरे मुणिपवराण हिट्ठिमे ।
इहंसि लोए विसमिव गरहिए, ण से इहं णेव परत्थ लोए" ।।१।।

इत्यत्रातिजघन्यसंयमस्थानवर्त्तित्वेन निकृष्टानां पञ्चानामेषां भ्रष्टप्रतिज्ञत्वेन विषवद् गर्हितत्व-

मुक्तम् । केवलं दुर्लभभावे काले स्वरूपतो भावप्रशंसार्थं भावकारणावलम्बनेन तेषामपि वन्द्यत्व-मुक्तमिति युक्तमुत्पश्यामः ।।१२३।।

ટીકાર્થ :-

उत्सर्गतश्च ..... युक्तमुत्पश्यामः ।। અને આ=પાસત્થાદિને વંદન, ગચ્છમર્યાદાને=ગચ્છવ્યવહારને, આશ્રયીને ઉત્સર્ગથી પ્રતિષિદ્ધ છે; કેમ કે ચારિત્રવાનપણું હોતે છતે એક સામાચારીવાળાપણાનું જ વંદ્યતામાં તંત્રપણું છે=શાસ્ત્રમર્યાદાપણું છે, અને આ રીતે=ઉત્સર્ગથી પાસત્થાને વંદન પ્રતિષિદ્ધ છે એમ સ્વીકાર્યું એ રીતે, દોષ નથી, જે કારણથી શ્રેણીસ્થાનમાં પણ=સંયમશ્રેણીસ્થાનમાં રહેલા સાધુમાં પણ, ભજના છે=વંદનની પ્રવૃત્તિમાં ભજના છે; કેમ કે એક ગચ્છના વ્યવહારવાળાઓની વંદનની પ્રવૃત્તિ છે, અને આપન્નપરિહારિકાદિ સાધુઓની વંદનની અપ્રવૃત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે એક ગચ્છવાળાઓને જ વંદનની પ્રવૃત્તિ છે, એ પ્રકારની વંદનની મર્યાદા હોય તો અન્ય ગચ્છમાં રહેલા ગુણસંપન્ન સાધુઓને ઉત્સર્ગથી વંદન થતું નથી, તેમ સાવશેષ ચારિત્રવાળા એવા પાસત્થાને પણ ઉત્સર્ગથી વંદન થતું નથી તેમ પ્રાપ્ત થાય. તેથી અન્ય ગચ્છના શુદ્ધ ચારિત્રવાળા સાધુ અને મલિન ચારિત્રવાળા પાસત્થા બંને વંદન માટે ઉત્સર્ગથી વર્જ્ય થવાથી બંનેને સમાન સ્વીકારવાની આપત્તિ આવે. તેથી કહે છે –

કેવલ વંદનાદિ વ્યવહાર અનવતારી એવા શુદ્ધ ચારિત્રીનું ચારિત્ર વિષયવિશેષના પક્ષપાત દ્વારા પણ=અન્ય ગચ્છમાં રહેલા શુદ્ધ ચારિત્રીઓના ચારિત્રરૂપ વિષયવિશેષ પ્રત્યે બહુમાન થવાથી તેમના ચારિત્રની અનુમોદના કરવારૂપ પક્ષપાત દ્વારા પણ, અનુમોદના કરનારને નિર્જરારૂપ ફલજનક છે. વળી અતિજઘન્ય સંયમસ્થાનવર્તી એવા પાસત્થાનું સત્ પણ તે=વિદ્યમાન એવું પણ સાવશેષ ચારિત્ર, અનિષ્ટઅનુબંધિપણું હોવાને કારણે તેવું નથી=વિષયવિશેષના પક્ષપાતરૂપ અનુમોદના દ્વારા શુદ્ધ ચારિત્રીઓના ચારિત્રના અનુમોદનથી નિર્જરા થાય છે તેના જેવું નથી. આથી જ કહેવાયું છે=જઘન્ય સંયમસ્થાનવર્તી પાસત્થાઓનું ચારિત્ર અનુમોદનીય નથી આથી જ પાપશ્રમણીયઅધ્યયનમાં કહેવાયું છે –

શું કહેવાયું છે ? તે સ્પષ્ટ કરે છે –

સાધુવેષને ધારણ કરનારા મુનિપ્રવરોના નીચેના સ્થાનમાં રહેલા આવા પ્રકારના અસંવૃત એવા પાંચ કુશીલો આલોકમાં વિષની જેમ ગર્હિત છે, તે આલોકમાં નથી અને પરલોકમાં નથી અર્થાત્ આલોકના હિતને કરનારા નથી અને પરલોકના હિતને કરનારા નથી. ।।૧।। **આ પ્રકારના પાપશ્રમણીયઅધ્યયનના શ્લોકમાં અતિજઘન્ય સંયમસ્થાનવર્તીપણાથી નિકૃષ્ટ એવા આ પાંચેનું=સંયમસ્થાનના અધોકંડકમાં રહેલા એવા આ પાંચેનું, ભ્રષ્ટપ્રતિજ્ઞપણું હોવાને કારણે વિષની જેમ ગર્હિતપણું કહેવાયું છે.**

અહીં પ્રશ્ન થાય કે જે પાસત્થાદિ અતિજઘન્ય સંયમસ્થાનમાં વર્તે છે તેઓને ગાથા-૧૨૨ પ્રમાણે કલ્પભાષ્યમાં વંદનીય કહેવાયા છે, અને ઉત્તરાધ્યયન સૂત્રના પાપશ્રમણીયઅધ્યયન પ્રમાણે ભ્રષ્ટપ્રતિજ્ઞાવાળા

હોવાને કારણે વિષની જેમ ગર્હિત કહેવાયા છે, તે બે વચનોનો પરસ્પર વિરોધ છે. તેથી કહે છે –

કેવલ દુર્લભભાવકાળમાં=જે કાળમાં સંયમનો ભાવ દુર્લભ હોય તેવા કાળમાં, સ્વરૂપથી ભાવપ્રશંસા માટે=પાસત્થાદિમાં સ્વરૂપથી રહેલા એવા અવશેષ ચારિત્રરૂપ ભાવની પ્રશંસા માટે, ભાવકારણના આલંબનથી=પાસત્થામાં રહેલા જ્ઞાનાદિભાવો પોતાને પ્રાપ્ત કરવાનું કારણ હોય ત્યારે પોતાના ભાવ ના કારણનું આલંબન પાસત્થા બને છે તે આલંબનથી, તેઓનું પણ=પાસત્થાદિ પાંચેનું પણ, વંદ્યપણું કહેવાયું છે=કલ્પભાષ્યમાં વંદ્યપણું કહેવાયું છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ અર્થાત્ પાપશ્રમણીયઅધ્યયન સાથે કલ્પભાષ્યનો વિરોધ નથી, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ. ॥૧૨૩॥

❖ 'श्रेणिस्थानेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે શ્રેણીસ્થાનથી બહાર રહેલા સાધુમાં તો વંદનની પ્રવૃત્તિ નથી, પરંતુ શ્રેણીસ્થાનમાં રહેલા પણ સર્વમાં વંદનની પ્રવૃત્તિ નથી, પણ ભજના છે.

❖ 'वंदनादिव्यवहारानवतारिणां'માં 'आदि' પદથી માંડલીનું ગ્રહણ કરવું.

❖ 'आपन्नपरिहारिकादीनां'માં 'आदि' પદથી સંયતીનું ગ્રહણ કરવું.

❖ 'विषयविशेषपक्षपातद्वारापि'માં 'अपि'થી એ કહેવું છે કે શુદ્ધ ચારિત્રીઓનું ચારિત્ર વંદન દ્વારા તો નિર્જરારૂપ ફલજનક છે, પરંતુ વિષયવિશેષના પક્ષપાત દ્વારા પણ ફલજનક છે.

❖ 'सदपि'માં 'अपि'થી એ કહેવું છે કે પાસત્થાદિનું અસદ્ એવું ચારિત્ર તો અનિષ્ટઅનુબંધીપણું હોવાને કારણે વિષયવિશેષના પક્ષપાત દ્વારા ફલજનક નથી, પરંતુ સાવશેષ એવું વિદ્યમાન પણ ચારિત્ર અનિષ્ટઅનુબંધીપણું હોવાને કારણે વિષયવિશેષના પક્ષપાત દ્વારા ફલજનક નથી.

❖ 'तेषामपि'માં 'अपि'થી એ કહેવું છે કે શુદ્ધ ચારિત્રીઓનું તો વંદ્યપણું કહેવાયું છે, પરંતુ પોતાની ભાવવૃદ્ધિના કારણના આલંબનપણાથી તેઓનું પણ=પાસત્થાદિનું પણ, વંદ્યપણું કહેવાયું છે.

ભાવાર્થ :-

ગાથા-૧૨૨માં કલ્પભાષ્યની ગાથાથી ગ્રંથકારે બતાવ્યું કે જે પાસત્થામાં જેટલા અંશમાં દર્શનાદિ ભાવો છે તે ભાવોને સામે રાખીને તેટલી ભક્તિથી તેઓને પૂજવા જોઈએ, તેથી શંકા થઈ કે જો પાસત્થાદિ પાંચમાં સાવશેષ ચારિત્રને આશ્રયીને કલ્પભાષ્યમાં વંદન અનુજ્ઞાત છે, તો તેઓને ઉત્સર્ગથી પણ વંદન પ્રાપ્ત થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગચ્છવ્યવહારને આશ્રયીને પાસત્થામાં સાવશેષ ચારિત્ર હોય તોપણ ઉત્સર્ગથી વંદન પ્રતિષિદ્ધ છે; કેમ કે ગચ્છમર્યાદા છે કે કોઈ શુદ્ધ ચારિત્રવાળા સાધુઓ હોય તોપણ ભિન્ન સામાચારીવાળા હોય તો તે સાધુઓ પરસ્પર વંદન કરતા નથી; પરંતુ એક સામાચારીવાળા હોય તો જ ગચ્છમર્યાદાને આશ્રયીને પરસ્પર વંદન કરે. તેથી ગચ્છમર્યાદાને આશ્રયીને સાવશેષ ચારિત્રવાળા પણ પાસત્થાને ઉત્સર્ગથી વંદન ન કરવામાં આવે તો દોષ નથી; અને તેને જ અધિક સ્પષ્ટ કરવા માટે કહે છે કે ભાવથી શુદ્ધ ચારિત્રમાં રહેલા સાધુ સંયમશ્રેણીસ્થાનમાં છે, ત્યાં પણ ગચ્છમર્યાદાને આશ્રયીને ભજના છે. તેથી એક ગચ્છના વ્યવહારવાળા પરસ્પર વંદન કરે છે અને ભિન્ન ગચ્છના વ્યવહારવાળા પરસ્પર વંદન કરતા નથી. વળી જેમ ભિન્ન ભિન્ન

ગચ્છવાળા અને એક ગચ્છવાળા વચ્ચે વંદનની પ્રવૃત્તિમાં ભજના છે, તેમ એક ગચ્છમાં રહેલા હોય ત્યાં પણ વંદનવ્યવહારની ભજના છે. આથી આપન્નપરિહારિકાદિ સાધુઓને ગચ્છના અન્ય સાધુઓ વંદન કરતા નથી, અને આપન્નપરિહારિકાદિ સાધુઓ આચાર્યને વંદન કરે છે. વળી એક ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ હોય તોપણ સાધુઓ સાધ્વીઓને વંદન કરતા નથી, અને સાધ્વીઓ નવદીક્ષિત અને પર્યાયથી નાના પણ સાધુને વંદન કરે છે. તેથી એક ગચ્છમાં રહેલા અને સંયમશ્રેણીસ્થાનમાં રહેલા સાધુઓમાં પણ ગચ્છમર્યાદાને આશ્રયીને ભજના છે, તેમ જઘન્ય સંયમસ્થાનમાં રહેલા પાસત્થાદિને પણ ગચ્છમર્યાદાને આશ્રયીને ઉત્સર્ગથી વંદનનો નિષેધ કરવામાં આવે તેમાં કોઈ દોષ નથી.

અહીં પ્રશ્ન થાય કે જો શ્રેણીસ્થાનમાં રહેલામાં પણ વંદનની પ્રવૃત્તિમાં ભજના હોય તો એ પ્રાપ્ત થાય કે ભિન્ન ગચ્છમાં રહેલા શુદ્ધ ચારિત્રીઓના ચારિત્રને આશ્રયીને પણ વંદન કરાય નહિ, અને સ્વગચ્છમાં રહેલા આપન્નપરિહારિકાદિના શુદ્ધ ચારિત્રને આશ્રયીને પણ તેઓને વંદન કરાય નહિ. તેથી ગુણસંપન્ન એવા ચારિત્રીના ચારિત્રનું વંદન દ્વારા બહુમાન નહિ થવાથી ફળની પ્રાપ્તિ કેવી રીતે થશે ? તેથી કહે છે કે ગુણસંપન્ન પણ ચારિત્રી અન્ય ગચ્છમાં રહેલા હોય તો તે વંદનાદિ વ્યવહારના અનવતારી છે, અને સ્વગચ્છમાં રહેલા પણ આપન્નપરિહારિકાદિ વંદનાદિ વ્યવહારના અનવતારી છે, તોપણ તેઓમાં રહેલા શુદ્ધ ચારિત્રનો પક્ષપાત કરીને તેમનું બહુમાન આદિ કરવામાં આવે કે તેમની પ્રશંસા કરવામાં આવે, એ રૂપ તેમનામાં રહેલા શુદ્ધ ચારિત્રરૂપ વિષયવિશેષના પક્ષપાત દ્વારા નિર્જરારૂપ ફળ પ્રાપ્ત થાય છે. તેથી ગચ્છમર્યાદાથી તેઓને વંદન નહિ કરવા છતાં તેમના શુદ્ધ ચારિત્રને અવલંબીને અંતરંગ રીતે થયેલો બહુમાનભાવ નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે.

વળી જે પાસત્થાદિમાં અતિજઘન્ય સંયમસ્થાન વર્તે છે, તેઓમાં પણ ભગવાનના વચનાનુસાર સંયમમાં દૃઢયત્ન કરવાનો અપ્રમાદભાવ નથી, તેથી તેઓમાં રહેલા શિથિલ આચારો અનિષ્ટ છે. તેથી તેમનામાં રહેલા સંયમને આશ્રયીને વંદન કરવામાં આવે તો તે પાસત્થામાં રહેલ અસંયમનો પરિણામ પણ વંદનનો વિષય બને, જે અનિષ્ટફળવાળો છે. તેથી તે પાસત્થાદિમાં સંયમ હોવા છતાં ઉત્સર્ગથી વંદનનો નિષેધ છે. તેની જેમ તેઓમાં રહેલું જઘન્ય સંયમસ્થાન પણ વિષયવિશેષ નહિ હોવાને કારણે પક્ષપાતનો વિષય બને નહિ, તેથી તેની અનુમોદના પણ કરાય નહિ, અને તેની અનુમોદના કરવામાં આવે તો અનિષ્ટ કર્મબંધની પ્રાપ્તિ થાય. તેથી વંદનવ્યવહાર અનવતારી શુદ્ધ ચારિત્રી અને અતિજઘન્ય સંયમસ્થાનવર્તી પાસત્થા બંને સમાન નથી, પરંતુ શુદ્ધ ચારિત્રીઓના ચારિત્રનું બહુમાન કે પ્રશંસા આદિ કરીને નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે, તેમ પાસત્થામાં રહેલા સાવશેષ ચારિત્રની પ્રશંસા કરીને નિર્જરા ફળની પ્રાપ્તિ થતી નથી. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રના પાપશ્રમણીયઅધ્યયનમાં તે પાસત્થાઓને ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળા કહીને નિંદનીય કહ્યા છે.

ત્યાં પ્રશ્ન થાય કે જો તે પાસત્થાઓ સાવશેષ ચારિત્ર હોવા છતાં પ્રશંસા કરવા યોગ્ય નથી, પરંતુ નિંદ્ય ચારિત્રવાળા છે, તો કલ્પભાષ્યમાં તે પાસત્થાઓમાં રહેલા જે જિનપ્રજ્ઞપ્ત ભાવો છે, તેને ચિત્તમાં રાખીને ભક્તિથી વંદન કરવાનું કેમ કહ્યું ? તેથી ગ્રંથકારશ્રી ખુલાસો કરે છે –

જે કાળમાં ઉત્તમ ચારિત્રના ભાવવાળા મહાત્માઓ દુર્લભ હોય તે કાળમાં ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળા એવા પાસત્થાદિમાં પણ સ્વરૂપથી ભગવાનના વચનાનુસાર જે ભાવો વર્તે છે, તે ભાવોની પ્રશંસા માટે તેઓને અપવાદથી વંદન કરવાનું કલ્પભાષ્યમાં કહ્યું છે. તેથી તેઓને વંદન સર્વદા અનુજ્ઞાત નથી, પરંતુ તે પાસત્થાને અવલંબીને પોતાને જ્ઞાનાદિની વૃદ્ધિ કરવી હોય ત્યારે પોતાનામાં ભગવાનના વચનાનુસાર એવા જ્ઞાનાદિ ભાવો પ્રગટ કરવાના કારણનું અવલંબન લઈને તેઓને વંદન કરાય છે. આથી જ કોઈ પાસત્થા સાધુ હોય, તેની પાસે આચારાંગાદિ ઘણુ શ્રુત હોય, અને તે આચારાંગાદિ શ્રુત તેમની પાસેથી પ્રાપ્ત કરવા અર્થે જ્યારે અધ્યયનાદિ અર્થે તેમની પાસે જાય, ત્યારે તે પાસત્થાદિમાં રહેલા ભગવાનના વચનાનુસાર દર્શનાદિ જે ભાવો જણાય, તેને સામે રાખીને તેટલા બહુમાનથી તેમને વંદન આદિ કરે; અને આથી જ સુસાધુ પણ અન્ય ગીતાર્થની અપ્રાપ્તિમાં શિથિલાચારવાળા એવા સંવિગ્નપાક્ષિક પાસે રહીને તેમના અવલંબનથી સંયમની વૃદ્ધિ કરતા હોય, તો દુર્લભભાવકાળમાં તેમની નિશ્રામાં રહીને તેમની ભક્તિ આદિપૂર્વક તેમના અનુશાસનથી સંયમમાં ઉદ્યમ કરે તે દોષરૂપ નથી, એમ અમે યુક્ત જોઈએ છીએ, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે. **॥૧૨૩॥**

અવતરણિકા :-

ફલિતમાહ –

અવતરણિકાર્થ :-

ફલિતને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૦માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં એવા કોઈ સાધુ નથી કે જેઓ મૂળગુણ કે ઉત્તરગુણમાંથી કોઈ એકની પણ પ્રતિસેવના ન કરતા હોય, તેથી વર્તમાનમાં ભગવાનનું તીર્થ અચારિત્રવાળું છે. તેનો જવાબ આપતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૯૧-૯૨માં સ્થાપન કર્યું કે વર્તમાનમાં પણ બકુશપ્રતિસેવક અને કુશીલપ્રતિસેવક છે. માટે તીર્થ અચારિત્રવાળું નથી, અને તેની પુષ્ટિ કરવા માટે ગાથા-૧૦૦માં કહ્યું કે પ્રતિસેવના કરનાર સાધુને જ્યાં સુધી છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે ત્યાં સુધી એક પણ વ્રતનું અતિક્રમણ નથી. આમ કહેવાથી છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિવાળા પાસત્થામાં ચારિત્ર સ્વીકારવાની આપત્તિ છે, એમ પૂર્વપક્ષીએ શંકા કરેલ. તેનું સમાધાન કરીને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સાનુતાપાદિ શુદ્ધ પરિણામવાળા પાસત્થામાં પણ ચારિત્રનો સંભવ છે. તે સર્વ કથનથી શું ફલિત થાય છે ? તે કહે છે –

ગાથા :-

पासत्थस्स ण चरणं, तम्हा णिद्धंधसस्स लुद्धस्स ।
गुरुणिस्सियस्स इण्हिं, चरणं पुण असढभावस्स ।।१२४।।

અન્વયાર્થ :-

તમ્હા=તે કારણથી=ગાથા-૯૧થી અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એ પ્રમાણે છે તે કારણથી, णिद्धंधसस्स लुद्धस्स पासत्थस्स=પાપ પ્રત્યેની સૂગ વગરના લોભથી અભિભૂત એવા પાસત્થાને, चरणं ण=ચારિત્ર નથી. पुण=વળી, असढभावस्स गुरुणिस्सियस्स=અશઠભાવવાળા ગુરુનિશ્રિત એવા સાધુને, इण्हिं=હમણાં, चरणं=ચારિત્ર છે. ॥૧૨૪॥

ગાથાર્થ :-

ગાથા-૯૧થી અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એ પ્રમાણે છે, તે કારણથી પાપ પ્રત્યેની સૂગ વગરના લોભથી અભિભૂત એવા પાસત્થાને ચારિત્ર નથી. વળી અશઠભાવવાળા ગુરુનિશ્રિત એવા સાધુને હમણાં ચારિત્ર છે. ॥૧૨૪॥

ટીકા :-

'पासत्थस्स'त्ति। तस्मात् निद्धन्धसस्य=निःशूकस्य, लुब्धस्य=लोभाभिभूतस्य, पार्श्वस्थस्य न=नैव, चरणं=चारित्रम्, अशठभावस्य पुनः देशपार्श्वस्थलक्षणवतोऽपि गुरुनिश्रितस्य=गीतार्थपरतन्त्रस्य, इदानीमपि चारित्रम्, अशठभावेन यथाशक्त्याचरणस्यैव तल्लक्षणत्वात्; तथा चाज्ञाभङ्गराज्येऽप्यशठ-भावसाम्राज्यात्रेदानीं चारित्रप्रतिबन्ध इति स्थितम् ।।१२४।।

ટીકાર્થ :-

तस्मात् ..... इति स्थितम् ।। તે કારણથી=ગાથા-૯૧થી અત્યાર સુધી સ્થાપન કર્યું એ પ્રમાણે છે તે કારણથી, निर्ध्वंस=निःशूक, लुब्ध=લોભથી અભિભૂત એવા, પાસત્થાને ચારિત્ર નથી જ. વળી દેશપાર્શ્વસ્થ લક્ષણવાળા પણ અશઠભાવવાળા ગુરુનિશ્રિતને=ગીતાર્થ પરતંત્રને, હમણાં પણ ચારિત્ર છે; કેમ કે અશઠભાવથી યથાશક્તિ આચરણનું જ તદ્‌લક્ષણપણું છે=ચારિત્રનું લક્ષણપણું છે.

શ્લોકના કથનથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

અને તે રીતે=દેશપાર્શ્વસ્થ લક્ષણવાળા પણ અશઠભાવવાળા ગુરુનિશ્રિતને હમણાં પણ ચારિત્ર છે તે રીતે, આજ્ઞાભંગના રાજ્યમાં પણ=વર્તમાનમાં ભગવાનની આજ્ઞાના ભંગનું રાજ્ય વર્તે છે તે કાળમાં પણ, અશઠભાવનું સામ્રાજ્ય હોવાથી=વર્તમાનમાં પણ કેટલાક આરાધક સાધુઓમાં અશઠભાવનું સામ્રાજ્ય હોવાથી, હમણાં ચારિત્રનો પ્રતિબંધ નથી=ચારિત્ર પ્રગટ થવામાં પ્રતિબંધ નથી, એ પ્રમાણે સ્થિત છે. ॥૧૨૪॥

❖ 'देशपार्श्वस्थलक्षणवतोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દેશપાર્શ્વસ્થ લક્ષણવાળા ન હોય તેવા તો અશઠભાવવાળાને હમણાં ચારિત્ર છે, પરંતુ દેશપાર્શ્વસ્થ લક્ષણવાળા પણ અશઠભાવવાળાને હમણાં ચારિત્ર છે.

❖ 'इदानीमपि'માં 'अपि'થી એ કહેવું છે કે જ્યારે તીર્થંકર કે અતિશય જ્ઞાનીઓ હતા ત્યારે તો અશઠભાવવાળાને ચારિત્ર હતું, પરંતુ હમણાં પણ અશઠભાવવાળાને ચારિત્ર છે.

❖ 'आज्ञाभङ्गराज्येऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે જ્યારે ભગવાનની આજ્ઞાના ભંગનું રાજ્ય ન હતું ત્યારે તો અશઠભાવના સામ્રાજ્યથી ચારિત્ર હતું, પરંતુ જ્યારે આજ્ઞાભંગનું રાજ્ય વર્તે છે તેવા કાળમાં પણ અશઠભાવના સામ્રાજ્યથી ચારિત્ર પ્રગટ થવામાં પ્રતિબંધ નથી.

ભાવાર્થ :-

ગાથા-૯૦માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં સાધુઓ મૂળગુણની કે ઉત્તરગુણની પ્રતિસેવના કરનારા છે, તેથી વર્તમાનમાં ચારિત્ર કોઈને નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૯૧થી અત્યાર સુધી સ્થાપન કર્યું, તેનાથી એ ફલિત થાય કે જેઓ સંયમવેશમાં છે અને સંયમની આચરણાથી વિપરીત આચરણા પ્રત્યે સૂગવાળા નથી, વળી શાતા આદિના અર્થી હોવાથી લોભથી અભિભૂત છે, તેવા પાસત્થાને ચારિત્ર નથી જ. તેથી તેવાઓને આશ્રયીને ભગવાનનું શાસન ચારિત્રવાળું નથી; પરંતુ વર્તમાનમાં પણ જે સાધુઓ સંયમની આચરણાથી વિપરીત આચરણા પ્રત્યે સૂગવાળા છે, અને રસગારવ-ઋદ્ધિગારવ-શાતાગારવરૂપ લોભથી અભિભૂત નથી, તેથી સંયમની શક્ય આચરણા કરવા માટે ઉદ્યમ કરે છે, આમ છતાં અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે સંયમની ઉચિત યતનાઓમાં સ્ખલનાઓ કરે છે, તે સર્વે દેશપાસત્થા છે. તેવા દેશપાસત્થા પણ પોતાની સ્ખલનાઓને અશઠભાવથી દૂર કરવા યત્ન કરે છે, પરંતુ અપુષ્ટ આલંબન લઈને તે દોષો નથી, તેમ મનનું સમાધાન કરવા યત્ન કરતા નથી, અને ગીતાર્થને પરતંત્ર રહીને તેમના અનુશાસન પ્રમાણે સંયમમાં ઉદ્યમ કરે છે. તેવા દેશપાસત્થાઓમાં હમણાં પણ ચારિત્ર છે; કેમ કે **અશઠભાવથી શક્તિ અનુસાર આચરણા જ ચારિત્રનું લક્ષણ છે**, અને તેઓ અશઠભાવથી ચારિત્રની સ્ખલનાને દૂર કરવા યત્ન કરે છે, તેથી તેઓમાં ચારિત્ર છે.

આ કથનથી શું ફલિત થયું ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

વર્તમાનકાળમાં ભગવાનની આજ્ઞાના ભંગનું રાજ્ય વર્તે છે, તેથી આજ્ઞાભંગ કરનારા તેઓમાં ચારિત્ર નથી; પરંતુ જેઓ અશઠભાવવાળા છે, તેઓ ક્યારેક તથાવિધ નિમિત્તથી ભગવાનની આજ્ઞામાં સ્ખલના પામે, તોપણ તેઓના ચિત્તમાં અશઠભાવનું સામ્રાજ્ય વર્તે છે, તેવા સાધુઓમાં હમણાં પણ ચારિત્ર પ્રગટ થવામાં પ્રતિબંધ નથી અર્થાત્ તેઓમાં ચારિત્ર છે, એ પ્રમાણે ફલિત થયું. **॥૧૨૪॥**

અવતરણિકા :-

नन्विदानीन्तनानां साधूनां तावद्वक्रजडत्वं श्रूयते, तथा चाशठभावोऽपि दुरापास्तो वक्रत्वलक्षणया मायया ऽज्ञानलक्षणेन जाड्येन च तदनुपपत्तेरित्यत आह –

અવતરિકાર્થ :-

હમણાંના સાધુઓમાં વક્રપણું અને જડપણું સંભળાય છે, અને તે રીતે=વર્તમાનના સાધુઓમાં વક્રપણું અને જડપણું છે તે રીતે, અશઠભાવ પણ દૂરાપાસ્ત છે=નથી; કેમ કે વક્રત્વસ્વરૂપ માયાથી અને અજ્ઞાનસ્વરૂપ જાડ્યથી તેની અનુપપત્તિ છે=અશઠભાવની અનુપપત્તિ છે. એથી કહે છે=એ

પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં કહે છે –

❖ 'अशठभावोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્ર તો નથી, પરંતુ અશઠભાવ પણ નથી.

ભાવાર્થ :-

પૂર્વગાથા-૧૨૪માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વર્તમાનકાળમાં જે સાધુઓમાં અશઠભાવનું સામ્રાજ્ય છે તે સાધુઓમાં ચારિત્ર છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે હમણાંના સાધુઓમાં વક્રપણું અને જડપણું છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે, અને જે સાધુમાં વક્રપણું અને જડપણું હોય તે સાધુમાં અશઠપણું હોઈ શકે નહિ; કેમ કે અજ્ઞાનને કારણે યથાર્થ બોધ પણ નથી, અને વક્રતાને કારણે પોતાની વિપરીત આચરણામાં શઠભાવ આવે છે. આ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

गीयत्थपारतंता, वक्कजडत्ते वि दढपइन्नाए ।
एयस्स णत्थि हाणी, पुव्वायरिएहिं जं भणियं ।।१२५।।

અન્વયાર્થ :-

वक्कजडत्ते वि=વક્રપણું અને જડપણું હોવા છતાં પણ, गीयत्थपारतंता=ગીતાર્થનું પરતંત્રપણું હોવાથી, दढपइन्नाए=દૃઢપ્રતિજ્ઞા હોવાને કારણે, एयस्स हाणी=આની હાનિ=ચારિત્રની હાનિ, णत्थि=નથી, जं=જે કારણથી, पुव्वायरिएहिं=પૂર્વાચાર્યો વડે, भणियं=કહેવાયું છે. ।।૧૨૫।।

ગાથાર્થ :-

વક્રપણું અને જડપણું હોવા છતાં પણ ગીતાર્થનું પરતંત્રપણું હોવાથી દૃઢપ્રતિજ્ઞા હોવાને કારણે ચારિત્રની હાનિ નથી, જે કારણથી પૂર્વાચાર્યો વડે કહેવાયું છે. ।।૧૨૫।।

ટીકા :-

'गीयत्थ'त्ति। गीतार्थपारतन्त्र्याद्वक्रजडत्वेऽपि सति दृढप्रतिज्ञया=व्रतपालनभावदार्ढ्येन, एतस्य=चारित्रस्य, नास्ति हानिः, संज्वलनमायालक्षणस्य वक्रत्वस्य ज्ञानावरणकर्मोदयजनितस्य जाड्यस्य च संयमाविरोधित्वात्, अनन्तानुबन्धिमायालक्षणस्य वक्रत्वस्य मिथ्यात्वोदयजनितस्य जाड्यस्य च गीतार्थपारतन्त्र्येणैव प्रतिघातात्, यत्=यस्मात्, पूर्वाचार्यैः हरिभद्रसूरिभिर्भणितमिदम् ।।१२५।।

ટીકાર્થ :-

गीतार्थपार ..... हरिभद्रसूरिभिर्भणितमिदम् ।। વક્રપણું અને જડપણું હોતે છતે=વર્તમાનના સાધુમાં વક્રપણું અને જડપણું હોતે છતે, ગીતાર્થનું પરતંત્રપણું હોવાને કારણે દૃઢપ્રતિજ્ઞાથી=વ્રતપાલનના ભાવનું દૃઢપણું હોવાથી, આની=ચારિત્રની, હાનિ નથી; કેમ કે સંજ્વલનમાયારૂપ વક્રત્વનું અને

જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી જનિત એવા જડપણાનું સંયમઅવિરોધીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે વક્રતા અને જડતાના કારણે પાસત્થાની યથાતથા પ્રવૃત્તિ સંયમની વિરોધી છે તેમ ગીતાર્થને પરતંત્ર સાધુમાં પણ વક્રતા અને જડતાથી થતી પ્રવૃત્તિ સંયમવિરોધી કેમ નથી ? તે બતાવવા અર્થે અન્ય હેતુ કહે છે –

અનંતાનુબંધીમાયાસ્વરૂપ વક્રપણાનો અને મિથ્યાત્વના ઉદયથી જનિત એવા જડપણાનો ગીતાર્થના પારતંત્ર્યથી જ પ્રતિઘાત છે, જે કારણથી પૂર્વાચાર્ય એવા હરિભદ્રસૂરિ વડે આ=આગળની ગાથામાં કહેવાશે એ, કહેવાયું છે. ॥૧૨૫॥

❖ 'वक्रजडत्वेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે જે સાધુઓમાં વક્રપણું અને જડપણું નથી તે સાધુઓમાં તો ચારિત્રની હાનિ નથી, પરંતુ જે સાધુઓમાં વક્રપણું અને જડપણું છે તે સાધુઓમાં પણ ગીતાર્થના પારતંત્ર્યને કારણે દૃઢપ્રતિજ્ઞા હોવાથી ચારિત્રની હાનિ નથી.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે હમણાંના સાધુઓમાં વક્રપણું અને જડપણું છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે, તેથી તેઓમાં અશઠભાવ નથી. માટે વર્તમાનના સાધુઓમાં ચારિત્ર પણ નથી. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કાળના દોષને કારણે વર્તમાનકાળમાં સાધુઓ વક્ર અને જડ હોવા છતાં પણ જેઓ સંસારથી ભય પામ્યા છે, તેઓ ગીતાર્થને પરતંત્ર રહેનારા છે, અને ગીતાર્થ સાધુ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા છે, અને પોતાને પરતંત્ર થયેલા સાધુઓ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરીને સંયમનો નાશ ન કરે તેની ચિંતા કરનારા છે, તેથી પોતાને પરતંત્ર સાધુઓને યોગ્ય અનુશાસન આપે છે; અને ગીતાર્થને પરતંત્ર થયેલા સાધુઓ સંસારથી ભય પામેલા હોવાને કારણે વ્રતપાલનના ભાવમાં દૃઢતાવાળા છે, તેથી ગીતાર્થના અનુશાસનથી જ સર્વ પ્રવૃત્તિઓ કરે છે. માટે તેઓના ચારિત્રની હાનિ નથી.

સામાન્ય રીતે જીવમાં રહેલી વક્રતા અને જડતા હિતમાં પ્રવૃત્તિ કરવામાં વ્યાઘાતક છે, આથી સંસારી જીવો જડતાને કારણે આત્મહિતને છોડીને બાહ્ય પદાર્થોને સારરૂપે જુએ છે, અને વક્રતાને કારણે પોતાના હિતની ચિંતા કર્યા વગર મહાઅનર્થના કારણભૂત આરંભ-સમારંભ કરે છે. તેથી અહીં પ્રશ્ન થાય કે કાળદોષથી થયેલી વક્રતા અને જડતા સાધુઓને સંયમમાર્ગમાં પ્રવૃત્તિ કરવામાં વ્યાઘાતક કેમ નથી ? તેથી કહે છે –

વર્તમાનના સાધુઓમાં સંજ્વલનમાયારૂપ વક્રતા છે, અને જ્ઞાનાવરણીયકર્મના ઉદયકૃત જડતા છે. તે સંયમની સુદૃઢ પ્રવૃત્તિમાં કંઈક વિઘ્નભૂત હોવા છતાં સંયમના નાશનું કારણ નથી. તેથી તે વક્રતા અને જડતા સંયમની વિરોધી નથી.

અહીં પ્રશ્ન થાય કે જે શિથિલાચારી સાધુઓ છે, તેઓ પણ સંસારના પરિભ્રમણના ભયથી ભોગોનો ત્યાગ કરીને સંયમી થયા છે, આમ છતાં પ્રકૃતિ જડ હોવાને કારણે ભગવાનના વચનના પરમાર્થને જાણી શકતા નથી, અને પ્રકૃતિ વક્ર હોવાને કારણે સ્વમતિ અનુસાર ભગવાનના વચનનો અર્થ કરીને પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓથી યથાતથા પ્રવૃત્તિ થાય છે, જેનાથી સંયમનો નાશ થાય છે. તેમ ગીતાર્થને પરતંત્ર

સાધુઓમાં પણ રહેલી વક્રતા અને જડતાથી સંયમનો નાશ કેમ નથી ? તેથી કહે છે –

અનંતાનુબંધીની માયારૂપ વક્રતા અને મિથ્યાત્વના ઉદયથી જનિત જડતા ગીતાર્થના પારતંત્ર્યથી જ નાશ પામે છે. તેથી જે સાધુઓ ગીતાર્થને પરતંત્ર છે, તેઓમાં જ્ઞાનાવરણીયકર્મના ઉદયકૃત જડતા હોવા છતાં મિથ્યાત્વના ઉદયકૃત જડતા નથી. તેથી તેઓને નિર્ણય છે કે 'સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ જ મારા હિતનું કારણ છે, અન્ય નહિ, અને તેનો ઉપાય ગીતાર્થનું પરતંત્રપણું છે.' વળી ગીતાર્થને પરતંત્ર સાધુઓમાં સંજ્વલનના ઉદયથી વક્રતા હોવાને કારણે ક્યાંક સંયમની પ્રવૃત્તિમાં મલિનતા થાય છે, તોપણ ગીતાર્થને પરતંત્ર થઈને જ મારે વ્રતપાલન કરવું છે, તેવો વ્રતપાલનનો ભાવ દૃઢ હોવાને કારણે તેઓ ગીતાર્થને પરતંત્ર થયા છે, તેના કારણે અનંતાનુબંધીની માયારૂપ વક્રતા તેઓમાં નથી. માટે વર્તમાનના વક્ર-જડ સાધુમાં પણ ચારિત્ર છે.

વળી જે સાધુઓ ગીતાર્થને પરતંત્ર નથી, તેઓમાં મિથ્યાત્વના ઉદયથી જનિત જડતા છે, તેથી ભગવાનના વચનના પરમાર્થને પોતે પ્રાપ્ત કરી શક્યા નથી, આમ છતાં સ્વમતિથી નિર્ણીત એવા શાસ્ત્રોના અર્થોના બળથી સંસારસાગર તરવાનો ભ્રમ વર્તે છે; અને અનંતાનુબંધીની માયા છે, માટે પોતાનામાં જડતા હોવા છતાં ગીતાર્થની પરતંત્રતાને છોડીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓની સંયમની વિપરીત આચરણા સંયમનો નાશ કરે છે.

વર્તમાનમાં ગીતાર્થને પરતંત્ર સાધુઓમાં ચારિત્રની હાનિ નથી, એમ પૂર્વમાં કહ્યું. તેને દૃઢ કરવા માટે કહે છે; જે કારણથી પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે આગળની ગાથામાં કહેવાશે, એ કહ્યું છે. **॥૧૨૫॥**

અવતરણિકા :-

ગાથા-૧૨૫ના અંતે કહ્યું કે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે આ કહ્યું છે, તેથી હવે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે કહેલ પંચાશકની બે ગાથાઓ અહીં ક્રમસર બતાવે છે –

ગાથા :-

एवंविहाण वि इहं, चरणं दिट्ठं तिलोगनाहेहिं ।
जोगाण सुहो भावो, जम्हा एएसि सुद्धो उ ।।१२६।।

અન્વયાર્થ :-

इहं=અહીં=ભરતક્ષેત્રમાં, एवंविहाण वि=આવા પ્રકારના પણ સાધુને=વક્ર-જડ પણ સાધુને, तिलोगनाहेहिं=ભગવાન વડે, चरणं दिट्ठं=ચારિત્ર જોવાયું છે; जम्हा=જે કારણથી, एएसि जोगाण उ=આમના યોગોનો પણ=વક્ર-જડ સાધુઓના યોગોનો પણ, सुद्धो भावो सुहो=શુદ્ધ ભાવ સ્થિર છે. ॥૧૨૬॥

ગાથાર્થ :-

ભરતક્ષેત્રમાં વક્ર-જડ પણ સાધુને ભગવાન વડે ચારિત્ર જોવાયું છે, જે કારણથી વક્ર-જડ સાધુઓના યોગોનો પણ શુદ્ધ ભાવ સ્થિર છે. ॥૧૨૬॥

ટીકા :-

'एवं विहाण वि' त्ति । एवंविधानामपि=वक्रजडानामपि, इह=भरतक्षेत्रे, चरणं=चारित्रं, दृष्टं त्रिलोकनाथैः, यस्मादेतेषां योगानां=प्रतिज्ञातक्रियाव्यापाराणां, शुद्धो भावः स्थिरः, स्थिरतैव चारित्राङ्गमिति ।।१२६।।

ટીકાર્થ :-

'एवंविधानामपि' ..... चारित्राङ्गमिति ।। ભરતક્ષેત્રમાં આવા પ્રકારનાને પણ=વક્ર-જડ સાધુઓને પણ, ચારિત્ર ત્રિલોકનાથ વડે જોવાયું છે, જે કારણથી આમના=વક્ર-જડ સાધુઓના, યોગોનો=પ્રતિજ્ઞા કરાયેલ ક્રિયાના વ્યાપારોનો, શુદ્ધ ભાવ સ્થિર છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધ ભાવ સ્થિર છે, તેથી ચારિત્ર છે તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

સ્થિરતા જ ચારિત્રનું અંગ છે. ।।૧૨૬।।

❖ 'एवंविधानामपि' वक्रजडानामपिમાં 'अपि'થી એ કહેવું છે કે જેઓ વક્ર-જડ નથી, પરંતુ અત્યંત સરળ હોવાથી અને બુદ્ધિધન હોવાથી માર્ગ ઉપર ચાલનારા છે, તેઓમાં તો ચારિત્ર ભગવાને જોયું છે, પરંતુ આવા પ્રકારના વક્ર-જડમાં પણ ભગવાને ચારિત્ર જોયું છે.

ભાવાર્થ :-

સંસારથી ભય પામેલા અને આરાધક એવા સાધુમાં પણ કાળના દોષને કારણે કંઈક વક્રતા અને જડતા હોવા છતાં તેવા સાધુઓમાં પણ ભગવાને ચારિત્ર જોયું છે. તેમાં યુક્તિ આપે છે કે આવા સાધુઓમાં પોતે જે પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞાને અનુરૂપ ક્રિયાના વ્યાપારવિષયક શુદ્ધ ભાવ સ્થિર છે અર્થાત્ મારી સંયમની ક્રિયાઓ શાસ્ત્રાનુસારી થાવ તેવો શુભભાવ સ્થિર છે. આથી વક્રતા અને જડતા હોવા છતાં ગીતાર્થને પરતંત્ર થવામાં મારું હિત છે, તેવો તેમને બોધ છે, અને શાસ્ત્રાનુસારી ક્રિયા કરવામાં વક્રતાને કારણે ક્યારેક આત્મવંચના થાય તોપણ તરત નિવર્તન પામી જાય છે, આથી ગીતાર્થ આગળ પોતાની ક્ષતિનું નિવેદન કરીને તેની શુદ્ધિ કરે છે. આવા પ્રકારની સ્થિરતા ચારિત્રનું અંગ છે. માટે વર્તમાનના સાધુઓમાં પણ ચારિત્ર છે, એમ ભગવાને જોયું છે. **॥૧૨૬॥**

અવતરણિકા :-

ગાથા-૧૨૬માં કહ્યું કે વર્તમાનના વક્ર અને જડ સાધુઓમાં પણ યોગોનો શુદ્ધ ભાવ સ્થિર છે. ત્યાં પ્રશ્ન થાય કે વર્તમાનના સાધુઓ વક્રતા અને જડતાને કારણે ક્યારેક ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરે છે ત્યારે શુદ્ધ ભાવ સ્થિર રહેતો નથી. માટે તેઓમાં ચારિત્ર છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

ગાથા :-

અથિરો અ હોઇ ભાવો, સહકારિવસેણ ણ પુણ તં હણઇ ।
જલણા જાયઇ ઉણ્હં, વજ્જં ણ ઉ ચયઇ તત્તં પિ ।।૧૨૭।।

અન્વયાર્થ :-

અ=અને, સહકારિવસેણ=સહકારીના વશથી, અથિરો ભાવો=અસ્થિર ભાવ, હોઇ=થાય છે, પુણ=વળી, તં=તેને=યોગની સ્થિરતારૂપ ચારિત્રને, ણ હણઇ=હણતો નથી, જલણા=અગ્નિથી, વજ્જં=વજ્ર, ઉણ્હં=ઉષ્ણ, જાયઇ=થાય છે, ઉ=પરંતુ, તત્તં પિ=તત્ત્વને પણ=વજ્રત્વને પણ, ણ ચયઇ=ત્યાગ કરતું નથી. ।।૧૨૭।।

ગાથાર્થ :-

અને સહકારીના વશથી અસ્થિર ભાવ થાય છે. વળી યોગની સ્થિરતારૂપ ચારિત્રને હણતો નથી. અગ્નિથી વજ્ર ઉષ્ણ થાય છે, પરંતુ વજ્રત્વનો પણ ત્યાગ કરતું નથી. ।।૧૨૭।।

ટીકા :-

'अथिरो अ' त्ति । अस्थिरश्च भावो भवति कदाचित् सहकारिणां=संज्वलनमायाजाड्यादिलक्षणानां निमित्तानां, वशेन, न पुनः तं=योगस्थिरतालक्षणं चारित्रं, हन्ति । दृष्टान्तमाह ज्वलनात्=अग्नेः, जायते उष्णं वज्रं न तु त्यजति तत्त्वं=वज्रत्वमपि, तद्वच्चारित्रमपि तथाविधसहकारिवशाद्विकारित्व-लक्षणमस्थैर्यमुपाददानमपि दृढप्रतिज्ञत्वलक्षणं स्थैर्यं न परित्यजतीत्यर्थः ।।१२७।।

ટીકાર્થ :-

અસ્થિરશ્ચ ..... પરિત્યજતીત્યર્થઃ ।। ક્યારેક સહકારીના વશથી=સંજ્વલન માયા અને જાડ્યાદિરૂપ નિમિત્તોના વશથી, અસ્થિર ભાવ થાય છે, પરંતુ તેને=યોગની સ્થિરતારૂપ ચારિત્રને, હણતો નથી= અસ્થિર ભાવ ચારિત્રને હણતો નથી,

દૃષ્ટાંતને કહે છે=પૂર્વના કથનમાં દૃષ્ટાંતને કહે છે –

જ્વલનથી=અગ્નિથી, વજ્ર ઉષ્ણ થાય છે, પરંતુ તત્ત્વનો=વજ્રત્વનો પણ, ત્યાગ કરતું નથી. તેની જેમ=વજ્રની જેમ, ચારિત્ર પણ તેવા પ્રકારના સહકારીના વશથી=અસ્થૈર્યની ઉત્પત્તિનું કારણ બને તેવા પ્રકારના સહકારીના વશથી, વિકારીપણારૂપ અસ્થૈર્યને પ્રાપ્ત કરતું પણ, દૃઢ પ્રતિજ્ઞત્વરૂપ સ્થૈર્યનો ત્યાગ કરતું નથી, એ પ્રકારનો અર્થ છે=દૃષ્ટાંતનું તાત્પર્ય છે. ।।૧૨૭।।

❖ 'संज्वलनमायाजाड्यादिलक्षणानां'માં 'आदि' પદથી પ્રમાદનું ગ્રહણ કરવું.

❖ 'वज्रत्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે અગ્નિથી વજ્ર શીતપણાનો તો ત્યાગ કરે છે, પરંતુ વજ્રપણાનો પણ ત્યાગ કરતું નથી.

❖ 'चारित्रमपि'માં 'अपि'થી એ કહેવું છે કે વજ્ર તો વજ્રપણાનો ત્યાગ કરતું નથી, પરંતુ ચારિત્ર પણ સ્થૈર્યપણાનો ત્યાગ કરતું નથી.

❖ 'उपाददानमपि'માં 'अपि'થી એ કહેવું છે કે તેવા પ્રકારના સહકારીના વશથી અસ્થૈર્યને નહિ પામતું ચારિત્ર તો દૃઢપ્રતિજ્ઞારૂપ સ્થૈર્યભાવનો ત્યાગ કરતું નથી, પરંતુ તેવા પ્રકારના સહકારીના વશથી અસ્થૈર્યને પામતું ચારિત્ર પણ દૃઢપ્રતિજ્ઞત્વરૂપ સ્થૈર્યનો ત્યાગ કરતું નથી.

ભાવાર્થ :-

વર્તમાનમાં પણ સંસારથી ભય પામેલા કેટલાક આરાધક સાધુ આત્મકલ્યાણ માટે ગીતાર્થને પરતંત્ર થઈને સંયમમાં ઉદ્યમ કરનારા છે, આમ છતાં ભગવાનના વચનાનુસાર અનુષ્ઠાનો કરીને સમભાવની વૃદ્ધિ કરતા હોય ત્યારે સંજ્વલનની માયાને કારણે કે જ્ઞાનાવરણીયના ઉદયથી થયેલી જડતાના કારણે કે પ્રમાદના કારણે તેમને અસ્થિરભાવ આવે છે. તેથી તે વખતે તે સંયમનાં અનુષ્ઠાનો કંઈક વિપરીત સેવન થવાથી સમભાવની વૃદ્ધિ કરી શકતાં નથી, છતાં પોતાના મન-વચન-કાયાના યોગો ભગવાનના વચનાનુસાર પ્રવર્તાવીને સંયમની વૃદ્ધિ કરવી છે, તેવો તે મહાત્માનો સ્થિરતારૂપ ચારિત્રનો પરિણામ નાશ પામતો નથી. આથી આવા સાધુઓ સંયમની ઉચિત યતનામાં ક્યારેક સંજ્વલનની માયાથી વિપરીત આચરણ કરે ત્યારે પણ તરત તેનાથી નિવર્તન પામીને શુદ્ધિ માટે યત્ન કરે છે.

જેમ - ગોચરીએ ગયેલ અને શુદ્ધ ગોચરીની ગવેષણા કરતા કોઈક મહાત્માને વહોરાવવા માટે કોઈ શ્રાવક જ્યારે યત્ન કરે છે, ત્યારે તે મહાત્મા 'આ સાધુ માટે બનાવેલ છે ?' તેવી શંકાથી પૃચ્છા કરે છે. તેના પ્રત્યુત્તરમાં શ્રાવક કહે છે કે આજે મારે ત્યાં મહેમાન આવવાના હતા, તેથી બનાવેલ છે, કોઈક કારણે મહેમાન આવ્યા નથી. આ પ્રત્યુત્તરમાં શ્રાવકનું મૃષાવચન હોવાને કારણે કંઈક ક્ષોભથી ઉત્તર હતો, છતાં શુદ્ધ ગવેષણામાં કંઈક વક્રતાને કારણે અને કંઈક જડતાને કારણે તે વખતે તે મહાત્માએ શ્રાવકના વચનને અવલંબીને ભિક્ષા ગ્રહણ કરી; પરંતુ અંતરંગ રીતે સંયમ પાળવાનો સ્થિર પરિણામ હોવાને કારણે ગુરુ પાસે આવીને યથાર્થ નિવેદન કરે છે, અને કહે છે કે શ્રાવકના ઉત્તરમાં કંઈક શંકા જેવું હોવા છતાં કંઈક અવિચારકતાને કારણે મેં આ ભિક્ષા ગ્રહણ કરી છે, પરંતુ તે ભિક્ષામાં દોષ હોવાની સંભાવના છે; અને ગુરુ પણ તે ભિક્ષાને પરઠવી દેવાનું કહે ત્યારે, ગુરુનું તે વચન તેમ સ્વીકારીને તે મહાત્મા વિધિપૂર્વક તે ભિક્ષાને પરઠવે છે. તેથી આવા મહાત્માઓને પણ ક્યારેક સહકારી એવા સંજ્વલન કષાય અને જડતાના વશથી ભગવાનના વચનાનુસાર દૃઢ પ્રવૃત્તિમાં અસ્થૈર્યભાવ આવે છે, તોપણ તે અસ્થૈર્યભાવ 'મોક્ષને અનુકૂળ એવા યોગમાર્ગમાં મારે પ્રવૃત્તિ કરવી છે' તેવા સ્થિરભાવનો નાશ કરતો નથી, માત્ર ક્ષણભર સંયમને મલિન કરે છે, અને ત્યારે પણ અંતરંગ ચારિત્રનો પરિણામ તે મલિનતાને દૂર કરીને ચારિત્રને શુદ્ધ કરે છે.

આ વાત દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ વજ્ર અગ્નિથી ઉષ્ણ થાય છે, પણ વજ્રત્વને છોડતું નથી, તેમ ચારિત્ર પણ તેવા પ્રકારના સહકારીના વશથી સંયમની કોઈક આચરણામાં અસ્થૈર્યને પ્રાપ્ત કરે છે, તોપણ ભગવાનના વચન પ્રમાણે

સંયમમાં પ્રવૃત્તિ કરવાની દૃઢપ્રતિજ્ઞામાં રહેલા સ્થૈર્યભાવને તે અસ્થિરતા નાશ કરતી નથી. ફક્ત જેમ અગ્નિ શીતલ વજ્રને ઉષ્ણ માત્ર કરે છે, તેમ તેવા પ્રકારના સહકારીના વશથી થયેલો અસ્થૈર્યભાવ દૃઢ પ્રતિજ્ઞારૂપ સ્થૈર્યમાં કંઈક મલિનતા લાવે છે, પરંતુ તે દૃઢપ્રતિજ્ઞાનો નાશ કરતો નથી. **॥૧૨૭॥**

અવતરણિકા :-

यदप्युक्तमेकस्याप्यङ्गस्य भङ्गेऽष्टादशशीलाङ्गसहस्त्रलक्षणं चारित्रं नावतिष्ठत इति प्रमादबहुले काले कथं चारित्रसम्भवः ? इति, तत्रोत्तरमाह –

અવતરણિકાર્થ :-

જે વળી ગાથા-૨૫માં પૂર્વપક્ષી વડે કહેવાયું - એક પણ અંગના=ચારિત્રના એક પણ અંગના, ભંગમાં અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર રહેતું નથી, એથી પ્રમાદબહુલ એવા વર્તમાનકાળમાં કેવી રીતે ચારિત્રનો સંભવ હોય ? અર્થાત્ ચારિત્રનો સંભવ નથી. 'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે. ત્યાં=શંકામાં, ગ્રંથકારશ્રી ઉત્તરને કહે છે –

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ અંગોના ભંગમાં તો ચારિત્ર નથી, પરંતુ એક પણ અંગના ભંગમાં ચારિત્ર નથી.

ભાવાર્થ :-

ગાથા-૨૪માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે એક પણ સંયમસ્થાનનો ભંગ કરાયે છતે મહાનિશીથસૂત્રમાં જિનાજ્ઞાબાહ્યપણું કહેવાયું છે. માટે વર્તમાનમાં સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ આત્માના શુદ્ધ ભાવોમાં ઉદ્યમ કરવો ઉચિત છે, જેથી આત્માને ઇષ્ટ એવા મોક્ષફલની સિદ્ધિ થાય. તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ ગાથા-૮૦થી ૧૨૭ સુધી કર્યું. હવે પૂર્વપક્ષીએ ગાથા-૨૫માં કહેલ કે ચારિત્ર અઢાર હજાર શીલાંગરૂપ છે અને તે અઢાર હજાર શીલાંગો અન્યોન્યસંવેધવાળા છે, તેથી એક પણ શીલાંગનો ભંગ થાય તો ચારિત્રનો નાશ થાય છે. માટે પણ પ્રમાદબહુલ એવા આ કાળમાં સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

ગાથા :-

सीलंगाण वि एवं, विगलत्तं णत्थि विरइभावेणं ।
इहरा कयाइ हुज्ज वि, भणियं जं पुव्वसूरीहिं ।।१२८।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=અવતરણિકામાં કહ્યું કે એક પણ શીલાંગના ભંગમાં અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર રહેતું નથી એ રીતે, विरइभावेणं=વિરતિના ભાવથી=ચારિત્રના અંતરંગ પરિણામથી, सीलंगाण वि विगलत्तं=શીલાંગોનું પણ વિકલપણું, णत्थि=નથી, इहरा=ईतरथा=અંતરંગ વિરતિના ભાવથી

ઈતર એવી બાહ્યપ્રવૃત્તિની અપેક્ષામાં, કયાઇ હુજ્જ વિ=ક્યારેક થાય પણ=ક્યારેક એકાદ અંગ વિકલ થાય પણ, જં=જે કારણથી, પુવ્વસૂરીહિં=પૂર્વસૂરિ વડે, ભણિયં=કહેવાયું છે. ।।૧૨૮।।

ગાથાર્થ :-

અવતરણિકામાં કહ્યું કે એક પણ શીલાંગના ભંગમાં અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર રહેતું નથી એ રીતે, ચારિત્રના અંતરંગ પરિણામથી શીલાંગોનું પણ વિકલપણું નથી, ઈતરથા ક્યારેક એકાદ અંગ વિકલ થાય પણ, જે કારણથી પૂર્વસૂરિ વડે કહેવાયું છે. ।।૧૨૮।।

ટીકા :-

'सीलंगाण वि'त्ति । शीलाङ्गानामपि एवं विरतिभावेन नास्ति वैकल्यम्–एकाद्यङ्गायोगलक्षण-मितीष्यते, विरतिस्थानसत्त्वे फलतः सर्वाङ्गानां सत्त्वात्, इतरथा=बाह्यप्रवृत्त्यपेक्षायां, भवेदपि कदाचिदेकाद्यङ्गवैकल्यम्, तथात्वे दोषाभावात्, आन्तरभावेषु तु क्वचिदप्यंशवैकल्येऽविरतिप्रसङ्गात्, यद्भणितं 'पूर्वसूरिभिः' श्रीहरिभद्राचार्यैः ।।१२८।।

ટીકાર્થ :-

शीलाङ्गानामपि ..... श्रीहरिभद्राचार्यैः ।। **આ રીતે=અવતરણિકામાં કહ્યું કે એક પણ શીલાંગના ભંગમાં અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર રહેતું નથી એ રીતે, વિરતિના ભાવથી=વિરતિના પરિણામથી, શીલાંગોનું પણ એકાદ અંગના અયોગરૂપ વિકલપણું નથી એ પ્રમાણે ઈચ્છાય છે; કેમ કે વિરતિનું સ્થાન હોતે છતે=વિરતિનો પરિણામ હોતે છતે, ફલ હોવાને કારણે=અઢાર હજાર શીલાંગના પાલનથી પ્રાપ્ત થતા સમભાવની વૃદ્ધિરૂપ ફલ હોવાને કારણે, સર્વ અંગોનું=અઢાર હજાર શીલાંગના બધા અંગોનું, સત્ત્વ છે, ઈતરથા=અંતરંગ વિરતિના પરિણામથી ભિન્ન એવી સંયમની બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષામાં, ક્યારેક એકાદ અંગનું વિકલપણું=અઢાર હજાર શીલાંગના એકાદ અંગનું વિકલપણું, થાય, પણ**

અહીં પ્રશ્ન થાય કે અઢાર હજાર શીલાંગો પરસ્પર જીવપ્રદેશની જેમ અનુવિદ્ધ હોવાને કારણે અંતરંગ વિરતિભાવ હોવા છતાં બાહ્ય આચરણની અપેક્ષાએ ક્યારેક શીલાંગનું વિકલપણું થાય તેમ સ્વીકારીએ, તો ચારિત્ર રહે છે, તેમ કેમ કહી શકાય ? તેથી હેતુ કહે છે –

તથાપણામાં=બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષાએ ક્યારેક એકાદ શીલાંગના વિકલપણામાં, દોષનો અભાવ છે=ચારિત્રના અભાવરૂપ દોષની પ્રાપ્તિ નથી, પરંતુ અંતરંગ ભાવોમાં=સર્વ ભાવો પ્રત્યે સમભાવની વૃદ્ધિ થાય તેને અનુકૂળ અઢાર હજાર શીલાંગને અનુરૂપ અંતરંગ ભાવોમાં, ક્યારે પણ અંશનું વૈકલ્ય હોતે છતે અવિરતિનો પ્રસંગ છે, જે કારણથી પૂર્વસૂરિ એવા હરિભદ્રાચાર્ય વડે કહેવાયું છે. ।।૧૨૮।।

❖ 'शीलाङ्गानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે વિરતિભાવ હોય તો અંતરંગ ચારિત્રનું તો વિકલપણું નથી, પરંતુ શીલાંગોનું પણ વિકલપણું નથી.

❖ 'एकाद्यङ्गायोगलक्षणम्'માં 'आदि' પદથી ૨-૩ આદિનું ગ્રહણ કરવું.

❖ 'भवेदपि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષાએ અઢાર હજાર શીલાંગોમાંથી ક્યારેક એકાદ અંગનું વિકલપણું ન થાય, તો ક્યારેક થાય પણ.

❖ 'क्वचिदपि'માં 'अपि'થી એ કહેવું છે કે અંતરંગ ભાવોમાં હંમેશાં અંશના વૈકલ્યમાં તો અવિરતિનો પ્રસંગ છે, પરંતુ ક્યારેક પણ અંશવૈકલ્યમાં અવિરતિનો પ્રસંગ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૫માં શાસ્ત્રવચનના બળથી પૂર્વપક્ષીએ કહેલ કે જીવના સર્વ પ્રદેશોની જેમ અઢાર હજાર શીલાંગો અન્યોન્ય અનુવિદ્ધ છે. તેથી ક્યારે પણ જેમ એકાદ પ્રદેશથી રહિત જીવની પ્રાપ્તિ થતી નથી, તેમ અઢાર હજાર શીલાંગમાંથી એકાદ શીલાંગથી રહિત ચારિત્રની પણ પ્રાપ્તિ થતી નથી; અને વર્તમાનના વિષમકાળમાં સર્વ શીલાંગોથી યુક્ત ચારિત્ર પ્રાપ્ત નથી, માટે ચારિત્ર નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે જે રીતે અઢાર હજાર શીલાંગ યુક્ત ચારિત્ર છે, એ રીતે અંતરંગ વિરતિનો પરિણામ હોય તો અઢાર હજાર શીલાંગમાંથી એક પણ શીલાંગનું વિકલપણું નથી; કેમ કે અઢાર હજાર શીલાંગના પાલનનું પ્રયોજન સમભાવનો પ્રકર્ષ છે, અને જે સાધુ અંતરંગ રીતે સમભાવની વૃદ્ધિ થાય તે રીતે સર્વ બાહ્ય આચરણાઓમાં શક્ય ઉદ્યમ કરે છે, તે સાધુમાં અઢાર હજાર શીલાંગમાંથી એક પણ શીલાંગ ન્યૂન નથી; ક્વચિત્ બાહ્ય આચરણાની અપેક્ષાએ કોઈક શીલાંગથી વિપરીત આચરણા હોય ત્યારે પણ તે સાધુમાં સમભાવ પ્રત્યેનો પક્ષપાત વર્તતો હોય તો ફલથી બધાં શીલાંગો છે.

અહીં પ્રશ્ન થાય કે અઢાર હજાર શીલાંગોને બાહ્ય આચરણા સાથે યોજીને બતાવેલાં છે, તેથી તે પ્રકારની બાહ્ય આચરણા ન હોય તો સર્વ શીલાંગો છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

માત્ર બાહ્ય આચરણામાં વિકલતા હોય તો દોષ નથી, પરંતુ તે બાહ્ય આચરણાથી નિષ્પાદ્ય એવા અંતરંગ સંયમના ભાવોમાં કોઈપણ અંશની વિકલતા હોય તો વિરતિના અભાવનો પ્રસંગ આવે. જેમ સાધુ શાસ્ત્રવચનઅનુસાર યતનાપૂર્વક નદી ઊતરતા હોય ત્યારે સાધુની ગમનચેષ્ટાથી જલાદિ જીવોની હિંસા છે, તેથી બાહ્ય અંગોથી એકેન્દ્રિયાદિ જીવોને આશ્રયીને શીલાંગનો ભંગ છે; તોપણ અંતરંગ રીતે અપ્રમાદની વૃદ્ધિ માટે અને રત્નત્રયીની વૃદ્ધિ માટે સાધુ નદી ઊતરતા હોય તો અંતરંગ સંયમના ભાવોમાં કે સંયમને અનુકૂળ અઢાર હજાર શીલાંગના ભાવોમાં કોઈપણ અંશની વિકલતા નથી. તેથી બાહ્ય રીતે શીલાંગની વિકલતા હોવા છતાં વિરતિનો ભાવ અસ્ખલિત હોય તો સર્વ શીલાંગોમાંથી એક પણ શીલાંગનો ભંગ નથી. માટે પૂર્વપક્ષીએ કહેલ કે કાળદોષને કારણે વર્તમાનમાં અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર કેવી રીતે રહી શકે ? તેનું સમાધાન થઈ જાય છે; કેમ કે કાળની વિષમતાને કારણે કોઈક બાહ્ય આચરણા શક્ય ન હોય માટે વિપરીત આચરણા થાય તો, તેટલા માત્રથી અપ્રમાદી સાધુને બાહ્ય શીલાંગમાત્રમાં વિકલતા થાય, પરંતુ અંતરંગ ભાવોમાં કોઈ વિકલતા નથી. તેથી આ કાળમાં પણ અપ્રમાદી સાધુમાં ચારિત્ર

સ્વીકારવામાં કોઈ બાધ નથી. અને પોતાની વાતની પુષ્ટિમાં ગ્રંથકારશ્રી કહે છે કે જે કારણથી પૂ. હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે કહ્યું છે. **॥૧૨૮॥**

અવતરણિકા :-

ગાથા-૧૨૮માં કહ્યું કે જે કારણથી પૂ. હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે. તેથી હવે પૂ. હરિભદ્રસૂરિ મહારાજે શું કહ્યું છે, તે બતાવે છે –

ગાથા :-

एयं च एत्थ रूवं, विरईभावं पडुच्च दट्ठव्वं ।
ण उ बज्झं पि पवित्तिं, जं सा भावं विणा वि भवे ।।१२९।।

અન્વયાર્થ :-

च=અને, एत्थ=અહીં=શીલાંગના પ્રક્રમમાં, एयं रूवं=આ રૂપ=શીલાંગોનું અન્યોન્ય વ્યાપ્તિ દ્વારા અખંડ સ્વભાવપણું, विरईभावं पडुच्च=વિરતિભાવને આશ્રયીને=અંતરંગ ચારિત્રની પરિણતિને આશ્રયીને, दट्ठव्वं=જાણવું, ण उ बज्झं पि पवित्तिं=પરંતુ બાહ્ય પ્રવૃત્તિને આશ્રયીને નહિ, जं=જે કારણથી, सा=તે=બાહ્ય પ્રવૃત્તિ, भावं विणा वि=ભાવ વગર પણ=અંતરંગ પરિણામ વગર પણ, भवे=થાય. ॥૧૨૯॥

ગાથાર્થ :-

અને શીલાંગના પ્રક્રમમાં શીલાંગોનું અન્યોન્ય વ્યાપ્તિ દ્વારા અખંડ સ્વભાવપણું અંતરંગ ચારિત્રની પરિણતિને આશ્રયીને જાણવું, પરંતુ બાહ્ય પ્રવૃત્તિને આશ્રયીને નહિ; જે કારણથી બાહ્ય પ્રવૃત્તિ અંતરંગ પરિણામ વગર પણ થાય. ॥૧૨૯॥

ટીકા :-

'एयं च'त्ति । एतच्च शीलाङ्गानामन्योन्यव्याप्त्या रूपम् अखण्डस्वाभाव्यं विरतिभावं प्रतीत्य द्रष्टव्यं न तु बाह्यामपि प्रवृत्तिमाश्रित्य, यद्=यस्मात्, सा=बाह्या प्रवृत्तिः, भावं विनापि भवेत्, पुष्टालम्बन-शुद्धस्य सर्वत्रानभिष्वङ्गस्य गुरुलघुभावविदः किञ्चिद्बाह्याङ्गविकलस्य विरतिभावाबाधाद्, उत्सूत्ररतस्य च बाह्याङ्गसामग्र्येऽपि तदभावादिति भावः ।।१२९।।

ટીકાર્થ :-

एतच्च ..... तदभावादिति भावः ।। અને આ રૂપ=શીલાંગોનું અન્યોન્ય વ્યાપ્તિ દ્વારા અખંડસ્વભાવપણું, વિરતિભાવને=અંતરંગ સંયમપરિણામને, આશ્રયીને જાણવું, પરંતુ બાહ્ય પણ પ્રવૃત્તિને આશ્રયીને નહિ, જે કારણથી તે=બાહ્ય પ્રવૃત્તિ, ભાવ વગર પણ થાય.

(૧) અંતરંગ અવિરતિના ભાવ વગર વિપરીત પણ બાહ્યપ્રવૃત્તિ થાય છે, તેમાં એક હેતુ આપે છે –

(૧) પુષ્ટઆલંબનથી શુદ્ધ, સર્વત્ર અભિષ્વંગ વગરના, ગુરુલઘુભાવના જાણનારા અર્થાત્ ગીતાર્થ, કોઈક બાહ્ય અંગથી વિકલ એવા સાધુના વિરતિભાવનો અબાધ છે.

અને

(૨) અંતરંગ વિરતિના ભાવ વગર શીલાંગોની અખંડ પ્રવૃત્તિ પણ થાય છે, તેમાં બીજો હેતુ આપે છે.

(૨) ઉત્સૂત્રરત એવા સાધુના બાહ્ય અંગના સમગ્રપણામાં પણ=અઢાર હજાર શીલાંગના બાહ્ય અંગના સમગ્રપણામાં પણ, તેનો અભાવ છે=વિરતિના પરિણામનો અભાવ છે, એ પ્રમાણે ભાવ છે. ॥૧૨૯॥

❖ 'बाह्यामपि'માં 'अपि'થી એ કહેવું છે કે શીલાંગોનું અખંડસ્વભાવપણું અંતરંગ પ્રવૃત્તિને આશ્રયીને તો છે, પરંતુ બાહ્ય પણ પ્રવૃત્તિને આશ્રયીને નથી.

❖ 'भावं विनापि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્ય પ્રવૃત્તિ ભાવથી તો થાય છે, પરંતુ ભાવ વગર પણ થાય છે.

❖ 'बाह्याङ्गसामग्र्येऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉત્સૂત્રરતને સંયમના બાહ્ય અંગનું સમગ્રપણું ન હોય તો તો વિરતિનો અભાવ છે, પરંતુ બાહ્ય અંગનું સમગ્રપણું હોય તોપણ વિરતિનો અભાવ છે.

ભાવાર્થ :-

અઢાર હજાર શીલાંગો પરસ્પર જીવપ્રદેશની જેમ અનુવિદ્ધ છે, તેથી જેમ અસંખ્યાત જીવપ્રદેશોમાંથી એક જીવપ્રદેશ ન્યૂન હોય તેવો કોઈ જીવ પ્રાપ્ત થતો નથી, તેમ અઢાર હજાર શીલાંગમાંથી એક શીલાંગ ન્યૂન હોય તેવો શીલાંગોનો સમૂહ પ્રાપ્ત થતો નથી. માટે જેનામાં અઢાર હજાર શીલાંગો પૂર્ણ હોય તેનામાં ચારિત્ર છે, અને જેનામાં એક પણ શીલાંગની વિકલતા છે, તેનામાં અઢાર હજાર શીલાંગો નથી, માટે ચારિત્ર પણ નથી, એમ શાસ્ત્રમાં જે કહેલ છે; તે અંતરંગ સમભાવની પરિણતિરૂપ વિરતિભાવને આશ્રયીને જાણવું, પરંતુ બાહ્ય સંયમની આચરણાને આશ્રયીને કોઈક શીલાંગ ન્યૂન હોય એટલા માત્રથી તે સાધુમાં શીલાંગ નથી, તેમ શાસ્ત્ર કહેતું નથી; કેમ કે અંતરંગ ભાવ વગર પણ બાહ્ય પ્રવૃત્તિ થઈ શકે છે અને ચારિત્ર અંતરંગ ભાવરૂપ છે.

આથી કોઈ સાધુ પુષ્ટ આલંબનથી શુદ્ધ પરિણામવાળા હોય, સર્વત્ર અભિષ્વંગ વગરના હોય, ગુરુલાઘવભાવને જાણનારા હોય, અને પુષ્ટ આલંબનને કારણે કોઈક બાહ્ય પ્રવૃત્તિ વિકલ કરે તોપણ અંતરંગ વિરતિભાવનો બાધ થતો નથી; અને કોઈ સાધુ ઉત્સૂત્રરત હોય અને શીલાંગોના બાહ્ય સર્વ અંગોનું પાલન કરતો હોય તોપણ તેનામાં વિરતિનો ભાવ નથી. તેથી ભાવ વગર પણ બાહ્ય પ્રવૃત્તિ થાય છે, એમ ફલિત થાય છે, અને ચારિત્ર અંતરંગ પરિણામાત્મક છે. માટે અંતરંગ ચારિત્રનો ભાવ હોય અને બાહ્ય શીલાંગ વિકલ હોય તોપણ અંતરંગ વિરતિભાવને આશ્રયીને તે સાધુમાં બધાં શીલાંગો છે, તેથી પ્રમાદબહુલકાળમાં પણ અપ્રમાદી સાધુમાં ચારિત્રનો સંભવ છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. એમ ગાથા-૧૨૮ની અવતરણિકા સાથે સંબંધ છે. **॥૧૨૯॥**

અવતરણિકા :-

यदप्युक्तमेकस्याप्यङ्गस्य वैकल्ये चारित्रोच्छेदादेव महानिशीथे साधूनामप्कायादिसेवने मिथ्यात्वाभिधानमिति तदपि न युक्तं तदभिधानस्यान्यार्थत्वादित्याह –

અવતરણિકાર્થ :-

એક પણ અંગના વિકલપણામાં=અઢાર હજાર શીલાંગમાંથી એક પણ અંગના વિકલપણામાં, ચારિત્રનો ઉચ્છેદ હોવાને કારણે જ મહાનિશીથમાં સાધુના અપ્કાય આદિના સેવનમાં મિથ્યાત્વનું અભિધાન છે, એ પ્રમાણે જે પણ ગાથા-૨૬માં પૂર્વપક્ષી વડે કહેવાયું તે પણ યુક્ત નથી; કેમ કે તે અભિધાનનું=મહાનિશીથમાં સાધુના અપકાય આદિ સેવનમાં મિથ્યાત્વના અભિધાનનું, અન્યાર્થપણું છે=પૂર્વપક્ષી જે અર્થ કરે છે તેના કરતા અન્યાર્થપણું છે, इति=एतद्=એને કહે છે –

❖ 'यदपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગાથા-૨૫માં પૂર્વપક્ષીએ કહેલ કે અઢાર હજાર શીલાંગમાંથી એક અંગના ભંગમાં પણ અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્ર રહેતું નથી, તે તો યુક્ત નથી, પરંતુ ગાથા-૨૬માં જે પૂર્વપક્ષીએ કહ્યું તે પણ યુક્ત નથી.

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ આદિ અંગના વૈકલ્યમાં તો ચારિત્રનો ઉચ્છેદ છે, પરંતુ એક પણ અંગના વૈકલ્યમાં ચારિત્રનો ઉચ્છેદ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૬ની અવતરણિકામાં કહેલ કે એક પણ શીલાંગના અભાવમાં ચારિત્રનો અભાવ છે, તેથી ભગ્નશીલાંગવાળાને મિથ્યાત્વનું અભિધાન શાસ્ત્રમાં કહ્યું છે તે ઘટે છે. તેમ કહીને મહાનિશીથસૂત્રના વચનથી પૂર્વપક્ષીએ બતાવ્યું કે 'જે સાધુ અપ્રાસુક પાણી અને તેઉકાયનું સેવન કરે છે અને બ્રહ્મચર્યની ગુપ્તિનું વિરાધન કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે.'

વળી આ પ્રકારના મહાનિશીથસૂત્રના વચનના બળથી પૂર્વપક્ષી જે કહે છે કે બાહ્ય કોઈપણ શીલાંગના ભંગમાં ચારિત્ર નથી અને જે સાધુ ચારિત્ર લઈને એક પણ શીલાંગનું વિપરીત સેવન કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે, માટે વર્તમાનમાં ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો ઉચિત છે, તે યુક્ત નથી; કેમ કે પૂર્વપક્ષી મહાનિશીથસૂત્રનો જે અર્થ કરે છે, તે અર્થ બરાબર નથી, પરંતુ અન્ય અર્થને બતાવવા માટે મહાનિશીથસૂત્રનું વચન છે. એ અર્થને સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अच्चंतणिसेहत्थं, आउक्कायाइसेवणे भणिअं ।
मिच्छत्तं णिच्छयओ, तं पुण अण्णस्स भंगे वि ।।१३०।।

અન્વયાર્થ :-

अच्चंतणिसेहत्थं=અત્યંત નિષેધ માટે=સાધુને અપ્કાય આદિ ત્રણના અત્યંત નિષેધ માટે, आउक्काया-

इसेवणे=અપ્કાય આદિના સેવનમાં, मिच्छत्तं भणिअं=મિથ્યાત્વ કહેવાયું છે, पुण=વળી, णिच्छयओ=નિશ્ચયથી=નિશ્ચયનયથી, अण्णस्स भंगे वि=અન્યના ભંગમાં પણ=અપ્કાયાદિ વિરમણવ્રતથી અતિરિક્ત અન્ય વ્રતના ભંગમાં પણ, तं=તે=મિથ્યાત્વ=મિથ્યાત્વ રહેલું છે. ॥૧૩૦॥

ગાથાર્થ :-

સાધુને અપ્કાય આદિ ત્રણના અત્યંત નિષેધ માટે અપ્કાય આદિના સેવનમાં મિથ્યાત્વ કહેવાયું છે. વળી નિશ્ચયનયથી અન્યના ભંગમાં પણ મિથ્યાત્વ રહેલું છે. ॥૧૩૦॥

ટીકા :-

'अच्चंत'त्ति। यद्यपि ग्रन्थान्तरेऽप्कायतेजस्काययोः कल्पिका प्रतिसेवनोच्यते, मैथुनस्य तु रागद्वेषरहितप्रवृत्त्यभावेनात्यन्तनिषेध एव, तथाऽप्यप्कायादिप्रतिसेवात्रयस्यैव तत्त्वतो गृहवासत्वा-दुज्झितगृहवासानामुत्सर्गरुचीनां मुनीनां तन्निर्वाहार्थं पुष्टमालम्बमानानामपि तादृशचारित्रशुद्धये तस्यात्यन्तनिषेधार्थमप्कायादिसेवने मिथ्यात्वं भणितं महानिशीथे, तथा चोक्तं सावद्याचार्याधिकारप्रान्ते – "से भयवं ! किं पच्चइअं तेणाणुभूयं एरिसं दूसहं घोरदारुणं महादुक्खसन्निवायसंघट्टमित्तियकालं ति ? गोयमा ! जं भणियं तक्कालसमयम्मि जहा णं उस्सग्गावावाएहिं आगमो ठिओ एगंतो मिच्छत्तं जिणाण आणा अणेगंतो त्ति एयवयणपच्चइअं । से भयवं ! किं उस्सग्गावावाएहिं णं णो ठिअं आगमं एगंतं च पन्नविज्जइ ? गोयमा ! उस्सग्गावावाएहिं चेव पवयणं ठियं अणेगंतं च पन्नविज्जइ नो णं एगंतं, णवरं आउक्कायपरिभोगं तेउकायसमारंभं मेहुणासेवणं च, एते तओ ठाणंतरे एगंतेणं ३ णिच्छयओ ३ बाढं ३ सव्वया सव्वपयारेहिं णं आयहियट्ठीणं णिसिज्झंति, एत्थं च सुत्ताइक्कमे सम्मग्गविप्पणासणं, उम्मग्गपयरिसणं, तओ य आणाभंगो, आणाभंगाओ अणंतसंसारि" **त्ति । निश्चयतः पुनरन्य-स्याप्कायादिविरमणातिरिक्तविरतिगुणस्य भङ्गेऽपि तद्=मिथ्यात्वं, व्यवस्थितम् ।।१३०।।**

ટીકાર્થ :-

यद्यपि ग्रन्थान्तरे ..... व्यवस्थितम् ।। જોકે ગ્રંથાંતરમાં=મહાનિશીથથી અન્ય ગ્રંથમાં, અપ્કાય અને તેઉકાયના વિષયમાં કલ્પિકાપ્રતિસેવના કહેવાય છે, વળી રાગ-દ્વેષ રહિત પ્રવૃત્તિનો અભાવ હોવાને કારણે મૈથુનનો અત્યંત નિષેધ જ છે, તોપણ અપ્કાય આદિ પ્રતિસેવાત્રયનું જ તત્ત્વથી ગૃહવાસપણું હોવાથી ત્યાગ કરાયો છે ગૃહવાસ જેમના વડે એવા ઉત્સર્ગરુચિવાળા સાધુઓને તેના નિર્વાહ માટે= ઉત્સર્ગરુચિના નિર્વાહ માટે, પુષ્ટને આલંબન કરતા એવા સાધુઓને પણ=સંયમવૃદ્ધિના પુષ્ટ આલંબનને કારણે અપવાદને સેવનારા સાધુઓને પણ, તેવા પ્રકારની ચારિત્રની શુદ્ધિ માટે=અપવાદિક પ્રતિસેવનાકાળમાં ઉત્સર્ગરુચિનો વ્યાઘાત ન થાય તેવા પ્રકારની ચારિત્રની શુદ્ધિ માટે, તેના અત્યંત નિષેધાર્થે=ગૃહવાસના કારણીભૂત અપકાય આદિ પ્રતિસેવનાના અત્યંત નિષેધાર્થે અપ્કાય આદિ સેવનમાં મિથ્યાત્વ મહાનિશીથમાં કહેવાયું છે, અને તે રીતે સાવદ્યાચાર્યના અધિકારના પ્રાંતમાં કહેવાયું છે :

હે ભગવંત ! તેના વડે=સાવદ્યાચાર્ય વડે, કયા નિમિત્તે આટલા કાળ સુધી આવા પ્રકારનો દુઃસહ અત્યંત ભયંકર મહાદુઃખના સંનિપાતનો સમૂહ અનુભવ કરાયો ? 'त्ति' શબ્દ પ્રશ્નની સમાપ્તિ માટે છે.

હે ગૌતમ ! તે કાળ-સમયમાં જે પ્રમાણે કહેવાયું, તેના કારણે આવા પ્રકારનું દુઃખ અનુભવાયું, એમ અન્વય છે.

તે કાળ-સમયમાં સાવદ્યાચાર્ય વડે શું કહેવાયું ? તે 'जहा'થી બતાવે છે –

ઉત્સર્ગ-અપવાદ વડે આગમ રહેલો છે, એકાંત મિથ્યાત્વ છે, જિનોની આજ્ઞા અનેકાંત છે. એ વચન નિમિત્તે આવા પ્રકારનું દુઃખ અનુભવાયું એમ અન્વય છે.

ગૌતમસ્વામી પૂછે છે - હે ભગવંત ! શું ઉત્સર્ગ-અપવાદ વડે આગમ રહેલું નથી ? અને એકાંતની પ્રરૂપણા કરવાની છે ?

ભગવંત ઉત્તર આપે છે - હે ગૌતમ ! ઉત્સર્ગ-અપવાદ વડે જ પ્રવચન રહેલું છે, અને અનેકાંતની પ્રરૂપણા કરવી જોઈએ, એકાંતની પ્રરૂપણા કરવી જોઈએ નહિ, ફક્ત અપ્કાયનો પરિભોગ, તેઉકાયનો સમારંભ અને મૈથુનનું સેવન, આ ત્રણ એકાંતથી એકાંતથી એકાંતથી નિશ્ચયથી નિશ્ચયથી નિશ્ચયથી અત્યંત અત્યંત અત્યંત સ્થાનાંતરમાં સર્વદા સર્વ પ્રકારથી આત્માર્થીને નિષેધ કરાયા છે, અને અહીં=સાવદ્યાચાર્યના વચનમાં, સૂત્રનો અતિક્રમ કરાયે છતે સન્માર્ગનું વિપ્રણાશન અને ઉન્માર્ગનો પ્રકર્ષન છે=ઉન્માર્ગનો પ્રકર્ષ કરાય છે. અને તેથી આજ્ઞાભંગ છે, આજ્ઞાભંગથી અનંત સંસારી થયા=સાવદ્યાચાર્ય અનંત સંસારી થયા.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

વળી નિશ્ચયથી=નિશ્ચયનયથી, અન્યના=અપ્કાય આદિ વિરમણથી અતિરિક્ત વિરતિગુણના, ભંગમાં પણ તે=મિથ્યાત્વ, વ્યવસ્થિત છે. ॥૧૩૦॥

❖ 'पुष्टमालम्बमानानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે જે સાધુને તથાવિધ કારણ નથી, તેથી અપવાદિક પ્રતિસેવના નથી, તેઓને તો અપ્કાય આદિના અત્યંત નિષેધ માટે અપ્કાય આદિના પ્રતિસેવનમાં મિથ્યાત્વ કહેવાયું છે, પરંતુ જે સાધુ તથાવિધ કારણથી પુષ્ટ આલંબનને ગ્રહણ કરીને અપવાદિક પ્રતિસેવના કરે છે, તેઓને પણ તેવા પ્રકારની ચારિત્રશુદ્ધિ માટે અપ્કાય આદિના અત્યંત નિષેધાર્થે અપ્કાય આદિના સેવનમાં મિથ્યાત્વ કહેવાયું છે.

❖ 'भङ्गेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનયથી અપ્કાય આદિ વિરમણ વ્રતના ભંગમાં તો મિથ્યાત્વ છે, પરંતુ અપ્કાય આદિ વિરમણથી અતિરિક્ત વિરતિગુણના ભંગમાં પણ મિથ્યાત્વ વ્યવસ્થિત છે.

ભાવાર્થ :-

સંયમ ગ્રહણ કર્યા પછી સાધુ ઉત્સર્ગમાર્ગ અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરે, અને તથાવિધ વિષમ સંયોગને કારણે અપવાદથી કોઈ પ્રતિસેવના કરવી પડે તોપણ ઉત્સર્ગની રુચિ મ્લાન ન થાય તે રીતે પંચકહાનિની યતનાપૂર્વક અપવાદિક પ્રવૃત્તિ કરે તો સંયમનો નાશ થાય નહિ, તે બતાવવા માટે નિશ્ચયનયનો ઉપદેશ છે; અને નિશ્ચયનય કહે છે કે જે પુરુષને ભગવાનના વચનમાં સમ્યગ્ રુચિ છે, તે પુરુષ ભગવાનના વચનથી અન્યથા પ્રવૃત્તિ કરે નહિ, અને જે પુરુષ ભગવાનના

વચનથી અન્યથા પ્રવૃત્તિ કરે છે, તેનામાં મિથ્યાત્વ છે; કેમ કે નિશ્ચયનય કાર્યને કરતું હોય તેવા કારણને જ કારણ કહે છે, અને સમ્યક્ત્વનું કાર્ય સમ્યક્ચારિત્રનો ઉદ્યમ છે, તેથી અપ્રમત્ત સાધુને જ નિશ્ચયનય સમ્યક્ત્વ સ્વીકારે છે. અને આ પ્રકારનું નિશ્ચયનયનું કથન કરવા પાછળ શાસ્ત્રકારોનો એ આશય છે કે ભગવાનના વચનનો બોધમાત્ર કે ભગવાનના વચન પ્રત્યે રુચિમાત્ર કલ્યાણનું કારણ નથી, પરંતુ ભગવાનના વચનનો યથાર્થબોધ, યથાર્થરુચિ અને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે તો કલ્યાણ થાય. અને નિશ્ચયનયના આ વચનને અવલંબીને કલ્યાણના અર્થી સાધુ સંયમમાં અપ્રમાદવાળા થાય છે, અને સાધુને સંયમમાં અપ્રમાદવાળા કરવા માટે નિશ્ચયનયની દૃષ્ટિથી મહાનિશીથસૂત્રમાં અપ્કાય આદિ ત્રણની પ્રતિસેવનામાં મિથ્યાત્વ કહ્યું છે, અને આરાધક સાધુને પણ પુષ્ટ આલંબનથી પ્રતિસેવના કરવી પડે તો તેનામાં રહેલી ઉત્સર્ગરુચિ મ્લાન ન થાય તેના માટે આ મહાનિશીથનું વચન ઉપકારક છે, અને જે સાધુમાં ઉત્સર્ગરુચિ મ્લાન ન થઈ હોય તે સાધુ પુષ્ટ આલંબનથી અપવાદનું સેવન કરતા હોય તોપણ શક્ય એટલા બાહ્ય આચરણાના દોષોના પરિહાર માટે અપ્રમાદભાવથી યત્ન કરે છે, અને તે રીતે અપ્રમાદભાવથી યત્ન કરે તો સાધુમાં ચારિત્રની શુદ્ધિ રહે, અન્યથા અપવાદિક આચરણામાં પણ પ્રમાદનું સેવન થાય તો ચારિત્રનો નાશ થાય કે ચારિત્રમાં અતિચાર લાગે, અને ચારિત્રમાં અતિચાર વર્તતા હોય તો નિશ્ચયનયથી બોધ અનુસાર પ્રવૃત્તિ નહિ હોવાથી મિથ્યાત્વ જ છે, તેમ બતાવવાનું મહાનિશીથસૂત્રનું પ્રયોજન છે.

અહીં પ્રશ્ન થાય કે જો મહાનિશીથનું વચન નિશ્ચયનયની દૃષ્ટિથી હોય તો સંયમજીવનની સર્વ પ્રતિસેવનાને આશ્રયીને મિથ્યાત્વનું કથન કરવું જોઈએ, તેના બદલે મહાનિશીથમાં અપ્કાય, તેઉકાય અને મૈથુનની પ્રતિસેવનાને આશ્રયીને મિથ્યાત્વનું કથન કેમ કર્યું ? તેથી ગ્રંથકારશ્રી ખુલાસો કરે છે –

સામાન્યથી અપ્કાય, તેઉકાય અને સ્ત્રીના સંસર્ગથી ગૃહવાસ ચાલે છે, તેથી ગૃહવાસનાં આ ત્રણ કારણો છે, અને ગૃહવાસના ત્યાગવાળા સાધુએ આ ત્રણ કારણોનો અત્યંત પરિહાર કરવો જોઈએ, તે બતાવવા માટે સંયમની સર્વ પ્રતિસેવનાને આશ્રયીને મિથ્યાત્વનું કથન કરવાને બદલે અપ્કાય આદિ ત્રણની પ્રતિસેવનામાં મિથ્યાત્વનું કથન કરેલ છે.

વળી મૈથુનની પ્રતિસેવના રાગાદિપૂર્વક જ થાય છે, તેથી સર્વ ગ્રંથોમાં તેનો અત્યંત પ્રતિષેધ છે, પરંતુ અપ્કાયની અને તેઉકાયની પ્રતિસેવના કોઈક સાધુ કલ્પિકારૂપે પણ કરે છે, અને કલ્પિકાપ્રતિસેવનાનો શાસ્ત્રમાં નિષેધ નથી, તેથી તેનો અત્યંત નિષેધ થાય નહિ. આમ છતાં ઉત્સર્ગરુચિ હોય તો જ સંયમની વૃદ્ધિ થાય, અને તે ઉત્સર્ગરુચિના નિર્વાહ માટે મહાનિશીથમાં માત્ર મૈથુન પ્રતિસેવનાને ગ્રહણ કરવાને બદલે અપ્કાય, તેઉકાય અને મૈથુનની પ્રતિસેવનામાં મિથ્યાત્વનું કથન કરેલ છે. તેથી જે સાધુ મહાનિશીથના વચનનું અવલંબન લઈને અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ કરતા હોય, અને ઉત્સર્ગરુચિ મ્લાન ન થાય તે રીતે પુષ્ટ આલંબનથી યતનાપૂર્વક અપવાદનું સેવન કરતા હોય તો તેઓમાં ચારિત્રનો ઉચ્છેદ નથી. માટે સંયમનાં બાહ્ય સર્વ અંગોથી યુક્ત અઢારહજારશીલાંગ હોય તો જ ચારિત્ર છે, અન્યથા ચારિત્ર નથી.' એમ જે પૂર્વપક્ષી સ્થાપન કરે છે તે યુક્ત નથી; કેમ કે મહાનિશીથનું વચન અઢારહજારશીલાંગની બાહ્ય વિકલતામાં ચારિત્રનો અભાવ કહેતું નથી, પરંતુ ઉત્સર્ગની રુચિવાળા સાધુ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન

કરતા હોય તો ક્વચિત્ અપવાદિક પ્રતિસેવના હોય તોપણ અંતરંગ વિરતિભાવને આશ્રયીને તે સાધુમાં ચારિત્ર છે, તેમ સ્વીકારે છે, અને તેવા સાધુને નિશ્ચયનય પણ મિથ્યાદૃષ્ટિ કહેતો નથી. માટે પૂર્વપક્ષીએ કહેલો મહાનિશીથનો અર્થ સંગત નથી. **॥૧૩૦॥**

અવતરણિકા :-

તથા ચાહ –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=ગાથા-૧૩૦ના અંતે કહ્યું કે નિશ્ચયનયથી અપ્કાયાદિ વિરમણથી અતિરિક્ત વિરતિગુણના ભંગમાં પણ મિથ્યાત્વ વ્યવસ્થિત છે તે રીતે, કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૩૦માં કહ્યું કે અપ્કાય આદિ ત્રણની પ્રતિસેવના તત્ત્વથી ગૃહવાસ છે, અને ગૃહવાસનો ત્યાગ કર્યો છે તેવા સાધુએ ગૃહવાસના કારણભૂત એવા અપ્કાય આદિની પ્રતિસેવનાનો અત્યંત પરિહાર કરવો જોઈએ. તેથી મૈથુન પ્રતિસેવનાથી અન્ય અપ્કાય-તેઉકાયની પ્રતિસેવના પુષ્ટ આલંબનથી કરવી પડે તોપણ ઉત્સર્ગરુચિનો નિર્વાહ થાય, તે માટે મહાનિશીથમાં ત્રણની પ્રતિસેવનામાં મિથ્યાત્વ કહેલ છે. વળી પ્રમાદને આશ્રયીને પ્રતિસેવના કરનાર સાધુને આશ્રયીને તો સંયમની કોઈપણ પ્રતિસેવનામાં નિશ્ચયનય મિથ્યાત્વ કહે છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

जो जहवायं ण कुणइ, मिच्छद्दिट्ठी, तओ हु को अन्नो ।
वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ।।१३१।।

અન્વયાર્થ :-

જો=જે સાધુ, જહવાયં=જે પ્રમાણે આગમમાં કહેવાયું છે તે પ્રમાણે, ણ કુણઇ=કરતા નથી, તઓ= તેનાથી, કો અન્નો=કોણ અન્ય, મિચ્છદ્દિટ્ઠિ=મિથ્યાદૃષ્ટિ છે, અ=જે કારણથી, પરસ્સ સંકં જણેમાણો=પરને શંકા ઉત્પન્ન કરતા એવા તે, મિચ્છત્તં વડ્ઢેઇ=મિથ્યાત્વને વધારે છે. ॥૧૩૧॥

ગાથાર્થ :-

જે પ્રમાણે આગમમાં કહેવાયુ છે, તે પ્રમાણે જે સાધુ કરતા નથી, તેનાથી કોણ અન્ય મિથ્યાદૃષ્ટિ છે ? જે કારણથી પરને શંકા ઉત્પન્ન કરતા એવા તે મિથ્યાત્વને વધારે છે. ॥૧૩૧॥

ટીકા :-

'जो जहवायं'ति । इह यद्देशकालसंहननानुरूपं यथाशक्ति यथावदनुष्ठानं तत्सम्यक्त्वम्, यत

उक्तमाचारसूत्रे – "जं मोणं ति पासहा तं सम्मं ति पासहा, जं सम्मं ति पासहा तं मोणं ति पासहा ।" **इति, ततो यो देशकालसंहननानुरूपं शक्त्यनिगूहनेन यथाऽऽगमेऽभिहितं तथा न करोति ततः सकाशात्कोऽन्यो मिथ्यादृष्टिः ? नैव कश्चित्, किन्तु स एव मिथ्यादृष्टीनां धुरि युज्यते, महामिथ्यादृष्टित्वात् । कथं तस्य (महा)मिथ्यादृष्टिता ? इत्याह - 'वड्ढेइ अ' इत्यादि, च शब्दो हेतौ, यस्मात्स यथावादमकुर्वन् परस्य शङ्कामुत्पादयति, यथा - यदि यत् प्रवचनेऽभिधीयते तत्तत्त्वं तर्हि किमयं तत्त्वं जानानोऽपि तथा न कुरुते ? तस्माद्वितथमेतत्प्रवचनोक्तमिति, एवं च परस्य शङ्कां जनयन् मिथ्यात्वं सन्तानेन वर्धयति, तथा च प्रवचनस्य व्यवच्छेदः, शेषास्तु मिथ्यादृष्टयो नैवं प्रवचनस्य मालिन्यमापाद्य परम्परया व्यवच्छेदमाधातुमीशाः, ततः शेषमिथ्यादृष्ट्यपेक्षयाऽसौ यथावादमकुर्वन् महामिथ्यादृष्टिरिति पिण्डनिर्युक्तौ व्याख्यानमेतत् ।**

ટીકાર્થ :-

इह यद्देश ..... व्याख्यानमेतत् । અહીં=નિશ્ચયનયની વિચારણામાં, દેશ-કાળ-સંઘયણને અનુરૂપ યથાશક્તિ જે યથાવદ્ અનુષ્ઠાન છે=જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણેની આચરણા છે, તે સમ્યક્ત્વ છે, જે કારણથી આચારસૂત્રમાં કહેવાયું છે –

જે મૌન=મુનિભાવ, એ પ્રમાણે તમે જુઓ છો તેને સમ્યક્ત્વ એ પ્રમાણે જુઓ. જે સમ્યક્ત્વ છે, એ પ્રમાણે જુઓ છો તેને મૌન એ પ્રમાણે જુઓ.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

તેથી=પૂર્વમાં મુનિભાવ અને સમ્યક્ત્વની વ્યાપ્તિ બતાવી તેથી, જે=જે સાધુ, શક્તિને ગોપવ્યા વગર દેશ-કાલ-સંઘયણને અનુરૂપ જે પ્રમાણે આગમમાં કહેવાયું છે તે પ્રમાણે કરતા નથી=તે પ્રમાણે સંયમની ક્રિયા કરતા નથી, તેનાથી કોણ અન્ય મિથ્યાદૃષ્ટિ છે ? બીજો કોઈ નથી જ, પરંતુ તે જ= તે સાધુ જ, મિથ્યાદૃષ્ટિઓમાં ધુરિ ગણાય છે; કેમ કે મહામિથ્યાદૃષ્ટિપણું છે.

તેની=યથાવાદ આચરણા નહિ કરનાર સાધુની, કેમ મહામિથ્યાદૃષ્ટિતા છે ? એથી કહે છે –

ગાથામાં 'च' શબ્દ હેતુ અર્થમાં છે, જે કારણથી તે=યથાવાદને નહિ કરતા એવા સાધુ, પરને શંકા ઉત્પન્ન કરે છે અને તે શંકા કેવા પ્રકારની ઉત્પન્ન કરે છે ? તે 'यथा'થી બતાવે છે –

જો પ્રવચનમાં જે કહેવાય છે તે તત્ત્વ છે, તો તત્ત્વને જાણતા પણ આ=સાધુ, તે પ્રમાણે કેમ કરતા નથી ? તે કારણથી પ્રવચનમાં કહેવાયેલું આ મિથ્યા છે.

'इति' શબ્દ શંકાના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે યથાવાદને નહિ કરતા સાધુ પરને શંકા ઉત્પન્ન કરે છે એ રીતે, પરને શંકા ઉત્પન્ન કરતા સાધુ સંતાનથી=પ્રવાહથી, મિથ્યાત્વ વધારે છે, અને તે રીતે=સાધુ પ્રવાહથી

મિથ્યાત્વને વધારે છે તે રીતે, પ્રવચનનો વ્યવચ્છેદ છે. આ રીતે=જે રીતે સંયમને ગ્રહણ કરીને વિપરીત પ્રવૃત્તિ દ્વારા સાધુ મિથ્યાત્વને વધારે છે એ રીતે, પ્રવચનના માલિન્યને આપાદન કરીને પરંપરાએ વ્યવચ્છેદને=પ્રવચનના વ્યવચ્છેદને, કરવા માટે શેષ મિથ્યાદૃષ્ટિઓ=જેમણે સંયમ ગ્રહણ કર્યું નથી અને સંસારની પ્રવૃત્તિઓ કરે છે એવા મિથ્યાદૃષ્ટિઓ, સમર્થ નથી. તેથી શેષ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ=ગૃહસ્થ અવસ્થામાં પ્રવચનથી વિપરીત પ્રવૃત્તિ કરનારા મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ, યથાવાદને નહિ કરતા આ=સાધુ, મહામિથ્યાદૃષ્ટિ છે, એ પ્રમાણે પિંડનિર્યુક્તિમાં આ વ્યાખ્યાન છે.

❖ ટીકામાં 'कथं तस्य मिथ्यादृष्टिता' પાઠ છે તેના સ્થાને 'कथं तस्य महामिथ्यादृष्टिता' એ પ્રમાણે પાઠ જોઈએ.

❖ 'जानानोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે તત્ત્વને જાણતા ન હોય તો તો પ્રવચનથી વિપરીત પ્રવૃત્તિ કરે, પરંતુ તત્ત્વને જાણતા પણ આ સાધુ કેમ તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે ?

ભાવાર્થ :-

નિશ્ચયનયની દૃષ્ટિથી સમ્યક્ત્વ શું છે ? તે બતાવે છે –

દેશ, કાળ અને સંઘયણને અનુરૂપ પોતાની શક્તિ હોય તે પ્રમાણે આગમમાં જે પ્રમાણે સર્વવિરતિ ચારિત્રનું અનુષ્ઠાન કહ્યું છે તે પ્રમાણે અનુષ્ઠાનનું સેવન તે સમ્યક્ત્વ છે. તેમાં આચારાંગસૂત્રની સાક્ષી આપે છે અને આચારાંગસૂત્રમાં મુનિભાવ અને સમ્યક્ત્વની વ્યાપ્તિ બતાવેલ છે. તેથી જે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર સંવરભાવમાં હોય તે સાધુ મુનિભાવમાં છે, અને તે સાધુમાં રહેલો તેવો મુનિભાવ તે સમ્યક્ત્વ છે.

આ પ્રમાણે નિશ્ચયનયથી સમ્યક્ત્વનો અર્થ બતાવ્યા પછી ગાથાનો અર્થ કરતાં કહે છે – જે સાધુ શક્તિને ગોપવ્યા વગર દેશ-કાળ-સંઘયણને અનુરૂપ આગમમાં કહેવાયેલ આચરણા કરતા નથી, તેનાથી કોણ અન્ય મિથ્યાદૃષ્ટિ છે ? અર્થાત્ ગૃહસ્થો તો મિથ્યાદૃષ્ટિ છે, પરંતુ તે સાધુ મિથ્યાદૃષ્ટિઓમાં ધુરિ છે અર્થાત્ મહામિથ્યાદૃષ્ટિ છે.

અહીં પ્રશ્ન થાય કે ગૃહસ્થો ભગવાનના વચનાનુસાર સંયમની પ્રવૃત્તિ કરતા નથી, માટે મિથ્યાદૃષ્ટિ છે. તેમ આ સાધુ પણ ભગવાનના વચનાનુસાર સંયમની પ્રવૃત્તિ કરતા નથી, તેથી મિથ્યાદૃષ્ટિ કહી શકાય; પરંતુ મહામિથ્યાદૃષ્ટિ કઈ અપેક્ષાએ કહ્યા ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

સંયમ ગ્રહણ કર્યું છે એવા સાધુ પ્રવચનથી વિપરીત પ્રવૃત્તિ કરે તો તેમની પ્રવૃત્તિને જોઈને 'પ્રવચનમાં સાધુને કેવી પ્રવૃત્તિ કહી છે' તેનો જેને બોધ છે તેવા ગૃહસ્થોને શંકા થાય કે આ સાધુ પ્રવચનના જાણકાર છે અને કલ્યાણના અર્થે દીક્ષા ગ્રહણ કરેલ છે, આમ છતાં પ્રવચનથી અન્ય પ્રકારની પ્રવૃત્તિ કરે છે, તેથી એમ જણાય છે કે પ્રવચનનું કથન સમ્યગ્ નથી; કેમ કે જો પ્રવચનનું કથન સમ્યગ્ હોય તો આ ત્યાગી મહાત્મા પણ તેમ જ પ્રવૃત્તિ કરે. આ રીતે પોતાની પ્રવૃત્તિ દ્વારા અન્યને પ્રવચનમાં શંકા ઉત્પન્ન કરાવીને તે સાધુ અન્યમાં મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. વળી તે પ્રકારે તે શ્રાવકના વચનથી જગતમાં પણ મિથ્યાત્વનું

સંતાન વિસ્તાર પામે છે. તેથી તે સાધુની વિપરીત પ્રવૃત્તિથી પ્રવચનનો વ્યવચ્છેદ થાય છે અર્થાત્ આ પ્રવચનનું વચન સમ્યગ્ નથી, તે પ્રકારનો ઘણા જીવોને વિપરીત બોધ થવાથી પ્રવચન જગતમાં વિચ્છેદ પામે છે.

વળી આ સાધુની પ્રવૃત્તિથી જેમ પ્રવચનનું માલિન્ય થાય છે, તેમ જે લોકોએ સંયમ ગ્રહણ કર્યું નથી અને સંસારની પ્રવૃત્તિઓ કરે છે, તેઓની તે પ્રવૃત્તિથી પ્રવચનનું માલિન્ય થતું નથી. તેથી ગૃહસ્થોની અસંયમની પ્રવૃત્તિથી પ્રવચનનો ઉચ્છેદ થતો નથી, પરંતુ સાધુની અસંયમની પ્રવૃત્તિથી પ્રવચનનો ઉચ્છેદ થાય છે. માટે સંસારમાં અસંયમની પ્રવૃત્તિ કરનારા મિથ્યાદૃષ્ટિ જીવો કરતાં સાધુવેષમાં અસંયમની પ્રવૃત્તિ કરનારા જીવો મહામિથ્યાદૃષ્ટિ છે, એ પ્રમાણે પિંડનિર્યુક્તિમાં કહેલું છે.

આનાથી એ ફલિત થયું કે નિશ્ચયનયથી અપ્કાયાદિ ત્રણની વિપરીત આચરણા માત્ર મિથ્યાત્વ નથી, પરંતુ સંયમની કોઈપણ વિપરીત આચરણા કરવામાં આવે તો સાધુને મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે.

તેથી અર્થથી એ ફલિત થાય છે કે ગાથા-૧૩૦ની ટીકામાં કહ્યું તે પ્રમાણે મુનિની ઉત્સર્ગની રુચિના નિર્વાહ માટે મહાનિશીથસૂત્રમાં અપ્કાયાદિ ત્રણની વિપરીત આચરણાને મિથ્યાત્વ કહેલ છે, પરંતુ પૂર્વપક્ષી અર્થ કરે છે તે અર્થમાં નથી; કેમ કે પૂર્વપક્ષી કહે છે તેમ ચારિત્રનો અભાવ બતાવવો હોય તો પ્રસ્તુત ગાથામાં કહ્યું તેમ સંયમની સર્વ વિપરીત આચરણામાં મિથ્યાત્વ છે તેમ કહેવું જોઈએ.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જે સાધુ યથાવાદ કરતા નથી, તેઓ પરને પ્રવચનમાં શંકા ઉત્પન્ન કરતા મિથ્યાત્વને વધારે છે, માટે મહામિથ્યાદૃષ્ટિ છે. ત્યાં કોઈને શંકા થાય કે જે સાધુને પ્રવચનમાં સ્થિર શ્રદ્ધા છે તે સાધુ પ્રમાદથી વિપરીત આચરણા કરીને પરને પ્રવચનમાં શંકા ઉત્પન્ન કરે, તો તે સાધુ પરને મિથ્યાત્વ ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. તેથી જે સાધુ પરને મિથ્યાત્વ ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને, તેને ઉપચરિત વ્યવહારનય મિથ્યાદૃષ્ટિ કહે છે, વસ્તુતઃ તે સાધુને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય તો તે સાધુ નિશ્ચયનયથી મિથ્યાદૃષ્ટિ છે તેમ કહી શકાય નહિ. આ પ્રકારની શંકાનું ઉદ્ભાવન કરીને તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –

ટીકા :-

नन्वेवं यथावादाकारिणः परमिथ्यात्वोत्पादकत्वेन व्यवहारत एव मिथ्यात्वमागतं न तु निश्चयतः ? इति चेन्न, यथावादाकारित्वेनैव निश्चयतो मिथ्यात्वोपपत्तेः, एकप्रतिज्ञाभङ्गे सर्वचरणभङ्गात्, तद्भङ्गे च ज्ञानदर्शनयोरपि भङ्गात्, तयोश्चरणफलत्वात्, फलाभावे च हेतोर्निरर्थकत्वात्, अत एव - "णिच्छयणयस्स चरणायविघाए नाणदंसणवहो वि ।" **इत्यस्य व्याख्याने इयमेव गाथा पिण्डनिर्युक्तौ सम्मतितयोद्भाविता, मिथ्यात्ववर्द्धनलक्षणव्यावहारिकमिथ्यात्वानुप्रवेशेन च महामिथ्यादृष्टित्वमुपपद्यत इति सर्वमवदातम् ।।१३१।।**

ટીકાર્થ :-

नन्वेवं यथावादाकारिणः ... सर्वमवदातम् ।। 'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, યથાવાદ અકારી એવા સાધુનું પરમાં મિથ્યાત્વઉત્પાદકપણું હોવાને કારણે વ્યવહારથી જ=ઉપચરિત વ્યવહારનયથી જ, મિથ્યાત્વ પ્રાપ્ત થયું, પરંતુ નિશ્ચયથી નહિ=નિશ્ચયનયથી મિથ્યાત્વ પ્રાપ્ત થતું નથી, એ પ્રમાણે જો પર કહે તો ગ્રંથકારશ્રી કહે છે– તારી વાત બરાબર નથી; કેમ કે યથાવાદ અકારીપણા વડે જ નિશ્ચયનયથી મિથ્યાત્વની ઉપપત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ સાધુ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ ન કરતા હોય તેટલા માત્રથી નિશ્ચયનયથી મિથ્યાત્વની ઉપપત્તિ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

એક પ્રતિજ્ઞાના ભંગમાં સર્વચારિત્રનો ભંગ છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ સાધુ એક પ્રતિજ્ઞાનો ભંગ કરે તો સર્વ ચારિત્રનો ભંગ થાય, તેટલા માત્રથી મિથ્યાત્વની પ્રાપ્તિ કેમ થાય ? તેથી અન્ય હેતુ કહે છે –

અને તેના ભંગમાં=ચારિત્રના ભંગમાં, જ્ઞાન-દર્શનનો પણ ભંગ છે.

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રનો ભંગ હોય એટલામાત્રથી જ્ઞાન-દર્શનનો ભંગ કેમ છે ? તેથી અન્ય હેતુ કહે છે -

તે બેનું=જ્ઞાન-દર્શનનું, ચારિત્રફલપણું છે, અને ફલના અભાવમાં હેતુનું નિરર્થકપણું છે. આથી જ=ચારિત્રના ભંગમાં જ્ઞાન-દર્શનનો ભંગ છે આથી જ, નિશ્ચયનયના મતથી ચારિત્રઆત્માના વિઘાતમાં= ચારિત્ર સ્વરૂપના વિઘાતમાં, જ્ઞાન, દર્શનનો વધ પણ છે. **એ પ્રકારના આના વ્યાખ્યાનમાં=આ ગાથાના અર્થના વ્યાખ્યાનમાં, આ જ ગાથા='जो जहवायं ण कुणइ' એ જ ગાથા, પિંડનિર્યુક્તિમાં સંમતિપણાથી ઉદ્ભાવન કરાઈ છે.**

આનાથી શું ફલિત થાય છે, તે સ્પષ્ટ કરે છે –

અને મિથ્યાત્વના વર્દ્ધન સ્વરૂપ વ્યવહારિક મિથ્યાત્વના અનુપ્રવેશથી=જે સાધુ શાસ્ત્રાનુસાર સમ્યગ્ આચરણા કરતા નથી તે સાધુ પરમાં મિથ્યાત્વના વર્દ્ધન રૂપ વ્યવહારિક મિથ્યાત્વના અનુપ્રવેશવાળા થાય છે તેથી, મહામિથ્યાદૃષ્ટિપણું ઉપપન્ન થાય છે=તે સાધુમાં મહામિથ્યાદૃષ્ટિપણું ઘટે છે, એથી સર્વ અવદાત છે=યથાવાદ નહિ કરનાર સાધુમાં મહામિથ્યાદૃષ્ટિપણું કહ્યું તે સંગત છે. ॥૧૩૧॥

❖ 'ज्ञानदर्शनयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રનો તો ભંગ છે, પરંતુ જ્ઞાન-દર્શનનો પણ ભંગ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જે સાધુ શક્તિ અનુસાર શાસ્ત્રવિધિ પ્રમાણે ચારિત્રાચારનું પાલન કરતા નથી, તેઓ પરને શંકા ઉત્પન્ન કરે છે, તેથી પરમાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. આ રીતે વિચારીએ તો જે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર ચારિત્રાચારની આચરણા કરતા નથી, તેઓ બીજા જીવોમાં મિથ્યાત્વના

ઉત્પાદક છે. આમ છતાં જો તે સાધુને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય તો તે સાધુમાં વ્યવહારથી મિથ્યાત્વની પ્રાપ્તિ છે; કેમ કે પરમાં જે મિથ્યાત્વનું નિમિત્ત હોય તેને ઉપચરિત વ્યવહારનયથી મિથ્યાદૃષ્ટિ કહી શકાય. આમ છતાં નિશ્ચયથી તો તેમનામાં સમ્યક્ત્વ છે એમ માનવું જોઈએ; કેમ કે ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે. આ પ્રકારની કોઈક શંકા કરે છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે કારણ કાર્યને કરતું હોય તે કારણને જ નિશ્ચયનય કારણરૂપે સ્વીકારે છે, અન્ય કારણને કારણરૂપે સ્વીકારતો નથી. એ પ્રકારના નિશ્ચયનયના અભિપ્રાય પ્રમાણે જે સાધુમાં ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા છે, તે સાધુ જો તે શ્રદ્ધાનુસાર અપ્રમાદભાવથી ચારિત્રમાં યત્ન કરે તો તે શ્રદ્ધાનું કાર્ય ઉચિત સંયમની પ્રવૃત્તિ તેનામાં છે, માટે તે સાધુમાં સમ્યક્ત્વ છે; અને જે સાધુમાં ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોવા છતાં તે શ્રદ્ધાને અનુરૂપ ઉચિત સંયમની પ્રવૃત્તિ નથી, તે સાધુમાં શ્રદ્ધાનું કાર્ય નહિ હોવાથી પરમાર્થથી શ્રદ્ધા નથી તેમ નિશ્ચયનય કહે છે, તેથી શાસ્ત્રવચનાનુસાર સંયમની પ્રવૃત્તિ નહિ કરનાર સાધુને નિશ્ચયનય મિથ્યાદૃષ્ટિ કહે છે. તેથી પૂર્વપક્ષીએ કહેલ કે જે સાધુમાં ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે, આમ છતાં પ્રમાદથી સંયમની વિપરીત આચરણા કરે છે તે સાધુમાં ઉપચરિત વ્યવહારનયથી મિથ્યાત્વ છે, તેમ કહી શકાય પરંતુ નિશ્ચયનયથી મિથ્યાત્વ છે તેમ કહી શકાય નહીં, તે વચન યુક્ત નથી.

વળી જે સાધુ ભગવાનના વચનથી વિપરીત કરે છે તે સાધુમાં ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોવા છતાં પરમાર્થથી શ્રદ્ધા નથી, તેમ નિશ્ચયનય કહે છે, એટલું જ નહિ, પણ બીજાના મિથ્યાત્વના વર્દ્ધનરૂપ વ્યવહારિક મિથ્યાત્વનો પણ તે સાધુમાં અનુપ્રવેશ થાય છે; કેમ કે બીજાના મિથ્યાત્વનું જે નિમિત્તકારણ હોય તેને ઉપચરિત વ્યવહારનય મિથ્યાદૃષ્ટિ કહે છે. આથી વિપરીત આચરણા કરનાર સાધુમાં નિશ્ચયનયથી મિથ્યાત્વ છે અને ઉપચરિત વ્યવહારનયથી પણ મિથ્યાત્વ છે. માટે મહામિથ્યાદૃષ્ટિપણું સંગત છે. **॥૧૩૧॥**

અવતરણિકા :-

વ્યવહારાભિપ્રાયમાહ –

અવતરણિકાર્થ :-

વ્યવહારના અભિપ્રાયને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૩૧માં નિશ્ચયનયથી યથાવાદ નહિ કરનાર સાધુ મિથ્યાદૃષ્ટિ છે, તેમ બતાવ્યું. હવે જે સાધુ યથાવાદ કરતા નથી, તેના વિષયમાં વ્યવહારનયનો અભિપ્રાય બતાવે છે –

ગાથા :-

सेढीए भट्ठस्स वि, भज्जं ववहारओ उ मिच्छत्तं ।
जं होइ अभिणिवेसे, अणभिणिवेसे अ णो हुज्जा ।।१३२।।

અન્વયાર્થ :-

સેઢીએ ભટ્ઠસ્સ વિ=શ્રેણીથી ભ્રષ્ટને પણ, મિચ્છત્તં=મિથ્યાત્વ, વવહારઓ=વ્યવહારથી, ભજ્જં=ભાજ્ય છે=ભજનીય છે, જં=જે કારણથી, અભિણિવેસે=અભિનિવેશમાં હોઇ=છે=મિથ્યાત્વ છે, અ=અને, અણાભિણિવેસે=અનભિનિવેશમાં, ણો હુજ્જા=નથી=મિથ્યાત્વ નથી. ।।૧૩૨।।

ગાથાર્થ :-

શ્રેણીથી ભ્રષ્ટને પણ મિથ્યાત્વ વ્યવહારથી ભજનીય છે, જે કારણથી અભિનિવેશમાં મિથ્યાત્વ છે અને અનભિનિવેશમાં મિથ્યાત્વ નથી. ।।૧૩૨।।

ટીકા :-

'सेढीए'त्ति। श्रेणितः=संयमश्रेणितः, भ्रष्टस्य=पतितस्यापि, व्यवहारतः=व्यवहारनयमधिकृत्य, भाज्यं=भजनीयं मिथ्यात्वम्, कस्यचित् स्यात् कस्यचिच्च नेति भावः, यत्=यस्माद्, अभिनिवेशे एकान्तेन भगवत्प्रवचनविप्रतिपत्तिलक्षणेऽसद्ग्रहे सति मिथ्यात्वं श्रेणिभ्रष्टस्य भवति, अनभिनिवेशे तु तस्य देशविरतिं भगवति श्रद्धानमात्रं वा दधानस्य न भवति मिथ्यात्वम्, तत्कार्यस्यासद्ग्रहस्याभावात्, सम्यक्त्वकार्यस्य च पश्चात्तापादिपरिणामस्य सत्त्वात् ।।१३२।।

ટીકાર્થ :-

श्रेणितः ..... सत्त्वात् ।। શ્રેણીથી=સંયમશ્રેણીથી, ભ્રષ્ટને=પતિતને પણ, વ્યવહારથી=વ્યવહારનયને આશ્રયીને, મિથ્યાત્વ ભજનીય છે=કોઈકને મિથ્યાત્વ થાય છે કોઈકને થતું નથી, એ પ્રકારે ભજનાનો ભાવ છે, જે કારણથી અભિનિવેશ થયે છતે=એકાંતથી ભગવાનના પ્રવચનમાં વિપરીત સ્વીકારરૂપ અસદ્ગ્રહ થયે છતે, શ્રેણીભ્રષ્ટ એવા સાધુને મિથ્યાત્વ થાય છે. વળી અનભિનિવેશમાં દેશવિરતિને ધારણ કરનાર અથવા ભગવાનમાં શ્રદ્ધામાત્રને ધારણ કરનાર એવા તેને=સર્વવિરતિની શ્રેણીથી ભ્રષ્ટ થયેલાને, મિથ્યાત્વ નથી; કેમ કે તેના કાર્યરૂપ અસદ્ગ્રહનો અભાવ છે=મિથ્યાત્વના કાર્યરૂપ અસદ્ગ્રહનો અભાવ છે, અને સમ્યક્ત્વના કાર્યરૂપ પશ્ચાત્તાપાદિ પરિણામનું સત્ત્વ છે. ।।૧૩૨।।

❖ 'पतितस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે શ્રેણીથી પતિત ન હોય તેઓને તો મિથ્યાત્વ નથી, પરંતુ શ્રેણીથી પતિતને પણ વ્યવહારનયથી મિથ્યાત્વ ભજનીય છે.

❖ 'पश्चात्तापादिपरिणामस्य'માં 'आदि' પદથી સ્વશક્તિ અનુસાર પાપનિવૃત્તિમાં ઉદ્યમનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે સાધુઓ દેશ, કાળ, સંઘયણને અનુરૂપ શાસ્ત્રવિધિ અનુસાર યથાશક્તિ સંયમની આચરણા કરતા નથી, તેઓમાં મિથ્યાત્વ છે, એમ નિશ્ચયનય કહે છે; અને જે સાધુઓ દેશ, કાળ આદિને અનુરૂપ કંઈક સમ્યગ્ યત્ન કરનારા હોવા છતાં સંયમની પ્રવૃત્તિમાં સ્ખલના પામે છે, તેઓને વ્યવહારનય સાતિચાર

ચારિત્રવાળા કહે છે, પરંતુ તેઓ સંયમશ્રેણીથી ભ્રષ્ટ છે તેમ વ્યવહારનય કહેતો નથી.

વળી કેટલાક સાધુઓ પ્રમાદને કારણે સંયમશ્રેણીથી ભ્રષ્ટ થયેલા હોય તોપણ વ્યવહારનય તે સાધુઓમાં મિથ્યાત્વની ભજના સ્વીકારે છે અર્થાત્ કહે છે કે કેટલાક સાધુઓમાં મિથ્યાત્વ છે અને કેટલાક સાધુઓમાં મિથ્યાત્વ નથી.

કોનામાં મિથ્યાત્વ છે અને કોનામાં મિથ્યાત્વ નથી, તેને સ્પષ્ટ કરતાં કહે છે –

જે સાધુ પ્રમાદને કારણે સંયમની આચરણા બરાબર કરતા નથી, તેના કારણે શ્રેણીભ્રષ્ટ છે, વળી પોતાની વિપરીત પ્રવૃત્તિમાં એકાંત દૃષ્ટિ હોવાને કારણે ભગવાનના વચનમાં વિપરીત રુચિરૂપ અસદ્ગ્રહ પણ વર્તે છે, તે સાધુમાં મિથ્યાત્વ છે; કેમ કે અતત્ત્વનો અભિનિવેશ છે.

વળી જે સાધુ પ્રમાદથી શ્રેણીભ્રષ્ટ છે, આમ છતાં અતત્ત્વમાં અભિનિવેશ નથી, તેથી સંયમને છોડીને દેશવિરતિને ધારણ કરે છે કે ભગવાનના વચનમાં શ્રદ્ધામાત્રને ધારણ કરે છે, તેઓમાં મિથ્યાત્વ નથી; કેમ કે મિથ્યાત્વનું કાર્ય અસદ્ગ્રહ તેઓમાં નથી. વળી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનું કાર્ય પશ્ચાત્તાપાદિ પરિણામ છે અર્થાત્ પોતે સર્વવિરતિની આચરણા સમ્યગ્ કરતા નથી, તેનો પશ્ચાત્તાપનો પરિણામ છે, અને શક્તિ અનુસાર સંયમની આચરણા કરવાનો પરિણામ છે, તેથી તેઓમાં મિથ્યાત્વ નથી એ પ્રમાણે વ્યવહારનય કહે છે. **॥૧૩૨॥**

अवतरणिका :-

यत एव भग्नस्यापि मिथ्यात्वं भाज्यमत एव निष्क्रमणेऽपि विशेषविधिपरिसङ्ख्योपपद्यत इत्याह -

અવતરણિકાર્થ :-

જેથી જ ભગ્નનું પણ મિથ્યાત્વ ભાજ્ય છે, આથી જ નિષ્ક્રમણમાં પણ=દીક્ષાને છોડવાની પ્રવૃત્તિમાં પણ, વિશેષ વિધિની પરિસંખ્યા=વિશેષ વિધિની પરિગણના, ઉપપન્ન થાય છે. એને કહે છે –

❖ 'भग्नस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રથી ભગ્ન નથી, તેને તો મિથ્યાત્વ નથી, પરંતુ ભગ્નને પણ મિથ્યાત્વ ભાજ્ય=ભજનીય છે.

❖ 'निष्क्रमणेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિષ્ક્રમણ ન કરવું હોય તો તો સમ્યક્ત્વને ટકાવવા માટે શુદ્ધ પ્રરૂપણા આદિ આવશ્યક છે, પરંતુ સંયમથી નિષ્ક્રમણમાં પણ=ગૃહસ્થવેશ સ્વીકારવામાં પણ, સમ્યક્ત્વ ટકાવવા માટે વિશેષ વિધિની ગણતરી છે.

ભાવાર્થ :-

ગાથા-૧૩૨માં કહ્યું કે સંયમશ્રેણીથી ભગ્ન સાધુને પણ મિથ્યાત્વ ભજનીય છે. તેથી જે સાધુ સંયમશ્રેણીથી ભ્રષ્ટ થયા હોય તે સાધુએ સમ્યક્ત્વને ટકાવવા માટે ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા રાખીને શુદ્ધ પ્રરૂપણા કરવી જોઈએ, અને પોતાની સંયમની વિપરીત આચરણાની નિંદા-ગર્હા કરવી જોઈએ, તો જ સમ્યક્ત્વ

રહી શકે છે; અને કોઈ સાધુ સંયમથી ભગ્ન પરિણામવાળા થયા હોય અને ગૃહવાસ સ્વીકારવા તૈયાર થયા હોય તો સમ્યક્ત્વને ટકાવવા માટે ગૃહવાસને સ્વીકારવા શાસ્ત્રમાં વિશેષ વિધિ બતાવેલ છે. તે વિશેષ વિધિની પરિગણના સંગત થાય છે અર્થાત્ સંયમનો પરિણામ ન હોય તેના કારણે સાધુવેશને છોડે તો મિથ્યાત્વની પ્રાપ્તિ થાય, અને તે મિથ્યાત્વની પ્રાપ્તિથી આત્માના રક્ષણ અર્થે સંયમ છોડનાર માટે શાસ્ત્રમાં વિશેષ સંયમવિધિની પરિગણના બતાવેલ છે તે સંગત થાય છે; કેમ કે જો સંયમશ્રેણીથી પાત પામનારા જીવોમાં મિથ્યાત્વની ભજના ન હોય તો અર્થાત્ શાસ્ત્રવિધિથી વેશ ત્યાગ કરે તો મિથ્યાત્વ પ્રાપ્ત ન થાય અને તે વિધિ વગર ત્યાગ કરે તો મિથ્યાત્વ પ્રાપ્ત થાય એ પ્રકારની ભજના ન હોય તો, દીક્ષા છોડનારને માટે શાસ્ત્રમાં જે વિશેષ વિધિ બતાવી છે તે વિશેષ વિધિને બતાવવાનું કોઈ પ્રયોજન સિદ્ધ થાય નહિ.

ગાથા :-

इत्तो महाणिसीहे, भग्गस्स वि णंदिसेणणाएणं ।
सम्मत्तरक्खणट्ठं, णिद्धंधसयाणिसेहविही ।।१३३।।

અન્વયાર્થ :-

इत्तो=આથી=સંયમશ્રેણીથી ભ્રષ્ટને મિથ્યાત્વની ભજના છે આથી, महाणिसीहे=મહાનિશીથમાં, णंदिसेणणाएणं=નંદિષેણના દૃષ્ટાંતથી, सम्मत्तरक्खणट्ठं=સમ્યક્ત્વના રક્ષણ માટે, भग्गस्स वि=ભગ્નને પણ, णिद्धंधसयाणिसेहविही=નિદ્ધંધસતાનિષેધવિધિ છે. ।।૧૩૩।।

ગાથાર્થ :-

સંયમશ્રેણીથી ભ્રષ્ટને મિથ્યાત્વની ભજના છે, આથી મહાનિશીથમાં નંદિષેણના દૃષ્ટાંતથી સમ્યક્ત્વના રક્ષણ માટે ભગ્નને પણ નિદ્ધંધસતાનિષેધવિધિ છે. ।।૧૩૩।।

ટીકા :-

'इत्तो'त्ति। अत एव महानिशीथे भग्नस्यापि नन्दिषेणज्ञातेन=नन्दिषेणदृष्टान्तप्रसङ्गेन, सम्यक्त्व-रक्षणार्थं निद्धन्धसतानिषेधविधिः श्रूयते, तथा च तत एव तस्य सम्यक्त्वसिद्धिः, तत्फलेनैव तस्य फलवत्त्वादिति सिद्धम्, तद्ग्रन्थश्चायम् –

"भयवं ! जो रत्तिदिअहं, सिद्धंतं पढइ सुणेइ ।
वक्खाणेइ चिंतए सययं, सो किं अणायारमायरे ? ।।१।।
सिद्धंतगयमेगं पि, अक्खरं जो वियाणइ ।
सो गोयम ! मरणंते वि, अणायारं न समायरे ।।२।।
भयवं ! ता कीस दसपुव्वी, णंदिसेणमहायसे ।
पव्वज्जं चिच्चा गणिकाए, गेहं पविट्ठो य वुच्चइ ? ।।३।।

गोयम ! तस्स पविसिट्ठं मे, भोगहलं खलिअकारणं ।
भवभयभीओ तहा वि दुअं, सो पव्वज्जमुवागओ ।।४।।
पायालं अवि उड्ढमुहं, सग्गं होज्जा अहोमुहं ।
ण उणा केवलिपन्नत्तं, वयणं अन्नहा भवे ।।५।।
अन्नं च सो बहूवाए, सुअणिबद्धे विआरिउं गुरुणो ।
पामूले मुत्तूणं, लिंगं निव्विसओ गओ ।।६।।
तमेव वयणं सरमाणो, दंतभग्गो सकम्मुणा ।
भोगहलं कम्मं वेदेइ, बद्धपुट्ठणिकाइअं ।।७।।
भयवं ! ते केरिसोवाए, सुअणिबद्धे विआरिए ।
जेणुज्झिअ सामन्नं, अज्ज वि पाणे धरेइ सो ? ।।८।।
एते ते गोयमोवाए, केवलीहिं पवेइए ।
जहा विसयपराभूओ, सेरज्जा सुत्तमिमं मुणी ।।९।।
तंजहा - "तवमट्ठगुणं घोरं, आढविज्जा सुदुक्करं ।
जहा विसए उदिज्जंति, पडणाणसणविसं पि वा ।।१०।।
कायं बंधिऊण मरिअव्वं, नो चरित्तं विराहए ।
अह एयाइं न सक्किज्जा, तो गुरूणं लिंगं समप्पिया ।।११।।
विदेसे जत्थ नागच्छे, पउत्ती तत्थ गंतूणं ।
अणुव्वयाइं पालिज्जा, णो णं भविआ णिद्धंधसे" ।।१२।। **इत्यादि ।।१३३।।**

टीकार्थ :-

अत एव ..... णिद्धंधसे" ।। इत्यादि ।। आथी ज=संयमश्रेणीथी भ्रष्टने मिथ्यात्वनी प्राप्तिमां भजना छे आथी ज, नंदिषेणना दृष्टांतथी=नंदिषेणना दृष्टांतमां संयमत्यागना प्रसंगथी, भग्नने पण=संयमश्रेणीथी पतित परिणामवाळा साधुने पण, सम्यक्त्वना रक्षण माटे निर्ध्वंसताना निषेधनी विधि=प्रतिज्ञा ग्रहण कर्या पछी संयमवेशने छोडती वखते निर्ध्वंसताना परिहारनी विधि महानिशीथमां संभळाय छे, अने ते रीते=महानिशीथमां निर्ध्वंसताना निषेधनी विधि बतावी छे ते रीते, तेनाथी ज=ते विधिना पालनथी ज, तेने=संयम त्याग करनार साधुने, सम्यक्त्वनी सिद्धि छे=सम्यक्त्वनुं रक्षण छे; केम के ते रूप फल वडे ज=सम्यक्त्वरूप फल वडे ज, तेनुं=महानिशीथमां बतावेली संयमत्यागनी विधिनुं, फलवानपणुं छे ए प्रमाणे सिद्ध छे, अने ते ग्रंथ=महानिशीथनुं वचन आ छे -

गौतमस्वामी भगवानने पूछे छे –

"હે ભગવન્ ! જે રાત્રિ-દિવસ સિદ્ધાંતને ભણે છે, સાંભળે છે, વ્યાખ્યાન કરે છે, સતત ચિંતવન કરે છે, શું તે અનાચારને આચરે ? ।।૧।।

ભગવાન ઉત્તર આપે છે –

હે ગૌતમ ! સિદ્ધાંતગત એક પણ અક્ષરને જે જાણે છે તે મરણાંતે પણ અનાચારને આચરે નહિ. ।।૨।।

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે –

હે ભગવન્ ! તો દશપૂર્વી નંદિષેણ મહાયશ પ્રવ્રજ્યાને છોડીને ગણિકાના ઘરમાં પ્રવેશેલા કેમ કહેવાય છે ? ।।૩।।

ભગવાન ઉત્તર આપે છે –

હે ગૌતમ ! તેને=નંદિષેણને, સ્ખલનાનું કારણ ભોગફળ મારા વડે કહેવાયેલું તોપણ ભવના ભયથી ભય પામેલા એવા તે નંદિષેણ મુનિએ શીઘ્ર પ્રવ્રજ્યાને સ્વીકારી. ।।૪।।

પાતાલ પણ ઊર્ધ્વમુખવાળું થાય, સ્વર્ગ અધોમુખવાળું થાય, પરંતુ કેવલીપ્રજ્ઞપ્ત વચન અન્યથા થાય નહિ. ।।૫।।

અને અન્ય - તે=નંદિષેણ મુનિ, શ્રુતનિબદ્ધ એવા બહુ ઉપાયોને વિચારીને ગુરુના પાદમૂલમાં રજોહરણને મૂકીને નિર્વિષય એવા નંદિષેણમુનિ ગયા=કોઈ ભોગસામગ્રી વગરના એવા નંદિષેણ મુનિ ગયા. ।।૬।।

તે જ વચનને સ્મરણ કરતા=ભગવાને કહેલ ભોગફળવાળા વચનને સ્મરણ કરતા, સ્વકર્મથી દંતભગ્ન=સંયમભગ્ન નંદિષેણ મુનિ બદ્ધ, સ્પૃષ્ટ અને નિકાચિત એવા ભોગફળવાળા કર્મને વેદે છે. ।।૭।।

ગૌતમસ્વામી પૃચ્છા કરે છે –

હે ભગવન્ ! શ્રુતનિબદ્ધ કેવા પ્રકારના તે ઉપાયો વિચાર્યા ? જે કારણથી સાધુપણાને છોડીને હમણાં પણ તે= નંદિષેણ મુનિ, પ્રાણોને ધારણ કરે છે ? ।।૮।।

ભગવાન ઉત્તર આપે છે –

હે ગૌતમ ! કેવલી વડે કહેવાયેલા તે ઉપાયો આ છે, જે પ્રમાણે વિષયથી પરાભવ પામેલો મુનિ આ સૂત્રને સ્મરણ કરે. ।।૯।।

તે આ પ્રમાણે –

અત્યંત દુષ્કર ઘોર આઠ ગણા=સ્વશક્તિથી આઠ ગણા, તપને કરે.

આમ છતાં વિષયો સતાવે તો શું કરવું ? તે બતાવે છે –

જ્યારે વિષયો ઉદ્રેકને પામે ત્યારે પડણ=પર્વત ઉપરથી પડે, અનશન કરે અથવા ઝેરને પણ ખાય. ।।૧૦।।

કાયાને બાંધીને મરવું જોઈએ, ચારિત્રની વિરાધના કરવી જોઈએ નહિ. હવે આને=પડણાદિને કરી શકવા સમર્થ ન હોય તો ગુરુને રજોહરણ સમર્પણ કરીને. ।।૧૧।।

વિદેશમાં જ્યાં પ્રવૃત્તિ=પરિચિત પુરુષોની પ્રવૃત્તિ, ન આવે ત્યાં જઈને અણુવ્રતોનું પાલન કરે તો નિર્ધ્વંસ થશે નહિ." ।।૧૨।। **'इत्यादि' શબ્દથી અન્ય પણ શાસ્ત્રોક્ત વિધિનો સંગ્રહ કરવો. ।।૧૩૩।।**

ભાવાર્થ :-

ગાથા-૧૩૧માં નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કહ્યું કે જે મુનિ શક્તિ અનુરૂપ શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન ન કરે, તેનામાં સમ્યક્ત્વ નથી. ત્યારપછી વ્યવહારનયના અભિપ્રાયથી કહ્યું કે સંયમશ્રેણીથી ભ્રષ્ટને પણ મિથ્યાત્વની પ્રાપ્તિમાં ભજના છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અપ્રમત્ત મુનિને સમ્યક્ત્વ સ્વીકારનાર નિશ્ચયનય ભગ્નને સમ્યક્ત્વ નથી એમ કહે છે, પરંતુ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળાને વ્યવહારનય સમ્યક્ત્વ સ્વીકારે છે. આથી કોઈ સાધુ સંયમ પાળવા માટે અસમર્થ બને અને સંયમ છોડીને ગૃહવાસ સ્વીકારવા તૈયાર થાય તે સાધુને નંદિષેણના દૃષ્ટાંતના પ્રસંગથી સમ્યક્ત્વના રક્ષણ માટે કેવી રીતે સંયમને છોડવું તેની વિધિ શાસ્ત્રમાં બતાવી છે, તે વિધિ અનુસાર પ્રયત્ન કરવામાં આવે તો સ્વીકારાયેલા વ્રત પ્રત્યે ઉપેક્ષાનો ભાવ ન આવે, પરંતુ વ્રત પ્રત્યે પક્ષપાતનો પરિણામ જીવંત રહે, જેથી નિર્ધ્વંસતા આવે નહિ અને સમ્યક્ત્વ ટકી શકે.

વસ્તુતઃ નિશ્ચયનય સાધુને સંયમમાં પ્રમાદ ન થાય તદ્અર્થે ઉપયોગી છે. તેથી નિશ્ચયનયના વચનને સ્મરણ કરીને સાધુ સંયમમાં યથાશક્તિ યત્ન કરે છે, જેથી સંયમશ્રેણીથી પાત થાય નહિ. વળી વ્યવહારનય કોઈ સાધુ સંયમશ્રેણીથી પતિત થાય તોપણ ભગવાનના વચનથી સર્વથા વિમુખ ન થાય અર્થાત્ ચારિત્રના સેવનથી તો વિમુખભાવ છે, પરંતુ ચારિત્ર પ્રત્યેની રુચિથી પણ વિમુખભાવ ન થાય, તે માટે ઉપદેશ આપે છે, તેથી સંયમશ્રેણીથી પતિત થયેલાને પણ સમ્યક્ત્વની ભજના કહે છે. આથી જે સાધુ સંયમશ્રેણીમાં રહી શકે તેમ નથી, તે સાધુના પણ સમ્યક્ત્વના રક્ષણ માટે વેશત્યાગની વિધિ શાસ્ત્રમાં બતાવી છે. તેથી ફલિત થાય છે કે સંયમશ્રેણીથી ભ્રષ્ટમાં પણ વ્યવહારનયથી સમ્યક્ત્વની ભજના છે.

મહાનિશીથમાં નંદિષેણના દૃષ્ટાંતને કહેનારું કથન છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે – **"જે રાત્રિ-દિવસ સિદ્ધાંતને ભણે છે, સાંભળે છે અને વ્યાખ્યાન કરે છે, સતત ચિંતવન કરે છે, તે શું અનાચારને આચરે ?"** નંદિષેણના પ્રસંગને સામે રાખીને ગૌતમસ્વામીએ આ પ્રકારનો પ્રશ્ન કર્યો છે. તેથી એ ફલિત થાય કે નંદિષેણ મુનિ રાત-દિવસ સિદ્ધાંતને ભણનારા હતા અર્થાત્ શાસ્ત્રવચનથી આત્માને ભાવિત કરનારા હતા, ગુરુ પાસેથી સિદ્ધાંતને સાંભળનારા હતા. વળી યોગ્ય જીવોને શાસ્ત્રનો પરમાર્થ બતાવનારા હતા અને પોતે પણ સતત શાસ્ત્રનું ચિંતવન કરીને આત્માને ભાવિત કરનારા હતા. તેથી આવા સાધુ ક્યારેય અનાચારને સેવે નહિ, આમ છતાં આવા ગુણોવાળા નંદિષેણ મુનિ વેશ્યાના ઘરમાં પ્રવેશેલા. તેને સામે રાખીને ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કરેલ છે.

ભગવાન ઉત્તર આપે છે કે **"સિદ્ધાંતનો એક પણ અક્ષર જે જાણે તે મરણાંતે પણ અનાચાર આચરે નહિ."** તેથી એ ફલિત થાય કે સિદ્ધાંતના "સામાયિક" માત્ર પદનો અર્થ જે પરમાર્થથી જાણે છે તેને સામાયિક સર્વ કલ્યાણનું કારણ દેખાય છે, અન્ય કંઈ કલ્યાણનું કારણ દેખાતું નથી. તે પુરુષ ક્યારે પણ અનાચારને સેવે નહિ. જેમ ચિલાતીપુત્રે "ઉપશમ, વિવેક અને સંવર" એ ત્રણ પદનો યથાર્થ અર્થ જાણ્યો તો તેના જ બળથી સંયમની પરિણતિને પામ્યા. તેથી સિદ્ધાંતના એક પદના પરમાર્થને જાણનાર પણ

ક્યારેય અનાચાર સેવે નહિ, તો સિદ્ધાંતના ઘણા રહસ્યને જાણનાર નંદિષેણ મુનિ તો અત્યંત અનાચાર સેવે નહિ.

આ પ્રકારના ભગવાનના ઉત્તરને સાંભળીને ગૌતમસ્વામી પૂછે છે – **"તો દશપૂર્વી એવા નંદિષેણ મુનિ વેશ્યાના ઘરમાં કેમ પ્રવેશ પામ્યા ?"** અર્થાત્ જો તે અનાચાર સેવે નહિ તેવા હોય તો તેમણે વેશ્યાના ઘરમાં પ્રવેશ કરવો જોઈએ નહિ. તેનો ઉત્તર આપતાં ભગવાને કહ્યું કે **"તેનું ભોગફળવાળું કર્મ સ્ખલનાનું કારણ છે' એમ મેં કહેલું, છતાં ભવના ભયથી તેમણે શીઘ્ર દીક્ષા ગ્રહણ કરેલ."** તેથી એ ફલિત થાય કે ભગવાનના સિદ્ધાંતના જાણનાર પુરુષ ક્યારેય અનાચાર સેવે નહિ, તોપણ ભોગફળવાળું નિકાચિત કર્મ હોય તો તે કર્મ બળાત્કારે પણ અનુચિત પ્રવૃત્તિ કરાવે, અને આથી જ ભગવાન કહે છે કે પાતાલ ઊર્ધ્વમુખ થાય અને સ્વર્ગ અધોમુખ થાય, પરંતુ કેવલીનું વચન અન્યથા થાય નહિ અર્થાત્ ભગવાને કેવળજ્ઞાનમાં નંદિષેણ મુનિના ભોગકર્મને સ્ખલનાનું કારણ જાણેલ, તે નંદિષેણ મુનિ શાસ્ત્રવચનથી ભાવિત થાય તોપણ કેવલીનું વચન અન્યથા થાય નહિ, તેથી નંદિષેણ મુનિ વેશ્યાને ત્યાં રહેલા.

આ રીતે નંદિષેણ મુનિ વેશ્યાને ત્યાં કેમ રહ્યા, તેનું સ્પષ્ટીકરણ કર્યા પછી નંદિષેણ મુનિમાં હજી સમ્યક્ત્વ કેમ છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે કે **"તે નંદિષેણ મુનિ શાસ્ત્રમાં નિબદ્ધ એવા બહુ ઉપાયોને વિચારીને ગુરુ પાસે લિંગને મૂકીને અજ્ઞાત પ્રદેશમાં ગયા."** તેથી એ ફલિત થાય કે નિકાચિત કર્મના ઉદયથી સંયમના પરિણામથી ભગ્ન થયેલા પણ નંદિષેણ મુનિ શ્રુતના પક્ષપાતના પરિણામવાળા હતા, આથી શ્રુતનિબદ્ધ બહુ ઉપાયોનો વિચાર કર્યો, અને જ્યારે વેશને છોડ્યા સિવાય અન્ય કોઈ ઉપાય ન જણાયો ત્યારે ગુરુને વેશ સમર્પણ કરેલ અને જ્યાં તેમનો કોઈ પરિચિત માણસ ન હોય તેવા સ્થાનમાં ગયા છે, જેથી ધર્મનું લાઘવ ન થાય. વળી ત્યાં પણ ભગવાનના વચનનું સ્મરણ કરે છે અને પોતાના બદ્ધ, સ્પૃષ્ટ અને નિકાચિત કર્મનું વેદન કરતા રહેલા છે. તેથી ભગવાનના વચનનો પક્ષપાત તેમનામાં છે. માટે તેમનામાં સમ્યક્ત્વ છે.

વળી ગૌતમસ્વામી પૂછે છે કે દીક્ષા છોડતાં પૂર્વે નંદિષેણ મુનિએ કેવા પ્રકારના શ્રુતનિબદ્ધ બહુ ઉપાયો વિચાર્યા, જેથી સાધુપણું છોડવા છતાં સમ્યક્ત્વરૂપ પ્રાણને ધારણ કરે છે ? તેનો ભગવાન ઉત્તર આપે છે- જો કોઈ મુનિ વિષયોથી પરાભવ પામેલા હોય તો તેઓએ આ સૂત્રનું સ્મરણ કરવું જોઈએ, અને તે સૂત્ર બતાવતા કહે છે કે **"સંયમના રક્ષણ માટે ઘોર દુષ્કર આઠગણું તપ કરવું જોઈએ."** તેથી એ ફલિત થાય કે સંયમી સાધુ સંયમની વૃદ્ધિમાં અપ્રમાદથી યત્ન કરી શકે, અને અપ્રમાદભાવને બાધ ન થાય તે પ્રકારે પૂર્ણ શક્તિથી જે તપ કરે તે સ્વશક્તિ અનુસાર તપ કહેવાય, તે તપ કરતાં આઠગણો તપ કરવો જોઈએ. તેનાથી સંયમની અન્ય પ્રવૃત્તિ શિથિલ થાય તોપણ તપના બળથી શિથિલ થયેલી ઇંદ્રિયો વિકારથી પરાભવ પામે નહિ, જેથી ગ્રહણ કરેલા વ્રતને છોડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ. તે પ્રમાણે નંદિષેણ મુનિએ ઉદ્યમ કર્યો, આમ છતાં નિકાચિત કર્મોના કારણે નંદિષેણ મુનિ વિષયોથી પરાભવ પામ્યા. તેથી તેઓ તપથી પણ સંયમનું રક્ષણ કરી શક્યા નહિ, ત્યારે શાસ્ત્રનાં અન્ય વચનોનું સ્મરણ કરે છે, કે 'વિષયો ઉદ્રેક પામે ત્યારે મુનિએ પર્વત ઉપરથી પડવું જોઈએ, અનશન કરવું જોઈએ કે વિષનું ભક્ષણ કરીને પણ દેહનો ત્યાગ કરવો

જોઈએ અથવા કાયાને બાંધીને અર્થાત્ ગળામાં ફાંસો નાખીને મરવું જોઈએ, પણ ચારિત્રની વિરાધના કરવી જોઈએ નહિ', તે પ્રકારનાં શાસ્ત્રવચનોનું સમાલોચન કરીને પ્રાણત્યાગ માટે નંદિષેણ મુનિએ યત્ન કર્યો, આ રીતે પણ તેઓ પ્રાણત્યાગ કરી શક્યા નહિ, ત્યારે શાસ્ત્રવચન અનુસાર ગુરુને લિંગ સમર્પણ કરીને જ્યાં કોઈ તેમને જાણતું ન હોય તેવા સ્થાનમાં ગયા, અને ત્યાં જઈને 'અણુવ્રતાદિનું પાલન કરવું જોઈએ, જેથી નિર્ધ્વંસતા ન આવે.' એ પ્રકારના શાસ્ત્રવચનનું સ્મરણ કરીને સ્વશક્તિ અનુસાર નંદિષેણ મુનિએ યત્ન કર્યો. આથી નંદિષેણ મુનિ સંયમશ્રેણીથી ભ્રષ્ટ હોવા છતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ ન હતા. **॥૧૩૩॥**

અવતરણિકા :-

અત્ર સ્થાને સ્થાને સંયમશ્રેણી નિબદ્ધેતિ તામેવ સ્મૃતામનુપેક્ષણીયાં ચ નિરૂપયતિ –

અવતરણિકાર્થ :-

અહીં=ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથમાં અત્યાર સુધી વર્ણન કર્યું એમાં, સ્થાને સ્થાને=અનેક સ્થાને, સંયમશ્રેણી નિબદ્ધ છે, એથી સ્મૃત અને અનુપેક્ષણીય એવી તેને જ નિરૂપણ કરે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગુરુતત્ત્વના નિર્ણય માટે આ ગ્રંથનો પ્રારંભ કરેલ છે, અને તેના વર્ણનમાં 'સ્વપરાક્રમથી જ સાધુને સિદ્ધિ છે' માટે ગુરુની આવશ્યકતા નથી, અને સંયમ ગ્રહણ કરવાની પણ આવશ્યકતા નથી, એ પ્રકારની નિશ્ચયનયની દૃષ્ટિને ઉદ્ભાવન કરીને કલ્યાણના અર્થી માટે સંયમ ગ્રહણ કરવું કઈ રીતે આવશ્યક છે, અને ગુણવાન એવા ગુરુને પરતંત્ર થવું કઈ રીતે આવશ્યક છે, તે બતાવવાનો પ્રારંભ કરેલ છે. તે વક્તવ્યમાં અનેક સ્થાનોમાં 'સંયમશ્રેણી' શબ્દ આવ્યો, તેથી ગ્રંથકારશ્રીને શાસ્ત્રમાં વર્ણન કરેલ સંયમશ્રેણીનું સ્વરૂપ ઉપસ્થિત થયું. તેથી ગ્રંથકારશ્રીને થયું કે યોગ્ય જીવને સંયમશ્રેણીના સ્વરૂપનો બોધ કરાવવો આવશ્યક છે. તેથી યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે અનુપેક્ષણીય એવી સંયમશ્રેણીનું નિરૂપણ કરે છે.

ગાથા :-

इत्थं संजमसेढिं, पसंगसंगइसमागयं भणिमो ।
अपरिमियठाणकंडगछट्ठाणगरासिणिप्फण्णं ।।१३४।।

અન્વયાર્થ :-

इत्थं=અહીં=આ અધિકારમાં=ગુરુતત્ત્વ ગ્રંથના પ્રથમ ઉલ્લાસરૂપ અધિકારમાં, पसंगसंगइसमागयं= પ્રસંગસંગતિથી આવેલી, अपरिमियठाणकंडगछट्ठाणगरासिणिप्फण्णं संजमसेढिं=અપરિમિત સ્થાનોની રાશિથી, અપરિમિત કંડકોની રાશિથી અને અપરિમિત ષટ્સ્થાનકની રાશિથી નિષ્પન્ન એવી સંયમશ્રેણીને, भणिमो=અમે કહીએ છીએ. ।।૧૩૪।।

ગાથાર્થ :-

ગુરુતત્ત્વ ગ્રંથના પ્રથમ ઉલ્લાસરૂપ અધિકારમાં પ્રસંગસંગતિથી આવેલી અપરિમિત સ્થાનોની રાશિથી, અપરિમિત કંડકોની રાશિથી અને અપરિમિત ષટ્સ્થાનકોની રાશિથી નિષ્પન્ન એવી સંયમશ્રેણીને અમે કહીએ છીએ. ॥૧૩૪॥

ટીકા :-

'इत्थं' ति। अत्र=अस्मिन्नधिकारे, प्रसङ्गसङ्गतिसमागतां संयमश्रेणीं वयं भणामः, किम्भूताम्? अपरिमितानाम्-असङ्ख्यातानां स्थानानां कण्डकानां षट्स्थानकानां च राशिभिर्निष्पन्नाम् ।।१३४।।

ટીકાર્થ :-

'अत्र' ..... राशिभिर्निष्पन्नाम् ।। અહીં=આ અધિકારમાં=પ્રસ્તુત ગ્રંથના પ્રથમ અધિકારમાં, પ્રસંગસંગતિથી આવેલ સંયમશ્રેણીને અમે કહીએ છીએ.

સંયમશ્રેણી કેવા પ્રકારની છે ? તે બતાવે છે –

અપરિમિત=અસંખ્યાતાં, સ્થાનોની રાશિથી નિષ્પન્ન, અસંખ્યાતા કંડકોની રાશિથી નિષ્પન્ન અને અસંખ્યાતા ષટ્સ્થાનકોની રાશિથી નિષ્પન્ન એવી સંયમશ્રેણીને અમે કહીએ છીએ, એમ અન્વય છે. ॥૧૩૪॥

ભાવાર્થ :-

પ્રસ્તુત ગ્રંથમાં પ્રસંગસંગતિથી પ્રાપ્ત થયેલી એવી સંયમશ્રેણીને કહેવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે અને તે સંયમશ્રેણી કેવા પ્રકારની છે, તે બતાવતાં કહે છે –

સંયમશ્રેણી સંયમની તરતમતાના પરિણામથી અનેક ભૂમિકાવાળી છે, અને તે સંયમના તરતમતાના પરિણામો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, તેથી ઘણી મોટી સંખ્યાના અસંખ્યાતા સંયમનાં અધ્યવસાયસ્થાનો છે. તે અસંખ્યાત સંયમસ્થાનો બતાવવા કહે છે – અસંખ્યાતાં સંયમસ્થાનોનું એક કંડક બને છે, અને તે અસંખ્યાતા કંડકોનું એક ષટ્સ્થાનક બને છે, અને તેવા અસંખ્યાતા ષટ્સ્થાનકોના સમુદાયરૂપ સંયમશ્રેણી છે, જેનું વર્ણન ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવશે. **॥૧૩૪॥**

અવતરણિકા :-

एतमेव निर्देशं सविशेषं पिण्डनिर्युक्तिभाष्यगाथाभ्यामाह –

અવતરણિકાર્થ :-

આ જ નિર્દેશને=ગાથા-૧૩૪માં સંયમશ્રેણીનું વિશેષણ આપ્યું કે અપરિમિત સ્થાન, કંડક અને ષટ્સ્થાનકની રાશિથી નિષ્પન્ન સંયમશ્રેણી છે એ જ સંયમશ્રેણીના સ્વરૂપના નિર્દેશને, પિંડનિર્યુક્તિની બે ભાષ્યગાથા દ્વારા સવિશેષ કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૩૪માં સંયમશ્રેણી અસંખ્યાતા સંયમસ્થાનોની રાશિ, અસંખ્યાતા કંડકોની રાશિ, અસંખ્યાતા ષટ્સ્થાનકોની રાશિથી નિષ્પન્ન છે તેવો નિર્દેશ કર્યો. હવે પિંડનિર્યુક્તિની જે ભાષ્યગાથા છે, તે બે ગાથાઓ દ્વારા સંયમશ્રેણીનું સવિશેષ સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

तत्थाणंता उ चरित्तपज्जवा हुंति संजमट्ठाणं ।
संखाईआणि हु ताणि कंडगं होइ णायव्वं ।।१३५।।

અન્વયાર્થ :-

तत्थ=त्यां=ते संयमस्थानादिना वक्तव्यमां, अणंता चरित्तपज्जवा=अनंता चारित्रपर्यायो, संजमट्ठाणं=संयमस्थान=प्रथम संयमस्थान, हुंति=थाय छे, संखाईआणि ताणि=संख्यातीत એવા તે=સંખ્યાતીત એવાં સંયમસ્થાનો, कंडगं=કંડક, णायव्वं होइ=જ્ઞાતવ્ય છે. ।।૧૩૫।।

ગાથાર્થ :-

તે संयमस्थानादिना वक्तव्यमां अनंता चारित्रपर्यायो प्रथम संयमस्थान थाय छे. संख्यातीत એવાં संयमस्थानो કંડક જ્ઞાતવ્ય છે. ।।૧૩૫।।

ટીકા :-

'तत्थ' इत्यादि। तत्र=तेषु संयमस्थानादिषु वक्तव्येषु, अनन्ताश्चारित्रपर्याया भवन्ति संयमस्थानं, प्रथममिति शेषः । सर्वजघन्येऽपि हि संयमस्थाने केवलिप्रज्ञाछेदकेन च्छिद्यमाना निर्विभागा भागाः सर्वोत्कृष्टदेशविरतिविशुद्धिस्थानगतनिर्विभागभागेभ्यः सर्वजीवानन्तरूपेण गुणकारेणानन्तगुणिता भवन्ति, तथाहि – असत्कल्पनया सर्वोत्कृष्टस्य देशविरतिविशुद्धिस्थानस्य निर्विभागा भागा दश सहस्राणि १०,०००, सर्वजीवानन्तप्रमाणकश्च राशिः शतं, ततस्तेन शतसङ्ख्येन सर्वजीवानन्तकप्रमाणेन राशिना दशसहस्रसङ्ख्याः सर्वोत्कृष्टदेशविरतिविशुद्धिस्थानगता निर्विभागा भागा गुण्यन्ते जातानि दश लक्षाणि, एतावन्तः किल सर्वजघन्यस्यापि सर्वविरतिविशुद्धिस्थानस्य निर्विभागा भागा भवन्तीति; परमार्थतस्तु सर्वाकाशप्रदेशेभ्योऽनन्तगुणिता एते, तदुक्तं कल्पभाष्ये –

"ते कित्तिआ पएसा, सव्वागासस्स मग्गणा होइ ।
ते जत्तिया पएसा, अविभाग तओ अणंतगुणा" ।।१।। **इति । सङ्ख्यातीतानि च संयमस्थानानि कण्डकं भवति ज्ञातव्यम् ।।१३५।।**

ટીકાર્થ :-

'तत्र' तेषु ..... ज्ञातव्यम् ।। ત્યાં=તે સંયમસ્થાનાદિના વક્તવ્યમાં, અનંતા ચારિત્રપર્યાયો પ્રથમ સંયમસ્થાન છે. ગાથામાં 'संजमट्ठाणं' પછી 'પ્રથમ' શબ્દ અધ્યાહાર છે, તે બતાવવા માટે 'प्रथममिति शेषः' કહેલ છે.

સર્વથી જઘન્ય પણ સંયમસ્થાનમાં=સર્વથી જઘન્ય પણ સર્વવિરતિ સંયમસ્થાનમાં, કેવલીની પ્રજ્ઞારૂપ છેદક વડે છેદાતા નિર્વિભાગ ભાગો સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિ સ્થાનમાં રહેલા, સર્વ જીવ સ્વરૂપ અનંત સંખ્યારૂપ ગુણાકારથી ગુણવા દ્વારા અનંતગુણિત થાય છે.

પૂર્વમાં સર્વવિરતિના સંયમસ્થાનમાંથી પ્રથમ સંયમસ્થાનમાં નિર્વિભાગ ભાગો કેટલી સંખ્યામાં થાય છે, તે શાસ્ત્રમર્યાદાથી બતાવ્યું. હવે તેને દૃષ્ટાંતથી બોધ કરવા માટે 'तथाहि'થી બતાવે છે -

અસત્ કલ્પનાથી સર્વોત્કૃષ્ટ એવા દેશવિરતિના વિશુદ્ધિસ્થાનના નિર્વિભાગ ભાગો ૧૦,૦૦૦ છે અને સર્વ જીવોની અનંત પ્રમાણવાળી સંખ્યા ૧૦૦ છે. તેથી તે સો સંખ્યારૂપ સર્વ જીવની અનંત પ્રમાણવાળી રાશિ વડે દશહજારની સંખ્યારૂપ સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિ સ્થાનગત નિર્વિભાગ ભાગો ગુણાય છે, તેથી દશ લાખ થયા. ખરેખર ! સર્વ જઘન્ય પણ સર્વવિરતિના વિશુદ્ધિ સ્થાનના આટલા નિર્વિભાગ ભાગો થાય છે. વળી પરમાર્થથી સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણા આ છે=પ્રથમ સંયમસ્થાનના ચારિત્રપર્યાયો છે, તે કલ્પભાષ્યમાં કહેવાયું છે.

તે કેટલા પ્રદેશો છે ?=સર્વવિરતિના સર્વ જઘન્ય સ્થાનમાં ચારિત્રના પર્યાયો કેટલી સંખ્યાવાળા છે ? આ પ્રકારનો પ્રશ્ન કરીને જવાબ આપે છે – સર્વ આકાશની માર્ગણા થાય, તે જેટલા પ્રદેશો અવિભાગ છે, તેનાથી અનંતગુણ છે.

'इति' શબ્દ કલ્પભાષ્યના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

પૂર્વાર્ધનું વર્ણન કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધને કહે છે –

અને સંખ્યાતીત સંયમસ્થાનો કંડક જ્ઞાતવ્ય છે. ॥૧૩૫॥

❖ 'संयमस्थानादिषु'માં 'आदि' પદથી કંડક અને ષટ્સ્થાનકનું ગ્રહણ કરવું.

❖ 'सर्वजघन्येऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સર્વવિરતિનાં અન્ય સ્થાનોમાં તો સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનગત નિર્વિભાગ ભાગોથી અનંતગુણા સંયમસ્થાનો છે, પરંતુ સર્વથી જઘન્ય પણ સર્વવિરતિ સંયમસ્થાનમાં સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનગત નિર્વિભાગ ભાગોથી અનંતગુણા સંયમસ્થાનો છે.

❖ 'एतावन्तः किल सर्वजघन्यस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે સર્વથી જઘન્ય સિવાયના સર્વવિરતિ વિશુદ્ધિસ્થાનોના નિર્વિભાગ ભાગો તો આટલા અનંતગુણા થાય છે, પરંતુ સર્વથી જઘન્ય પણ સર્વવિરતિ વિશુદ્ધિસ્થાનોના નિર્વિભાગ ભાગો આટલા અનંતગુણા થાય છે.

ગાથા :-

संखाईआणि उ कंडगाणि छट्ठाणगं विणिद्दिट्ठं ।
छट्ठाणा उ असंखा, संजमसेढी मुणेयव्वा ।।१३६।।

અન્વયાર્થ :-

उ=વળી, संखाईआणि कंडगाणि=સંખ્યાતીત કંડકો પ્રમાણ, छट्ठाणगं विणिद्दिट्ठं=ષટ્સ્થાનક બતાવાયું=એક ષટ્સ્થાનક બતાવાયું, उ=વળી, असंखा छट्ठाणा=અસંખ્યાતા ષટ્સ્થાનકો પ્રમાણ, संजमसेढी मुणेयव्वा= સંયમશ્રેણી જાણવી=સર્વવિરતિ સંયમશ્રેણી જાણવી. ।।૧૩૬।।

ગાથાર્થ :-

વળી સંખ્યાતીત કંડકો પ્રમાણ એક ષટ્સ્થાનક બતાવાયું. વળી અસંખ્યાતા ષટ્સ્થાનકો પ્રમાણ સર્વવિરતિ સંયમશ્રેણી જાણવી. ।।૧૩૬।।

ટીકા :-

'संखाईआणि उ'त्ति । सङ्ख्यातीतानि च कण्डकानि षट्स्थानकं विनिर्दिष्टं, षट्स्थानानि चासङ्ख्यातानि संयमश्रेणिर्ज्ञातव्या ।।१३६।।

ટીકાર્થ :-

सङ्ख्यातीतानि ..... संयमश्रेणिर्ज्ञातव्या ।। સંખ્યાતીત=અસંખ્યાતા, કંડકો પ્રમાણ ષટ્સ્થાનક બતાવાયું= એક ષટ્સ્થાનક બતાવાયું, અને અસંખ્યાતા ષટ્સ્થાનકો પ્રમાણ સંયમશ્રેણી જાણવી=સર્વવિરતિ સંયમશ્રેણી જાણવી. ।।૧૩૬।।

ભાવાર્થ :-

સ્કંધો સવિભાજ્ય છે, તેથી સ્કંધોના ટુકડા થઈને સ્કંધનો સૌથી જઘન્ય અંશ એક પરમાણુરૂપે પૃથક્ પ્રાપ્ત થાય છે. આકાશ અવિભાજ્ય છે, તેથી આકાશના ખંડો ક્યારેય થતા નથી, તોપણ આકાશ કેટલા પ્રદેશપ્રમાણ છે તે બતાવવા માટે એક પરમાણુ જેટલા આકાશમાં અવગાહન કરે તેને એક આકાશપ્રદેશ કહેવાય. એ પ્રકારની વિવક્ષા કરીને આકાશ અનંતા પ્રદેશનો સ્કંધ છે, તેમ શાસ્ત્રમાં બતાવેલ છે. તે રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને જીવદ્રવ્ય પણ અવિભાજ્ય છે. તેથી તેના ખંડો થાય નહિ, તોપણ પરમાણુની અવગાહના પ્રમાણ એક પ્રદેશ છે, તેવી વિવક્ષા કરીને શાસ્ત્રમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવને અસંખ્યાતપ્રદેશપ્રમાણ બતાવેલ છે.

તે રીતે એક ચારિત્રના પર્યાયની પ્રાપ્તિ માટે કોઈક પરમાણુ આદિની વિવક્ષાથી તેનો અંશ બતાવી શકાય નહિ, તેથી અહીં કહેલ છે કે સર્વ જઘન્ય સંયમસ્થાનમાં જે ચારિત્રનો પરિણામ છે, તેને કેવલી

કેવલજ્ઞાન દ્વારા વિભાગ કરે અને જે નાનામાં નાનો નિર્વિભાગ ભાગ પ્રાપ્ત થાય, તેને એક ચારિત્રપર્યાય કહેવાય છે, અને આવા ચારિત્રના પર્યાયો સર્વવિરતિના સૌથી જઘન્ય સ્થાનમાં અનંતા છે. તે ચારિત્રપર્યાયના સમુદાયરૂપ પ્રથમ સંયમસ્થાન છે. વળી આ પ્રથમ સંયમસ્થાનમાં ચારિત્રપર્યાયો અનંતાની કઈ સંખ્યા પ્રમાણ છે, તે બતાવવા માટે કહે છે –

કોઈ શ્રાવક દેશવિરતિનું પાલન કરીને સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનને પામે, અને તે વિશુદ્ધિસ્થાનમાં રહેલ જે અનંત સંખ્યાના ચારિત્રપર્યાયો છે, તેની સંખ્યાને સર્વ જીવોની અનંત સંખ્યાથી ગુણવામાં આવે અને જે સંખ્યા પ્રાપ્ત થાય તેટલી અનંત સંખ્યા પ્રમાણ ચારિત્રપર્યાયવાળું સર્વવિરતિનું સર્વ જઘન્ય પ્રથમ સંયમસ્થાન છે, અને આ સંખ્યા વળી જેમ દેશવિરતિના ઉત્કૃષ્ટ સંયમસ્થાનથી અનંતગુણી છે, તેમ સર્વ આકાશપ્રદેશની સંખ્યા કરતાં પણ અનંતગુણી છે.

આ પ્રકારે અનંત સંખ્યાનું સર્વવિરતિનું પ્રથમ સંયમસ્થાન પ્રાપ્ત થયું. ત્યારપછી બીજું સંયમસ્થાન એક ચારિત્રપર્યાયથી અધિકનું પ્રાપ્ત થતું નથી, બે ચારિત્રપર્યાયથી અધિકનું પ્રાપ્ત થતું નથી, પરંતુ પ્રથમ સંયમસ્થાનના અનંત ભાગ કરીએ અને તે અનંતમા ભાગમાં વર્તતા અનંત ચારિત્રપર્યાયથી અધિક પ્રથમ સંયમસ્થાન કરતાં બીજું સંયમસ્થાન બને છે. વળી બીજા સંયમસ્થાન કરતાં અનંતમા ભાગથી અધિક ચારિત્રપર્યાયવાળું ત્રીજું સંયમસ્થાન બને છે, આમ એક કંડકપ્રમાણ અસંખ્યાતાં સંયમસ્થાનો અનંતભાગની વૃદ્ધિવાળાં બને છે. તે અનંતભાગની વૃદ્ધિવાળા સંયમસ્થાનના સમુદાયને એક કંડક કહેવાય છે. તે અનંતભાગની વૃદ્ધિવાળું કંડક પૂરું થયા પછી અસંખ્યાતભાગની વૃદ્ધિવાળું એક સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. ત્યારપછી ફરી અનંતભાગની વૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે. આ રીતે અસંખ્યાતભાગવૃદ્ધિના સંયમસ્થાનો પણ કંડકપ્રમાણ બને. ત્યારપછી તે જ ક્રમથી અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ, અનંતગુણવૃદ્ધિથી એક ષટ્સ્થાનક બને છે, અને આવા અસંખ્યાતા ષટ્સ્થાનક પ્રમાણ એક સંયમશ્રેણી હોય છે. **॥૧૩૫-૧૩૬॥**

અવતરણિકા :-

एतदेव यथोत्तरवृद्ध्यादिक्रमप्रदर्शनपूर्वं विवेचयति –

અવતરણિકાર્થ :-

યથોત્તર વૃદ્ધિ આદિ ક્રમ પ્રદર્શનપૂર્વક=જે પ્રમાણે સંયમસ્થાનોમાં ચારિત્રપર્યાયની વૃદ્ધિ આદિ છે, તે વૃદ્ધિ આદિના ઉત્તર-ઉત્તરના ક્રમને દેખાડવાપૂર્વક, એને જ=ગાથા-૧૩૫ની અવતરણિકામાં કહેલ આ જ નિર્દેશને પિંડનિર્યુક્તિભાષ્યની બે ગાથા દ્વારા સવિશેષ બતાવે છે એને જ, ગાથા-૧૩૭થી ગાથા-૧૪૨ સુધી વિવેચન કરે છે –

❖ 'यथोत्तरवृद्ध्यादिक्रमप्रदर्शनपूर्वं'માં 'आदि' પદથી કંડકની પ્રાપ્તિ અને ષટ્સ્થાનકની પ્રાપ્તિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૧૩૪માં બતાવેલ કે સંયમશ્રેણી અસંખ્યાતા સંયમસ્થાન, અસંખ્યાતા કંડકો અને અસંખ્યાતા ષટ્સ્થાનોની રાશિથી નિષ્પન્ન છે, અને એ નિર્દેશને પિંડનિર્યુક્તિભાષ્યની ગાથા દ્વારા ગાથા-૧૩૫-૧૩૬માં સવિશેષ બતાવેલ. હવે તે સંયમશ્રેણીમાં ઉત્તર-ઉત્તરમાં સંયમસ્થાનો કઈ રીતે ચારિત્રના પર્યાયની વૃદ્ધિવાળાં છે, અને તે ચારિત્રપર્યાયની વૃદ્ધિથી કંડકોની અને ષટ્સ્થાનકોની કયા ક્રમથી પ્રાપ્તિ છે, તે બતાવવાપૂર્વક સંયમશ્રેણીના સ્વરૂપને વિવેચન કરે છે.

ગાથા :-

ठाणेहिँ पढमठाणा, जहुत्तरमणंतभागवुड्ढेहिं ।
कण्डगमंगुलखित्तासंखिज्जंसप्पमाणेहिं ।।१३७।।

અન્વયાર્થ :-

पढमठाणा=પ્રથમ સ્થાનથી=સર્વવિરતિના પ્રથમ સંયમસ્થાનથી, जहुत्तरमणंतभागवुड्ढेहिं=યથોત્તર અનંતભાગવૃદ્ધિવાળા=બીજા-ત્રીજા આદિ ઉત્તર સંયમસ્થાનના અનુક્રમથી અનંતભાગવૃદ્ધિવાળા, अंगुलखित्तासंखिज्जंसप्पमाणेहिं ठाणेहिँ=અંગુલક્ષેત્રનો જે અસંખ્યાત અંશ તે અંશમાં રહેલી અસંખ્યાત સંખ્યાપ્રમાણવાળાં સ્થાનો વડે, कण्डगम्=કંડક થાય છે. ।।૧૩૭।।

ગાથાર્થ :-

પ્રથમ સ્થાનને આદિ કરીને બીજા-ત્રીજા આદિ ઉત્તર સંયમસ્થાનના અનુક્રમથી અનંતભાગ-વૃદ્ધિવાળા અંગુલક્ષેત્રનો જે અસંખ્યાત અંશ, તે અંશમાં રહેલાં અસંખ્યાત સંખ્યાપ્રમાણવાળાં સ્થાનો વડે કંડક થાય છે. ।।૧૩૭।।

ટીકા :-

'ठाणेहिँ' इत्यादि । प्रथमस्थानात्=प्रथमस्थानमादीकृत्य, यथोत्तरं=द्वितीयतृतीयाद्युत्तरस्थानानुक्रमेण, अनन्तभागवृद्धेः=पूर्वपूर्वस्थानाविभागभागानां योऽनन्ततमो भागस्तदधिकैः स्थानैः, अङ्गुलक्षेत्रस्य=अङ्गुलमात्रक्षेत्रस्य, योऽसङ्ख्यांशः=असङ्ख्येयो भागः, तत्प्रमाणैः=तद्गतप्रदेशराशिसमसङ्ख्यैः सम्पन्नैः कण्डकं समयपरिभाषया परिभाष्यते, तदुक्तम् - "कंडंति इत्थ भन्नइ अंगुलभागो असंखिज्जो ।" **इति । अयं भावः-प्रथमसंयमस्थानगतनिर्विभागभागापेक्षया द्वितीयमनन्ततमभागवृद्धम्, ततस्तृतीयम्, एवमुत्तरोत्तराणि यावदङ्गुलमात्रक्षेत्रासङ्ख्येयांशप्रदेशमानानि भवन्ति, तावत्समुदितानां तेषां कण्डक-सञ्ज्ञा भवतीति ।।१३७।।**

ટીકાર્થ :-

પ્રથમસ્થાનાત્ ..... ભવતીતિ ।। પ્રથમ સ્થાનથી=પ્રથમ સ્થાનને આદિ કરીને, યથોત્તર=બીજું-ત્રીજું આદિ ઉત્તરસ્થાનના અનુક્રમથી=દ્વિતીય-તૃતીય આદિ ઉત્તરસંયમસ્થાનના અનુક્રમથી, અનંતભાગ-વૃદ્ધિવાળા=પૂર્વ પૂર્વ સંયમસ્થાનના અવિભાગ ભાગોનો જે અનંતતમ ભાગ, તે ભાગ વડે અધિક એવા સ્થાનો વડે કંડક કહેવાય છે એમ અન્વય છે તે અધિક સ્થાનોની સંખ્યા સ્પષ્ટ કરે છે – અંગુલક્ષેત્રના=અંગુલ માત્ર ક્ષેત્રના, જે અસંખ્યાત અંશ=અસંખ્યેયભાગ, તેના પ્રમાણવાળાં=અંગુલક્ષેત્રના અસંખ્યાત ભાગમાં રહેલા આકાશપ્રદેશના રાશિની સમસંખ્યા વડે સંપન્ન એવાં સ્થાનો વડે કંડક સમયપરિભાષાથી કહેવાય છે. તે કહેવાયું છે=કંડકનું સ્વરૂપ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ બતાવ્યું તે પંચસંગ્રહમાં કહેવાયું છે –

અહીં અસંખ્યાતમો અંગુલનો ભાગ કંડક કહેવાય છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.


આ ભાવ છે=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કંડકનું સ્વરૂપ બતાવ્યું તેનો આ ભાવ છે : પ્રથમ સર્વવિરતિ સંયમસ્થાનગત નિર્વિભાગ ભાગની અપેક્ષાએ અર્થાત્ સર્વવિરતિના પ્રથમ સંયમસ્થાનમાં રહેલા અનંતા ચારિત્રપર્યાયોની અપેક્ષાએ, બીજું=બીજું સંયમસ્થાન, અનંતતમભાગવૃદ્ધિવાળું છે=પ્રથમ સંયમસ્થાનના ચારિત્રપર્યાયોના અનંતભાગ કરીએ, અને જે એક ભાગ પ્રાપ્ત થાય, તે ભાગની સંખ્યાથી અધિક બીજું સંયમસ્થાન છે, તેનાથી ત્રીજું=બીજા સંયમસ્થાનથી અનંતભાગવૃદ્ધિવાળું ત્રીજું સંયમસ્થાન છે. આ રીતે ઉત્તર-ઉત્તરનાં સંયમસ્થાનો છે જ્યાં સુધી અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યેય અંશ એના પ્રદેશરાશિ પ્રમાણ થાય તેટલા સમુદાયવાળાં સંયમસ્થાનોની કંડકસંજ્ઞા થાય છે. 'इति' શબ્દ अयं भावःની સમાપ્તિ માટે છે. ।।૧૩૭।।

ભાવાર્થ :-

સર્વવિરતિનું સૌથી પ્રથમ સંયમસ્થાન અનંત ચારિત્રપર્યાયોથી યુક્ત છે, અને તે અનંત પર્યાયો સર્વ આકાશના પ્રદેશોથી અનંતગુણા છે, તેમ પૂર્વમાં બતાવેલ. તે સંયમસ્થાન પછી બીજું સંયમસ્થાન અનંતભાગ-વૃદ્ધિવાળું છે=પ્રથમ સંયમસ્થાનના અનંતા ભાગો કરીએ, અને તેનો એક ભાગ ગ્રહણ કરીએ, અને તેમાં જે અનંત સંખ્યા આવે, તેટલી અનંત સંખ્યાથી અધિક બીજું સંયમસ્થાન છે. અને બીજા સંયમસ્થાનમાં જે ચારિત્રપર્યાયો છે, તેના કરતાં ત્રીજા સંયમસ્થાનમાં અનંતભાગ અધિક ચારિત્રપર્યાયો છે. આ રીતે અનંતભાગની વૃદ્ધિ દ્વારા સંયમસ્થાનો અસંખ્યાતાં પ્રાપ્ત થાય છે, અને તે અસંખ્યાત સંખ્યા કેટલા પ્રમાણ છે, તે બતાવવા માટે શાસ્ત્રમાં ઉપમા આપી કે એક અંગુલક્ષેત્રના=મનુષ્યની એક આંગળીના ક્ષેત્રના, અસંખ્યાત ભાગ કરવામાં આવે, અને જે એક ભાગ પ્રાપ્ત થાય, તે ભાગમાં રહેલા જે આકાશપ્રદેશો છે, તે પણ સંખ્યાથી અસંખ્યાતાં છે, અને તેટલી અસંખ્યાત સંખ્યાથી અનંતભાગની વૃદ્ધિવાળાં સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે, અને આ સંયમસ્થાનોનો સમુદાય એને શાસ્ત્રીય પરિભાષાથી કંડક કહેવામાં આવે છે.

અંગુલ :-

આકૃતિ :-



અંગુલનો=મનુષ્યની આંગળીનો અસંખ્યાતમો ભાગ નં. ૧થી બતાવેલ છે તેમાં રહેલા આકાશપ્રદેશોની સંખ્યા અસંખ્યાત છે.

(૧) પ્રથમ સંયમસ્થાનથી માંડીને નં. ૧માં બતાવેલ સંખ્યાપ્રમાણ સંયમસ્થાનોનો સમુદાય, તેને કંડક કહેવાય.

આ કંડકમાં રહેલા અસંખ્યાત સંયમસ્થાનોમાં પ્રથમ સંયમસ્થાનથી માંડીને દરેક સંયમસ્થાનમાં ચારિત્રના પર્યાયો અનંતભાગની વૃદ્ધિથી અધિક અધિક છે. **॥૧૩૭॥**

ગાથા :-

कंडगमित्ताणंतंसाहिअठाणंतराइँ ठाणाइं ।
कंडगमित्ताइं तओ, हुंति असंखंसवुड्ढाइं ।।१३८।।

અન્વયાર્થ :-

तओ=ત્યાર પછી=ગાથા-૧૩૭માં અનંતભાગવૃદ્ધિવાળો એક કંડક પ્રમાણ સંયમસ્થાનનો સમુદાય બતાવ્યો, ત્યારપછી, कंडगमित्ताणंतंसाहिअठाणंतराइँ=કંડકમાત્ર અનંત અંશ અધિક સંયમસ્થાન છે આંતરામાં જેને એવા, असंखंसवुड्ढाइं कंडगमित्ताइं ठाणाइं=અસંખ્યઅંશવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સ્થાનો= સંયમસ્થાનો, हुंति=થાય છે. ।।૧૩૮।।

ગાથાર્થ :-

ગાથા-૧૩૭માં અનંતભાગ વૃદ્ધિવાળો એક કંડકપ્રમાણ સંયમસ્થાનોનો સમુદાય બતાવ્યો, ત્યારપછી કંડકમાત્ર અનંત અંશ અધિક સંયમસ્થાન છે આંતરામાં જેને એવા અસંખ્ય અંશવૃદ્ધિવાળા કંડકપ્રમાણ સંયમસ્થાનો થાય છે. ।।૧૩૮।।


ટીકા :-

'कंडग' त्ति। ततः=तस्मात् कण्डकात्परतो, यदनन्तरं संयमस्थानं तत् प्राक्तनस्थानगतनिर्विभाग-भागापेक्षयाऽसङ्ख्येयतमेन भागेनाधिकम्, ततः पराणि यथोत्तरमनन्तभागवृद्धानि स्थानानि कण्डकमात्राणि भवन्ति, ततः पुनरेकमसङ्ख्येयभागाधिकं संयमस्थानम्, ततः पराण्यनन्तभागवृद्धानि कण्डकमात्राणि संयमस्थानानि, ततः पुनरेकमसङ्ख्येयभागाधिकम्, एवं क्रमेण कण्डकमात्राणि अनन्तांशाधिकानि-अनन्तभागवृद्धानि स्थानानि अन्तराणि-व्यवधायकानि येषां तानि तथा, कण्डकमात्राणि स्थानानि असङ्ख्यांशवृद्धानि=असङ्ख्येयभागाधिकानि, भवन्ति । ।१३८।।

ટીકાર્થ :-

ततः ..... भवन्ति ।। ત્યારપછી=કંડક સંખ્યાપ્રમાણ સંયમસ્થાન પછી, જે અનંતર સંયમસ્થાન છે, તે પૂર્વના સ્થાનગત નિર્વિભાગ ભાગની અપેક્ષાએ=પૂર્વના કંડકમાં રહેલ છેલ્લા સંયમસ્થાનગત નિર્વિભાગ ભાગની અપેક્ષાએ, અસંખ્યાતતમ એવા ભાગ વડે અધિક એક સંયમસ્થાન થાય છે. ત્યારપછી પૂર્વમાં કહ્યું તેવા અનંતભાગવૃદ્ધિવાળા સંયમસ્થાનો કંડકમાત્ર થાય છે. ત્યારપછી વળી એક સંયમસ્થાન અસંખ્યાતભાગ અધિક થાય છે. ત્યારપછી અનંતભાગવૃદ્ધિવાળાં એક કંડકમાત્ર સંયમસ્થાનો થાય છે. ત્યારપછી વળી અસંખ્યાતભાગ અધિક સંયમસ્થાન થાય છે. આવા પ્રકારના ક્રમથી કંડકમાત્ર=અનંતઅંશઅધિકવાળા અર્થાત્ અનંતભાગવૃદ્ધિવાળાં સ્થાનો આંતરામાં છે જેને તેવાં કંડકમાત્રસ્થાનો, અસંખ્યઅંશવૃદ્ધિવાળાં થાય છે. ॥૧૩૮॥

ભાવાર્થ :-



સૌથી જઘન્ય સંયમસ્થાનથી માંડીને કંડકપ્રમાણ સંયમસ્થાનોમાં અસંખ્યાતાં સંયમસ્થાનો છે, અને તે અસત્કલ્પનાથી ૫ છે તેમ વિચારીએ તો, ઉપર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે 'A'થી માંડીને 'E' સુધીનાં સંયમસ્થાનોમાં ક્રમસર અનંતભાગની વૃદ્ધિ થાય છે, અને 'E' સંયમસ્થાન પછી અસંખ્યાતભાગની વૃદ્ધિવાળું '૧' સંયમસ્થાન છે તે સંયમસ્થાનમાં 'E' સંયમસ્થાનમાં જેટલા ચારિત્રપર્યાયો છે, તેના અસંખ્યાતભાગ કરીએ તેનો એક અસંખ્યાતમો ભાગ 'E' સંયમસ્થાનમાં ઉમેરીએ અને જેટલા ચારિત્રપર્યાયો પ્રાપ્ત થાય તેટલા ચારિત્રપર્યાયો છે, અને '૧' સંયમસ્થાન પછી 'A' સંયમસ્થાન પ્રાપ્ત થાય છે, તેમાં '૧' સંયમસ્થાન કરતાં અનંતભાગની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી તે અનંતભાગની વૃદ્ધિ ઉત્તરોત્તરના સંયમસ્થાનોમાં કંડકપ્રમાણ સંયમસ્થાનો સુધી છે, જે '૧' અને '૨' સંયમસ્થાનના આંતરામાં બતાવેલ છે. આ ક્રમથી '૫' સંયમસ્થાન સુધી અસંખ્યાતભાગની વૃદ્ધિ થાય છે, અને આ અસંખ્યાતભાગની વૃદ્ધિવાળાં સંયમસ્થાનો કુલ એક કંડકપ્રમાણ છે. **॥૧૩૮॥**

ગાથા :-

चरमाउ तओ पढमं, अंतरिअमणंतभागवुड्ढेहिं ।
संखंसाहिअ ठाणं, कंडगमित्तेहिं ठाणेहिं ।।१३९।।

અન્વયાર્થ :-

चरमाउ तओ=ચરમ એવા તેના પછી=ચરમ અસંખ્યાતભાગ અધિક એવા સંયમસ્થાન પછી, अंतरिअमणंतभागवुड्ढेहिं कंडगमित्तेहिं ठाणेहिं=અંતરિત અનંતભાગવૃદ્ધિવાળા કંડકમાત્ર સ્થાનોથી, संखंसाहिअ=સંખ્યાતઅંશ અધિકવાળું, पढमं ठाणं=પ્રથમ સંયમસ્થાન થાય છે. ।।૧૩૯।।

ગાથાર્થ :-

ચરમઅસંખ્યાત ભાગ અધિક એવા સંયમસ્થાન પછી અંતરિત અનંતભાગવૃદ્ધિવાળા કંડકમાત્ર સ્થાનોથી સંખ્યાતઅંશ અધિકવાળું પ્રથમ સંયમસ્થાન થાય છે. ।।૧૩૯।।

ટીકા :-


'चरमाउ'त्ति। चरमात् ततः असङ्ख्येयभागाधिकात्संयमस्थानात्पराणि यथोत्तरमनन्तभाग-वृद्धानि स्थानानि कण्डकमात्राणि भवन्ति, तैरन्तरितं प्रथमं सङ्ख्यांशाधिकं=सङ्ख्येयभागवृद्धं, स्थानं भवति ।।१३९।।

ટીકાર્થ :-

चरमात् ..... स्थानं भवति ।। ચરમ એવા તેનાથી=ચરમ એવા અસંખ્યાતભાગ અધિક એવા સંયમસ્થાનથી, પર એવાં=પછીનાં એવાં યથોત્તર અનંતભાગવૃદ્ધિવાળાં કંડકમાત્ર સ્થાનો થાય છે. તે સ્થાનોથી અંતરિત=આંતરાવાળું, સંખ્યાત અંશ અધિક=સંખ્યાતભાગ વૃદ્ધિવાળું, પ્રથમ સંયમસ્થાન થાય છે. ।।૧૩૯।।

ભાવાર્થ :-

આકૃતિ :-



પૂર્વગાથામાં ચિત્ર દ્વારા બતાવેલાં સંયમસ્થાનોના પહેલા કૂટના છેલ્લા સંયમસ્થાનને ગ્રહણ કરીએ તો તે છેલ્લું સંયમસ્થાન અસંખ્યાતભાગવૃદ્ધિવાળું હતું. ત્યારપછી તે છેલ્લા સંયમસ્થાનથી અનંતભાગવૃદ્ધિવાળું પહેલું સંયમસ્થાન થાય છે, અને તે ક્રમથી અનંતભાગવૃદ્ધિવાળાં કંડકમાત્ર સંયમસ્થાનો થાય છે, જે ઉપર ચિત્રમાં પહેલા કૂટ પછી બતાવેલ છે, અને તે અનંતભાગવૃદ્ધિવાળું કંડકપ્રમાણ સંયમસ્થાનોનું જે છેલ્લું

સંયમસ્થાન છે, તેમાં જે ચારિત્રપર્યાયો છે, તેના સંખ્યાતભાગ કરીએ અને જે સંખ્યા આવે, તે સંખ્યાને છેલ્લા સંયમસ્થાનમાં ઉમેરીએ અને જે સંખ્યા પ્રાપ્ત થાય, તે સંખ્યાતભાગવૃદ્ધિવાળું પ્રથમ સંયમસ્થાન છે, જે ચિત્રમાં બીજા કૂટથી બહાર '①'થી બતાવેલ છે. ॥૧૩૯॥

ગાથા :-

बिइआइआणि ताणि वि, पुव्विंतरिआणि कंडगमिआणि ।
एवं संखासंखाणंतगुणेहि पि वुड्ढाइं ।।१४०।।

અન્વયાર્થ :-

बिइआइआणि ताणि वि=બીજા આદિ તે પણ=સંખ્યાતભાગ અધિકવાળાં સંયમસ્થાનો પણ, पुव्विंतरिआणि=પૂર્વથી અંતરિત=પૂર્વમાં વર્ણન કરાયેલાં સંયમસ્થાનોથી અંતરિત, कंडगमिआणि=કંડકમાત્ર થાય છે=કંડકમાત્ર સંખ્યાતભાગ અધિકવાળાં સંયમસ્થાનો થાય છે, एवं=એ રીતે, संखासंखाणंतगुणेहि पि वुड्ढाइं=સંખ્યાતગુણ અસંખ્યાતગુણ અને અનંતગુણથી પણ વૃદ્ધિવાળાં સંયમસ્થાનો કહેવાં. ॥૧૪૦॥

ગાથાર્થ :-

સંખ્યાતભાગ અધિકવાળાં સંયમસ્થાનો પણ પૂર્વમાં વર્ણન કરાયેલ સંયમસ્થાનોથી અંતરિત કંડકમાત્ર થાય છે. એ રીતે સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણથી પણ વૃદ્ધિવાળાં સંયમસ્થાનો કહેવાં. ॥૧૪૦॥

ટીકા :-

'बिइआइआणि'त्ति। ततः प्रथमसङ्ख्येयभागाधिकसंयमस्थानादनन्तरं मूलादारभ्य यावन्ति संयमस्थानानि प्रागतिक्रान्तानि तावन्त्युपतिष्ठन्ते, ततो द्वितीयं सङ्ख्येयभागाधिकंसंयमस्थानम्, अनेन क्रमेण द्वितीयादीन्यपि तानि=सङ्ख्येयभागाधिकानि संयमस्थानानि, पूर्वान्तरितानि=मूलादारभ्य यावन्ति प्राग् व्यतिक्रान्तानि स्थानानि तैरन्तरितानि-व्यवहितानि कण्डकमात्राणि भवन्ति ।


ટીકાર્થ :-

ततः ..... कण्डकमात्राणि भवन्ति । તે પ્રથમ સંખ્યાતભાગ અધિક સંયમસ્થાનથી=પૂર્વગાથામાં જે સંખ્યાતભાગ અધિકવાળું સંયમસ્થાન બતાવ્યું તે સંયમસ્થાનથી, પછી મૂળથી માંડીને જેટલાં સંયમસ્થાનો પૂર્વમાં અતિક્રાંત થયાં=ગાથા-૧૩૭માં બતાવેલા પ્રથમ સંયમસ્થાનથી માંડીને અનંતભાગની વૃદ્ધિવાળાં આદિ જે સંયમસ્થાનો અત્યાર સુધી બતાવ્યાં, તેટલાં સંયમસ્થાનો ઉપસ્થિત થાય છે. ત્યારપછી બીજું સંખ્યાતભાગ અધિકવાળું સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. આ ક્રમથી બીજા આદિ પણ તે=સંખ્યાતભાગ અધિકવાળાં સંયમસ્થાનો, પૂર્વથી અંતરિત=મૂળથી માંડીને પૂર્વમાં જેટલાં વ્યતિક્રાંત થયેલાં સંયમસ્થાનો

છે, તેનાથી અંતરિત અર્થાત્ વ્યવધાનવાળાં, કંડકમાત્ર થાય છે=કંડકમાત્ર સંખ્યાતભાગની વૃદ્ધિવાળાં સંયમસ્થાનો થાય છે.

ભાવાર્થ :-

આકૃતિ :-



① ② ③ ④ ⑤ સંખ્યાતભાગ વૃદ્ધિવાળાં સંયમસ્થાનો છે.

ગાથા-૧૩૮માં બતાવ્યા પ્રમાણે જે પહેલો કૂટ છે તેનાથી યુક્ત ગાથા-૧૩૯માં બતાવેલ બીજો કૂટ છે. ત્યારપછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે '①' પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધિવાળું સંયમસ્થાન છે. ત્યારપછી પૂર્વમાં બતાવેલ બીજો કૂટ પ્રાપ્ત થાય છે અર્થાત્ અનંતભાગની વૃદ્ધિથી અંતરિત અસંખ્યાતભાગવૃદ્ધિવાળાં કંડકમાત્ર સંયમસ્થાનોનો બીજો કૂટ પ્રાપ્ત થાય છે. ત્યારપછી સંખ્યાતભાગની વૃદ્ધિવાળું બીજું સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. આ ક્રમથી એક કંડકપ્રમાણ સંખ્યાતભાગની વૃદ્ધિવાળાં સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે, જે સંખ્યાતભાગવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સ્થાનોને અસત્કલ્પનાથી '૫' સંખ્યાપ્રમાણ ગણીને ચિત્રમાં સંખ્યાતભાગવૃદ્ધિવાળાં સંયમસ્થાનો કઈ રીતે વચ્ચે વચ્ચે સંયમસ્થાનના આંતરાથી કંડકપ્રમાણ થાય છે, તે બતાવેલ છે. આ રીતે સંખ્યાતભાગવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનોનું છેલ્લું સંયમસ્થાન પ્રાપ્ત થાય. ત્યારપછી ફરી ચિત્રમાં⑤ સંયમસ્થાન પછી બીજો કૂટ બતાવેલ છે, તે પ્રમાણે સંયમસ્થાનોનો કૂટ પ્રાપ્ત થાય છે.

ટીકા :-

एवं सङ्ख्यासङ्ख्यानन्तगुणैर्वृद्धान्यपि स्थानानि वक्तव्यानि, तथाहि–सङ्ख्येयभागाधिक-कण्डकसमाप्तौ उक्तक्रमेण भूयोऽपि सङ्ख्येयभागाधिकसंयमस्थानप्रसङ्गे सङ्ख्येयगुणाधिकमेकं संयमस्थानं वक्तव्यं, ततः पुनरपि मूलादारभ्य यावन्ति व्यतिक्रान्तानि तावन्ति भूयोऽपि तथैव वक्तव्यानि, ततः पुनरप्येकं सङ्ख्येयगुणाधिकं संयमस्थानम्, एवमेतान्यपि कण्डकमात्राणि भवन्ति, तत उक्तक्रमेण पुनरपि सङ्ख्येयगुणाधिकसंयमस्थानप्रसङ्गेऽसङ्ख्येयगुणाधिकं तद्वक्तव्यम्, ततः पुनरपि मूलादारभ्य यावन्ति प्रागतिक्रान्तानि तावन्ति तेनैव क्रमेण भूयोऽपि वक्तव्यानि, ततः पुनरप्येकमसङ्ख्येयगुणाधिकं संयमस्थानम्, एवमेतान्यपि कण्डकमात्राणि भवन्ति, ततः पूर्वपरिपाट्या पुनरप्यसङ्ख्येयगुणाधिक-संयमस्थानप्रसङ्गेऽनन्तगुणाधिकं संयमस्थानं वक्तव्यं, ततः पुनरपि मूलादारभ्य यावन्ति संयमस्थानानि

प्रागतिक्रान्तानि तावन्ति तथैव क्रमेण भूयोऽपि वक्तव्यानि, ततः पुनरप्येकमनन्तगुणाधिकं संयमस्थानं वक्तव्यं, ततो भूयोऽपि मूलादारभ्य तावन्ति संयमस्थानानि, ततः पुनरप्येकमनन्तगुणाधिकं संयमस्थानम्, एवमेतान्यपि कण्डकमात्राणि भवन्ति, ततो भूयोऽपि तेषामुपरि पञ्चवृद्ध्यात्मकानि संयमस्थानानि मूलादारभ्य तथैव वक्तव्यानि, यत्पुनरनन्तगुणवृद्धिस्थानं तन्न प्राप्यते, षट्स्थानकस्य परिसमाप्तत्वात् ।।१४०।।

ટીકાર્થ :-

एवं सङ्ख्यासङ्ख्यानन्त ..... परिसमाप्तत्वात् ।। આ રીતે=ગાથા-૧૩૭થી માંડીને ગાથા-૧૪૦ના પૂર્વાર્ધ સુધી સંખ્યેયભાગવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો બતાવ્યાં એ રીતે, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ વડે વૃદ્ધિવાળાં પણ સ્થાનો કહેવાં જોઈએ.

અને તે સ્થાનો 'तथाहि'થી બતાવે છે –


સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળા કંડક સમાપ્ત થયે છતે ઉક્તક્રમથી ફરી પણ સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે=સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે, સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનને બદલે, સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું એક સંયમસ્થાન કહેવું. ત્યારપછી ફરી પણ મૂળથી માંડીને=ગાથા-૧૩૭થી અત્યાર સુધી બતાવ્યું તે પ્રમાણે મૂળથી માંડીને, જેટલાં સંયમસ્થાનો વ્યતિક્રાંત થયાં તેટલાં ફરી પણ તે પ્રમાણે જ કહેવાં. ત્યારપછી ફરી પણ એક સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. એ રીતે=પૂર્વમાં સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો બતાવ્યાં એ રીતે, આ પણ=સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળાં સંયમસ્થાનો પણ, કંડકમાત્ર થાય છે. ત્યારપછી ઉક્ત ક્રમથી ફરી પણ સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે=સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે, સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનને બદલે, અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું તે કહેવું=સંયમસ્થાન કહેવું. ત્યારપછી ફરી પણ મૂળથી માંડીને જેટલાં સંયમસ્થાનો પૂર્વમાં પસાર થયાં તેટલાં તે જ ક્રમ વડે ફરી પણ કહેવાં. ત્યારપછી ફરી પણ એક અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. એ રીતે=જે રીતે સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળાં સંયમસ્થાનો કંડકપ્રમાણ કહ્યાં એ રીતે, આ પણ=અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળાં સંયમસ્થાનો પણ, કંડકમાત્ર થાય છે. ત્યારપછી પૂર્વની પરિપાટીથી=ગાથા-૧૩૭થી માંડીને અત્યાર સુધી જે પરિપાટીથી વર્ણન કર્યું એ પરિપાટીથી, ફરી પણ અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે= અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનનો પ્રસંગ હોતે છતે, અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનને બદલે, અનંતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. ત્યારપછી ફરી પણ મૂળથી આરંભીને જેટલાં સંયમસ્થાનો પૂર્વમાં અતિક્રાંત થયાં તેટલાં તે પ્રકારના

જ ક્રમથી=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારના જ ક્રમથી, ફરી પણ કહેવાં. ત્યારપછી ફરી પણ એક અનંતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. ત્યારપછી ફરી પણ મૂળથી માંડીને તેટલાં સંયમસ્થાનો કહેવાં=પૂર્વમાં વર્ણન કર્યું તેટલાં સંયમસ્થાનો કહેવાં, ત્યારપછી ફરી પણ એક અનંતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. એ રીતે=જે રીતે અસંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળાં સંયમસ્થાનો કંડકમાત્ર થાય એ રીતે, આ પણ=અનંતગુણ વૃદ્ધિવાળાં સંયમસ્થાનો પણ, કંડકમાત્ર થાય છે. ત્યારપછી ફરી પણ તેની ઉપર=અનંતભાગ વૃદ્ધિવાળા કંડકમાત્ર સંયમસ્થાનની ઉપર, પંચવૃદ્ધ્યાત્મક સંયમસ્થાનો મૂળથી માંડીને તે પ્રમાણે જ કહેવાં=ગાથા-૧૩૭થી અત્યાર સુધી વર્ણન કર્યું તે પ્રમાણે જ કહેવાં, જે ફરી અનંતગુણ વૃદ્ધિનું સ્થાન છે તે પ્રાપ્ત થતું નથી; કેમ કે ષટ્સ્થાનકનું પરિસમાપ્તપણું છે. ॥૧૪૦॥

ભાવાર્થ :-


પૂર્વમાં જેમ સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો બતાવ્યાં, એ રીતે સંખ્યાત-ગુણવૃદ્ધિવાળાં સંયમસ્થાનો કહેવાં, અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સંયમસ્થાનો કહેવાં અને અનંતગુણવૃદ્ધિવાળાં સંયમસ્થાનો કહેવાં.

તેમાં પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –



(① ② ③ ④ ⑤ સંખ્યાત ગુણવૃદ્ધિવાળાં કંડકપ્રમાણ સંયમસ્થાનો છે.)

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે સંખ્યાતભાગ અધિક સંયમપર્યાયવાળા કંડકની સમાપ્તિ થયા પછી ફરી બીજો કૂટ સ્થાપન કરવો, એમ પૂર્વના કૂટમાં બતાવેલ અને આ રીતે ત્રીજો કૂટ પૂરો થયા પછી સંખ્યાતભાગ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાનની વૃદ્ધિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, પરંતુ સંખ્યાતભાગવૃદ્ધિવાળું કંડક સમાપ્ત થયેલું હોવાથી સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળું એક સંયમસ્થાન કહેવું, જે ચિત્રમાં પ્રથમ ત્રીજો કૂટ બતાવ્યા પછી ① થી બતાવેલ છે. ①ની પૂર્વનો જે ત્રીજો કૂટ છે, તે પ્રથમ સંયમસ્થાનથી અત્યાર સુધીમાં થયેલાં સંયમસ્થાનોથી બનેલો છે, અને ચિત્રમાં ①થી બતાવાયેલા સંખ્યાતગુણ અધિક ચારિત્રપર્યાયવાળા સંયમસ્થાન પછી પૂર્વમાં વર્ણન કરેલ સંયમસ્થનોનો ત્રીજો કૂટ ફરી પ્રાપ્ત થાય છે. ત્યારપછી સંખ્યાતગુણવૃદ્ધિવાળું ② સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. આ રીતે ત્રીજા કૂટથી અંતરિત




(૧ ૨ ૩ ૪ ૫ અસંખ્યાતગુણા વૃદ્ધિવાળા કંડક પ્રમાણ સંયમસ્થાનો છે.)

સંખ્યાતગુણવૃદ્ધિવાળાં સંયમસ્થાનો એક કંડકપ્રમાણ થાય છે, જે ચિત્રમાં અસત્કલ્પનાથી ૫ સંખ્યાથી બતાવાયેલ છે, અને આ રીતે કંડકપ્રમાણ સંખ્યાતગુણવૃદ્ધિવાળું છેલ્લું સ્થાન પ્રાપ્ત થાય. ત્યારપછી ફરી સંયમસ્થાનોનો ત્રીજો કૂટ પ્રાપ્ત થાય છે.

ચોથા કૂટમાં રહેલ છેલ્લા ત્રીજા કૂટ પછી સંખ્યાતગુણ અધિક સંયમપર્યાયવાળા સંયમસ્થાનની પ્રાપ્તિનો પ્રસંગ હતો, તેના બદલે અસંખ્યાતગુણ અધિક સંયમપર્યાયવાળું સંયમસ્થાન કહેવું. જે બાજુના ચિત્રમાં પ્રથમ ચોથો કૂટ બતાવ્યા પછી ① થી બતાવેલ છે, અને ① ની પૂર્વનો જે ચોથો કૂટ છે, તે પ્રથમ સંયમસ્થાનથી અત્યાર સુધીમાં થયેલાં સંયમસ્થાનોથી બનેલો છે.

વળી આ અસંખ્યાતગુણવૃદ્ધિવાળું પ્રથમસ્થાન પ્રાપ્ત થયા પછી સંયમસ્થાનોનો ચોથો કૂટ ફરી પ્રાપ્ત થાય છે. ત્યારપછી અસંખ્યાત-ગુણવૃદ્ધિવાળું ② સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. આ રીતે અસંખ્યાત-ગુણવૃદ્ધિવાળાં દરેક સંયમસ્થાન ચોથા કૂટથી અંતરિત એક કંડકપ્રમાણ થાય છે, જેને બાજુના ચિત્રમાં અસત્કલ્પનાથી ૫ સંખ્યાથી બતાવેલ છે, અને અસંખ્યાતગુણવૃદ્ધિવાળા કંડકપ્રમાણ સંયમસ્થાનોમાંથી છેલ્લું સંયમસ્થાન પ્રાપ્ત થયા પછી ફરી સંયમસ્થાનોનો ચોથો કૂટ પ્રાપ્ત થાય છે.

વળી આ ચોથા કૂટ પછી અસંખ્યાતગુણવૃદ્ધિવાળા સંયમસ્થાનની પ્રાપ્તિનો પ્રસંગ હતો, તેના બદલે અનંતગુણવૃદ્ધિવાળું સંયમસ્થાન કહેવું, જે નીચેના પાના નં. ૧૪૭ના ચિત્રમાં ૧ૅ થી બતાવેલ છે, અને તેની પૂર્વે પાંચમો કૂટ છે જે પ્રથમ સંયમસ્થાનથી અત્યાર સુધીમાં થયેલાં સંયમસ્થાનોથી બનેલો છે.



વળી આ અનંતગુણવૃદ્ધિવાળું પ્રથમ સ્થાન પ્રાપ્ત થયા પછી સંયમસ્થાનોનો પાંચમો કૂટ ફરી પ્રાપ્ત થાય છે. ત્યારપછી અનંતગુણવૃદ્ધિવાળું **૨**ઁ સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. આ રીતે અનંતગુણવૃદ્ધિવાળા દરેક સંયમસ્થાન પાંચમા કૂટથી અંતરિત એક કંડકપ્રમાણ થાય છે. જેને ચિત્રમાં અસત્કલ્પનાથી ૫ સંખ્યાથી બતાવેલ છે, અને અનંતગુણવૃદ્ધિવાળા કંડકપ્રમાણ સંયમસ્થાનોમાંથી છેલ્લું સંયમસ્થાન પ્રાપ્ત થયા પછી ફરી સંયમસ્થાનોનો પાંચમો કૂટ પ્રાપ્ત થાય છે. ત્યારપછી અનંતગુણવૃદ્ધિવાળું સંયમસ્થાન પ્રાપ્ત થતું નથી; કેમ કે ષટ્સ્થાનક પરિસમાપ્ત થયેલું છે. **॥૧૪૦॥**

❖ આ પાંચમા કુટનાં છ સ્થાનો **૧**ઁ આદિ અનંતગુણવૃદ્ધિથી અંતરિત છે તે આખું જ એક ષટ્સ્થાન છે. આના પૂર્વના કુટો તો આ પાંચમા કુટની પ્રાપ્તિ માટે હતા, જેથી આ પાંચમા કુટનો બોધ થાય. એટલો વિશેષ.

અવતરણિકા :-

ગાથા-૧૩૭થી ગાથા-૧૪૦ સુધી કંડકોથી અંતરિત સંયમસ્થાનોનું ષટ્સ્થાનક કઈ રીતે બને છે તે બતાવ્યું. હવે તેવા અન્ય અન્ય ષટ્સ્થાનકો કેટલા થાય છે, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

छट्ठाणसमत्तीए, कमेण अण्णाइँ ताइँ उट्ठंति ।
हुंति समा छट्ठाणा, एवमसंखेहिँ लोगेहिं ।।१४१।।

અન્વયાર્થ :-

छट्ठाणसमत्तीए=ષટ્સ્થાનક સમાપ્ત થયે છતે, कमेण=ક્રમથી, अण्णाइँ ताइँ=અન્ય એવા તેઓ=અન્ય એવા ષટ્સ્થાનકો, उट्ठंति=ઉપસ્થિત થાય છે, एवम्=એ રીતે, असंखेहिँ लोगेहिं समा=અસંખ્યાત લોકની સમાન, छट्ठाणा=ષટ્સ્થાનકો, हुंति=થાય છે. ।।૧૪૧।।

ગાથાર્થ :-

ષટ્સ્થાનક સમાપ્ત થયે છતે ક્રમથી અન્ય એવા ષટ્સ્થાનકો ઉપસ્થિત થાય છે, એ રીતે અસંખ્યાત લોકની સમાન ષટ્સ્થાનકો થાય છે. ।।૧૪૧।।

ટીકા :-

'छट्ठाण'त्ति। षट्स्थानकस्यैकस्य परिसमाप्तौ क्रमेण अन्यान्यपि=द्वितीयादीनि षट्स्थानकान्युक्तक्रमेणैवोत्तिष्ठन्ति, कियन्त्येवं समग्राणि तानि भवन्ति ? इत्याह-एवं असंख्ययैलोकैः समानि=असङ्ख्यलोकाकाशप्रदेशप्रमाणानि षट्स्थानकानि भवन्ति, उक्तञ्च –

"छट्ठाणगअवसाणे, अन्नं छट्ठाणयं पुणो अन्नं ।

एवमसंखा लोगा, छट्ठाणाणं मुणेअव्वा" ।।१।। **इति ।।१४१।।**

ટીકાર્થ :-

षट्स्थानकस्यैकस्य ..... मुणेअव्वा" ।। इति ।। એક ષટ્સ્થાનકની પરિસમાપ્તિ થયે છતે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે એક ષટ્સ્થાનક પરિસમાપ્ત થયે છતે, ક્રમથી અન્ય પણ=દ્વિતીયાદિ પણ, ષટ્સ્થાનકો ઉક્તક્રમથી જ=ગાથા-૧૩૭થી ૧૪૦ સુધી બતાવ્યું એ ક્રમથી જ, ઉપસ્થિત થાય છે, આ રીતે સમગ્ર કેટલા તે=ષટ્સ્થાનકો થાય છે ? એથી કહે છે –

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અસંખ્ય લોકની સમાન=અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ, ષટ્સ્થાનકો થાય છે.

તેમાં 'उक्तं च'થી સાક્ષી આપે છે –

ષટ્સ્થાનકની સમાપ્તિમાં અન્ય ષટ્સ્થાનક થાય છે, પુનઃ અન્ય થાય છે. એ રીતે અસંખ્યલોક સમાન ષટ્સ્થાનકો જાણવાં. ।।૧।।

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૧૪૧।।

ભાવાર્થ :-

ગાથા-૧૩૭થી ૧૪૦ સુધી ચારિત્રપર્યાયોની વૃદ્ધિવાળું ષટ્સ્થાનક કઈ રીતે થાય છે તે બતાવ્યું, અને એ રીતે એક ષટ્સ્થાનક પરિસમાપ્ત થયા પછી સંયમશ્રેણીમાં અન્ય અન્ય ષટ્સ્થાનકો પણ પ્રાપ્ત થાય છે. આ રીતે આખી સંયમશ્રેણી કેટલા ષટ્સ્થાનકની બનેલી છે તે બતાવતાં કહે છે –

ચૌદરાજપ્રમાણ લોક છે. તેવા અસંખ્ય લોકને ગ્રહણ કરવા, અને તે દરેક લોકના આકાશપ્રદેશોની સંખ્યાની ગણના કરવી, અને જે સંખ્યા પ્રાપ્ત થાય, એટલી સંખ્યાપ્રમાણ ષટ્સ્થાનકોની પ્રાપ્તિ સંયમશ્રેણીમાં છે. **॥૧૪૧॥**

અવતરણિકા :-

ગાથા-૧૩૭થી ૧૪૦ સુધી ષટ્સ્થાનની વૃદ્ધિથી એક ષટ્સ્થાનક કઈ રીતે બને છે તે બતાવ્યું. તે ષટ્સ્થાનકમાં અનંતભાગવૃદ્ધિ અસંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતભાગવૃદ્ધિનાં ત્રણ સ્થાનો હતાં અને સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિનાં ત્રણ સ્થાનો હતાં. એ છ

સ્થાનોમાં અનંતભાગવૃદ્ધિ કે અનંતગુણવૃદ્ધિમાં અનંત સંખ્યા કઈ ગ્રહણ કરવી ? અને અસંખ્યાતભાગવૃદ્ધિ અને અસંખ્યાતગુણવૃદ્ધિમાં અસંખ્યાત સંખ્યા કઈ ગ્રહણ કરવી ? અને સંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતગુણવૃદ્ધિમાં સંખ્યાત સંખ્યા કઈ ગ્રહણ કરવી ? તે બતાવે છે –

ગાથા :-

सव्वजिएहिं अणंतं, भागं च गुणं असंखलोगेहिं ।
जाण असंखं संखं, संखिज्जेणं च जिट्ठेणं ।।१४२।।

અન્વયાર્થ :-

(ષડ્વૃદ્ધિરૂપ ષટ્સ્થાનમાં) भागं च गुणं=ભાગ અને ગુણ, अणंतं सव्वजिएहिं=અનંત સર્વ જીવોથી, असंखं असंखलोगेहिं=અસંખ્યાત અસંખ્યાત લોકાકાશપ્રદેશોથી, च=અને, संखं संखिज्जेणं जिट्ठेणं=સંખ્યાત ઉત્કૃષ્ટ સંખ્યા વડે, जाण=તું જાણ. ।।૧૪૨।।

ગાથાર્થ :-

ષડ્વૃદ્ધિરૂપ ષટ્સ્થાનમાં ભાગ અને ગુણ અનંત સર્વ જીવોથી, અસંખ્યાત અસંખ્યાત લોકાકાશપ્રદેશોથી અને સંખ્યાત જ્યેષ્ઠ સંખ્યાથી તું જાણ. ।।૧૪૨।।

ટીકા :-

'सव्वजिएहिं'ति। अत्र षड्वृद्धिरूपे षट्स्थाने भागं च गुणं च अनन्तं सर्वजीवैर्जानीहि, असङ्ख्यं च असङ्ख्यलोकैः=असङ्ख्यलोकाकाशप्रदेशैः, सङ्ख्यं=सङ्ख्येयं, च ज्येष्ठेन=उत्कृष्टेन सङ्ख्येयेन, तथाहि - यद्यत्संयमस्थानमनन्तभागवृद्धमुपलभ्यते तत्तत्पाश्चात्यस्य पाश्चात्यस्य संयमस्थानस्य निर्विभागानां भागानां सर्वजीवसङ्ख्याप्रमाणेन राशिना भागे हृते सति यद्यल्लभ्यते तावत्प्रमाणेनानन्त-भागेनाधिकमवगन्तव्यम्, यच्चासङ्ख्येयभागवृद्धं तत्पाश्चात्यस्य पाश्चात्यस्य संयमस्थानस्य सम्बन्धिनां निर्विभागभागानामसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणेन राशिना भागे हृते सति यल्लभ्यते तावत्प्रमाणेना-सङ्ख्येयभागेनाधिकम्, यच्च सङ्ख्येयभागवृद्धं तत्पाश्चात्यस्य पाश्चात्यस्य संयमस्थानस्योत्कृष्टेन सङ्ख्येयेन भागे हृते सति यल्लभ्यते तावत्प्रमाणेन सङ्ख्येयतमेन भागेनाधिकम्, यच्च सङ्ख्येयगुणवृद्धं तत्पाश्चात्यस्य पाश्चात्यस्य संयमस्थानस्य ये निर्विभागा भागा उत्कृष्टेन सङ्ख्येयकप्रमाणेन राशिना गुणिता यावन्तस्तावत्प्रमाणम्, एवमसङ्ख्येयगुणवृद्धौ पाश्चात्यस्य संयमस्थानस्य ये निर्विभागा भागास्तेऽसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणेनासङ्ख्येयेन गुण्यन्ते, अनन्तगुणवृद्धौ च सर्वजीवप्रमाणेना-न्तेनेति ।।१४२।।

ટીકાર્થ :-

अत्र षड्वृद्धिरूपे ..... सर्वजीवप्रमाणेनानन्तेनेति ।। આ ષડ્વૃદ્ધિરૂપ ષટ્સ્થાનમાં=પૂર્વમાં વર્ણન કર્યું એ ષડ્વૃદ્ધિરૂપ ષટ્સ્થાનમાં, ભાગ અને ગુણ અનંત સર્વ જીવોથી=અનંત સર્વ જીવોની સંખ્યાથી, અને અસંખ્યાત અસંખ્યાત લોક વડે=અસંખ્યાત લોકાકાશના પ્રદેશોની સંખ્યાથી, અને સંખ્યાત ઉત્કૃષ્ટ સંખ્યા વડે તું જાણ.

ગાથામાં અનંત, અસંખ્યાત અને સંખ્યાત ત્રણેના ભાગ અને ગુણની સંખ્યા બતાવી અને તેનું સ્પષ્ટીકરણ ટીકામાં કર્યું. હવે તેની અધિક સ્પષ્ટતા 'तथाहि'થી કરે છે –

(૧) જે જે સંયમસ્થાન અનંતભાગવૃદ્ધિવાળું ઉપલબ્ધ થાય છે=પૂર્વમાં વર્ણન કરાયેલા અસંખ્યાતા ષટ્સ્થાનકોમાં જે જે સંયમસ્થાન અનંતભાગવૃદ્ધિવાળું ઉપલબ્ધ થાય છે, તે તે પાશ્ચાત્ય પાશ્ચાત્ય સંયમસ્થાનના=પૂર્વ પૂર્વના સંયમસ્થાનના, નિર્વિભાગ ભાગોને સર્વજીવની સંખ્યાપ્રમાણ રાશિથી ભાગ કરાયે છતે જે જે પ્રાપ્ત થાય છે=જે જે સંખ્યા પ્રાપ્ત થાય છે, તેટલા પ્રમાણ અનંતભાગ વડે અધિક જાણવું=પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તરનું સંયમસ્થાન તેટલા પ્રમાણ અનંતભાગ સંખ્યાથી અધિક જાણવું.

(૨) અને જે અસંખ્યાતભાગવૃદ્ધિવાળું સંયમસ્થાન છે, તે પાશ્ચાત્ય પાશ્ચાત્ય સંયમસ્થાનના=પૂર્વ પૂર્વના સંયમસ્થાનના, સંબંધી એવા નિર્વિભાગ ભાગોના અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ રાશિથી ભાગ કરાયે છતે જે પ્રાપ્ત થાય છે=જે સંખ્યા પ્રાપ્ત થાય છે, તેટલા પ્રમાણ અસંખ્યાતભાગથી અધિક છે=પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તરનું સંયમસ્થાન તેટલા પ્રમાણ અસંખ્યાતભાગ સંખ્યાથી અધિક છે.

(૩) અને જે સંખ્યાતભાગવૃદ્ધિવાળું સંયમસ્થાન છે, તે પાશ્ચાત્ય પાશ્ચાત્ય સંયમસ્થાનના=પૂર્વ પૂર્વના સંયમસ્થાનના, ઉત્કૃષ્ટ એવી સંખ્યાતની સંખ્યાથી ભાગ કરાયે છતે જે પ્રાપ્ત થાય છે=જે સંખ્યા પ્રાપ્ત થાય છે, તેટલા પ્રમાણ સંખ્યાતભાગથી અધિક છે=પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તરનું સંયમસ્થાન તેટલા પ્રમાણ સંખ્યાતભાગથી અધિક છે.

(૪) અને જે સંખ્યાતગુણવૃદ્ધિવાળું સંયમસ્થાન છે તે પાશ્ચાત્ય પાશ્ચાત્ય સંયમસ્થાનના=પૂર્વ પૂર્વના સંયમસ્થાનના, જે નિર્વિભાગ ભાગો ઉત્કૃષ્ટ એવી સંખ્યાતની સંખ્યાપ્રમાણ રાશિથી ગુણિત કરાયેલા જેટલા પ્રાપ્ત થાય છે, તેટલા પ્રમાણ છે=તેટલા પ્રમાણ ઉત્તરનું સંયમસ્થાન છે.

(૫) એ રીતે=જે રીતે સંખ્યાતગુણવૃદ્ધિ બતાવી એ રીતે, અસંખ્યાતગુણવૃદ્ધિમાં પાશ્ચાત્ય સંયમસ્થાનના=પૂર્વના સંયમસ્થાનના જે નિર્વિભાગ ભાગો છે તે અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ અસંખ્યાતથી ગુણાય છે.

(૬) અને અનંતગુણવૃદ્ધિમાં સર્વજીવપ્રમાણ એવી અનંતસંખ્યાથી ગુણાય છે.

'इति' શબ્દ 'तथाहि'થી શરૂ કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ।।૧૪૨।।

ભાવાર્થ :-

ગાથા-૧૩૭થી ૧૪૧ સુધી એક ષટ્સ્થાનકમાં છ સ્થાનોની વૃદ્ધિ કઈ રીતે થાય છે તે બતાવ્યું, અને આ છ સ્થાનોની વૃદ્ધિવાળું એક ષટ્સ્થાનક થયું, તેમ અસંખ્યાતા ષટ્સ્થાનકના સમુદાયરૂપ સંયમશ્રેણી છે તેમ બતાવ્યું, અને તે અસંખ્યાતા ષટ્સ્થાનકોમાં જે અનંતભાગવૃદ્ધિ, અસંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતભાગવૃદ્ધિ છે અને સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિ છે, તે સર્વમાં અનંત સંખ્યા કઈ ગ્રહણ કરવી, અસંખ્યાત સંખ્યા કઈ ગ્રહણ કરવી અને સંખ્યાત સંખ્યા કઈ ગ્રહણ કરવી, તે પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે. તે આ પ્રમાણે –

જ્યાં જ્યાં અનંતભાગ કે અનંતગુણ આવે ત્યાં ત્યાં સર્વજીવોની સંખ્યાપ્રમાણ અનંત સંખ્યા ગ્રહણ કરવી.

જ્યાં જ્યાં અસંખ્યાતભાગ કે અસંખ્યાતગુણ આવે ત્યાં ત્યાં અસંખ્યાત લોકાકાશના પ્રદેશપ્રમાણ અસંખ્યાત સંખ્યા ગ્રહણ કરવી.

જ્યાં જ્યાં સંખ્યાતભાગ કે સંખ્યાતગુણ આવે ત્યાં ત્યાં જઘન્ય અસંખ્યાતમાં એક ન્યૂન એવી ઉત્કૃષ્ટ સંખ્યા ગ્રહણ કરવી. **॥૧૪૨॥**

અવતરણિકા :-

ગાથા-૧૩૭થી ૧૪૨ સુધી અસંખ્યાત ષટ્સ્થાનકોના સમુદાયરૂપ સંયમશ્રેણીનું સ્વરૂપ બતાવ્યું. તે સંયમશ્રેણીને જીવો કઈ રીતે સ્પર્શે છે, તેનું સ્વરૂપ કલ્પભાષ્યની બે ગાથાઓથી બતાવે છે –

ગાથા :-

एयं चरित्तसेढिं, पडिवज्जइ हिट्ठ कोइ उवरिं वा ।
जो हिट्ठा पडिवज्जइ, सिज्झइ णियमा जहा भरहो ।।१४३।।

અન્વયાર્થ :-

एयं चरित्तसेढिं=આ ચારિત્રશ્રેણીને, कोइ=કોઈક, हिट्ठ=અધસ્તન સ્થાનોમાં, वा=અથવા, उवरिं=ઉપરિતન સ્થાનોમાં, पडिवज्जइ=સ્વીકારે છે, जो=જે, हिट्ठा=અધસ્તન સ્થાનોમાં, पडिवज्जइ=સ્વીકારે છે, णियमा=નિયમથી, सिज्झइ=તે સિદ્ધ થાય છે, जहा भरहो=જે પ્રમાણે ભરત મહારાજા. ॥૧૪૩॥

ગાથાર્થ :-

આ ચારિત્રશ્રેણીને કોઈક અધસ્તન સ્થાનોમાં અથવા ઉપરિતન સ્થાનોમાં સ્વીકારે છે. જે અધસ્તન સ્થાનોમાં સ્વીકારે છે, તે નિયમથી સિદ્ધ થાય છે. જે પ્રમાણે ભરત મહારાજા. ॥૧૪૩॥

ટીકા :-

'एयं' ति। एतां चारित्रश्रेणिं कश्चिज्जीवोऽधस्ताज्जघन्यसंयमस्थानेषु प्रतिपद्यते, कश्चित्पुनः उपरि

उपरितनेषु पर्यन्तवर्त्तिषु, उपलक्षणत्वान्मध्यमेषु वा संयमस्थानेषु प्रतिपद्यते, तत्र योऽधस्तनेषु संयमस्थानेषु चारित्रश्रेणिं प्रतिपद्यते स नियमात्तेनैव भवग्रहणेन सिध्यति, यथा भरतश्चक्रवर्त्ती ।।१४३।।

ટીકાર્થ :-

एतां चारित्रश्रेणिं ..... भरतश्चक्रवर्त्ती ।। આ ચારિત્રશ્રેણીને=પૂર્વમાં વર્ણન કર્યું એ ચારિત્રશ્રેણીને, કોઈક જીવ નીચેથી જઘન્ય સ્થાનોમાં સ્વીકારે છે, કોઈક વળી ઉપરના=પર્યન્તવર્તી સંયમસ્થાનોમાં સ્વીકારે છે. ઉપલક્ષણપણું હોવાથી=મૂળગાથામાં નીચેના અને ઉપરના સંયમસ્થાનનું ગ્રહણ કર્યું તેનું ઉપલક્ષણપણું હોવાથી, મધ્યમ સંયમસ્થાનોમાં કોઈક સંયમશ્રેણી સ્વીકારે છે, તેમાં=જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સંયમસ્થાનોથી શ્રેણી સ્વીકારનારા જીવોમાં, જે નીચેનાં સંયમસ્થાનોમાં ચારિત્રશ્રેણીને સ્વીકારે છે તે નિયમથી તે જ ભવગ્રહણથી=વર્તમાનમાં જે ભવ છે તે ભવથી જ, સિદ્ધ થાય છે. જે પ્રમાણે ભરતચક્રવર્તી=જે પ્રમાણે ભરતચક્રવર્તી અધસ્તન સંયમસ્થાનથી શ્રેણીને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પામ્યા. ।।૧૪૩।।

ગાથા :-

मज्झे वा उवरिं वा, णियमा गमणं तु हिट्ठिमं ठाणं ।
अंतोमुहुत्तवुड्ढी, हाणी वि तहेव नायव्वा ।।१४४।।

અન્વયાર્થ :-

मज्झे वा उवरिं वा=મધ્યમ સંયમસ્થાનોમાં કે ઉપરનાં સંયમસ્થાનોમાં (જે ચારિત્રશ્રેણીને સ્વીકારે છે તેને), णियमा=નિયમથી, हिट्ठिमं ठाणं=નીચેના સ્થાનમાં, गमणं=ગમન છે.

સંયમશ્રેણીને સ્વીકાર્યા પછી સંયમશ્રેણીની વૃદ્ધિ કે હાનિ સતત કેટલા વખત સુધી થાય છે ? તે ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે –

अंतोमुहुत्तवुड्ढी=અંતર્મુહૂર્ત વૃદ્ધિ, तहेव=તે પ્રમાણે જ=અંતર્મુહૂર્ત વૃદ્ધિ છે તે પ્રમાણે જ અંતર્મુહૂર્ત, हाणी वि=હાનિ પણ, नायव्वा=જાણવી. ।।૧૪૪।।

ગાથાર્થ :-

મધ્યમ સંયમસ્થાનોમાં કે ઉપરનાં સંયમસ્થાનોમાં જે ચારિત્રશ્રેણીને સ્વીકારે છે, તેને નિયમથી નીચેના સ્થાનમાં ગમન છે. અંતર્મુહૂર્ત વૃદ્ધિ છે, તે પ્રમાણે જ અંતર્મુહૂર્ત હાનિ પણ જાણવી. ।।૧૪૪।।

ટીકા :-

'मज्झे व' त्ति। यः पुनः मध्ये वा मध्यमेषु वा उपरितनेषु वा संयमस्थानेषु चारित्रश्रेणिं प्रतिपद्यते तस्य नियमादधस्तनं संयमस्थानं यावद् गमनं भवति, ततोऽसौ तेनान्येन वा भवग्रहणेन सर्वाणि

संयमस्थानानि स्पृष्ट्वा सिध्यति । न च स्तोककाले सर्वस्थानानां षट्स्थानपतितानां बहुत्वेन स्पर्शानुपपत्तिरिति शङ्कनीयम्, प्रतिसमयमसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणानां षट्स्थानपतितानां संयमाध्यवसायस्थानानां स्पर्शाभ्युपगमेनानुपपत्त्यभावात् । या पुनरधस्तनसंयमस्थानेभ्य उपरितनसंयम-स्थानारोहणलक्षणा वृद्धिः साऽन्तर्मुहूर्त्तमात्रा भवति, या चोपरितनसंयमस्थानेभ्योऽधस्तनसंयमस्थानेष्व-वरोहणरूपा हानिः सापि तथैव=अन्तर्मुहूर्त्तमात्रैव ज्ञातव्या, द्वे अप्येते कल्पभाष्यगाथे ।।१४४।।

ટીકાર્થ :-

यः पुनः ..... कल्पभाष्यगाथे ।। જે વળી=જે જીવ વળી, મધ્યમ અથવા ઉપરિતન સંયમસ્થાનોમાં ચારિત્રશ્રેણીને સ્વીકારે છે, તેને=તે જીવને, નિયમથી અધસ્તન સંયમસ્થાન સુધી ગમન છે. તેથી આ=મધ્યમ કે ઉપરિતન સંયમસ્થાનથી ચારિત્રશ્રેણીને સ્વીકારનાર જીવ, તે ભવગ્રહણથી અથવા અન્ય ભવગ્રહણથી સર્વ સંયમસ્થાનોને સ્પર્શીને સિદ્ધ થાય છે.

પૂર્વમાં સંયમશ્રેણીના એક ષટ્સ્થાનકમાં ઘણાં સંયમસ્થાનો બતાવ્યાં અને અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ ષટ્સ્થાનોની સંયમશ્રેણી છે તેમ બતાવ્યું. તેથી કોઈ જીવ જઘન્ય સંયમસ્થાનને સ્વીકારે અને ભરત મહારાજાની જેમ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ત્યાં કોઈકની શંકાનું ઉદ્ભાવન કરીને સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અને ષટ્સ્થાનપતિત એવા સર્વ સ્થાનોનું બહુપણું હોવાને કારણે થોડા કાળમાં સ્પર્શની અનુપપત્તિ છે એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે પ્રતિસમય અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ ષટ્સ્થાનમાં રહેલા સંયમના અધ્યવસાયસ્થાનોના સ્પર્શનો સ્વીકાર હોવાને કારણે અનુપપત્તિનો અભાવ છે=અંતર્મુહૂર્ત જેટલા નાના કાળમાં આખી સંયમશ્રેણીના સ્પર્શના સ્વીકારની અનુપપત્તિનો અભાવ છે.

સંયમશ્રેણીને સ્પર્શનારા જીવો કોઈક નીચેનાં સ્થાનોથી સ્પર્શનારા હોય છે તો કોઈક ઉપરનાં સ્થાનોથી સ્પર્શનારા હોય છે તો કોઈક મધ્યમ સ્થાનોથી સ્પર્શનારા હોય છે, એમ ગાથા-૧૪૩ અને ગાથા-૧૪૪ના પૂર્વાર્ધથી બતાવ્યું. હવે કોઈ જીવ સંયમશ્રેણીને સ્વીકારે અને સંયમની વિશુદ્ધિનો યત્ન અપ્રમાદભાવથી કરતો હોય તોપણ તેની સંયમશ્રેણીની વૃદ્ધિ કેટલા વખત સુધી સતત થાય છે ? અને કોઈ જીવ પ્રમાદથી સંયમશ્રેણીમાં રહીને સંયમશ્રેણીની હાનિને પામતો હોય તો કેટલા વખત સુધી સતત સંયમશ્રેણીની હાનિ પામે ? તે સ્પષ્ટ કરે છે –

જે વળી નીચેનાં સંયમસ્થાનોથી ઉપરના સંયમસ્થાનના આરોહણરૂપ વૃદ્ધિ છે, તે અંતર્મુહૂર્તમાત્ર થાય છે, અને જે ઉપરનાં સંયમસ્થાનોથી નીચેનાં સંયમસ્થાનોમાં અવરોહણરૂપ હાનિ છે, તે પણ તે પ્રમાણે જ=જે પ્રમાણે વૃદ્ધિમાં અંતર્મુહૂર્તમાત્ર જ વૃદ્ધિ છે તે પ્રમાણે જ, અંતર્મુહૂર્તમાત્ર જ હાનિ જાણવી. બંને પણ આ=ગાથા-૧૪૩-૧૪૪ બંને પણ, કલ્પભાષ્યની ગાથા છે. ।।૧૪૪।।

ભાવાર્થ :-

પૂર્વમાં સર્વવિરતિની સંયમશ્રેણીનું વર્ણન કર્યું. આ ચારિત્રની શ્રેણી કોઈક જીવ નીચેનાં સંયમસ્થાનોમાં સ્વીકારે છે, અને જે જીવ નીચેનાં સંયમસ્થાનોમાં ચારિત્રશ્રેણી સ્વીકારે છે, તે ક્રમસર સર્વ સંયમસ્થાનોને સ્પર્શીને તે જ ભવમાં સિદ્ધ થાય છે. જેમ ભરત મહારાજા આરિસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા ત્યારે નીચેના સંયમસ્થાનમાં શ્રેણી પ્રાપ્ત કરીને અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ ચારિત્રશ્રેણીને સ્પર્શે છે અને કેવળજ્ઞાન પામે છે અને તે જ ભવમાં સિદ્ધ થાય છે.

વળી કેટલાક જીવો મધ્યમ સંયમસ્થાનમાં ચારિત્રશ્રેણીને સ્વીકારે છે, તો કેટલાક જીવો ઉપરના સંયમસ્થાનમાં ચારિત્રશ્રેણીને સ્વીકારે છે. આ બંને પ્રકારના સંયમશ્રેણીને સ્વીકારનાર જીવોનું નિયમથી જઘન્ય સંયમસ્થાન સુધી ગમન થાય છે. વળી આ બંને પ્રકારના જીવો તે જ ભવમાં જઘન્ય સંયમસ્થાન સુધી જઈને સંપૂર્ણ સંયમશ્રેણીને સ્પર્શ કરે તો તે ભવમાં મોક્ષમાં જાય છે, અને તે ભવમાં જઘન્ય સંયમસ્થાનમાં જઈને સંપૂર્ણ સંયમશ્રેણીને સ્પર્શ ન કરે તો અન્ય કોઈક ભવમાં સંપૂર્ણ સંયમશ્રેણીને સ્પર્શીને સિદ્ધ થાય છે.

આનાથી એ ફલિત થાય કે જઘન્ય સંયમસ્થાનથી માંડીને સંપૂર્ણ સંયમશ્રેણીનો સ્પર્શ થાય તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, પરંતુ કોઈ મધ્યમ સંયમસ્થાનથી કે ઉત્કૃષ્ટ સંયમસ્થાનથી સંયમશ્રેણીને સ્વીકારીને જઘન્ય સંયમસ્થાનને સ્પર્શ કર્યા વગર કેવળજ્ઞાન પામતા નથી.

સંયમસ્થાનો ઘણી મોટી સંખ્યામાં છે, તેમ પૂર્વમાં બતાવ્યું, અને અહીં કહ્યું કે જઘન્ય સંયમસ્થાનથી માંડીને સર્વ સંયમસ્થાનોને જે સ્પર્શ કરે તેને કેવળજ્ઞાન થાય છે અને તેમાં ભરત મહારાજાનું દૃષ્ટાંત બતાવ્યું. તેથી પ્રશ્ન થાય કે ભરત મહારાજાએ અંતર્મુહૂર્ત જેવા અલ્પકાળમાં જઘન્ય સંયમશ્રેણીથી માંડીને સર્વ સંયમસ્થાનોને કેવી રીતે સ્પર્શ કર્યો ? અર્થાત્ આટલાં બધાં સંયમસ્થાનો અંતર્મુહૂર્તમાં સ્પર્શ થઈ શકે નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે એક અંતર્મુહૂર્તમાં અસંખ્યાત સમયો છે, અને તે અસંખ્યાત સમયોમાંથી પ્રત્યેક સમયમાં ષટ્સ્થાનકમાં રહેલાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ સંયમનાં અધ્યવસાયસ્થાનોનો સ્પર્શ શાસ્ત્રકારોએ સ્વીકારેલો છે. તેથી અંતર્મુહૂર્તકાળમાં સંપૂર્ણ સંયમશ્રેણીના સ્પર્શની અનુપપત્તિનો અભાવ છે.

આનાથી એ ફલિત થાય કે સંયમશ્રેણીના દરેક સંયમસ્થાનમાંથી એક સમયમાં જીવ એક સંયમસ્થાનને સ્પર્શ કરતો નથી, પરંતુ ઘણી મોટી સંખ્યાપ્રમાણ અસંખ્યાત સંયમસ્થાનોને એક સમયમાં સ્પર્શે છે.

વળી સંયમશ્રેણી સ્વીકાર્યા પછી કોઈક જીવ સતત સંયમશ્રેણીની વૃદ્ધિ કરે તો તે વૃદ્ધિ અંતર્મુહૂર્ત સુધી થઈ શકે, ત્યારપછી સંયમશ્રેણીની વૃદ્ધિ અવશ્ય અટકે છે; કેમ કે છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્ત પ્રમાણ છે, અને ઉપયોગમાંથી ઉપયોગાન્તરમાં જતી વખતે દર્શનનો ઉપયોગ પ્રથમ આવે છે, અને દર્શનના ઉપયોગમાં સંયમની વૃદ્ધિ સંભવે નહિ, તેથી અંતર્મુહૂર્ત પછી સંયમની વૃદ્ધિ અટકે છે. ફરી ઉપયોગ અતિશય થાય તો ફરી અંતર્મુહૂર્ત સંયમની વૃદ્ધિ થઈ શકે. તે રીતે શ્રેણીથી પાત થયા વગર ઉપરનાં સંયમસ્થાનોથી નીચેનાં સંયમસ્થાનોમાં કોઈ જીવ આવતો હોય તો અંતર્મુહૂર્ત સુધી સતત હાનિ રહી શકે છે. પછી ઉપયોગાન્તર

થવાને કારણે હાનિ થતી નથી, પરંતુ અવસ્થિત પરિણામ પ્રાપ્ત થાય છે, અને ફરી પાતને અભિમુખ થાય તો ફરી હાનિનો પરિણામ પણ પ્રાપ્ત થાય. **॥૧૪૩-૧૪૪॥**

અવતરણિકા :-

પૂર્વમાં સંયમશ્રેણીનું વર્ણન કર્યું તેમાં ષટ્સ્થાનકની વૃદ્ધિ કઈ રીતે થાય છે તે બતાવ્યું, અને અસંખ્યાત ષટ્સ્થાનકવૃદ્ધિના સમુદાયરૂપ સંયમશ્રેણી છે તેમ બતાવ્યું. હવે એક ષટ્સ્થાનકમાં અનંતભાગવૃદ્ધિ આદિનાં જે છ સ્થાનો છે, તેમાં કયું સ્થાનક અલ્પ સંખ્યામાં છે અને કયું સ્થાનક અધિક સંખ્યામાં છે, તેનો બોધ કરાવવા માટે અલ્પબહુત્વ બતાવે છે –

ગાથા :-

થોવાઽસંખગુણાઇં, પડિલોમકમેણ હુંતિ ઠાણાઇં ।
એસા સંખેવેણં, સંજમસેઢીપરૂવણયા ।।૧૪૫।।

અન્વયાર્થ :-

થોવા=થોડા છે=એક ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો થોડાં છે (અને), પડિલોમકમેણ અસંખગુણાઇં ઠાણાઇં હુંતિ=અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો પછી અસંખ્યાતગુણ આદિ પાંચે વૃદ્ધિનાં સ્થાનો પ્રતિલોમ ક્રમથી પૂર્વપૂર્વના કરતાં ઉત્તર ઉત્તરના અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ છે. સંખેવેણં= સંક્ષેપથી, એસા સંજમસેઢીપરૂવણા કયા=આ સંયમશ્રેણીની પ્રરૂપણા કરાઈ. ।।૧૪૫।।

ગાથાર્થ :-

એક ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો થોડાં છે અને અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો પછી અસંખ્યાતગુણ આદિ પાંચે વૃદ્ધિનાં સ્થાનો પ્રતિલોમ ક્રમથી પૂર્વપૂર્વના કરતાં ઉત્તર ઉત્તરના અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ છે. સંક્ષેપથી આ સંયમશ્રેણીની પ્રરૂપણા કરાઈ. ।।૧૪૫।।

❖ અહીં 'સંજમસેઢીપરૂવણયા' પાઠ છે તેના સ્થાને ટીકા અનુસાર 'સંજમસેઢીપરૂવણા કયા' પાઠ હોવો જોઈએ, તેમ ભાસે છે.

ટીકા :-

'થોવ'ત્તિ। स्तोकान्यसङ्ख्यातगुणानि च प्रतिलोमक्रमेण=पश्चानुपूर्व्या, स्थानानि=संयमस्थानानि भवन्ति । तथाहि – सर्वस्तोकान्यनन्तगुणवृद्धानि स्थानानि कण्डकमात्रत्वात्तेषाम्, तेभ्योऽसङ्ख्येयगुण-वृद्धानि स्थानान्यसङ्ख्येयगुणानि, गुणकारश्चेह कण्डकप्रमाणो ज्ञातव्यः, एकैकस्यानन्तगुणवृद्धस्य स्थानस्याधस्तात्प्रत्येकमसङ्ख्येयगुणवृद्धानि स्थानानि कण्डकमात्राणि प्राप्यन्त इति कृत्वा, अनन्तगुण-वृद्धस्थानकण्डकस्य चोपरि कण्डकमात्राण्यसङ्ख्येयगुणवृद्धानि प्राप्यन्ते न त्वनन्तगुणवृद्धं स्थानम्, तेनोपरिष्टादेकस्य कण्डकस्याधिकस्य प्रक्षेपः, तेभ्योऽप्यसङ्ख्येयगुणवृद्धेभ्यः स्थानेभ्यः सङ्ख्येयगुण-

वृद्धानि स्थानान्यसङ्ख्येयगुणानि, तेभ्योऽपि सङ्ख्येयभागाधिकानि स्थानान्यसङ्ख्येयगुणानि, तेभ्योऽप्यसङ्ख्येयभागाधिकानि स्थानान्यसङ्ख्येयगुणानि, तेभ्योऽप्यनन्तभागवृद्धानि स्थानान्य-सङ्ख्येयगुणानि, गुणकारश्च सर्वत्रापि कण्डकप्रमाणो ज्ञातव्यः, कण्डकानामुपरि चैककण्डकप्रक्षेपः, एषा सङ्क्षेपेण संयमश्रेणीप्ररूपणा कृता ।।१४५।।

ટીકાર્થ :-

स्तोकान्य ..... संयमश्रेणीप्ररूपणा कृता ।। स्तोकानि=થોડા છે=અનંતગુણવૃદ્ધિવાળા સ્થાનો થોડાં છે, અને પ્રતિલોમક્રમથી=પશ્ચાનુપૂર્વીથી, અસંખ્યાતગુણ સંયમસ્થાનો છે=પૂર્વપૂર્વના કરતાં ઉત્તર ઉત્તરનાં સંયમસ્થાનો અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ છે.

ગાથાના પૂર્વાર્ધથી એક કંડકમાં પશ્ચાનુપૂર્વીથી છએ સ્થાનોનું અલ્પબહુત્વ સંક્ષેપથી બતાવ્યું. તેને હવે સ્પષ્ટ કરવા માટે 'तथाहि'થી બતાવે છે –

સર્વથી થોડાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો છે=એક ષટ્સ્થાનકમાં સર્વથી થોડાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો છે; કેમ કે તેઓનું કંડકમાત્રપણું છે=એક ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો એક કંડકમાત્ર છે.

તેનાથી=અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનોથી, અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને અહીં=અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનોમાં, ગુણાકાર કંડક પ્રમાણ જાણવો.

અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો ગુણાકારથી કંડકપ્રમાણ છે, તેમાં યુક્તિ બતાવે છે –

એક એક અનંતગુણવૃદ્ધિવાળા સ્થાનની પછી પ્રત્યેક અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કંડકમાત્ર પ્રાપ્ત થાય છે, એથી કરીને ગુણાકાર કંડકપ્રમાણ છે, એમ અન્વય છે.

અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કંડકપ્રમાણ ગુણાકારથી અસંખ્યાતગુણ બતાવ્યાં. તે ઉપરાંત અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો એક કંડકની વૃદ્ધિવાળાં છે, તે કેમ પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

અનંતગુણવૃદ્ધિવાળા સ્થાનના કંડકની ઉપર કંડકમાત્ર અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે, પરંતુ અનંતગુણવૃદ્ધિવાળું સંયમસ્થાન પ્રાપ્ત થતું નથી. તે કારણથી ઉપર એક કંડક અધિકનો પ્રક્ષેપ કરવો=અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં કંડકપ્રમાણ અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણ કહ્યા પછી ઉપર અસંખ્યાતગુણવૃદ્ધિવાળા એક કંડકનો પ્રક્ષેપ કરવો.

તે પણ અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનોથી સંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે.

તેનાથી પણ=સંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનોથી પણ, સંખ્યાતભાગ અધિક સ્થાનો અસંખ્યાતગુણાં છે. તેનાથી પણ=સંખ્યાતભાગ અધિક સ્થાનોથી પણ, અસંખ્યાતભાગ અધિક સ્થાનો અસંખ્યાતગુણાં છે. તેનાથી પણ=અસંખ્યાતભાગ અધિક સ્થાનોથી પણ, અનંતભાગવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને ગુણાકાર સર્વત્ર પણ=સંખ્યાતગુણવૃદ્ધિ આદિવાળાં સર્વસ્થાનોમાં પણ, કંડકપ્રમાણ જાણવો, અને કંડકોની ઉપર=સંખ્યાતગુણવૃદ્ધિવાળા આદિ કંડકોની ઉપર એક કંડકનો પ્રક્ષેપ કરવો. આ= ગાથા-૧૩૭થી ૧૪૫ના પૂર્વાર્ધ સુધી વર્ણન કર્યું એ, સંક્ષેપથી સંયમશ્રેણીની પ્રરૂપણા કરાઈ. ॥૧૪૫॥

ભાવાર્થ :-

એક ષટ્સ્થાનકમાં પશ્ચાનુપૂર્વીથી કયા સંયમસ્થાન કરતાં કયું સંયમસ્થાન અસંખ્યાતગુણ છે ? તે બતાવે છે –

તેમાં પશ્ચાનુપૂર્વીથી વિચારીએ તો સૌથી થોડાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો છે; કેમ કે એક કંડકપ્રમાણ છે, જે ગાથા-૧૪૧ના ચિત્રમાં અસત્કલ્પનાથી પાંચમા કૂટથી અંતરિત ૧ઁ રૅં ૩ઁ ૪ઁ ૫ઁ થી બતાવેલ છે.

વળી અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને તે અસંખ્યાતનો ગુણાકાર એક કંડકપ્રમાણ અને ઉપર એક કંડકની પ્રાપ્તિથી થાય છે, જે ગાથા-૧૪૧ના ચિત્રમાં પાંચમો કૂટ ૫ ને બદલે છ પ્રાપ્ત થયા, તેનાથી સ્પષ્ટ થાય છે; કેમ કે જો પાંચમા કૂટની ૫ સંખ્યા હોય તો કંડક થાય, અને તેના ઉપર એક પાંચમો કૂટ અધિક મળ્યો, તેથી છ કૂટ થયા.

વળી અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં સંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને તે અસંખ્યાતનો ગુણાકાર એક કંડકપ્રમાણ અને ઉપર એક કંડકની પ્રાપ્તિથી થાય છે, જે ગાથા-૧૪૦ના ચિત્રમાં ચોથો કૂટ ૫ ને બદલે છ પ્રાપ્ત થયા, તેનાથી સ્પષ્ટ થાય છે; કેમ કે જો ચોથા કૂટની સંખ્યા ૫ હોય તો કંડક થાય, અને તેના ઉપર એક ચોથો કૂટ અધિક મળ્યો, તેથી છ કૂટ થયા.

વળી સંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં સંખ્યાતભાગ અધિકવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને તે અસંખ્યાતનો ગુણાકાર એક કંડકપ્રમાણ અને ઉપર એક કંડકની પ્રાપ્તિથી થાય છે, જે ગાથા-૧૪૦ના ચિત્રમાં ત્રીજો કૂટ ૫ ને બદલે છ પ્રાપ્ત થયા, તેનાથી સ્પષ્ટ થાય છે; કેમ કે જો ત્રીજા કૂટની ૫ સંખ્યા હોય તો કંડક થાય, અને તેના ઉપર એક ત્રીજો કૂટ અધિક મળ્યો, તેથી છ કૂટ થયા.

વળી સંખ્યાતભાગઅધિકવાળાં સ્થાનો કરતાં અસંખ્યાતભાગ અધિકવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને તે અસંખ્યાતનો ગુણાકાર એક કંડકપ્રમાણ અને ઉપર એક કંડકની પ્રાપ્તિથી થાય છે, જે ગાથા-૧૪૦ના ચિત્રમાં બીજો કૂટ ૫ ને બદલે છ પ્રાપ્ત થયા, તેનાથી સ્પષ્ટ થાય છે; કેમ કે જો બીજા કૂટની ૫ સંખ્યા હોય તો કંડક થાય, અને તેના ઉપર એક બીજો કૂટ અધિક મળ્યો, તેથી છ કૂટ થયા.

વળી અસંખ્યાતભાગ અધિકસ્થાનો કરતાં અનંતભાગવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે, અને તે અસંખ્યાતનો ગુણાકાર એક કંડકપ્રમાણ અને ઉપર એક કંડકની પ્રાપ્તિથી થાય છે, જે ગાથા-૧૩૮ના

ચિત્રમાં A B C D E થી ૫ ના આંતરે ૫ અનંતભાગવૃદ્ધિવાળાં સ્થાનો બતાવ્યાં, અને ગાથા-૧૩૯માં બતાવેલા સંયમસ્થાનના બીજા કૂટમાં પહેલા કૂટ પછી અનંતભાગવૃદ્ધિવાળું એક કંડક બતાવ્યું, તેથી અનંતભાગવૃદ્ધિના ૫ કૂટને બદલે છ કૂટ પ્રાપ્ત થયા, તેનાથી સ્પષ્ટ થાય છે; કેમ કે જો અનંતભાગવૃદ્ધિના ૫ કૂટ હોય તો કંડક પ્રાપ્ત થાય, અને તેના ઉપર એક અનંતભાગવૃદ્ધિવાળું છઠ્ઠું કંડક છે. **॥૧૪૫॥**

અવતરણિકા :-

અથ પ્રકૃતં પ્રસ્તુમઃ, તત્ર યદપ્યુક્તં દેશવિરતિકણ્ડકસ્પર્શં વિના ચારિત્રાસ્પર્શનાત્પ્રતિમાપાલનાદિ-ક્રમનિયતમેવ ચારિત્રમિતિ દુરનુચરમેતદિતિ તત્રાહ –

અવતરણિકાર્થ :-

હવે પ્રકૃતને અમે કહીએ છીએ, ત્યાં=નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે એમ ગાથા-૧૮થી પૂર્વપક્ષનો પ્રારંભ કરેલ ત્યાં, દેશવિરતિના કંડકોના સ્પર્શ વગર ચારિત્રનો અસ્પર્શ હોવાથી પ્રતિમાપાલનાદિના ક્રમથી નિયત જ ચારિત્ર છે, એથી આ=સર્વવિરતિ, દુરનુચર છે=દુઃખે કરીને પાળી શકાય એવી છે, એ પ્રમાણે ગાથા-૨૭-૨૮માં જે પણ પૂર્વપક્ષી વડે કહેવાયું તત્ર=ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૨૬માં થોડી પણ આજ્ઞાના ભંગમાં ચારિત્રના ભંગની પ્રાપ્તિ છે, અને ચારિત્રના ભંગમાં મહાનિશીથ સૂત્રમાં મિથ્યાત્વનું કથન છે, તેમ પૂર્વપક્ષીએ કહેલ. તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ ગાથા-૧૩૦થી ૧૩૩ સુધી કર્યું. ત્યાં સ્થાને સ્થાને સંયમશ્રેણી શબ્દની પ્રાપ્તિ થતી હોવાને કારણે ગાથા-૧૩૪થી ૧૪૫ સુધી પ્રાસંગિક સંયમશ્રેણીનું વર્ણન કર્યું. હવે પ્રકૃત જે પૂર્વપક્ષીના કથનનું સમાધાન છે તેને કહેતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીએ ગાથા-૨૭માં કહેલ કે દેશવિરતિના કંડકના સ્પર્શ વગર ચારિત્રનો સ્પર્શ નથી, તેથી પ્રતિમાપાલનાદિના ક્રમથી નિયત જ ચારિત્ર છે; અને તેવું ચારિત્ર હમણાં સંભળાતું નથી, માટે ચારિત્ર ગ્રહણ કરવું યુક્ત નથી, એમ ગાથા-૨૮માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

પત્તા અણંતજીવા, દેસવિરઇકંડએ વિ મૂત્તુણં ।
ચરણં કયકરણસ્સ ય, તુલણા તપ્ફાસણાગબ્ભા ।।૧૪૬।।

અન્વયાર્થ :-

દેસવિરઇકંડએ વિ મુત્તૂણં=દેશવિરતિના કંડકોને છોડીને પણ, અણંતજીવા=અનંત જીવો, ચરણં પત્તા=ચારિત્રને પામ્યા, ય=વળી, કયકરણસ્સ=કૃતકરણને=અભ્યસ્ત તપવાળા જ્ઞાની અને પરમભાવની પ્રાપ્તિમાં

ઉદ્યત એવા પુરુષને, तप्फासणागब्भा=તેની સ્પર્શનાના ગર્ભવાળી=દેશવિરતિના પાલનના ગર્ભવાળી, तुलणा=તુલના છે. ।।૧૪૬।।

ગાથાર્થ :-

દેશવિરતિના કંડકોને છોડીને પણ અનંત જીવો ચારિત્રને પામ્યા. વળી અભ્યસ્ત તપવાળા જ્ઞાની અને પરમભાવની પ્રાપ્તિમાં ઉદ્યત એવા પુરુષને દેશવિરતિના પાલનના ગર્ભવાળી તુલના છે. ।।૧૪૬।।

ટીકા :-

'पत्त'त्ति । देशविरतिकण्डकानि मुक्त्वाऽपि अनन्तजीवाः चरणं=चारित्रं, प्राप्तास्तथाविधकर्मक्षयोपशमतो देशविरतिं विनापि चारित्रप्राप्तेरुत्तरोत्तरक्षयोपशमस्य बलवत्त्वात्, तदुक्तं पञ्चाशक एव --

"ता कम्मखओवसमा, जो एयपगारमंतरेणावि ।
जायइ जहोइअगुणो, तस्स वि एसा तहा णेया" ।।१।।

आवश्यकेऽप्युक्तम् -- "भागेहिं असंखिज्जेहिं फासिआ देसविरईओ ।" **त्ति । च=पुनः, तत्स्पर्शनागर्भा=देशविरतिपालनानियता, तुलना, कृतकरणस्य=अभ्यस्ततपसो ज्ञानिनः परमभावप्राप्त्युद्यतस्य, इति, पुरुषविशेषापेक्षोऽयं क्रमनियमः ।।१४६।।**

ટીકાર્થ :-

देशविरतिकण्डकानि ..... क्रमनियमः ।। દેશવિરતિના કંડકોને=દેશવિરતિની આચરણાથી પ્રાપ્ત થતાં સંયમસ્થાનોને, છોડીને પણ અનંત જીવો ચારિત્રને પામ્યા; કેમ કે તેવા પ્રકારના ક્ષયોપશમથી= દેશવિરતિના આચારોનું પાલન નહીં હોવા છતાં દેશવિરતિના પાલનના બળથી ઉત્તરમાં નિષ્પાદ્ય એવા સર્વવિરતિના પરિણામને અનુકૂળ એવા ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી, દેશવિરતિ વગર પણ=દેશવિરતિના પાલન વગર પણ, ચારિત્રની પ્રાપ્તિ છે.

દેશવિરતિનું પાલન નહિ કરેલ હોવાથી દેશવિરતિના આવારક કર્મનો ક્ષયોપશમ થયો નથી, તેથી દેશવિરતિના આવારક કર્મના ક્ષયોપશમ વગર સર્વવિરતિ ચારિત્રના આવારક કર્મનો ક્ષયોપશમ થઈ શકે નહિ, અને સર્વવિરતિ ચારિત્રના આવારક કર્મનો ક્ષયોપશમ થાય નહિ તો બાહ્યથી ચારિત્રનો સ્વીકાર કરવા છતાં અને બાહ્ય સર્વવિરતિનું પાલન કરવા છતાં ભાવથી ચારિત્રનો સ્પર્શ થાય નહિ, એ પ્રકારની શંકાના નિવારણ માટે હેતુ કહે છે –

ઉત્તર-ઉત્તરના ક્ષયોપશમનું બલવાનપણું છે=સમ્યગ્દર્શનના ઉત્તરભાવિ દેશવિરતિના આવારક કર્મના ક્ષયોપશમ કરતાં તેના ઉત્તરભાવિ સર્વવિરતિના આવારક કર્મના ક્ષયોપશમનું બલવાનપણું છે. (તેથી દેશવિરતિના પાલન વગર સર્વવિરતિના આવારક કર્મના ક્ષયોપશમને કારણે દેશવિરતિના આવારક કર્મનો ક્ષયોપશમ પણ અંતર્ગત પ્રાપ્ત થઈ જાય છે.)

તે=દેશવિરતિના કંડકોને છોડીને પણ ઘણા જીવો ચારિત્રને પામ્યા છે, એમ જે પૂર્વમાં કહ્યું તે, પંચાશકમાં જ કહેવાયું છે=હમણાં વિશેષથી બહુપ્રકારની દેશવિરતિની તુલનાની અપેક્ષા છે, એ પ્રકારે ગાથા-૨૭-૨૮માં પૂર્વપક્ષીએ કહ્યું તે તો પંચાશક-૧૦, ગાથા-૪૯માં કહેવાયું છે, પરંતુ અહીં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દેશવિરતિની પ્રાપ્તિ વગર ઘણા જીવો સર્વવિરતિને પામ્યા, તે પંચાશકમાં જ ૧૦-૪૫માં કહેવાયું છે.

તે કારણથી=ભવનિર્વેદ આદિથી વિશુદ્ધ આશયવાળાને સર્વવિરતિ સ્વીકારાઈ છે તે કારણથી, કર્મના ક્ષયોપશમને કારણે=જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમવિશેષને કારણે, જે=જે પ્રાણી, આ પ્રકાર વગર પણ=બાલત્વાદિના કારણે પ્રતિમાના સેવનાદિ વગર પણ, યથોદિત ગુણવાળા=પ્રવ્રજ્યાને ઉચિત ગુણવાળા, થાય છે, તે પ્રાણીને પણ આ=પ્રવ્રજ્યા, તેવા પ્રકારની જાણવી=પ્રતિમાસેવનાદિ કરીને સર્વવિરતિ સ્વીકારનાર પુરુષના જેવી જાણવી. ॥૧॥

પૂર્વમાં પંચાશકની સાક્ષીથી સ્થાપન કર્યું કે દેશવિરતિના પાલન વગર કેટલાકને સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ છે. હવે આવશ્યકનિર્યુક્તિના વચનથી પણ તેની પુષ્ટિ કરતાં કહે છે –

આવશ્યકમાં પણ=આવશ્યકનિર્યુક્તિમાં પણ, ગાથા-૮૬૦માં કહેવાયું છે –

અસંખ્યાત ભાગો વડે દેશવિરતિ સ્પર્શાઈ છે=જેઓ સિદ્ધ થયા છે તેમાંથી અસંખ્યાતા ભાગોથી પ્રાપ્ત થતા જીવો વડે દેશવિરતિ સ્પર્શાઈ છે, અને એક અસંખ્યાત ભાગ પ્રમાણ જીવો દેશવિરતિના સ્પર્શ વગર ચારિત્રને પામીને સિદ્ધપણાને પામ્યા છે.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

વળી તેની સ્પર્શનાના ગર્ભવાળી તુલના=દેશવિરતિના પાલનથી નિયત એવી તુલના, કૃતકરણને છે=અભ્યસ્ત તપવાળા જ્ઞાની અને પરમભાવની પ્રાપ્તિમાં ઉદ્યત એવા કૃતકરણને છે, એ હેતુથી પુરુષવિશેષની અપેક્ષાવાળો=કૃતકરણ એવા પુરુષની અપેક્ષાવાળો, આ ક્રમનો નિયમ છે=દેશવિરતિના પાલનપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવી, એ પ્રકારના ક્રમનો નિયમ છે. ॥૧૪૬॥

❖ 'मुक्त्वाऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દેશવિરતિના કંડકોને સ્વીકારીને તો અનંત જીવો ચારિત્રને પામ્યા, પરંતુ દેશવિરતિના કંડકોને મૂકીને પણ અનંત જીવો ચારિત્રને પામ્યા.

❖ 'देशविरतिं विनापि'માં 'अपि'થી એ કહેવું છે કે દેશવિરતિના પાલનના ક્રમથી તો ચારિત્રની પ્રાપ્તિ છે, પરંતુ દેશવિરતિ વગર પણ ચારિત્રની પ્રાપ્તિ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૭-૨૮માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે દેશવિરતિના કંડકના સ્પર્શ વગર સર્વવિરતિ ચારિત્રની અપ્રાપ્તિ છે, તેથી પ્રતિમાપાલનાદિ ક્રમથી નિયત જ સર્વવિરતિ ચારિત્ર છે; અને વર્તમાનમાં તે પ્રમાણે ચારિત્ર ગ્રહણ કરતા જીવો દેખાતા નથી, માટે ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રમાં પક્ષપાત કરવો ઉચિત છે, અને ચારિત્રના પક્ષપાતપૂર્વક અંતરંગ સ્વપ્રયત્નથી જ સાધ્યની સિદ્ધિ છે, એમ ગાથા-૧૮-૧૯માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ, આ પ્રકારના પૂર્વપક્ષના મતનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –

દેશવિરતિના પાલન વગર પણ અનંતા જીવો ચારિત્રને પામ્યા છે, અને તેમાં યુક્તિ આપે છે કે જે જીવોને સંસાર પ્રત્યે તીવ્ર નિર્વેદ થયો છે અને મોક્ષના અભિલાષરૂપ તીવ્ર સંવેગ પ્રગટ્યો છે તેવા જીવોને મોક્ષના ઉપાયમાં તીવ્ર રાગ અને મોક્ષની વિરુદ્ધ એવા સંસારના ઉપાય પ્રત્યે તીવ્ર દ્વેષ છે. તેવા જીવોને જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો તેવા પ્રકારનો ક્ષયોપશમ થયો છે, જેથી સંસારના ઉપાયભૂત નિરર્થક પ્રવૃત્તિઓનું લેશ પણ સેવન કરતા નથી, અને મોક્ષના ઉપાયભૂત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓમાં સુદૃઢ યત્ન કરે છે. તેવા જીવોને દેશવિરતિના પાલન વગર પણ ચારિત્રની પ્રાપ્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે દેશવિરતિના સેવન વગર દેશવિરતિના આવારક કર્મનો ક્ષયોપશમ જેઓને થયો નથી, તેઓને સર્વવિરતિના પાલનથી પણ ભાવથી ચારિત્રની પ્રાપ્તિ કઈ રીતે થાય ? તેથી અન્ય હેતુ આપે છે –

સમ્યક્ત્વની પ્રાપ્તિની ઉત્તરમાં થતા દેશવિરતિના ક્ષયોપશમ કરતાં દેશવિરતિના ક્ષયોપશમના ઉત્તરભાવિ સર્વવિરતિનો ક્ષયોપશમ બલવાન છે, તેથી સર્વવિરતિના ક્ષયોપશમની અંતર્ગત દેશવિરતિના આવારક કર્મનો ક્ષયોપશમ દેશવિરતિના પાલન વગર પણ થઈ જાય છે.

આશય એ છે કે સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં જીવને સંસારથી અતીત એવા મોક્ષ પ્રત્યે અત્યંત પક્ષપાત થાય છે, અને ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારની વિડંબના પ્રત્યે અત્યંત દ્વેષ થાય છે, તેથી સંસારના ઉપાયોને નહિ સેવવાનો અને મોક્ષના ઉપાયોને સેવવાનો તીવ્ર અભિલાષ થાય છે; તોપણ સર્વ ઉદ્યમથી મોક્ષના ઉપાયભૂત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સુદૃઢ વ્યાપાર કરી શકે તેવી શક્તિનો સંચય તેઓમાં હજી થયો નથી. તેથી તેવા જીવો તે પ્રકારની શક્તિના સંચય માટે સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે.

વળી દીર્ઘકાળ સુધી દેશવિરતિના સેવનથી જ ક્ષયોપશમને પામે તેવું દેશવિરતિ આવારક કર્મ જેઓનું દૃઢ નથી, તેવા જીવો સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પ્રત્યે ઉત્કટ રાગવાળા થાય છે, અને અસમિતિ અને અગુપ્તિ પ્રત્યે ઉત્કટ દ્વેષવાળા થાય છે, તેથી તે વખતના વિશુદ્ધ ઉપયોગથી જ દેશવિરતિ આવારક કર્મો અને સર્વવિરતિ આવારક કર્મો ક્ષયોપશમભાવને પામે છે. તેથી દેશવિરતિના પાલનના ક્રમ વગર સર્વવિરતિ આવારક કર્મ ક્ષયોપશમભાવને પામે છે અને સર્વવિરતિ આવારક કર્મનો ક્ષયોપશમ બલવાન હોવાથી તત્ સહવર્તી દેશવિરતિ આવારક કર્મનો ક્ષયોપશમ પણ થઈ જાય છે.

આ પ્રકારના પોતાના કથનનું સમર્થન ગ્રંથકારશ્રી "પંચાશક" અને "આવશ્યકનિર્યુક્તિ"ના વચનથી કરે છે, અને આવશ્યકનિર્યુક્તિના કથનથી એ પ્રાપ્ત થાય કે અત્યાર સુધીમાં જેઓ સિદ્ધ થયા છે, તેમાંથી ઘણા જીવોએ દેશવિરતિની સ્પર્શના કરીને સર્વવિરતિની પ્રાપ્તિ કરી છે, તોપણ તેના અસંખ્યાતમા ભાગના જીવો દેશવિરતિના પાલન વગર સિદ્ધઅવસ્થાને પામ્યા છે. તેથી પણ નક્કી થાય છે કે દેશવિરતિના પાલન વગર સર્વવિરતિ નથી, એવો એકાંત નિયમ નથી.

વળી જેઓ ભવથી વિરક્ત છે અને તેથી ભવના ઉચ્છેદને અનુકૂળ નિર્જરા માટે તપમાં ઉદ્યમ કરે છે, અને ભગવાનના વચનને કહેનારા શાસ્ત્રવચનનો જેમણે સારો અભ્યાસ કર્યો છે, તેથી જ્ઞાની છે, અને શાસ્ત્રવચનના અભ્યાસના બળથી જેઓને નિર્ણય થયો છે કે પરમભાવની પ્રાપ્તિથી જ અર્થાત્ સર્વ વિકલ્પોથી પર એવા શુદ્ધ આત્મતત્ત્વ સાથે તન્મયઅવસ્થારૂપ નિર્વિકલ્પદશાથી જ સંસારનો ઉચ્છેદ થાય તેમ છે, એ સિવાય માત્ર બાહ્ય સર્વવિરતિની ક્રિયા કરવાથી પણ આ સંસારનો ઉચ્છેદ થાય તેમ નથી, અને પરમભાવની પ્રાપ્તિમાં અનન્ય ઉપાયભૂત એવી સર્વવિરતિને અનુકૂળ વચનાનુષ્ઠાનની શક્તિ પોતાનામાં નથી એમ પણ જેઓને સ્વશક્તિનું પર્યાલોચન કરવાથી જણાયું છે, તેઓ પરમભાવની પ્રાપ્તિમાં ઉદ્યત મતિવાળા હોવા છતાં તેને અનુકૂળ શક્તિસંચય માટે દેશવિરતિનું પાલન કરે, અને તે પ્રમાણે શક્તિની તુલના કરીને સર્વવિરતિ ગ્રહણ કરે તે ઉચિત છે. માટે તેવા જીવોને આશ્રયીને દેશવિરતિના પાલનપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવાનો ક્રમ છે.

આનાથી એ ફલિત થયું કે પૂર્વપક્ષીએ કહ્યું કે દેશવિરતિના પાલન વગર સર્વવિરતિ નથી, માટે વર્તમાનમાં ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, તે તેનું કથન અસંબદ્ધ છે. **॥૧૪૬॥**

અવતરણિકા :-

एतदेवोपपादयति –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધમાં કહ્યું કે કૃતકરણવાળા પુરુષને દેશવિરતિના સ્પર્શનાગર્ભ સર્વવિરતિની શક્તિની તુલના છે એને જ, ઉપપાદન કરે છે=એના જ તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

ગાથા :-

जं एएण कमेणं, गुणसेढीए पवड्ढमाणीए ।
सीहत्ता णिक्खंता, सीहत्ता चेव विहरंति ।।१४७।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, एएण कमेणं=આ ક્રમ વડે=પ્રતિમાસ્વીકાર આદિ રૂપ ક્રમ વડે, पवड्ढमाणीए गुणसेढीए=પ્રવર્ધમાન એવી ગુણશ્રેણીથી, सीहत्ता णिक्खंता=સિંહપણાથી નિષ્ક્રાંત એવા તેઓ, सीहत्ता चेव विहरंति=સિંહપણાથી જ વિચરે છે=સંયમનું પાલન કરે છે, તે કારણથી કૃતકરણવાળા પુરુષને દેશવિરતિની સ્પર્શનાગર્ભ એવી સર્વવિરતિની શક્તિની તુલના છે, એમ ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે. ॥૧૪૭॥

ગાથાર્થ :-

જે કારણથી પ્રતિમાસ્વીકાર આદિ રૂપ ક્રમ વડે પ્રવર્ધમાન એવી ગુણશ્રેણીથી સિંહપણાથી નિષ્ક્રાંત એવા તેઓ સિંહપણાથી જ વિચરે છે, તે કારણથી કૃતકરણવાળા પુરુષને દેશવિરતિની

સ્પર્શનાગર્ભ એવી સર્વવિરતિની શક્તિની તુલના છે, એમ ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે. ।।૧૪૭।।

ટીકા :-

'जं एएण' त्ति। यत्=यस्मात्, एतेन प्रतिमाप्रतिपत्त्यादिलक्षणेन क्रमेण शुभानुबन्धाविच्छेदाद् गुणश्रेण्या प्रवर्द्धमानया सिंहतया निष्क्रान्ता सिंहतयैव विहरन्ति, तथा च मन्दक्षयोपशमस्यातिशयितभावचरणार्थमेतत्क्रमनियमः, इदानीं च प्रायो मन्द एव क्षयोपशम इति विशिष्यायमित्याचार्याभिप्रायः ।।१४७।।

ટીકાર્થ :-

यत=यस्मात् ..... विशिष्यायमित्याचार्याभिप्रायः ।। જે કારણથી પ્રતિમાસ્વીકાર આદિ રૂપ આ ક્રમ વડે શુભાનુબંધનો અવિચ્છેદ થવાને કારણે=શક્તિ અનુસાર ઉપર ઉપરની ભૂમિકામાં જવાનો ઉદ્યમ હોવાથી ગુણવૃદ્ધિને અનુરૂપ શુભપ્રવાહનો અવિચ્છેદ થવાને કારણે, પ્રવર્ધમાન એવી ગુણશ્રેણી થવાથી, સિંહપણાથી નિષ્ક્રાંત=સિંહની જેમ મોહરૂપી શત્રુના ઉચ્છેદ માટે ગૃહવાસથી નિષ્ક્રાંત એવા તેઓ, સિંહપણાથી જ વિચરે છે=સંયમપાલનમાં ઉદ્યમ કરે છે, તે કારણથી કૃતકરણવાળા પુરુષને દેશવિરતિની સ્પર્શનાગર્ભ એવી સર્વવિરતિની શક્તિની તુલના છે, એમ પૂર્વગાથાના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે.

ગાથા-૧૪૬ અને ગાથા-૧૪૭ના કથનથી શું ફલિત થાય છે, તે બતાવે છે –

અને તે રીતે=ગાથા-૧૪૬ અને ગાથા-૧૪૭માં કહ્યું તે રીતે, મંદ ક્ષયોપશમવાળાને=ભવથી વિરક્ત થયા પછી પણ ભવના ઉચ્છેદમાં સુદૃઢ વ્યાપાર કરી શકે તેવો તીવ્ર ક્ષયોપશમ નથી, પરંતુ કંઈક વ્યાપાર કરી શકે તેવો મંદ ક્ષયોપશમ છે જેમને તેવા પુરુષને, અતિશયિત એવા ભાવચારિત્ર માટે=પરમભાવની પ્રાપ્તિમાં શીઘ્ર કારણ બને એવા અતિશયિત ભાવચારિત્ર માટે, આ ક્રમનો નિયમ છે=દેશવિરતિના પાલનપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવાના ક્રમનો નિયમ છે.

ગાથા-૧૪૬-૧૪૭નો ફલિતાર્થ બતાવ્યા પછી ગાથા-૨૮માં પૂર્વપક્ષીએ પંચાશકની સાક્ષીથી સ્થાપન કરેલ કે વિશેષથી આ કાળમાં પ્રતિમાપ્રતિપત્તિ આદિના ક્રમથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી યુક્ત છે, તે પંચાશકના કથનમાં આચાર્યશ્રીનો શું અભિપ્રાય છે ? તે સ્પષ્ટ કરે છે –

અને હમણાં=પાંચમા આરામાં, प्रायः મંદ જ ક્ષયોપશમ છે=ભવથી વિરક્ત થયા પછી પણ ભવના ઉચ્છેદમાં સુદૃઢ વ્યાપાર કરી શકે તેવો તીવ્ર ક્ષયોપશમ નથી, પરંતુ કંઈક વ્યાપાર કરી શકે તેવો મંદ જ ક્ષયોપશમ છે, એથી વિશેષ કરીને આ છે=તુલના કરીને સંયમગ્રહણનો નિયમ છે, એ પ્રકારનો આચાર્યશ્રીનો અભિપ્રાય છે. ।।૧૪૭।।

❖ 'प्रतिमाप्रतिपत्त्यादिलक्षणेन'માં 'आदि' પદથી પ્રતિમાપાલનનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

કેટલાક જીવો સમ્યક્ત્વ પામે ત્યારે તેઓને ચારગતિના ભ્રમણરૂપ ભવ નિર્ગુણ ભાસે છે, અને સર્વ કર્મરહિત શુદ્ધઆત્માની અવસ્થા સારભૂત જણાય છે, અને તેની પ્રાપ્તિનો ઉપાય પરમભાવની પ્રાપ્તિ છે અર્થાત્ નિર્વિકલ્પદશાવાળી સામાયિકની પરિણતિ છે, તેવું જ્ઞાન થાય છે, તેથી તે પરિણતિની પ્રાપ્તિના અર્થી એવા તે જીવો દેશવિરતિનો સ્વીકાર કરે છે, અને ઉત્તરોત્તર અધિક અધિક દેશવિરતિનું પાલન કરીને અંતે પ્રતિમાઓનો સ્વીકાર કરે છે, અને પ્રતિમાઓને પાળીને સર્વવિરતિની શક્તિ પોતાનામાં પ્રગટ થઈ છે કે નહિ તેની તુલના કરે છે, અને આ ક્રમથી કરાતા તેમના યત્નમાં શક્તિઅનુસાર ઉત્તર-ઉત્તરના યોગમાર્ગની પ્રવૃત્તિ હોવાથી શુભઅનુબંધનો અવિચ્છેદ થાય છે અર્થાત્ પરમભાવની નિષ્પત્તિને અનુકૂળ શુભપરિણામનો અવિચ્છેદ થાય છે, તેથી તેઓ દેશવિરતિની પ્રવર્ધમાન ગુણશ્રેણીવાળા બને છે; અને આ રીતે પ્રયત્ન કરીને જ્યારે પોતાનામાં સર્વવિરતિની શક્તિ જણાય ત્યારે સિંહની જેમ ગૃહવાસથી નિષ્ક્રાંત થઈને સિંહની જેમ સંયમમાં ઉદ્યમ કરે છે અર્થાત્ જેમ સિંહ શત્રુનો નાશ કરવા જાય ત્યારે સહેજ પણ પીછેહઠ કરે નહિ, પરંતુ પૂર્ણશક્તિથી શત્રુનો નાશ કરવા પ્રવર્તે છે, તેમ આવા મહાપુરુષો ગૃહવાસનો ત્યાગ કર્યા પછી સહેજ પણ મોહને પરવશ થયા વગર સર્વશક્તિથી મોહના ઉન્મૂલન માટે સિંહની જેમ સંયમમાં ઉદ્યમ કરે છે. તેથી કૃતકરણવાળા એવા પુરુષોને આશ્રયીને દેશવિરતિના પાલનથી નિયત તુલના છે=દેશવિરતિના પાલનથી સર્વવિરતિના સંયમને અનુકૂળ એવી નિયત તુલના છે.

આ રીતે ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધના તાત્પર્યને ગાથા-૧૪૭માં સ્પષ્ટ કર્યા પછી ગાથા-૧૪૬ અને ૧૪૭થી શું ફલિત થાય છે તે ટીકામાં બતાવે છે –

વળી જે જીવો ભવથી વિરક્ત થયા છે અને ભવનો ઉચ્છેદ કરવાને અનુકૂળ મહાવીર્યવાળા છે, તેઓ દેશવિરતિને સ્વીકાર્યા વગર પણ સર્વવિરતિમાં ઉદ્યમ કરે છે. વળી આવા પ્રકારના સાત્ત્વિક જીવો, ગાથા-૧૪૬માં પંચાશકની સાક્ષી આપી એ પ્રમાણે જેઓ દેશવિરતિનું પાલન કરે છે અને સર્વવિરતિની શક્તિનો સંચય થયા પછી સર્વવિરતિ સ્વીકારે છે, તેઓના જેવા જ સર્વવિરતિના પરિણામને દેશવિરતિના પાલન વગર પ્રથમ જ પ્રાપ્ત કરે છે, અને તેવા જીવોને આશ્રયીને જ ગાથા-૧૪૬માં કહ્યું કે દેશવિરતિના કંડકોને છોડીને પણ અનંતા જીવો ચારિત્રને પામ્યા છે.

વળી જે જીવોમાં ભવથી વિરક્ત થયા પછી પણ ભવના ઉચ્છેદને અનુકૂળ ઉત્કટ ક્ષયોપશમ પ્રગટ્યો નથી, પરંતુ ક્રમસર ભવના ઉચ્છેદ માટે યત્ન કરે તો સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેમ છે, તેવા મંદ ક્ષયોપશમવાળા જીવો, અતિશયવાળા એવા ભાવચારિત્રની પ્રાપ્તિ માટે અર્થાત્ પોતે સંયમ ગ્રહણ કરે કે તત્કાળ પરમભાવની પ્રાપ્તિમાં શીઘ્ર કારણ બને તેવા વચનાનુષ્ઠાનની પરિણતિરૂપ ભાવચારિત્રની પ્રાપ્તિ માટે, દેશવિરતિના પાલનના ક્રમથી સર્વવિરતિ ગ્રહણ કરે એ પ્રકારનો નિયમ છે.

ગાથા-૨૮માં પંચાશકની સાક્ષી આપીને પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં વિશેષથી દેશવિરતિના પાલનપૂર્વક જ ચારિત્ર ગ્રહણની વિધિ છે, તે પંચાશકનો આશય શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

હમણાં=પાંચમા આરામાં, પ્રાયઃ મંદ જ ક્ષયોપશમ છે. એથી વિશેષ કરીને પ્રતિમાના પાલનપૂર્વક સંયમ ગ્રહણ કરવું જોઈએ, એ પ્રકારનો આચાર્યનો અભિપ્રાય છે.

આનાથી એ ફલિત થાય કે પૂર્વકાળમાં પણ મંદ ક્ષયોપશમવાળા ઘણા જીવો હતા, તેથી દેશવિરતિના પાલનપૂર્વક જ સર્વવિરતિમાં ઉદ્યમ કરવાનો નિયમ તેઓને આશ્રયીને હતો. તેના કરતાં પણ વર્તમાનકાળમાં પ્રાયઃ મંદ ક્ષયોપશમવાળા જીવો વધારે છે, તેથી વિશેષ કરીને પ્રતિમાના ક્રમથી સર્વવિરતિ ગ્રહણ કરે તો તેઓ ભાવથી ચારિત્રની પ્રાપ્તિ કરી શકે. માટે આ કાળમાં મોક્ષના અર્થી જીવોએ વિશેષથી દેશવિરતિના ક્રમથી જ સર્વવિરતિમાં ઉદ્યમ કરવો જોઈએ, એ પ્રકારનો પંચાશકના કથનમાં આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજનો અભિપ્રાય છે. **॥૧૪૭॥**

અવતરણિકા :-

न त्वेवमन्यथा दीक्षानिषेध इत्यत आह –

અવતરણિકાર્થ :-

વળી આ રીતે=ગાથા-૧૪૬-૧૪૭માં કહ્યું કે મહાસત્ત્વશાળી જીવો તેવા પ્રકારના ક્ષયોપશમને કારણે દેશવિરતિના પાલન વગર પણ ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે, અને મંદ ક્ષયોપશમવાળા જીવો દેશવિરતિના પાલનપૂર્વક ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે, તેથી વર્તમાનમાં મંદ ક્ષયોપશમવાળા જીવોએ વિશેષ કરીને પ્રતિમા સ્વીકારીને સર્વવિરતિ ગ્રહણ કરવી જોઈએ એ રીતે, અન્યથા=અન્ય પ્રકારે= મહાસત્ત્વશાળીએ દેશવિરતિના પાલન વગર દીક્ષા ગ્રહણ કરવી જોઈએ અને મંદ ક્ષયોપશમવાળા જીવોએ દેશવિરતિના પાલનપૂર્વક દીક્ષા ગ્રહણ કરવી જોઈએ તેનાથી અન્ય પ્રકારે, દીક્ષાનો નિષેધ નથી, એથી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૪૬ના પૂર્વાર્ધથી સ્થાપન કર્યું એ પ્રમાણે જે જીવોને ભવવૈરાગ્ય થયા પછી તેવા પ્રકારનો ઉત્કટ ક્ષયોપશમ થાય છે, તેઓ દેશવિરતિના પાલન વગર દીક્ષા ગ્રહણ કરે તે ઉચિત છે, અને ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધ અને ગાથા-૧૪૭થી સ્થાપન કર્યું એ પ્રમાણે જેઓને તેવો ઉત્કટ ક્ષયોપશમ થયો નથી, તેઓએ દેશવિરતિના પાલનપૂર્વક દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. એ રીતે અન્ય પ્રકારના જીવોને દીક્ષાનો નિષેધ છે, તેમ પ્રાપ્ત થાય, પરંતુ આનાથી અન્ય પ્રકારના જીવોને પણ દીક્ષાનો નિષેધ નથી, તેથી તેવા જીવોને પણ દીક્ષા ગ્રહણ કરવાનું કથન કઈ અપેક્ષાએ છે, તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

बीयाहाणत्थं पुण, गुरुपरतंताण दिंति जुग्गाणं ।
अब्भासकरं चरणं, जं अट्ठ भवा चरित्तम्मि ।।१४८।।

અન્વયાર્થ :-

પુણ=વળી, જુગ્ગાણં ગુરુપરતંતાણ=યોગ્ય અને ગુરુપરતંત્ર એવા જીવોને, બીયાહાણત્થં=બીજાધાન માટે, અભ્યાસકરં ચરણં=અભ્યાસકર એવું પણ ચારિત્ર, દિંતિ=આપે છે=આચાર્ય આપે છે, જં=જે કારણથી, ચરિત્તમ્મિ=ચારિત્રમાં=ચારિત્રની પ્રાપ્તિમાં, અટ્ઠ ભવા=આઠ ભવો છે. ।।૧૪૮।।

ગાથાર્થ :-

વળી યોગ્ય અને ગુરુપરતંત્ર એવા જીવોને બીજાધાન માટે અભ્યાસકર એવું પણ ચારિત્ર આચાર્ય આપે છે, જે કારણથી ચારિત્રની પ્રાપ્તિમાં આઠ ભવો છે. ।।૧૪૮।।

ટીકા :-

'बीयाहाणत्थं'ति । बीजाधानार्थं=मोक्षबीजविशेषसिद्ध्यर्थं, पुनर्गुरुपरतन्त्राणां पृच्छादिना कलितयोग्यतानां अभ्यासकरम् अपेर्गम्यमानत्वादभ्यासकरमपि चरणं=चारित्रं ददत्याचार्याः, यत्=यस्मात्, चारित्रे, अष्टैव भवाः चारित्रप्रतिपत्तिसहिताः संसारेऽष्टावेव भवा भवन्ति, तदुक्तमावश्यके -"अट्ठ भवा उ चरित्ते"**त्ति ।**

ટીકાર્થ :-

बीजाधानार्थं ..... चरित्ते"**त्ति । વળી પૃચ્છાદિ દ્વારા જણાયેલી યોગ્યતાવાળા ગુરુપરતંત્ર જીવોને બીજાધાન માટે=મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે=સંયમપાલન વગર સમ્યક્ત્વથી થતા મોક્ષના બીજ કરતાં ભાવસંયમની પ્રાપ્તિથી થનારા મોક્ષના બીજવિશેષની નિષ્પત્તિ માટે, અભ્યાસકર પણ ચારિત્ર આચાર્ય આપે છે; જે કારણથી ચારિત્રમાં આઠ જ ભવો છે=સંસારમાં ચારિત્રની પ્રાપ્તિથી સહિત આઠ જ ભવો થાય છે, તે=સંસારમાં ચારિત્રની પ્રાપ્તિથી સહિત આઠ જ ભવો થાય છે તે, આવશ્યકમાં કહેવાયું છે –**

ચારિત્રમાં આઠ ભવો જ છે. **'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.**

❖ 'પૃચ્છાદિના'માં 'આદિ' પદથી કથના અને પરીક્ષાનું ગ્રહણ કરવું.

❖ 'અભ્યાસકરમપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે સત્ત્વશાળી જીવોને આચાર્ય દેશવિરતિના પાલન વગર ચારિત્ર આપે છે, મંદ ક્ષયોપશમવાળા જીવોને દેશવિરતિના પાલનથી શક્તિસંચય થાય, ત્યારપછી ચારિત્ર આપે છે, અને આ બે પ્રકારથી અન્ય પ્રકારના જીવોને અભ્યાસકર પણ ચારિત્ર આપે છે અર્થાત્ પહેલા બે પ્રકારના જીવોને તો ચારિત્ર આપે છે, પરંતુ આ ત્રીજા પ્રકારના જીવોને અભ્યાસકર પણ ચારિત્ર આચાર્ય આપે છે.

ભાવાર્થ :-

ત્રણ પ્રકારના જીવોને ચારિત્ર આપવાની વિધિ છે –

(૧) ગાથા-૧૪૬ના પૂર્વાર્ધમાં કહ્યું તેવા પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમવાળા જીવોને દેશવિરતિના પાલન

વગર આચાર્યો દીક્ષા આપે છે.

(૨) ગાથા-૧૪૭માં કહ્યું તેવા મંદ ક્ષયોપશમવાળા જીવોને દેશવિરતિના પાલનથી શક્તિસંચય થાય ત્યારપછી આચાર્યો દીક્ષા આપે છે.

(૩) પૃચ્છાદિ દ્વારા સંયમ પાળવાને અનુકૂળ યોગ્યતા જણાય અને ગુરુને પરતંત્ર થાય તેવા જીવોને આચાર્ય અભ્યાસકર ચારિત્ર આપે છે. આ ત્રીજા પ્રકારના જીવો પ્રથમના બન્ને પ્રકાર કરતાં મંદ ક્ષયોપશમવાળા છે છતાં તેઓને અભ્યાસકર ચારિત્ર આચાર્ય કેમ આપે છે ? તે પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે.

કોઈ જીવ ભવથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરવાને અભિમુખ થયેલો હોય અને સંયમ સ્વીકારવા તત્પર હોય તો "પંચવસ્તુક ગ્રંથ"માં બતાવેલ વિધિ અનુસાર પૃચ્છાદિ દ્વારા આચાર્ય તેની યોગ્યતાનો નિર્ણય કરે છે, અને દીક્ષા માટે તત્પર જીવો યોગ્ય જણાય અને ગુણવાન ગુરુને પરતંત્ર થાય તેવા હોય તેઓ દીક્ષા ગ્રહણ કરે કે તરત જ પ્રથમના બે પ્રકારના જીવોની જેમ ભાવથી ચારિત્રને પ્રાપ્ત કરતા નથી, તોપણ યોગ્યતા હોવાને કારણે અને ગુરુને પરતંત્ર થઈને સમ્યગ્ રીતે સંયમની ક્રિયા કરે તેવા હોવાને કારણે ચારિત્રપાલનના અભ્યાસથી ક્રમે કરીને ભાવચારિત્રના પરિણામને પામે તેવા છે. તેવા જીવોને મોક્ષના બીજવિશેષરૂપ ચારિત્રની પરિણતિની નિષ્પત્તિ માટે આચાર્યો ચારિત્ર આપે છે; કેમ કે દીક્ષાગ્રહણ કરીને તત્કાલ આવા જીવો ભાવથી ચારિત્રને પ્રાપ્ત કરી શકે તેવા નથી, તોપણ ચારિત્રાચારના સમ્યક્પાલનના બળથી કેટલાક કાળ પછી ભાવથી ચારિત્રને સ્પર્શે તેવા છે, અને જ્યારે તેઓ ભાવથી ચારિત્રને સ્પર્શ કરશે ત્યારે મોક્ષના કારણભૂત એવા ચારિત્રની પરિણતિરૂપ બીજવિશેષની સિદ્ધિ થશે.

અહીં પ્રશ્ન થાય કે દીક્ષા ગ્રહણ કરતી વખતે જેમને ચારિત્રનો પરિણામ સ્પર્શે તેમ નથી, તેવા જીવોને પ્રતિજ્ઞા આપવામાં આવે અને તે પ્રતિજ્ઞાને અનુરૂપ સામાયિકના ભાવને વહન ન કરે તો તે પ્રતિજ્ઞાથી શું લાભ થઈ શકે ? અને પ્રતિજ્ઞામાં અપેક્ષિત ભાવો નહિ હોવા છતાં 'મે ચારિત્ર ગ્રહણ કર્યું છે માટે હું ચારિત્રી છું' તેવો ભ્રમ થશે. તેથી આવું દ્રવ્યચારિત્ર આપવું કઈ રીતે ઉચિત ગણાય ? તેને સામે રાખીને કહે છે –

દ્રવ્યચારિત્રના બળથી પણ ક્રમે કરીને મોક્ષના બીજવિશેષરૂપ ભાવચારિત્રની સિદ્ધિ થાય તેવા આ જીવો છે, અને ચારિત્રની પ્રાપ્તિથી સહિત=ભાવચારિત્રની પ્રાપ્તિથી સહિત, સંસારમાં આઠ જ ભવો થાય છે, તેમ આવશ્યકસૂત્રમાં કહેલું છે. તેથી દીક્ષા ગ્રહણ વખતે ભાવથી ચારિત્ર નહિ હોવા છતાં કેટલાક કાળ પછી તે દ્રવ્યચારિત્રના બળથી યોગ્ય જીવો ભાવચારિત્રને સ્પર્શશે, અને આ રીતે આઠ ભવ સુધી ભાવચારિત્રની પ્રાપ્તિ કરશે તો તેઓનું કલ્યાણ થશે. તેથી પ્રથમના બે પ્રકારના જીવો કરતાં હીનભૂમિકાવાળા આ ત્રીજા પ્રકારના જીવોને પણ અભ્યાસકર એવું ચારિત્ર આચાર્ય આપે છે.

પૂર્વમાં કહ્યું કે ગીતાર્થો યોગ્ય જીવને અભ્યાસકર ચારિત્ર આપે છે; કેમ કે ભાવચારિત્રની પ્રાપ્તિ સહિત આઠ ભવમાં મોક્ષ છે. તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે –

ટીકા :-

अत एवाष्टमचारित्रे सिद्धेरावश्यकत्वात्प्रव्रज्याया विशिष्टबीजत्वाद् भगवता श्रीमहावीरेण हालिकाय सा दापिता, अन्यथा तद्दानं निरर्थकं स्यात्, सम्यक्त्वमात्रेणैव बीजमात्रस्य सिद्धत्वात् ।

ટીકાર્થ :-

अत एवाष्टमचारित्रे ..... सिद्धत्वात् । આથી જ=આવશ્યકસૂત્રના વચનાનુસાર ભાવચારિત્રની પ્રાપ્તિ સહિત આઠ જ ભવો છે તેથી ભાવચારિત્રની સિદ્ધિ માટે અભ્યાસકર ચારિત્ર આચાર્ય આપે છે આથી જ, આઠમા ચારિત્રમાં સિદ્ધિનું આવશ્યકપણું હોવાથી=આઠમા ભવમાં પ્રાપ્ત થયેલા ચારિત્રમાં તે જીવને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થનાર હોવાથી, પ્રવ્રજ્યાનું વિશિષ્ટ બીજપણું છે=સમ્યક્ત્વથી થતા બીજ કરતાં ભાવચારિત્રની પરિણતિનું વિશિષ્ટ બીજપણું છે. તેથી ભગવાન મહાવીર વડે ખેડૂતને તે=પ્રવ્રજ્યા, અપાવાઈ=વિશિષ્ટ બીજનું કારણ બને એવી ભાવપ્રવ્રજ્યા ગૌતમસ્વામી દ્વારા અપાવાઈ, અન્યથા=સમ્યક્ત્વકાલીન બીજ કરતાં પ્રવ્રજ્યાકાલીન બીજ વિશિષ્ટ ન હોય તો, તેનું દાન=હાલિકને પ્રવ્રજ્યાનું દાન, નિરર્થક થાય; કેમ કે સમ્યક્ત્વમાત્રથી જ બીજમાત્રનું=બીજસામાન્યનું, સિદ્ધપણું છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે આચાર્ય અભ્યાસકર પણ ચારિત્ર આપે છે, તે ઉચિત છે. તેની પુષ્ટિ કરવા માટે કહે છે –

આથી જ વીરભગવાન વડે ખેડૂતને દીક્ષા અપાવાઈ. આશય એ છે કે ભગવાન જાણતા હતા કે આ ખેડૂત દીક્ષા ગ્રહણ કર્યા પછી મને જોઈને મારા પ્રત્યે દ્વેષ થવાથી દીક્ષાનો ત્યાગ કરશે, અને દીક્ષા ગ્રહણ કર્યા પછી દીક્ષાનો ત્યાગ કરે એવા જીવોને સામાન્યથી દીક્ષા અપાય નહિ, આમ છતાં ખેડૂતને દીક્ષા આપવાનું ભગવાને કહેલ; કેમ કે તે ખેડૂત દીક્ષા ગ્રહણ કરીને ભાવચારિત્રને સ્પર્શશે, તેથી તેની પ્રવ્રજ્યા વિશિષ્ટ બીજનું કારણ બનશે, અને ભાવપ્રવ્રજ્યાની પરિણતિથી થયેલા વિશિષ્ટબીજને કારણે આઠમા ચારિત્રમાં તે ખેડૂતને અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થશે. તેથી ચારિત્ર છોડીને જનાર હોવા છતાં ભગવાને તેને દીક્ષા અપાવી, જો તે દીક્ષાથી વિશિષ્ટ બીજ થવાનું ન હોય તો તે દીક્ષાનું દાન નિરર્થક થાય; કેમ કે ગૌતમસ્વામીના ઉપદેશથી તે ખેડૂત સમ્યક્ત્વ પામે છે, ત્યારે સામાન્ય બીજનું આધાન થાય જ છે અને તેનાથી તેને જે કલ્યાણની પ્રાપ્તિ થવાની હતી તે થઈ જાય છે અને દીક્ષા ગ્રહણ કર્યા પછી તો તરત જ તે દીક્ષાનો ત્યાગ કરનાર છે, આમ છતાં અલ્પકાળ માટે પણ ભાવચારિત્રનો સ્પર્શ થવાથી વિશિષ્ટ બીજની પ્રાપ્તિ તે ખેડૂતને થાય છે. માટે જ ભગવાને તેને દીક્ષા અપાવી.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે આચાર્ય અભ્યાસકર પણ ચારિત્ર આપે છે, અને તેની પુષ્ટિ કરવા માટે કહ્યું કે મોક્ષના બીજવિશેષની સિદ્ધિ ભાવચારિત્રથી થાય છે, આથી જ તે

ખેડૂતને મોક્ષના બીજવિશેષની સિદ્ધિ થાય તો ચારિત્રની પ્રાપ્તિ સહિત આઠ ભવોમાં અવશ્ય તેનો મોક્ષ થાય, એવા આશયથી વીરભગવાને ખેડૂતને દીક્ષા અપાવેલ. ત્યાં શંકા કરતાં કહે છે –

ટીકા :-

कथं तर्हि गोशालकस्य चारित्रप्रतिपत्तिभवा विराधनायुक्ता दश तदयुक्ताश्चाष्टावित्यष्टादश ? इति चेत्, विराधनायुक्तेषु भवेषु तस्य द्रव्यचारित्रस्यैव सम्भवादिति वदन्ति । अन्ये त्वाहुः - "अट्ठ भवा उ चरित्ते" **इत्यत्राविराधनाभवा एव ग्राह्याः, अविराधना च दीक्षाप्रतिपत्तिमारभ्यानतिचारतयाऽऽमरण-पालनम्, न च वृत्तिकृताऽऽदानभवानामेव व्याख्यानात्तदवष्टम्भेनैव सूत्रं व्याख्येयम्, आवश्यकचूर्णि-कारेणाप्याराधनापक्षस्य समर्थितत्वादित्याहुः ।**

ટીકાર્થ :-

कथं तर्हि गोशालकस्य ..... समर्थितत्वादित्याहुः । તો ગોશાલકને વિરાધનાયુક્ત ચારિત્રની પ્રાપ્તિવાળા ભવો દશ અને તેનાથી અયુક્ત=વિરાધનાથી રહિત, આઠ ભવો, એ પ્રકારે અઢાર કેવી રીતે છે ?= ચારિત્રથી યુક્ત અઢાર ભવો કેવી રીતે છે અર્થાત્ જેમ વિરાધનાયુક્ત ચારિત્રવાળા ખેડૂતના ભવને સ્વીકારીને આઠ ભવોમાં તેનો મોક્ષ થાય તેમ કહ્યું તેમ ગોશાળાને પણ વિરાધના સહિત આઠ ભવમાં મોક્ષ થવો જોઈએ, તેના બદલે શાસ્ત્રમાં અઢાર ભવો કહ્યા છે તે કઈ રીતે સંગત થાય ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે; વિરાધનાયુક્ત ભવોમાં તેને=ગોશાળાને, દ્રવ્યચારિત્રનો જ સંભવ હોવાથી અઢાર ભવોની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી છે તે દોષરૂપ નથી, એ પ્રમાણે કોઈક આચાર્યો કહે છે.

ગોશાલકને અઢાર ભવો ચારિત્રવાળા કઈ રીતે થશે ? તેની સંગતિ કરનાર કેટલાક આચાર્યો કહે છે કે ગોશાલકને વિરાધનાયુક્ત ભવોમાં દ્રવ્યચારિત્રની જ પ્રાપ્તિ થશે, માટે તેને ચારિત્રવાળા અઢાર ભવ થશે. વસ્તુતઃ આઠ ભવમાં વિરાધનાયુક્ત પણ ભાવચારિત્રની પ્રાપ્તિવાળા જીવો મોક્ષમાં જાય છે, એમ પૂર્વમાં કહ્યું તે સંગત છે. આ પ્રકારના કેટલાક આચાર્યના સમાધાનમાં અન્ય વળી શું કહે છે ? તે બતાવે છે –

અન્ય વળી કહે છે – ચારિત્રમાં આઠ ભવો છે **એ પ્રકારના આવશ્યકનિર્યુક્તિના વચનમાં અવિરાધનાવાળા જ ભવો ગ્રહણ કરવા, અને દીક્ષાના સ્વીકારથી માંડીને અનતિચારપણાથી મરણ સુધી ચારિત્રનું પાલન અવિરાધના છે.**

વળી પોતાની વાતની પુષ્ટિ કરવા માટે અન્ય કહે છે –

અને વૃત્તિકાર વડે=આવશ્યકનિર્યુક્તિના વૃત્તિકાર વડે, આદાનભવોનું જ=દીક્ષાગ્રહણના ભવોનું જ, વ્યાખ્યાન કરેલું હોવાથી, તેના અવષ્ટંભથી જ=વૃત્તિકારના વચનના અવલંબનથી જ, સૂત્રનું વ્યાખ્યાન કરવું જોઈએ એમ ન કહેવું=વૃત્તિકારે આરાધનાવાળા ભવો ગ્રહણ કર્યા નથી, પરંતુ દીક્ષા ગ્રહણના ભાવો જ ગ્રહણ કર્યા છે, તે પ્રમાણે દીક્ષા ગ્રહણવાળા જ આઠ ભવોમાં મોક્ષ થાય છે, તેમ

સ્વીકારવું જોઈએ એમ ન કહેવું; કેમ કે આવશ્યકચૂર્ણિકાર વડે પણ આરાધનાપક્ષનું સમર્થિતપણું છે, એ પ્રમાણે કહે છે=એ પ્રમાણે અન્ય કહે છે.

❖ 'आवश्यकचूर्णिकारेणापि'માં 'अपि'થી અન્ય આચાર્યો કહે છે કે અમે તો અવિરાધનાયુક્ત આઠ ભવો ગ્રહણ કર્યા છે, પરંતુ આવશ્યકચૂર્ણિકાર વડે પણ આરાધનાપક્ષનું જ સમર્થન કરાયું છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે મોક્ષના વિશેષ બીજના આધાન માટે ખેડૂતને ભગવાને દીક્ષા અપાવી; કેમ કે વિરાધનાયુક્ત એવા પણ ભાવચારિત્રના સ્પર્શથી સહિત આઠમા ચારિત્રની પ્રાપ્તિમાં અવશ્ય સિદ્ધિ થાય છે. ત્યાં શંકા કરતાં કહે છે કે વિરાધનાયુક્ત એવા પણ ભાવચારિત્રના સ્પર્શ સહિત આઠમા ચારિત્રની પ્રાપ્તિથી ખેડૂતનો મોક્ષ થતો હોય તો શાસ્ત્રમાં ગોશાલકના ચારિત્રયુક્ત અઢાર ભવો સંભળાય છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ ગોશાળો ભવિષ્યમાં ૧૦ ભવોમાં વિરાધનાયુક્ત ચારિત્ર પ્રાપ્ત કરશે અને આઠ ભવોમાં વિરાધના રહિત ચારિત્ર પ્રાપ્ત કરશે, એમ શાસ્ત્રમાં સંભળાય છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહિ.

શંકાકારનો આશય એ છે કે જો ભગવાન મહાવીર વડે દીક્ષા અપાવાયેલ એવો ખેડૂત તે ચારિત્રના પરિણામને કારણે આઠમા ચારિત્રમાં અવશ્ય મોક્ષમાં જશે તેમ કહીએ, તો ગોશાલકને પણ વિરાધનાયુક્ત એવા આઠમા ચારિત્રમાં મોક્ષની સિદ્ધિ થવી જોઈએ. તેના બદલે શાસ્ત્રમાં અઢારમા ચારિત્રમાં તેને મોક્ષની સિદ્ધિ થશે, તેમ કહ્યું તે સંગત થાય નહિ. તેનું સમાધાન કરતાં કેટલાક આચાર્યો કહે છે કે ગોશાલકને વિરાધનાયુક્ત ચારિત્રવાળા ભવોમાં દ્રવ્યચારિત્રની જ પ્રાપ્તિનો સંભવ છે, માટે ગોશાલકને અઢારમા ચારિત્રમાં મુક્તિ થશે; જ્યારે ભગવાન વડે દીક્ષા અપાવાયેલ ખેડૂતને તો વિરાધનાયુક્ત ચારિત્રવાળા ભવમાં પણ ભાવચારિત્રની પ્રાપ્તિ થઈ છે, તેથી ઉત્કૃષ્ટથી આઠમા ભાવચારિત્રમાં તેનો મોક્ષ અવશ્ય થશે, માટે ભગવાને તેને દીક્ષા અપાવેલ. તેથી ગોશાલકના કથન સાથે ખેડૂતને ઉત્કૃષ્ટથી આઠ ભવમાં સિદ્ધિ અવશ્ય થશે, એ કથનનો કોઈ વિરોધ નથી.

વળી આવશ્યકનિર્યુક્તિમાં ચારિત્રમાં આઠ ભવો થાય છે, એ વિષયમાં અન્ય આચાર્યો કહે છે કે અવિરાધનાવાળા ભવોને આશ્રયીને આવશ્યકનિર્યુક્તિમાં આઠમા ચારિત્રમાં મોક્ષ માન્યો છે. માટે ગોશાળો દશ ભવોમાં વિરાધનાયુક્ત ચારિત્ર પ્રાપ્ત કરશે, તેની ગણના થાય નહિ, પરંતુ જે આઠ ભવોમાં તે વિરાધના રહિત ચારિત્ર પ્રાપ્ત કરશે, તેનાથી જ તેની મુક્તિ થશે.

વળી અવિરાધના શું છે ? તે સ્પષ્ટ કરતાં અન્ય આચાર્યો કહે છે –

દીક્ષાના સ્વીકારથી માંડીને મરણ સુધી અતિચારરહિત ચારિત્રનું પાલન તે અવિરાધના છે, અને તેવી અવિરાધનાવાળા ચારિત્રના પાલનથી આઠ ભવમાં અવશ્ય મુક્તિ છે. વળી પોતાની વાતનું સમર્થન કરવા અન્ય આચાર્યો કહે છે કે આવશ્યકનિર્યુક્તિની વૃત્તિમાં દીક્ષાગ્રહણ કરાયેલા ભવોનું જ વ્યાખ્યાન કરેલું છે,

તેથી દીક્ષાગ્રહણ કરાયેલા આઠ ભવોને જ ગ્રહણ કરીને આઠમા ચારિત્રમાં મુક્તિ થાય છે, તેમ અર્થ કરવો જોઈએ, પરંતુ અવિરાધનાવાળા આઠમા ચારિત્રમાં મુક્તિ થાય છે તેવું વ્યાખ્યાન કરી શકાય નહિ, એમ ન કહેવું; કેમ કે આવશ્યકચૂર્ણિકાર વડે પણ આરાધનાપક્ષનું સમર્થન કરાયું છે અર્થાત્ આરાધનાયુક્ત આઠ ભવોમાં અવશ્ય મોક્ષ થાય છે તેમ સમર્થન કરાયું છે. તેથી વિરાધનાવાળા ચારિત્રને ગ્રહણ કરીને આઠમા ચારિત્રમાં મોક્ષ થાય છે તેમ સ્થાપન કરી શકાય નહિ. અન્ય આચાર્યના આ મતથી ગોશાલકને વિરાધનાયુક્ત ચારિત્રવાળા ભવોમાં ભાવથી ચારિત્રની પાપ્તિ થાય, તોપણ તે ભવ ગણાય નહિ, પરંતુ વિરાધના રહિત ચારિત્રવાળા ભવોને ગણીને આઠમા ચારિત્રમાં તેની મુક્તિ થશે, તેમ સ્થાપન થાય છે.

વળી અન્ય આચાર્યોએ કહ્યું તે પ્રમાણે નિયમ સ્વીકારીએ તો ભગવાન મહાવીર વડે અપાવાયેલ દીક્ષાવાળા ખેડૂતને ભાવથી ચારિત્રની પ્રાપ્તિ થયેલ હોવા છતાં તેવા ચારિત્રની ગણનાપૂર્વક આઠમા ચારિત્રમાં અવશ્ય તેની મુક્તિ થશે તેમ કહી શકાય નહિ, તોપણ તે ખેડૂતને જે ભાવચારિત્રની પ્રાપ્તિ થઈ તે મોક્ષનું બીજવિશેષ છે, અને તે મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે ભગવાને તેને ચારિત્ર આપ્યું. તેમ આચાર્ય પણ મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે અભ્યાસકર ચારિત્ર આપે છે, એ પ્રકારે અન્ય આચાર્યના મતાનુસાર પૂર્વના કથનનું યોજન કરવું.

આ કથનથી દીક્ષા આપવાના અધિકારી ત્રણ પ્રકારના જીવો પ્રાપ્ત થાય છે.

(૧) કેટલાક સત્ત્વશાળી જીવો ભવથી વિરક્ત થાય ત્યારે તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમને કારણે દેશવિરતિના પાલન વગર ચારિત્રની પ્રાપ્તિ કરે છે.

(૨) કેટલાક જીવો ભવથી વિરક્ત થયા પછી ભોગથી પરાઙ્મુખ ચિત્ત નહિ હોવાને કારણે દેશવિરતિના અભ્યાસથી શક્તિસંચય કર્યા પછી ચારિત્ર ગ્રહણ કરે છે.

(૩) કેટલાક જીવો ભવથી વિરક્ત થયા પછી ભોગના અભિલાષથી વિમુખ થયા છે, અને સર્વવિરતિ ગ્રહણ કરવા તત્પર થયા છે, તોપણ સર્વવિરતિ ગ્રહણ કરવાની સાથે ભાવચારિત્રને સ્પર્શી શકતા નથી, આમ છતાં ચારિત્રાચારના અભ્યાસના બળથી ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે. તેઓને પણ અભ્યાસકર ચારિત્ર આચાર્ય આપે છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે બીજવિશેષ માટે પણ અભ્યાસકર, ચારિત્ર અપાય છે. હવે અન્ય પ્રકારના કેટલાક જીવોને આશ્રયીને સામાન્ય બીજના આધાન માટે પણ દીક્ષા અપાય છે, તે ગ્રંથકારશ્રી વસ્તુતઃથી બતાવે છે.

ટીકા :-

वस्तुतः सामान्यबीजाधानार्थमपि दीक्षोपयुज्यत एव, एतस्या द्रव्यसम्यक्त्वादिक्रमेणासद्ग्रह-परित्यागधार्मिकजनानुरागविहितानुष्ठानाहितक्षयोपशमज्ञानावरणविगमबोधिवृद्ध्यादिगुणप्राप्तिपूर्वं परमदीक्षाप्राप्तिहेतुत्वस्य तत्र तत्र समर्थितत्वादिति द्रष्टव्यम् ।।१४८।।

ટીકાર્થ :-

વસ્તુતઃ સામાન્યબીજાધાનાર્થમપિ ..... દ્રષ્ટવ્યમ્ ।। વસ્તુતઃ સામાન્ય બીજાધાન માટે પણ દીક્ષા ઉપયોગી થાય છે જ; કેમ કે દ્રવ્યસમ્યક્ત્વાદિના ક્રમથી અસદ્ગ્રહનો પરિત્યાગ, ધાર્મિકજનનો અનુરાગ, વિહિત અનુષ્ઠાનથી આધાન થયેલ ક્ષયોપશમને કારણે જ્ઞાનાવરણનું વિગમન અને બોધિવૃદ્ધિ આદિ ગુણની પ્રાપ્તિપૂર્વક આના=દીક્ષાના, પરમદીક્ષાની પ્રાપ્તિના હેતુત્વનું ત્યાં ત્યાં=તે તે શાસ્ત્રોમાં, સમર્થિતપણું છે, એ પ્રમાણે જાણવું. ।।૧૪૮।।

❖ 'सामान्यबीजाधानार्थमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ટીકાના પ્રારંભમાં કહ્યું એ પ્રમાણે મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે તો અભ્યાસકર દીક્ષા ઉપયોગી છે, પરંતુ સામાન્ય બીજાધાન માટે પણ દીક્ષા ઉપયોગી છે.

❖ 'द्रव्यसम्यक्त्वादिक्रमेण'માં 'आदि' પદથી દ્રવ્યચારિત્રનું ગ્રહણ કરવું.

❖ 'बोधिवृद्ध्यादिगुणप्राप्तिपूर्वं'માં 'आदि' પદથી ચારિત્રની વૃદ્ધિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

મોક્ષના બીજવિશેષની સિદ્ધિ માટે યોગ્ય જીવોને અભ્યાસકર ચારિત્ર આચાર્ય આપે છે, તેમ ગાથામાં સ્થાપન કર્યું. હવે વસ્તુતઃથી અભ્યાસકર ચારિત્ર કરતાં અન્ય પ્રકારનું ચારિત્ર પણ યોગ્ય જીવોને આચાર્ય આપે છે, તે બતાવે છે –

અભ્યાસકર ચારિત્ર મોક્ષના બીજવિશેષરૂપ ભાવચારિત્રનું શીઘ્ર કારણ બને છે; કેમ કે અભ્યાસકર ચારિત્ર ગ્રહણ કરનારા જીવો સમ્યક્ત્વને પામેલા છે, ભવથી વિરક્ત છે અને ગુણવાન ગુરુને પરતંત્ર થઈને અનુષ્ઠાનમાં સમ્યગ્ ઉદ્યમ કરનારા છે.

વળી કેટલાક જીવો મુગ્ધ હોય છે, તેથી ભવથી વિરક્ત થયા પછી પણ ભગવાનના શાસનના સૂક્ષ્મ પરમાર્થને પામેલા હોતા નથી, આમ છતાં તપ-સંયમની રુચિવાળા હોય છે; અને તેવા મુગ્ધ જીવો સંયમને સ્વીકારવાના પરિણામવાળા થયા હોય તો આચાર્ય તેમને દીક્ષા આપે છે, જેથી તેઓ દીક્ષા ગ્રહણ કરીને દ્રવ્યસમ્યક્ત્વ અને દ્રવ્યચારિત્રના ક્રમથી સામાન્ય બીજાધાનો પ્રાપ્ત કરે છે અર્થાત્ દ્રવ્યસમ્યક્ત્વને ઉચ્ચરેલું હોવાથી સમ્યક્ત્વના આચારો પાળે છે, અને દ્રવ્યચારિત્ર ઉચ્ચરેલું હોવાથી ચારિત્રના આચારો પાળે છે, અને સમ્યક્ત્વના અને ચારિત્રના આચારોના પક્ષપાતપૂર્વક તે આચારોના સેવનથી સામાન્ય બીજાધાન થાય છે અર્થાત્ સમ્યક્ત્વકાળમાં અને ભાવચારિત્રકાળમાં જેવા પ્રકારના બીજવિશેષોનું આધાન થાય છે, તેવા બીજવિશેષોનું આધાન થતું નથી, પરંતુ સામાન્ય બીજનું આધાન થાય છે. એથી તેઓને ક્રમસર અસદ્ગ્રહનો પરિત્યાગ આદિ થાય છે અર્થાત્ આ સ્વીકારાયેલ સમ્યક્ત્વ અને સ્વીકારાયેલ ચારિત્ર આ રીતે સેવાયેલું મોહના ઉન્મૂલનનું કારણ છે, તે પ્રકારનો સૂક્ષ્મબોધ ગુણવાન ગુરુના પારતંત્ર્યથી ક્રમસર થાય છે, તેથી સૂક્ષ્મબોધને અભિમુખ પક્ષપાત વધે છે, અને સ્થૂલબોધને કારણે જે કંઈ અસદ્ગ્રહ વિદ્યમાન હતો, તે ક્ષીણ ક્ષીણતર થાય છે. આ રીતે અસદ્ગ્રહનો પરિત્યાગ થવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

વળી સહવર્તી એવા ધાર્મિકજનો પ્રત્યેનો અનુરાગ વધે છે, અને દર્શનાચાર અને ચારિત્રાચારના અનુષ્ઠાનથી આહિત ક્ષયોપશમ થાય છે, જેથી સૂક્ષ્મબોધના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયકર્મનું વિગમન થાય છે, જેથી ક્રમસર બોધિની પ્રાપ્તિ અને બોધિની વૃદ્ધિ થાય છે, અને ચારિત્રાચારના સેવનને કારણે ક્રમસર ચારિત્રની પ્રાપ્તિ અને ચારિત્રની વૃદ્ધિ થાય છે. આ રીતે સામાન્ય બીજ માટે અપાયેલ દીક્ષા પણ પરમદીક્ષાની પ્રાપ્તિનો હેતુ બને છે અર્થાત્ ભાવચારિત્રની પ્રાપ્તિપૂર્વક ક્રમસર અસંગઅનુષ્ઠાનરૂપ પરમદીક્ષાની પ્રાપ્તિનું કારણ બને છે, એ પ્રમાણે શાસ્ત્રોમાં તે તે સ્થાને સમર્થન કરાયેલું છે.

બીજાધાન

(૧) અપુનર્બંધક જીવો સમ્યક્ત્વના કે ચારિત્રના આચારો પાળે છે, ત્યારે તે આચારો પ્રત્યે જે પ્રીતિ છે તે પ્રીતિના આત્મામાં સંસ્કાર પડે છે, તે સામાન્ય બીજાધાન છે.

(૨) વળી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે, ભગવાનનું વચન સર્વ કલ્યાણને કરનારું છે અને સર્વકર્મરહિત આત્માની મુક્ત અવસ્થા સુંદર અવસ્થા છે અને તેની પ્રાપ્તિનો ઉપાય ભગવાનના વચનાનુસારની સર્વ પ્રવૃત્તિ છે, તેવી સ્થિર રુચિ પ્રગટે છે; અને તે સ્થિર રુચિના આત્મામાં જે સંસ્કારો પડે છે, તે સામાન્ય બીજાધાન કરતાં વિશેષ પ્રકારના બીજાધાનરૂપ છે.

(૩) વળી સમ્યક્ત્વ પામ્યા પછી સર્વવિરતિના શક્તિસંચય માટે દેશવિરતિનું પાલન કે પ્રતિમા આદિનું પાલન કરાય છે તે વખતે વિશેષ પ્રકારના તત્ત્વના સેવનના સંસ્કારો પડે છે, જે સમ્યક્ત્વકાલીન બીજાધાન કરતાં વિશેષ પ્રકારનું બીજાધાન છે.

(૪) વળી ભાવથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે ત્યારે તત્ત્વસંવેદનના જે સંસ્કારો પડે છે, તે મોક્ષના કારણીભૂત એવા બીજવિશેષો છે.

વળી ભાવચારિત્રને પામેલા જીવોને મોક્ષના કારણીભૂત બીજવિશેષોનું આધાન થાય છે, તે તત્ત્વજ્ઞાનના સંસ્કારરૂપ છે. તેમ સામાન્ય બીજાધાન માટે જેઓને દીક્ષા અપાય છે, તેઓ પણ જ્યારે બોધિ આદિ ગુણોની પ્રાપ્તિ દ્વારા ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે, ત્યારે તત્ત્વજ્ઞાનના સંસ્કારો પડે છે, અને આ તત્ત્વજ્ઞાનના સંસ્કારો પ્રકર્ષવાળા થાય છે, ત્યારે અસંગભાવની પ્રાપ્તિરૂપ પરમદીક્ષા પ્રાપ્ત થાય છે. **॥૧૪૮॥**

અવતરણિકા :-

अप्रतिपन्नदेशविरतेरभ्याससरूपदीक्षाग्रहणस्यैवोपपादकान्तरमाह –

અવતરણિકાર્થ :-

નહિ સ્વીકારાયેલ દેશવિરતિવાળા પુરુષને અભ્યાસરૂપ દીક્ષાગ્રહણના જ ઉપપાદકાન્તરને=ગાથા-૧૪૮માં અભ્યાસકર દીક્ષાની ઉપપાદક એક યુક્તિ બતાવી, હવે અભ્યાસકર દીક્ષાની ઉપપાદક બીજી યુક્તિને, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अट्ठाहिअवासाणं, बालाण वि इत्थ तेण अहिगारो ।
भणिओ एवं तित्थे, अव्वुच्छित्ती कया होइ ।।१४९।।

અન્વયાર્થ :-

તેણ=તેનાથી=બીજાધાનરૂપ હેતુથી, ઇત્થ=અહીં=દીક્ષામાં, અટ્ઠાહિઅવાસાણં બાલાણ વિ=આઠથી અધિક વર્ષવાળા બાળોને પણ, અહિગારો ભણિઓ=અધિકાર કહેવાયો છે, એવં=એ રીતે, તિત્થે=તીર્થવિષયક, અવ્વુચ્છિત્તી=અવ્યવચ્છિત્તિ, કયા હોઇ=કરાયેલી થાય છે. ।।૧૪૯।।

ગાથાર્થ :-

બીજાધાનરૂપ હેતુથી દીક્ષામાં આઠથી અધિક વર્ષવાળા બાળોને પણ અધિકાર કહેવાયો છે, એ રીતે તીર્થવિષયક અવ્યવચ્છિત્તિ કરાયેલી થાય છે. ।।૧૪૯।।

ટીકા :-

'अट्ठाहिअ'त्ति। तेन=बीजाधानेन हेतुना, अष्टाधिकवर्षाणां बालानामपि अत्र=दीक्षायाम्, अधिकारः भणितः सूत्रे, समर्थितश्च पञ्चवस्तुकादौ, उक्तक्रमनियमे तु नैतदुपपद्येत, एवं बालानामपि दीक्षाधिकारे तीर्थेऽव्यवच्छित्तिः कृता भवति ।।१४९।।

ટીકાર્થ :-

તેન ..... कृता भवति ।। તેનાથી=બીજાધાનરૂપ હેતુથી, સૂત્રમાં આઠથી અધિક વર્ષવાળા બાળોને પણ આમાં=દીક્ષામાં, અધિકાર કહેવાયો છે, અને પંચવસ્તુકાદિ ગ્રંથોમાં સમર્થન કરાયું છે. વળી ઉક્ત ક્રમના નિયમમાં=દેશવિરતિની તુલનાપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવા વિષયક પૂર્વમાં કહેવાયેલા નિયમમાં, વળી, આ=બાળોને દીક્ષાનો અધિકાર કહ્યો છે એ, ઉપપન્ન થતો નથી=ઘટતો નથી, આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, બાળોને પણ દીક્ષાના અધિકારમાં તીર્થવિષયક અવ્યવચ્છિત્તિ=સાધુપ્રધાન ચતુર્વિધ સંઘરૂપ તીર્થવિષયક અવ્યવચ્છિત્તિ, કરાયેલી થાય છે. ।।૧૪૯।।

❖ 'बालानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે યુવાનાદિને તો દીક્ષામાં અધિકાર છે, પરંતુ બાળોને પણ દીક્ષામાં અધિકાર છે.

અવતરણિકા :-

यतः –

અવતરણિકાર્થ :-

જે કારણથી=જે કારણથી ગાથામાં કહેવાય છે એમ છે તે કારણથી બાળને પણ દીક્ષાના અધિકારમાં તીર્થની અવ્યવચ્છિત્તિ કરાયેલી થાય છે, એમ પૂર્વગાથા સાથે 'यतः'નો સંબંધ છે.

ગાથા :-

आबालभावओ जे, गुरुपामूलाउ लद्धसिक्खदुगा ।
णिच्छयववहारविऊ, ते वट्टावंति तित्थठिइं ।।१५०।।

અન્વયાર્થ :-

જે=જેઓ, આબાલભાવઓ=બાલભાવથી માંડીને, ગુરુપામૂલાઉ=ગુરુ પાસેથી, લદ્ધસિક્ખદુગા=લબ્ધશિક્ષા-દ્વયવાળા છે, णिच्छयववहारविऊ તે=નિશ્ચય-વ્યવહારને જાણનારા એવા તેઓ, तित्थठिइं=તીર્થસ્થિતિને, वट्टावंति=પ્રવર્તાવે છે. ।।૧૫૦।।

ગાથાર્થ :-

જેઓ બાલભાવથી માંડીને ગુરુ પાસેથી લબ્ધશિક્ષાદ્વયવાળા છે, નિશ્ચય-વ્યવહારને જાણનારા એવા તેઓ તીર્થસ્થિતિને પ્રવર્તાવે છે. ।।૧૫૦।।

ટીકા :-

'आबालभावओ'त्ति। ये आबालभावतः=बाल्यमारभ्य, गुरुपादमूलात् लब्धशिक्षाद्विकाः=प्राप्तग्रहणाऽऽसेवनारूपशिक्षाद्वयास्ते, निश्चयव्यवहारविदः=गृहीतनयद्वयपरमार्थाः सन्त, तीर्थस्थितिं वर्त्तयन्ति नान्ये, ज्ञानाभ्यासाधीनत्वात्तत्प्रवर्त्तनस्य ।।१५०।।

ટીકાર્થ :-

ये आबालभावतः ..... प्रवर्त्तनस्य ।। જેઓ બાળપણથી માંડીને ગુરુ પાસેથી લબ્ધશિક્ષાદ્વયવાળા છે=ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ શિક્ષાદ્વયને પામેલા છે, નિશ્ચય-વ્યવહારને જાણનારા=ગ્રહણ કરાયેલા નિશ્ચય-વ્યવહારનયદ્વયના પરમાર્થવાળા છતા, તેઓ તીર્થની સ્થિતિને વર્તાવે છે=શ્રમણપ્રધાન એવા તીર્થની મર્યાદાને વર્તાવે છે, અન્ય નહિ; કેમ કે તેના પ્રવર્તનનું=તીર્થના પ્રવર્તનનું, જ્ઞાનાભ્યાસને આધીનપણું છે. ।।૧૫૦।।

ભાવાર્થ :-

ગાથા-૨૭-૨૮માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે દેશવિરતિના કંડકના સ્પર્શ વગર ચારિત્રની સ્પર્શના નથી, માટે વર્તમાનમાં જે ચારિત્ર ગ્રહણ કરાતું દેખાય છે તે પ્રતિમાપાલનના ક્રમથી નહિ હોવાથી યુક્ત નથી. તેનું નિરાકરણ કરતાં ગાથા-૧૪૬થી ૧૪૮ સુધીમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અભ્યાસકર ચારિત્ર પણ આચાર્ય આપે છે, તેથી પ્રતિમાપાલનનિયત દીક્ષા છે તેવો નિયમ નથી. હવે પ્રતિમાપાલનનિયત દીક્ષા છે તેવો નિયમ નથી, તેમાં અન્ય યુક્તિ બતાવે છે –

શાસ્ત્રમાં બીજાધાનરૂપ હેતુથી આઠ વર્ષથી અધિક ઉંમરવાળા બાળને પણ દીક્ષામાં અધિકાર કહ્યો છે, અને પંચવસ્તુ આદિ ગ્રંથોમાં તેનું સમર્થન કરાયું છે, અને પ્રતિમાપાલનપૂર્વક જ દીક્ષાગ્રહણનો એકાંત

નિયમ હોય તો બાળને દીક્ષામાં અધિકાર કહ્યો તે ઘટે નહિ; કેમ કે આઠ વર્ષ પછી તે દેશવિરતિને યોગ્ય બને અને ત્યારપછી પ્રતિમા આદિ પાલનકરવાપૂર્વક તે દીક્ષાનો અધિકારી બને તેમ સ્વીકારીએ તો આઠ વર્ષ પછી દીક્ષાને આપવાનું કહેનાર શાસ્ત્ર સંગત થાય નહિ. વળી બાળને દીક્ષાનો અધિકાર સ્વીકારવાથી ભગવાનના તીર્થનો અવ્યવચ્છેદ થાય છે; કેમ કે કોઈ યોગ્ય જીવ બાલઅવસ્થાથી માંડીને ગુરુ પાસે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરે તો શાસ્ત્રોના પરમાર્થને જાણનાર બને, અને તેના પરમાર્થને જાણનાર બન્યા પછી ગીતાર્થ થયેલા એવા તે સાધુ યોગ્ય જીવોને ભગવાનના શાસનનો પરમાર્થ બતાવીને પ્રતિબોધ કરશે, દીક્ષા આપશે અને ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તાવીને તે જીવોના સંસારના ઉચ્છેદનું કારણ બનશે. તેથી સંસારમાં રહેલા જીવોને તારવાનું કારણ બને તેવું તીર્થ આ ગીતાર્થ સાધુથી પ્રવર્તશે, અન્યથી નહિ; કેમ કે તીર્થનું પ્રવર્તન જ્ઞાનાભ્યાસને આધીન છે અર્થાત્ શાસ્ત્રના પરમાર્થને જેમણે સારી રીતે જાણ્યો છે અને જીવનમાં શાસ્ત્રના પરમાર્થને સારી રીતે આચર્યો છે અને અન્યને પણ તે માર્ગમાં પ્રવર્તાવી શકે તેવા સમર્થ છે, તેવા પુરુષને આધીન તીર્થનું પ્રવર્તન છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૧૪૬માં કહ્યું કે કેટલાક જીવો દેશવિરતિના પાલન વગર તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી સર્વવિરતિના પરિણામને દીક્ષા ગ્રહણ કરતાંની સાથે પ્રાપ્ત કરે છે. તેમ કેટલાક બાળજીવો પણ તેવા પ્રકારના ક્ષયોપશમવાળા હોય તો દીક્ષા ગ્રહણ કરતાંની સાથે ભાવથી ચારિત્રને પ્રાપ્ત કરે છે, આમ છતાં કેટલાક આરાધક એવા પણ બાળ અવસ્થાવાળા જીવો દીક્ષા ગ્રહણ કરતાંની સાથે ભાવથી ચારિત્રને પ્રાપ્ત કરતા નથી, તોપણ બીજાધાન માટે અભ્યાસકર ચારિત્ર તેઓને અપાય છે; અને આવા બાળ અવસ્થાવાળા જીવો નાની ઉંમરમાં આવેલા હોવાથી શાસ્ત્રના પારને પામનારા થાય તો તીર્થનો અવ્યવચ્છેદ કરવામાં તેઓ કારણ બને છે. ક્વચિત્ બાલઅવસ્થા પસાર કરીને આવેલા પણ પટુપ્રજ્ઞાવાળા હોય તો શાસ્ત્રના પારને પામનારા થાય છે, તેથી તેઓથી પણ તીર્થનો અવ્યવચ્છેદ થાય, તોપણ બાલઅવસ્થામાં જેઓ આવે છે, તેઓ શાસ્ત્રના પારને પામનારા થાય, તેવી સંભાવના અધિક છે. તેથી તેઓને દીક્ષા આપવાથી તીર્થનો અવ્યવચ્છેદ થાય છે, તેમ કહેલ છે. **॥૧૪૯-૧૫૦॥**

અવતરણિકા :-

तथा च यतनातिशयार्थमुक्ततुलनानियमादरेऽपि संयममात्रग्रहणं बीजाधानार्थमपीति सिद्धम्, अत्र च क्षयोपशमभेदेन गुणभेदेऽपि समश्रद्धाक्रियत्वं तीर्थप्रभावकतायामविशिष्टमङ्गमित्याह –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=ગાથા-૧૪૬થી ૧૫૦ સુધી બતાવ્યું તે રીતે, યતનાતિશય માટે ઉક્ત તુલનાના નિયમનો આદર હોવા છતાં પણ=દેશવિરતિના પાલનરૂપ તુલનાના નિયમનો આદર હોવા છતાં પણ, સંયમ માત્રનું ગ્રહણ=સંયમ સામાન્યનું ગ્રહણ, બીજાધાન માટે પણ છે એ પ્રમાણે સિદ્ધ થયું, અને આમાં=સંયમ માત્રના ગ્રહણમાં, ક્ષયોપશમના ભેદથી ગુણનો ભેદ હોવા છતાં પણ=કેટલાક જીવોને દીક્ષા ગ્રહણ કરતી વખતે અભ્યાસકર ચારિત્ર પ્રગટે તેવો ક્ષયોપશમ હોય છે, અને કેટલાક

જીવોને ક્ષયોપશમવિશેષને કારણે તે તે પ્રકારના વિશેષ ચારિત્રની પ્રાપ્તિ થાય તેવો ક્ષયોપશમ હોય છે, તેના કારણે દીક્ષા ગ્રહણ કરનાર જીવોમાં ગુણના ભેદની પ્રાપ્તિ હોવા છતાં પણ, સમશ્રદ્ધાક્રિયા-પણું=દીક્ષા લેનારા બધા જીવોમાં સમાન શ્રદ્ધા અને સમાન ક્રિયાપણું, તીર્થપ્રભાવકતામાં અવિશિષ્ટ અંગ છે=સમાન કારણ છે. એને કહે છે –

❖ 'उक्ततुलनानियमादरेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે યતનાતિશય માટે દેશવિરતિની તુલના ન સ્વીકારવામાં આવે તો તો સંયમમાત્રનું ગ્રહણ બીજાધાન માટે છે, પરંતુ યતનાતિશય માટે દેશવિરતિની તુલનાનો નિયમ સ્વીકારવા છતાં પણ સંયમમાત્રનું ગ્રહણ બીજાધાન માટે પણ છે.

❖ 'बीजाधानार्थमपि'માં 'अपि'થી એ કહેવું છે કે સંયમનું ગ્રહણ બીજવિશેષની સિદ્ધિ માટે તો છે, પરંતુ સંયમસામાન્યનું ગ્રહણ બીજાધાન માટે પણ છે.

❖ 'गुणभेदेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દીક્ષા ગ્રહણ કરનારા જીવોમાં ક્ષયોપશમના ભેદને કારણે ગુણભેદ ન હોય તો તો સમશ્રદ્ધાક્રિયાપણું છે, પરંતુ ક્ષયોપશમના ભેદને કારણે ગુણભેદમાં પણ સમશ્રદ્ધાક્રિયાપણું છે.

ભાવાર્થ :-

સર્વવિરતિ ગ્રહણ કરતાની સાથે સિંહની જેમ સર્વવિરતિનું પાલન થાય એ પ્રકારની યતનાના અતિશય માટે મંદ ક્ષયોપશમવાળા જીવોને પ્રતિમાના પાલનની તુલનાપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવાનો નિયમ સ્વીકારવામાં આવ્યો છે, તોપણ સંયમ સામાન્યનું ગ્રહણ યોગ્ય જીવોને બીજાધાન માટે પણ છે, એ પ્રમાણે ગાથા-૧૪૬થી ૧૫૦ સુધીના કથનથી સિદ્ધ થયું; અને જેઓ સંયમ ગ્રહણ કરે છે, તેઓમાં પણ રત્નત્રયી વિષયક ક્ષયોપશમનો ભેદ હોય છે, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી કોઈકને પ્રારંભિક ભૂમિકાનું અભ્યાસકર ચારિત્ર હોય છે, તો કોઈકને વિશિષ્ટ ભૂમિકાનું અભ્યાસકર ચારિત્ર હોય છે, તો વળી કોઈ અન્યને તે તે પ્રકારની ચારિત્રની આચરણા વિષયક વિશેષ ક્ષયોપશમ હોય છે, તેથી દીક્ષા ગ્રહણ કરેલા સાધુઓમાં પણ ગુણના ભેદની પ્રાપ્તિ છે. આમ છતાં સર્વ આરાધક સાધુઓમાં ભગવાનના વચનમાં સમાન શ્રદ્ધા અને સમાન ચારિત્રની આચરણા હોય છે, જેથી ભગવાનના શાસનની પ્રભાવના થાય છે. તેથી સાધુઓમાં રહેલી સમાન શ્રદ્ધા અને સમાન ક્રિયા સમાન રીતે તીર્થપ્રભાવકતાનું કારણ છે. માટે પૂર્વપક્ષીએ ગાથા-૨૭-૨૮માં કહેલ કે દેશવિરતિના પાલનપૂર્વક જ સર્વવિરતિના ગ્રહણનું શાસ્ત્રમાં વિધાન છે, અને વર્તમાનમાં પ્રતિમાના પાલનપૂર્વક દીક્ષા ગ્રહણ કરનારા દેખાતા નથી માટે દીક્ષા ગ્રહણ કરવી ઉચિત નથી, તે તેનું વચન અસંબદ્ધ છે; કેમ કે વર્તમાનમાં પણ જે આરાધક સાધુઓ છે, તેઓની સમાન શ્રદ્ધા અને સમાન ક્રિયા ભગવાનના તીર્થની વૃદ્ધિનું કારણ છે. માટે દીક્ષાગ્રહણનો નિષેધ કરવો ઉચિત નથી, એ બતાવવા માટે કહે છે –

ગાથા :-

जस्स जयावरणिज्जं, वुच्छिन्नं होइ तस्स सो उ गुणो ।
समसद्धाकिरिया पुण, तित्थस्स पभावगा हुंति ।।१५१।।

અન્વયાર્થ :-

જસ્સ=જેનું, જયાવરણિજ્જં=જે આવરણ, વુચ્છિન્નં=વિચ્છિન્ન, હોઇ=થાય છે, તસ્સ=તેને, સો ઉ ગુણો=તે જ ગુણ થાય છે, પુણ=વળી, સમસદ્ધાકિરિયા=સમશ્રદ્ધાક્રિયાવાળા એવા તે સાધુઓ, તિત્થસ્સ પભાવગા= તીર્થના પ્રભાવક, હુંતિ=થાય છે. ॥૧૫૧॥

ગાથાર્થ :-

જેનું જે આવરણ વિચ્છિન્ન થાય છે તેને તે જ ગુણ થાય છે. વળી સમશ્રદ્ધાક્રિયાવાળા એવા તે સાધુઓ તીર્થના પ્રભાવક થાય છે. ॥૧૫૧॥

ટીકા :-

'जस्स'त्ति । यस्य यदावरणं विच्छिन्नं भवति तस्य स एव गुणो भवति न तु सर्वगुणसम्पूर्णता, तस्याः सर्वचारित्रावरणक्षयाधीनत्वात्; अत एव यस्य वीर्यान्तरायचारित्रमोहभेदानां धर्मान्तरायाणां क्षयोपशमस्तस्यैवागारत्यागलक्षणा प्रव्रज्या नान्यस्य, यस्य च वेदलक्षणानां चारित्रावरणीयानां क्षयोपशमस्तस्य मैथुनविरतिलक्षणं केवलब्रह्मचर्यवासित्वं नान्यस्य, यस्य च चारित्रविशेषविषयवीर्यान्तरायलक्षणानां यतनावरणीयानां कर्मणां क्षयोपशमस्तस्य प्रतिपन्नचारित्रातिचारपरिहारार्थयतनाविशेषलक्षणः संयमो नान्यस्य, यस्य च भावचारित्ररूपाध्यवसानावरणीयानां कर्मणां क्षयोपशमस्तस्यैव शुभाध्यवसायवृत्तिलक्षणः संवरो नान्यस्येति भगवत्यामश्रुत्वाकेवल्यधिकारे व्यवस्थितम् । समश्रद्धाक्रियाः एकप्ररूपणाव्यवहाराः पुनः साधवो लोकानां बोधिबीजमादधानास्तीर्थस्य प्रभावका भवन्ति मूलगुणसाम्यात्, यत्किञ्चिद्गुणवैषम्यस्याप्रयोजकत्वाद् घटजनकदण्डेषु नीलपीतादिवैषम्यवत् ।।१५१।।

ટીકાર્થ :-

यस्य यदावरणं ..... नीलपीतादिवैषम्यवत् ।। જેનું=જે સાધુનું, જે આવરણ વિચ્છિન્ન થાય છે, તેને=તે સાધુને, તે જ ગુણ થાય છે, પરંતુ સર્વગુણસંપૂર્ણતા થતી નથી; કેમ કે તેનું=સર્વગુણસંપૂર્ણતાનું, સર્વચારિત્રઆવરણકર્મના ક્ષયને આધીનપણું છે. આથી જ=જે આવરણ જાય છે તે ગુણ પ્રગટે છે અન્ય નહિ આથી જ, જેને=જે સાધુને, વીર્યાંતરાય અને ચારિત્રમોહનીયના ભેદવાળા ધર્માંતરાયોનો ક્ષયોપશમ છે, તેને જ અગારત્યાગસ્વરૂપ પ્રવ્રજ્યા છે અન્યને નહિ; અને જેને=જે સાધુને, વેદલક્ષણ ચારિત્રાવરણનો ક્ષયોપશમ છે, તેને=તે સાધુને, મૈથુનની વિરતિસ્વરૂપ કેવલબ્રહ્મચર્યવાસીપણું છે અન્યને નહિ; અને જેને=જે સાધુને, ચારિત્રવિશેષવિષય વીર્યાંતરાયસ્વરૂપ યતનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે, તેને=તે સાધુને, સ્વીકારાયેલા ચારિત્રના અતિચારના પરિહાર માટે યતનાવિશેષરૂપ સંયમ છે, અન્યને નહિ; અને જેને ભાવચારિત્રરૂપ અધ્યવસાયને આવરનાર એવા કર્મનો ક્ષયોપશમ છે, તેને જ=તે સાધુને જ, શુભઅધ્યવસાયની વૃત્તિરૂપ સંવર છે અન્યને નહિ, એ પ્રકારે ભગવતી

સૂત્રમાં "અશ્રુત્વાકેવલી" અધિકારમાં=કેવલીપ્રજ્ઞપ્ત ધર્મના શ્રવણ વગર કેવલીએ બતાવેલા ધર્મની પ્રાપ્તિ થાય છે તેને બતાવનારા ભગવતીના અધિકારમાં, વ્યવસ્થિત છે. વળી સમશ્રદ્ધાક્રિયાવાળા=એક પ્રરૂપણા અને એક વ્યવહારરૂપ સમશ્રદ્ધાક્રિયાવાળા સાધુઓ, લોકના બોધિબીજને આધાન કરતા તીર્થના પ્રભાવક થાય છે; કેમ કે મૂળગુણનું સામ્ય છે=સર્વ આરાધક સાધુઓમાં સમાન પ્રરૂપણા અને સમાન આચરણારૂપ મૂળગુણ સમાન છે.

અહીં પ્રશ્ન થાય કે બધા સાધુઓમાં જુદા જુદા ક્ષયોપશમને કારણે જુદા જુદા ગુણો છે, તેથી બધાના ગુણોમાં વૈષમ્યને કારણે લોકોને બીજાધાનનું સમાન કારણ બધા સાધુઓ છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

ઘટજનક દંડમાં નીલપીતાદિ વૈષમ્યની જેમ યત્કિંચિત્ ગુણના વૈષમ્યનું=આરાધક સાધુઓમાં પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે ક્ષયોપશમના ભેદને કારણે ગુણનો ભેદ છે તેથી તેઓમાં યત્કિંચિત્ ગુણના વૈષમ્યનું, અપ્રયોજકપણું છે=લોકોને બીજાધાન કરવામાં વ્યાઘાતનું અપ્રયોજકપણું છે. ॥૧૫૧॥

ભાવાર્થ :-

ગાથા-૨૭-૨૮માં પૂર્વપક્ષીએ કહેલું કે દેશવિરતિના પાલન પછી સર્વવિરતિના ગ્રહણનો નિયમ છે, અને તે રીતે દીક્ષા ગ્રહણ કરતા જીવો વર્તમાનમાં દેખાતા નથી, માટે દીક્ષા ગ્રહણ કરવી ઉચિત નથી. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જેમ સત્ત્વશાળીને મહાસત્ત્વથી સંયમમાં પરાક્રમ ફોરવવા માટે તુલનાપૂર્વક સર્વવિરતિના ગ્રહણનો નિયમ છે, તેમ યોગ્ય જીવોને બીજાધાન માટે પણ દીક્ષા આપવાનો નિયમ છે. વળી આ રીતે ભિન્ન ભિન્ન પ્રકારના જીવો દીક્ષા ગ્રહણ કરીને ભિન્ન ભિન્ન ગુણોના આવારક કર્મોના ક્ષયોપશમને કારણે ભિન્ન ભિન્ન ગુણોવાળા પ્રાપ્ત થાય છે, તોપણ તે સર્વ સાધુઓની એક સમાન પ્રરૂપણા અને એક સમાન આચરણા લોકોના બોધિબીજનું કારણ બને છે. માટે આ રીતે બીજાધાન માટે પણ અપાયેલી દીક્ષા તીર્થપ્રભાવનાનું કારણ છે. તે બતાવવા માટે ભિન્ન ભિન્ન પ્રકારના ક્ષયોપશમને કારણે ચારિત્રને લેનારા જીવોમાં ભિન્ન ભિન્ન ગુણો પ્રગટ થાય છે, તે ભગવતીસૂત્રના 'અશ્રુત્વાકેવલી અધિકાર'માંથી ગ્રહણ કરીને બતાવે છે.

જે જીવોના જે કર્મોના આવરણો દૂર થાય છે, તે જીવોને તે જ ગુણ પ્રગટ થાય છે, બધા ગુણો પ્રગટ થતા નથી; કેમ કે સંપૂર્ણ ચારિત્રાવરણના ક્ષયથી જ બધા ગુણો પ્રગટ થાય છે. આથી જ –

(૧) જે જીવને ચારિત્રના આચારો પાળવામાં પ્રતિબંધક એવા વીર્યાંતરાયરૂપ અને ચારિત્રમોહનીયકર્મરૂપ ધર્માંતરાયનો ક્ષયોપશમ છે, તેને જ ગૃહવાસના ત્યાગલક્ષણ પ્રવ્રજ્યા છે, અન્યને નહિ.

આશય એ છે કે જેઓ અભ્યાસકર ચારિત્ર ગ્રહણ કરે છે, તેઓ પણ ભવથી વિરક્ત થયેલા છે. આથી જ જેઓએ ગૃહવાસના પ્રતિબંધને છોડીને કલ્યાણ માટે સંયમને ગ્રહણ કરેલ છે, તેઓને ગૃહવાસના ત્યાગને અનુરૂપ સાધ્વાચારના પાલનનું કારણ બને તેવો વીર્યાંતરાયનો અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ વર્તે છે. તેથી જેઓ ગૃહવાસને છોડીને ભાવથી સંયમપ્રાપ્તિને અનુકૂળ એવા અભ્યાસકર સાધ્વાચારોનું

સેવન કરે છે, તેઓને ગૃહવાસના ત્યાગલક્ષણ પ્રવ્રજ્યા છે. તેઓમાં જોકે સર્વ ભાવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ ભાવચારિત્ર નથી છતાં ભગવાનના વચનમાં શ્રદ્ધા અને ભગવાનના વચનાનુસાર આચારપાલન છે, જે આચારપાલન ક્રમે કરીને ભાવચારિત્રનું કારણ બનશે, અને તેઓની સમશ્રદ્ધાક્રિયા તીર્થપ્રભાવકતાનું અંગ છે. વળી અન્ય જીવોને ગૃહવાસના ત્યાગરૂપ પ્રવ્રજ્યા નથી, કદાચ આલોક આદિના સુખ માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરેલ હોય તોપણ પરમાર્થથી ભોગના સંશ્લેષરૂપ ગૃહવાસનો તેઓએ ત્યાગ કર્યો નથી, અને તેવા સાધુઓને ભગવાનના વચનમાં શ્રદ્ધા અને ભગવાનના વચનાનુસાર ચારિત્રાચારના પાલનરૂપ ક્રિયા સ્વરૂપ સમશ્રદ્ધાક્રિયાપણું નથી. તેથી તે સાધુઓ ભગવાનના શાસનના પ્રભાવક નથી, પરંતુ વેષવિડંબક છે.

(૨) વળી જે સાધુઓને વેદલક્ષણ ચારિત્રાવરણનો ક્ષયોપશમ છે, તે સાધુઓને મૈથુનની વિરતિરૂપ કેવલ બ્રહ્મચર્યવાસીપણું છે, અન્યને નહિ.

આશય એ છે કે જેઓએ વીર્યાંતરાય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને કારણે અગારવાસના ત્યાગરૂપ પ્રવ્રજ્યા પ્રાપ્ત કરી છે, તેઓમાં પણ કેટલાક જીવો વિશેષ પ્રકારના વેદલક્ષણ ચારિત્રાવરણના ક્ષયોપશમવાળા હોય છે, તેઓને મૈથુનની વિરતિરૂપ કેવલબ્રહ્મચર્યવાસીપણું છે. તેથી આ બીજા પ્રકારના જીવો જેમ અગારવાસનો ત્યાગ કરીને અભ્યાસકર ચારિત્ર પાળે છે, તેમ સુવિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરીને પ્રથમ પ્રકારના જીવો કરતાં વિશેષ પ્રકારના અભ્યાસકર ચારિત્રના પરિણામને સ્પર્શનારા હોય છે. તેથી પ્રથમ પ્રકારના જીવો કરતાં આ બીજા પ્રકારના જીવોનું અભ્યાસકર ચારિત્ર વિશેષ વિશુદ્ધ હોય છે, અને તેઓ સમશ્રદ્ધાક્રિયાવાળા હોવાને કારણે તીર્થના પ્રભાવક બને છે. વળી જેઓને વેદરૂપ ચારિત્રાવરણનો ક્ષયોપશમ નથી, એવા પ્રથમ પ્રકારના જીવો અગારવાસના ત્યાગરૂપ ચારિત્રને પામ્યા હોય તોપણ તે તે પ્રકારનાં નિમિત્તોને પામીને ઇષત્ જ્વલનરૂપ બ્રહ્મચર્યના અતિચારોને પણ પ્રાપ્ત કરે છે.

અહીં મૈથુનવિરતિલક્ષણ બ્રહ્મચર્યવાસિત્વ છે એમ ન કહેતાં કેવલ બ્રહ્મચર્યવાસિત્વ છે તેમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે ત્રીજા પ્રકારના સાધુઓ યતનાવરણીયકર્મનો ક્ષયોપશમ હોવાને કારણે પાંચે મહાવ્રતો વિષયક યતનાઓ કરે છે, જ્યારે આ બીજા પ્રકારના સાધુઓ વેદલક્ષણ ચારિત્રાવરણના ક્ષયોપશમવાળા હોવાને કારણે કેવલ બ્રહ્મચર્યવિષયક સૂક્ષ્મ યતનાઓ કરનારા છે; કારણ કે બધાં અવ્રતોમાં મૈથુન અત્યંત નિંદનીય છે, અને ગૃહવાસનો ત્યાગ કર્યા પછી જેઓને મૈથુન પ્રત્યે અત્યંત જુગુપ્સા છે તેઓને વેદલક્ષણ ચારિત્રાવરણનો ક્ષયોપશમ થયેલો છે, માટે તેઓ કેવલ બ્રહ્મચર્યની સૂક્ષ્મ યતનાઓ કરે છે, જ્યારે ત્રીજા પ્રકારના સાધુઓ સર્વ અવ્રતો પ્રત્યે તીવ્ર જુગુપ્સાવાળા છે, તેથી સર્વ વ્રતો વિષયક સૂક્ષ્મ યતનાઓ પાળે છે.

(૩) વળી જે સાધુઓને ચારિત્રવિશેષ વિષયક વીર્યાંતરાયલક્ષણ યતનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે, તે સાધુઓ સ્વીકાર કરેલા ચારિત્રના અતિચારના પરિહાર માટે યતનાવિશેષરૂપ સંયમનું પાલન કરે છે; અન્ય પ્રથમ બે પ્રકારના સાધુઓ તેવી યતના પાળી શકતા નથી.

આશય એ છે કે ભવથી વિરક્ત થયેલા, અગારવાસનો ત્યાગ કર્યો છે એવા, અને વેદલક્ષણ ક્ષયોપશમવાળા સાધુઓમાંથી કેટલાક સાધુમાં પાંચ મહાવ્રતોની આચરણામાં સૂક્ષ્મ યતના કરી શકે તેવો વીર્યાંતરાયનો ક્ષયોપશમ હોય છે. તેથી જે પાંચ મહાવ્રતો સ્વીકાર્યાં છે તે પાંચે મહાવ્રતોમાં કોઈ અતિચાર ન લાગે તે માટે

સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેઓમાં જોકે સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવનો પરિણામ વર્તે તેવો ભાવચારિત્રનો અધ્યવસાય પ્રગટ થયો નથી, તોપણ ચારિત્રાચારના પાલનમાં અતિચારોના પરિહારપૂર્વક અભ્યાસકર ચારિત્ર પાળીને આવા સાધુઓ ક્રમે કરીને ભાવચારિત્રને પ્રાપ્ત કરશે, અને વર્તમાનમાં ભાવચારિત્રની પ્રાપ્તિ થઈ નથી, તોપણ સમશ્રદ્ધાક્રિયા હોવાને કારણે તીર્થપ્રભાવક છે. વળી આ ત્રીજા પ્રકારના જીવોથી અન્ય એવા પ્રથમ બે પ્રકારના જીવો પણ અભ્યાસકર ચારિત્રવાળા છે, તોપણ તેઓને યતનાવરણીયકર્મનો ક્ષયોપશમ નથી, તેથી પાંચ મહાવ્રતોની સર્વ સૂક્ષ્મ યતનાઓ તેઓ કરી શકતા નથી.

(૪) વળી જે સાધુઓને ભાવચારિત્રરૂપ અધ્યવસાયને આવરનારાં કર્મોનો ક્ષયોપશમ છે, તે જ સાધુઓને શુભઅધ્યવસાયની વૃત્તિરૂપ સંવર છે, અન્યને નહિ.

આશય એ છે કે –

I કેટલાક સાધુઓ સંયમ ગ્રહણ કરે છે ત્યારે જ મહાસત્ત્વવાળા હોય છે, જેથી સ્વીકારેલા સામાયિકના પરિણામને અનુરૂપ શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવના પરિણામને ધારણ કરે છે, અને તે સમભાવના પરિણામથી પ્રેરાઈને સર્વ ઉચિત સાધ્વાચારનું પાલન કરે છે અને તે સાધ્વાચારના પાલનથી ઉત્તર-ઉત્તરના સમભાવની વૃદ્ધિ કરે છે.

II વળી કેટલાક સાત્ત્વિક પણ જીવો સમભાવને ઉલ્લસિત કરવા માટે મંદ ક્ષયોપશમવાળા હોવાથી દેશવિરતિના પાલનપૂર્વક પ્રતિમાઓને વહન કરે છે, અને સંચિત શક્તિવાળા થયા પછી સંયમ ગ્રહણ કરે છે. તેઓ પણ સંયમ ગ્રહણ કરતાંની સાથે ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે. તેઓ 'I' માં બતાવેલા સાધુઓની જેમ જ સમભાવને વહન કરે છે અને ક્રમસર સમભાવની વૃદ્ધિ કરે છે.

III વળી કેટલાક અભ્યાસકર ચારિત્ર પાળીને ભાવચારિત્રને પામે છે ત્યારપછી તેઓ પણ 'I' માં બતાવેલા સાધુઓની જેમ જ સમભાવને વહન કરે છે અને સાધ્વાચારના પાલનથી સમભાવની વૃદ્ધિ કરે છે.

આ ત્રણે પ્રકારના ભાવચારિત્રવાળા સાધુઓ સમભાવને વહન કરતા, ચારિત્રાચારને પાળતા, અસંગઅનુષ્ઠાનની શક્તિનો સંચય કરે છે, અને વીર્ય ઉલ્લસિત થાય તો ક્ષપકશ્રેણીને પણ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારનો વિભાગ ભગવતીસૂત્રમાં અશ્રુત્વાકેવલી અધિકારમાં વ્યવસ્થિત છે, અને આ રીતે જેઓ અભ્યાસકર ચારિત્ર પાળે છે અથવા જેઓ ભાવચારિત્ર વહન કરે છે, તે સર્વમાં ક્ષયોપશમના ભેદને કારણે ગુણનો ભેદ હોવા છતાં પણ સમશ્રદ્ધાક્રિયા છે=આ સર્વ સાધુઓ એક પ્રકારની પ્રરૂપણા કરે છે અને એક પ્રકારના સાધ્વાચારના પાલનરૂપ વ્યવહાર કરે છે, તેથી તે સર્વ સાધુઓ લોકોના બોધિબીજનો હેતુ બને છે, તેથી બધા સાધુઓ સમાન રીતે તીર્થપ્રભાવક થાય છે.

આશય એ છે કે અભ્યાસકર ચારિત્ર પાળનારા કે ભાવચારિત્રને વહન કરનારા સાધુઓ પણ માર્ગાનુસારી બુદ્ધિવાળા હોવાને કારણે ભગવાનના વચનના પદાર્થો જે રીતે ભગવાને કહ્યા છે તે જ રીતે કહે છે, તેથી

બધા સાધુઓની પ્રરૂપણા સમાન હોય છે. વળી અભ્યાસકર ચારિત્ર પાળનારા કે ભાવચારિત્ર પાળનારા સાધુઓ સાધ્વાચારની ક્રિયાઓ સમાન કરે છે અને તેઓની પ્રરૂપણાથી અને તેઓના આચારથી યોગ્ય જીવોમાં બોધિબીજનું આધાન થાય છે. તેથી ક્ષયોપશમના ભેદને કારણે ભિન્ન ગુણવાળા પણ સાધુઓ સમાન રીતે તીર્થપ્રભાવનાનું અંગ થાય છે; કેમ કે શુદ્ધ પ્રરૂપણા અને શુદ્ધ આચરણારૂપ મૂળગુણ બધામાં સમાન છે.

અહીં શંકા થાય કે જેઓ માત્ર અગારવાસના ત્યાગરૂપ જ ચારિત્રને પામ્યા છે, અને જેઓ ચારિત્રની સૂક્ષ્મ યતના કરનારા છે, અને જેઓ સર્વ ભાવો પ્રત્યે સમભાવને વહન કરનારા છે, તે સાધુઓમાં ગુણનો ભેદ છે. તેથી બધાની તીર્થપ્રભાવકતા પણ સમાન છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

જેમ –

ઘટજનક એવા દંડોમાં કોઈ દંડ નીલ હોય તો કોઈ દંડ પીત હોય તેટલા વૈષમ્યમાત્રથી તે દંડો ઘટજનનરૂપ કાર્યમાં કોઈ ભેદ કરતા નથી, પરંતુ ઘટજનનરૂપ કાર્ય સમાન કરે છે.

તેમ –

ભગવાનના વચનમાં સ્થિરશ્રદ્ધાવાળા અને ભગવાનના વચનાનુસાર ચારિત્રાચારનું પાલન કરનારા સાધુઓમાં કોઈકમાં ગુણની ન્યૂનતા હોય તોપણ અન્ય જીવોને બોધિબીજની પ્રાપ્તિનું સમાન કારણ થાય છે. તેથી જે અભ્યાસકર ચારિત્ર પણ અન્યના કલ્યાણનું કારણ થતું હોય તેવા ચારિત્રને ગ્રહણ કરીને, વર્તમાનમાં પ્રતિમાપાલન વગરના જીવોમાં ભાવચારિત્ર નથી, માટે ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, એમ જે પૂર્વપક્ષી કહે છે તે અસંગત છે.

અહીં વિશેષ એ છે કે સર્વ સાધુઓ સમાન પ્રભાવક હોતા નથી. આથી જ ધર્મકથી આદિ પ્રભાવક સાધુઓ જે રીતે લોકોના બીજાધાનનું કારણ થાય છે તે રીતે અન્ય સાધુઓ બીજાધાનનું કારણ થતા નથી. તેથી શાસનપ્રભાવનાને અનુકૂળ વિશિષ્ટ શક્તિવાળા, વિશિષ્ટ પુણ્યવાળા કે વિશિષ્ટ શ્રુતધરો જે રીતે પ્રભાવક થાય તે રીતે સર્વ સાધુઓ પ્રભાવક થતા નથી, તોપણ અહીં ભિન્ન દૃષ્ટિથી સર્વ સાધુઓને સમાન પ્રભાવક કહેલ છે.

કોઈ સાધુ દેશવિરતિના પાલનપૂર્વક સિંહની જેમ સંયમ ગ્રહણ કરે અને સિંહની જેમ ગુણવાનને પરતંત્ર થઈને સંયમ પાલન કરે તે સાધુ સંયમપાલન દ્વારા ભાવસંયમના પરિણામને વહન કરે છે.

વળી ભવથી વિરક્ત થયેલા કોઈ સાધુ ગુણવાનને પરતંત્ર થઈને અભ્યાસકર ચારિત્ર પાળતા હોય તે સાધુ ચારિત્રપાલનકાળમાં ભાવસંયમના પરિણામને વહન કરતા નથી. આમ છતાં દેશવિરતિના પાલનપૂર્વક આવેલા, ભાવસાધુપણાને વહન કરતા સાધુઓના આચારોને જોઈને જેમ યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાય છે, તેમ અભ્યાસકર ચારિત્ર પાળનારા સાધુને જોઈને પણ યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાય છે.

તેથી તે બંને પ્રકારના સાધુઓમાં તીર્થપ્રભાવકતા સમાન છે, એ દૃષ્ટિને સામે રાખીને અવતરણિકામાં કહેલ કે ક્ષયોપશમના ભેદને કારણે સાધુઓમાં ગુણભેદ હોવા છતાં પણ તે સાધુઓનું સમશ્રદ્ધાક્રિયાપણું તીર્થપ્રભાવનામાં અવિશિષ્ટ અંગ છે, અને તે કથન જ પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધથી કરેલ છે. માટે બધા સાધુઓને સમાન તીર્થપ્રભાવકતાનું કથન સાપેક્ષ હોવાને કારણે વિરોધી નથી. **॥૧૫૧॥**

અવતરણિકા :-

અથ યદુક્તં વ્યવહર્ત્તુર્દૌર્લભ્યેન વ્યવહારદૌર્લભ્યં સૂત્રોક્તસ્ય ગણનિક્ષેપાર્હસ્ય ગુરોરનુપલભ્યમાનત્વાદિતિ તદપવદન્નાહ –

અવતરણિકાર્થ :-

સૂત્રમાં કહેવાયેલા ગણનિક્ષેપયોગ્ય એવા ગુરુનું અનુપલભ્યમાનપણું હોવાથી વ્યવહાર કરનારનું દુર્લભપણું હોવાને કારણે વ્યવહારનું દુર્લભપણું છે, એ ગાથા-૨૯માં જે પૂર્વપક્ષી વડે કહેવાયું, તેનું અપવદન કરતાં=નિરાકરણ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૦માં બતાવેલા ગણનિક્ષેપયોગ્ય ગુરુના=ગચ્છ સોંપવા યોગ્ય ગુરુના, ગુણો મહાનિશીથસૂત્રમાં બતાવાયા છે, અને તેવા ગુણો અત્યારે સાધુઓમાં ઉપલબ્ધ નથી. તેથી પૂર્વપક્ષીએ મહાનિશીથનું તે વચન ગ્રહણ કરીને ગાથા-૨૯માં કહ્યું કે ગણનિક્ષેપયોગ્ય ગુરુ જ સંયમજીવનના ઉચિત આચારોમાં પ્રવર્તાવી શકે, અન્ય નહિ; અને ગણનિક્ષેપયોગ્ય એવા ગુરુનાં લક્ષણો શાસ્ત્રમાં લિપિથી મળે છે, પરંતુ વર્તમાનમાં કોઈ પુરુષમાં મળતાં નથી. તેથી સંયમજીવનના વ્યવહારને ચલાવવા માટે સમર્થ ગુરુ વર્તમાનમાં દુર્લભ છે, તેથી તેવા ગુરુના અભાવથી સંયમજીવનનો શાસ્ત્રોક્ત વ્યવહાર પણ દુર્લભ છે. વળી શાસ્ત્રાનુસારી સંયમજીવનનો વ્યવહાર જ કલ્યાણનું કારણ છે અન્ય નહિ, અને તેવા વ્યવહારના અભાવને કારણે વર્તમાનકાળની દીક્ષા કલ્યાણનું કારણ બને નહિ, માટે પણ દીક્ષા ગ્રહણ કરવી ઉચિત નથી; પરંતુ દીક્ષાનો પક્ષપાત કરીને આત્મશુદ્ધિમાં જ યત્ન કરવો જોઈએ, જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે.

ગાથા :-

कालोइअगुणजुत्ते, सुअभणिएक्काइगुणविहीणम्मि ।
गणणिक्खेवो जुत्तो, जं सक्खेवं इमं भणियं ।।१५२।।

અન્વયાર્થ :-

सुअभणिएक्काइगुणविहीणम्मि=સૂત્રમાં કહેવાયેલા ગુણોમાંથી એકાદ ગુણ હીન એવા પણ, कालोइअगुणजुत्ते=કાલઉચિત ગુણયુક્ત પુરુષમાં, गणणिक्खेवो=ગણનિક્ષેપ, जुत्तो=યુક્ત છે, जं=જે કારણથી, सक्खेवं=સાક્ષેપ, इमं=આ=આગળ કહેવાશે એ, भणियं=કહેવાયું છે. ।।૧૫૨।।

ગાથાર્થ :-

સૂત્રમાં કહેવાયેલા ગુણોમાંથી એકાદ ગુણ હીન એવા પણ કાલઉચિત ગુણયુક્ત પુરુષમાં ગણનિક્ષેપ યુક્ત છે, જે કારણથી સાક્ષેપ આગળ કહેવાશે એ કહેવાયું છે. ।।૧૫૨।।

ટીકા :-

'कालोइअ'त्ति। कालोचिताः=इदंयुगानुरूपा, ये गुणाः प्रतिरूपादयस्तैर्युक्ते श्रुतभणितानां गुणानां मध्यादेकादिगुणैर्विहीनेऽपि गणनिक्षेपो युक्तः, यत् साक्षेपं=सपूर्वपक्षं, एतद् भणितं व्यवहारभाष्ये ।।१५२।।

ટીકાર્થ :-

कालोचिताः ..... व्यवहारभाष्ये ।। શ્રુતમાં કહેવાયેલા ગુણોમાંથી એકાદ ગુણથી રહિત પણ કાલઉચિત= આ યુગને અનુરૂપ, જે પ્રતિરૂપાદિ ગુણો=સુંદર રૂપાદિ ગુણો, તેનાથી યુક્ત એવા પુરુષમાં ગણનિક્ષેપ યુક્ત છે=સાધુનો ગણ સોંપવો ઉચિત છે, જે સાક્ષેપ=પૂર્વપક્ષ સહિત, આ=આગળની ગાથાઓમાં બતાવાશે એ, વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૧૫૨।।

❖ 'प्रतिरुपादयः'માં 'आदि' પદથી તેજસ્વી આદિ ગુણોનું ગ્રહણ કરવું.

❖ 'विहीनेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે શ્રુતમાં કહેવાયેલા બધા ગુણો હોય તેવા સાધુમાં તો ગણનિક્ષેપ યોગ્ય છે, પરંતુ શ્રુતમાં કહેવાયેલા ગુણોમાંથી એકાદ ગુણ વિહીન પણ કાલઉચિત ગુણવાળામાં ગણનિક્ષેપ યુક્ત છે.

ભાવાર્થ :-

ગાથા-૩૦માં મહાનિશીથસૂત્રની સાક્ષી આપેલ, અને તેમાં બતાવેલ એવા ગુણોવાળા સાધુને આચાર્ય ગચ્છને ચલાવવાની અનુજ્ઞા આપે છે, અને એવા ગુણો વગરના સાધુને ગચ્છને ચલાવવાની અનુજ્ઞા આપવામાં આજ્ઞાભંગ છે, તેમ ગાથા-૩૦માં બતાવેલ. તે વચનનું અવલંબન લઈને પૂર્વપક્ષીએ કહેલ કે ગણનિક્ષેપયોગ્ય ગુરુ સર્વ સાધ્વાચારનો ઉચિત વ્યવહાર કરે છે, અને તે ગુરુના પ્રવર્તાવાયેલા સંયમના વ્યવહારથી તેમની નિશ્રામાં રહેલા સાધુઓ ચારિત્રના પરિણામને પ્રાપ્ત કરે છે અને વૃદ્ધિ કરે છે; અને વર્તમાનમાં ગચ્છને પ્રવર્તાવી શકે તેવા ગુણોવાળા ગુરુ દુર્લભ છે, અને તેવા ગુરુના અભાવને કારણે યથા તથા પ્રવર્તતો વ્યવહાર સંયમની વૃદ્ધિનું કારણ બને નહિ, માટે વર્તમાનમાં દીક્ષા ગ્રહણ કરવી ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વર્તમાનમાં પણ ગમે તેવા સાધુને ગણ સોંપી શકાય નહિ, અને ગણનિક્ષેપયોગ્ય ગુરુના ગુણોથી હીન એવા ગુરુને ગણ સોંપવામાં આવે તો તેવા ગુરુથી ભગવાને બતાવેલો વ્યવહાર સમ્યક્ પ્રવર્તે નહિ, અને યથા તથા સેવાયેલો વ્યવહાર કલ્યાણનું કારણ બને નહિ, તેમ જે પૂર્વપક્ષી કહે છે તે તેમ જ છે; તોપણ શ્રુતમાં કહેવાયેલા ગણનિક્ષેપયોગ્ય ગુરુના પ્રતિરૂપાદિ ગુણો છે, તે ગુણોમાંથી એકાદ ગુણ હીન હોય છતાં વર્તમાનકાળને અનુરૂપ ગુણોવાળા હોય તેવા સાધુમાં ગણનો નિક્ષેપ કરવો ઉચિત છે, અને તેવા સાધુમાં જે આચાર્ય ગણનો નિક્ષેપ કરે છે તે ગુરુ ભગવાને બતાવેલા શુદ્ધ

વ્યવહારમાં શિષ્યોને પ્રવર્તાવીને કલ્યાણની પ્રાપ્તિ કરાવી શકે છે. માટે વર્તમાનમાં પૂર્વના આચાર્યો જેવા ગુણો ન હોય તોપણ આ કાળને અનુરૂપ ગુણો હોય તો તે ગુરુ શિષ્યગણને સમ્યગ્ વ્યવહારમાં પ્રવર્તાવીને કલ્યાણની પ્રાપ્તિ કરાવી શકે છે. તેથી વર્તમાનમાં દીક્ષા ગ્રહણ કરવી ઉચિત નથી, તેમ કહેવાય નહિ. ॥૧૫૨॥

અવતરણિકા :-

इत आरभ्य षोडश व्यवहारगाथाः –

અવતરણિકાર્થ :-

અહીંથી માંડીને સોળ વ્યવહારભાષ્યની ગાથાઓ છે –

ભાવાર્થ :-

પૂર્વગાથાના અંતે કહ્યું કે જે કારણથી આ પૂર્વપક્ષ સહિત વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. તેથી હવે અહીંથી માંડીને વ્યવહારભાષ્યની સોળ ગાથાઓ ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

पुव्वं वण्णेऊणं, दीहपरिआयसंघयणसद्धं ।
दसपुव्वीए धीरे, मज्जाररुअं परूवणया ।।१५३।।

અન્વયાર્થ :-

दीहपरिआयसंघयणसद्धं दसपुव्वीए धीरे=દીર્ઘપર્યાય, સંઘયણ, શ્રદ્ધા, દશપૂર્વી, ધીર (એ પ્રમાણે આચાર્યપદયોગ્યના ગુણો), पुव्वं वण्णेऊणं=પૂર્વમાં વર્ણન કરીને (જે હમણાં પ્રરૂપણા કરો છો તે આ), मज्जाररुअं=બિલાડીના રુદન જેવી, परूवणया=પ્રરૂપણા છે. ।।૧૫૩।।

ગાથાર્થ :-

દીર્ઘપર્યાય, સંઘયણ, શ્રદ્ધા, દશપૂર્વી, ધીર એ પ્રમાણે આચાર્યપદયોગ્યના ગુણો પૂર્વમાં વર્ણન કરીને જે હમણાં પ્રરૂપણા કરો છો, તે આ બિલાડીના રુદન જેવી પ્રરૂપણા છે. ।।૧૫૩।।

ટીકા :-

'पुव्वं'ति। ननु पूर्वमाचार्यपदयोग्यस्य दीर्घः पर्यायो वर्णितः, संहननं चातिविशिष्टं, श्रद्धा च प्रवचनविषयात्युत्तमा, आगमतश्चाचार्यपदयोग्या जघन्यतोऽपि दशपूर्विकाः, तथा धीराः=बुद्धिचतुष्टयेन विराजमानाः ते, तत एवं पूर्वं वर्णयित्वा यदेवमिदानीं प्ररूपयथ यथा त्रिवर्षपर्याय आचारप्रकल्पधर उपाध्यायः स्थाप्यते, पञ्चवर्षपर्यायो दशाकल्पव्यवहारधर इत्यादि सैषा प्ररूपणा मार्जाररुतं, यथा मार्जारः पूर्वं महता शब्देनारटति पश्चाच्छनैः शनैर्यथा स्वयमपि श्रोतुं न शक्नोति, एवं त्वमपि

पूर्वमुच्चैः शब्दितवान् पश्चाच्छनैरिति सूरिराह-सत्यमेतत्, केवलं पूर्वमतिशयितवस्तुस्थितिमधिकृत्योक्तम्, सम्प्रति पुनः कालानुरूपं प्रज्ञाप्यत इत्यदोषः ।।१५३।।

ટીકાર્થ :-

ननु पूर्वमाचार्य ..... इत्यदोषः ।। 'ननु'થી પૂર્વપક્ષી કહે છે –

પૂર્વમાં આચાર્યપદયોગ્ય સાધુનો દીર્ઘપર્યાય વર્ણન કરાયો અને સંઘયણ અતિવિશિષ્ટ કહેવાયું અને પ્રવચનના વિષયવાળી અતિઉત્તમ શ્રદ્ધા કહેવાઈ, અને આગમને આશ્રયીને આચાર્યપદયોગ્ય જઘન્યથી પણ દશપૂર્વી સાધુ કહેવાયા, અને ધીર એવા=બુદ્ધિચતુષ્ટયથી શોભતા એવા, તેઓ=દશપૂર્વી, આચાર્યપદયોગ્ય છે, આ રીતે પૂર્વમાં વર્ણન કરીને=આચાર્યપદયોગ્ય કેવા સાધુ જોઈએ એ પ્રમાણે પૂર્વમાં વર્ણન કરીને, ત્યારપછી જે આ પ્રમાણે હમણાં પ્રરૂપણા કરો છો.

તે પ્રરૂપણા 'यथा'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે ત્રણ વર્ષના પર્યાયવાળા, આચારપ્રકલ્પને ધારણ કરનારા=આચારપ્રકલ્પ નામના ગ્રંથને ભણેલા સાધુ, ઉપાધ્યાયપદે સ્થાપન કરાય છે, પાંચ વર્ષના પર્યાયવાળા, દશાકલ્પવ્યવહારને ધારણ કરનારા=દશાકલ્પવ્યવહાર ગ્રંથને ભણેલા સાધુ, આચાર્યપદે સ્થાપન કરાય છે ઇત્યાદિ જે હમણાં પ્રરૂપણા કરો છો, તે આ પ્રરૂપણા બિલાડીનું રુદન છે.

તે પ્રરૂપણા બિલાડીનું રુદન કેમ છે ? તે 'यथा'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે બિલાડી પૂર્વમાં=રુદનના પ્રારંભમાં, મોટા શબ્દથી રડે છે, પાછળથી ધીમે ધીમે રડે છે, જે પ્રમાણે સ્વયં પણ સાંભળવા માટે સમર્થ નથી, એ પ્રમાણે તમે પણ પૂર્વમાં=આચાર્યપદયોગ્ય પુરુષની પ્રરૂપણાના પ્રારંભમાં, મોટા શબ્દથી બોલ્યા=આચાર્યપદયોગ્યનું મોટા ગુણોથી વર્ણન કર્યું, પાછળથી ધીમેથી=નાના ગુણોથી વર્ણન કર્યું. 'इति' શબ્દ 'ननु'થી શરૂ કરેલ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિમાં છે.

સૂરિ કહે છે –

આ સત્ય છે=પૂર્વમાં આચાર્યપદયોગ્યના મોટા ગુણો છે એમ ગ્રંથકારશ્રીએ કહ્યું અને પાછળથી નાના ગુણો કહ્યા તે બિલાડીનું રુદન છે એ કહ્યું એ સત્ય છે, ફક્ત પૂર્વમાં અતિશયિત વસ્તુસ્થિતિને આશ્રયીને કહેવાયું=પૂર્વકાળના સાધુઓમાં અતિશયવાળી ગુણસંપત્તિરૂપ વસ્તુસ્થિતિને આશ્રયીને મોટા ગુણોવાળા આચાર્યપદ યોગ્ય છે એમ કહેવાયું, હાલમાં વળી કાળને અનુરૂપ પ્રરૂપણા કરાય છે=કાળને અનુરૂપ આચાર્યપદયોગ્ય પુરુષના ગુણો પ્રરૂપણા કરાય છે, એથી અદોષ છે=પૂર્વ કરતાં નાના ગુણોને આશ્રયીને વર્તમાનમાં આચાર્યપદયોગ્ય પુરુષનું વર્ણન કર્યું તેમાં દોષ નથી. ।।૧૫૩।।

❖ 'जघन्यतोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉત્કૃષ્ટથી તો ચૌદપૂર્વધર આચાર્યપદને યોગ્ય છે, પરંતુ જઘન્યથી પણ દશપૂર્વધર આચાર્યપદને યોગ્ય છે, ન્યૂન નહીં.

❖ 'स्वयमपि'માં 'अपि'થી એ કહેવું છે કે બિલાડીનું ધીમું રડવું અન્ય તો ન સાંભળી શકે, પરંતુ સ્વયં પણ ન સાંભળી શકે તેવું રડે છે.

❖ 'त्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે બિલાડી તો મોટેથી રડીને પછી ધીમેથી રડે છે, તેમ તમે પણ પ્રથમ મોટેથી કહીને પછી ધીમેથી કહો છો.

ભાવાર્થ :-

આચાર્યપદને યોગ્ય સાધુ ૩૬ વર્ષના પર્યાયવાળા છે એ પ્રમાણે પૂર્વમાં વ્યવહારભાષ્યમાં વર્ણન કર્યું. વળી કહ્યું કે આચાર્યપદને યોગ્યમાં સંઘયણ પણ અતિ વિશિષ્ટ હોય, જેથી ઉપસર્ગો અને પરિષહોમાં પણ ચલાયમાન ન થાય, અને પ્રવચનના વિષયમાં શ્રદ્ધા પણ અતિ ઉત્તમ હોય, જેથી ભગવાનના શાસનની પ્રરૂપણા કોઈ વિષમ સંયોગમાં પણ અન્યથા ન કરે, અને પ્રાણના ભોગે પણ ભગવાનના શાસનના માલિન્યમાં નિમિત્ત ન બને. આવા સાધુ આચાર્યપદવીને યોગ્ય છે. વળી આગમ આશ્રયીને જઘન્યથી પણ દશપૂર્વ ભણેલા હોય અને ચાર બુદ્ધિથી શોભતા હોય તેઓ જ આચાર્યપદવીને યોગ્ય છે. આ પ્રમાણે પૂર્વમાં વર્ણન કરીને પછી આચાર્યપદવીને યોગ્ય કેવા હોય તેની પ્રરૂપણા કરતાં કહ્યું કે ત્રણ વર્ષના પર્યાયવાળા અને આચારપ્રકલ્પ નામના ગ્રંથના પરમાર્થને જાણનારા હોય તેને ઉપાધ્યાયપદે સ્થાપન કરાય, અને પાંચ વર્ષના પર્યાયવાળા હોય અને દશાકલ્પવ્યવહાર ગ્રંથના પરમાર્થને જાણનારા હોય તેમને આચાર્યપદે સ્થાપન કરાય, ઇત્યાદિ જે કથન કર્યું તે પૂર્વના આચાર્યપદયોગ્યના કથન કરતાં ઘણી ન્યૂન ભૂમિકાવાળું છે. તેથી આ વચન અસંબદ્ધ છે એમ પૂર્વપક્ષી શંકા કરે છે. તેને ઉત્તર આપતાં આચાર્ય કહે છે –

પૂર્વમાં સાધુઓ ઘણા અતિશયવાળા હતા, તેથી તે અવસ્થામાં આચાર્યપદવીને યોગ્ય તે સાધુઓમાં જે વિશિષ્ટ ગુણવાળા હોય તેઓ જ આચાર્ય બને. તેથી પૂર્વમાં દીર્ઘ સંયમપર્યાય અને દશપૂર્વનું જ્ઞાન વગેરે આચાર્ય માટે અપેક્ષિત છે, વર્તમાનમાં વર્તમાનકાળને અનુરૂપ જ્ઞાન વગેરે અપેક્ષિત છે, તેથી કોઈ વિરોધ નથી. **॥૧૫૩॥**

અવતરણિકા :-

तथा चात्र दृष्टान्तानाह –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=પૂર્વમાં અતિશયવાળી વસ્તુસ્થિતિ હતી, તેથી આચાર્યપદને યોગ્યના ગુણો મોટા બતાવ્યા, અને વર્તમાનમાં અનતિશયવાળી વસ્તુસ્થિતિ છે તેને આશ્રયીને આચાર્યપદને યોગ્યના નાના ગુણો બતાવ્યા તે રીતે, આમાં=પૂર્વની આચાર્યપદની યોગ્યતામાં અને વર્તમાનમાં આચાર્યપદની યોગ્યતામાં, દૃષ્ટાંતોને કહે છે –

ગાથા :-

पुक्खरिणी आयारे आणयणा तेणगा य गीयत्थे ।
आयरियम्मि उ एए, आहरणा हुंति णायव्वा ।।१५४।।

सत्थपरिन्ना छक्कायअहिगमे पिंड उत्तरज्झाए ।
रुक्खे अ वसभ गोवो, जोहा सोही अ पुक्खरिणी ।।१५५।।

अन्वयार्थ :-

आयरियम्मि=આચાર્યપદની યોગ્યતામાં, पुक्खरिणी=વાવડી, आयारे आणयणा=આચારાંગમાં આનયન=નવમા પૂર્વમાંથી આચારપ્રકલ્પનું આચારાંગમાં આનયન, तेणगा=ચોરો, गीयत्थे=ગીતાર્થ, सत्थपरिन्ना छक्कायअहिगमे=શસ્ત્રપરિજ્ઞાના સ્થાને છકાયઅધિગમ=શસ્ત્રપરિજ્ઞાના સ્થાને છજીવનિકાય અધ્યયન, पिंड=પિંડ, उत्तरज्झाए=ઉત્તરાધ્યયન, रुक्खे=વૃક્ષ, वसभ=વૃષભ, गोवो=ગોપ=ગાયોનું જૂથ, जोहा=યોદ્ધાઓ, सोही=શોધિ, अ=અને, पुक्खरिणी=વાવડી, एए आहरणा=આ ઉદાહરણો, णायव्वा हुंति=જ્ઞાતવ્ય છે. ।।૧૫૪-૧૫૫।।

ગાથાર્થ :-

આચાર્યપદની યોગ્યતામાં વાવડી, નવમા પૂર્વમાંથી આચારપ્રકલ્પનું આચારાંગમાં આનયન, ચોરો, ગીતાર્થ, શસ્ત્રપરિજ્ઞાના સ્થાને છજીવનિકાય અધ્યયન, પિંડ, ઉત્તરાધ્યયન, વૃક્ષ, વૃષભ, ગાયોનું જૂથ, યોદ્ધાઓ, શોધિ અને વાવડી આ ઉદાહરણો જ્ઞાતવ્ય છે. ।।૧૫૪-૧૫૫।।

अवतरणिका :-

तत्र पुष्करिण्याहरणं तावद् भावयति –

अवतरणिकार्थ :-

ત્યાં=પૂર્વગાથામાં તેર ઉદાહરણો બતાવ્યાં તેમાં, વાવડીના ઉદાહરણને ભાવન કરે છે –

ગાથા :-

पुक्खरिणीओ पुव्विं, जारिसयाओ ण तारिसा इण्हिं ।
तह वि य ता पुक्खरिणीओ, हवंति कज्जाइं कीरंति ।।१५६।।

अन्वयार्थ :-

पुव्विं=પૂર્વમાં, जारिसयाओ पुक्खरिणीओ=જેવા પ્રકારની વાવડીઓ વર્ણન કરાઈ છે, तारिसा=તેવા પ્રકારની, इण्हिं ण=હમણાં નથી, तह वि=તોપણ, ता पुक्खरिणीओ हवंति=તે વાવડીઓ છે, य=અને, कज्जाइं कीरंति=કાર્યો કરાય છે=તે વાવડીઓ વડે કાર્યો કરાય છે. ।।૧૫૬।।

ગાથાર્થ :-

પૂર્વમાં જેવા પ્રકારની વાવડીઓ વર્ણન કરાઈ છે, તેવા પ્રકારની હમણાં નથી, તોપણ તે વાવડીઓ છે અને તે વાવડીઓ વડે કાર્યો કરાય છે. ।।૧૫૬।।

ટીકા :-

'पुक्खरिणीउ'त्ति। पूर्वं=सुषमाकाले, यादृश्यः पुष्करिण्यो जम्बूद्वीपप्रज्ञप्तौ वर्ण्यन्ते इदानीं न तादृश्यस्तथापि च ताः पुष्करिण्यो भवन्ति कार्याणि च ताभिः क्रियन्ते ।।१५६।।

ટીકાર્થ :-

'पूर्वं' सुषमाकाले ..... क्रियन्ते ।। પૂર્વમાં=સુષમાકાલમાં, જેવા પ્રકારની વાવડીઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં વર્ણન કરાઈ છે, હમણાં તેવા પ્રકારની નથી=તેવા પ્રકારની વાવડીઓ નથી, તોપણ તે વાવડીઓ છે, અને તેણીઓ વડે=તે વાવડીઓ વડે, કાર્યો કરાય છે. ।।૧૫૬।।

ભાવાર્થ :-

સુષમાકાલમાં જેવા પ્રકારની મોટી વાવડીઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં વર્ણન કરાઈ છે, તેવી વાવડીઓ હમણાં નથી, પરંતુ નાની વાવડીઓ છે; તોપણ તે વાવડીઓ કહેવાય છે, અને તે વાવડીઓથી વાવડીઓનાં કાર્યો થાય છે.

તેમ –

પૂર્વમાં ઘણા ગુણસંપન્ન સાધુઓ હતા, તેથી જઘન્યથી પણ દશપૂર્વધર, બુદ્ધિચતુષ્ટયથી શોભતા વગેરે ગુણોવાળાને આચાર્યપદયોગ્ય કહેલ છે, અને હમણાં કાળને અનુરૂપ પાંચ વર્ષના પર્યાયવાળા અને દશાકલ્પવ્યવહારને ધારણ કરનારા વગેરે ગુણોવાળાને આચાર્યપદયોગ્ય કહેલ છે. વળી જેમ વર્તમાનની નાની વાવડીઓથી વાવડીઓનાં કાર્યો થાય છે, તેમ વર્તમાનમાં આવા અલ્પગુણ ધારણ કરનારા આચાર્યથી પણ ગચ્છવહનરૂપ કાર્ય થાય છે. માટે વાવડીના દૃષ્ટાંતથી પૂર્વના આચાર્યપદને યોગ્યના ગુણોમાં અને વર્તમાનના આચાર્યપદને યોગ્યના ગુણોમાં જે ભેદની પ્રાપ્તિ છે, તેમાં દોષ નથી. **॥૧૫૬॥**

અવતરણિકા :-

आचारप्रकल्पानयनाहरणमाह –

અવતરણિકાર્થ :-

આચારપ્રકલ્પના આનયનના દૃષ્ટાંતને કહે છે –

ભાવાર્થ :-

નવમા પૂર્વમાંથી આચારપ્રકલ્પનું આનયન હોવાથી પૂર્વોનાં શાસ્ત્રોથી જેમ સંયમની શુદ્ધિ થતી હતી, તેમ વર્તમાનમાં આચારપ્રકલ્પથી સંયમની શુદ્ધિ થાય છે, તે દૃષ્ટાંતથી બતાવે છે.

ગાથા :-

आयारपकप्पो या, नवमे पुव्वम्मि आसि सोही अ ।
तत्तो च्चिय निज्जूढो, इयाणि तो इह स किं न भवे ।।१५७।।

અન્વયાર્થ :-

આયારપકપ્પો=આચારપ્રકલ્પ, નવમે પુવ્વમ્મિ=નવમા પૂર્વમાં, આસિ=હતો, અ=અને (તેનાથી), યા સોહી=જે શુદ્ધિ થતી હતી, તત્તો ચ્ચિય=તેનાથી જ=નવમા પૂર્વથી જ, નિજ્જૂઢો=નિર્યૂઢ=ઉદ્ધૃત, ઇયાણિ=હમણાં, ઇહ=અહીં=આચારાંગમાં, સ=આ છે=આચારપ્રકલ્પ છે, તો=તેનાથી=તે આચારપ્રકલ્પથી, કિં ન ભવે=શું ન થાય ?=શું શુદ્ધિ ન થાય ? ।।૧૫૭।।

ગાથાર્થ :-

આચારપ્રકલ્પ નવમા પૂર્વમાં હતો, અને તેનાથી જે શુદ્ધિ થતી હતી, તેનાથી જ ઉદ્ધૃત હમણાં આચારાંગમાં આચારપ્રકલ્પ છે, તે આચારપ્રકલ્પથી શું શુદ્ધિ ન થાય ? ।।૧૫૭।।

ટીકા :-

'आयार'त्ति। आचारप्रकल्पः पूर्वं नवमे पूर्वे आसीत्, शोधिश्च ततोऽभवत्, इदानीं पुनः, इह= चाराङ्गे, तत एव=नवमात्पूर्वात्, निर्यूढस्ततः किमेष आचारप्रकल्पो न भवति ? किं वा ततः शोधिर्नोपजायते ?, एषोऽप्याचारकल्पः शोधिश्चास्मादविशिष्टा भवतीति भावः ।।१५७।।

ટીકાર્થ :-

आचारप्रकल्पः ..... भवतीति भावः ।। પૂર્વે નવમા પૂર્વમાં આચારપ્રકલ્પ હતો, અને તેનાથી=નવમા પૂર્વમાં રહેલા આચારપ્રકલ્પથી, સાધુને શુદ્ધિ થતી હતી. હમણાં વળી અહીં=આચારાંગમાં, તેનાથી જ=નવમા પૂર્વથી જ, ઉદ્ધૃત આચારપ્રકલ્પ છે. તેથી શું આ આચારપ્રકલ્પ નથી ? અથવા શું તેનાથી=આચારાંગમાં રહેલા આચારપ્રકલ્પથી, શુદ્ધિ થતી નથી ? અર્થાત્ આ પણ આચારપ્રકલ્પ છે અને આનાથી=આચારાંગમાં રહેલા આચારપ્રકલ્પથી, અવિશિષ્ટ શુદ્ધિ થાય છે, એ પ્રકારનો ભાવ છે. ।।૧૫૭।।

❖ 'एषोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વે નવમા પૂર્વમાં જે આચારપ્રકલ્પ હતો તે તો આચારપ્રકલ્પ છે, પરંતુ હમણાં આચારાંગસૂત્રમાં આચારપ્રકલ્પ છે એ પણ આચારપ્રકલ્પ છે.

ભાવાર્થ :-

પૂર્વે નવમા પૂર્વમાં સાધુના આચારોને કહેનાર આચારપ્રકલ્પ નામનો વિભાગ હતો, અને તે વિભાગના વચન અનુસાર સાધુઓ આચારમાં પ્રવૃત્તિ કરીને સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરતા હતા. વર્તમાનમાં નવમા પૂર્વમાંથી ઉદ્ધૃત કરાયેલો તે આચારપ્રકલ્પ નામનો વિભાગ આચારાંગસૂત્રમાં છે. તેથી પૂર્વે નવમા પૂર્વમાં રહેલા આચારપ્રકલ્પ નામના વિભાગમાં જે વિસ્તારથી વર્ણન હતું તે જ વર્તમાનમાં કાળને અનુરૂપ સંગ્રહ કરીને આચારાંગસૂત્રમાં સ્થાપિત છે. તેથી આચારાંગસૂત્રમાં રહેલા તે આચારપ્રકલ્પથી સાધુઓ પૂર્વની જેમ જ અવિશિષ્ટ શુદ્ધિ કરી શકે છે=પૂર્વે નવમા પૂર્વમાં રહેલા આચારપ્રકલ્પથી સાધુઓ જેવી શુદ્ધિ કરી શકતા

હતા, તેવી જ શુદ્ધિ વર્તમાનમાં પણ અપ્રમાદી સાધુઓ આચારપ્રકલ્પથી કરી શકે છે. તેથી પૂર્વનું વિસ્તૃત આચારપ્રકલ્પ જેમ સંયમની શુદ્ધિનું કારણ હતું, તેમ વર્તમાનમાં અવિસ્તૃત પણ આચારપ્રકલ્પ સંયમની શુદ્ધિનું કારણ છે. તેની જેમ પૂર્વમાં મહાગુણોવાળા આચાર્ય આચાર્યપદવીને પામીને ગણનો વ્યવહાર પ્રવર્તાવતા હતા, તેમ વર્તમાનમાં વર્તમાનકાળને અનુરૂપ ગુણોવાળા સાધુ આચાર્યપદને પામીને ગણનો વ્યવહાર પ્રવર્તાવે છે. **॥૧૫૭॥**

અવતરણિકા :-

स्तेनकदृष्टान्तभावनार्थमाह –

અવતરણિકાર્થ :-

ચોરના દૃષ્ટાંતના ભાવન માટે કહે છે –

ગાથા :-

तालुग्घाडणिओसोवणाइविज्जाहि तेणगा आसि ।
इण्हिं ताओ न संति, तहावि किं तेणगा ण खलु ।।१५८।।

અન્વયાર્થ :-

तालुग्घाडणिओसोवणाइविज्जाहि=તાલોદ્ઘાટિની, અવસ્વાપિની આદિ વિદ્યાથી યુક્ત, तेणगा=ચોરો, आसि=હતા, इण्हिं=હમણાં, ताओ=તેણીઓ=તાલોદ્ઘાટિની આદિ વિદ્યાઓ, न सन्ति=નથી, तहावि=તોપણ, किं तेणगा ण=શું ચોરો નથી ? ॥૧૫૮॥

ગાથાર્થ :-

તાલોદ્ઘાટિની, અવસ્વાપિની આદિ વિદ્યાથી યુક્ત ચોરો હતા, હમણાં તાલોદ્ઘાટિની આદિ વિદ્યાઓ નથી, તોપણ શું ચોરો નથી ? ॥૧૫૮॥

ટીકા :-

'तालुग्घाडणि'त्ति । पूर्वं स्तेनकाः चौरा विजयप्रभवादयस्तालोद्घाटिन्यवस्वापिन्यादिविद्याभिरुपेता आसीरन्, ताश्च विद्या इदानीं न सन्ति, तथापि किं खलु स्तेनका न भवन्ति ? भवन्त्येव, तैरपि परद्रव्यापहरणादिति भावः ।।१५८।।

ટીકાર્થ :-

पूर्वं स्तेनकाः ..... परद्रव्यापहरणादिति भावः।। **પૂર્વે વિજય-પ્રભવાદિ ચોરો તાલોદ્ઘાટિની, અવસ્વાપિની આદિ વિદ્યાઓથી યુક્ત હતા, અને તે વિદ્યાઓ હમણાં નથી, તોપણ શું ચોરો નથી ? અર્થાત્ છે જ; કેમ કે તેઓ વડે પણ=હમણાંના ચોરો વડે પણ, પરદ્રવ્યનું અપહરણ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૧૫૮॥**

❖ 'विजयप्रभवादयः'માં 'आदि' પદથી રોહણીચોરનું ગ્રહણ કરવું.

❖ 'तालोद्घाटिन्यवस्वापिन्यादिविद्याभिः'માં 'आदि' પદથી અદૃશ્યકરણીવિદ્યાનું ગ્રહણ કરવું.

❖ 'तैरपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વમાં વિદ્યાવાળા ચોરો વડે તો પરદ્રવ્યનું અપહરણ કરાતું હતું, પરંતુ હમણાં વિદ્યા વગરના ચોરો વડે પણ પરદ્રવ્યનું અપહરણ કરાય છે.

ભાવાર્થ :-

જેમ –

પૂર્વના ચોરો વિદ્યાઓના બળથી ચોરી કરતા હતા, હમણાં તેવા વિદ્યાવાળા નહીં હોવા છતાં ચોરી કરે છે.

તેમ –

પૂર્વના આચાર્યો દશપૂર્વનું જ્ઞાન આદિ ગુણોથી ગચ્છનો વ્યવહાર પ્રવર્તાવતા હતા, હમણાં આચાર્યો કાળને અનુરૂપ જ્ઞાન આદિ ગુણોથી ગચ્છનો વ્યવહાર પ્રવર્તાવે છે. માટે કોઈ દોષ નથી. **॥૧૫૮॥**

અવતરણિકા :-

अधुना गीतार्थदृष्टान्तं भावयति –

અવતરણિકાર્થ :-

હવે ગીતાર્થના દૃષ્ટાંતને ભાવન કરે છે –

ગાથા :-

पुव्विं चउदसपुव्वी, इण्हि जहण्णो पकप्पधारी अ ।
मज्झिमग कप्पधारी, कह सो उ ण होइ गीयत्थो ।।१५९।।

અન્વયાર્થ :-

पुव्विं=પૂર્વમાં, चउदसपुव्वी=ચૌદપૂર્વી=ચૌદપૂર્વી ગીતાર્થ હતા, इण्हि=હમણાં, कह सो उ गीयत्थो=શું તે ગીતાર્થ, जहण्णो पकप्पधारी=જઘન્યથી પ્રકલ્પધારી, अ=અને, मज्झिमग कप्पधारी=મધ્યમ કલ્પધારી, ण होइ=નથી ?=ગીતાર્થ નથી ? ।।૧૫૯।।

ગાથાર્થ :-

પૂર્વમાં ચૌદપૂર્વી ગીતાર્થ હતા, હમણાં શું તે ગીતાર્થ જઘન્યથી પ્રકલ્પધારી અને મધ્યમ કલ્પધારી નથી ? ।।૧૫૯।।

ટીકા :-

'पुव्विं'ति। पूर्वं गीतार्थश्चतुर्दशपूर्वी अभवत्, इदानीं स किं गीतार्थो जघन्यतः प्रकल्पधारी= निशीथाध्ययनधारी, मध्यमश्च कल्पधारी न भवति? भवत्येवेति भावः ।।१५९।।

ટીકાર્થ :-

પૂર્વં ગીતાર્થ ..... भवत्येवेति भावः ।। પૂર્વે ચૌદપૂર્વી ગીતાર્થ હતા, હમણાં શું તે ગીતાર્થ જઘન્યથી પ્રકલ્પધારી=નિશીથ અધ્યયનને ધારણ કરનારા, અને મધ્યમ કલ્પધારી નથી ? અર્થાત્ છે જ, એ પ્રમાણે ભાવ છે. ॥૧૫૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગીતાર્થ ચૌદપૂર્વી હતા, હમણાં ગીતાર્થ જઘન્યથી નિશીથ અધ્યયનને ધારણ કરનારા અને મધ્યમ ગીતાર્થ કલ્પધારી છે. તેની જેમ પૂર્વમાં મોટા ગુણોવાળા આચાર્યપદને યોગ્ય હતા, અને હમણાં કાળને અનુરૂપ ગુણોને ધારણ કરનારા આચાર્યપદને યોગ્ય છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૧૫૯॥**

અવતરણિકા :-

अथ शस्त्रपरिज्ञादृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

હવે શસ્ત્રપરિજ્ઞાના દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

पुव्विं सत्थपरिन्नाअहीअपढिआइ होउवट्ठवणा ।
इण्हिं छज्जीवणया, किं सा उ न होउवट्ठवणा ।।१६०।।

અન્વયાર્થ :-

પુવ્વિં=પૂર્વમાં, सत्थपरिन्नाअहीअपढिआइ=શસ્ત્રપરિજ્ઞા અધીત અને પઠિત હોતે છતે, होउवट्ठवणा= ઉપસ્થાપના થતી હતી, उ=વળી, इण्हिं=હમણાં, छज्जीवणया=છજીવનિકાયઅધ્યયન અધીત અને પઠિત હોત છતે, किं=શું, सा उवट्ठवणा=તે ઉપસ્થાપના, न हो=ન હોઇ=થતી નથી ? ॥૧૬૦॥

ગાથાર્થ :-

પૂર્વમાં શસ્ત્રપરિજ્ઞા અધીત અને પઠિત હોતે છતે ઉપસ્થાપના થતી હતી. વળી હમણાં છજીવનિકાયઅધ્યયન અધીત અને પઠિત હોતે છતે શું તે ઉપસ્થાપના થતી નથી ? ॥૧૬૦॥

ટીકા :-

'पुव्विं'ति। पूर्वं शस्त्रपरिज्ञायामाचाराङ्गान्तर्गतायामधीतायामर्थतो ज्ञातायां पठितायां च सूत्रत उपस्थापनाऽभूत्, इदानीं पुनः 'सा' उपस्थापना किं षड्जीवनिकायां दशवैकालिकान्तर्गतायामधीतायां पठितायां च न भवति ? भवत्येवेत्यर्थः ।।१६०।।

ટીકાર્થ :-

पूर्वं शस्त्र ..... भवत्येवेत्यर्थः ।। પૂર્વમાં આચારાંગ અંતર્ગત શસ્ત્રપરિજ્ઞા ભણાયે છતે=અર્થથી જ્ઞાત થયે છતે, અને સૂત્રથી પઠન કરાયે છતે ઉપસ્થાપના થતી હતી. હમણાં વળી તે ઉપસ્થાપના દશવૈકાલિક અંતર્ગત છજીવનિકાયઅધ્યયન ભણાયે છતે=અર્થથી જ્ઞાત થયે છતે, અને પઠિત થયે છતે=સૂત્રથી પઠન કરાયે છતે, થતી નથી ? અર્થાત્ થાય છે જ. ॥૧૬૦॥

ભાવાર્થ :-

પૂર્વમાં ઋષભદેવ ભગવાનના અને વીરભગવાનના શાસનમાં આચારાંગસૂત્ર અંતર્ગત શસ્ત્રપરિજ્ઞા નામનું અધ્યયન અર્થથી કોઈ સાધુ ભણી લે અને સૂત્રથી પઠન કરી લે, ત્યારપછી વડીદીક્ષા અપાતી હતી. વળી હમણાં દશવૈકાલિકસૂત્ર અંતર્ગત છજીવનિકાયઅધ્યયનનું સાધુ અર્થથી જ્ઞાન કરી લે અને સૂત્રથી પઠન કરી લે, ત્યારપછી વડીદીક્ષા અપાય છે; તોપણ પૂર્વમાં જેમ સાધુઓ શસ્ત્રપરિજ્ઞાઅધ્યયનના જ્ઞાનના બળથી પાંચ મહાવ્રતો વિષયક યતના પાળી શકતા હતા, તેમ વર્તમાનમાં પણ સાધુઓ છજીવનિકાયઅધ્યયનના જ્ઞાનના બળથી પાંચ મહાવ્રતોની યતના પાળી શકે છે. તેની જેમ પૂર્વમાં મોટા ગુણવાળા આચાર્યપદને વહન કરી શકતા હતા, તેમ હમણાં કાળને અનુરૂપ ગુણોથી આચાર્યપદનો નિર્વાહ થાય છે. **॥૧૬૦॥**

અવતરણિકા :-

पिण्डदृष्टान्तभावनार्थमाह –

અવતરણિકાર્થ :-

પિંડના દૃષ્ટાંતના ભાવન માટે કહે છે –

ગાથા :-

बितियम्मि बंभचेरे, पंचम उद्देस आमगंधम्मि ।
सुत्तम्मि पिंडकप्पी, इह पुण पिंडेसणाए उ ।।१६१।।

અન્વયાર્થ :-

बितियम्मि=બીજા અધ્યયનમાં=આચારાંગના બીજા અધ્યયનમાં, बंभचेरे पंचम उद्देस=બ્રહ્મચર્ય નામના પાંચમા ઉદ્દેશામાં, आमगंधम्मि सुत्तम्मि=આમગંધિ સૂત્ર ભણાયે છતે, पिंडकप्पी=પિંડકલ્પી હતા, इह पुण=હમણાં વળી, पिंडेसणाए उ=પિંડૈષણા અધ્યયન ભણાયે છતે પિંડકલ્પી કરાય છે. ॥૧૬૧॥

ગાથાર્થ :-

આચારાંગના બીજા અધ્યયનમાં બ્રહ્મચર્ય નામના પાંચમા ઉદ્દેશામાં આમગંધિ સૂત્ર ભણાયે છતે પિંડકલ્પી હતા, હમણાં વળી પિંડૈષણા અધ્યયન ભણાયે છતે પિંડકલ્પી કરાય છે. ॥૧૬૧॥

ટીકા :-

'बितियम्मि'त्ति। पूर्वमाचाराङ्गान्तर्गते लोकविजयनाम्नि द्वितीयेऽध्ययने यो ब्रह्मचर्याख्यः पञ्चम उद्देशकस्तस्मिन् यदामगन्धिसूत्रम् - "सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए" **त्ति, तस्मिन् सूत्रतोऽर्थतश्चाधीते पिण्डकल्पी आसीत्, इह इदानीं पुनर्दशवैकालिकान्तर्गतायां पिण्डैषणायामपि सूत्रतोऽर्थतश्चाधीतायां पिण्डकल्पिकः क्रियते, सोऽपि च भवति तादृश इति ।।१६१।।**

ટીકાર્થ :-

पूर्वमाचाराङ्गान्तर्गते ..... तादृश इति ।। આચારાંગ અંતર્ગત લોકવિજય નામના બીજા અધ્યયનમાં જે બ્રહ્મચર્ય નામનો પાંચમો ઉદ્દેશો છે તેમાં 'સર્વ આમગંધને જાણીને નિરામગંધ વર્તે' એ પ્રમાણે જે આમગંધિસૂત્ર છે, તે સૂત્રથી અને અર્થથી ભણાયે છતે પૂર્વમાં પિંડકલ્પી હતા=ભિક્ષા માટે જનારા સાધુ હતા; હમણાં વળી દશવૈકાલિકઅંતર્ગત પિંડૈષણા અધ્યયન પણ સૂત્રથી અને અર્થથી ભણાયે છતે પિંડકલ્પિક કરાય છે=ગોચરી લાવનાર સાધુ કરાય છે, અને તે પણ=વર્તમાનમાં પિંડકલ્પી કરાયેલા સાધુ પણ, તેવા થાય છે=પૂર્વના પિંડકલ્પી સાધુની જેમ નિર્દોષ પિંડ લાવીને સંયમની વૃદ્ધિ કરે તેવા થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૧।।

❖ 'पिण्डैषणायामपि'માં 'अपि'થી એ કહેવું છે કે આમગંધિસૂત્ર ભણાયે છતે તો પિંડકલ્પી કરાતા હતા, પરંતુ પિંડૈષણા અધ્યયન ભણાયે છતે પણ પિંડકલ્પી કરાય છે.

❖ 'सोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે આમગંધિ સૂત્ર ભણનાર તો પિંડકલ્પી છે, પરંતુ પિંડૈષણા અધ્યયન ભણેલ તે પણ સાધુ તેવા છે.

ભાવાર્થ :-

આચારાંગસૂત્ર અંતર્ગત લોકવિજય નામનું બીજું અધ્યયન છે, જેમાં આત્માને શુદ્ધ બ્રહ્મસ્વરૂપ પોતાના ભાવમાં પ્રવર્તાવવામાં ઉપયોગી એવું જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે બ્રહ્મચર્ય નામનો પાંચમો ઉદ્દેશો છે, અધ્યયનના બળથી મુનિઓ શમભાવમાં રહેવા માટે સમર્થ બનતા હતા. તે બ્રહ્મચર્ય નામના ઉદ્દેશામાં આમગંધિસૂત્ર છે, જે સૂત્રમાં કહ્યું છે કે સાધુએ અશુદ્ધ ભિક્ષાની ગંધને વિષ્ટાની ગંધ જેવી જાણીને નિરામગંધ વર્તવું જોઈએ. તે આમગંધિસૂત્રને પૂર્વમાં જે સાધુઓ સૂત્રથી અને અર્થથી ભણી લેતા હતા તે સાધુઓ પિંડ ગ્રહણ કરવા માટે અધિકારી હતા; કેમ કે આમગંધિસૂત્રના બોધના બળથી સંયમની પુષ્ટિ થાય તે પ્રકારે તેઓ ભિક્ષા લાવવા સમર્થ થતા હતા. હમણાં દશવૈકાલિક સૂત્ર અંતર્ગત પિંડૈષણા અધ્યયનમાં સાધુને કઈ ભિક્ષા કલ્પે અને કઈ ભિક્ષા ન કલ્પે તેનું વર્ણન છે, તે સૂત્રના બોધના બળથી વિવેકી સાધુ સંયમની શુદ્ધિ થાય તેવો પિંડ ગ્રહણ કરવા સમર્થ બને છે. તેથી તેવા સાધુને વર્તમાનમાં પિંડકલ્પી કરાય છે, અને તે સાધુ પણ આમગંધિસૂત્ર ભણેલા સાધુની જેમ પિંડશુદ્ધિ કરી શકે છે.

આ રીતે જેમ પૂર્વમાં આમગંધિસૂત્રથી વિસ્તૃત બોધવાળા સાધુ પિંડકલ્પી થતા હતા, અને વર્તમાનમાં કાળને અનુરૂપ પિંડૈષણાઅધ્યયનથી સંક્ષિપ્ત બોધવાળા સાધુ પિંડકલ્પી કરાય છે; તેની જેમ પૂર્વમાં મોટા ગુણોવાળા આચાર્ય કરાતા હતા, અને વર્તમાનમાં કાળને અનુરૂપ ગુણોવાળા આચાર્ય કરાય છે. માટે કોઈ દોષ નથી. **॥૧૬૧॥**

અવતરણિકા :-

उत्तराध्ययनदृष्टान्तं भावयति –

અવતરણિકાર્થ :-

ઉત્તરાધ્યયનના દૃષ્ટાંતને ભાવન કરે છે –

ગાથા :-

आयारस्स उ उवरिं, उत्तरझयणा उ आसि पुव्विं तु ।
दसवेआलिअउवरिं, इयाणि ते किं न होंती उ ।।१६२।।

અન્વયાર્થ :-

પુવ્વિં તુ=પૂર્વમાં વળી, આયારસ્સ ઉવરિં=આચારાંગની ઉપર, ઉત્તરઝયણા=ઉત્તરાધ્યયનો, આસિ=હતાં, ઇયાણિ=હમણાં, દસવેઆલિઅઉવરિં=દશવૈકાલિકની ઉપર, તે કિં ન હોંતી=તે શું નથી ?=તેવા રૂપવાળાં શું તે નથી ? ॥૧૬૨॥

ગાથાર્થ :-

પૂર્વમાં વળી આચારાંગની ઉપર ઉત્તરાધ્યયનો હતાં, હમણાં દશવૈકાલિકની ઉપર તેવા રૂપવાળાં શું તે નથી ? ॥૧૬૨॥

ટીકા :-

'आयारस्स उ'त्ति। पूर्वमुत्तराध्ययनान्याचाराङ्गस्योपर्यासीरन्, इदानीं दशवैकालिकस्योपरि तथापि किं तानि तथारूपाणि न भवन्ति ? भवन्त्येवेति भावः ।।१६२।।

ટીકાર્થ :-

પૂર્વમુત્તરાધ્યયના ..... ભાવઃ ।। પૂર્વમાં આચારાંગની ઉપર ઉત્તરાધ્યયનો હતાં, હમણાં દશવૈકાલિકની ઉપર છે, તોપણ શું તેવા રૂપવાળાં તે=ઉત્તરાધ્યયનો, નથી ? અર્થાત્ છે જ, એ પ્રકારનો ભાવ છે. ॥૧૬૨॥

ભાવાર્થ :-

સંયમી સાધુને સંયમમાં પ્રથમ આચારાંગસૂત્ર ઉપકારક છે, અને તેના અધ્યયનથી સંપન્ન થયેલા સાધુ સંયમજીવનની ઉચિત પ્રવૃત્તિઓ સમ્યગ્ રીતે કરી શકે છે. તેથી આચારાંગસૂત્ર ભણાવ્યા પછી વિશેષ ઉપકાર માટે ઉત્તરના અધ્યયનરૂપ ઉત્તરાધ્યયનસૂત્ર પૂર્વમાં ભણાવાતું હતું, જેથી આચારાંગસૂત્રથી સંપન્ન થયેલ સાધુ પણ ઉત્તરના અધ્યયનરૂપ ઉત્તરાધ્યયનસૂત્રથી આત્માને ભાવિત કરીને વિશેષ સંયમની શુદ્ધિ કરી શકે. વર્તમાનકાળમાં દશવૈકાલિકસૂત્ર ભણાવ્યા પછી ઉત્તરના અધ્યયન રૂપે ઉત્તરાધ્યયનસૂત્ર ભણાવાય છે, તેનું કારણ એ છે કે આચારાંગસૂત્રની અપેક્ષાએ લઘુપ્રમાણવાળા દશવૈકાલિકનો સૂત્રથી અને અર્થથી બોધ કરીને સાધુ સંયમની શુદ્ધિમાં સમ્યગ્ યત્ન કરી શકે છે. તેથી વર્તમાનમાં પ્રથમ દશવૈકાલિકસૂત્ર ભણાવ્યા પછી વિશેષ સંયમશુદ્ધિ માટે ઉત્તરાધ્યયનસૂત્ર ભણાવાય છે.

તેથી જેમ પૂર્વમાં સાધુઓ આચારાંગસૂત્ર ભણીને ઉત્તરાધ્યયનથી વિશેષ શુદ્ધિ કરી શકતા હતા, તેમ વર્તમાનમાં સાધુ દશવૈકાલિકસૂત્રની ઉત્તરમાં ઉત્તરાધ્યયનથી તેવી શુદ્ધિ કરી શકે છે. તેથી તે ઉત્તરાધ્યયનો વર્તમાનના સાધુઓ માટે શું તેવા રૂપવાળાં નથી ?=જેવા રૂપવાળાં પૂર્વ સાધુઓ માટે હતાં તેવા રૂપવાળાં જ વર્તમાનના સાધુ માટે પણ છે.

આનાથી એ ફલિત થાય કે પૂર્વકાળમાં આચારાંગસૂત્ર ભણ્યા પછી ઉત્તરાધ્યયનસૂત્રના અધ્યયનથી સંયમની શુદ્ધિ થતી હતી, તેના સ્થાને વર્તમાનમાં દશવૈકાલિકસૂત્ર જેવા નાના ગ્રંથની ઉત્તરમાં ઉત્તરાધ્યયનથી શુદ્ધિ થાય છે, તેમ પૂર્વમાં મોટા ગુણવાળા આચાર્યથી ગચ્છનો સમ્યગ્ વ્યવહાર પ્રવર્તતો હતો, જ્યારે વર્તમાનમાં કાળને અનુરૂપ ગુણવાળા આચાર્યથી ગચ્છનો સમ્યગ્ વ્યવહાર પ્રવર્તે છે. **॥૧૬૨॥**

અવતરણિકા :-

વૃક્ષદૃષ્ટાન્તભાવનાર્થમાહ –

અવતરણિકાર્થ :-

વૃક્ષના દૃષ્ટાંતના ભાવન માટે કહે છે –

ગાથા :-

मत्तंगाईतरुवर न संति इण्हिं न होंति किं रुक्खा ।
महजूहाहिव दप्पिअ, पुव्विं वसभा ण पुण इण्हिं ।।१६३।।

અન્વયાર્થ :-

मत्तंगाईतरुवर=મત્તંગાદિકલ્પવૃક્ષો, इण्हिं=હમણાં, न संति=નથી, न होंति किं रुक्खा=શું વૃક્ષો નથી ?, महजूहाहिव दप्पिअ वसभा=મહાયૂથના અધિપતિ દર્પિક વૃષભો, पुव्विं=પૂર્વમાં હતા, ण पुण इण्हिं=હમણાં વળી નથી ? ॥૧૬૩॥

ગાથાર્થ :-

મત્તંગાદિકલ્પવૃક્ષો હમણાં નથી, શું વૃક્ષો નથી ? મહાયૂથના અધિપતિ દર્પિક વૃષભો પૂર્વમાં હતા, હમણાં વળી નથી ? ।।૧૬૩।।

ટીકા :-

'मत्तंगाइ'त्ति । पूर्वं सुषमसुषमादिकाले मत्तङ्गादयो दशविधाः कल्पद्रुमा आसीरन्, इदानीं ते न सन्ति किन्त्वन्ये सहकारादयस्ततः किं ते वृक्षा न भवन्ति ? भवन्त्येव, छायापुष्पफलादिसाधर्म्यादिति भावः । वृषभदृष्टान्तमाह - 'महजूहाहिव' इत्यादि । पूर्वं वृषभा महायूथाधिपा दर्पिकाः श्वेताः सुजाताः सुविभक्तशृङ्गा आसीरन् न पुनरिदानीं ते तथाभूताः सन्ति किन्तु स्वल्पयूथाः प्रायोऽल्पशक्तिका बहुवर्णा मन्दरूपतरा अतादृशसंस्थानाश्च तथापि ते वृषभा भवन्ति, वृषभकार्यकरणादिति भावः ।।१६३।।

ટીકાર્થ :-

पूर्वं सुषम ..... वृषभकार्यकरणादिति भावः ।। પૂર્વમાં સુષમાસુષમાદિ કાળમાં મત્તંગાદિ દશ પ્રકારનાં કલ્પવૃક્ષો હતાં, હમણાં તેઓ=કલ્પવૃક્ષો, નથી, પરંતુ અન્ય આમ્રાદિ વૃક્ષો છે, શું તે વૃક્ષો નથી ? અર્થાત્ છે જ; કેમ કે છાયા-પુષ્પ-ફલાદિનું સાધર્મ્ય છે, એ પ્રકારનો ભાવ છે.

ગાથાના ઉત્તરાર્ધથી વૃષભના દૃષ્ટાંતને કહે છે –

પૂર્વમાં મહાજૂથના અધિપતિ=ઘણી ગાયોના સ્વામી, દર્પવાળા=પોતાના બળના દર્પને ધારણ કરનારા, શ્વેત વર્ણવાળા, સુંદર જાતિવાળા, સુવિભક્ત શૃંગવાળા વૃષભો હતા, વળી હમણાં તે= બળદો, તેવા નથી, અલ્પજૂથવાળા, પ્રાયઃ અલ્પશક્તિવાળા, અનેક વર્ણવાળા, અલ્પ રૂપવાળા અને અતાદૃશ સંસ્થાનવાળા=પૂર્વના વૃષભોથી ન્યૂન સંસ્થાનવાળા, વૃષભો છે; તોપણ તે વૃષભો છે; કેમ કે વૃષભનું કાર્ય કરે છે, એ પ્રકારનો ભાવ છે. ।।૧૬૩।।

અવતરણિકા :-

અધુના ગોપદૃષ્ટાન્તભાવનાર્થમાહ –

અવતરણિકાર્થ :-

હવે ગોપદૃષ્ટાંતના ભાવન માટે કહે છે –

ગાથા :-

પુવ્વિં કોડીબદ્ધા, જૂહા વિ અ નંદગોવમાઈણં ।
ઇણ્હિં ન સંતિ તાઇં, કિં જૂહા તે ન હોંતી ઉ ।।૧૬૪।।

અન્વયાર્થ :-

પુવ્વિં=પૂર્વમાં, નંદગોવમાઈણં કોડીબદ્ધા જૂહા વિ અ=નંદગોપાદિનાં ક્રોડસંખ્યાવાળાં ગાયનાં યૂથો હતાં, ઇણ્હિં=હમણાં, તાઇં ન સંતિ=તે નથી=તે સંખ્યાવાળાં નથી, કિં તે જૂહા ન હોંતી=શું તે જૂથો નથી ? ॥૧૬૪॥

ગાથાર્થ :-

પૂર્વમાં નંદગોપાદિનાં ક્રોડસંખ્યાવાળાં ગાયનાં યૂથો હતાં, હમણાં તે સંખ્યાવાળાં નથી. શું તે જૂથો નથી ? ॥૧૬૪॥

ટીકા :-

'पुव्विं'ति। पूर्वं नन्दगोपादीनां गवां यूथाः कोटीबद्धाः=कोटीसङ्ख्याका आसीरन्, इदानीं ते तथाभूता न सन्ति किन्तु पञ्चदशादिगोसङ्ख्याकास्ततः किं ते यूथा न भवन्ति ? भवन्त्येव, यूथव्यवहारस्य सार्वजनीनत्वादिति भावः ।।१६४।।

ટીકાર્થ :-

पूर्वं ..... भावः ।। પૂર્વમાં નંદગોપાદિનાં કોટીબદ્ધ=કોટી સંખ્યાવાળાં, ગાયનાં યૂથો હતાં, હમણાં તે=ગાયોનાં યૂથો, તેવા પ્રકારનાં નથી=કોટી સંખ્યાવાળાં નથી, પરંતુ પંદરાદિ ગાયોની સંખ્યાવાળાં છે, તેથી શું તે યૂથો નથી ? અર્થાત્ છે જ; કેમ કે યૂથના વ્યવહારનું સાર્વજનીનપણું છે=ક્રોડની સંખ્યાવાળા કે પંદર આદિની સંખ્યાવાળા સમુદાયમાં આ યૂથ છે, એ પ્રકારનો વ્યવહાર છે. ॥૧૬૪॥

ભાવાર્થ :-

પૂર્વમાં રાજાઓ કે શ્રેષ્ઠીઓ પોતાના ભોગ માટે ક્રોડો સંખ્યાના સમુદાયવાળાં ગાયોનાં જૂથોને રાખતા હતા, જેમાંથી તે તે ગાયોનું દૂધ અન્ય અન્ય ગાયોને પીવડાવતા હતા. અંતે જે ગાયો વિશિષ્ટ શક્તિવાળી હોય તે ગાયોને તે દૂધ પીવડાવતા હતા, જેથી તે ગાયો વિશિષ્ટ કોટીનું દૂધ આપતી હતી, અને તેનો ભોગ કરનારા તે રાજા કે શ્રેષ્ઠીઓ હતા. તેમ હમણાં પણ સુખી માણસો પંદર-વીસ સંખ્યાવાળા ગાયોના યૂથને ધારણ કરનારા પ્રાપ્ત થાય છે, અને તેનાથી તે સુખી માણસો પોતાના ભોગની પ્રાપ્તિ કરે છે. માટે જેમ પૂર્વના જેવાં યૂથો વર્તમાનમાં નથી તોપણ કાળને અનુરૂપ ગાયોનાં યૂથો છે ત્યાં યૂથવ્યવહાર પ્રવર્તે છે; તેની જેમ પૂર્વમાં મોટા ગુણવાળા આચાર્ય હતા, હમણાં કાળને અનુરૂપ ગુણવાળા આચાર્ય છે, તેથી તે આચાર્યથી સંયમનો વ્યવહાર થાય છે. ॥૧૬૪॥

અવતરણિકા :-

અધુના યોધદૃષ્ટાન્તમાહ –

અવતરણિકાર્થ :-

હવે યોધાના દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

साहस्सीमल्ला खलु, महपाणा आसि पुव्व जोहा उ ।
तत्तुल्ल नत्थि इण्हिं, किं ते जोहा ण होंती उ ।।१६५।।

અન્વયાર્થ :-

પુવ્વ=પૂર્વમાં, साहस्सीमल्ला महपाणा जोहा=સહસ્રમલ્લ મહાપ્રાણવાળા યોધા, आसि=હતા, इण्हिं=હમણાં, तत्तुल्ल=તેના જેવા, नत्थि=નથી, किं ते जोहा ण होंती=શું તે યોધા નથી ? ।।૧૬૫।।

ગાથાર્થ :-

પૂર્વમાં સહસ્રમલ્લ મહાપ્રાણવાળા યોધા હતા, હમણાં તેના જેવા નથી, શું તે યોધા નથી ? ।।૧૬૫।।

ટીકા :-

'साहस्सि'त्ति। पूर्वं योधा महाप्राणाः सहस्रमल्ला आसीरन्, इदानीं ते तत्तुल्या न सन्ति किन्त्वनन्तभागहीनास्ततः किं ते योधा न भवन्ति ? भवन्त्येव, कालौचित्येन तेषामपि योधकार्यकरणादिति भावः ।।१६५।।

ટીકાર્થ :-

पूर्वं योधा ..... योधकार्यकरणादिति भावः ।। પૂર્વમાં યોધાઓ મહાપ્રાણવાળા=અત્યંત બળવાળા, સહસ્રમલ્લ હતા, હમણાં તે=યોધાઓ, તત્ તુલ્ય નથી=પૂર્વના યોધાઓ જેવા નથી, પરંતુ અનંતભાગહીન શક્તિવાળા છે, તેથી શું તે યોધા નથી ? અર્થાત્ છે જ; કેમ કે કાળના ઔચિત્યથી તેઓનું પણ યોધાના કાર્યનું કરણ છે. ।।૧૬૫।।

અવતરણિકા :-

शोधिदृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

સંયમમાં લાગેલા અતિચારોની શુદ્ધિના દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

पुव्विं छम्मासेहिं, परिहारेणं च आसि सोही उ ।
सुद्धतवेणं निव्विइआदीएण्हिं विसोही य ।।१६६।।

અન્વયાર્થ :-

पुव्विं=પૂર્વમાં, छम्मासेहिं=છ મહિનાના તપથી, च=અને, परिहारेणं=પરિહારતપથી, सोही=શુદ્ધિ, आसि=હતી, य=અને, इण्हिं=હમણાં, निव्विइआदीए सुद्धतवेणं=નિર્વિકૃતિ આદિ શુદ્ધ તપ વડે, विसोही=વિશુદ્ધિ છે. ॥૧૬૬॥

ગાથાર્થ :-

પૂર્વમાં છ મહિનાના તપથી અને પરિહારતપથી શુદ્ધિ હતી, અને હમણાં નિર્વિકૃતિ આદિ શુદ્ધ તપ વડે વિશુદ્ધિ છે. ॥૧૬૬॥

ટીકા :-

'पुव्विं'ति। पूर्वं षड्भिर्मासैः परिहारेण च=परिहारतपसा च, शोधिरासीत्, इदानीं च परिहारमन्तरेण शुद्धतपसा निर्विकृतिकादिभिरपि विशोधिः, पञ्चकल्याणकादिमात्रप्रायश्चित्तदानव्यवहारात् ।।१६६।।

ટીકાર્થ :-

पूर्वं षड्भिर्मासैः ..... दानव्यवहारात् ।। પૂર્વમાં છ મહિનાના તપ વડે અને પરિહારતપ વડે શુદ્ધિ હતી, અને હમણાં પરિહાર વગર=પરિહાર તપ વગર, નિર્વિકૃતિ આદિ પણ શુદ્ધ તપ વડે વિશોધિ છે; કેમ કે પંચકલ્યાણક આદિ માત્ર પ્રાયશ્ચિત્તના દાનનો વ્યવહાર છે. ॥૧૬૬॥

❖ 'निर्विकृतिकादिभिरपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વમાં તો છ માસિક તપથી કે પરિહારતપથી શુદ્ધિ હતી, પરંતુ વર્તમાનમાં તો નિર્વિકૃતિ આદિ તપથી પણ શુદ્ધિ થાય છે, અને 'આદિ' પદથી ઉપવાસ, આયંબિલ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વમાં સાધુને સંયમમાં થયેલી સ્ખલનાની શુદ્ધિ માટે છ મહિનાનો તપ અપાતો હતો કે પરિહારતપ અપાતો હતો, અને પરિહારતપ વખતે જેટલા મહિનાનો પરિહારતપ પ્રાપ્ત થયો હોય તેટલા મહિના સુધી અન્ય સાધુઓ તે સાધુ સાથે આલાપાદિનો કે વંદનનો કે ભિક્ષાના દાન-ગ્રહણનો વ્યવહાર કરતા ન હતા, અને એ પ્રકારના સર્વ વ્યવહારોનો પરિહાર કરવાથી સંયમમાં થયેલી સ્ખલનાની શુદ્ધિ થતી હતી, જ્યારે હમણાં પરિહારતપ વગર નીવિ આદિ શુદ્ધ તપથી શુદ્ધિ થાય છે. તેથી જેમ કાળને અનુરૂપ મોટા તપથી અતિચારની પૂર્વમાં શુદ્ધિ થતી હતી, હમણાં વળી કાળને અનુરૂપ નાના તપથી અતિચારોની શુદ્ધિ થાય છે, તેની જેમ પૂર્વમાં મોટા ગુણવાળાને આચાર્યપદવી અપાતી હતી, હમણાં કાળને અનુરૂપ ગુણવાળાને આચાર્યપદવી અપાય છે. **॥૧૬૬॥**

અવતરણિકા :-

शोधिविषय एव पुष्करिणीदृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

સંયમમાં લાગેલા અતિચારોની શુદ્ધિના વિષયમાં જ વાવડીના દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

किह पुण एवं सोही, जह पुव्विल्लासु पच्छिमासुं वा ।
पुक्खरिणीसुं वत्थाइआणि सुज्झंति तह सोही ।।१६७।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વગાથામાં કહ્યું કે હમણાં નીવિ આદિ તપ વડે શુદ્ધિ થાય છે એ રીતે, किह पुण सोही=કયા પ્રકારે શુદ્ધિ થાય ? (તેનો ઉત્તર આપતાં સૂરિ કહે છે.), जह=જે પ્રમાણે, पुव्विल्लासु पच्छिमासुं वा पुक्खरिणीसुं=પૂર્વની વાવડીઓમાં અથવા અત્યારની વાવડીઓમાં, वत्थाइआणि=વસ્ત્રાદિ, सुज्झंति=શુદ્ધ થાય છે, तह=તે પ્રમાણે, सोही=શુદ્ધિ થાય છે=પૂર્વના તપથી અને વર્તમાનના તપથી શુદ્ધિ થાય છે. ।।૧૬૭।।

ગાથાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે હમણાં નીવિ આદિ તપ વડે શુદ્ધિ થાય છે એ રીતે કયા પ્રકારે શુદ્ધિ થાય ? તેનો ઉત્તર આપતાં સૂરિ કહે છે, જે પ્રમાણે પૂર્વની વાવડીઓમાં અથવા અત્યારની વાવડીઓમાં વસ્ત્રાદિ શુદ્ધ થાય છે, તે પ્રમાણે પૂર્વના તપથી અને વર્તમાનના તપથી શુદ્ધિ થાય છે. ।।૧૬૭।।

ટીકા :-

'किह पुण'त्ति। किं=केन प्रकारेण, पुनरत्राधुना 'एवं' निर्विकृतिकादिभिरपि विशोधिर्भवति ?, सूरिराह-यथा पूर्वासु=पूर्वकालभाविनीषु, पुष्करिणीषु अतिप्रभूतजलपरिपूर्णासु वस्त्राणि शुध्यन्ति स्म एवं पश्चिमास्वपि=अधुनातनकालभाविनीषु, शुध्यन्ति तथा शोधिरपि पूर्वमिवेदानीमपि भवतीति ।।१६७।।

ટીકાર્થ :-

किं=केन ..... भवतीति ।। અહીં=આ ક્ષેત્રમાં, હમણાં આ પ્રકારે=પૂર્વની ગાથામાં કહ્યું એ પ્રકારે, નીવિ આદિથી પણ શુદ્ધિ કયા પ્રકારે થાય છે ? સૂરિ કહે છે, જે પ્રમાણે પૂર્વકાલભાવિ=અતિપ્રભૂત જલથી પરિપૂર્ણ એવી, વાવડીઓમાં વસ્ત્રો શુદ્ધ થતાં હતાં, એ રીતે વર્તમાનકાલભાવિ વાવડીઓમાં વસ્ત્રો શુદ્ધ થાય છે. તે રીતે શુદ્ધિ પણ=તપથી સંયમમાં લાગેલા અતિચારોની શુદ્ધિ પણ, પૂર્વની જેમ જ હમણાં પણ થાય છે. 'इति' શબ્દ સૂરિના કથનની સમાપ્તિમાં છે. ।।૧૬૭।।

ભાવાર્થ :-

ગાથા-૧૬૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પૂર્વકાળમાં છ માસિક તપથી કે પરિહારતપથી સંયમમાં લાગેલા અતિચારોની શુદ્ધિ થતી હતી, હવે તેવા જ અતિચારોની શુદ્ધિ નીવિ આદિથી થાય છે. ત્યાં શિષ્ય શંકા કરે છે કે જે મલિનતાની શુદ્ધિ માટે છ મહિનાનો તપ કે પરિહારતપ આવશ્યક હોય તે મલિનતાની શુદ્ધિ નીવિ જેવા નાના તપથી કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેનો ઉત્તર આપતાં સૂરિ કહે છે કે જે પ્રમાણે પૂર્વકાળમાં ઘણા જળવાળી વાવડીઓ હતી, અને તે વાવડીઓમાં વસ્ત્રો શુદ્ધ થતાં હતાં, હમણાં અલ્પ જળવાળી વાવડીઓ છે, તેમાં પણ તેવાં જ મલિન વસ્ત્રો શુદ્ધ થાય છે; તેમ પૂર્વના કાળમાં મહાસામર્થ્યવાળા સાધુ કોઈ સ્ખલના કરે તો ઘણા તપથી શુદ્ધિ કરી શકતા હતા, હમણાં સાધુઓ તેવી શક્તિવાળા નથી, તેથી શક્તિ અનુસાર નીવિ આદિ તપ કરીને પૂર્વના સાધુઓની જેમ જ સંવેગને ઉલ્લસિત કરીને અતિચારોનું શોધન કરે છે.

તેથી એ ફલિત થાય કે પૂર્વના સાધુઓ શક્તિ અનુસાર વિશેષ તપ કરીને જે સંવેગ ઉત્પન્ન કરી શકતા હતા, તેનાથી તેઓના અતિચારની શુદ્ધિ થતી હતી, તેમ વર્તમાનમાં પણ સાધુઓ પોતાની શક્તિ અનુસાર પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્ત તપથી સંવેગને ઉત્પન્ન કરીને શુદ્ધિ કરી શકે છે. **॥૧૬૭॥**

અવતરણિકા :-

एवं दृष्टान्तानभिधाय दार्ष्टान्तिकयोजनामाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૧૫૪થી ૧૬૭ સુધી બતાવ્યું એ રીતે, દૃષ્ટાંતોને કહીને દાર્ષ્ટાંતિક યોજનાને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૫૪થી ૧૬૭ સુધી તેર દૃષ્ટાંતો બતાવ્યાં, તે દૃષ્ટાંતોને કહીને તે દૃષ્ટાંતો દ્વારા પૂર્વના આચાર્યો કરતાં વર્તમાનના આચાર્યો અલ્પ ગુણવાળા હોવા છતાં કઈ રીતે આચાર્યનું કાર્ય કરી શકે છે, તે દાર્ષ્ટાંતિક યોજનાને બતાવે છે –

ગાથા :-

एवं आयरिआदी, चउदसपुव्वादि आसि पुव्वं तु ।
इण्हिं जुगाणुरूवा, आयरिआ हुंति णायव्वा ।।१६८।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=વાવડી આદિનાં દૃષ્ટાંતો બતાવ્યાં. એ રીતે, पुव्वं=પૂર્વે, आयरिआदी=આચાર્યાદિ,

चउदसपुव्वादि=ચૌદપૂર્વધરાદિ, आसि=હતા, इण्हिं=હમણાં, जुगाणुरूवा आयरिआ=યુગને અનુરૂપ આચાર્યો, णायव्वा हुंति=જ્ઞાતવ્ય છે. ॥૧૬૮॥

ગાથાર્થ :-

વાવડી આદિનાં દૃષ્ટાંતો બતાવ્યાં એ રીતે પૂર્વે આચાર્યાદિ ચૌદપૂર્વધરાદિ હતા, હમણાં યુગને અનુરૂપ આચાર્યો જ્ઞાતવ્ય છે. ॥૧૬૮॥

ટીકા :-

'एवं'ति। एवम्=अनन्तरोदितदृष्टान्तकदम्बकप्रकारेण, यद्यपि पूर्वमाचार्यादयश्चतुर्दशपूर्वधरादय आसीरन् तथापीदानीमाचार्यादय उपलक्षणमेतत्-उपाध्यायादयश्च युगानुरूपाः दशाकल्पव्यवहारधरादयस्तपोनियमस्वाध्यायादिषूद्युक्ता द्रव्यक्षेत्रकालभावोचितयतनापरायणा भवन्ति ज्ञातव्याः ।।१६८।।

ટીકાર્થ :-

एवम्=अनन्तरो ..... ज्ञातव्याः ।। આ રીતે=અનંતર કહેલા દૃષ્ટાંતોના સમૂહના પ્રકારથી, જોકે પૂર્વે આચાર્યાદિ ચૌદપૂર્વધરાદિ હતા, તોપણ હમણાં આચાર્યાદિ યુગને અનુરૂપ દશાકલ્પવ્યવહારને ધારણ કરનારા આદિ ગુણોવાળા, તપ-નિયમ-સ્વાધ્યાય આદિમાં ઉદ્યુક્ત, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ઉચિત યતનાપરાયણ જ્ઞાતવ્ય છે.

ગાથાના ઉત્તરાર્ધમાં યુગને અનુરૂપ આચાર્ય જ્ઞાતવ્ય છે એમ કહેલ છે, પણ આચાર્યાદિ જ્ઞાતવ્ય છે એમ કહેલ નથી, અને ટીકામાં આચાર્યને સ્થાને આચાર્યાદિ ગ્રહણ કરેલ છે. તેથી ટીકામાં ખુલાસો કર્યો કે આ=આચાર્ય એ શબ્દ, ઉપલક્ષણ છે, તેથી ઉપલક્ષણથી ઉપાધ્યાય આદિનું ગ્રહણ કરવું. ॥૧૬૮॥

ભાવાર્થ :-

પૂર્વે કહેલા વાવડી આદિના દૃષ્ટાંતોથી એ ફલિત થાય કે પૂર્વે આચાર્ય, ઉપાધ્યાય આદિ ચૌદપૂર્વધરાદિ હતા, અને હમણાં કાળને અનુરૂપ દશાકલ્પવ્યવહાર આદિ સૂત્રોને સૂત્રથી અને અર્થથી ભણેલા હોય, શક્તિ અનુસાર તપ-નિયમ-સ્વાધ્યાય આદિમાં ઉદ્યમવાળા હોય, અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ઉચિત એવી સંયમની યતનામાં પરાયણ હોય તેઓ આચાર્યાદિ થઈ શકે છે; કેમ કે વર્તમાનકાળને અનુરૂપ શાસ્ત્રનો બોધ છે, સ્વયં સ્વાધ્યાય આદિમાં અપ્રમાદી છે, અને સર્વ ઉચિત યતનાઓ કરનારા છે. તેથી શિષ્યોને પણ તે રીતે યોગમાર્ગમાં પ્રવર્તાવવા સમર્થ છે.

અહીં વિશેષ એ છે કે ચૌદપૂર્વધરાદિ હંમેશાં સંયમયોગમાં ઉત્થિત જ હોય, તેથી ગ્રંથકારશ્રીએ કહ્યું કે પૂર્વે ચૌદપૂર્વધરાદિ આચાર્યાદિ પદને યોગ્ય હતા. વળી હમણાં દશાકલ્પવ્યવહારને ધારણ કરનારા હોય તેઓને યોગ્ય કહે, તો જેઓ સ્વયં તપ-સ્વાધ્યાય આદિમાં ઉદ્યત નથી અને ઉચિત યતનાપરાયણ નથી તેઓ પણ આચાર્યપદવીને યોગ્ય પ્રાપ્ત થાય; પરંતુ પૂર્વમાં જેમ ચૌદપૂર્વી આદિ નિયમા ઉત્થિત હોય, તેમ

દશાકલ્પવ્યવહારને ભણેલા નિયમા સંયમમાં ઉત્થિત હોય તેવી વ્યાપ્તિ નથી. તેથી વર્તમાનના આચાર્યમાં જેમ દશાકલ્પવ્યવહારનું જ્ઞાન અપેક્ષિત છે, તેમ સંયમમાં અપ્રમાદભાવ આચાર્યપદવી માટે અપેક્ષિત છે, તે બતાવવા માટે સંયમમાં અપ્રમાદભાવને શ્રુતના બોધથી પૃથગ્ રૂપે ગ્રહણ કરેલ છે. **॥૧૬૮॥**

અવતરણિકા :-

एनमेवार्थं स्वयमुपसंहरन्नाह ग्रन्थकारः –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=ગાથા-૧૫૨માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કાળને અનુરૂપ ગુણવાળા એકાદગુણહીન પણ હમણાં ગણનિક્ષેપયોગ્ય છે, અને તેની પુષ્ટિ વ્યવહારભાષ્યની ગાથાથી કરી એ જ અર્થને, ઉપસંહાર કરતાં સ્વયં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૨૯માં પૂર્વપક્ષીએ કહેલ કે 'શાસ્ત્રોક્ત વ્યવહાર કરનારા આચાર્યાદિ દુર્લભ હોવાને કારણે શાસ્ત્રાનુસારી સંયમનો વ્યવહાર દુર્લભ છે, માટે વર્તમાનમાં સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૧૫૨માં કહ્યું કે 'પૂર્વના આચાર્યના ગુણો જેવા ગુણો વર્તમાનના આચાર્યમાં સંભવિત નથી, તોપણ વર્તમાનકાળને અનુરૂપ ગુણો હોય અને કદાચ તે ગુણોમાંથી એકાદગુણહીન હોય તો તે આચાર્યપદવીને યોગ્ય છે, અને તેવા આચાર્યથી શાસ્ત્રોક્ત વ્યવહાર પ્રવર્તી શકે છે'; અને ત્યારપછી પૂર્વના આચાર્યો કરતાં ન્યૂન ગુણવાળા પણ કાળને અનુરૂપ ગુણવાળા આચાર્યપદવીયોગ્ય છે, તેની પુષ્ટિ ગાથા-૧૫૩થી ૧૬૮ સુધીમાં વ્યવહારભાષ્યની ગાથાથી કરી. તે વ્યવહારભાષ્યની ગાથાથી એ ફલિત થયું કે પૂર્વના આચાર્ય કરતાં ન્યૂન ગુણવાળા પણ વર્તમાનકાળને અનુરૂપ શાસ્ત્રઅભ્યાસવાળા અપ્રમાદી સાધુ આચાર્યપદને યોગ્ય છે અને તેઓથી સુવ્યવહાર પ્રવર્તે છે. હવે તે સર્વ કથનના અર્થનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

जिणवयणतिव्वरुइणो, इय इण्हिं मूलगुणजुअस्सा वि ।
भावगुरुत्तं जुत्तं, वइरेगेणं जओ भणियं ।।१६९।।

અન્વયાર્થ :-

इय=આ રીતે=ગાથા-૧૫૨થી ૧૬૮ સુધી કહ્યું એ રીતે, इण्हिं=હમણાં, जिणवयणतिव्वरुइणो मूलगुणजुअस्सा वि भावगुरुत्तं=જિનવચનમાં તીવ્ર રુચિવાળા એવા મૂળગુણયુક્તનું પણ ભાવગુરુપણું, जुत्तं=યુક્ત છે, जओ=જે કારણથી, वइरेगेणं भणियं=વ્યતિરેકથી કહેવાયું છે=આગળની ગાથામાં કહેવાશે, એ પ્રમાણે પંચાશકમાં વ્યતિરેકથી કહેવાયું છે. ॥૧૬૯॥

ગાથાર્થ :-

ગાથા-૧૫૨થી ૧૬૮ સુધી કહ્યું એ રીતે હમણાં જિનવચનમાં તીવ્ર રુચિવાળા એવા મૂળગુણયુક્તનું પણ ભાવગુરુપણું યુક્ત છે, જે કારણથી આગળની ગાથામાં કહેવાશે, એ પ્રમાણે પંચાશકમાં વ્યતિરેકથી કહેવાયું છે. ।।૧૬૯।।

ટીકા :-

'जिणवयण'त्ति। जिनवचने=मूलोत्तरगुणविधिरूपे भगवदुपदेशे, तीव्रा रुचिः=श्रद्धालक्षणा चिकीर्षालक्षणा च यस्य स तथा तस्य, इय त्ति एवं मूलगुणयुतस्यापि किं पुनरुत्तरगुणसमग्रस्येत्यपेरर्थः, भावगुरुत्वं=भावाचार्योपाध्यायत्वादि युक्तम्, यतो भणितं व्यतिरेकेण=अन्वयाक्षेपकव्यतिरेकप्रतिबन्धेन, पञ्चाशके ।।१६९।।

ટીકાર્થ :-

जिनवचने ..... पञ्चाशके ।। આ રીતે=ગાથા-૧૫૨થી ૧૬૮ સુધી કહ્યું એ રીતે, જિનવચનમાં= મૂળઉત્તરગુણની વિધિરૂપ ભગવાનના ઉપદેશમાં=સાધુના મૂળગુણો અને ઉત્તરગુણોની આચરણારૂપ ભગવાનના ઉપદેશમાં, તીવ્રરુચિ છે જેમને તેવા=તીવ્ર શ્રદ્ધા અને તીવ્ર કરવાની ઇચ્છારૂપ રુચિ છે જેમને તેવા, મૂળગુણયુક્તનું પણ (હમણાં) ભાવગુરુપણું=ભાવઆચાર્ય-ઉપાધ્યાયપણું આદિ યુક્ત છે, જે કારણથી વ્યતિરેકથી=અન્વયઆક્ષેપકવ્યતિરેકના પ્રતિબંધથી=અન્વયનો આક્ષેપ કરે તેવી વ્યતિરેકવ્યાપ્તિથી, પંચાશકમાં કહેવાયું છે.

ઉત્તરગુણથી સમગ્ર એવા પુરુષનું શું કહેવું ? એ પ્રકારે 'मूलगुणयुतस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૧૬૯।।

ભાવાર્થ :-

જે સાધુને ભગવાને બતાવેલા પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણ અને પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ આદિરૂપ ઉત્તરગુણો સ્વરૂપ ભગવાનના ઉપદેશમાં તીવ્રરુચિ હોય અર્થાત્ આ મૂળગુણનું અને ઉત્તરગુણનું સેવન જ એકાંત કલ્યાણનું કારણ છે, તેવી સ્થિર શ્રદ્ધા હોય, અને આ મૂળગુણ અને ઉત્તરગુણને સમ્યક્ સેવીને મારે આત્મહિત સાધવું છે એવી તીવ્ર ઇચ્છા હોય, આમ છતાં ઉત્તરગુણમાં ક્વચિત્ ક્યાંક ત્રુટિ થતી હોય તોપણ મૂળગુણયુક્ત હોય, તો તે સાધુ ભાવગુરુ થઈ શકે અર્થાત્ ભાવઆચાર્ય કે ભાવઉપાધ્યાય આદિ થઈ શકે, અને આ કથનની પુષ્ટિ વ્યતિરેકવ્યાપ્તિથી પંચાશકમાં કરેલ છે.

અહીં વિશેષ એ છે કે કોઈ સાધુ ગીતાર્થ ન હોય છતાં મૂળગુણમાં અને ઉત્તરગુણમાં તીવ્ર શ્રદ્ધા હોય અને મૂળગુણ અને ઉત્તરગુણને જીવનમાં સેવવાની તીવ્ર ઇચ્છા હોય એટલા માત્રથી તે ભાવાચાર્ય નથી, પરંતુ ગાથા-૧૫૨થી અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે કાળને અનુરૂપ શ્રુતનું અધ્યયન સૂત્રથી અને અર્થથી કરેલું હોય, અને મૂળ-ઉત્તરગુણમાં તીવ્ર રુચિ હોય, અને કાળને અનુરૂપ આચાર્યપદને યોગ્ય એવા

અન્ય ગુણો વિદ્યમાન હોય, આમ છતાં ઉત્તરગુણમાં ક્વચિત્ કંઈક ખામી હોય તોપણ જો તે મૂળગુણયુક્ત હોય, તો તે સાધુમાં ભાવગુરુપણું યુક્ત છે.

ટીકામાં કહ્યું કે અન્વયઆક્ષેપક વ્યતિરેકવ્યાપ્તિથી પંચાશકમાં કહ્યું છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે 'મૂળગુણવિહીન ગુરુગુણથી રહિત જાણવો, પરંતુ ગુણમાત્રવિહીન નહિ' એમ પંચાશકમાં કહ્યું છે. પંચાશકનું તે કથન અન્વયઆક્ષેપક વ્યતિરેકથી છે અર્થાત્ જે મૂળગુણરહિત હોય તે ગુરુગુણરહિત છે, એ પ્રકારનું વ્યતિરેકથી કથન છે; અને એ કથનથી વ્યતિરેકવ્યાપ્તિ પ્રાપ્ત થાય છે કે જે જે મૂળગુણવિહીન હોય તે તે ગુરુગુણરહિત છે, અને આ વ્યતિરેકવ્યાપ્તિ સાથે 'ગુણમાત્રવિહીન ગુરુ નથી એમ નહિ' એ કથન અન્વયનો આક્ષેપ કરે છે અર્થાત્ મૂળગુણયુક્ત એવા યત્કિંચિત્ ઉત્તરગુણથી વિહીન પણ ભાવગુરુ છે, એ પ્રકારની ભાવગુરુ સાથેની અન્વયવ્યાપ્તિનો આક્ષેપ થાય છે. **॥૧૬૯॥**

અવતરણિકા :-

પૂર્વગાથાના અંતે કહ્યું કે જે કારણથી વ્યતિરેકથી પંચાશકમાં કહેવાયું છે. તેથી હવે તે વ્યતિરેકથી શું કહેવાયું છે, તે બતાવે છે –

ગાથા :-

गुरुगुणरहिओ अ इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
ण उ गुणमित्तविहूणो, त्ति चंडरुद्दो उदाहरणं ।।१७०।।

અન્વયાર્થ :-

अ=અને, इहं=અહીં=ભાવગુરુની વિચારણામાં, गुरुगुणरहिओ दट्ठव्वो=ગુરુગુણરહિત જાણવો, जो मूलगुणविउत्तो=જે મૂળગુણરહિત છે, उ=પરંતુ, गुणमित्तविहूणो ण=ગુણમાત્રવિહીન નહિ, त्ति='त्ति' શબ્દ અન્વયઆક્ષેપકવ્યતિરેકવ્યાપ્તિની સમાપ્તિમાં છે, चंडरुद्दो उदाहरणं=ચંડરુદ્રાચાર્ય ઉદાહરણ છે. ॥૧૭૦॥

ગાથાર્થ :-

ભાવગુરુની વિચારણામાં ગુરુગુણરહિત જાણવો જે મૂળગુણરહિત છે, પરંતુ ગુણમાત્રવિહીન નહિ. 'त्ति' શબ્દ અન્વયઆક્ષેપકવ્યતિરેકવ્યાપ્તિની સમાપ્તિમાં છે. ચંડરુદ્રાચાર્ય ઉદાહરણ છે. ॥૧૭૦॥

ટીકા :-

'गुरुगुण'त्ति । गुरुगुणरहितश्च इह स द्रष्टव्यो यो मूलगुणविहीनो न तु गुणमात्रविहीनो गुरुर्न भवतीति । अत्र चण्डरुद्राचार्य उदाहरणं, यथा तस्य क्षमादिरूपोत्तरगुणवैकल्येऽपि मूलगुणसामग्र्याच्चारित्रमप्रतिहतमेवमन्येषामपीति । विवेचितमिदमन्यत्र ।।१७०।।

ટીકાર્થ :-

ગુરુગુણરહિતશ્ચ ..... વિવેચિતમિદમન્યત્ર ।। અને અહીં=ભાવગુરુની વિચારણામાં, ગુરુગુણરહિત તે જાણવો, જે મૂળગુણરહિત છે, પરંતુ ગુણમાત્રવિહીન=યત્કિંચિત્ ગુણરહિત, ગુરુ નથી થતા એમ નહિ. 'ઇતિ' શબ્દ વ્યાપ્તિની સમાપ્તિમાં છે. અહીં=યત્કિંચિદ્ ગુણવિહીન પણ ભાવગુરુ થાય છે એમાં, ચંડરુદ્રાચાર્ય ઉદાહરણ છે.

ચંડરુદ્રાચાર્યનું ઉદાહરણ સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે તેને=ચંડરુદ્રાચાર્યને, ક્ષમાદિરૂપ ઉત્તરગુણનું વિકલપણું હોવા છતાં પણ મૂળગુણનું સમગ્રપણું હોવાથી ચારિત્ર અપ્રતિહત જ છે=ચારિત્ર વિદ્યમાન જ છે, એ રીતે અન્યોનું પણ=મૂળગુણયુક્ત યત્કિંચિત્ ઉત્તરગુણ રહિત એવા અન્યોનું પણ, ચારિત્ર અપ્રતિહત છે. 'ઇતિ' શબ્દ દૃષ્ટાંતના તાત્પર્યની સમાપ્તિમાં છે. આ=યત્કિંચિત્ ગુણહીન એવા ચંડરુદ્રાચાર્ય ભાવગુરુ છે એ, અન્યત્ર=ઉપદેશરહસ્ય આદિ અન્ય ગ્રંથોમાં, ગ્રંથકારશ્રી વડે વિવેચન કરાયું છે. ॥૧૭૦॥

❖ 'ક્ષમાદિરૂપોત્તરગુણવૈકલ્યેઽપિ'માં 'આદિ' પદથી સમિતિ આદિમાંથી ક્યારેક કોઈક સમિતિ આદિની થયેલી વિકલતાનું ગ્રહણ કરવું, અને 'અપિ'થી એ કહેવું છે કે ક્ષમાદિરૂપ ઉત્તરગુણનું વિકલપણું ન હોય તો તો ચારિત્ર અપ્રતિહત છે, પરંતુ ક્ષમાદિરૂપ ઉત્તરગુણનું વિકલપણું હોવા છતાં પણ મૂળગુણના સમગ્રપણાને કારણે ચારિત્ર અપ્રતિહત જ છે.

❖ 'અન્યેષામપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે ચંડરુદ્રાચાર્યનું તો ચારિત્ર અપ્રતિહત હતું, એ રીતે અન્યોનું પણ ચારિત્ર અપ્રતિહત છે.

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં કહ્યું તે રીતે જે સાધુ મૂળગુણમાં અને ઉત્તરગુણમાં તીવ્ર રુચિવાળા છે અર્થાત્ આ મૂળગુણો અને ઉત્તરગુણો એકાંતે કલ્યાણનું કારણ છે, તેવી શ્રદ્ધાવાળા છે, અને આ મૂળગુણો અને ઉત્તરગુણો મારે શક્તિના પ્રકર્ષથી સેવવા છે, તેવી ઇચ્છાવાળા છે, તેવા સાધુમાં ક્યારેક કોઈક ઉત્તરગુણનો અભાવ પ્રાપ્ત થાય તોપણ જ્યાં સુધી મૂળગુણનો અભાવ નથી, ત્યાં સુધી તે ભાવગુરુ છે જ. જેમ ચંડરુદ્રાચાર્ય ક્ષમાદિ ગુણોથી વિહીન હોવા છતાં પણ મૂળગુણયુક્ત હોવાથી ભાવગુરુ હતા, તેમ અન્ય પણ સાધુઓ મૂળગુણયુક્ત હોય તો ભાવગુરુ છે. **॥૧૭૦॥**

અવતરણિકા :-

અથ યે સમ્યક્ત્વાદપિ પરિભ્રષ્ટા મૂલગુણવિરહિણાં વેષમાત્રધારિણાં સ્વાત્મનાં જ્ઞાનલવદુર્વિદગ્ધતયા ચારિત્રં વ્યવસ્થાપયન્તિ તત્પ્રતિહનનાર્થમાહ –

અવતરણિકાર્થ :-

હવે સમ્યક્ત્વથી પણ પરિભ્રષ્ટ એવા જેઓ મૂળગુણરહિત વેષમાત્રધારી એવા પોતાના આત્માનું ચારિત્ર જ્ઞાનલવના પાંડિત્યથી વ્યવસ્થાપન કરે છે, તેના પ્રતિહનન માટે=પૂર્વોક્ત ગુણોથી રહિત એવા જેઓ પોતાનામાં ચારિત્ર સ્થાપન કરે છે તેઓમાં વાસ્તવિક ચારિત્ર નથી, તેમ બતાવવા માટે કહે છે –

❖ 'सम्यक्त्वादपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રથી તો પરિભ્રષ્ટ છે, પરંતુ સમ્યક્ત્વથી પણ પરિભ્રષ્ટ છે.

ભાવાર્થ :-

ગાથા-૧૬૯માં કહ્યું કે સાધુના મૂળગુણ અને ઉત્તરગુણરૂપ ભગવાનના ઉપદેશમાં જેઓને તીવ્ર શ્રદ્ધા છે અર્થાત્ આ મૂળગુણો અને ઉત્તરગુણો જે રીતે ભગવાને બતાવ્યા છે તે રીતે જ તેનો બોધ કરીને મારે સેવવા જોઈએ, તેવી તીવ્રરુચિ છે તેઓમાં સમ્યક્ત્વ છે, અને જેઓને ભગવાનના ઉપદેશરૂપ મૂળગુણ અને ઉત્તરગુણના વિષયમાં તેવી રુચિ નથી, તેઓ સમ્યક્ત્વથી પણ ભ્રષ્ટ છે; અને જેઓમાં સમ્યક્ત્વ ન હોય તેઓ પરિગ્રહાદિ ન રાખતા હોય તોપણ મૂળગુણથી રહિત છે, અને મૂળગુણથી રહિત એવા તેઓ માત્ર પડિલેહણ કે ભિક્ષાઅટનાદિ કરતા હોય તેવા, અને શાસ્ત્રોના યત્કિંચિદ્ વચનોનો બોધ કરીને પોતે શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે તેમ માનીને પોતાનામાં ચારિત્ર સ્થાપન કરતા હોય, અને ચંડરુદ્રાચાર્ય આદિના દૃષ્ટાંતથી કે ભગવાનનું શાસન ઉત્સર્ગ-અપવાદમય છે એ વચનથી, પોતાની યથાતથા પ્રવૃત્તિને પણ અપવાદરૂપે ગણીને પોતાનામાં ચારિત્ર છે, તેમ વ્યવસ્થાપન કરે છે, તેઓમાં ચારિત્ર નથી અને તેઓ ભાવગુરુ નથી, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

जे उ सयं पासत्था, पासत्थविहारिणो अहाछंदा ।
तेसु ण जुज्जंति इमे, पुक्खरिणीपमुहदिट्ठंता ।।१७१।।

અન્વયાર્થ :-

उ=વળી, जे=જેઓ, सयं पासत्था=स्वयं पार्श्वस्था છે, पासत्थविहारिणो=પાર્શ્વસ્થવિહારી છે=પાર્શ્વસ્થ સાથે વસનારા છે, अहाछंदा=યથાછંદા છે, तेसु=તેઓમાં, इमे=આ=ગાથા-૧૫૪થી ૧૬૭ સુધી બતાવ્યું એ, पुक्खरिणीपमुहदिट्ठंता=વાવડી વગેરે દૃષ્ટાંતો, ण जुज्जंति=ઘટતા નથી. ।।૧૭૧।।

ગાથાર્થ :-

વળી જેઓ સ્વયં પાર્શ્વસ્થા છે, પાર્શ્વસ્થવિહારી છે, યથાછંદા છે, તેઓમાં આ વાવડી વગેરે દૃષ્ટાંતો ઘટતા નથી. ।।૧૭૧।।

ટીકા :-

'जे उ'त्ति। ये तु स्वयं पार्श्वस्थाः=मूलगुणानामपि पार्श्वे स्थिताः, तथा पार्श्वस्थविहारिणः=सदैव पार्श्वस्थविहारमपरित्यजन्तः, यथाच्छन्दाः=यत्तदसम्बन्धोत्सूत्रप्रलापिनो, गृहिकार्यरता गारवसक्ताश्चोपलक्षणात् कुशीलादिलक्षणयुक्ताश्च तेषु इमे=पूर्वोक्ताः पुष्करिणीप्रमुखदृष्टान्ता, न युज्यन्ते ।।१७१।।

ટીકાર્થ :-

ये तु स्वयं ..... युज्यन्ते ।। વળી જેઓ સ્વયં પાર્શ્વસ્થા છે=પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણોની પણ પાસે રહેનારા છે=પાંચ મૂળગુણોને સમ્યક્ સેવતા નથી, પરંતુ વ્રત ગ્રહણ કરીને તે મૂળગુણોને પાસે રાખેલા છે; અને જેઓ પાર્શ્વસ્થવિહારી છે=હંમેશાં જ પાર્શ્વસ્થવિહારનો નહિ ત્યાગ કરનારા છે=સ્વયં સંયમની ક્રિયામાં ઉદ્યત હોવા છતાં શિથિલાચારી એવા પાર્શ્વસ્થની સાથે સદા વસનારા છે; જેઓ યથાછંદા છે=યત્ તદ્ના સંબંધ વગર ઉત્સૂત્ર પ્રલાપ કરનારા છે=શાસ્ત્રવચનના પદાર્થને યત્ તદ્ના સંબંધથી ઉચિત રીતે જોડ્યા વગર સ્વમતિઅનુસાર શાસ્ત્રને જોડવારૂપ ઉત્સૂત્રને બોલનારા છે, વળી ગૃહસ્થનાં કાર્યોમાં રત છે અને ગારવમાં આસક્ત છે, ઉપલક્ષણથી જેઓ કુશીલાદિ લક્ષણથી યુક્ત છે, તેઓમાં=પૂર્વમાં પાસત્થાદિ ભેદો બતાવ્યા તેઓમાં, આ=પૂર્વમાં કહેલાં વાવડી વગેરે દૃષ્ટાંતો, ઘટતાં નથી. ।।૧૭૧।।

❖ 'मूलगुणानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે પાસત્થાઓ ઉત્તરગુણની તો પાસે રહેલા છે, પરંતુ મૂળગુણની પણ પાસે રહેલા છે.

❖ 'कुशीलादिलक्षणयुक्ताश्च'માં 'आदि' પદથી સંસક્ત, અવસન્નનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૧૬૯માં કહ્યું તે પ્રમાણે મૂળગુણ અને ઉત્તરગુણમાં જેઓને તીવ્ર શ્રદ્ધા છે, અને આત્મકલ્યાણ માટે મૂળ-ઉત્તરગુણને સેવવાની તીવ્ર ઇચ્છા છે તેઓ સુસાધુ છે, પરંતુ જેઓ મહાવ્રતોને ગ્રહણ કરીને તે મહાવ્રતોની મર્યાદાને યથાર્થ જાણવા માટે યત્ન કરતા નથી, તેઓને મહાવ્રતોમાં આ મહાવ્રતો કલ્યાણનું એકાંત કારણ છે, તેવી તીવ્ર શ્રદ્ધા નથી, તેથી સમ્યક્ત્વ પણ નથી. વળી જેઓમાં શક્તિના પ્રકર્ષથી આ મહાવ્રતોને જ મારે સમ્યક્ સેવવાં છે, તેવી ઇચ્છા નથી, તેઓમાં ચારિત્ર નથી. માત્ર પાંચ મહાવ્રતોને ગ્રહણ કરીને તેઓએ પાસે રાખ્યાં છે, તેથી પાસત્થા છે.

વળી કેટલાક સાધુઓ કલ્યાણના અત્યંત અર્થી છે, તેથી જિનવચનાનુસાર સંયમની સર્વ ક્રિયાઓ ઉદ્યત થઈને કરનારા છે, તોપણ સદા પાર્શ્વસ્થ સાધુઓની સાથે વિહરનારા છે, તેઓ પણ આચરણાથી પાર્શ્વસ્થ નહિ હોવા છતાં પાર્શ્વસ્થ સાથે વિહાર કરનારા હોવાથી પાર્શ્વસ્થ જ છે.

વળી કેટલાક સાધુઓ શાસ્ત્રવચનોને યત્ તદ્ના વક્તવ્યથી યથાર્થ જોડતા નથી, પરંતુ સ્વમતિઅનુસાર ઉત્સૂત્રને બોલનારા છે, તેથી શાસ્ત્રના વચનની પ્રરૂપણામાં યથાછંદા છે. વળી ગૃહસ્થના કાર્યમાં રત છે

અને ગારવમાં આસક્ત છે, તેઓ આચરણામાં યથાછંદા છે.

મૂળગાથામાં પાર્શ્વસ્થ, પાર્શ્વસ્થવિહારી અને યથાછંદનું ગ્રહણ કર્યું છે, ત્યાં ઉપલક્ષણથી કુશીલાદિલક્ષણવાળા શિથિલાચારીનું પણ ગ્રહણ કરવું.

વળી પૂર્વમાં વાવડી આદિના દૃષ્ટાંતથી જે કહ્યું કે વર્તમાનમાં કાળને અનુરૂપ ગુણવાળા ભાવગુરુ હોય છે, તે વાવડી આદિનાં દૃષ્ટાંતો આ પાસત્થાદિમાં ઘટતાં નથી. તેથી જેઓ શિથિલાચારવાળા છે, આમ છતાં શાસ્ત્રના જ્ઞાનલવના પાંડિત્યથી વાવડી આદિનાં દૃષ્ટાંતો બતાવીને પોતાનામાં ચારિત્રનું વ્યવસ્થાપન કરે છે, તે ઉચિત નથી. તેમ અવતરણિકા સાથે ગાથાનો સંબંધ છે. **॥૧૭૧॥**

અવતરણિકા :-

यतः –

અવતરણિકાર્થ :-

જે કારણથી –

ભાવાર્થ :-

જે કારણથી=ગાથા-૧૭૧માં કહ્યું કે પાસત્થાદિમાં વાવડી આદિનાં દૃષ્ટાંતો ઘટતાં નથી. કેમ ઘટતાં નથી ? તે બતાવવા માટે કહે છે જે કારણથી, ગાથા-૧૭૨માં કહે છે તેમ છે, તે કારણથી ઘટતાં નથી, એમ અન્વય છે.

ગાથા :-

ण हु सव्वह वेहम्मे, दिट्ठंतो जुत्तिसंगओ होइ ।
जह अन्नवस्स धूलीभूमीइ अणोरपारस्स ।।१७२।।

અન્વયાર્થ :-

सव्वह वेहम्मे=સર્વથા વૈધર્મ્યમાં=સુસાધુથી સર્વથા વૈધર્મ્યવાળા એવા પાસત્થાદિમાં, दिट्ठंतो=દૃષ્ટાંત=કાળને અનુરૂપ ભાવગુરુવિષયક શાસ્ત્રમાં કહેલ વાવડી આદિનું દૃષ્ટાંત, जुत्तिसंगओ=યુક્તિસંગત, ण हु होइ=થતું નથી જ, जह=જે પ્રમાણે, धूलीभूमीइ=ધૂળવાળી ભૂમિમાં, अणोरपारस्स अन्नवस्स=જેના આદિ અને અંત નથી એવા સમુદ્રનું દૃષ્ટાંત યુક્તિસંગત થતું નથી. ॥૧૭૨॥

ગાથાર્થ :-

સુસાધુથી સર્વથા વૈધર્મ્યવાળા એવા પાસત્થાદિમાં કાળને અનુરૂપ ભાવગુરુવિષયક શાસ્ત્રમાં કહેલાં વાવડી આદિ દૃષ્ટાંતો યુક્તિસંગત થતાં નથી, જે પ્રમાણે ધૂળવાળી ભૂમિમાં જેના આદિ અને અંત નથી એવા સમુદ્રનું દૃષ્ટાંત યુક્તિસંગત થતું નથી. ॥૧૭૨॥

ટીકા :-

'न हु'त्ति । न हि सर्वथा=सर्वप्रकारेण, वैधर्म्ये दृष्टान्तो युक्तिसङ्गतो भवति, यथा धूलीभूम्यां अनर्वाक्पारस्यार्णवस्य दृष्टान्तः । भवति हि स्वल्पेनापि जलादिसाधर्म्येण तटाके समुद्रदृष्टान्तोपन्यासस्य युक्तत्वं न तु धूलीभूम्याम्, तत्र साधर्म्यलेशस्याप्यभावात्, एवमैदंयुगीनेषु गुरुषु पूर्वगुरुणां पुष्करिण्याद्युपनयद्वारौपम्यवर्णनं युक्तं स्यात्, मूलगुणाद्याचारमात्रसाम्यात्; न तु पार्श्वस्थादिषु, तत्र सर्वथा तदभावात्; वेषमात्रेण साधर्म्ये चाभ्युपगम्यमाने द्रव्यत्वादिना धूलीभूमिसमुद्रयोरपि साम्यं स्यादिति भावः ।।१७२।।

ટીકાર્થ :-

न हि सर्वथा ..... स्यादिति भावः ।। સર્વ પ્રકારે વૈધર્મ્યમાં દૃષ્ટાંત યુક્તિસંગત થતું નથી, જે પ્રમાણે ધૂળવાળી ભૂમિમાં આદિ અને અંત વગરના સમુદ્રનું=મહાસમુદ્રનું દૃષ્ટાંત યુક્તિસંગત થતું નથી.

સર્વથા વૈધર્મ્યમાં દૃષ્ટાંત યુક્તિસંગત કેમ નથી ? તે બતાવે છે –

સ્વલ્પ પણ જલાદિના સાધર્મ્યથી તળાવમાં સમુદ્રના દૃષ્ટાંતના ઉપન્યાસનું યુક્તપણું થાય, પરંતુ ધૂલીભૂમિમાં નહિ; કેમ કે ત્યાં=ધૂલીભૂમિમાં, સાધર્મ્યલેશનો પણ=સમુદ્ર સાથે સાધર્મ્યલેશનો પણ, અભાવ છે. એ રીતે=જે રીતે તળાવમાં સમુદ્રના દૃષ્ટાંતના ઉપન્યાસનું યુક્તપણું છે એ રીતે, આ યુગના ગુરુઓમાં=આ યુગના ભાવગુરુઓમાં, વાવડી આદિ ઉપનય દ્વારા પૂર્વગુરુઓના ઔપમ્યનું વર્ણન યુક્ત થાય; કેમ કે મૂળગુણ આદિ આચારમાત્રનું સામ્ય છે=મૂળગુણ આદિ આચારસામાન્યનું સામ્ય છે, પરંતુ પાર્શ્વસ્થાદિમાં નહિ; કેમ કે ત્યાં=પાર્શ્વસ્થાદિમાં, સર્વથા તેનો અભાવ છે=મૂળગુણાદિ આચારોનો સર્વથા અભાવ છે, અને વેષમાત્રથી સાધર્મ્ય સ્વીકારાયે છતે=પાર્શ્વસ્થાદિમાં સાધુવેષમાત્રથી પૂર્વના ગુરુઓ સાથે સાધર્મ્ય સ્વીકારાયે છતે, દ્રવ્યત્વાદિ દ્વારા ધૂળવાળી ભૂમિ અને સમુદ્રમાં પણ સામ્ય થાય, એ પ્રકારનો ભાવ છે. ।।૧૭૨।।

❖ 'स्वल्पेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રભૂત એવા જલાદિના સાધર્મ્યથી તો તળાવમાં સમુદ્રના દૃષ્ટાંતના ઉપન્યાસનું યુક્તપણું છે, પરંતુ સ્વલ્પ પણ જલાદિના સાધર્મ્યથી તળાવમાં સમુદ્રના દૃષ્ટાંતના ઉપન્યાસનું યુક્તપણું છે.

❖ 'जलादिसाधर्म्येण'માં 'आदि' પદથી તરવૈયા કે હોડકાના સાધર્મ્યનું ગ્રહણ કરવું.

❖ 'साधर्म्यलेशस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ઘણું સાધર્મ્ય તો નથી, પરંતુ સાધર્મ્યલેશનો પણ અભાવ છે.

❖ 'मूलगुणाद्याचारमात्रसाम्यात्'માં 'आदि' પદથી ઉત્તરગુણ, શ્રુતજ્ઞાન અને ગચ્છને સારણા-વારણા આદિની શક્તિનું ગ્રહણ કરવું.

❖ 'द्रव्यत्वादिना'માં 'आदि' પદથી પુદ્ગલત્વનું ગ્રહણ કરવું.

❖ 'धूलीभूमिसमुद्रयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે વેષમાત્રથી તો પૂર્વના ભાવગુરુઓમાં અને પાર્શ્વસ્થાદિમાં સામ્ય છે, પરંતુ ધૂળવાળી ભૂમિ અને સમુદ્રમાં પણ દ્રવ્યત્વાદિથી સામ્યપણું થાય.

ભાવાર્થ :-

ગાથા-૧૭૧માં કહ્યું કે પાર્શ્વસ્થાદિમાં વાવડી આદિ દૃષ્ટાંતો ઘટતાં નથી. કેમ ઘટતાં નથી ? તેમાં યુક્તિ આપે છે કે જે વસ્તુમાં સર્વથા વૈધર્મ્ય હોય તે વસ્તુની ઉપમાથી ઔપમ્યનું વર્ણન થઈ શકે નહિ. જેમ મોટા સમુદ્રની ઉપમાથી ઔપમ્ય એવા તળાવનું વર્ણન થઈ શકે, પરંતુ મોટા સમુદ્રની ઉપમાથી ઔપમ્ય ધૂળવાળી ભૂમિ થઈ શકે નહિ. તેમ પૂર્વગુરુઓની ઉપમાથી ઔપમ્ય એવા વર્તમાનના ભાવગુરુઓનું વર્ણન થઈ શકે, પરંતુ પૂર્વના ભાવગુરુઓની ઉપમાથી ઔપમ્ય પાર્શ્વસ્થાદિ થઈ શકે નહિ; કેમ કે વર્તમાનના ભાવગુરુઓમાં પૂર્વગુરુઓ જેવા વિશિષ્ટ ગુણો નથી, તોપણ ભગવાને બતાવેલા મૂળગુણમાં અને ઉત્તરગુણમાં તીવ્ર શ્રદ્ધા છે, અને જે રીતે ભગવાને મૂળગુણ અને ઉત્તરગુણ કહ્યા છે, તેના પરમાર્થને જાણીને તે રીતે સેવવાની તીવ્ર ઇચ્છા છે, તેથી તેઓમાં મૂળગુણ અને ઉત્તરગુણ છે. વળી કાળને અનુરૂપ શ્રુતજ્ઞાન છે અને શિષ્યોને સારણા-વારણા આદિ કરીને યોગમાર્ગમાં પ્રવર્તાવવાની શક્તિ છે. તેથી પૂર્વના ભાવગુરુઓ જેવા વિશિષ્ટ શ્રુતાદિ ગુણો નથી, તોપણ શ્રુતાદિ ગુણોથી કંઈક સામ્ય છે. માટે વાવડી આદિના દૃષ્ટાંતથી પૂર્વના ગુરુઓની ઉપમાથી ઔપમ્ય વર્તમાનના ગુરુઓ થઈ શકે, પરંતુ પાર્શ્વસ્થાદિ થઈ શકે નહિ; કેમ કે ગુરુના કંઈક ગુણોથી પૂર્વગુરુઓની સાથે કંઈક સાધર્મ્ય હોય તો પૂર્વના ગુરુઓની ઉપમા આપી શકાય, પરંતુ ગુરુપદને અનુકૂળ કોઈ ગુણ ન હોય પણ સાધુવેષમાત્રનું સાધર્મ્ય હોય તેટલા માત્રથી આ પૂર્વગુરુઓ જેવા છે, તેમ કહી શકાય નહિ. જેમ મોટા તળાવને જોઈને આ તળાવ સમુદ્ર જેવું છે, તેમ કહી શકાય, પરંતુ ભૂમિમાં રહેલા અને સમુદ્રમાં રહેલા દ્રવ્યત્વાદિને ગ્રહણ કરીને આ ભૂમિ સમુદ્ર જેવી છે, તેમ કહી શકાય નહિ. **॥૧૭૨॥**

અવતરણિકા :-

इत्थमपर्यालोचयतां येषां स्वस्मिन् गुरुत्वधीविपर्यासस्तेषामपायमुपदर्शयति –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૧૭૧-૧૭૨માં કહ્યું કે વાવડી આદિના ઉપનય દ્વારા પાર્શ્વસ્થાદિને પૂર્વના ગુરુની ઉપમા આપી શકાય નહિ એ રીતે, અપર્યાલોચન કરતા એવા જે સાધુઓને સ્વમાં ગુરુત્વબુદ્ધિનો વિપર્યાસ છે, તેઓને અનર્થની પ્રાપ્તિ બતાવે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૭૧-૧૭૨માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જેઓને મૂળગુણના અને ઉત્તરગુણના પાલનરૂપ ભગવાનના ઉપદેશમાં તીવ્ર શ્રદ્ધા નથી, અને પાલન કરવાની તીવ્ર ઇચ્છા નથી, વળી જેઓ શક્તિના અતિશયથી સંયમના આચારો સેવતા નથી, તેઓ પાર્શ્વસ્થાદિમાંથી કોઈક પ્રકારના શિથિલ આચારવાળા છે, અને તેઓને સામે રાખીને શાસ્ત્રમાં વાવડી આદિનાં દૃષ્ટાંતો અપાયાં નથી; પરંતુ કાળને અનુરૂપ સંયમમાં યતનાપરાયણ ભાવગુરુને આશ્રયીને વાવડી આદિનાં દૃષ્ટાંતો અપાયાં છે. આમ છતાં એ પ્રકારના અર્થનું

પર્યાલોચન નહિ કરનારા એવા તેઓ 'પોતે સાધુવેષમાં છે અને કેટલાક શિષ્યોને ધારણ કરે છે' એટલામાત્રથી ગુરુ છે, એ પ્રકારની વિપરીત બુદ્ધિને ધારણ કરે છે. વસ્તુતઃ શરણાગત એવા શિષ્યોને જે ગુરુ ભગવાનના વચનાનુસાર યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે અને તેઓમાં સંયમની શુદ્ધિનું આપાદન કરી શકે તે ગુરુ છે, અન્ય નહિ; આમ છતાં શિષ્યોના પરિવારના બળથી પોતે ગુરુ છે તેવી વિપર્યાસબુદ્ધિ જેઓ ધારણ કરે છે, તેઓને શું અનર્થ થશે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે.

ગાથા :-

केसिंचि णाममित्ता, इड्ढीरससायगारवरयाणं ।
होइ गुरुभावदप्पो, सो मूलमणत्थरासीणं ।।१७३।।

અન્વયાર્થ :-

इड्ढीरससायगारवरयाणं केसिंचि=ઋદ્ધિ-રસ-શાતાગારવમાં રત એવા કેટલાકને, णाममित्ता=નામમાત્રથી, गुरुभावदप्पो=ગુરુભાવનો દર્પ થાય છે, सो=તે=ગુરુભાવનો દર્પ, अणत्थरासीणं मूलं=અનર્થરાશિનું મૂળ છે. ।।૧૭૩।।

ગાથાર્થ :-

ઋદ્ધિ-રસ-શાતાગારવમાં રત એવા કેટલાકને નામમાત્રથી ગુરુભાવનો દર્પ થાય છે, તે અનર્થરાશિનું મૂળ છે. ।।૧૭૩।।

ટીકા :-

'केसिंचि'त्ति। केषाञ्चित् अनुपादेयाभिधानानां ऋद्धिरससातगारवरतानां नाममात्रात्=यादृच्छिक-गुरुसञ्ज्ञामात्राल्लोकेनोच्चार्यमाणाद्, भवति गुरुभावदर्पः=अहं सर्वेषां गुरुरित्यभिमानः, सोऽयम-नर्थराशीनां मूलम्, विपर्यासबुद्धेरसंयमे दृढप्रवृत्तिभावात्; ततः प्रायश्चित्तसन्ततिप्रवृद्धेस्ततो-ऽनन्तसंसारप्रसङ्गादिति ।।१७३।।

ટીકાર્થ :-

केषाञ्चित् ..... प्रसङ्गादिति ।। ઋદ્ધિગારવ-રસગારવ અને શાતાગારવમાં રત એવા કેટલાકને= ગુરુપણારૂપે અનુપાદેયનામવાળા એવા કેટલાકને, નામમાત્રથી=લોકોથી ઉચ્ચારણ કરાતા યાદૃચ્છિક ગુરુસંજ્ઞામાત્રથી, ગુરુભાવનો દર્પ થાય છે=હું બધાનો ગુરુ છું એ પ્રકારનું અભિમાન થાય છે. તે આ= પોતાનામાં થયેલું ગુરુભાવનું અભિમાન, અનર્થરાશિનું મૂળ છે; કેમ કે વિપર્યાસબુદ્ધિથી અસંયમમાં દૃઢ પ્રવૃત્તિનો ભાવ છે=દૃઢ પ્રવૃત્તિનો સદ્ભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે વિપર્યાસબુદ્ધિથી અસંયમમાં દૃઢ પ્રવૃત્તિને કારણે અનર્થોની પ્રાપ્તિ કઈ રીતે થશે ? તેથી અન્ય હેતુ કહે છે –

તેનાથી=અસંયમમાં દૃઢ પ્રવૃત્તિથી, પ્રાયશ્ચિત્તની સંતતિની પ્રવૃદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે સંયમની વિપરીત પ્રવૃત્તિથી પ્રાયશ્ચિત્તની સંતતિની વૃદ્ધિ અનર્થનું કારણ કઈ રીતે થશે ? તેથી અન્ય હેતુ કહે છે –

તેનાથી=પ્રાયશ્ચિત્તરાશિની વૃદ્ધિથી, અનંતસંસારનો પ્રસંગ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૭૩॥

ભાવાર્થ :-

જેઓ સાધુવેષમાં છે અને શિષ્યોને સન્માર્ગમાં પ્રવર્તાવી શકે એવી શક્તિ નથી, તેઓ ગુરુપણાના વચનથી અનુપાદેય છે. વળી તેવા સાધુવેષવાળા પોતે ઘણા શિષ્યોના પરિવારવાળા છે, એ પ્રકારના ઋદ્ધિગારવમાં રક્ત છે, અને દેહને સાચવવામાં અને ઇંદ્રિયોને અનુકૂળ રસોમાં આસક્ત છે. આવા સાધુ પરમાર્થથી ગુરુ નથી, તોપણ ઘણા શિષ્યોના ગુરુ હોવાથી લોકો તેમને ગુરુ કહે છે. આ ગુરુસંજ્ઞા ગુરુના ગુણોથી નિરપેક્ષ યાદૃચ્છિક રીતે લોકોથી અપાયેલી છે, તેથી નામમાત્રથી તેઓ ગુરુ છે; આમ છતાં લોકોથી બોલાતા 'ગુરુ' શબ્દને કારણે તે સાધુઓને પોતે ગુરુ છે એ પ્રકારની બુદ્ધિ થાય છે, અને આ બુદ્ધિ વિપર્યાસરૂપ છે; કેમ કે 'શાસ્ત્રતત્ત્વને જે કહે અને શિષ્યોને યોગમાર્ગમાં પ્રવર્તાવે તે ગુરુ' એ પ્રકારના ગુરુપદના અર્થમાં પોતાને વિપર્યાસ હોવાને કારણે પોતાની અસંયમમાં દૃઢ પ્રવૃત્તિ થાય છે, અને શિષ્યોને અસંયમમાં પ્રવર્તાવવાની દૃઢ પ્રવૃત્તિ થાય છે; અને અસંયમની દૃઢ પ્રવૃત્તિને કારણે આત્મામાં અસંયમના સંસ્કારો દૃઢ થાય છે, જેથી પ્રાયશ્ચિત્તની વૃદ્ધિની પ્રાપ્તિ થાય છે; કેમ કે સંયમ ગ્રહણ કરીને અસંયમના સંસ્કારો દૃઢ કરવામાં આવે તો પ્રતિજ્ઞાના ઉલ્લંઘનને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે, અને પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન અસ્ખલિત ચાલુ રહે તો પ્રાયશ્ચિત્તના સંતાનની વૃદ્ધિ થાય છે. તેથી સાધુપણું ગ્રહણ કરીને આ પ્રકારની ગુરુત્વબુદ્ધિથી થયેલી પાપરાશિને કારણે અનંત સંસારના પરિભ્રમણનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. **॥૧૭૩॥**

અવતરણિકા :-

एतदेव ग्रन्थसम्मत्या द्रढयति –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૧૭૩માં કહ્યું કે ઋદ્ધિગારવ આદિમાં રત એવા સાધુને નામમાત્રથી ગુરુભાવનો દર્પ થાય છે તે અનર્થરાશિનું મૂળ છે એને જ, ગ્રંથની સંમતિથી=મહાનિશીથ ગ્રંથની સંમતિથી, દૃઢ કરે છે –

ગાથા :-

जं भणियं पच्छित्तं, जावइअं पिंडियं हवइगत्थ ।
तत्तो चउग्गुणं चिय, गणाहिवइणो पमत्तस्स ।।१७४।।

અન્વયાર્થ :-

જં=જે કારણથી, એગત્થ=એકત્ર=એકસ્થાનમાં, જાવइयं पच्छित्तं पिंडियं हवइ=જેટલું પ્રાયશ્ચિત્ત પિંડિત થાય છે=શિષ્યો વડે સેવાયેલું જેટલું પ્રાયશ્ચિત્ત પિંડિત થાય છે, तत्तो=તેનાથી, चउग्गुणं चिय=ચારગણું જ=ચારગણું જ પ્રાયશ્ચિત્ત, पमत्तस्स गणाहिवइणो=પ્રમત્ત એવા ગણાધિપતિને, भणियं=કહેવાયું છે, તે કારણથી ગુરુભાવનો દર્પ અનર્થરાશિનું મૂળ છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ।।૧૭૪।।

ગાથાર્થ :-

જે કારણથી એકસ્થાનમાં શિષ્યો વડે સેવાયેલું જેટલું પ્રાયશ્ચિત્ત પિંડિત થાય છે, તેનાથી ચારગણું જ પ્રાયશ્ચિત્ત પ્રમત્ત એવા ગણાધિપતિને કહેવાયું છે, તે કારણથી ગુરુભાવનો દર્પ અનર્થરાશિનું મૂળ છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ।।૧૭૪।।

ટીકા :-

'जं'ति। यत्=यस्माद्, यावत् प्रायश्चित्तं एकत्र=एकस्थले, सर्वं सपिण्डितम्=एकीकृतं, भवति ततश्चतुर्गुणं प्रमत्तस्य=प्रमादपरवशस्य गणाधिपतेः, भणितं महानिशीथे, गुरोः प्रमत्तत्वे सर्वेषामपि प्रमादभावात्, क्रियायां चोत्साहभङ्गात्, ततः क्लेशमात्रप्रवृत्तेः पुण्यफलवञ्चनात्, तथा च सूत्रम् - "इणमो सव्वमवि पच्छित्तं गोयमा ! जावइअं एगत्थ संपिंडिअं हविज्जा तावइअं चेव एगस्स णं गच्छाहिवइणो महयरपवित्तिणीए अ चउगुणं उवइसेज्जा, जओ णं सव्वमवि एएसिं पयंसिअं हवेज्जा, अहा णं इमे चेव पमायवसं गच्छेज्जा तओ अन्नेसिं संते धीबलवीरिए णो सुट्ठुतरागमब्भुज्जमे हवेज्जा, अहा णं किंचि सुमहंतमवि तओऽणुट्ठाणमब्भुज्जमेज्जा ता णं ण तारिसाए धम्मसद्धाए किंतु मंदुच्छाहे समणुट्ठेज्जा भग्गपरिणामस्स य णिरत्थगमेव कायकिलेसे, जम्हा एयं तम्हा उ अचिंताणंतणिरनुबंधे (सानुबंधे) पुन्नपब्भारे णं संजुज्जमाणे वि साहुणो ण संजुज्जंति, एवं सव्वमवि गच्छाहिवयादीणं दोसेणेव पवत्तेज्जा, एएणं पवुच्चइ गोयमा ! जहा णं गच्छाहिवइयाईणं इणमो सव्वमवि पच्छित्तं जावइअं एगत्थ संपंडिअं हविज्जा तावइअं चेव चउगुणं उवइसेज्जा" ।।१७४।।

❖ 'अचिंताणंतणिरनुबंधे पुन्नयब्भारे' એ પ્રમાણે ઉદ્ધરણમાં પાઠ છે, તેના સ્થાને अचिंताणंतसानुबंधे पुन्नपब्भारे પાઠ હોવો જોઈએ.

ટીકાર્થ :-

यत्=यस्मात् ..... उवइसेज्जा" ।। જે કારણથી જેટલું પ્રાયશ્ચિત્ત સર્વ=શિષ્યો વડે કરાયેલું જેટલું પ્રાયશ્ચિત્ત સર્વ, એકસ્થળમાં પિંડિત=એકીકૃત, થાય છે, તેનાથી ચારગણું પ્રમત્ત એવા ગણાધિપતિને= પ્રમાદને પરવશ એવા ગણાધિપતિને, મહાનિશીથમાં કહેવાયું છે; કેમ કે ગુરુના પ્રમાદપણામાં સર્વને પણ=સર્વ શિષ્યોને પણ, પ્રમાદનો ભાવ છે=પ્રમાદનો સદ્ભાવ છે, અને ક્રિયામાં ઉત્સાહનો ભંગ છે= મોક્ષસાધક એવી ક્રિયામાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાને અનુકૂળ ઉત્સાહનો ભંગ છે.

અહીં પ્રશ્ન થાય કે ગુરુ પ્રમાદી હોય તેના કારણે શિષ્યો પ્રમાદવાળા થાય, અને તેના કારણે શિષ્યોને ક્રિયામાં ઉત્સાહનો ભંગ થાય તેટલા માત્રથી ગુરુને ચારગણું પ્રાયશ્ચિત્ત કેમ કહ્યું ? તેથી તેનો હેતુ કહે છે -

તેનાથી=શિષ્યોને પ્રમાદભાવ થવાને કારણે ક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરવાના ઉત્સાહનો ભંગ થવાથી, ક્લેશમાત્રરૂપ પ્રવૃત્તિ થવાને કારણે=સંયમના આચારનું પાલન ક્લેશમાત્ર પ્રવૃત્તિરૂપ થવાને કારણે, પુણ્યફલનું વંચન છે=સંયમપાલનથી મોક્ષને અનુકૂળ એવા પુણ્યાનુબંધી પુણ્યરૂપ ફળની અપ્રાપ્તિ છે. (તેથી શિષ્યોને મોક્ષને અનુકૂળ પુણ્યાનુબંધી પુણ્યની અપ્રાપ્તિ થવાથી સંયમની કષ્ટકારી ક્રિયારૂપ ક્લેશને કારણે આ ભવમાં જે દુઃખ પ્રાપ્ત થયું અને પરભવમાં અહિતની પ્રાપ્તિ થશે તે સર્વનું મૂળ ગુરુનો પ્રમાદ છે, તેથી ગુરુને ચારગણું પ્રાયશ્ચિત્ત છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.)

અને તે રીતે=પ્રમત્ત ગુરુને શિષ્યોને પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્ત કરતાં ચારગણું પ્રાયશ્ચિત્ત છે તે રીતે, સૂત્ર છે –

હે ગૌતમ ! આ સર્વ પણ પ્રાયશ્ચિત્ત=પ્રમાદથી ગચ્છે સેવેલું સર્વ પણ પ્રાયશ્ચિત્ત, જેટલું એકત્ર સંપિંડિત થાય તેટલું જ ચારગણું એક ગચ્છાધિપતિને અને મુખ્ય પ્રવર્તિની સાધ્વીને આપવું, જે કારણથી સર્વ પણ=સર્વ પણ પ્રમાદ, આમના વડે=ગચ્છાધિપતિ કે મુખ્ય પ્રવર્તિની વડે, પ્રદર્શિત થાય. જે પ્રમાણે આ=ગચ્છાધિપતિ આદિ, પ્રમાદવશ થાય તેનાથી ધૃતિ-બળ-વીર્ય હોતે છતે અન્યોને આગમના વિષયમાં ઉદ્યમ સુષ્ઠુતર ન થાય, જે પ્રમાણે તેનાથી=જે પ્રતિદિન સંયમનું અનુષ્ઠાન આચરે છે તેનાથી, સુમહંત પણ કંઈક અનુષ્ઠાન તેઓ આચરે તો તેવી ધર્મશ્રદ્ધાથી નહિ=આ અનુષ્ઠાન શાસ્ત્રવિધિ પ્રમાણે કરવું છે તેવી ધર્મશ્રદ્ધાથી નહિ, પરંતુ મંદઉત્સાહથી આચરે, અને ભગ્નપરિણામવાળાનો નિરર્થક જ કાયક્લેશ છે, જે કારણથી આ છે='પૂર્વમાં 'अहा'થી કહ્યું કે ગચ્છાધિપતિ પ્રમાદવશ થાય તો શિષ્યોમાં ધૃતિ-બળ હોવા છતાં શિષ્યો પ્રમાદવશ થાય, વળી 'अहा' થી કહ્યું કે શિષ્યો પ્રમાદવશ થાય તો કોઈ મોટું અનુષ્ઠાન આચરે તોપણ તેવી ધર્મશ્રદ્ધાથી આચરે નહિ, પરંતુ મંદઉત્સાહથી આચરે, અને તેથી ભગ્નપરિણામવાળા એવા તેઓની સર્વ ક્રિયા કાયક્લેશરૂપ થાય' એ છે, તે કારણથી અચિંત્ય અનંત સાનુબંધ પુણ્યપ્રાગ્ભારરૂપ સંયમઅનુષ્ઠાન સાથે સંયુજ્યમાન હોતે છતે પણ સાધુઓ સંયોજન પામતા નથી=કલ્યાણની પરંપરાનું કારણ બને તેવા અનુષ્ઠાન સાથે સંયોજન પામતા નથી. આ રીતે=પૂર્વમાં કહ્યું કે ગુરુના પ્રમાદને કારણે અચિંત્ય અનંત સાનુબંધ પુણ્યપ્રાગ્ભારવાળા અનુષ્ઠાન સાથે સાધુઓ સંયોજન પામતા નથી એ રીતે, સર્વ પણ=સર્વ પણ અનર્થ, ગચ્છાધિપતિ આદિના દોષથી જ પ્રવર્તે. એથી કહેવાય છે અને તે કહેવાયેલું જ 'जहा'થી બતાવે છે: હે ગૌતમ ! આ સર્વ પણ પ્રાયશ્ચિત્ત જેટલું એકત્ર સંપિંડિત થાય તેટલું જ ચારગણું ગચ્છાધિપતિ આદિને આપવું. **॥૧૭૪॥**

❖ 'सर्वेषामपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગુરુ તો પ્રમત્ત છે, પરંતુ શિષ્યો સર્વને પણ પ્રમાદનો ભાવ છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે જેઓ શાસ્ત્રમાં બતાવેલાં વાવડી આદિ દૃષ્ટાંતોનું સમ્યક્ પર્યાલોચન કરતા નથી, પરંતુ વાવડી આદિ દૃષ્ટાંતોને પોતાનામાં યોજન કરીને, પોતે પ્રમાદી હોવા છતાં ગુરુત્વબુદ્ધિનો વિપર્યાસ ધારણ કરે છે, તેઓને અનંત સંસારના પરિભ્રમણનો પ્રસંગ છે. તેમાં શાસ્ત્રયુક્તિ બતાવે છે કે જે કારણથી પ્રમાદી એવા ગચ્છાધિપતિ હોય તો તેમના શિષ્યો જે કંઈ પ્રમાદ કરે તેના કરતાં ચારગણું પ્રાયશ્ચિત્ત પ્રમાદી

ગચ્છાધિપતિ આદિને પ્રાપ્ત થાય છે. તેથી ફલિત થયું કે શિષ્યોએ સંયમની મર્યાદાનું ઉલ્લંઘન કરીને જે પાપ કર્યું તેના કરતાં ચારગણું પાપ ગુરુને પ્રાપ્ત થયું. માટે તેવા ગુરુને અનંત સંસાર પરિભ્રમણનો પ્રસંગ છે. વળી ગુરુને ચારગણું પ્રાયશ્ચિત્ત કેમ પ્રાપ્ત થયું ? તેમાં યુક્તિ આપી કે ગુરુ પ્રમાદી હોય તો શિષ્યો પણ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવામાં પ્રમાદવાળા બને છે, તેથી તેઓમાં ભગવાનના વચન અનુસાર ક્રિયાઓ કરવા દ્વારા સંવેગવૃદ્ધિ કરવાનો ઉત્સાહ ભંગ પામે છે, અને સંવેગના પરિણામ વગરનું તે અનુષ્ઠાન ક્લેશમાત્રરૂપ બને છે; પરંતુ તે અનુષ્ઠાનના સેવનથી મોક્ષને અનુકૂળ સદ્ગતિઓની પરંપરાનું કારણ બને તેવું પુણ્યફળ મળતું નથી. તેથી શિષ્યોએ પ્રમાદ કરીને જે ક્લેશ પ્રાપ્ત કર્યો અને તેનાથી સંસારનું પરિભ્રમણ પ્રાપ્ત થયું, તેમાં ગુરુ નિમિત્તભાવ હોવાથી ગુરુને ચારગણું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

વળી મહાનિશીથસૂત્રનું ઉદ્ધરણ આપ્યું. તેમાં કહ્યું કે જો ગચ્છાધિપતિ આદિ પ્રમાદવશ થાય તો શિષ્યોમાં ધૃતિ-બળ-વીર્ય હોવા છતાં શિષ્યો શાસ્ત્ર અનુસાર ક્રિયા કરવામાં ઉદ્યમવાળા થાય નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે જો ધૃતિ-બળ આદિ હોવા છતાં ગચ્છાધિપતિ આદિ સંવેગની વૃદ્ધિ થાય તે રીતે ક્રિયાઓ કરતા ન હોય તો શિષ્યો પણ તે રીતે ક્રિયાઓ કરતા નથી, અને તેના કારણે તે શિષ્યો કોઈક વખતે સંયમનું વિશિષ્ટ મોટું અનુષ્ઠાન સેવે તે વખતે પણ તે અનુષ્ઠાન આચરણારૂપે સેવે છે, પરંતુ તેવી ધર્મશ્રદ્ધાથી સેવતા નથી અર્થાત્ આ અનુષ્ઠાન જે પ્રકારે સંવેગની વૃદ્ધિપૂર્વક સેવવાનું ભગવાને કહ્યું છે, તેવી શ્રદ્ધાથી સેવતા નથી, પરંતુ મંદ ઉત્સાહથી સેવે છે અર્થાત્ માત્ર બાહ્ય આચરણારૂપે સેવે છે, પરંતુ તે અનુષ્ઠાનથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે સેવતા નથી; અને જેઓ માત્ર બાહ્યઆચરણારૂપે અનુષ્ઠાન સેવે છે, તેઓ ભગ્નપરિણામવાળા છે=ભગવાનના વચનને સમ્યક્ સેવીને મારે અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત કરવું છે, તેવો આત્મકલ્યાણનો પરિણામ ભગ્ન થયેલો છે, માત્ર બાહ્ય ક્રિયા કરીને કૃતકૃત્ય થવાનો પરિણામ છે. તેવા સાધુઓનું સંયમનું સર્વ અનુષ્ઠાન નિરર્થક જ કાયક્લેશ છે, અને જે કારણથી આ સર્વ અનુષ્ઠાન નિરર્થક કાયક્લેશ છે, તે કારણથી તેઓએ જે સંયમ સ્વીકારેલું છે તે સંયમ અચિંત્ય કોટીનું અને અનંત એવા સાનુબંધ પુણ્ય સાથે સંયોજન થાય તેવું છે, તોપણ તે સાધુઓ તેવા સંયમ સાથે સંયોજન પામતા નથી; અને આ રીતે મહાકલ્યાણનું કારણ એવું પણ સંયમ તેઓના કલ્યાણનું કારણ થતું નથી, તે ગચ્છાધિપતિના દોષના કારણે જ થાય છે. તેથી શિષ્યોએ જે કંઈ પ્રમાદ કર્યો, અને તેનાથી જે કંઈ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું, તેનાથી ચારગણું પ્રાયશ્ચિત્ત પ્રમાદમાં નિમિત્ત કારણ એવા ગચ્છાધિપતિ આદિને પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ કોઈના પાપમાં જે જીવ નિમિત્ત બને તે જીવને પાપના અનુમોદનનો દોષ લાગે અને જે પાપ કરનારા હોય તેમાં નિમિત્ત બનનારને પાપ સેવનારા કરતાં સામાન્યથી અધિક પાપ થતું નથી, પરંતુ શિષ્યોના પ્રમાદમાં ગુરુ બલવાન નિમિત્ત છે, તેથી શિષ્યોના પાપ કરતાં પણ ગુરુને ચારગણું પાપ પ્રાપ્ત થાય છે. **॥૧૭૪॥**

અવતરણિકા :-

ન કેવલં સ્વયં પ્રમત્તસ્ય ગણાધિપતેઃ પ્રાયશ્ચિત્તસમ્ભવઃ કિન્ત્વપ્રમત્તસ્યાપિ ગચ્છાસારણાદિના દુષ્ટશિષ્યાત્યાગેન ચ પ્રાયશ્ચિત્તવિશેષાપત્તિરિત્યાહ –

અવતરણિકાર્થ :-

ફક્ત સ્વયંપ્રમત્ત એવા ગણાધિપતિને પ્રાયશ્ચિત્તનો સંભવ છે એમ નહિ, પરંતુ અપ્રમત્ત પણ ગણાધિપતિને ગચ્છના અસારણાદિથી કે દુષ્ટ શિષ્યના અત્યાગથી પ્રાયશ્ચિત્તવિશેષની પ્રાપ્તિ છે, એ પ્રમાણે કહે છે –

❖ 'अप्रमत्तस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રમત્ત એવા ગણાધિપતિને તો ગચ્છઅસારણાદિથી કે દુષ્ટ શિષ્યના અત્યાગથી પ્રાયશ્ચિત્તવિશેષની પ્રાપ્તિ છે, પરંતુ અપ્રમત્ત એવા પણ ગણાધિપતિને પ્રાયશ્ચિત્તવિશેષની પ્રાપ્તિ છે.

❖ 'गच्छासारणादिना'માં 'आदि' પદથી અવારણા આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૧૭૩માં સ્થાપન કર્યું કે જેઓ સંયમમાં પ્રમાદી છે અને વાવડી આદિના દૃષ્ટાંતથી પોતાનામાં ગુરુત્વબુદ્ધિનું યોજન કરે છે, તેઓનું ગુરુપણાનું અભિમાન અનર્થરાશિનું મૂળ છે, અને તેની પુષ્ટિ મહાનિશીથ સૂત્રની સંમતિથી ગાથા-૧૭૪માં કરી. હવે કોઈ ગચ્છાધિપતિ પોતે સંયમમાં અપ્રમાદી હોય, તેથી સંવેગની વૃદ્ધિ થાય તે રીતે સર્વ અનુષ્ઠાનો સેવતા હોય, આમ છતાં ગચ્છમાં રહેલા શિષ્યોને સારણા-વારણા આદિ કરવામાં સમ્યગ્ યત્ન કરતા ન હોય, પરંતુ શિષ્યો ક્રિયાઓ પ્રમાદથી કરતા હોય તેની ઉપેક્ષા કરતા હોય, અથવા તો કોઈક શિષ્ય સંયમમાં પ્રમાદી સ્વભાવવાળો હોય અને સારણા-વારણા દ્વારા પણ સુધરે તેવો ન હોય, તેવા દુષ્ટ શિષ્યનો ત્યાગ ન કરે તો તે ગણાધિપતિને પ્રાયશ્ચિત્ત વિશેષની પ્રાપ્તિ છે, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

अपमत्तस्स य गच्छं, असारयंतस्स चरिमपच्छित्तं ।
अकयणियदुट्ठसीसच्चायस्स य संघबज्झत्तं ।।१७५।।

અન્વયાર્થ :-

य=અને, गच्छं असारयंतस्स अपमत्तस्स=ગચ્છને અસારણા કરતા એવા અપ્રમત્ત ગણાધિપતિને, चरिमपच्छित्तं=ચરમ પ્રાયશ્ચિત્ત છે, य=અને, अकयणियदुट्ठसीसच्चायस्स=નહિ કરાયેલા પોતાના દુષ્ટ શિષ્યના ત્યાગવાળા ગણાધિપતિનું, संघबज्झत्तं=સંઘબાહ્યપણું કરવું જોઈએ. ।।૧૭૫।।

ગાથાર્થ :-

અને ગચ્છને અસારણા કરતા એવા અપ્રમત્તગણાધિપતિને ચરમ પ્રાયશ્ચિત્ત છે, અને નહિ કરાયેલા પોતાના દુષ્ટ શિષ્યના ત્યાગવાળા ગણાધિપતિનું સંઘબાહ્યપણું કરવું જોઈએ. ।।૧૭૫।।

ટીકા :-

'अपमत्तस्स य'त्ति । अप्रमत्तस्य=स्वयं प्रमादरहितस्य, च गणाधिपतेर्गच्छमसारयत उपलक्षणादवार-

यतोऽचोदयतोऽप्रतिचोदयतश्चेति द्रष्टव्यं चरमप्रायश्चित्तं=पारञ्चितप्रायश्चित्तं, भवति, अकृतः=अविहितो, निजानां=स्वीयानां दुष्टशिष्याणां त्यागो येन स तथा, तस्य च सङ्घबाह्यत्वं कर्त्तव्यम् प्रथमतस्तावदपरीक्षितगुणदोषाणां शिष्याणां दीक्षणेनैव प्रायश्चित्तापत्तेः, ततस्तद्दोषज्ञानानन्तरमपि तदपरित्यागे स्वच्छन्दतया तदाधिक्यसम्भवात्, अत्रेमे महानिशीथसूत्रे "से भयवं ! जे णं गणी अप्पमाई भवित्ता णं सुआणुसारेणं जहुत्तविहाणेहिं चेव सययं अहन्निसं गच्छं ण सारवेज्जा तस्स किं पायच्छित्तमुवइसेज्जा ? गोयमा ! अप्पउत्ती पारंचियं उवइसेज्जा । से भयवं ! जस्स उण गणिणो सव्वपमायालंबणविप्पमुक्कस्सावि णं सुआणुसारेणं जहुत्तविहाणेहिं चेव सययं अहन्निसं गच्छं सारवेमाणस्स उ केई तहाविहे दुट्ठसीले न सम्मग्गं समायरेज्जा तस्सस किं पच्छित्तं उवइसेज्जा ? गोयमा ! उवइसेज्जा । से भयवं ! केण अट्ठेणं ? गोयमा ! जओ णं ते णं अपरिक्खियगुणदोसे णिक्खमाविए हविज्जा एतेणं अट्ठेणं । से भयवं ! हिं तं पायच्छित्तमुवइसेज्जा ? गोअमा ! जे णं एवंगुणकलिए गणी से णं जया एवंविहे पावसीले गच्छे तिविहं तिविहेणं वोसिरित्ता णं आयहिअं णो समणुट्ठेज्जा तया णं संघबज्झे उवइसेज्जा । से भयवं! जया णं गणिणा गच्छे तिविहं तिविहेणं वोसिरिए हविज्जा तया णं गच्छे आदरिज्जा,? जइ संविग्गो भवित्ता णं जहुत्तं पच्छित्तमणुचरित्ता णं अन्नस्स गच्छाहिवइणो उवसंपज्जित्ता णं सम्मग्गमणुसरेज्जा तओ णं आयरेज्जा, अहा णं सच्छंदत्ताए तहेव चिट्ठे तओ णं चउविहस्सावि समणसंघस्स बज्झं तं गच्छं णो आयरेज्जा" ।।१७५।।

टीकार्थ :-

अप्रमत्तस्य ..... आयरेज्जा" ।। **અને અપ્રમત્તને=સ્વયં પ્રમાદરહિત એવા ગણાધિપતિને, ગચ્છની અસારણા કરતાને, ચરમ પ્રાયશ્ચિત્ત=પારાંચિત પ્રાયશ્ચિત્ત થાય. અસારણા કરતા શબ્દના ઉપલક્ષણથી અવારણા કરતા, અચોદના કરતા અને અપ્રતિચોદના કરતા એ સર્વ અર્થો જાણવા. અકૃત એવો=અવિહિત એવો પોતાના દુષ્ટ શિષ્યોનો ત્યાગ જેના વડે તે તેવા છે=અકૃતનિજદુષ્ટ શિષ્યના ત્યાગવાળા છે, અને તેમનું સંઘબાહ્યપણું કરવું જોઈએ; કેમ કે પ્રથમથી અપરીક્ષિત ગુણદોષવાળા શિષ્યોને દીક્ષા આપવાથી જ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે અયોગ્યને દીક્ષા આપવાથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોવા છતાં દુષ્ટ શિષ્યનો ત્યાગ નહિ કરનાર એવા ગણાધિપતિને સંઘબાહ્ય કરવાનું કેમ કહ્યું ? તેમાં હેતુ કહે છે –

ત્યારપછી=અયોગ્યને દીક્ષા આપ્યા પછી, તેના દોષનું જ્ઞાન થયા પછી પણ તેના અપરિત્યાગમાં સ્વચ્છંદપણાથી=દુષ્ટ શિષ્યના સ્વચ્છંદપણાથી, તેના આધિક્યનો સંભવ છે=તે શિષ્યનો ત્યાગ નહિ કરનારા એવા ગુરુને પ્રાયશ્ચિત્તના આધિક્યનો સંભવ છે. અહીં=અપ્રમત્તગણાધિપતિને ગચ્છના અસારણાદિથી અથવા દુષ્ટ શિષ્યના અત્યાગથી પ્રાયશ્ચિત્તવિશેષની પ્રાપ્તિ છે એમાં, આ મહાનિશીથનાં બે વક્તવ્યો છે=અસારણા કરતા એવા અપ્રમત્તને ચરમ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે એ, અને દુષ્ટ શિષ્યનો ત્યાગ નહિ કરનાર એવા ગણાધિપતિને સંઘબાહ્ય કરવા, એ બે વક્તવ્યને કહેનાર મહાનિશીથ સૂત્ર છે –

હે ભગવંત ! જે ગણી અપ્રમાદી થઈને શ્રુત અનુસારે અને યથોક્ત વિધાનથી જ=ગચ્છના સારણા-વારણા આદિ વિષયક જે પ્રકારે શાસ્ત્રમાં વિધાન છે તે પ્રકારની વિધિથી જ, સતત અહર્નિશ ગચ્છની સારણા કરે નહિ તેને શું પ્રાયશ્ચિત્ત આપવું ? હે ગૌતમ ! અપ્રવૃત્તિરૂપ પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવું. હે ભગવંત ! શ્રુતાનુસારે અને યથોક્ત વિધાનથી જ સતત અહર્નિશ ગચ્છને સારણા કરતા જે ગણી સર્વપ્રમાદના આલંબનથી વિપ્રમુક્ત છે, તેમના પણ કોઈક તેવા પ્રકારના દુષ્ટ શિષ્ય સન્માર્ગને આચરે નહિ, તેમને=તે ગણીને, શું ? પ્રાયશ્ચિત્ત આપવું ? હે ગૌતમ ! આપવું=પ્રાયશ્ચિત્ત આપવું. હે ભગવંત ! કયા અર્થથી=કયા કારણથી, પ્રાયશ્ચિત્ત આપવું ? હે ગૌતમ ! જે કારણથી તે ગણીએ અપરીક્ષિત ગુણદોષવાળાને નિષ્ક્રમણ કરાવ્યું એ અર્થથી=એ અર્થથી પ્રાયશ્ચિત્ત આપવું. હે ભગવંત ! તેને શું પ્રાયશ્ચિત્ત આપવું ? (આ કથન પછી તે ગણાધિપતિને જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેનું કથન જોઈએ, અને તે પ્રાયશ્ચિત્તમાં દુષ્ટ શિષ્યને પરઠવવાનું આવે, અને જો તે ગણાધિપતિ તે દુષ્ટ શિષ્યને ન પરઠવે તો શું કરવું જોઈએ ? એ પ્રકારનો પ્રશ્ન છે. તેનો જવાબ આપતાં ભગવંત કહે છે.) હે ગૌતમ ! આવા ગુણથી યુક્ત એવા જે ગણી=જેઓ સ્વયં અપ્રમાદથી સંયમમાં ઉદ્યમ કરતા હોય અને ગચ્છને સારણા-વારણા આદિ પણ કરતા હોય એવા ગુણોથી યુક્ત જે ગણી, જ્યારે આવા પ્રકારના પાપશીલ ગચ્છને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીને આત્મહિતને ન આદરે ત્યારે સંઘબાહ્ય કરવા. હે ભગવંત ! જ્યારે ગણિ વડે ગચ્છ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવેલો થાય ત્યારે ગચ્છમાં સ્વીકારાય ? (તેનો ઉત્તર આપે છે.) જો સંવિગ્ન થઈને યથોક્ત પ્રાયશ્ચિત્તને આચરીને અન્ય ગણાધિપતિને સ્વીકારીને સન્માર્ગનું અનુસરણ કરે તો સ્વીકારવા. જો સ્વચ્છંદપણાથી તેમ જ રહે તો ચતુર્વિધ પણ શ્રમણસંઘની બાહ્ય એવા તે ગચ્છને સ્વીકારવો નહિ. **॥૧૭૫॥**

❖ 'तद्दोषज्ञानानन्तरमपि'માં 'अपि'થી એ કહેવું છે કે અયોગ્ય શિષ્યને દીક્ષા આપ્યા પછી તે અયોગ્ય છે એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી તો તેનો પરિત્યાગ કરતા નથી, પરંતુ તેના દોષનું જ્ઞાન થયા પછી પણ તેનો પરિત્યાગ કરતા નથી, તો સ્વચ્છંદપણાને કારણે અધિક પ્રાયશ્ચિત્તનો સંભવ છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્વયં પ્રમાદી એવા ગણાધિપતિને શું પ્રાયશ્ચિત્ત આવે ? તે બતાવ્યું. હવે કોઈ ગણાધિપતિ સ્વયં સર્વ ઉચિત ક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરતા હોય, ફક્ત ગચ્છમાં રહેલા સાધુઓને સારણા ન કરતા હોય, વારણા ન કરતા હોય, ચોદના ન કરતા હોય કે પ્રતિચોદના ન કરતા હોય અર્થાત્ સારણા આદિ ચારમાંથી ઉચિતકાળે જે ઉચિત હોય તે ન કરતા હોય, તો તેમના સારણા આદિના અભાવને કારણે ગચ્છના સાધુઓ સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરીને દુરંત સંસારમાં ભટકે. તેથી ગચ્છને સારણા આદિ નહિ કરનાર એવા તે ગણાધિપતિને ચરમ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

વળી કોઈ ગણાધિપતિ સ્વયં અપ્રમાદી હોય, અને ગચ્છમાં રહેલા સાધુઓને ભગવાનના વચનાનુસાર સારણા આદિ પણ કરતા હોય, આમ છતાં તેમના દુષ્ટ શિષ્યો તેમના સારણા આદિ અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ ન કરતા હોય, તો તે દુષ્ટ શિષ્યોનો ગણાધિપતિએ ત્યાગ કરવો જોઈએ; પરંતુ જો તે ગણાધિપતિ તે દુષ્ટ શિષ્યોનો ત્યાગ ન કરે તો તેમને સંઘબાહ્ય કરવા જોઈએ; કેમ કે દીક્ષા આપતાં પૂર્વે પરીક્ષા કર્યા વગર ગણાધિપતિએ તે શિષ્યોને દીક્ષા આપી છે, તેથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. વળી સારણા આદિ કરવા

છતાં તે શિષ્યો માર્ગ ઉપર ચાલતા નથી માટે તેઓ દુષ્ટ છે, આવું જ્ઞાન થવા છતાં પણ જો ગણાધિપતિ તે શિષ્યોનો ત્યાગ ન કરે તો તે શિષ્યો સ્વચ્છંદપણાથી પ્રવૃત્તિ કરે, તેના કારણે ગચ્છાધિપતિને અધિક પાપનો સંભવ છે. તેથી તે ગણાધિપતિને સંઘ બહાર કરવા જોઈએ. **॥૧૭૫॥**

અવતરણિકા :-

શિષ્યેણાપિ તાદૃશઃ કુગુરુઃ પરિત્યાજ્યઃ, ગુરુશિષ્યભાવનિરાસાક્ષરગ્રહણપૂર્વં તદીયશ્રીકારસ્ફેટનેન ચ સુવિહિતગચ્છાન્તરમુપસંપદ્ય ઘોરતપોઽનુષ્ઠાનં કર્ત્તવ્યં, યસ્તુ તસ્યૈવમભ્યુદ્યતસ્ય નાક્ષરાણિ પ્રયચ્છતિ સ મહાપાપપ્રસઙ્ગકારી સઙ્ઘબાહ્યઃ કર્ત્તવ્ય ઇતિ પ્રબન્ધમભિધિત્સુરાહ –

અવતરણિકાર્થ :-

શિષ્ય વડે પણ તેવા કુગુરુ=(૧) જેઓ સ્વયં પ્રમાદવાળા છે તેવા, (૨) સ્વયં પ્રમાદવાળા નહિ હોવા છતાં ગચ્છને સારણા આદિ કરતા નથી તેવા, (૩) સ્વયં અપ્રમત્ત છે, ગચ્છને સારણા આદિ કરે છે, પરંતુ દુષ્ટ શિષ્યોનો ત્યાગ કરતા નથી તેવા કુગુરુ, પરિત્યાજ્ય છે, અને ગુરુશિષ્યભાવના નિરાસના અક્ષરના ગ્રહણપૂર્વક તેમના શ્રીકારના ફેટનથી=ગુરુની સાથેના સંબંધને સૂચવનારા પોતાના નામ સાથે જોડાયેલા શબ્દોના ત્યાગથી, સુવિહિત ગચ્છાંતરને સ્વીકારીને ઘોરતપ અનુષ્ઠાન કરવું જોઈએ=તેવા શિષ્યએ પોતાને કુગુરુની પ્રાપ્તિ થઈ તેની શુદ્ધિ માટે ઘોરતપનું આચરણ કરવું જોઈએ. વળી જે ગુરુ આ પ્રમાણે અભ્યુદ્યત એવા તેને=અપ્રમાદભાવની વૃદ્ધિ માટે સુવિહિત ગચ્છમાં જવા માટે તત્પર થયેલા એવા શિષ્યને, અક્ષરો ન આપે=પોતાના ગુરુશિષ્ય ભાવના ત્યાગને કહેનારા અક્ષરો લખીને ન આપે, મહાપાપના પ્રસંગને કરનારા એવા તે ગુરુ=સંયમમાં અભ્યુદ્યત એવા શિષ્યને કલ્યાણની પ્રવૃત્તિ કરવામાં અંતરાયરૂપ મહાપાપની પ્રવૃત્તિને કરનારા એવા તે ગુરુ, સંઘબાહ્ય કરવા જોઈએ, એ પ્રકારના પ્રબંધને=એ પ્રકારના વક્તવ્યને, કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'શિષ્યેણાપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે સુગુરુએ તો દુષ્ટ શિષ્યનો ત્યાગ કરવો જોઈએ, પરંતુ શિષ્યએ પણ તેવા કુગુરુનો ત્યાગ કરવો જોઈએ.

ભાવાર્થ :-

ગાથા-૧૭૪માં કહ્યું કે જે ગણાધિપતિ સંયમની ક્રિયામાં પ્રમાદવાળા છે, તેઓ કુગુરુ છે. વળી ગાથા-૧૭૫માં કહ્યું કે જેઓ સ્વયં સંયમની ક્રિયામાં પ્રમાદવાળા નથી તેવા ગણાધિપતિ પણ ગચ્છના સારણા આદિ ન કરતા હોય તો કુગુરુ છે. વળી કોઈક ગણાધિપતિ સ્વયં પ્રમાદરહિત હોય, ગચ્છને સારણા આદિ કરવામાં પણ તત્પર હોય, તોપણ પોતાના દુષ્ટ શિષ્યોનો ત્યાગ ન કરતા હોય તો તેઓ પણ કુગુરુ છે; અને આ ત્રણ પ્રકારમાંથી કોઈપણ પ્રકારના કુગુરુ સાથે કોઈક આરાધક શિષ્ય હોય તો તે શિષ્યએ પણ તેવા કુગુરુનો ત્યાગ કરવો જોઈએ. કઈ રીતે ત્યાગ કરવો જોઈએ ? તે બતાવવા માટે કહે છે –

પોતાના ગુરુ પાસેથી પોતાનો ગુરુશિષ્યભાવ હવે નથી, તે પ્રકારના લખાણવાળા અક્ષરો ગ્રહણ કરવા જોઈએ, અને પોતાના નામ સાથે તેમના નામનો સંબંધ બતાવનાર કોઈ અક્ષર હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ, અને ત્યારપછી સુવિહિત એવા ગચ્છાન્તરને સ્વીકારીને પોતાને જે કુગુરુની પ્રાપ્તિ થઈ અને તેના કારણે ત્યાં જે કોઈ સંયમની વિરાધના થઈ તેની શુદ્ધિ માટે ઘોરતપ અનુષ્ઠાન કરવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે તે કુગુરુ તે પ્રકારના અક્ષરો લખીને ન આપે તો શું કરવું જોઈએ ? તેથી કહે છે -

જે આરાધક શિષ્ય ફક્ત સારણા-વારણા દ્વારા સંયમની વૃદ્ધિ માટે અને નવા નવા શ્રુતઅધ્યયન દ્વારા સંવેગની વૃદ્ધિ માટે પોતાના ગુરુનો ત્યાગ કરીને સુવિહિત ગચ્છમાં જવા તૈયાર થયેલ છે, તેવા શિષ્યને જો તે પ્રકારના અક્ષરો તે કુગુરુ ન આપે, તો આરાધક શિષ્યની આરાધનામાં અંતરાય કરનાર એવા મહાપાપને કરનારા તે ગુરુને સંઘ બહાર કરવા જોઈએ અર્થાત્ તે શિષ્ય સંઘ આગળ પોતાનું ઉચિત કથન કરે અને સુવિહિત એવો શ્રમણપ્રધાન સંઘ તે કુગુરુને સંઘ બાહ્ય કરે, એ પ્રકારના કથનને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે.

ગાથા :-

कुगुरूणं सिरिकारं, फेडित्तु गणंतरम्मि पविसित्ता ।
कायव्वोवाएणं, सीसेणं घोरतवचरिआ ।।१७६।।
जो पुण अत्तट्ठीणं, ण पयच्छइ अक्खरे णिएसट्ठे ।
सो सव्वसंघबज्झो, कायव्वो होइ णीईए ।।१७७।।

અન્વયાર્થ :-

उवाएणं=ઉપાયથી=સૂત્રોક્ત વિધિથી, कुगुरूणं सिरिकारं फेडित्तु=કુગુરુના શ્રીકારને ફેડીને, गणंतरम्मि पविसित्ता=ગણાંતરમાં પ્રવેશ કરીને, सीसेणं घोरतवचरिआ कायव्वा=શિષ્યએ ઘોર તપશ્ચર્યા કરવી જોઈએ. ।।૧૭૬।।

जो पुण=જે વળી=જે ગુરુ વળી, अत्तट्ठीणं=આત્માર્થીને, णिएसट्ठे अक्खरे=નિર્દેશાર્થવાળા અક્ષરો, ण पयच्छइ=ન આપે, सो=તે=તે ગુરુ, णीईए=નીતિથી=સૂત્રોક્ત નીતિથી, सव्वसंघबज्झो=સર્વસંઘબાહ્ય, कायव्वो होइ=કર્તવ્ય છે. ।।૧૭૭।।

ગાથાર્થ :-

સૂત્રોક્ત વિધિથી કુગુરુના શ્રીકારને ફેડીને ગણાંતરમાં પ્રવેશ કરીને શિષ્યએ ઘોર તપશ્ચર્યા કરવી જોઈએ. ।।૧૭૬।।

જે ગુરુ વળી આત્માર્થીને નિર્દેશાર્થવાળા અક્ષરો ન આપે તે ગુરુ સૂત્રોક્ત નીતિથી સર્વસંઘબાહ્ય કર્તવ્ય છે. ।।૧૭૭।।

टीका :-

'कुगुरूणं'ति। 'जो पुण'त्ति। कुगुरूणां श्रीकारं स्फेटयित्वा उपायेन=सूत्रोक्तन्यायेन, गणान्तरे प्रविश्य शिष्येण घोरतपश्चर्या कर्त्तव्या ।।१७६।।

यः पुनरात्मार्थिनां न प्रयच्छत्यक्षराणि निर्देशार्थानि=संदेशप्रयोजनानि, स सर्वसङ्घबाह्यः कर्त्तव्यो भवति नीत्या=सूत्रोक्तनीत्या, तथा चात्र महानिशीथसूत्रम् "से भयवं ! जया णं सीसे जहुत्तसंजमकिरियाए पवट्टंति तहाविहे अ केई कुगुरू तेसिं दिक्खं परूविज्जा तया णं सीसे किं समणुट्ठिज्जा ? गोयमा ! घोरवीरतवसंजमे । से भयवं ! कहं ? गोयमा ! अन्नत्थ गच्छे पविसित्ता णं । [से भयवं!] तस्स संतिएणं सिरिगारेणं चिण्हिए समाणे अण्णत्थ गच्छेसुं पवेसमेव ण लभेज्जा तया णं किं कुव्विज्जा ? गोयमा ! सव्वपयारेहिं णं तं तस्स संतियं सिरियारं फुसाविज्जा । से भयवं ! केणं पयारेणं तं तस्स संतियं सिरियारं सव्वपयारेहि णं फुसियं हविज्जा ? गोयमा ! अक्खरेसुं । से भयवं ! किं णामे ते अक्खरे ? गोयमा ! जहा णं अपडिग्गाही कालकालंतरेसुं पि अहं इमस्स सीसाणं वा सीसिणीणं वा । से भयवं ! जया णं एवंविहे अक्खरे ण प्पयाइ तया णं किं करिज्जा ? गोयमा ! जया णं एवंविहे अक्खरे ण प्पयाइ तया णं आसन्नपावयणीणं पकहित्ता णं चउत्थादीहिं समक्कमित्ता णं अक्खरे दावेज्जा । से भयवं ! जया णं एएणं पगारेणं से णं कुगुरु अक्खरे ण प्पदेज्जा तया णं किं कुज्जा ? गोयमा ! जया णं एएणं पगारेणं से णं कुगुरु अक्खरे ण प्पदेज्जा तया णं संघबज्झे उवइसेज्जा । से भयवं ! केणं अट्ठेणं एवं वुच्चइ ? गोयमा ! सुट्ठुपहेए इणमो महामोहपासे गेहवासे, तमेव विप्पज्जहित्ता णं अणेगसारीरिगमणोसमुत्थचउगइसंसारदुक्खभयभीए कहकह वि मोहमिच्छत्तादीणं खओवसमेणं सम्मग्गं समुवलभित्ता णं निव्विन्नकामभोगे णिरणुबंधे पुन्नमहिट्ठिज्जे, तं च तवसंजमाणुट्ठाणेणं तस्सेव तवसंजमकिरियाए जाव णं गुरु सयमेव विग्धं पयरे अहा णं परेहिं कारवे कीरमाणं वा समणुजाणे सपक्खेण वा परपक्खेण वा ताव णं तस्स महाणुभागस्स साहुणो संतियं विज्जमाणमवि धम्मवीरियं पणस्से, जाव णं धम्मवीरियं पणस्से ताव णं जे पुन्नभागे आसन्नपुरक्खडे चेव सो पणस्से, जइ णं णो समणलिंगं विप्पजहे ताहे जे एवंगुणोववेए से णं तं गच्छमुज्झिय अन्नं गच्छं समुप्पयाइ, तत्थ वि जाव णं संपवेसं ण लभे ताव णं कयाइ उण अविहीए पाणे पयहेज्जा, कयाइ उण मिच्छत्तभावं गच्छिय परपासंडियमाएज्जा, कयाइ उण दाराइसंगहं काऊणं अगारवासे पविसिज्जा, अहा णं से ताहे महातवस्सी भवित्ता णं पुणो अतवस्सी होऊणं परकम्मकरे हवेज्जा, जाव णं एयाइं भवंति ताव णं एगंतेणं वुड्ढिं गच्छे मिच्छत्ततमे ताव णं मिच्छत्ततमंधीकए बहुजणनिवहे दुक्खेणं समणुट्ठेज्जा दुग्गइणिवारए सोक्खपरंपरकारए अहिंसालक्खणे समणधम्मे, जाव णं एयाइं भवंति ताव णं तित्थस्सेव वुच्छित्ती, ताव णं सुदूरववहिए परमपए, जाव णं सुदूरववहिए ताव णं अच्चंतसुदुक्खिए चेव सत्तसंघाए पुणो चउगईए संसरेज्जा, एएणं अट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहा णं जे णं एएणेव पगारेणं कुगुरु अक्खरे णो पएज्जा से णं संघबज्झे उवइसेज्जा"। ।।१७७।।

ટીકાર્થ :-

કુગુરૂણાં ..... उवइसेज्जा" ।। **ઉપાયથી=સૂત્રોક્ત ન્યાયથી=સૂત્રમાં કહેલી વિધિથી, કુગુરુના શ્રીકારને ફેડીને=કુગુરુ સાથે પોતાનો ગુરુશિષ્યભાવ છે એ પ્રકારના સંબંધનો ત્યાગ કરીને, ગણાન્તરમાં પ્રવેશ કરીને શિષ્યએ ઘોર તપશ્ચર્યા કરવી જોઈએ. વળી જે ગુરુ આત્માર્થી એવા શિષ્યોને નિર્દેશ અર્થવાળા= સંદેશપ્રયોજનવાળા=જે ગચ્છમાં શિષ્યોને જવાની ઇચ્છા છે તે ગચ્છના આચાર્યને આ શિષ્યો સાથે મારે હવે ગુરુશિષ્યભાવરૂપે સંબંધ નથી એ પ્રકારના સંદેશના પ્રયોજનવાળા, અક્ષરો ન આપે, તે=તે ગુરુ, સૂત્રોક્ત નીતિથી સંઘબાહ્ય કર્તવ્ય છે; અને તે રીતે=શિષ્યોએ કુગુરુનો ત્યાગ કરીને ગચ્છાન્તરમાં પ્રવેશ કરીને ઘોરતપ કરવો જોઈએ, અને ગુરુ નિર્દેશ અર્થવાળા અક્ષરો ન આપે તો સંઘબાહ્ય કરવા જોઈએ તે રીતે, અહીં=કુગુરુના ત્યાગના વિષયમાં, મહાનિશીથ સૂત્ર છે –**

હે ભગવંત ! જ્યારે શિષ્ય યથોક્ત સંયમક્રિયામાં=જે પ્રમાણે શાસ્ત્રમાં કહેલી છે તે પ્રકારે સંયમક્રિયામાં, પ્રવર્તે છે, અને તેવા પ્રકારના કોઈક કુગુરુએ=સ્વયં પ્રમત્ત હોય તેવા પ્રકારના અથવા સ્વયં અપ્રમત્ત હોવા છતાં સારણા આદિ ન કરે તેવા પ્રકારના અથવા પોતાના દુષ્ટ શિષ્યોનો ત્યાગ ન કરે તેવા પ્રકારના કોઈક કુગુરુએ, તેઓને દીક્ષા આપી હોય ત્યારે તે શિષ્યોએ શું કરવું જોઈએ ? હે ગૌતમ ! ઘોરવીર તપસંયમ કરવા જોઈએ. હે ભગવંત ! કેવી રીતે ? હે ગૌતમ ! અન્ય ગચ્છમાં પ્રવેશ કરીને ઘોરવીર તપસંયમ કરવા જોઈએ એમ અન્વય છે. હે ભગવંત ! તેમના સંબંધી શ્રીકારથી ચિન્હિત હોતે છતે=ગુરુ સંબંધી શ્રીકારથી સંબંધિત હોતે છતે, અન્ય ગચ્છમાં પ્રવેશ જ ન પામે ત્યારે તે શિષ્યો શું કરે ? હે ગૌતમ ! સર્વ પ્રકાર વડે તેના સંબંધવાળા તે શ્રીકારને=ગુરુશિષ્યભાવના સંબંધરૂપ શ્રીકારને, મિટાવે. હે ભગવંત ! તેમના સંબંધી તે શ્રીકારને=ગુરુના સંબંધી તે શ્રીકારને, સર્વ પ્રકારે કઈ રીતે મિટાવેલો થાય ? હે ગૌતમ ! અક્ષરો હોતે છતે મિટાવેલો થાય. હે ભગવંત ! કેવા નામવાળા તે અક્ષરો છે ? તે અક્ષરો કેવા પ્રકારના છે તે 'યથા'થી બતાવે છે; હે ગૌતમ ! કાલકાલાંતરમાં પણ આના, શિષ્યોનો અથવા શિષ્યાઓનો હું અપ્રતિગ્રાહી છું. હે ભગવંત ! જ્યારે આવા પ્રકારના અક્ષરો ન આપે=તે કુગુરુ ન આપે, તો શું કરવું જોઈએ=શિષ્યએ શું કરવું જોઈએ ? હે ગૌતમ ! જ્યારે આવા પ્રકારના અક્ષરો ગુરુ ન આપે ત્યારે નજીકના પ્રાવચનીને કહીને=નજીકમાં રહેલા ગીતાર્થ સાધુને કહીને, ચોથા આદિ પુરુષ વડે=તે પ્રાવચની ગીતાર્થ ત્રીજા છે, તેનાથી અતિરિક્ત ચોથા કોઈ સમર્થ સાધુ કે કોઈ સમર્થ શ્રાવક વડે, દબાણ કરીને અક્ષરો અપાવે. હે ભગવંત ! જ્યારે આ પ્રકારે તે કુગુરુ અક્ષરો ન આપે ત્યારે શું કરવું જોઈએ ? હે ગૌતમ ! આ પ્રકારે તે કુગુરુ અક્ષરો ન આપે ત્યારે સંઘબાહ્ય કરવા જોઈએ=તે કુગુરુને સંઘબાહ્ય કરવા જોઈએ. હે ભગવંત ! કયા અર્થથી આ પ્રમાણે કહેવાય છે ? હે ગૌતમ ! આ મહામોહનો પાશ એવો ગૃહવાસ અત્યંત ત્યાગ કરવો જોઈએ. તેને જ=ગૃહવાસને જ, ત્યાગ કરીને અનેક શારીરિક અને મનથી ઊઠેલા ચારગતિના ભ્રમણરૂપ સંસારના દુઃખથી ભય પામેલો એવો જીવ કોઈક રીતે પણ મોહમિથ્યાત્વાદિના ક્ષયોપશમથી સન્માર્ગને પ્રાપ્ત કરીને નિર્વેદ થયો છે કામભોગનો જેને એવો નિરનુબંધવાળો=કોઈ પદાર્થ પ્રત્યેના સંશ્લેષ વગરનો, પુણ્યને સ્વીકારે=કલ્યાણનું કારણ એવા સંયમને સ્વીકારે, અને તેને તપ-સંયમના અનુષ્ઠાન વડે (સેવે), તેની જ તપ-સંયમ-ક્રિયામાં જ્યારે ગુરુ સ્વયં જ વિઘ્ન કરે અથવા બીજા વડે કરાવે અથવા સ્વપક્ષ કે પરપક્ષ વડે કરાતા એવા વિઘ્નની અનુજ્ઞા આપે, ત્યારે તે મહાનુભાગ સાધુ સંબંધી વિદ્યમાન પણ ધર્મવીર્ય નાશ પામે. જ્યારે ધર્મવીર્ય નાશ પામે ત્યારે આસન્ન પુરસ્કૃત પુણ્યભાગવાળો જે હતો તે જ નાશ પામે. જો શ્રમણલિંગને ન છોડે તો

જે આવા ગુણથી યુક્ત તે તે ગચ્છને છોડીને અન્ય ગચ્છમાં જાય, ત્યાં પણ જ્યારે સંપ્રવેશને ન પામે ત્યારે કદાચિદ્ વળી અવિધિથી પ્રાણનો ત્યાગ કરે, કદાચિદ્ વળી મિથ્યાત્વભાવને પામીને પરપાખંડીને આદરે, કદાચિદ્ વળી સ્ત્રી આદિનો સંગ્રહ કરીને અગારવાસમાં પ્રવેશે અથવા તે ત્યારે મહાતપસ્વી થઈને ફરી અતપસ્વી બનીને પરકર્મને કરનારો થાય. જ્યારે આ વગેરે થાય છે=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે થાય છે, ત્યારે મિથ્યાત્વરૂપી અંધકાર એકાંતથી વૃદ્ધિને પામે=લોકોમાં સાધુની આવી પ્રવૃત્તિ જોઈને ધર્મની નિંદા થવા રૂપ મિથ્યાત્વરૂપી અંધકાર એકાંતથી વૃદ્ધિને પામે, ત્યારે=જ્યારે મિથ્યાત્વરૂપી અંધકાર એકાંતથી વૃદ્ધિને પામે ત્યારે, મિથ્યાત્વરૂપ અંધકારથી અંધ કરાયેલ બહુજનનો સમુદાય હોતે છતે દુર્ગતિનું વારણ કરનાર, સુખની પરંપરાનું કારણ, અહિંસાલક્ષણવાળો શ્રમણધર્મ દુઃખથી આચરી શકાય. જ્યારે આ વગેરે થાય છે=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે ધર્મનું લાઘવ થાય છે, ત્યારે તીર્થની જ વ્યુચ્છિત્તિ થાય છે, ત્યારે=જ્યારે તીર્થની જ વ્યુચ્છિત્તિ થાય છે ત્યારે, પરમપદ ઘણા અંતરવાળું થાય છે, અને જ્યારે પરમપદ ઘણા અંતરવાળું થાય છે ત્યારે અત્યંત દુઃખિત જ=સંસારની આરંભ-સમારંભની પ્રવૃત્તિથી અત્યંત દુઃખિત જ, એવો જીવોનો સમૂહ વળી ચારગતિમાં ભ્રમણ કરે. આ અર્થથી ગૌતમ ! આ પ્રમાણે કહેવાય છે. શું કહેવાય છે ? તે 'जहा'થી બતાવે છે : આ પ્રકારે જે કુગુરુ અક્ષરો ન આપે તે=તે કુગુરુ, સંઘબાહ્ય કરવો. **॥૧૭૬-૧૭૭॥**

❖ ઉદ્ધરણના અંતે 'जाव णं सुदूरववहिए' પાઠ છે, ત્યારપછી 'परमपए' શબ્દ જોઈએ. પાઠ ઉપલબ્ધ નથી.

ભાવાર્થ :-

ગાથા-૧૭૪-૧૭૫માં ત્રણ પ્રકારના કુગુરુ બતાવ્યા. તેમાંથી કોઈપણ પ્રકારના કુગુરુ કોઈ શિષ્યને પ્રાપ્ત થયા હોય ત્યારે કલ્યાણનો અર્થી એવો વિવેકી શિષ્ય ગુરુને માર્ગમાં લાવવા શાસ્ત્રવિધિ અનુસાર સમ્યગ્ યત્ન કરે, પરંતુ તે કુગુરુ કોઈ રીતે માર્ગમાં આવે તેમ ન જણાય તો સૂત્રમાં બતાવેલી વિધિ અનુસાર કુગુરુના શ્રીકારને મિટાવીને ગણાન્તરમાં પ્રવેશ કરે, અને પોતાને કુગુરુની પ્રાપ્તિ થવાથી જે કંઈ સંયમની વિરાધના થઈ છે, તેની શુદ્ધિ માટે શિષ્યએ ઘોર તપસ્યા કરવી જોઈએ.

વળી આત્માર્થી શિષ્યને ગણાન્તરમાં જવા માટે નિર્દેશ અર્થવાળા અક્ષરો જે ગુરુ ન આપે અર્થાત્ 'હવે પછી આ શિષ્યનો હું ગુરુ નથી, અને એ શિષ્યના જે શિષ્યો થશે તેમને અને આ શિષ્યને હું ગ્રહણ કરનાર થઈશ નહિ' એ પ્રકારના સંદેશવાળા અક્ષરો ગચ્છાન્તરના ગુરુને જે ગુરુ લખી ન આપે તે કુગુરુને સૂત્રનીતિથી સંઘબહાર કરવો જોઈએ, અને તેને બતાવનાર મહાનિશીથસૂત્રના સૂત્રનો અર્થ આ પ્રમાણે છે -

કોઈ શિષ્ય શાસ્ત્રમાં કહેલ સંયમની ક્રિયામાં વર્તતો હોય અને તેવા પ્રકારના કોઈક કુગુરુએ તેને દીક્ષા આપી હોય ત્યારે તે શિષ્યએ શું કરવું જોઈએ ? એ પ્રકારે ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે. તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે : તે શિષ્યએ ઘોરવીર તપસંયમ કરવા જોઈએ અર્થાત્ જ્યારે ગુરુ આદિ પ્રમાદી હોય ત્યારે પોતે લેશ પણ પ્રમાદી થયા વગર શક્તિના પ્રકર્ષથી તપ અને સંયમમાં ઉદ્યમ કરવો જોઈએ. ગૌતમસ્વામી પૂછે છે : હે ભગવંત ! કઈ રીતે તપ-સંયમમાં ઉદ્યમ કરવો જોઈએ ? તેનો ઉત્તર આપતાં ભગવંત કહે છે : તે કુગુરુને છોડીને અન્ય ગચ્છમાં પ્રવેશ કરવો જોઈએ, અને અન્ય ગચ્છમાં પ્રવેશીને ઘોર તપસંયમ સેવવા જોઈએ. વળી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે : પોતાને પ્રાપ્ત થયેલા ગુરુ સંબંધી શ્રીકારથી ચિન્હિત એવો શિષ્ય હોય ત્યારે અન્ય ગચ્છમાં પ્રવેશ જ ન પામે, ત્યારે તે શિષ્યએ શું કરવું જોઈએ ? તેનો

ઉત્તર આપતાં ભગવંત કહે છે : હે ગૌતમ ! તે ગુરુસંબંધી શ્રીકારને સર્વ પ્રકારે મિટાવવા જોઈએ અર્થાત્ ગુરુ સાથે ગુરુશિષ્યભાવરૂપ કોઈ પ્રકારનો સંબંધ ન રહે તે પ્રકારે તેમના સંબંધનો ત્યાગ કરવો જોઈએ. વળી ગૌતમસ્વામી પૂછે છે : હે ભગવંત ! કઈ રીતે ગુરુસંબંધી શ્રીકાર સર્વથા મિટાવી શકાય ? તેનો ઉત્તર આપતાં ભગવંત કહે છે : ગુરુ પાસેથી અક્ષરો લખાવીને સર્વ પ્રકારે સંબંધ મિટાવી શકાય. હવે ગૌતમસ્વામી પૂછે છે : તે અક્ષરો કેવા પ્રકારના હોય ? તો ભગવંત કહે છે : ગુરુ લખી આપે કે 'આ શિષ્યનો, કે આ શિષ્યના શિષ્યોનો કે શિષ્યાઓનો ગ્રહણ કરનાર હું કોઈ કાળમાં થઈશ નહિ.'

આનાથી એ ફલિત થાય કે આવા અક્ષરો ગુરુ લખી આપે તેને ગ્રહણ કરીને શિષ્ય ગણાન્તરમાં પ્રવેશ કરે, અને ઘોર તપસ્યા કરે.

ગાથા-૧૭૬ના કથનમાં આપેલી મહાનિશીથસૂત્રની સાક્ષી અહીં પૂરી થાય છે. હવે ગાથા-૧૭૭ના કથનનો સાક્ષીપાઠ બતાવે છે –

વળી ગૌતમસ્વામી ભગવંતને પૂછે છે : હે ભગવંત ! જો તે કુગુરુ આવા પ્રકારના અક્ષરો ન આપે તો તે શિષ્યએ શું કરવું જોઈએ ? તેનો ઉત્તર આપતાં ભગવંત કહે છે : જો તે કુગુરુ આવા અક્ષરો ન આપે તો તે શિષ્ય જ્યાં હોય તેની નજીકમાં રહેલા કોઈક પ્રાવચની હોય તેમને કહીને ચોથા આદિ પુરુષ વડે દબાણપૂર્વક અક્ષરો અપાવે.

આશય એ છે કે તે શિષ્ય નજીકમાં રહેલા કોઈક પ્રાવચની ગીતાર્થ સાધુને પોતાના સમુદાયની વસ્તુસ્થિતિ કહે, અને તે સાંભળીને તે ગીતાર્થ સાધુ તેના ગુરુ અર્થાત્ કુગુરુ પાસેથી અક્ષરો મેળવવા માટે તે કુગુરુ, તે શિષ્ય અને પોતે એ ત્રણથી અતિરિક્ત એવા કોઈક અન્ય સાધુ આદિ વડે, કે સંઘમાં સમર્થ એવા શ્રાવક આદિ વડે તે ગુરુ ઉપર દબાણ લાવીને અક્ષરો લખાવે. જોકે ક્યારેય શ્રાવકો સાધુ ઉપર દબાણ કરી શકે નહિ, પરંતુ પ્રાવચની ગીતાર્થ સાધુ પોતે જે નગરમાં હોય તે નગરમાં કોઈક નિપુણ શ્રાવક હોય તો તે પ્રાવચની પોતાના નામપૂર્વક તે શ્રાવકને તે કુગુરુને સમજાવવાનું કહે, તો તે પ્રાવચનીના બળથી તે નિપુણ શ્રાવક તે કુગુરુ ઉપર ઉચિત રીતે દબાણ કરીને અક્ષરો મેળવી શકે, અને તે રીતે અક્ષરો મેળવીને તે આરાધક શિષ્ય ગણાન્તરમાં પ્રવેશ કરે. વળી ભગવાન ગૌતમસ્વામીને કહે છે – જ્યારે તે કુગુરુ આ પ્રકારે પણ અક્ષરો ન આપે તો તે પ્રાવચની ગીતાર્થ સાધુ જે નગરમાં પોતે હોય તે નગરના સંઘને એકઠો કરીને તે કુગુરુને સંઘબાહ્ય કરે, અને તે પ્રાવચની જ્યારે કુગુરુને સંઘબાહ્ય કરે ત્યારે તે શિષ્ય ગણાન્તરમાં પ્રવેશ કરીને શાસ્ત્રવિધિ અનુસાર સંયમની આરાધના કરી શકે.

આ પ્રમાણે ગાથા-૧૭૭માં કહેલા વક્તવ્યની સાક્ષી અહીં પૂરી થાય છે. ફરી ગૌતમસ્વામી પૂછે છે : હે ભગવંત ! કયા અર્થથી આવા કુગુરુને તમે સંઘબાહ્ય કરવાનું કહો છો ? તેનો જવાબ આપતાં ભગવાન કહે છે–

આ ગૃહવાસ મહામોહનો પાશ છે, માટે અત્યંત ત્યાગ કરવા જેવો છે; અને જે સાધુ તેનો ત્યાગ કરીને અનેક શારીરિક અને માનસિક ચાર ગતિઓના પરિભ્રમણના દુઃખથી ભય પામેલ છે, અને કોઈક રીતે તેનો મોહનીયનો અને મિથ્યાત્વાદિ કર્મોનો ક્ષયોપશમ થયેલો છે, તેથી સન્માર્ગને પામીને કામભોગથી

નિર્વેદ પામેલ છે; અને સંસારના પદાર્થો પ્રત્યે આસક્તિ વગરનો છે, તેથી સંયમની ક્રિયા શાસ્ત્રાનુસારી કરવારૂપ પુણ્ય કરવામાં તત્પર થયેલ છે, અને તે પુણ્યને તપ-સંયમના અનુષ્ઠાનથી સેવે છે; તે આરાધક સાધુની તપ-સંયમની ક્રિયામાં ગુરુ સ્વયં વિઘ્ન કરે અર્થાત્ ગુરુ સ્વયં પ્રમાદી હોય તો શિષ્યને અપ્રમાદ સેવવામાં વિઘ્નભૂત બને, અથવા બીજાઓ દ્વારા કરાવે અર્થાત્ પોતાના અન્ય પ્રમાદી શિષ્યો દ્વારા તેને વિઘ્ન કરાવે, અથવા સ્વપક્ષ કે પરપક્ષથી કોઈ તેને વિઘ્ન કરતું હોય તો તેમાં તેઓ સંમત થાય, ત્યારે તે આરાધક મહાનુભાગ શિષ્યનું વિદ્યમાન ધર્મવીર્ય નાશ પામે અર્થાત્ તે વિઘ્નોને કારણે તપ-સંયમની ક્રિયા શાસ્ત્રોક્ત કરી શકે નહિ, તેથી સંયમની શુદ્ધિને પામી શકે નહિ; અને આ રીતે ધર્મવીર્ય નાશ પામે તો જે સાધુનો પુણ્ય પ્રાગ્ભાર આસન્ન થયેલ અર્થાત્ કલ્યાણની પરંપરા નજીક આવેલ તે નાશ પામે.

વળી જો તે સુશિષ્ય શ્રમણલિંગનો ત્યાગ ન કરે તો તે ગચ્છને છોડીને અન્ય ગચ્છને સ્વીકારે, જેથી પોતાના નાશ પામતા એવા ધર્મવીર્યનું રક્ષણ કરી શકે, અને ત્યાં રહીને સમ્યગ્ આરાધના કરી શકે. હવે જો તે કુગુરુ તેને અક્ષરો આપે નહિ તો તે અન્ય ગચ્છમાં સંપ્રવેશને પામે નહિ, અને અન્ય ગચ્છમાં સંપ્રવેશ ન પામે તો તે શું કરે ? તે ક્રમસર બતાવે છે –

(૧) કદાચ અવિધિથી પ્રાણ ત્યાગ કરે અર્થાત્ શાસ્ત્રમાં કહેલ ઉચિત અનશનવિધિથી નહિ, પરંતુ ગુરુ તરફથી આરાધનામાં વિઘ્નને કારણે અનુત્સાહિત થઈને અવિધિથી પ્રાણનો ત્યાગ કરે.

(૨) કદાચ મિથ્યાત્વભાવને પામીને પરપાખંડીઓનો આશ્રય કરે અર્થાત્ જૈનદર્શનને છોડીને અન્ય દર્શનના સંન્યાસભાવને સ્વીકારે.

(૩) કદાચ સ્ત્રી આદિનો સંગ્રહ કરીને ગૃહસ્થવાસમાં પ્રવેશે, અને ગૃહવાસમાં પ્રવેશ કરેલો હોવાને કારણે પૂર્વમાં મહાતપસ્વી થઈને ગૃહવાસ સ્વીકાર્યા પછી અતપસ્વી થઈને પરનાં કાર્યો કરે અર્થાત્ અર્થોપાર્જન માટે પરની સેવા કરે.

આ રીતે કુગુરુ પાસેથી અક્ષરો નહિ મળવાને કારણે અન્ય ગચ્છમાં પ્રવેશની અપ્રાપ્તિ થવાથી અનર્થો થાય છે, અને તે આરાધક સાધુ ઉપર બતાવેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ સ્વીકારે તો તેને જોઈને લોકોમાં ભગવાનના શાસનની નિંદા થાય છે. તેથી મિથ્યાત્વરૂપી અંધકારની એકાંતે વૃદ્ધિ થાય છે, અને મિથ્યાત્વથી અંધીકૃત બુદ્ધિવાળા ઘણા લોકો થયે છતે અહિંસારૂપ શ્રમણધર્મ પાળવો દુષ્કર બને છે; અને આ અહિંસાલક્ષણ ધર્મ દુર્ગતિનું નિવારણ કરનાર છે અને સુખની પરંપરાનું કારણ છે અને આવો ઉત્તમ શ્રમણધર્મ જ્યારે નાશ પામે ત્યારે તીર્થની હાનિ થાય છે, અને તીર્થની હાનિ થવાને કારણે ઘણા યોગ્ય જીવોને પણ તીર્થના પ્રભાવથી પરમપદની પ્રાપ્તિ શીઘ્ર થવાની હતી તે દૂર થાય છે, અને જે યોગ્ય જીવોને તીર્થની પ્રાપ્તિથી નજીકમાં પરમપદની પ્રાપ્તિ થવાની હતી તે દૂર થવાથી તે જીવો ચારગતિરૂપ સંસારમાં સંસરણ કરશે. તેના નિવારણ માટે ભગવંત કહે છે કે આ પ્રકારે કુગુરુ અક્ષર ન આપે તો તેને સંઘ બહાર કરવો જોઈએ, જેથી તે આરાધક શિષ્યને ઉપરોક્ત અનર્થો થાય નહિ, અને તેની તેવી અનુચિત પ્રવૃત્તિ નહિ થવાથી તીર્થનો વ્યવચ્છેદ થાય નહિ, અને તીર્થનો વ્યવચ્છેદ નહિ થવાથી ઘણા યોગ્ય જીવો અહિંસાલક્ષણ

શ્રમણધર્મને પામીને શીઘ્ર પરમપદને પામશે. તેથી તે શિષ્યના અને અન્ય જીવોના હિત માટે તે કુગુરુને સંઘ બહાર કરવો જોઈએ. ॥૧૭૬-૧૭૭॥

અવતરણિકા :-

कदेदृशाः कुगुरवो भविष्यन्ति ? इत्याह –

અવતરણિકાર્થ :-

આવા પ્રકારના કુગુરુઓ=ગાથા-૧૭૪-૧૭૫માં બતાવ્યું કે સ્વયં પ્રમાદવાળા હોય અથવા સ્વયં પ્રમાદ વગરના પણ ગચ્છના સારણા આદિ કરતા ન હોય અથવા દુષ્ટ શિષ્યનો ત્યાગ ન કરતા હોય એવા કુગુરુઓ, ક્યારે થશે ? એને કહે છે –

ગાથા :-

होहिंति अद्धतेरसवाससयाइक्कमेण एरिसया ।
कुगुरू तत्थ वि केई, महाणुभावा भविस्संति ।।१७८।।

અન્વયાર્થ :-

अद्धतेरसवाससयाइक्कमेण=સાડા બારસો વર્ષના અતિક્રમથી, एरिसया कुगुरू=આવા પ્રકારના કુગુરુ, होहिंति=થશે, तत्थ वि=ત્યાં પણ=સાડા બારસો વર્ષ પછીના કાળમાં પણ, केई महाणुभावा=કેટલાક મહાનુભાવો=કેટલાક સુગુરુઓ, भविस्संति=થશે. ।।૧૭૮।।

ગાથાર્થ :-

સાડા બારસો વર્ષના અતિક્રમથી આવા પ્રકારના કુગુરુ થશે. ત્યાં પણ કેટલાક સુગુરુઓ થશે. ।।૧૭૮।।

ટીકા :-

'होहिंति' त्ति। भविष्यन्ति अर्द्धत्रयोदशवर्षशतातिक्रमेण=सातिरेकसार्द्धद्वादशवर्षशतेभ्यः परत, ईदृशाः कुगुरवः, तत्रापि केचित् महानुभावाः=सुगुरवो, भविष्यन्ति । तथा च सूत्रम् – "से भयवं ! केवइएणं कालेणं पहे कुगुरू भविहिंति ? गोयमा ! इओ अ अद्धतेरसण्हं वाससयाणं साइरेगाणं समइक्कंताणं परओ भविस्संति, से भयवं ! केणं अट्ठेणं ? गोयमा ! तक्कालं इड्ढीरससायगारवसंगए ममकाराहंकारग्गीए अंतोसंपज्जलंतबोंदी अहमहंति कयमाणसे अमुणियसमयसब्भावे गणी भविंसु एएणं अट्ठेणं । से भयवं ! किं णं सव्वे वि एवंविहे तक्कालं गणी भविसुं ? गोयमा ! एगंतेणं णो सव्वे, केई पुण दुरंतपंतलक्खणे अदट्ठव्वे एगाए जणणीए जमगसमगं पसूए णिम्मेरे पावसीले दुज्जायजम्मे सुरोद्दपयंडाभिहाडिए दूरमहामिच्छद्दिट्ठी भविंसु । से भयवं ! कहं ते समुवलक्खेज्जा ? गोयमा ! उस्सुत्तुम्मग्गपवत्तणुद्दिसणाणुमईए पच्चएण वा ।" **सूत्रोक्तार्थानुवादपरेयं गाथेति न नियत-भविष्यत्कालनिर्देशानुपपत्तिः ।।१७८।।**

ટીકાર્થ :-

भविष्यन्ति ..... निर्देशानुपपत्तिः ।। અર્ધશતાબ્દી ન્યૂન એવા તેરસો વર્ષના અતિક્રમથી=સાડા બારસો વર્ષથી કંઈક અધિક વર્ષો પછી, આવા કુગુરુઓ થશે, ત્યાં પણ=ભગવાનના નિર્વાણ પછી સાડા બારસો વર્ષથી કંઈક અધિક કાળ વ્યતીત થયા પછીના કાળમાં પણ, કેટલાક મહાનુભાવો= સુગુરુઓ, થશે, અને તે રીતે=ગાથામાં કહ્યું તે રીતે, સૂત્ર છે –

હે ભગવંત ! કેટલા કાળ પછી પથમાં=ભગવાનના શાસનમાં, કુગુરુ થશે ? હે ગૌતમ ! અત્યારથી માંડીને સાડા બારસો વર્ષથી કંઈક અધિક કાળ સમતિક્રાંત થયા પછી થશે=કુગુરુ થશે. હે ભગવંત ! કયા અર્થથી=કયા અર્થથી તે કુગુરુ હશે ? હે ગૌતમ ! ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવના સંગવાળા, મમકાર અહંકારરૂપ અગ્નિથી અંદરથી બળતા શરીરવાળા, 'હુ હુ' એ પ્રમાણે કૃતમાનસવાળા, નથી જાણ્યો જેમણે શાસ્ત્રનો પરમાર્થ એવા, ગણી=ગણાધિપતિ તે કાળમાં થશે. એ અર્થથી=એ અર્થથી તે કુગુરુ થશે. હે ભગવંત ! તે કાળમાં શું સર્વ આવા પ્રકારના ગણી થશે ? હે ગૌતમ ! એકાંતથી સર્વ નહિ.

અને તે અનેકાંત જ સ્પષ્ટ કરવા માટે કહે છે –

કેટલાક વળી, ખરાબ અંત અને પ્રાંત લક્ષણવાળા, અદૃષ્ટવ્ય, એક માતાથી યુગલરૂપે સાથે જન્મેલા=એક માતાથી સાથે જન્મેલા બે પુત્રોમાંથી એક પુત્ર સુસાધુ બને તો અન્ય આવા કુસાધુ બને એવા, મર્યાદા વગરના, પાપશીલવાળા, દુર્જાત જન્મવાળા, સુરૌદ્ર પ્રચંડ અભિહાડિવાળા, અત્યંત મહામિથ્યાદૃષ્ટિ થશે. હે ભગવંત ! કેવી રીતે તેઓ ઓળખી શકાય ? ગૌતમ ! ઉત્સૂત્ર અને ઉન્માર્ગનું પ્રવર્તન અને ઉદ્દેશની અનુમતિથી અથવા પ્રત્યયથી=પરિચયથી, આ કુગુરુ છે એમ ઓળખી શકાય, એ પ્રમાણે અન્વય છે.

ગાથા-૧૭૮માં કહ્યું કે સાડા બારસો વર્ષના અતિક્રમથી આવા કુગુરુઓ થશે, અને આ ગાથાની રચના કરનાર ઉપાધ્યાયજી મહારાજ છે, અને તેઓ ત્રણસો વર્ષ પહેલા થયા છે, અને તેમના કથનથી એ અર્થ ફલિત થાય કે તેમની આ ગાથારચના પછી સાડા બારસો વર્ષ પછી કુગુરુઓ થશે; અને ટીકામાં સાક્ષીરૂપે જે મહાનિશીથસૂત્રનું સૂત્ર આપ્યું તે પ્રમાણે ભગવાનના કાળ પછી સાડા બારસો વર્ષ પછી કુગુરુઓ થશે. તેથી સાક્ષીપાઠ સાથે મૂળગાથાનો વિરોધ પ્રાપ્ત થાય. તેનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્રમાં કહેવાયેલા અર્થના અનુવાદપર આ ગાથા છે=મહાનિશીથસૂત્રમાં કહેવાયેલા અર્થના કથનને કરનારી આ ગાથા છે. એથી ગાથા-૧૭૮માં નિયત ભવિષ્યકાળના નિર્દેશની અનુપપત્તિ નથી=ભગવાનના કાળને આશ્રયીને કથન હોવાથી વીરભગવાનના નિર્વાણથી સાડા બારસો વર્ષ પછી કુગુરુઓ થશે, એ પ્રકારના કાળનિર્દેશની અસંગતિ નથી. ।।૧૭૮।।

❖ 'तत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે ભગવાનના નિર્વાણ પછી સાડા બારસો વર્ષના કાળમાં તો સુગુરુઓ થશે, પરંતુ સાડા બારસો વર્ષ પછીના કાળમાં પણ કેટલાક સુગુરુઓ થશે.

ભાવાર્થ :-

ભગવાનના નિર્વાણ પછી સાડાબારસો વર્ષથી કંઈક અધિક કાળ વ્યતીત થયા પછી આવા કુગુરુઓ

થશે, તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના કાળમાં કે ચોથા આરામાં પણ સર્વથા કુગુરુઓ ન હતા તેમ નહિ, પરંતુ તે કાળમાં ઘણા સુગુરુઓ હતા અને અતિશયજ્ઞાનવાળા એવા સાધુઓ પણ હતા. તેથી કોઈક કુગુરુઓ તે વખતે હોય તોપણ તેમનું સામ્રાજ્ય નહિવત્ હતું, અને સુગુરુના સામ્રાજ્યને કારણે આરાધક જીવોને માર્ગની પ્રાપ્તિ સુલભ હતી; જ્યારે ભગવાનના નિર્વાણ પછી સાડાબારસો વર્ષ પછી ઘણા કુગુરુઓ થશે અને તેઓનું જ એકછત્ર સામ્રાજ્ય વર્તશે, જેથી યોગમાર્ગ અતિદુર્લભ થશે; તોપણ તેવા વિષમકાળમાં કેટલાક સુગુરુઓ પણ થશે કે જેથી માર્ગ સર્વથા નાશ પામશે નહિ, અને જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે, તેઓ શુદ્ધ બુદ્ધિપૂર્વક સુગુરુની પરીક્ષા કરીને યત્ન કરશે તો તેઓ પણ આરાધનાના ફળને પામશે, અને જેઓ બહુ વિચારક નથી અને મુગ્ધતાથી ધર્મમાં પ્રવર્તનારા છે, તેઓને કુગુરુનો યોગ થશે તો તેઓ વિનાશ પણ પામશે. **॥૧૭૮॥**

અવતરણિકા :-

ततः किं कर्त्तव्यम् ? इत्याह –

અવતરણિકાર્થ :-

તેથી શું કરવું જોઈએ ? એને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૭૮માં કહ્યું કે ભગવાનના નિર્વાણ પછી સાડા બારસો વર્ષથી કંઈક અધિક કાળ વ્યતીત થયા પછી આવા કુગુરુઓ થશે. તેથી કલ્યાણના અર્થીને પ્રશ્ન થાય કે ગુરુના બળથી સંસારથી તરવું છે, અને જો ઘણા કુગુરુઓ હોય તો શું કરવું જોઈએ ? તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

तम्हा पयट्टिअव्वं, सम्मं निउणं गुरुं णिहालेउं ।
होयव्वं भीएणं, गयाणुगतिएण वा ण पुणो ।।१७९।।

અન્વયાર્થ :-

तम्हा=તે કારણથી=દુષમામાં કુગુરુ ઘણા હોવાથી, निउणं गुरुं=નિપુણ ગુરુને, सम्मं=સમ્યગ્, णिहालेउं=શોધીને, पयट्टिअव्वं=પ્રવર્તવું જોઈએ=ગુરુના વચનાનુસાર માર્ગમાં પ્રવર્તવું જોઈએ, पुणो=પરંતુ, भीएणं=ભયથી, वा=અથવા, गयाणुगतिएण=ગતાનુગતિકથી, ण होयव्वं=થવું જોઈએ નહિ. ।।૧૭૯।।

ગાથાર્થ :-

દુષમામાં કુગુરુ ઘણા હોવાથી નિપુણ ગુરુને સમ્યગ્ શોધીને ગુરુના વચનાનુસાર માર્ગમાં પ્રવર્તવું જોઈએ, પરંતુ ભયથી અથવા ગતાનુગતિકથી થવું જોઈએ નહિ. ।।૧૭૯।।

ટીકા :-

'तम्हि'त्ति। तस्मात्=दुष्षमायां कुगुरुबाहुल्यात्, सम्यग् निपुणं गुरुं निभाल्य प्रवर्त्तितव्यं, न तु भीतेन, सर्वत्र दोषदर्शनाद्; गतानुगतिकेन वा, सर्वजनसाधारण्याद् भवितव्यं, सुपरीक्ष्यकारित्वात्सम्यग्दृष्टेः ।।१७९।।

ટીકાર્થ :-

तस्मात्=दुष्षमायां ..... कारित्वात्सम्यग्दृष्टेः ।। તે કારણથી=દુષમામાં કુગુરુ ઘણા હોવાથી, નિપુણ એવા ગુરુને સમ્યગ્ શોધીને પ્રવર્તવું જોઈએ, પરંતુ સર્વત્ર દોષદર્શનને કારણે=વર્તમાનના સાધુઓમાં બધે દોષો દેખાવાને કારણે, ભયથી થવું જોઈએ નહિ=કોઈ સુગુરુ નથી તેવા ભયથી ગુરુની શોધમાં ઉપેક્ષાવાળા થવું જોઈએ નહિ, અથવા સર્વજનસાધારણપણું હોવાને કારણે=વર્તમાનકાળના ગુરુઓ સર્વજનને સામાન્ય રીતે માન્ય હોવાને કારણે, ગતાનુગતિકથી થવું જોઈએ નહિ=ગુરુની પરીક્ષા કર્યા વગર જેમ સર્વજનો એકબીજાને જોઈને ગુરુને સ્વીકારે છે તેમ ગતાનુગતિકથી ગુરુને સ્વીકારનાર થવું જોઈએ નહિ; કેમ કે સમ્યગ્દૃષ્ટિનું સુપરીક્ષ્યકારીપણું છે=સમ્યગ્દૃષ્ટિ જીવ સારી રીતે પરીક્ષા કરવાપૂર્વક સુગુરુનો નિર્ણય કરીને ગુરુને સ્વીકારે તેવા હોય છે. ।।૧૭૯।।

ભાવાર્થ :-

કાળદોષના કારણે દુષમા કાળમાં કુગુરુઓ ઘણા છે, સુગુરુઓ ઓછા છે. તેથી જેઓ સંસારથી ભય પામ્યા છે તેવા આરાધક જીવોએ નિપુણ ગુરુને સમ્યક્ શોધીને તેમને પરતંત્ર થઈને યોગમાર્ગમાં પ્રવર્તવું જોઈએ.

આશય એ છે કે શાસ્ત્રવિધિ અનુસાર ગુરુના સ્વરૂપને જાણીને, કયા ગુરુઓ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા છે, અને પ્રમાદ વગર ભગવાનના વચનાનુસાર દેશ-કાળને અનુરૂપ ઉચિત આચરણા કરનારા છે, તેવા નિપુણ ગુરુને શોધીને તેઓને પરતંત્ર થઈને હિતમાર્ગમાં પ્રવર્તવું જોઈએ; પરંતુ કાળદોષના કારણે સાધુઓમાં સર્વત્ર દોષ દેખાવાને કારણે 'કેટલાક અવિચારક જીવો વિચારે છે કે આ કાળમાં બધા ગુરુઓ આવા દોષવાળા છે, માટે તેમને પરતંત્ર થઈને હું આરાધના કરીશ તો મારું હિત થશે નહિ, એ પ્રકારનો ભય રાખીને કોઈ સુગુરુની શોધ કરતા નથી' તે રીતે ભય રાખીને સુગુરુની શોધની ઉપેક્ષા કરવી જોઈએ નહિ.

વળી કેટલાક જીવો ગતાનુગતિકથી સાધુવેષધારી સર્વને ગુરુ તરીકે સ્વીકારીને જે તે ગુરુ પાસે સંયમ ગ્રહણ કરે છે. તે રીતે ગુરુની પરીક્ષા કર્યા વગર ગતાનુગતિકથી ગુરુને સ્વીકારવા જોઈએ નહિ.

અહીં પ્રશ્ન થાય કે આત્મકલ્યાણ કરવું છે, અને કાળદોષના કારણે ઘણા ગુરુઓ દોષવાળા હોય તે વખતે સુગરુ પ્રાપ્ત કરવા દુષ્કર હોય તે કાળમાં પોતાને જે ગુરુ મળે તે ગુરુને સ્વીકારે તો શું વાંધો ? તેથી કહે છે –

સમ્યગ્દૃષ્ટિ હંમેશાં સારી રીતે પરીક્ષા કરીને પ્રવૃત્તિ કરનારા છે અર્થાત્ જેઓમાં સમ્યગ્દૃષ્ટિ પ્રગટી

નથી, તેઓ જ યથા તથા ગુરુને સ્વીકારીને યોગમાર્ગમાં પ્રવર્તે છે, તેઓ કલ્યાણને ક્યારેય પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો જે રીતે પ્રવૃત્તિ કરે છે તે રીતે પ્રવૃત્તિ કરવાથી હિતની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે જેઓ સંસારથી ભય પામેલા છે અને મોક્ષના અર્થી છે, તેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટેલી છે. આથી જ સંસારના ભોગોને છોડીને યોગમાર્ગને સેવવા માટે તત્પર થયા છે, અને જેઓમાં નિર્મળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટી છે, તેઓ જેમ સંસારના ભોગોને છોડીને યોગમાર્ગના અર્થી બન્યા છે, તેમ 'યોગમાર્ગ પણ યથા તથા સેવાયેલો કલ્યાણનું કારણ નથી, પરંતુ સમ્યગ્ સેવાયેલો કલ્યાણનું કારણ છે' તેમ નિર્મળપ્રજ્ઞાથી વિચારીને સમ્યગ્ યોગમાર્ગને બતાવનારા એવા ગુરુને શોધીને અને તેવા ગુરુને પરતંત્ર થઈને યોગમાર્ગને સેવે છે, અને આવી નિર્મળ સમ્યગ્દૃષ્ટિ જેમને પ્રગટી છે, તેઓ કલ્યાણને પ્રાપ્ત કરી શકે છે. માટે કલ્યાણના અર્થીએ પોતાની પરીક્ષક શક્તિને સમ્યગ્ વિકસાવીને યોગમાર્ગમાં પ્રવર્તવું જોઈએ, જેથી એકાંતે હિતની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે મોક્ષમાર્ગના અર્થી એવા કેટલાક અપુનર્બંધક જીવો પણ પોતાની ભૂમિકા અનુસાર ગુરુની પરીક્ષા કરીને પ્રવૃત્તિ કરે તો હિતની પ્રાપ્તિ કરી શકે છે, અને પરીક્ષા કર્યા વગર મુગ્ધતાથી જે તે ગુરુને સ્વીકારી લે તો કુગુરુની પ્રાપ્તિથી તેઓમાં પણ મિથ્યાઅભિનિવેશની વૃદ્ધિ થાય છે, જેથી સંયમ ગ્રહણ કરીને પણ હિતને બદલે અહિતની પ્રાપ્તિ કરે છે. વળી જે અપુનર્બંધકમાં પણ નિર્મળ એવી માર્ગાનુસારી દૃષ્ટિ પ્રગટી છે, તેઓ સમ્યગ્દૃષ્ટિની જેમ સ્વશક્તિ અનુસાર નિપુણ ગુરુની પરીક્ષા કરીને ગુરુને સ્વીકારે છે. તેથી કલ્યાણના અર્થી એવા જીવોએ નિપુણ બુદ્ધિપૂર્વક સુગુરુની પરીક્ષામાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી સુગુરુની પ્રાપ્તિ દ્વારા હિતની પ્રાપ્તિ થાય. **॥૧૭૯॥**

अवतरणिका :-

अथैक्याभावाद् व्यवहाराव्यवस्थितत्वमाक्षिप्तं समाधत्ते –

अवतरणिकार्थ :-

हवे ऐक्यना अभावने कारणे=साधुओमां प्रवर्तता व्यवहारना ऐक्यना अभावने कारणे, आक्षिप्त एवा व्यवहारना अव्यवस्थितपणानुं समाधान करे छे=पूर्वपक्षी द्वारा आक्षेप करायेल एवा व्यवहारना अव्यवस्थितपणानुं समाधान करे छे –

ભાવાર્થ :-

ગાથા-૨૯-૩૦માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં ગુરુના ગુણો લિપિમુદ્રાથી મળે છે, પુરુષમાં મળતા નથી. તેથી ગુરુગુણરહિત એવા ગુરુથી પ્રવર્તતો સંયમમાર્ગ કલ્યાણનું કારણ બને નહિ, માટે પણ સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ સંયમમાં પક્ષપાત કરીને આત્મકલ્યાણ માટે ઉદ્યમ કરવો ઉચિત છે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગાથા-૧૫૨માં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે કાળને ઉચિત

ગુણવાળા સાધુ ગણનિક્ષેપયોગ્ય છે, અને વાવડી આદિનાં દૃષ્ટાંત દ્વારા તેની પુષ્ટિ ગાથા-૧૫૩થી ૧૬૮ સુધી વ્યવહારભાષ્યની ગાથા લઈને કરી. ત્યાં કેટલાક કુગુરુઓ શાસ્ત્રનાં વાવડી આદિનાં દૃષ્ટાંતથી પોતે પણ સુગુરુ છે, તેમ જે સ્થાપન કરે છે, તે ઉચિત નથી, તેમ ગાથા-૧૭૧થી ૧૭૫ સુધી સ્થાપન કર્યું, અને કાળદોષને કારણે તેવા કુગુરુ કોઈને પ્રાપ્ત થયા હોય તો શિષ્યએ તેનો ત્યાગ કરવો જોઈએ, તેનું સ્થાપન ગાથા-૧૭૬-૧૭૭થી કર્યું, અને આવા કુગુરુઓ જ્યારે થશે તે વખતે પણ સુગુરુઓ હશે, તેમ ગાથા-૧૭૮થી સ્થાપન કર્યું. તેથી એ ફલિત થયું કે પૂર્વપક્ષી ગાથા-૨૯-૩૦માં કહે છે તેમ અત્યારે કોઈ સુગુરુઓ નથી તેમ નથી, પરંતુ ઘણા કુગુરુઓ હોવા છતાં કલ્યાણના અર્થીએ સુગુરુની પરીક્ષા કરીને તેમનું અનુસરણ કરવું જોઈએ, જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય, તેમ ગાથા-૧૭૯માં સ્થાપન કર્યું. હવે ગાથા-૩૧માં પૂર્વપક્ષીએ કહેલ કે હમણાં સંયમનો વ્યવહાર પ્રતિગચ્છ ભિન્ન ભિન્ન મળે છે, માટે પારમાર્થિક વ્યવહારનો વિચ્છેદ થયો છે. તેથી સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ સંયમનો પક્ષપાત કરીને કલ્યાણ માટે ઉદ્યમ કરવો ઉચિત છે. આ પ્રકારના પૂર્વપક્ષી દ્વારા કરાયેલા આક્ષેપનું સમાધાન કરે છે.

ગાથા :-

णियमइविगप्पिओ च्चिय, ववहारो जइ वि संपयं बहुलो ।
सुत्तायरणाणुगया, तह वि हु किरिया ण वुच्छिन्ना ।।१८०।।

અન્વયાર્થ :-

जइ वि=જોકે, संपयं=વર્તમાનમાં, णियमइविगप्पिओ च्चिय ववहारो बहुलो=નિજમતિવિકલ્પિત જ વ્યવહાર બહુલ દેખાય છે, तह वि=તોપણ, सुत्तायरणाणुगया किरिया=સૂત્રમાં બતાવેલી આચરણાને અનુસરનારી ક્રિયા, ण वुच्छिन्ना=વિચ્છિન્ન નથી. ।।૧૮૦।।

ગાથાર્થ :-

જોકે વર્તમાનમાં નિજમતિવિકલ્પિત જ વ્યવહાર બહુલ દેખાય છે, તોપણ સૂત્રમાં બતાવેલી આચરણાને અનુસરનારી ક્રિયા વિચ્છિન્ન નથી. ।।૧૮૦।।

ટીકા :-

'णियमइ'त्ति। निजमतिविकल्पित एव यद्यपि साम्प्रतं व्यवहारो बहुलो दृश्यते तथापि सूत्राचरणानुगता क्रिया नास्ति व्युच्छिन्ना, प्रत्यक्षत एव तस्या अखण्डाया अखण्डितपरम्परायामुपलभ्यमानत्वात् ।।१८०।।

ટીકાર્થ :-

निजमतिविकल्पित ..... लभ्यमानत्वात् ।। જોકે વર્તમાનમાં નિજમતિથી વિકલ્પિત જ વ્યવહાર બહુલ દેખાય છે=ઉત્સર્ગ-અપવાદ વિષયક કે આભાવ્ય-અનાભાવ્ય વિષયક નિજમતિથી વિકલ્પિત જ વ્યવહાર બહુલ દેખાય છે, તોપણ સૂત્રમાં બતાવાયેલી આચરણાને અનુગત ક્રિયા=સાધ્વાચારની

આચરણાને બતાવનાર સૂત્રમાં જે ષડાવશ્યકની આચરણા કે પડિલેહણ આદિની આચરણા બતાવાઈ છે, તે આચરણાને અનુસરનારી એવી ષડાવશ્યકાદિની ક્રિયા, વિચ્છિન્ન નથી; કેમ કે અખંડિત પરંપરામાં=સુધર્માસ્વામીથી પ્રારંભ થયેલી અને ખંડન નહિ પામેલી એવી સાધુની અખંડ પરંપરામાં, અખંડ એવી તેનું=અખંડ એવી ષડાવશ્યકાદિ ક્રિયાનું, પ્રત્યક્ષથી જ ઉપલભ્યમાનપણું છે. ॥૧૮૦॥

ભાવાર્થ :-

વર્તમાનમાં કાળદોષને કારણે અને મતિની અલ્પતાને કારણે શાસ્ત્રનાં વચનોનું અવલંબન લઈને નિજમતિથી વિકલ્પિત જ વ્યવહાર બહુલ દેખાય છે=ઉત્સર્ગ-અપવાદની આચરણા વિષયક અથવા આભાવ્ય-અનાભાવ્ય વિષયક સ્વમતિ અનુસાર ઘણો વ્યવહાર દેખાય છે, તોપણ સાધુને જે પ્રકારે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની આચરણા સૂત્રમાં બતાવેલ છે, અને જે પ્રકારે ષડાવશ્યકાદિ ક્રિયાઓ કરવાની બતાવેલ છે, અને તે ક્રિયાઓમાં બોલાતાં જે સૂત્રો છે તેને અનુસરનારી ક્રિયાઓ બતાવેલ છે, તે અત્યારે વિચ્છિન્ન નથી; કેમ કે વર્તમાનમાં સુધર્માસ્વામીથી માંડીને ખંડન નહિ પામેલી એવી જે સાધુની અખંડ પરંપરા છે, તેમાં તે ષડાવશ્યકાદિ ક્રિયાઓ કરાતી પ્રત્યક્ષથી જ પ્રાપ્ત થાય છે. માટે વર્તમાનનો વ્યવહાર અવ્યવસ્થિત છે, તેમ કહીને સાધુપણું ગ્રહણ કરવું ઉચિત નથી, એમ જે પૂર્વપક્ષીએ ગાથા-૩૧માં કહેલ તે ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે સાધ્વાચારની ક્રિયાઓ જે પૂર્વમાં કરાતી હતી તે જ વર્તમાનમાં કરાય છે, ફક્ત ક્રિયાઓના મર્મનો બોધ નહિ હોવાથી યોગ્ય પણ જીવો તે ક્રિયા દ્વારા સંયમના પરમાર્થને પામી શકે નહિ તેવું બને, અને આથી જ સુગુરુ પાસેથી તે શાસ્ત્રાનુસારી ક્રિયાના સૂત્રોના પરમાર્થને ગ્રહણ કરીને કોઈ સાધુ શાસ્ત્રવિધિ અનુસાર પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ કે ષડાવશ્યકાદિ ક્રિયાઓમાં સમ્યગ્ ઉદ્યમ કરે, તો તે ક્રિયાઓથી અવશ્ય સંયમના કંડકોની પ્રાપ્તિ થાય. તેથી તે ક્રિયાઓ વિચ્છિન્ન થઈ નથી, ફક્ત કેટલાંક ઉત્સર્ગ-અપવાદનાં સ્થાનોને જોડવા માટે દુર્બલમતિવાળા સાધુઓથી જે નિજમતિવિકલ્પિત બહુલ વ્યવહાર પ્રવર્તે છે, તે ઘણાનો શાસ્ત્રાનુસારી નથી, તોપણ પ્રાજ્ઞપુરુષ શાસ્ત્રના વચનનું અવલંબન લઈને ઉચિત સ્થાને જોડવા પ્રયત્ન કરે તો સાચો વ્યવહાર પણ તે પ્રાપ્ત કરી શકે, અને જ્યાં સુધી ઉચિત નિર્ણય ન થાય ત્યાં સુધી કાળક્ષેપ કરીને પોતાના સંપ્રદાયનું અનુસરણ કરે, તેટલા માત્રથી તે સાધુ વિરાધક બનતા નથી. **॥૧૮૦॥**

અવતરણિકા :-

संयमविच्छेदादिकमाक्षिप्तशेषं समाधत्ते 'आगमववहारीण वि' इत्यादिना –

અવતરણિકાર્થ :-

સંયમવિચ્છેદાદિ આક્ષિપ્તશેષનું 'आगमववहारीण वि' ઇત્યાદિ દ્વારા સમાધાન કરે છે –

❖ 'संयमविच्छेदादिकम्'માં 'આદિ' પદથી પ્રાયશ્ચિત્ત વિચ્છેદનું ગ્રહણ કરવું.

❖ 'ઇત્યાદિ' શબ્દમાં રહેલા 'આદિ' શબ્દથી ગાથા-૧૮૧નો અવશેષ ભાગ ગ્રહણ કરવો.

ભાવાર્થ :-

ગાથા-૩૨માં પૂર્વપક્ષીએ કહેલ કે સંયમસ્થાનોના જાણનારા આગમવ્યવહારીઓ વર્તમાનમાં નથી, તેથી ચારિત્રની શુદ્ધિ નથી; કેમ કે સંયમસ્થાનની શુદ્ધિને કરાવનાર આગમવ્યવહારીના અભાવને કારણે પ્રાયશ્ચિત્ત વિચ્છેદ થયેલ છે. આમ કહીને પૂર્વપક્ષીએ એ કહેલ કે 'વર્તમાનમાં સંયમનો અને પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ છે, માટે પણ સાધુએ સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ સંયમનો પક્ષપાત કરીને આત્મકલ્યાણમાં ઉદ્યમ કરવો જોઈએ.' આ પ્રકારના પૂર્વપક્ષીના આક્ષિપ્તશેષ એવા સંયમવિચ્છેદાદિનું ગ્રંથકારશ્રી સમાધાન કરે છે.

ગાથા :-

आगमववहारीण वि, वुच्छेए संजमो ण वुच्छिन्नो ।
तत्तो णिज्जूढाओ, पायच्छित्तस्स ववहारा ।।१८१।।

અન્વયાર્થ :-

आगमववहारीण वुच्छेए वि=આગમવ્યવહારીના વ્યુચ્છેદમાં પણ, संजमो=સંયમ, ण वुच्छिन्नो=વિચ્છિન્ન નથી, तत्तो=કેમ કે તેનાથી=આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા તે આગમથી, णिज्जूढाओ=ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહારથી, पायच्छित्तस्स ववहारा=પ્રાયશ્ચિત્તનો વ્યવહાર છે=પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિ છે. ।।૧૮૧।।

ગાથાર્થ :-

આગમવ્યવહારીના વ્યુચ્છેદમાં પણ સંયમ વિચ્છિન્ન નથી; કેમ કે આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા તે આગમથી ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહારથી પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિ છે. ।।૧૮૧।।

ટીકા :-

आगमव्यवहारिणां व्युच्छेदेऽपि संयमो न व्युच्छिन्नः, तत एव आगमात् 'निर्यूढात्' प्रकल्प-व्यवहारलक्षणश्रुतात् प्रायश्चित्तस्य व्यवहाराद्, अविच्छिन्नमूलत्वेन तद्विश्वासात्ततश्चारित्रशुद्धेः, तदुक्तम् –

"सव्वं पि य पच्छित्तं, पच्चक्खाणस्स तइअवत्थुम्मि ।
तत्तो चिअ निज्जूढं, पफप्पकप्पो य ववहारो" ।।१।। **इति ।।१८१।।**

ટીકાર્થ :-

आगमव्यवहारीणां ..... ववहारो" ।। इति ।। આગમવ્યવહારીઓના વ્યુચ્છેદમાં પણ સંયમનો વિચ્છેદ નથી; કેમ કે તે જ આગમથી ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહારલક્ષણશ્રુતથી પ્રાયશ્ચિત્તનો વ્યવહાર છે.

અહીં પ્રશ્ન થાય કે આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા તે આગમથી ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહારથી વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત અપાય છે, એટલા માત્રથી સંયમવિચ્છેદ નથી તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

અવિચ્છિન્નમૂલપણારૂપે તેનો વિશ્વાસ હોવાથી=આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા તે આગમની સાથે અવિચ્છિન્નમૂલપણારૂપે પ્રકલ્પવ્યવહારરૂપ શ્રુતનો વિશ્વાસ હોવાથી, તેનાથી= પ્રકલ્પવ્યવહારથી ગ્રહણ કરાયેલા પ્રાયશ્ચિત્તથી, ચારિત્રની શુદ્ધિ છે, તે કહેવાયું છે=આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા તે આગમથી પ્રકલ્પવ્યવહાર ઉદ્ધૃત છે એમ પૂર્વમાં જે કહ્યું તે કહેવાયું છે –

પચ્ચક્ખાણ નામના પૂર્વની ત્રીજી વસ્તુમાં સર્વ પણ પ્રાયશ્ચિત્ત છે અને તેનાથી જ ઉદ્ધૃત પ્રકલ્પવ્યવહાર છે. ॥૧॥ **'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૧૮૧॥**

❖ 'व्युच्छेदेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે આગમવ્યવહારીઓનો વિચ્છેદ ન હતો ત્યારે તો સંયમનો વિચ્છેદ ન હતો, પરંતુ આગમવ્યવહારીઓના વિચ્છેદમાં પણ સંયમનો વિચ્છેદ નથી.

ભાવાર્થ :-

ગાથા-૩૨માં પૂર્વપક્ષીએ કહેલ કે જે સાધુથી જે પાપ થયેલું હોય તે સાધુને તે પાપને ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને આગમવ્યવહારી સાધુઓ તેના ચારિત્રની શુદ્ધિ કરી શકતા હતા, જ્યારે વર્તમાનમાં તો અનતિશયવાળા સાધુઓ યદૃચ્છાથી પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી તેમના આપેલા પ્રાયશ્ચિત્તથી સંયમની શુદ્ધિ થતી નથી. વળી ન્યૂન-અધિક પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા તે પ્રાયશ્ચિત્ત આપનારા સાધુઓ સ્વયં ચારિત્રની અશુદ્ધિવાળા છે, તેથી તે સાધુઓ પ્રાયશ્ચિત્ત આપીને અન્યના ચારિત્રની શુદ્ધિ કરી શકે નહિ. માટે વર્તમાનમાં ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત જ કરવો ઉચિત છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે વર્તમાનમાં ચૌદ પૂર્વધરાદિ આગમવ્યવહારીઓ નથી તોપણ સંયમનો વિચ્છેદ થયો નથી; કેમ કે અપ્રમાદી સાધુ વર્તમાનમાં પણ સંયમમાં અતિચાર ન લાગે તેમ યત્ન કરનારા છે, અને કોઈક રીતે અતિચાર થયા હોય તેની શુદ્ધિ જે પ્રાયશ્ચિત્તથી કરે છે, તે પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ દ્વારા આગમવ્યવહારી જે આગમથી પ્રાયશ્ચિત્ત આપતા હતા, તે આગમમાંથી જ ઉદ્ધૃત એવા પ્રકલ્પવ્યવહારથી અપાય છે, અને આ પ્રકલ્પવ્યવહાર નામનું શાસ્ત્ર આગમની સાથે અવિચ્છિન્ન મૂલવાળું છે. તેથી જેમ 'આગમવ્યવહારીના અપાયેલા પ્રાયશ્ચિત્તના પાલનથી સાધુના સંયમમાં લાગેલા અતિચારોની શુદ્ધિ થાય છે' એમ વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેમ પ્રકલ્પવ્યવહારના બળથી જે પ્રાયશ્ચિત્ત અપાય છે, તેનાથી અવશ્ય સંયમની શુદ્ધિ થાય છે તેવો પ્રામાણિક વિશ્વાસ ઉત્પન્ન થાય છે. તેથી જે સાધુઓ સંયમમાં લાગેલા અતિચારની શુદ્ધિ પ્રકલ્પવ્યવહાર અનુસાર કરે છે, તે સાધુના સંયમની શુદ્ધિ અવશ્ય થાય છે. માટે આગમવ્યવહારી નહિ હોવા છતાં વર્તમાનમાં સંયમનો

વિચ્છેદ નથી. તેથી પૂર્વપક્ષી કહે છે કે વર્તમાનમાં સંયમનો વિચ્છેદ હોવાને કારણે ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો ઉચિત છે, તે પૂર્વપક્ષીનું વચન મિથ્યા છે. **॥૧૮૧॥**

અવતરણિકા :-

प्रायश्चित्तसत्तामेवोपपादयति –

અવતરણિકાર્થ :-

પ્રાયશ્ચિત્તની સત્તાને જ ઉપપાદન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહેલ કે શાસ્ત્રમાં જે પ્રકારે માસાદિક પ્રાયશ્ચિત્ત દેખાય છે તેવું પ્રાયશ્ચિત્ત અપાતું દેખાતું નથી, અને તેવું પ્રાયશ્ચિત્ત કોઈ કરતા હોય તેવું પણ દેખાતું નથી. માટે શાસ્ત્રમાં કહેલી પ્રાયશ્ચિત્તની સત્તા વિચ્છિન્ન છે, તેથી સંયમની શુદ્ધિ નથી. એ પ્રકારના પૂર્વપક્ષીના કથનને સામે રાખીને ગ્રંથકારશ્રી વર્તમાનમાં પ્રાયશ્ચિત્તની સત્તા છે એમ બતાવે છે.

ગાથા :-

संपयमवि तं विज्जइ, विसेसहीणं पि पुव्वपच्छित्ता ।
ण य णत्थि चक्किपागयगिहदिट्ठंतो इहं णेओ ।।१८२।।

અન્વયાર્થ :-

पुव्वपच्छित्ता=પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં, विसेसहीणं पि=વિશેષથી હીન પણ, तं=તે=પ્રાયશ્ચિત્ત, संपयमवि=વર્તમાનમાં પણ, विज्जइ=વિદ્યમાન છે, ण य णत्थि=અને નથી એમ નહિ, इहं=અહીં=પૂર્વના અધિક પ્રાયશ્ચિત્તમાં અને વર્તમાનના હીન પ્રાયશ્ચિત્તમાં, चक्किपागयगिहदिट्ठंतो=ચક્રવર્તીનું ગૃહ અને પ્રાકૃતજનનું ગૃહ દૃષ્ટાંત, णेओ=જાણવું. ।।૧૮૨।।

ગાથાર્થ :-

પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વિશેષથી હીન પણ પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં પણ વિદ્યમાન છે, અને નથી એમ નહિ. પૂર્વના અધિક પ્રાયશ્ચિત્તમાં અને વર્તમાનના હીન પ્રાયશ્ચિત્તમાં ચક્રવર્તીનું ગૃહ અને પ્રાકૃતજનનું ગૃહ દૃષ્ટાંત જાણવું. ।।૧૮૨।।

ટીકા :-

'संपयमवि'त्ति। तत्=प्रायश्चित्तं, साम्प्रतमपि विद्यते पूर्वप्रायश्चित्ताद् विशेषेण=आधिक्येन, हीनमपि, न च नास्ति; अत्र चक्रिप्राकृतजनगृहदृष्टान्तो ज्ञेयः, यथा प्राकृतराजगृहाणि न चक्रवर्त्तिगृहसदृशानि

तथापि तानि भवन्त्येव गृहकार्यकरणात्, तथा पूर्वप्रायश्चित्ताद्धीनमपि साम्प्रतीनं प्रायश्चित्तं प्रायश्चित्तकार्यकरणादस्त्येवेति भावः, तदुक्तम् –

"भुंजइ चक्की भोए, पासाए सिप्पिरयणनिम्मविए ।
किं व ण कारेइ तहा, पासाए पागयजणो वि ।।१।।
जह रूवाइविसेसा, परिहीणा हुंति पागयजणस्स ।
ण य ते ण होंति गेहा, एमेव इमं पि पासामो" ।।२।। **त्ति ।।१८२।।**

टीकार्थ :-

तत् ..... पासामो" ।। त्ति ।। पूर्वनां प्रायश्चित्त करतां=आगमव्यवहारीना काळमां अपातां प्रायश्चित्त करतां, विशेषथी=आधिक्यथी, हीन पण=घणुं अल्प पण, ते=प्रायश्चित्त, वर्तमानमां पण विद्यमान छे, अने नथी एम नहि=वर्तमानमां प्रायश्चित्त नथी एम नहि. अहीं=पूर्वना अधिक प्रायश्चित्तमां अने वर्तमानना हीन प्रायश्चित्तमां, चक्रवर्तीनुं गृह अने सामान्यजननुं गृह दृष्टांत जाणवुं.

प्रायश्चित्तमां आपेल दृष्टांतनो दार्ष्टांतिक भाव स्पष्ट करे छे –

जे प्रमाणे सामान्य राजानां गृहो चक्रवर्तीनां गृहो जेवां नथी तोपण तेओ=सामान्य राजानां गृहो, छे ज; केम के गृहनुं कार्य करे छे=जेम चक्रवर्तीनुं गृह निवास अने रक्षणनुं कार्य करे छे, तेम सामान्य राजानां गृहो निवास अने रक्षणनुं कार्य करे छे, ते प्रमाणे=जे प्रमाणे चक्रवर्तीनां गृहो अने सामान्य राजानां गृहो गृहनुं कार्य करे छे ते प्रमाणे, पूर्वना प्रायश्चित्तथी हीन पण वर्तमाननुं प्रायश्चित्त, प्रायश्चित्तना कार्यने करनार होवाथी छे ज=प्रायश्चित्त छे ज, ए प्रकारनो भाव छे. ते कहेवायुं छे=गाथामां कह्युं के वर्तमानमां प्रायश्चित्तनी सत्ता छे, तेमां चक्रवर्तीनुं गृह अने सामान्य राजानुं गृह दृष्टांत छे, ते व्यवहारभाष्य गाथा-४१७४-४१७५मां कहेवायुं छे –

चक्रवर्ती शिल्पिरत्नथी=वर्धकीरत्नथी, निर्माण करायेला प्रासादमां भोगोने भोगवे छे, ते रीते प्राकृतजन पण शुं प्रासादो नथी करावता ? अर्थात् करावे छे ज. ।।१।।

जे प्रमाणे प्राकृतजननां=प्राकृतजननां गृहो, रूपादिविशेषथी परिहीन होय छे, अने ते गृहो नथी एम नहि, ए रीते ज आ पण=प्रायश्चित्त पण, अमे जोईए छीए. ।।२।। **'त्ति' शब्द उद्धरणनी समाप्तिमां छे. ।।१८२।।**

❖ 'साम्प्रतमपि' 'हीनमपि'मां 'अपि'थी ए कहेवुं छे के पूर्वमां तो घणुं प्रायश्चित्त विद्यमान हतुं, परंतु वर्तमानमां पण पूर्व करतां अधिकपणाथी हीन पण प्रायश्चित्त विद्यमान छे.

❖ 'पूर्वप्रायश्चित्ताद्धीनमपि'मां 'अपि'थी ए कहेवुं छे के पूर्वना प्रायश्चित्तथी हीन न होय तेवुं तो प्रायश्चित्त प्रायश्चित्त छे, परंतु पूर्वना प्रायश्चित्तथी हीन पण वर्तमाननुं प्रायश्चित्त प्रायश्चित्त छे ज.

भावार्थ :-

पूर्वपक्षीए गाथा-उउमां कहेल के आगममां जेवुं मासादि प्रायश्चित्त बतावेल छे, तेवुं प्रायश्चित्त

હમણાં કોઈ આપતું નથી અને તેવું પ્રાયશ્ચિત્ત સ્વયં કોઈ કરતું નથી, માટે વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વના પ્રાયશ્ચિત્તથી ઘણું હીન પણ પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં પણ વિદ્યમાન છે, પરંતુ પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે એમ નથી.

અહીં પ્રશ્ન થાય કે જેવું માસાદિ પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં ઉપલબ્ધ છે, તેવું માસાદિ પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં નથી. તેથી પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન નથી, તેમ કેમ કહી શકાય ? તેથી ચક્રવર્તીના ગૃહના અને સામાન્ય રાજાના ગૃહના દૃષ્ટાંતથી વર્તમાનનું હીન પણ પ્રાયશ્ચિત્ત પ્રાયશ્ચિત્ત છે, તે બતાવતાં કહે છે –

જેમ –

ચક્રવર્તીનાં ગૃહો ભોગવિલાસ માટે ઉપયોગી હતાં અને શીતાદિથી રક્ષણમાં ઉપયોગી હતાં, તેમ સામાન્ય રાજાનાં ગૃહો પણ ચક્રવર્તીનાં ગૃહોની જેમ જ ગૃહોનું કાર્ય કરે છે. તેથી ચક્રવર્તીનાં ગૃહો જેવાં સામાન્ય રાજાનાં ગૃહો નથી, તોપણ ગૃહો છે જ.

તેની જેમ –

પૂર્વના ઋષિઓ અત્યંત અપ્રમાદી હતા, સંઘયણ આદિના બળવાળા હતા, તેથી તેઓ માસાદિ પ્રાયશ્ચિત્તને કરનારા હતા અને તે પ્રાયશ્ચિત્તથી સંયમની શુદ્ધિ કરતા હતા, તેમ વર્તમાનના સાધુઓ તેવા અપ્રમાદી નથી, અને સંઘયણ આદિના બળવાળા નથી, તેથી પોતાના સામર્થ્યને અનુરૂપ અલ્પ પ્રાયશ્ચિત્તથી પણ સંયમની શુદ્ધિ કરે છે. તેથી તેઓને આશ્રયીને જે પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં અપાય છે, તે જીતવ્યવહાર અનુસાર હોવાથી શુદ્ધિનું કાર્ય કરે છે. માટે પ્રાયશ્ચિત્તની સત્તા નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી. **॥૧૮૨॥**

અવતરણિકા :-

અથ કિં પ્રાયશ્ચિત્તં વિચ્છિન્નં ? કિં વા કિયત્કેષાં ચ ભવતિ ? ઇત્યભિધાતુમાહ –

અવતરણિકાર્થ :-

હવે કયું પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે ? અને કોને કેટલા પ્રાયશ્ચિત્ત થાય છે ? એ પ્રકારે બતાવવા માટે કહે છે –

ગાથા :-

चरमा दो पच्छित्ता, वुच्छिन्ना तह य पढमसंघयणं ।
चोद्दसपुव्विम्मि तओ, अट्ठविहं होइ जा तित्थं ।।१८३।।

અન્વયાર્થ :-

चोद्दसपुव्विम्मि=ચૌદપૂર્વીનો વિચ્છેદ થયે છતે, चरमा दो पच्छित्ता=ચરમ બે પ્રાયશ્ચિત્ત, वुच्छिन्ना=વિચ્છિન્ન થયાં, य=અને, तह=તે પ્રમાણે, पढमसंघयणं=પ્રથમસંઘયણ=પ્રથમસંઘયણ વિચ્છિન્ન થયું, तओ=તેથી,

जा तित्थं=તીર્થ સુધી=વીરભગવાનનું તીર્થ રહેશે ત્યાં સુધી, अट्ठविहं=આઠ પ્રકારનું=આઠ પ્રકારનું પ્રાયશ્ચિત્ત, होइ=છે. ॥૧૮૩॥

ગાથાર્થ :-

ચૌદપૂર્વીનો વિચ્છેદ થયે છતે ચરમ બે પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન થયાં અને તે પ્રમાણે પ્રથમસંઘયણ વિચ્છિન્ન થયું. તેથી વીરભગવાનનું તીર્થ રહેશે, ત્યાં સુધી આઠ પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે. ॥૧૮૩॥

અવતરણિકા :-

પુલાકનિર્ગ્રંથમાં કેટલાં પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે –

ગાથા :-

आलोअणपडिकमणे, मीसविवेगे तवे च उस्सग्गे ।
एए छ प्पच्छित्ता, होंति णियंठे पुलागम्मि ।।૧૮૪।।

અન્વયાર્થ :-

पुलागम्मि णियंठे=પુલાકનિર્ગંથમાં, आलोअणपडिकमणे=આલોચન, પ્રતિક્રમણ, मीसविवेगे=મિશ્ર-વિવેક=આલોચન અને પ્રતિક્રમણરૂપ મિશ્ર અને વિવેક, तवे च उस्सग्गे=તપ અને ઉત્સર્ગ, एए छ पच्छित्ता=આ છ પ્રાયશ્ચિત્ત=આ છ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત, होंति=છે. ॥૧૮૪॥

ગાથાર્થ :-

પુલાકનિર્ગ્રંથમાં આલોચન, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, તપ અને ઉત્સર્ગ આ છ પ્રાયશ્ચિત્ત છે. ॥૧૮૪॥

અવતરણિકા :-

સ્થવિર એવા બકુશને, પ્રતિસેવકને અને જિનકલ્પિઓને કેટલા પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે –

ગાથા :-

बउसपडिसेवगाणं, पायच्छित्ता हवंति सव्वे वि ।
थेराण जिणाणं पुण, चरमदुगविवज्जिआ अट्ठ ।।૧૮૫।।

અન્વયાર્થ :-

थेराण बउसपडिसेवगाणं=સ્થવિર એવા બકુશ અને પ્રતિસેવકને, सव्वे वि पायच्छित्ता=સર્વ પણ પ્રાયશ્ચિત્ત, हवंति=હોય છે, जिणाणं पुण=જિનોને વળી=જિનકલ્પિઓને વળી, चरमदुगविवज्जिआ

અટ્ઠ=ચરમદ્વિકથી રહિત આઠ પ્રાયશ્ચિત્ત હોય છે=ચરમદ્વિકથી રહિત આઠ પ્રકારનું પ્રાયશ્ચિત્ત હોય છે. ।।૧૮૫।।

ગાથાર્થ :-

સ્થવિર એવા બકુશ અને પ્રતિસેવકને સર્વ પણ પ્રાયશ્ચિત્ત હોય છે. જિનોને વળી ચરમદ્વિકથી રહિત આઠ પ્રાયશ્ચિત્ત હોય છે. ।।૧૮૫।।

અવતરણિકા :-

નિર્ગ્રંથનિર્ગ્રંથમાં અને સ્નાતકનિર્ગ્રંથમાં કેટલા પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે –

ગાથા :-

आलोअणा विवेगा, हुंति णियंठे दुवे उ पच्छित्ता ।
एगं चिय पच्छित्तं, विवेगणामं सिणायम्मि ।।१८६।।

અન્વયાર્થ :-

णियंठे=નિર્ગ્રંથમાં=નિર્ગ્રંથનિર્ગ્રંથમાં, आलोअणा विवेगा=આલોચના, વિવેક, दुवे पच्छित्ता=બે પ્રાયશ્ચિત્ત, हुंति=હોય છે, सिणायम्मि=સ્નાતકમાં=સ્નાતકનિર્ગ્રંથમાં, विवेगणामं एगं चिय=વિવેકનામવાળું એક જ, पच्छित्तं=પ્રાયશ્ચિત્ત હોય છે. ।।૧૮૬।।

ગાથાર્થ :-

નિર્ગ્રંથનિર્ગ્રંથમાં આલોચના, વિવેક બે પ્રાયશ્ચિત્ત હોય છે. સ્નાતકનિર્ગ્રંથમાં વિવેકનામવાળું એક જ પ્રાયશ્ચિત્ત હોય છે. ।।૧૮૬।।

અવતરણિકા :-

પાંચ પ્રકારના ચારિત્રમાંથી સામાયિકચારિત્રમાં રહેલા સ્થવિરોને અને જિનકલ્પિઓને કેટલા પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે –

ગાથા :-

अट्ठविहं पच्छित्तं, छेओ मूलं च णत्थि सामइए ।
थेराण जिणाणं पुण, जाव तवो छव्विहं होइ ।।१८७।।

અન્વયાર્થ :-

सामइए=સામાયિકમાં, थेराण=સ્થવિરોને, अट्ठविहं पच्छित्तं=આઠ પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે, छेओ मूलं च=છેદપ્રાયશ્ચિત્ત અને મૂળપ્રાયશ્ચિત્ત, णत्थि=નથી, जिणाणं पुण=જિનોને વળી=સામાયિકમાં જિનકલ્પિઓને વળી, जाव तवो=તપ સુધી, छव्विहं=છ પ્રકારે પ્રાયશ્ચિત્ત, होइ=હોય છે. ।।૧૮૭।।

ગાથાર્થ :-

સામાયિકમાં સ્થવિરોને આઠ પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે, છેદપ્રાયશ્ચિત્ત અને મૂળપ્રાયશ્ચિત્ત નથી. સામાયિકમાં જિનકલ્પિઓને વળી તપ સુધી છ પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે. ॥૧૮૭॥

અવતરણિકા :-

છેદોપસ્થાપનીય ચારિત્રમાં સ્થવિરોને અને જિનકલ્પીઓને કેટલા પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે –

ગાથા :-

છેઓવટ્ઠાવણિએ, પાયચ્છિત્તા હવંતિ સવ્વે વિ ।
થેરાણ જિણાણં પુણ, મૂલંતં અટ્ઠહા હોઇ ॥૧૮૮॥

અન્વયાર્થ :-

છેઓવટ્ઠાવણિએ=છેદોપસ્થાપનીય ચારિત્રમાં, થેરાણ=સ્થવિરોને, સવ્વે વિ પાયચ્છિત્તા=સર્વ પણ પ્રાયશ્ચિત્ત, હવંતિ=હોય છે, જિણાણં પુણ=જિનોને વળી=છેદોપસ્થાપનીય ચારિત્રમાં જિનકલ્પીઓને વળી, મૂલંતં અટ્ઠહા હોઇ=મૂળઅંતવાળું આઠ પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે. ॥૧૮૮॥

ગાથાર્થ :-

છેદોપસ્થાપનીય ચારિત્રમાં સ્થવિરોને સર્વ પણ પ્રાયશ્ચિત્ત હોય છે. છેદોપસ્થાપનીય ચારિત્રમાં જિનકલ્પીઓને વળી મૂળઅંતવાળું આઠ પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે. ॥૧૮૮॥

અવતરણિકા :-

પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં સ્થવિરોને અને જિનોને કેટલા પ્રકારે પ્રાયશ્ચિત્ત હોય છે ? તે બતાવે છે -

ગાથા :-

પરિહારવિસુદ્ધીએ, મૂલંતા અટ્ઠ હોંતિ પચ્છિત્તા ।
થેરાણ જિણાણં પુણ, છેયાઇવિવજ્જિઆ હુંતિ ॥૧૮૯॥

અન્વયાર્થ :-

પરિહારવિસુદ્ધીએ=પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં, થેરાણ=સ્થવિરોને, મૂલંતા અટ્ઠ પચ્છિત્તા=મૂળઅંતવાળાં આઠ પ્રાયશ્ચિત્ત, હોંતિ=હોય છે, જિણાણં પુણ=જિનોને વળી=પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં જિનોને વળી, છેયાઇવિવજ્જિઆ=છેદાદિ રહિત=છેદાદિ રહિત છ પ્રાયશ્ચિત્ત, હુંતિ=હોય છે. ॥૧૮૯॥

ગાથાર્થ :-

પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં સ્થવિરોને મૂળઅંતવાળાં આઠ પ્રાયશ્ચિત્ત હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં જિનોને વળી છેદાદિ રહિત છ પ્રાયશ્ચિત્ત હોય છે. ।।૧૮૯।।

ભાવાર્થ :-

પાંચમા આરામાં ચૌદપૂર્વીનો વિચ્છેદ થયો ત્યારે પ્રથમસંઘયણનો વિચ્છેદ થયો અને ચરમ બે પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ થયો. તેથી ચૌદપૂર્વીના વિચ્છેદ પછી જ્યાં સુધી વીરભગવાનનું તીર્થ રહેશે ત્યાં સુધી આઠ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત રહેશે.

પાંચ પ્રકારના નિર્ગ્રંથો છે. તેમાંથી પુલાક નામના નિર્ગ્રંથમાં આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, તપ અને ઉત્સર્ગ આ છ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે પુલાકનિર્ગ્રંથને ક્યારે પણ છેદાદિ ચાર પ્રાયશ્ચિત્તોની પ્રાપ્તિ નથી.

બકુશ અને પ્રતિસેવક એવા સ્થવિરોને દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે. આ કથન ચૌદપૂર્વીના વિચ્છેદ પછીના બકુશ અને પ્રતિસેવકને આશ્રયીને નથી. તેથી એ પ્રાપ્ત થાય કે બકુશ અને પ્રતિસેવક એવા સ્થવિરોને દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હતી, અને ચૌદપૂર્વીના વિચ્છેદ પછીના બકુશ અને પ્રતિસેવકને આઠ પ્રકારનાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી જિનકલ્પી આદિને છેલ્લાં બે પ્રાયશ્ચિત્તને છોડીને આઠ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અસંગઅનુષ્ઠાનવાળા જિનકલ્પીઓ હોવા છતાં કોઈક પ્રસંગને પામીને મૂળગુણની પ્રતિસેવના થઈ હોય તેને આશ્રયીને સંપૂર્ણ સંયમના ઉચ્છેદરૂપ મૂળપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ પણ જિનકલ્પીઓને થતી હોવી જોઈએ.

વળી ગાથા-૧૮૪થી ૧૮૬ સુધીમાં પાંચ નિર્ગ્રંથોમાંથી કયા નિર્ગ્રંથને કેટલા પ્રકારનાં પ્રાયશ્ચિત્ત આવે ? તે બતાવવાનો પ્રારંભ કરેલ છે, અને ગાથા-૧૮૪માં પુલાકનિર્ગ્રંથને કેટલાં પ્રાયશ્ચિત્ત આવે તે બતાવ્યું, અને ગાથા-૧૮૫માં બકુશનિર્ગ્રંથને અને કુશીલનિર્ગ્રંથને કેટલાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે તે બતાવવું છે, પરંતુ કુશીલનિર્ગ્રંથના બે ભેદો છે : (૧) પ્રતિસેવનાકુશીલ અને (૨) કષાયકુશીલ. તે બે ભેદોમાંથી પ્રતિસેવના કુશીલનિર્ગ્રંથને અને બકુશનિર્ગ્રંથને સર્વ પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે, તે ગાથા-૧૮૫ના પૂર્વાર્ધમાં બતાવ્યું, અને ઉત્તરાર્ધથી જિનોને આઠ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, તેમ બતાવ્યું. ત્યાં 'જિન' શબ્દથી પ્રતિસેવનાકુશીલની વ્યાવૃત્તિ કરીને કષાયકુશીલ નિર્ગ્રંથનું ગ્રહણ કરવું છે. તે કષાયકુશીલ નિર્ગ્રંથને બતાવવા માટે વ્યવહારભાષ્યમાં 'જિન' શબ્દથી જિનકલ્પી આદિનું ગ્રહણ કરેલ છે; કેમ કે જિનકલ્પી પણ વીતરાગ થયા નથી તેથી કષાયના ઉદયવાળા છે અને કષાયના ઉદયવાળા ક્ષપકશ્રેણીમાં વર્તતા પણ સાધુ કષાયકુશીલ કહેવાય છે. આ રીતે ગાથા-૧૮૫માં બકુશનિર્ગ્રંથ અને કુશીલનિર્ગ્રંથના પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

વળી, ગાથા-૧૮૬માં પાંચ નિર્ગ્રંથોમાંથી અવશિષ્ટ બે નિર્ગ્રંથોને કેટલાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે ? તેનું વિધાન છે.

નિર્ગ્રંથનિર્ગ્રંથ, ક્ષપકનિર્ગ્રંથ અને ઉપશામકનિર્ગ્રંથ એમ બે પ્રકારના છે. અર્થાત્ જેમણે બધા કષાયોની ક્ષપણા કરી છે તે ક્ષપકનિર્ગ્રંથ છે, અને જેમણે બધા કષાયોનો ઉપશમ કર્યો છે તે ઉપશામકનિર્ગ્રંથ છે, અને તેઓને આલોચના અને વિવેક એમ બે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. ક્ષપકનિર્ગ્રંથ અને ઉપશામકનિર્ગ્રંથ છદ્મસ્થ અવસ્થામાં છે, અને છદ્મસ્થને ચારે મનોયોગ અને ચારે વચનયોગ હોય છે. તેથી છદ્મસ્થ અવસ્થાને કારણે મૃષાભાષા બોલાઈ હોય તેને આશ્રયીને ૧૧મા ગુણસ્થાનકમાં રહેલા ઉપશામકનિર્ગ્રંથને અને ૧૨મા ગુણસ્થાનકમાં રહેલા ક્ષપકનિર્ગ્રંથને આલોચના પ્રાયશ્ચિત્ત હોવું જોઈએ, અને અશુદ્ધ ભિક્ષા આદિનું ગ્રહણ થયેલું હોય તેને આશ્રયીને તે ભિક્ષાને પરઠવવારૂપ વિવેકપ્રાયશ્ચિત્ત તેમને પ્રાપ્ત થતું હોવું જોઈએ; કેમ કે ઉપદેશ આપતા આપતા શ્રેણી માંડેલી હોય તેવા સાધકને ૧૧મા કે ૧૨મા ગુણસ્થાનકે આલોચનાની પ્રાપ્તિ છે અને આહાર લાવતા લાવતા કે વાપરતા વાપરતા શ્રેણી પામેલા સાધકને ૧૧મા કે ૧૨મા ગુણસ્થાનકે વિવેક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે; તેથી નિર્ગ્રંથનિર્ગ્રંથને બે પ્રાયશ્ચિત્ત કહેલ છે.

વળી સ્નાતકનિર્ગ્રંથ એ સયોગીકેવલી અને અયોગીકેવલી છે, અને સયોગીકેવલીને કોઈએ ભિક્ષા લાવી આપેલ હોય અને શ્રુતની મર્યાદાથી તે ભિક્ષા અશુદ્ધ હોય તો કેવલી તે ભિક્ષા ગ્રહણ કરે નહિ, ત્યારે તે ભિક્ષાને પરઠવવારૂપ વિવેક નામનું એક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, તેમ કહેલ છે.

સામાયિકચારિત્ર મધ્યના બાવીશ તીર્થંકરના સાધુને હોય છે, અને પ્રથમ અને ચરમતીર્થંકરોના શાસનમાં વડીદીક્ષા પૂર્વે સામાયિકચારિત્ર હોય છે, અને તે સામાયિકચારિત્રમાં આઠ પ્રકારનું પ્રાયશ્ચિત્ત હોય છે, છેદ અને મૂળ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે મધ્યના બાવીશ તીર્થંકરના સાધુઓ સામાયિકચારિત્રવાળા છે, અને તેઓને છેદ અને મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી. માટે પ્રથમ અને ચરમતીર્થંકરના સાધુઓને જે સ્થાનમાં છેદ અને મૂળ પ્રાયશ્ચિત્ત આવે છે, તે સ્થાનના અપરાધનું મધ્યના બાવીશ તીર્થંકરના સાધુઓને અનવસ્થાપ્ય કે પારાંચિત પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોવું જોઈએ; કેમ કે મધ્યના બાવીશ તીર્થંકરના સાધુઓ પ્રાજ્ઞ છે, છતાં તેઓ અપરાધ કરે તો છેદ અને મૂળને બદલે પાછળનાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતાં હોવાં જોઈએ. તત્ત્વ બહુશ્રુત વિચારે.

વળી સામાયિકચારિત્રમાં રહેલા બકુશ અને પ્રતિસેવક સિવાયના જે કષાયકુશીલ છે તેઓ જિન છે અર્થાત્ જિનકલ્પી છે, અને તેઓને આશ્રયીને તપ સુધી છ પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે 'ગાથા-૧૮૫માં બતાવેલા જિનોને છેલ્લાં બે પ્રાયશ્ચિત્ત નથી, પરંતુ મૂળ સુધી આઠ પ્રાયશ્ચિત્ત છે, અને સામાયિકચારિત્રમાં છેદ અને મૂળ એ બે પ્રાયશ્ચિત્ત નથી, તેથી સામાયિકચારિત્રમાં રહેલા એવા જિનોને છેલ્લાં ચાર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થઈ શકતાં નથી.

ગાથા-૧૮૫માં કહેલ કે બકુશ અને પ્રતિસેવકને સર્વ પ્રાયશ્ચિત્ત હોય છે, અને ગાથા-૧૮૭માં કહેલ કે સામાયિકમાં છેલ્લાં બે પ્રાયશ્ચિત્ત નથી, તેથી સામાયિકચારિત્રવાળાથી અતિરિક્ત છેદોપસ્થાપનીય ચારિત્રવાળાને સર્વ પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે; અને ગાથા-૧૮૫માં સામાન્યથી જિનોને આઠ પ્રાયશ્ચિત્ત છે, તે જ આઠ પ્રાયશ્ચિત્તો છેદોપસ્થાપનીય ચારિત્રવાળા જિનોને આશ્રયીને પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવકનિર્ગ્રંથથી અતિરિક્ત કષાયકુશીલ નિર્ગ્રંથો છે, અને તેઓ સંયમમાં સંપન્ન થાય છે ત્યારે જિનકલ્પાદિ સ્વીકારે છે. તેવા જિનકલ્પાદિ સ્વીકારનારા નિર્ગ્રંથો મધ્યના બાવીશ તીર્થંકરના કાળમાં સામાયિકચારિત્રવાળા હોવાથી તેઓને છ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે, અને પહેલા અને છેલ્લા તીર્થંકરના કાળમાં તે જિનકલ્પી આદિ છેદોપસ્થાપનીયચારિત્રવાળા હોવાથી તેઓને આઠ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

પરિહારવિશુદ્ધિચારિત્રમાં છેલ્લાં બે પ્રાયશ્ચિત્તને છોડીને આઠ પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે, અને પરિહારવિશુદ્ધિચારિત્રમાં રહેલા જિનોને વળી છેદાદિ ચારને છોડીને છ પ્રાયશ્ચિત્ત હોય છે.

ગાથા-૧૮૪થી ૧૮૬ સુધી પાંચ નિર્ગ્રંથોમાં કેટલા પ્રકારનાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે ? તે બતાવ્યું, અને ગાથા-૧૮૭થી ૧૮૯ સુધી સામાયિકચારિત્ર આદિ પાંચ ચારિત્રમાંથી સામાયિકચારિત્ર આદિ ત્રણ ચારિત્રોમાં કેટલાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે તે બતાવ્યું, પરંતુ સૂક્ષ્મસંપરાયચારિત્ર અને યથાખ્યાત ચારિત્રમાં કેટલાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું નથી. તેનું કારણ એ જણાય છે કે 'પાંચ નિર્ગ્રંથમાંથી નિર્ગ્રંથનિર્ગ્રંથમાં આલોચના અને વિવેક બે પ્રાયશ્ચિત્ત બતાવ્યાં તે બે પ્રાયશ્ચિત્ત જ સૂક્ષ્મસંપરાયચારિત્રવાળા અને યથાખ્યાતચારિત્રવાળાને પ્રાપ્ત થાય છે; અને નિર્ગંથનિર્ગ્રંથ ક્ષપકશ્રેણીમાં કે ઉપશમશ્રેણીમાં ચડેલા હોય ત્યારે સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા છે, અને જ્યારે વીતરાગ થાય છે ત્યારે તે નિર્ગ્રંથનિર્ગ્રંથ જ યથાખ્યાત ચારિત્રવાળા છે, અને તેઓને આશ્રયીને બે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ગાથા-૧૮૬માં બતાવેલ હોવાથી પૃથક્ બતાવેલ નથી. જોકે નિર્ગ્રંથનિર્ગ્રંથ અગિયારમા, બારમા ગુણસ્થાનકમાં હોય છે, અને તેરમા, ચૌદમા ગુણસ્થાનકમાં સ્નાતક હોય છે. તે પ્રમાણે સૂક્ષ્મસંપરાયવાળા કષાયકુશીલમાં અંતર્ભાવ પામે, નિર્ગ્રંથનિર્ગ્રંથમાં અંતર્ભાવ પામે નહિ, તોપણ ઉપશમશ્રેણીવાળા અને ક્ષપકશ્રેણીવાળા દશમા ગુણસ્થાનકમાં હોય ત્યારે 'કડેમાણે કડે' એ ન્યાયથી નિર્ગ્રંથનિર્ગ્રંથમાં અંતર્ભાવ કરી શકાય, અને નિર્ગ્રંથનિર્ગ્રંથને જે બે પ્રાયશ્ચિત્ત આવે છે તે બે પ્રાયશ્ચિત્ત જ સૂક્ષ્મસંપરાયચારિત્રવાળા અને યથાખ્યાતચારિત્રવાળાને છે, તેથી પૃથગ્ વિવક્ષા કરેલ નથી.' **॥૧૮૩ થી ૧૮૯॥**

અવતરણિકા :-

ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં માસાદિ પ્રાયશ્ચિત્ત નથી, તેથી પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે. તેનું નિરાકરણ કરતાં ગાથા-૧૮૨માં પ્રાયશ્ચિત્તની સત્તા બતાવી, અને ગાથા-૧૮૩થી ૧૮૯ સુધી કયું પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન થયું છે ? અને કોને કયું પ્રાયશ્ચિત્ત આવે છે ? તે બતાવ્યું. હવે શાસ્ત્રવચનના બળથી પણ વર્તમાનમાં પ્રાયશ્ચિત્તની સત્તા છે, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

जा तित्थं अणुवित्ती, दुण्ह णियंठाण संजयाणं च ।
चउरो गुरुआ मासा, ता पच्छित्तस्स निन्हवणे ।।१९०।।

અન્વયાર્થ :-

जा=જ્યાં સુધી, तित्थं=તીર્થ છે, दुण्ह णियंठाण संजयाणं च अणुवित्ती=બે નિર્ગ્રંથો અને સંયતોની અનુવૃત્તિ છે, ता=ત્યાં સુધી, पच्छित्तस्स निन्हवणे=પ્રાયશ્ચિત્તના નિહ્નવમાં, चउरो गुरुआ मासा=ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. ।।૧૯૦।।

ગાથાર્થ :-

જ્યાં સુધી તીર્થ છે, બે નિર્ગ્રંથો અને સંયતોની અનુવૃત્તિ છે, ત્યાં સુધી પ્રાયશ્ચિત્તના નિહ્નવમાં ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. ।।૧૯૦।।

ટીકા :-

'जा तित्थं'ति। यावत्तीर्थमनुवृत्तिः द्वयोर्निर्ग्रन्थयोः बकुशकुशीलयोः संयतयोश्च इत्वरसामायिकच्छेदोपस्थापनिकयोः तावत् प्रायश्चित्तस्य निह्नवे=नास्ति प्रायश्चित्तमिदानीं ददतां कुर्वतां चाभावादित्यपलापे, चत्वारो गुरुका मासाः प्रायश्चित्तं भवति, तदुक्तम् –

"दोसु अ वुच्छिन्नेसुं, अट्ठविहं दिंतया करिंता य ।
न वि केई दीसंती, वयमाणे भारिआ चउरो" ।।१।। **त्ति ।।१९०।।**

ટીકાર્થ :-

यावत्तीर्थमनुवृत्तिः ..... चउरो" ।। त्ति ।। જ્યાં સુધી તીર્થ છે અને બકુશ-કુશીલરૂપ બે નિર્ગ્રંથોની અને ઇત્વરસામાયિકવાળા અને છેદોપસ્થાનીયવાળા સંયતોની અનુવૃત્તિ છે, ત્યાં સુધી પ્રાયશ્ચિત્તના નિહ્નવમાં=હમણાં પ્રાયશ્ચિત્ત નથી; કેમ કે પ્રાયશ્ચિત્ત આપનારા અને કરનારાનો અભાવ છે, એ પ્રકારના ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કરેલા અપલાપમાં, ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, તે કહેવાયું છે=ગાથા-૧૯૦માં જે કહેવાયું છે તે વ્યવહારભાષ્યમાં કહેવાયું છે –

અને બે વિચ્છિન્ન થયે છતે=પ્રથમ સંઘયણ અને ચૌદપૂર્વી વિચ્છિન્ન થયે છતે, આઠ પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે, આપતા અને કરતા કોઈપણ દેખાતા નથી, એ પ્રમાણે બોલતાને ચાર ભારિઆ=ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. **'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૧૯૦।।**

ભાવાર્થ :-

વીર ભગવાનનું તીર્થ દુપ્પસહસૂરિ સુધી રહેશે અને ત્યાં સુધી બકુશ અને કુશીલ બે નિર્ગ્રંથો રહેશે, અન્ય નિર્ગ્રંથનો વિચ્છેદ છે; અને પાંચ ચારિત્રીમાંથી ઇત્વરસામાયિક ચારિત્રવાળા અને છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંયતો રહેશે, અન્ય ચારિત્રીનો વિચ્છેદ છે; અને ત્યાં સુધી કોઈ એમ કહે કે વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત નથી અર્થાત્ ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહેલ કે હમણાં પ્રાયશ્ચિત્તને આપનારાનો અને કરનારાનો અભાવ છે, એ

પ્રકારે પ્રાયશ્ચિત્તનો અપલાપ કરનારને ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે. તેથી 'વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત નથી' એ પ્રકારનું વચન મૃષાવાદ છે. માટે જ એ પ્રકારે બોલનારને શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત આપેલ છે. તેથી નક્કી થાય છે કે વર્તમાનમાં પ્રાયશ્ચિત્તની સત્તા છે. તેથી પૂર્વપક્ષી જે કહે છે કે 'વર્તમાનમાં પ્રાયશ્ચિત્તની સત્તા નથી, માટે ચારિત્રની શુદ્ધિ નથી, આથી ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો ઉચિત છે' એ પ્રમાણે તેનું વચન મિથ્યા છે. **॥૧૯૦॥**

અવતરણિકા :-

प्रायश्चित्तं ददतां कुर्वतां च प्रत्यक्षदर्शनमुपपादयति –

અવતરણિકાર્થ :-

પ્રાયશ્ચિત્ત આપનારના અને કરનારના પ્રત્યક્ષદર્શનનું ઉપપાદન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં માસાદિ પ્રાયશ્ચિત્ત આપતા અને કરતા કોઈ દેખાતા નથી, માટે વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે. તેનું નિરાકરણ કરીને, વર્તમાનમાં પૂર્વના જેવું માસાદિ પ્રાયશ્ચિત્ત નહિ હોવા છતાં વર્તમાનકાળને અનુરૂપ યતનાપૂર્વકનું પ્રાયશ્ચિત્ત કરનારાઓનું અને આપનારાઓનું પ્રત્યક્ષ દર્શન છે, તેમ ગાથામાં ઉપપાદન કરે છે.

ગાથા :-

दिंति करिंति य एयं, णवरि उवाएण एत्थ दिट्ठंतो ।
धणिअस्स धारगस्स य, संते विभवे असंते य ।।१९१।।

અન્વયાર્થ :-

(વર્તમાનમાં પણ) णवरि=ફક્ત, उवाएण=ઉપાયથી=યથાશક્તિ યતનાથી, एयं=આને=પ્રાયશ્ચિત્તને, दिंति=આપે છે, य=અને, करिंति=કરે છે, एत्थ=અહીં=પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વર્તમાનનું કરાતું અને અપાતું પ્રાયશ્ચિત્ત યથાશક્તિ યતનાને કારણે અલ્પ છે એમાં, संते विभवे असंते य=વૈભવ હોતે છતે અને નહિ હોતે છતે=ધારકનો વૈભવ હોતે છતે અને નહિ હોતે છતે, धणिअस्स धारगस्स य दिट्ठंतो= ધનિકનું અને ધારકનું દૃષ્ટાંત છે. ॥૧૯૧॥

ગાથાર્થ :-

વર્તમાનમાં પણ ફક્ત યથાશક્તિ યતનાથી પ્રાયશ્ચિત્તને આપે છે અને કરે છે. પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વર્તમાનનું કરાતું અને અપાતું પ્રાયશ્ચિત્ત યથાશક્તિ યતનાને કારણે અલ્પ છે, એમાં ધારકનો વૈભવ હોતે છતે અને નહિ હોતે છતે, ધનિકનું અને ધારકનું દૃષ્ટાંત છે. ॥૧૯૧॥

ટીકા :-

'दिंति'त्ति । ददति कुर्वन्ति च एतत्=प्रायश्चित्तं, सम्प्रत्यपि, नवरं=केवलं, उपायेन=वक्ष्यमाणया यथाशक्तियतनया, ततः प्राग्वन्न दृश्यत इति भावः । अत्र धनिकस्य धारकस्य च दृष्टान्तो भावनीयः सति विभवेऽसति च ।।१९१।।

ટીકાર્થ :-

ददति ..... विभवेऽसति च ।। વર્તમાનમાં પણ ફક્ત ઉપાયથી=આગળ કહેવાશે એ પ્રકારની યથાશક્તિ યતનાથી, આને=પ્રાયશ્ચિત્તને, આપે છે અને કરે છે. તેથી પૂર્વના જેવું=પૂર્વમાં માસ-ચાતુર્માસ પ્રાયશ્ચિત્તો અપાતાં હતાં તેના જેવું, દેખાતું નથી એ પ્રકારનો ભાવ છે. અહીં=પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વર્તમાનનું કરાતું અને અપાતું પ્રાયશ્ચિત્ત યથાશક્તિ યતનાને કારણે અલ્પ છે એમાં, વૈભવ હોતે છતે અને નહિ હોતે છતે=ધારકનો વૈભવ હોતે છતે અને નહિ હોતે છતે, ધનિકનું=ઉછીના પૈસા આપનારનું, અને ધારકનું=ઉછીના પૈસા લેનારનું, દૃષ્ટાંત ભાવન કરવું. ।।૧૯૧।।

'संप्रत्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વમાં તો પ્રાયશ્ચિત્ત આપનારા અને કરનારા હતા, પરંતુ વર્તમાનમાં પણ ઉપાયથી પ્રાયશ્ચિત્તને આપનારા અને કરનારા છે.

ભાવાર્થ :-

ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહ્યું કે 'વર્તમાનમાં મહિનાના ઉપવાસ, ચાર મહિનાના ઉપવાસ આદિ પ્રાયશ્ચિત્તો કોઈ આપતા દેખાતા નથી અને કોઈ કરતા દેખાતા નથી, માત્ર તે તે પ્રકારનાં પ્રાયશ્ચિત્તો આપવાનું વિધાન શાસ્ત્રમાં મળે છે. તેથી વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે, અને વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન હોવાને કારણે ચારિત્રની શુદ્ધિ નથી. માટે ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો ઉચિત છે,' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વર્તમાનમાં સુવિહિત સાધુઓ યથાશક્તિ યતનાથી પ્રાયશ્ચિત્તને આપે છે, અને આરાધક સાધુઓ તે પ્રમાણે પ્રાયશ્ચિત્તને કરે છે, અને પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વર્તમાનની શક્તિ અનુસાર અલ્પ પ્રાયશ્ચિત્ત હોવાને કારણે પૂર્વના જેવું માસાદિ પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં દેખાતું નથી, તોપણ પ્રાયશ્ચિત્તની સત્તા પ્રત્યક્ષથી દેખાય છે.

અહીં પ્રશ્ન થાય કે આગમમાં જે પ્રકારનું માસાદિ પ્રાયશ્ચિત્ત દેખાય છે, તેવું પ્રાયશ્ચિત્ત કોઈ આપતું ન હોય અને તેવું પ્રાયશ્ચિત્ત કોઈ કરતું ન હોય, તો દેખાતું પ્રાયશ્ચિત્ત ભગવાનના વચનાનુસાર છે, માટે શુદ્ધિનું કારણ છે, તેમ કેમ કહી શકાય ? તેથી તેમાં વૈભવવાળો અને વૈભવ વગરનો ધારક અને ધનિકનું દૃષ્ટાંત બતાવે છે, અને આ દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક ભાવ ગ્રંથકારશ્રી સ્વયં આગળ સ્પષ્ટ કરે છે. **॥૧૯૧॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=ધનિક અને ધારકના દૃષ્ટાંતને જ, ભાવન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૯૧માં કહ્યું કે પૂર્વના જેવું પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં નથી તોપણ યથાશક્તિ યતનાથી વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત દેખાય છે, તેમાં વૈભવવાળા અને વૈભવ વગરના ધારકનું અને ધનિકનું દૃષ્ટાંત છે. તે દૃષ્ટાંતને જ બે ગાથાથી ભાવન કરે છે.

ગાથા :-

सव्वं पि संतविभवो, तक्कालं मग्गिओ धणं देइ ।
जो पुण असंतविभवो, णिरविक्खो तत्थ फलवंझो ।।१९२।।

અન્વયાર્થ :-

संतविभवो मग्गिओ=સદ્વૈભવવાળો યાચના કરાયેલો ધારક, सव्वं पि धणं=સર્વ પણ ધન, तक्कालं=તત્કાલ, देइ=આપે છે, पुण=વળી, जो असंतविभवो=જે અસદ્ વૈભવવાળો ધારક છે, तत्थ=તેમાં=અસદ્વૈભવવાળા ધારકમાં, णिरविक्खो=નિરપેક્ષ=કર્કશ આગ્રહથી ધનનો ગ્રહિતા, फलवंझो=ફલવંધ્ય છે. ।।૧૯૨।।

ગાથાર્થ :-

સદ્વૈભવવાળો યાચના કરાયેલો ધારક સર્વ પણ ધન તત્કાલ આપે છે. વળી જે અસદ્ વૈભવવાળો ધારક છે, તેમાં કર્કશ આગ્રહથી ધનનો ગ્રહિતા ફલવંધ્ય છે. ।।૧૯૨।।

ટીકા :-

'सव्वं पि'त्ति। सद्विभवो धारकः सर्वमपि धनं धनिकेनं दत्तं मार्गितः=याचितः सन्, तत्कालं दत्ते, यः पुनरसद्विभवो, धारकस्तत्र निरपेक्षः=कर्कशग्रहेण धनस्य ग्रहीता, फलवन्ध्यः=धनप्राप्ति-लक्षणफलशून्यो, भवति ।।१९२।।

ટીકાર્થ :-

सद्विभवो ..... भवति ।। સદ્વૈભવવાળો ધારક ધનિક વડે અપાયેલા સર્વ પણ ધનને યાચના કરાયેલો છતો તત્કાલ આપે છે. વળી જે અસદ્વૈભવવાળો ધારક છે તેમાં=અસદ્વૈભવવાળા ધારકમાં, નિરપેક્ષ=કર્કશ આગ્રહથી ધનને ગ્રહણ કરનાર, ફલવંધ્ય છે=ધનની પ્રાપ્તિસ્વરૂપ ફળથી શૂન્ય છે. ।।૧૯૨।।

અવતરણિકા :-

यतः –

અવતરણિકાર્થ :-

જે કારણથી=ગાથા-૧૯૨માં કહ્યું કે નિરપેક્ષ ધનિક ફલવંધ્ય છે, કેમ ફલવંધ્ય છે ? તેમાં હેતુ બતાવતાં કહે છે જે કારણથી –

ગાથા :-

णासेइ किलेसेणं, धणमप्पाणं च धारगं चेव ।
जो पुण सहेइ कालं, साविक्खो रक्खई सव्वं ।।१९३।।

અન્વયાર્થ :-

(यतः) किलेसेणं=ક્લેશથી, धणमप्पाणं धारगं च=ધનનો, આત્માનો અને ધારકનો, णासेइ चेव=નાશ જ કરે છે, ('ततः निरपेक्षो तत्थ फलवंझो' એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.) पुण=વળી, जो=જે=જે ધનિક, कालं=કાળને, सहेइ=સહન કરે છે=કાળક્ષેપ કરે છે, साविक्खो=સાપેક્ષ એવો તે, सव्वं=સર્વનું=પોતાનું, પોતાના ધનનું અને ધારકનું, रक्खई=રક્ષણ કરે છે. ।।૧૯૩।।

ગાથાર્થ :-

(यतः) ક્લેશથી ધનનો, આત્માનો અને ધારકનો નાશ જ કરે છે. ('ततः निरपेक्षो तत्थ फलवंझो' એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.) વળી જે ધનિક કાળક્ષેપ કરે છે, સાપેક્ષ એવો તે સર્વનું રક્ષણ કરે છે. ।।૧૯૩।।

ટીકા :-

'णासेइ'त्ति। क्लेशेनासद्विभवस्य धारकस्य पादौ गृहीत्वाऽऽत्मीयपादेन सह बद्ध्वा पतनादिलक्षणेन धनमात्मानं धारकं च नाशयेत्, क्लेशवशेनात्मनः परस्य वा व्यपरोपणसम्भवात् । यः पुनः कालं सहते सः सापेक्षः उपायेन ग्रहणप्रवणः सर्वं रक्षयति, धनिकानुमत्या धारकेन प्रतिमासं किञ्चिद् वृद्ध्या धनधारणे तद्गृह एव कर्मकरणे चाल्पेन कालेन ऋणमुक्तेर्धारकस्य स्वस्य च सन्तोषाद्धनस्य चाक्षयत्वसिद्धेरिति ।।१९३।।

ટીકાર્થ :-

क्लेशेनासद्विभवस्य ..... चाक्षयत्वसिद्धेरिति ।। અસદ્વૈભવવાળા ધારકના બે પગને ગ્રહણ કરીને પોતાના પગની સાથે બાંધીને પતનાદિ લક્ષણ ક્લેશથી=કૂવા આદિમાં પાતાદિ સ્વરૂપ ક્લેશથી, ધનને, પોતાને અને ધારકને નાશ કરે=ધનિક નાશ કરે; કેમ કે ક્લેશ વડે પોતાના અથવા પરના મૃત્યુનો સંભવ છે. વળી જે=જે ધનિક, કાળને સહન કરે છે=અસદ્વૈભવવાળા ધારક પાસેથી ધન ગ્રહણ કરવામાં કાળક્ષેપ કરે છે, સાપેક્ષ એવો તે=ઉપાય દ્વારા ધનના ગ્રહણમાં તત્પર એવો તે, સર્વનું=પોતાનું, પોતાના ધનનું અને ધારકનું, રક્ષણ કરે છે; કેમકે ધનિકની અનુમતિથી ધારક વડે પ્રતિમાસ કંઈક વૃદ્ધિથી ધન ધારણ કરાયે છતે=ધન પાછું અપાયે છતે, અને તેના ઘરમાં જ કાર્ય કરાયે છતે, અલ્પકાળથી ઋણમુક્તિ થવાને કારણે ધારકને અને પોતાને સંતોષ થાય છે, અને ધનના

અક્ષયત્વની સિદ્ધિ છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૩॥

❖ 'सर्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે સદ્વૈભવવાળો ધારક ધનિક વડે થોડું થોડું આપવાનું કહેવાયેલું હોય તો તે રીતે ધન આપે છે, પરંતુ સર્વ પણ ધન ધનિક વડે યાચના કરાયેલું હોય તો તત્કાળ આપે છે.

ભાવાર્થ :-

કોઈક ધનિક કોઈકને વ્યાજે પૈસા આપતો હોય અને તે વ્યાજે પૈસા લેનાર એવો ધારક વૈભવવાળો હોય તો પૈસા આપનાર ધનિક જ્યારે પૈસા માગે ત્યારે તત્કાળ તેને આપે છે. વળી જે પૈસા લેનાર ધારક વૈભવવાળો નથી, તેની પાસેથી પોતાનું ધન પાછું લેવા માટે જે ધનિક કર્કશ આગ્રહ કરે તે ધનિકને ધનની પ્રાપ્તિ થતી નથી. કેમ થતી નથી ? તે ગાથા-૧૯૩માં બતાવે છે –

જે ધનિક ધારક પાસેથી પોતાનું ધન પાછું માગે અને જો તે ધારક વૈભવવાળો ન હોય તો તેની સાથે બોલાચાલી કરે, અને જો તે ધનિક અતિ આવેશમાં આવી જાય તો તેને કહે કે 'જો તું મારું ધન નહિ આપે તો મારા પગ સાથે તારા પગ બાંધીને હું કૂવા આદિમાં પડીશ, પણ તને જીવતો નહિ છોડું, અને તે પ્રકારના આવેશના વશથી ધારકના પગને પોતાના પગ સાથે બાંધીને કૂવા આદિમાં પતન કરે તો ધનનો, પોતાનો અને ધારકનો નાશ કરે. માટે અસદ્વૈભવવાળા ધારક પાસેથી કર્કશ રીતે ધન લેવાનો આગ્રહ રાખનાર ધન પ્રાપ્ત કરી શકતો નથી. વળી ક્યારેક ક્લેશના વશથી ધારકને મારી નાખવા પ્રયત્ન કરે ત્યારે પોતાના પ્રાણનાશનો પણ સંભવ છે, તો ક્યારેક પર એવા ધારકના પ્રાણનાશનો પણ સંભવ છે. તેથી આ રીતે ધન ગ્રહણ કરવાના આગ્રહવાળાને ફળની પ્રાપ્તિ થતી નથી.

વળી જે ધનિક વિચારક છે અને તેથી અસદ્વૈભવવાળા ધારકને જાણીને કાળને સહન કરે છે અને ઉપાય દ્વારા તેની પાસેથી ધન ગ્રહણ કરવા પ્રયત્ન કરે, તો પોતાનું, પોતાના ધનનું અને ધારકનું રક્ષણ કરે છે. તે આ રીતે –

ધનિકની અનુમતિથી ધારક દરેક મહિને કંઈક કંઈક વૃદ્ધિથી ધન પાછું આપે અને ધનિકના ઘરે કાર્ય કરી આપે, તો અલ્પકાળથી ધારક ઋણમુક્ત થાય છે. તેથી ધારકને અને પોતાને સંતોષ થાય છે અને ધનિકને પોતાના ધનની પ્રાપ્તિ પણ થાય છે. **॥૧૯૨-૧૯૩॥**

અવતરણિકા :-

उपनयमाह –

અવતરણિકાર્થ :-

ઉપનયને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વના પ્રાયશ્ચિત્ત કરતાં વર્તમાનમાં યથાશક્તિ યતનાથી પ્રાયશ્ચિત્ત અપાય છે અને કરાય છે,

તેમાં સદ્-અસદ્વૈભવવાળા ધારક અને ધનિકનું દૃષ્ટાંત ગાથા-૧૯૨-૧૯૩માં બતાવ્યું. તેના ઉપનયને કહે છે –

ગાથા :-

संतविभवेहिँ तुल्ला, धिइसंघयणेहिँ जे उ संपन्ना ।
ते आवण्णा सव्वं, वहंति णिरणुग्गहं धीरा ।।१९४।।

અન્વયાર્થ :-

उ=વળી, जे=જેઓ, धिइसंघयणेहिँ संपन्ना=ધૃતિ અને સંઘયણ વડે સંપન્ન, संतविभवेहिँ तुल्ला=સદ્વૈભવવાળા ધારકતુલ્ય છે, તે धीरा=તે ધીર પુરુષો, आवण्णा सव्वं=પ્રાપ્ત સર્વ પ્રાયશ્ચિત્તને, णिरणुग्गहं=નિરનુગ્રહ, वहंति=વહન કરે છે. ।।૧૯૪।।

ગાથાર્થ :-

જેઓ ધૃતિ અને સંઘયણ વડે સંપન્ન સદ્વૈભવવાળા ધારકતુલ્ય છે, તે ધીર પુરુષો પ્રાપ્ત સર્વ પ્રાયશ્ચિત્તને નિરનુગ્રહ વહન કરે છે. ।।૧૯૪।।

ટીકા :-

'संतविभवेहिं'ति। ये धृतिसंहननाभ्यां संपन्नाः=युक्ताः, सद्विभवैस्तुल्यास्ते धीराः सर्वमापन्नप्रायश्चित्तं निरनुग्रहम्=अनुग्रहरहितं, वहन्ति ।।१९४।।

ટીકાર્થ :-

ये धृतिसंहननाभ्यां ..... वहन्ति ।। જેઓ ધૃતિ અને સંઘયણ વડે સંપન્ન=યુક્ત, સદ્વૈભવવાળા ધારકતુલ્ય છે, તે ધીર પુરુષો સર્વ પ્રાપ્ત પ્રાયશ્ચિત્તને નિરનુગ્રહ=અનુગ્રહ રહિત, વહન કરે છે. ।।૧૯૪।।

ગાથા :-

संघयणधितिविहीणा, असंतविभवेहिं होंति तुल्ला उ ।
णिरविक्खो जइ तेसिं, देइ ततो ते विणस्संति ।।१९५।।

અન્વયાર્થ :-

उ=વળી, संघयणधितिविहीणा=જેઓ સંઘયણ અને ધૃતિથી રહિત, असंतविभवेहिं तुल्ला=અસદ્વૈભવવાળા ધારકની તુલ્ય, होंति=છે, तेसिं=તેઓને, जइ=જો, णिरविक्खो देइ=નિરપેક્ષ આપે=પ્રાયશ્ચિત્ત લેનારની શક્તિ આદિની વિચારણા કરવામાં નિરપેક્ષ ગુરુ પ્રાયશ્ચિત્ત આપે, ततो=તો, ते=તેઓ=પ્રાયશ્ચિત્ત લેનારા, विणस्संति=વિનાશ પામે. ।।૧૯૫।।

ગાથાર્થ :-

વળી જેઓ સંઘયણ અને ધૃતિથી રહિત અસદ્વૈભવવાળા ધારકની તુલ્ય છે, તેઓને જો નિરપેક્ષ ગુરુ પ્રાયશ્ચિત્ત આપે તો તેઓ વિનાશ પામે. ।।૧૯૫।।

ટીકા :-

'संघयण'त्ति। ये पुनर्धृतिसंहननाभ्यां विहीनास्तेऽसद्विभवैस्तुल्याः, तेषां यदि निरपेक्षः सन्निरवशेषं प्रायश्चित्तं ददाति ततस्ते विनश्यन्ति, तथाहि – ते तत्प्रायश्चित्तं निरवशेषं वोढुमशक्नुवन्तस्तपसा कृशीकृता जीवितादपगच्छेयुः, यदि वा प्रायश्चित्तभग्ना लिङ्गविवेकं कृत्वा व्रजेयुरिति ।।१९५।।

ટીકાર્થ :-

ये पुनर्धृति ..... व्रजेयुरिति ।। વળી જેઓ ધૃતિ અને સંઘયણથી રહિત છે, તેઓ અસદ્વૈભવવાળા ધારકની તુલ્ય છે. તેઓને જો નિરપેક્ષ છતા=પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ નિરપેક્ષ છતા, નિરવશેષ પ્રાયશ્ચિત્ત આપે=પ્રાયશ્ચિત્ત લેનારની શક્તિ આદિનું સમાલોચન કર્યા વગર જે પ્રકારે તેનો અપરાધ છે તેને અનુરૂપ શાસ્ત્રવચનથી જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે, તો તેઓ=પ્રાયશ્ચિત્ત લેનારા, વિનાશ પામે. તે પ્રાયશ્ચિત્ત લેનારા કઈ રીતે વિનાશ પામે ? તે 'तथाहि'થી બતાવે છે –

નિરવશેષ એવા તે પ્રાયશ્ચિત્તને વહન કરવા માટે અસમર્થ એવા તેઓ તપ વડે કૃશ થયેલા મૃત્યુ પામે, અથવા પ્રાયશ્ચિત્તથી ભગ્ન થયેલા એવા તેઓ સાધુવેશને છોડીને ઘરે જાય.

'इति' શબ્દ 'तथाहि'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ।।૧૯૫।।

અવતરણિકા :-

तथा च –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=ગાથા-૧૯૫માં કહ્યું કે જો ગુરુ નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપે તો પ્રાયશ્ચિત્ત લેનારા વિનાશ પામે તે રીતે, શું થાય ? તે ગાથામાં બતાવે છે –

ગાથા :-

तेणं तित्थुच्छेओ, अणवत्थपसंगवारणाकुसलो ।
सावेक्खो पुण रक्खइ, चरणं गच्छं च तित्थं च ।।१९६।।

અન્વયાર્થ :-

तेणं=તેનાથી=નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપવાને કારણે પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓના વિનાશથી,

તિત્થુચ્છેઓ=તીર્થનો ઉચ્છેદ થાય, પુણ=વળી, સાવેક્ખો=સાપેક્ષ એવા ગુરુ, અણવત્થપસંગવારણાકુસલો= અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા, ચરણં ગચ્છં ચ તિત્થં ચ=ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું, રક્ખઇ=રક્ષણ કરે છે. ।।૧૯૬।।

ગાથાર્થ :-

નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપવાને કારણે પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓના વિનાશથી તીર્થનો ઉચ્છેદ થાય. વળી સાપેક્ષ એવા ગુરુ અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે. ।।૧૯૬।।

ટીકા :-

'तेणं'ति। तेन=प्रायश्चित्ताधिकारिणां साधूनां विनाशेन, आत्मन एकाकितया बालवृद्धग्लानादीनां चोपग्रहच्छेदादन्येषां चागन्तुकानामुत्साहभङ्गात्तीर्थोच्छेदः स्यात्, तेषामवधावितानां दीर्घकाल-संसाराहिण्डने निमित्तभावेनापि यत्पापं तदपि निरपेक्षस्य द्रष्टव्यम् । सापेक्षः पुनः उपायेनानवस्थाप्रसङ्गवारणाकुशलः सन् रक्षति चरणं च गच्छं च तीर्थं च ।।१९६।।

ટીકાર્થ :-

तेन=प्रायश्चित्ताधिकारिणां ..... तीर्थं च ।। તેનાથી=પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓના વિનાશથી, આત્માનું એકાકીપણું થવાથી=પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુનું એકાકીપણું થવાથી, અને બાલ-વૃદ્ધ-ગ્લાનાદિના ઉપગ્રહનો ઉચ્છેદ થવાથી, અને અન્ય એવા આગંતુક સાધુઓના ઉત્સાહનો ભંગ થવાથી તીર્થનો ઉચ્છેદ થાય. અવધાવિત એવા તેઓના=શક્તિથી અતિરિક્ત પ્રાયશ્ચિત્ત આપવાને કારણે ઘરે ગયેલા અથવા અધિક પ્રાયશ્ચિત્તને કારણે મૃત્યુને પામેલા એવા શિષ્યોના, દીર્ઘકાળ સંસારના પરિભ્રમણમાં નિમિત્તભાવને કારણે પણ=ગુરુના નિમિત્તભાવને કારણે પણ, જે પાપ છે, નિરપેક્ષ એવા ગુરુને તે પણ=તે પણ પાપ, જાણવું. વળી સાપેક્ષ=પ્રાયશ્ચિત્ત લેનારની શક્તિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપવામાં સાપેક્ષ એવા ગુરુ, ઉપાયથી=કુશલ પ્રયત્નથી, અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા=પ્રાયશ્ચિત્ત આપવા છતાં પ્રાયશ્ચિત્ત લેનારા સાધુ ફરી ફરી તે પ્રકારનાં પાપ કરે તો પાપની અનવસ્થા ચાલે તે પાપની અનવસ્થાના નિવારણમાં કુશલ છતા, ચારિત્રનું=પોતાના અને શિષ્યોના ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે. ।।૧૯૬।।

❖ 'निमित्तभावेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે જે ગુરુ શિષ્યોને નિરપેક્ષ રીતે પ્રાયશ્ચિત્ત આપે છે તે ગુરુ અસમંજસ પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિ કરે છે. તેનાથી તો પાપ પ્રાપ્ત થાય છે, પરંતુ શિષ્યોના સંસાર પરિભ્રમણમાં નિમિત્તભાવથી પણ પાપ પ્રાપ્ત થાય છે.

❖ 'तदपि'માં 'अपि'થી એ કહેવું છે કે અનુચિત પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિથી તો નિરપેક્ષ ગુરુને પાપ પ્રાપ્ત થાય છે, પરંતુ શિષ્યોના સંસાર પરિભ્રમણમાં નિમિત્તભાવથી જે પાપ થાય છે, તે પણ પાપ નિરપેક્ષ ગુરુને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :-

ગાથા-૧૯૨-૧૯૩માં દૃષ્ટાંત આપેલ કે કોઈક સદ્વૈભવવાળા ધારક હોય તેની પાસે ધનિક પોતાનું ધન માગે તો તે સદ્વૈભવવાળા ધારક તત્કાલ ધન આપે, તેની જેમ જે સાધુઓ ધૃતિ અને સંઘયણથી યુક્ત છે, તેઓ સદ્વૈભવવાળા ધારકતુલ્ય છે. તેથી તે ધીર સાધુઓ પોતાનાથી જે પાપ થયું હોય તે પાપનું ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તે સર્વ પ્રાયશ્ચિત્ત અનુગ્રહરહિત વહન કરે છે અર્થાત્ પોતાની શક્તિના અભાવને કારણે પ્રાયશ્ચિત્તની ન્યૂનતા આદિની અપેક્ષા રાખે તે પ્રકારના અનુગ્રહ વગર સર્વ પ્રાયશ્ચિત્તને વહન કરે છે.

વળી ગાથા-૧૯૨-૧૯૩માં કહેલ કે જે અસદ્વૈભવવાળા ધારક છે, તેની પાસેથી કર્કશ આગ્રહથી જે ધનિક ધન પાછું લેવા ધારકના પગ સાથે પોતાના પગ બાંધીને કૂવા આદિમાં પડે, તો તે ધનિક ધારકનો, પોતાનો અને ધનનો નાશ કરે છે. તેમ જે સાધુઓ ધૃતિ-સંઘયણ વગરના છે તેઓને જે ગુરુ નિરપેક્ષ રીતે પ્રાયશ્ચિત્ત આપે છે, તે ગુરુ તે શિષ્યોનો, પોતાનો અને તીર્થનો નાશ કરે છે અર્થાત્ ધનિક જેમ પોતાનો નાશ કરે છે તેમ ગુરુ પોતાનો નાશ કરે છે, ધનિક જેમ ધારકનો નાશ કરે છે તેમ ગુરુ શિષ્યનો નાશ કરે છે, અને ધનિક જેમ ધનનો નાશ કરે છે તેમ ગુરુ તીર્થનો નાશ કરે છે.

શિષ્યોનો વિનાશ કઈ રીતે કરે છે ? તે બતાવે છે –

શિષ્યો તે પ્રાયશ્ચિત્તને વહન કરવા સમર્થ નહિ હોવા છતાં તેવું પ્રાયશ્ચિત્ત ગુરુ આપે તો તપથી ક્ષીણ થયેલા શરીરવાળા તે શિષ્યો મૃત્યુ પામે, અથવા પ્રાયશ્ચિત્તના પાલનમાં ભગ્ન પરિણામવાળા થવાથી વેશને છોડીને ઘરે જાય. તેથી બંને રીતે તે શિષ્યો પ્રાપ્ત થયેલા મનુષ્યભવથી હિત સાધી શકતા નથી, પરંતુ કલ્યાણ માટે દીક્ષા ગ્રહણ કરેલ હોવા છતાં સંસારના પરિભ્રમણરૂપ અનર્થને પ્રાપ્ત કરે છે. તેથી જેમ ધનિક ધારકનો વિનાશ કરે છે, તેમ નિરપેક્ષ ગુરુ શિષ્યોનો વિનાશ કરે છે.

તીર્થનો વિનાશ કઈ રીતે કરે છે ? તે બતાવે છે –

પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓને નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપવાથી તે સાધુઓ તપથી મૃત્યુ પામે અથવા લિંગને છોડીને ઘરે જાય તો – (૧) ગુરુ એકાકી થાય છે, (૨) વળી પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓના વિનાશને કારણે તે સાધુઓથી પૂર્વમાં બાળ-વૃદ્ધ-ગ્લાનાદિનો જે ઉપગ્રહ થતો હતો તેનો ઉચ્છેદ થાય છે, (૩) વળી સંસારથી સંવેગ પામીને દીક્ષા માટે અભિમુખ થયેલા આગંતુક મુમુક્ષુઓ ગુરુને નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપતા જોઈને સંયમ પ્રત્યેના ઉત્સાહના ભંગવાળા થાય છે. આ ત્રણ અનર્થ થવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે અર્થાત્ તીર્થના અંગભૂત શ્રમણસંઘની અલ્પતા થવારૂપ તીર્થનો ઉચ્છેદ થાય છે. તેથી જેમ ધનિક કર્કશ આગ્રહથી ધન ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરે તો ધનની પ્રાપ્તિ થાય નહિ, પરંતુ ધનનો વિનાશ થાય છે, તેમ જે ગુરુ નિરપેક્ષ પ્રાયશ્ચિત્ત આપે તે ગુરુથી ધનસ્થાનીય તીર્થનો ઉચ્છેદ થાય છે.

ગુરુ પોતાનો વિનાશ કઈ રીતે કરે છે ? તે બતાવે છે –

જેમ ધનિક અતિ આવેશને વશ થઈને ધારક પૈસા ન આપી શકે તો તેના પગ સાથે પોતાના પગને બાંધીને પતનાદિ કરીને પોતાનો વિનાશ કરે છે, તેમ જે ગુરુ પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓને નિરપેક્ષ

રીતે પ્રાયશ્ચિત્ત આપવા રૂપ અનુચિત પ્રવૃત્તિ કરે છે, તેથી પોતાના ચારિત્રનો વિનાશ કરે છે. વળી તે શિષ્યોના દીર્ઘ સંસારપરિભ્રમણમાં નિમિત્તભાવ થઈને પણ પોતાનો વિનાશ કરે છે.

વળી જે ગુરુ પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓને તેઓની શક્તિની અપેક્ષા રાખીને પ્રાયશ્ચિત્ત આપે છે, તેઓ ઉપાય દ્વારા અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા અર્થાત્ શિષ્યોએ જે પાપ કર્યું છે, તે પાપ ફરી ફરી શિષ્યો સેવે તો અનવસ્થા થાય, તે અનવસ્થાના પ્રસંગના વારણમાં કુશલ છતા, ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે.

આશય એ છે કે કોઈ શિષ્યએ કોઈ પાપ કરેલું હોય અને તે પાપ જે ભાવથી થયું હોય તેનાથી વિરુદ્ધ એવો સંવેગનો પરિણામ થાય તો તે સંવેગના પરિણામથી તે થયેલું પાપ નાશ પામે છે, પરંતુ માત્ર બાહ્ય આચરણાત્મક તપાદિ કરવાથી તે પાપ નાશ પામતું નથી; અને જે ગુરુ પ્રાયશ્ચિત્ત આપવામાં કુશળ છે, તે ગુરુ શિષ્યોને કરેલા પાપ પ્રત્યેનો જુગુપ્સાભાવ થાય તે રીતે આલોચના કરાવવા દ્વારા સંવેગ ઉત્પન્ન કરાવે છે, અને તે સંવેગને જ અતિશય કરવા માટે જે ઉચિત પ્રાયશ્ચિત્ત છે તે આપે છે, જેથી તે પ્રાયશ્ચિત્તનું સેવન કરીને તે આરાધક શિષ્યો સંવેગના અતિશયવાળા થયેલા હોવાથી ફરી ફરી તે પાપ કરતા નથી, તેથી સાપેક્ષ એવા ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તથી શિષ્યોના ચારિત્રનું રક્ષણ થાય છે; કેમ કે પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયેલા એવા તેઓ શુદ્ધ ચારિત્રને વહન કરે છે. વળી ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને ઉચિત પ્રવૃત્તિ કરનારા ગુરુ પણ પોતાના ચારિત્રની શુદ્ધિ કરે છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિથી જ ચારિત્રની શુદ્ધિ થાય છે, તેથી ગુરુ પોતાના ચારિત્રનું પણ રક્ષણ કરે છે. વળી પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુઓને ઉચિત પ્રાયશ્ચિત્ત આપવાથી રક્ષિત થયેલા એવા તે સાધુઓ દ્વારા ગચ્છમાં રહેલા બાળ-વૃદ્ધ-ગ્લાનાદિનો ઉપગ્રહ થાય છે, તેથી ગચ્છનું રક્ષણ થાય છે. વળી ઉચિત પ્રાયશ્ચિત્ત આપવાની ગુરુની પ્રવૃત્તિ જોઈને આગંતુક મુમુક્ષુઓના ઉત્સાહનો ભંગ થતો નથી, તેથી તેઓ સંયમને ગ્રહણ કરે છે, અને તેથી તીર્થની વૃદ્ધિ થાય છે. આ રીતે સમુદાયમાં રહેલા સર્વના સંયમનું પાલન થાય છે, તેથી તીર્થનું રક્ષણ થાય છે.

અહીં ટીકામાં કહ્યું કે સાપેક્ષ ગુરુ ઉપાયથી અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે. ત્યાં ઉપાય શું છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૧૯૬॥**

અવતરણિકા :-

ઉપાયમેવાહ –

અવતરણિકાર્થ :-

ઉપાયને જ કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૯૬માં કહ્યું કે સાપેક્ષ ગુરુ ઉપાયથી અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા ચારિત્ર, ગચ્છ અને તીર્થની રક્ષા કરે છે. તેથી અનવસ્થાપ્રસંગના વારણનો ઉપાય શું છે ? તેને જ બતાવે છે –

ગાથા :-

કલ્લાણગમાવન્ને, અતરંત જહક્કમેણ કાઉં જે ।
દસ કારેંતિ ચઉત્થે, તદ્દુગુણાયંબિલતવે વા ।।૧૯૭।।

અન્વયાર્થ :-

કલ્લાણગમાવન્ને=પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તને પામેલા, જહક્કમેણ=યથાક્રમથી, કાઉં અતરંત=કરવા માટે અસમર્થ એવા શિષ્યોને, જે=જેઓ, દસ ચઉત્થે=દશ ચતુર્થ, વા=અથવા, તદ્દુગુણાયંબિલતવે કારેંતિ=તેનાથી દ્વિગુણા આયંબિલ તપ કરાવે છે=દશ ચતુર્થથી દ્વિગુણા વીસ આયંબિલ તપ કરાવે છે. ।।૧૯૭।।

ગાથાર્થ :-

પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તને પામેલા યથાક્રમથી કરવા માટે અસમર્થ એવા શિષ્યોને જેઓ દશચતુર્થ અથવા તેનાથી દ્વિગુણા વીસ આયંબિલ તપ કરાવે છે, તેઓ ઉપાય દ્વારા અનવસ્થા-પ્રસંગના વારણમાં કુશલ છતા ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે, એમ 'જે'નો પૂર્વગાથા સાથે સંબંધ છે. ।।૧૯૭।।

ટીકા :-

'कल्लाणगं' इत्यादि। पञ्चाभक्तार्थाः पञ्चाचाम्लानि पञ्चैकाशनकानि पञ्च पूर्वार्द्धानि पञ्च निर्विकृतिकानि, एतत्पञ्चकल्याणकम् तज्जयेष्ठापन्नान्यथाक्रमेण च कर्त्तुमशक्नुवतस्तान् दश चतुर्थान्कारयन्ति, तथाप्यशक्नुवतस्तद्द्विगुणाचाम्लान् तपः कारयन्ति, विंशतिमाचाम्लानि कारयन्तीत्यर्थः ।।१९७।।

ટીકાર્થ :-

पञ्चाभक्तार्थाः ..... कारयन्तीत्यर्थः ।। પાંચ ઉપવાસ, પાંચ આંબેલ, પાંચ એકાસણા, પાંચ પૂર્વાર્દ્ધ, પાંચ નિવિગઈઓ; આ પાંચ કલ્યાણક પ્રાયશ્ચિત્ત છે. તે જ્યેષ્ઠને પામેલા=પંચકલ્યાણક રૂપ જ્યેષ્ઠ પ્રાયશ્ચિત્તને પામેલા, અને યથાક્રમથી કરવા માટે અસમર્થ એવા તેઓને=પ્રાયશ્ચિત્તને પામેલા શિષ્યોને, દશ ચતુર્થ કરાવે=પાંચ કલ્યાણકના પચીસ દિવસના તપના સ્થાને દશ ચતુર્થ કરાવે, તે રીતે પણ અસમર્થ શિષ્યને તેનાથી દ્વિગુણા આયંબિલ તપ કરાવે=વીસ આયંબિલ કરાવે. ।।૧૯૭।।

ગાથા :-

એક્કાસણપુરિમડ્ઢા, ણિવ્વિગઈ ચેવ બિગુણબિગુણાઓ ।
પત્તેયાસહુદાણં, કારિંતિ વ સન્નિગાસં તુ ।।૧૯૮।।

અન્વયાર્થ :-

એવ=એ રીતે=ગાથા-૧૯૭માં કહ્યું કે પંચકલ્યાણક ક્રમથી કરવા અસમર્થને દશ ઉપવાસાદિ કરાવે એ રીતે, એક્કાસણપુરિમઙ્ઢા ચ ણિવ્વિગઈ=એકાસણું, પુરિમઢ્ઢ અને નિવિગઈ, બિગુણબિગુણાઓ=દ્વિગુણ દ્વિગુણ, કારિંતિ=કરાવે, પત્તેયાસહુદાણં=પ્રત્યેકને કરવા માટે અસમર્થનું દાન કહેવાયું, વ=અથવા, સન્નિગાસં= સદૃશ કરાવે, 'તુ' પાદપૂર્તિ માટે છે. ॥૧૯૮॥

ગાથાર્થ :-

ગાથા-૧૯૭માં કહ્યું કે પંચકલ્યાણક ક્રમથી કરવા અસમર્થને દશ ઉપવાસાદિ કરાવે એ રીતે એકાસણું, પુરિમઢ્ઢ અને નિવિગઈ દ્વિગુણ દ્વિગુણ કરાવે, પ્રત્યેકને કરવા માટે અસમર્થનું દાન કહેવાયું અથવા સદૃશ કરાવે. ॥૧૯૮॥

ટીકા :-

'एक्कासण'त्ति। एवमेकाशनपूर्वार्द्धनिर्विकृतीर्द्विद्विगुणाः कारयन्ति, किमुक्तं भवति ? विंशत्याचामाम्लकरणाशक्तौ चत्वारिंशदेकाशनकानि कारयन्ति, तत्राप्यशक्तौ पूर्वार्द्धान्यशितिं कारयन्ति, तत्राप्यशक्तौ षष्टिशतं निर्विकृतीनां कारयन्ति, एतत्पञ्चसु कल्याणकेष्वेकैकं कल्याणकं प्रत्येकमविच्छित्य कर्त्तुं असहस्य=असमर्थस्य दानमुक्तम् अथवाऽयमन्यो विकल्पः–सन्निकाशं=सन्निभं, वा कारयन्ति, इयमत्र भावना– यत्पञ्चकल्याणकमापन्नं तन्मध्यादाद्यं द्वितीयं तृतीयं वा कल्याणकमेकतरं यथाक्रमेण वहति शेषमाचाम्लादिभिः प्रदेशयति ।।१९८।।

ટીકાર્થ :-

एवमेकाशन ..... प्रदेशयति ।। એ રીતે=પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં જે રીતે પંચકલ્યાણકને સ્થાને દશ ઉપવાસ કે વીશ આંબેલ બતાવ્યાં એ રીતે, એકાસણા, પૂર્વાર્દ્ધ અને નિવિગઈઓ દ્વિગુણ દ્વિગુણ કરાવે. શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –

વીશ આંબેલ કરવા માટે અસમર્થ હોતે છતે ચાલીસ એકાસણાં કરાવે. ત્યાં પણ=ચાલીસ એકાસણાં કરવામાં પણ, અસમર્થ હોતે છતે એંશી પૂર્વાર્દ્ધ કરાવે. ત્યાં પણ=એંશી પૂર્વાર્દ્ધ કરવામાં પણ, અસમર્થ હોતે છતે એકસો સાઈઠ નિવિગઈઓ કરાવે. આ પાંચ કલ્યાણકમાં એક એક કલ્યાણક પ્રત્યેક અવિચ્છિત્તિથી કરવા માટે અસમર્થનું દાન કહેવાયું અથવા આ બીજો વિકલ્પ છે; સન્નિકાશ=સદૃશ કરાવે, અહીં=સદૃશ તપના વિષયમાં, આ ભાવના છે –

જે પંચકલ્યાણક પ્રાપ્ત થયું, તેમાંથી પહેલું અથવા બીજું અથવા ત્રીજું કલ્યાણક કોઈપણ એકને યથાક્રમથી વહન કરે, શેષને આંબેલાદિથી આપે છે. ॥૧૯૮॥

अवतरणिका :-

पुनरन्यथाऽनुग्रहप्रकारमाह –

अवतरणिकार्थ :-

વળી બીજી રીતે અનુગ્રહના પ્રકારને કહે છે –

भावार्थ :-

ઉપાય દ્વારા અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ છતા ગુરુ ચારિત્રનું, ગચ્છનું અને તીર્થનું રક્ષણ કરે છે તેમ ગાથા-૧૯૬માં કહ્યું, અને તે અનવસ્થાપ્રસંગના વારણનો ઉપાય ગાથા-૧૯૭-૧૯૮માં બતાવ્યો, અને તેના દ્વારા ગુરુ પ્રાયશ્ચિત્ત લેનારને જે અનુગ્રહ કરે છે, તેના કરતાં બીજી રીતે અનુગ્રહનો પ્રકાર કહે છે.

गाथा :-

चउतिगदुगकल्लाणं, एगं कल्लाणगं च कारेंति ।
जं जो उत्तरति सुहं, तं तस्स तवं पभासिंति ।।१९९।।

अन्वयार्थ :-

चउतिगदुगकल्लाणं एगं कल्लाणगं च=ચાર કલ્યાણક, ત્રણ કલ્યાણક, બે કલ્યાણક અને એક કલ્યાણક, कारेंति=કરાવે છે, जो=જે=જે પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુ, जं सुहं उत्तरति=જે સુખપૂર્વક કરી શકે=જે તપ સુખપૂર્વક કરી શકે, तस्स=તેને, तं तवं=તે તપ, पभासिंति=કહે છે. ।।૧૯૯।।

श्लोकार्थ :-

ચાર કલ્યાણક, ત્રણ કલ્યાણક, બે કલ્યાણક અને એક કલ્યાણક કરાવે છે. જે પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુ જે તપ સુખપૂર્વક કરી શકે તેને તે તપ કહે છે. ।।૧૯૯।।

टीका :-

'चउ'त्ति। यदि वा पञ्चकल्याणकमुक्तस्वरूपं यथाक्रमेणाविच्छित्य कर्त्तुमशक्नुवन्तं चतुष्कल्याणकं कारयन्ति, तदपि कर्त्तुमशक्नुवन्तं त्रिकल्याणकम्, तथाप्यसमर्थतया द्विकल्याणकम्, तदपि कर्त्तुमशक्नुवन्तमेककल्याणकं कारयन्ति, किं बहुना ? यो यत्तपः कर्त्तुं शक्नोति तस्य तद्ददन्ति नाधिकम्, आबाधासम्भवात् । अथैकमपि कल्याणकं कर्त्तुं न शक्नोति तदा तस्यासमर्थस्य सर्वं झोषयित्वा एकमभक्तार्थं दीयते, अथवैकमाचाम्लं यदि वा एकमेकाशनकमथवैकं पूर्वार्द्धमथवा निर्विकृतिकं ददति, यदि च न किञ्चिद्दददति तदानवस्थाप्रसङ्गः ।।१९९।।

ટીકાર્થ :-

यदि वा ..... तदानवस्थाप्रसङ्गः ।। ગાથા-૧૯૭-૧૯૮ના વિકલ્પથી અન્ય પ્રકારના વિકલ્પને બતાવવા 'यदि वा'થી કહે છે –

ઉક્ત સ્વરૂપવાળા પંચકલ્યાણકને યથાક્રમ વડે અવિચ્છિત્તિથી કરવા માટે અસમર્થને ચાર કલ્યાણક કરાવે છે, તે પણ કરવા માટે અસમર્થને ત્રણ કલ્યાણક કરાવે છે, તે પ્રકારે પણ અસમર્થપણું હોવાથી બે કલ્યાણક કરાવે છે, તે પણ કરવા માટે અસમર્થને એક કલ્યાણક કરાવે છે, વધારે શું કહેવું ? જે શિષ્ય જે તપ કરવા માટે સમર્થ છે, તેને તે તપ કહે છે, અધિક નહિ; કેમ કે આબાધાનો સંભવ છે= શક્તિ કરતાં અધિક તપ કરાવે તો સંયમયોગમાં વ્યાઘાતનો સંભવ છે. હવે એક પણ કલ્યાણકને કરવા માટે કોઈક શિષ્ય સમર્થ નથી, ત્યારે અસમર્થ એવા તેને સર્વનો ત્યાગ કરાવીને=પ્રાપ્ત પ્રાયશ્ચિત્તમાંથી સર્વનો ત્યાગ કરાવીને, એક ઉપવાસ અપાય છે અથવા એક આંબેલ અપાય છે અથવા એક એકાસણું અથવા એક પૂર્વાર્દ્ધ અથવા એક નિવિગઈ આપે છે, અને જો કંઈ ન આપે તો અનવસ્થાનો પ્રસંગ છે=પાપ કર્યા પછી તે પાપની શુદ્ધિ માટે અસમર્થને કંઈ કરવાનું રહેતું નથી તેવી બુદ્ધિ થવાથી ફરી પાપ પ્રત્યે નિરપેક્ષ પરિણામ થઈ શકે તેથી પાપની અનવસ્થાનો પ્રસંગ છે. ।।૧૯૯।।

અવતરણિકા :-

एतदेव स्पष्टयति –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૧૯૯માં કહ્યું કે પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુને તેની શક્તિ ન હોય તો ગુરુ પ્રાયશ્ચિત્ત ન્યૂન કરીને પણ શક્તિ અનુસાર આપે છે, પરંતુ સર્વથા પ્રાયશ્ચિત્ત નથી આપતા એમ નહિ. એને જ, સ્પષ્ટ કરે છે –

ગાથા :-

एवं सदयं दिज्जति, जेणं सो संजमे थिरो होइ ।
ण य सव्वहा ण दिज्जति, अणवत्थपसंगदोसाओ ।।२००।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૧૯૯માં બતાવ્યું એ રીતે, सदयं=દયાસહિત પ્રાયશ્ચિત્ત, दिज्जति=અપાય છે, जेणं=જેનાથી, सो=તે=પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુ, संजमे=સંયમમાં, थिरो=સ્થિર, होइ=થાય છે, य=અને, सव्वहा ण दिज्जति ण=સર્વથા પ્રાયશ્ચિત્ત નથી અપાતું એમ નહિ, अणवत्थपसंगदोसाओ=કેમ કે અનવસ્થા-પ્રસંગનો દોષ છે. ।।૨૦૦।।

ગાથાર્થ :-

ગાથા-૧૯૯માં બતાવ્યું એ રીતે દયાસહિત પ્રાયશ્ચિત્ત અપાય છે, જેનાથી પ્રાયશ્ચિત્તના અધિકારી સાધુ સંયમમાં સ્થિર થાય છે; અને સર્વથા પ્રાયશ્ચિત્ત નથી અપાતું એમ નહિ; કેમ કે અનવસ્થાપ્રસંગનો દોષ છે. ।।૨૦૦।।

ટીકા :-

'एवं'ति। एवम्=अमुना प्रकारेण, सदयं=सानुकम्पं, दीयते प्रायश्चित्तं येन स संयमे स्थिरो भवति, न च सर्वथा न दीयते, अनवस्थाप्रसङ्गदोषात्। अत्र तिलस्तेनदृष्टान्तो भावनीयः, तथाहि-एको बालः स्नानं कृत्वा रममाणस्तिलराशौ निमग्नः, ततो बाल इति कृत्वा न केनचिद्वारितः, तिलाश्च शरीरे लग्नाः, ततोऽसौ सतिलो गृहमागतः, मात्रा तिला गृहीताः, ततस्तिललोभेन पुनः स्नपयित्वा माता दारकं प्रेषयति, ततः कालेन तिलस्तैन्यं कारयति, ततः स प्रसङ्गदोषेण स्तेनो जातो गृहीतश्च राजपुरुषैर्मारितश्च, मातुरपि स्तैन्यप्रसङ्गावारणदोषेण स्तनच्छेदः कृतः ।। द्वितीयो बालस्तथैव स्नात्वा रममाणस्तिलराशौ निमग्नः, सतिलो गृहमागतो मात्रा वारितः 'मा पुनरेवं कार्षीः' इति, तिलाश्च गृहीत्वा तिलराशौ प्रक्षिप्ताः, स दीर्घजीवी भोगान् भुङ्क्ते स्म, मातापि स्तनच्छेदादिदोषं न प्राप्ता ।। एवं गुरुशिष्या अप्यनिवारितदोषप्रसङ्गाः संसारसागरमुपयन्ति, विनिवृत्तप्रसङ्गाः पुनः संसारव्यवच्छेदं कुर्वन्तीति ।।२००।।

ટીકાર્થ :-

एवम्=अमुना ..... कुर्वन्तीति ।। આ પ્રકારે=ગાથા-૧૯૯માં બતાવ્યું એ પ્રકારે, અનુકંપાથી યુક્ત પ્રાયશ્ચિત્ત અપાય છે. જેનાથી તે=પ્રાયશ્ચિત્ત લેનાર સાધુ, સંયમમાં સ્થિર થાય છે; અને સર્વથા પ્રાયશ્ચિત્ત નથી અપાતું એમ નહિ; કેમ કે અનવસ્થાપ્રસંગનો દોષ છે. આમાં=અનવસ્થાદોષના પ્રસંગમાં અને અનવસ્થાદોષના પ્રસંગના વારણમાં, તલચોરનું દૃષ્ટાંત ભાવન કરવું, અને તે દૃષ્ટાંત 'तथाहि'થી બતાવે છે –

એક બાળક સ્નાન કરીને રમતો તલના ઢગલામાં પડ્યો, તેથી બાળક છે એથી કરીને કોઈ વડે વારણ કરાયો નહિ અને શરીર ઉપર તલ લાગ્યા. ત્યારપછી આ બાળક તલસહિત ઘરે આવ્યો. માતા વડે તલ ગ્રહણ કરાયા. ત્યારપછી તલના લોભથી ફરી સ્નાન કરાવીને માતા બાળકને મોકલે છે, ત્યારપછી કાળથી=કેટલાક કાળ સુધી, તલની ચોરી કરાવે છે, ત્યારપછી પ્રસંગદોષને કારણે=ફરી ફરી ચોરીના પ્રસંગદોષને કારણે, તે ચોર થયો અને રાજપુરુષો વડે ગ્રહણ કરાયો અને મારી નખાયો અને ચોરીના પ્રસંગના અવારણદોષને કારણે માતાના પણ સ્તનનો છેદ કરાયો.

બીજો બાળક તે રીતે જ સ્નાન કરીને રમતો તેલના ઢગલામાં પડ્યો, તલ સહિત ઘરે આવ્યો. 'ફરી આ પ્રમાણે કરીશ નહિ' એ પ્રમાણે માતા વડે વારણ કરાયો અને તલને ગ્રહણ કરીને તલના

ઢગલામાં નખાયા. દીર્ઘજીવી એવા તે બાળકે ભોગોને ભોગવ્યા, માતા પણ સ્તન છેદાદિ દોષને પામી નહિ. આ રીતે તલના પ્રથમ ચોરની જેમ અનિવારિત દોષપ્રસંગવાળા ગુરુ-શિષ્ય પણ=શિષ્યના થયેલા દોષોને સમ્યક્ પ્રાયશ્ચિત્ત દ્વારા નહિ શુદ્ધ કરનાર એવા ગુરુ-શિષ્ય પણ, સંસારસાગરને પ્રાપ્ત કરે છે. વળી વિનિવૃત્તપ્રસંગવાળા ગુરુ-શિષ્ય=તલના બીજા ચોરની જેમ શિષ્યના થયેલા પાપની પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરીને ફરી પાપના પ્રસંગના નિવારણને કરનારા એવા ગુરુ-શિષ્ય, સંસારના અંતને કરે છે. 'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ॥૨૦૦॥

ભાવાર્થ :-

જે ગુરુ સાપેક્ષ છે અને ઉપાય દ્વારા શિષ્યએ કરેલા અપરાધના અનવસ્થાપ્રસંગને વારણ કરવામાં કુશળ છે, તે ગુરુ કોઈ શિષ્યને કોઈ અપરાધ કર્યા પછી તેની શુદ્ધિ માટે તેને સંવેગ ઉત્પન્ન થાય તે પ્રકારે તેની શક્તિને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપે છે, જે પ્રાયશ્ચિત્તના સેવનથી શુદ્ધ થયેલા સાધુ ફરી ફરી તે પાપ ન થાય તેવી યતનાવાળા બને છે. આ પ્રકારનું ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને જે ગુરુ શિષ્યના સંયમની શુદ્ધિ કરે છે, તે ગુરુ-શિષ્ય સંયમનું સમ્યક્ પાલન કરીને સંસારના વ્યવચ્છેદને કરે છે.

વળી જે ગુરુ ઉપાય દ્વારા અનવસ્થાપ્રસંગના વારણમાં કુશલ નથી, તે ગુરુ શિષ્યને સંવેગ ઉત્પન્ન થાય તે પ્રકારે ઉચિત પ્રાયશ્ચિત્ત આપતા નથી, પરંતુ શિષ્યનો અપરાધ થયા પછી તેની ઉપેક્ષા કરે છે અર્થાત્ આ શિષ્યની તપાદિની શક્તિ નથી, તેમ વિચારીને પ્રાયશ્ચિત્ત આપતા નથી, તેથી શિષ્યના પાપની પ્રવૃત્તિનું નિવારણ થતું નથી અથવા તો તેની ઘણી શક્તિ હોય છતાં તેને પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત કરતાં ન્યૂન આપીને તેની ઉપેક્ષા કરે છે, અને તે અલ્પ પ્રાયશ્ચિત્તને કારણે શિષ્યથી પણ તેવા પ્રકારના અપરાધના નિવારણ માટે સમ્યક્ યત્ન કરાતો નથી, પરંતુ વિચાર કરે કે 'પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરી લઈશ.' આ રીતે મોટા અપરાધનું યત્કિંચિત્ પ્રાયશ્ચિત્ત કરીને ફરી ફરી તે અપરાધને સેવે છે. તેથી ગુરુ દ્વારા શિષ્યના પાપની અનવસ્થાના પ્રસંગનું નિવારણ કરાયું નહિ, જેના ફળરૂપે ગુરુ અને શિષ્યને સંસારના પરિભ્રમણરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. **॥૨૦૦॥**

અવતરણિકા :-

નિર્યાપકાનામભાવાચ્ચારિત્રં નાસ્તીત્યપિ નાસ્તીત્યાહ –

અવતરણિકાર્થ :-

નિર્યાપકોના અભાવને કારણે ચારિત્ર નથી, એમ પણ નથી. એ પ્રમાણે કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૩માં પૂર્વપક્ષીએ કહેલ કે માસાદિ પ્રાયશ્ચિત્તના દાનાદિનો અભાવ હોવાથી ચારિત્રની શુદ્ધિ નથી. તેનું નિરાકરણ ગાથા-૧૮૨થી ગાથા-૨૦૦ સુધી કરીને સ્થાપન કર્યું કે વર્તમાનમાં પણ પ્રાયશ્ચિત્તની સત્તા છે, અને યથાશક્તિ યતનાપૂર્વક પ્રાયશ્ચિત્ત આપીને યોગ્ય ગુરુઓ અતિચારોની શુદ્ધિ કરે છે. માટે

વર્તમાનમાં પણ ચારિત્ર છે. વળી ગાથા-૩૪માં પૂર્વપક્ષીએ કહેલ કે નિર્યાપકોના વિરહને કારણે અંત સમયે યથાવસ્થિત શોધિના દાનથી ચારિત્રની શુદ્ધિ કરનારા કોઈ નહિ હોવાને કારણે વર્તમાનમાં ચારિત્ર નથી. તેનું નિરાકરણ કરવા માટે વર્તમાનમાં પણ નિર્યાપકો છે, તે બતાવે છે –

ગાથા :-

णिज्जवगाण वि इण्हिं, गीयत्थाणं असंभवो णत्थि ।
तम्हा सिद्धं चरणं, दुप्पसहंतं अविच्छिण्णं ।।२०१।।

અન્વયાર્થ :-

इण्हिं=હમણાં, णिज्जवगाण गीयत्थाणं असंभवो=નિર્યાપક પણ ગીતાર્થોનો અસંભવ, णत्थि=નથી, तम्हा=તે કારણથી, दुप्पसहंतं=દુપ્પસહસૂરિ સુધી, अविच्छिण्णं चरणं=અવિચ્છિન્ન ચારિત્ર, सिद्धं=સિદ્ધ છે. ।।૨૦૧।।

ગાથાર્થ :-

હમણાં નિર્યાપક પણ ગીતાર્થોનો અસંભવ નથી, તે કારણથી દુપ્પસહસૂરિ સુધી અવિચ્છિન્ન ચારિત્ર સિદ્ધ છે. ।।૨૦૧।।

ટીકા :-

'निज्जवगाण वि'त्ति। निर्यापकानामपीदानीं गीतार्थानामसम्भवो नास्ति, लेशतस्तद्विधिज्ञानां गीतार्थानामिदानीमपि प्रत्यक्षत्वात् तद्विधिलेशश्चायम्-संलेखनां कृत्वा भक्तपरिज्ञाद्यन्यतरं प्रतिपत्तुकामो गीतार्थस्य संविग्नस्य च पादमूलं क्षेत्रतः पञ्च षट् सप्त वा शतानि सातिरेकाणि वा कालत एकं द्वे त्रीणि वा यावद्द्वादश वर्षाण्यन्वेषयेत् । अगीतार्थस्यासंविग्नस्य वा समीपे प्रत्याख्याने चतुर्गुरु-प्रायश्चित्तम्, यतोऽगीतार्थः क्षुत्पिपासाभ्यां निशि बाधितस्य प्रत्याख्यानिनोऽकल्प्यमिति कृत्वा न दद्यात्तं त्यक्त्वा च गच्छेत् असंविग्नश्चाधाकर्मिकाद्यपि गृह्णीयात् पुष्पादीन्यपि ढौकयेत् ।

ટીકાર્થ :-

निर्यापकानामपीदानीं ..... ढौकयेत् । હમણાં નિર્યાપક એવા પણ ગીતાર્થોનો અસંભવ નથી; કેમ કે લેશથી તેની વિધિને જાણનારા=નિર્યામણાની વિધિને જાણનારા એવા, ગીતાર્થોનું હમણાં પણ પ્રત્યક્ષપણું છે, અને તેનો વિધિલેશ=સંલેખનાનો વિધિલેશ, આ છે –

સંલેખનાને કરીને ભક્તપરિજ્ઞાદિ અન્યતરને સ્વીકારવાની ઇચ્છાવાળા સાધુ ગીતાર્થ અને સંવિગ્નના સાંનિધ્યની ક્ષેત્રથી પાંચસો-છસો કે સાતસોથી અધિક યોજનો સુધી ગવેષણા કરે, અને કાળથી એક-બે-ત્રણ યાવત્ બાર વર્ષ સુધી ગવેષણા કરે.

અહીં પ્રશ્ન થાય કે ગીતાર્થ અને સંવિગ્ન સાધુ સમીપમાં ન હોય તો અગીતાર્થ કે અસંવિગ્ન પાસે સંલેખના કરે તો શું વાંધો ? તેથી કહે છે –

અગીતાર્થ કે અસંવિગ્નની સમીપમાં પ્રત્યાખ્યાન કરવામાં=સંલેખના કરવામાં, ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે=સંલેખના કરનારને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય; (માટે સંલેખના કરાય નહિ.) જે કારણથી રાત્રિને વિષે ક્ષુત્પિપાસાથી બાધિત એવા સંલેખના કરનારને અગીતાર્થ 'અકલ્પ્ય છે', એથી કરીને આપે નહિ અને તેનો ત્યાગ કરીને ચાલ્યા જાય, અને અસંવિગ્ન આધાકર્મિકાદિ પણ ગ્રહણ કરે અને પુષ્પાદિ પણ ઉપઢૌકન કરે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે સાધુઓને અંત સમયે સંલેખના કરવાની વિધિ છે, અને તે વખતે ગીતાર્થ નિર્યાપક પાસે વિધિપૂર્વક સંલેખના કરવાથી ચારિત્રની શુદ્ધિ થાય છે, પરંતુ વર્તમાનમાં નિર્યાપક ગીતાર્થો નથી. તેનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

હમણાં પણ નિર્યામણા કરાવનાર ગીતાર્થોનો અસંભવ નથી. વળી નિર્યામણાની વિધિ શું છે ? તે સંક્ષેપથી બતાવતાં કહે છે –

જે સાધુ ભક્તપરિજ્ઞાદિ અન્યતર અનશન સ્વીકારવાની ઇચ્છાવાળા હોય, તેઓએ ગીતાર્થ અને સંવિગ્નની પાસે જ સંલેખના કરવાની છે, અને તે વખતે ગીતાર્થ અને સંવિગ્ન પાસે ન હોય તો નજીકના ક્ષેત્રમાં તેની ગવેષણા કરવાની છે, અને તે ગવેષણા માટે ૫૦૦થી અધિક યોજન તપાસ કરે; વધારે તપાસ કરવાની શક્તિ હોય તો ૬૦૦ યોજન કે ૭૦૦ યોજનથી અધિક ક્ષેત્રમાં તપાસ કરે. વળી તત્કાળ કોઈ ગીતાર્થ અને સંવિગ્ન ન મળતા હોય તો એક-બે વર્ષ યાવત્ બાર વર્ષ સુધી તેની શોધ કરે, પરંતુ અગીતાર્થ કે અસંવિગ્ન પાસે સંલેખના કરે નહિ; અને જો અગીતાર્થ કે અસંવિગ્ન પાસે સંલેખના કરે તો ચાર ગુરુ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. તેથી જે કૃત્યમાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે કૃત્ય અકરણીય છે, માટે અગીતાર્થ અને અસંવિગ્ન પાસે અનશન કરાય નહિ એમ ફલિત થાય છે.

અગીતાર્થ પાસે અનશન કરવાથી શું દોષ પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે –

અનશન કરનાર સાધુ રાત્રે ક્ષુધાથી કે તૃષાથી બાધિત થયેલા હોય, તો અનશન કરનાર સાધુને ક્ષુધાના નિવારણ માટે કે તૃષ્ણાના નિવારણ માટે કંઈ આપવું અકલ્પ્ય છે એમ વિચારીને અગીતાર્થ કંઈ આપે નહિ અને તેને છોડીને ચાલ્યા જાય. તેથી અનશન કરનારને અસમાધિથી વિનાશની પ્રાપ્તિ થાય. માટે અગીતાર્થ પાસે અનશનનો નિષેધ છે. જોકે અનશન કરનાર સાધુ ક્ષુત્પિપાસાથી બાધિત થાય તો ગીતાર્થ પણ તેના વ્રતનો ભંગ થાય તેમ કરે નહિ, પરંતુ ઉચિત વિધિપૂર્વક તેની સમાધિની ચિંતા કરે; જ્યારે ક્ષુધાદિથી બાધિત અનશન કરનાર સાધુ માંગણી કરે તો અગીતાર્થને વિચાર આવે કે હું આપીશ તો દોષ લાગશે, અને આ અનશન કરનાર સાધુ વારંવાર માગે છે, તેથી તેનો ત્યાગ કરીને ચાલ્યા જાય. માટે અતિગંભીર એવી

અનશનની પ્રવૃત્તિ અગીતાર્થ પાસે કરાય નહિ. વળી કોઈ સાધુ ગીતાર્થ હોય, પરંતુ સંવિગ્ન ન હોય તેવા સાધુના સાંનિધ્યમાં પણ અનશન કરવામાં આવે, તો અસંવિગ્ન સાધુ આધાકર્મી આદિ પણ ગ્રહણ કરે, અને જો અનશન કરનાર સાધુ દેહથી પીડિત થાય અને ઉપવનાદિ પાસે હોય તો પુષ્પાદિની શય્યા કરીને પણ આપે; કેમ કે અસંવિગ્ન હોવાથી પાપનો ભય નથી, આરાધક બુદ્ધિ નથી, ફક્ત સંલેખના કરનારને શાતાનો જે ઉપાય દેખાય, તે કરવા તત્પર થાય. તેથી અસંવિગ્ન પાસે સંલેખના કરનારને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. માટે અસંવિગ્ન પાસે સંલેખના કરાય નહિ.

પૂર્વમાં સંલેખના કરનાર સાધુએ ગીતાર્થ અને સંવિગ્ન પાસે જ સંલેખના કરવી જોઈએ તે બતાવ્યું. હવે સંલેખના કરનાર સાધુને નિર્યામણા કરાવનાર સાધુ કેટલા હોવા જોઈએ તે બતાવવા અર્થે કહે છે -

ટીકા :-

निर्यापक एको न कर्त्तव्यः किन्तु बहवः, एकेन पानकादिग्रहणप्रवृत्तेन 'मा भूद् ग्लानस्यासमाधिः' इत्याधाकर्मिकस्यापि ग्रहणप्रसङ्गात्, तदानीं मरणसमये समाध्युत्पादनायोगात्। किञ्चैवं समीपे मुक्तेनापरिणतेन शैक्षेण ग्लानयाचितस्य भक्तस्यादानेऽसमाधिमरणप्रसङ्गः, शैक्षा वा निर्धर्माणो भवेयुः 'स्थापनामात्रं प्रत्याख्यानमेतदिति हिंसादिप्रत्याख्यानान्यप्येवमेव' इति, तैश्चादीयमाने भक्ते ग्लानोऽपि कूजति 'बलान्मामेते मारयन्ति' इति, शैक्षा अप्यवज्ञां प्रकाशयन्तीति प्रवचनोड्डाहः स्यादिति ।

ટીકાર્થ :-

निर्यापक एको ..... प्रवचनोड्डाहः स्यादिति । નિર્યાપક એક ન કરવો જોઈએ, પરંતુ ઘણા કરવા જોઈએ; કેમ કે પાનકાદિ ગ્રહણમાં પ્રવૃત્ત એવા એક નિર્યાપક વડે 'ગ્લાનને અસમાધિ ન થાવ' એ હેતુથી આધાકર્મિકના પણ ગ્રહણનો પ્રસંગ થાય, તે વખતે=એક નિર્યાપક હોય અને પાનકાદિ ગ્રહણમાં પ્રવૃત્ત હોય તે વખતે, મરણ સમય પ્રાપ્ત થયે છતે સમાધિ ઉત્પાદનનો અયોગ થાય. વળી આ રીતે=એક નિર્યાપક કરવામાં આવેલ હોય અને પાનકાદિ ગ્રહણ માટે તે નિર્યાપક પ્રવૃત્ત હોય તો તે વખતે કોઈક અપરિણત શૈક્ષને સંલેખના કરનાર પાસે મૂકીને જાય એ રીતે, સમીપ મૂકેલા એવા અપરિણત શૈક્ષ દ્વારા ગ્લાનથી યાચિત આહારના અદાનમાં અસમાધિમરણનો પ્રસંગ થાય (અને શૈક્ષના સાંનિધ્યમાં આહારના દાનમાં) 'આ પચ્ચક્ખાણ સ્થાપનામાત્ર છે, એથી હિંસાદિ પ્રત્યાખ્યાનો પણ આ રીતે જ છે' એ પ્રમાણે શૈક્ષો નિર્ધર્મ થાય, અને તેઓ વડે=શૈક્ષો વડે, આહાર નહિ અપાતે છતે=સંલેખના કરનાર ક્ષુધાથી પીડિત હોય અને આહારની યાચના કરે અને શૈક્ષો દ્વારા આહાર નહિ અપાતે છતે, ગ્લાન પણ=અનશન કરનાર સાધુ પણ, 'બલાત્કારે આ લોકો મને મારે છે' એ પ્રમાણે બોલે, શૈક્ષો પણ અવજ્ઞાનું પ્રકાશન કરે છે='આ સાધુ પચ્ચક્ખાણ લઈને આહાર માગે છે,' એ પ્રમાણે લોકો આગળ અનશન કરનારની અવજ્ઞાનું પ્રકાશન કરે છે, એથી પ્રવચનનો ઉડ્ડાહ થાય=આ ભગવાનનું શાસન આ પ્રકારની અનુચિત પ્રવૃત્તિ કરાવનાર છે, તેમ લોકોમાં પ્રવચનની નિંદા થાય. 'इति' શબ્દ ઘણા નિર્યાપકો કરવા જોઈએ, એ કથનની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

સંલેખના કરનારે સંવિગ્ન ગીતાર્થ પાસે સંલેખના કરવાની છે, અને તે પણ એક નિર્યામણા કરાવનાર હોય તો શું દોષો પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

નિર્યામણા કરાવનાર ગીતાર્થ સાધુ એક હોય અને પાનકાદિ ગ્રહણ માટે પ્રવૃત્ત હોય અને શુદ્ધની ગવેષણા કરવા જાય તો કાળક્ષેપ થાય. તેથી અનશન કરનાર ગ્લાનને અસમાધિ થવાનો પ્રસંગ આવે. તેથી ગીતાર્થ સાધુ પણ અનશન કરનારની અસમાધિના નિવારણ માટે આધાકર્મી આદિ પાનકનું ગ્રહણ કરે, તો સંયમની વિરાધનાનો પ્રસંગ આવે, અને ગ્લાનની અસમાધિનો વિચાર કર્યા વગર શુદ્ધ પાનકાદિની ગવેષણા કરે અને ત્યારે અનશન કરનારના મૃત્યુનો સમય પ્રાપ્ત થાય તો ગીતાર્થ સાધુ સમાધિનું ઉત્પાદન કરી શકે નહિ. તેથી અનશન કરનારને સમાધિની પ્રાપ્તિનો અયોગ થાય. માટે એક નિર્યાપકથી અનશન કરવામાં દોષની પ્રાપ્તિ થાય. તેથી ઘણા નિર્યાપક કરવા જોઈએ.

વળી એક નિર્યાપક કરવામાં અન્ય પણ દોષ બતાવે છે –

જો નિર્યામણા કરાવનાર ગીતાર્થ સાધુ એક હોય, અને પોતાના સંયમ માટે આહારાદિ માટે ગયા હોય ત્યારે અનશન કરનાર પાસે કોઈ અપરિણત શૈક્ષને મૂકીને જાય, અને અનશન કરનાર ક્ષુધાથી પીડિત હોવાને કારણે આહારની યાચના કરે અને શૈક્ષ આપે નહિ, તો અસમાધિથી તે અનશન કરનારનું મૃત્યુ થાય. વળી જો ગ્લાન યાચના કરે અને અન્ય કોઈ તેની સમાધિ માટે આહારદાન કરે તો એવું વિચારે કે 'આ સાધુએ જાવજ્જીવ આહારનું પચ્ચક્ખાણ કરેલું છે તે પચ્ચક્ખાણ સ્થાપનામાત્રરૂપ છે; કેમ કે આહારત્યાગનું પચ્ચક્ખાણ કર્યા પછી ક્ષુધા સહન ન થાય તો અપવાદથી આહાર પણ ગ્રહણ કરી શકાય. તેથી આહારત્યાગના પચ્ચક્ખાણનો અર્થ એ નથી કે ક્ષુધા સહન ન થાય, તોપણ આહાર ગ્રહણ કરાય નહિ, પરંતુ પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા પછી સહન થાય ત્યાં સુધી આહારનો ત્યાગ છે, અને એ રીતે અહિંસાદિ સર્વ વ્રતો પણ પાળવાનાં છે. તેથી તેવો કોઈ સંયોગ આવે તો સાધુ પરિગ્રહ રાખે તોપણ દોષ નથી' ઇત્યાદિ શૈક્ષ સાધુઓ વિચારે, તેથી તેઓ નિર્ધર્મ બને. વળી જો તે અનશન કરનાર સાધુ આહારની યાચના કરતા હોય, અને પાસે ગીતાર્થ ન હોય ત્યારે તેઓ વડે આહાર ન આપવામાં આવે તો, 'આ લોકો મને બળાત્કારે મારે છે, પણ આહાર આપતા નથી' આ પ્રમાણે અનશન કરનાર લોકો આગળ બોલે; ત્યારે પાસે રહેલા શૈક્ષો કહે કે 'આ સાધુએ જાવજ્જીવના આહારત્યાગનું પચ્ચક્ખાણ લીધું છે અને હવે આહાર માગે છે,' આ પ્રકારની તે અનશન કરનારની અને શૈક્ષોની પ્રવૃત્તિ જોઈને લોકોમાં પ્રવચનનો ઉડ્ડાહ થાય. તેથી આવા સમયે પાસે અન્ય પણ કોઈ ગીતાર્થ નિર્યાપક હોય તો આ પ્રકારના અનર્થોની પરંપરાની પ્રાપ્તિ થાય નહિ. માટે અનશન કરનારે અનેક ગીતાર્થોના સાંનિધ્યમાં અનશન કરવું જોઈએ, જેથી સમ્યગ્ આરાધના થાય.

ગુરુએ પણ જે કોઈ અનશન કરવાની ઇચ્છાવાળા હોય તે સર્વને સંલેખના કરાવવાની નથી, પરંતુ યોગ્યતાનો નિર્ણય કરીને સંલેખના કરાવવાની છે, તે બતાવે છે –

ટીકા :-

गुरुणा च स्वयं देवताद्युपदेशेन वाऽऽभोगः कर्त्तव्यः 'किमयं प्रत्याख्यानपारं गमिष्यति न वा ?' तत्र पारग एष्टव्यः, अपारगे इष्यमाणे गुरोश्चत्वारो गुरुकाः । एकः संस्तारगतो द्वितीयः संलिखति, तथा तृतीयो यद्यन्य उपतिष्ठते तदा प्रतिषेधः कर्त्तव्यः निर्यापकाणामसंस्तरणाद् बहूनां तेषां संस्तरतामनुमतौ च न निषेधः, यदि कृतप्रत्याख्यानस्य प्रत्याख्यानासंस्तरणं भवेत् स च सर्वत्र ज्ञातो दृष्टश्च भूयसा लोकेन तदा द्वितीयः संलेखनां कुर्वन् स्थाप्यते, अन्तरा चिलिमिली क्रियते, वन्दकाश्च बहिरेव स्थाप्यन्ते ।

ટીકાર્થ :-

गुरुणा च ..... बहिरेव स्थाप्यन्ते । અને ગુરુએ સ્વયં અથવા દેવતાદિના ઉપદેશથી નિર્ણય કરવો જોઈએ.

શું નિર્ણય કરવો જોઈએ ? તે કહે છે –

શું આ પ્રત્યાખ્યાન કરનાર પ્રત્યાખ્યાનના પારને પામશે ? અથવા નહિ પામે ? ત્યાં=પ્રત્યાખ્યાન કરનારના વિષયમાં, પારને પામનાર સંલેખના માટે ઈષ્ટ છે ? પારને નહિ પામનાર એવા સંલેખના કરનારને ગુરુ સંલેખના માટે ઈચ્છે તો ગુરુને ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

હવે ગુરુ યોગ્ય જીવને કઈ રીતે સંલેખના કરાવે ? તે કહે છે –

એક સાધુ સંથારાગત હોય=સંલેખના કરીને અંત સમયે જાવજ્જીવ આહારાદિ ત્યાગ કરીને સંથારાગત રહેલ હોય, અને બીજા સાધુ સંલેખના કરતા હોય=અનશન કરવાની પૂર્વભૂમિકારૂપ કાયાની અને કષાયોની સંલેખના કરતા હોય, અને જો અન્ય ત્રીજા સાધુ સંલેખના માટે ઉપસ્થિત થાય તો પ્રતિષેધ કરવો જોઈએ; કેમ કે નિર્યામણા કરાવનારા નિર્યાપકો સંલેખના કરનાર અને સંથારા પર રહેલા એવા બે સાધુની નિર્યામણામાં વ્યસ્ત હોવાથી તે નિર્યાપકો તે ત્રીજાને નિર્યામણા કરાવવા અસમર્થ બને, અને ઘણા એવા તે નિર્યાપકો, 'તે ત્રીજા સાધુની પણ નિર્યામણા કરવા માટે અમે સમર્થ છીએ,' એમ અનુમતિ આપે તો નિષેધ નથી=ત્રીજાને સંલેખના માટે ગ્રહણ કરવાનો નિષેધ નથી. જો કરાયેલા પ્રત્યાખ્યાનવાળા સાધુના=સંલેખના કર્યા પછી જાવજ્જીવનું પચ્ચક્ખાણ લઈને સંથારાગત રહેલા સાધુના, પ્રત્યાખ્યાનનું, અસંસ્તરણ થાય, અને તે સર્વત્ર જ્ઞાત હોય, અને ઘણા લોકો વડે જોવાયેલા હોય, તો સંલેખના કરતા એવા બીજા સાધુ સ્થાપન કરાય છે=સંથારા ઉપર સ્થાપન કરાય છે, વચમાં પડદો કરાય છે, અને વંદન કરનારાઓ બહાર જ સ્થાપન કરાય છે.

ભાવાર્થ :-

કોઈ સાધુ સંલેખના કરવા તૈયાર થયા હોય તો અતિશય જ્ઞાનવાળા ગુરુ સ્વયં જ્ઞાનના બળથી નિર્ણય કરે કે આ સાધુ પ્રત્યાખ્યાનને પાર પામશે કે નહિ ? અને પોતાની પાસે તેવું અતિશયજ્ઞાન ન હોય તો દેવતાદિના ઉપદેશ દ્વારા તેનો નિર્ણય કરે, અને આ સાધુ સમાધિપૂર્વક અનશનનું પાલન કરી શકશે, તેવું

જણાય તો તેને અનશન કરવાની અનુજ્ઞા આપે, અને આ સાધુ પાર નહિ પામે તેવું જણાવા છતાં જો તેને અનશનની અનુજ્ઞા આપે તો તે ગુરુને ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે.

વળી અનશન માટે તત્પર થયેલા એક સાધુએ સંલેખના કરી લીધી હોય અને ભક્તપરિજ્ઞાદિ સ્વીકારીને સંથારાગત હોય, અને બીજા સાધુ સંલેખના કરતા હોય ત્યારે કોઈ ત્રીજા સાધુ પણ સંલેખના કરવા તૈયાર થાય, તો તે ત્રીજા સાધુને નિષેધ કરવો જોઈએ; કેમ કે નિર્યામણા કરાવનાર ગીતાર્થ સાધુ=નિર્યાપકો, સંલેખના કરનાર અને સંથારાગત બે સાધુની નિર્યામણાની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોવાથી ત્રીજા સાધુમાં સમ્યગ્ યત્ન કરી શકે નહિ; અને ઘણા એવા સંલેખના કરનાર સાધુ માટે તે નિર્યાપકો અનુમતિ આપે તો ત્રીજાને પણ સંલેખના માટે ગ્રહણ કરવાનો નિષેધ નથી.

આ રીતે ગુરુ કોઈ સાધુને સંલેખના કરાવતા હોય અને ક્યારેક કોઈક સાધુ કરાયેલા પ્રત્યાખ્યાનને પાર પામી શકે તેમ ન હોય, અર્થાત્ ક્ષુધા-તૃષાથી પીડિત એવા તે સાધુ સમાધિ જાળવી શકે તેમ ન હોય તો, અને તે સાધુએ અનશન કર્યું છે એ રીતે સર્વમાં જ્ઞાત હોય, અને અનશન કરનાર સાધુને ઘણાએ જોયેલા હોય, તો તે અસમાધિને પામતા અનશન કરનાર સાધુના સ્થાને સંલેખના કરનાર એવા બીજા સાધુને સ્થાપન કરવામાં આવે, અને વચમાં પડદો કરવામાં આવે, જેથી અન્ય કોઈ સાધુ છે એવો ખ્યાલ ન આવે, અને વંદન કરનારાઓને પણ પડદાની બહાર રહીને જ તે સાધુને વંદન કરવાની અનુજ્ઞા અપાય છે, અને જે સાધુ અનશનના પારને પામી શક્યા નથી, તેના વિષયક ઉચિત કર્તવ્ય ગીતાર્થો વિચાર કરીને કરે, જેથી પ્રવચનનો ઉડ્ડાહ ન થાય, અને અનશન કરનાર અસમાધિથી મરીને દુર્ગતિમાં ન જાય, પરંતુ વિધિપૂર્વક અવશિષ્ટ અનશનનું પાલન કરીને આત્મહિત સાધે.

ટીકા :-

तथा गच्छमापृच्छ्य प्रत्याख्यानिनः प्रतीच्छा कर्त्तव्याऽन्यथा चत्वारो गुरुकाः, प्रत्याख्यानिनो गच्छसाधूनामपि च मिथः परीक्षा विधेयाऽन्यथापि चत्वारो गुरकाः, तथाचार्येण प्रष्टव्यं 'त्वया किं संलिखितं न वा ?' इति, यदि स क्रोधावेशादङ्गुलीं भङ्क्त्वा दर्शयति 'पश्य मे शरीरे यद् द्रष्टव्यम्' इति, तदाचार्येण वक्तव्यं 'नाहं द्रव्यसंलेखनां पृच्छामि, भावसंलेखनयेन्द्रियकषायादीन् कृशीकुरु' इति, तथा प्रत्याख्यातुकामेन स्वयं शोधिं जानताऽजानता वाचार्यपादमूले गत्वा शोधिः कर्त्तव्या, इत्थमेव परमार्जवसिद्धेः, तत्र प्रव्रज्यात आरभ्य ज्ञानादित्रयस्य द्रव्यादिचतुष्टयेनातिचारालोचनं कर्त्तव्यम्, स्फुटमज्ञायमानानां चातिचाराणां 'यान् मेऽतिचारान् जिना जानन्ति तानहमालोचयामि' इति संमुग्धाकारेणालोचनं कार्यमित्थमपि भावशुद्धेः ।

ટીકાર્થ :-

तथा गच्छमापृच्छ्य ..... भावशुद्धेः । અને ગચ્છને પૂછીને અનશન કરનારનો સ્વીકાર કરવો જોઈએ, અન્યથા=ગચ્છને પૂછ્યા વગર અનશન કરનારનો સ્વીકાર ગુરુ કરે તો, ગુરુને ચારગુરુ પ્રાયશ્ચિત્ત

આવે; અનશન કરનારની અને ગચ્છના સાધુઓની પણ પરસ્પર પરીક્ષા કરવી જોઈએ અર્થાત્ પ્રત્યાખ્યાની સાધુની ગચ્છના સાધુઓએ પરીક્ષા કરવી જોઈએ અને ગચ્છના સાધુઓની પણ પ્રત્યાખ્યાનીએ પરીક્ષા કરવી જોઈએ, અન્યથા પણ=પરીક્ષા કર્યા વગર પણ, અનશન કરનારનો સ્વીકાર કરવામાં આવે, તો ચારગુરુ પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ જે પરીક્ષા ન કરે તેને ચારગુરુ પ્રાયશ્ચિત્ત આવે; અને શું તારા વડે સંલેખના કરાઈ છે કે નથી કરાઈ ? એ પ્રમાણે આચાર્યે અનશન કરનારને પૂછવું જોઈએ. જો તે ક્રોધાવેશથી=આચાર્યના વચનની અરુચિથી 'મારા શરીરમાં જે દૃષ્ટવ્ય છે તે જુઓ' અર્થાત્ મેં શરીરની સંલેખના કરી છે તે જુઓ, એ પ્રમાણે અંગુલી મરડીને બતાવે ત્યારે આચાર્યે કહેવું જોઈએ 'હું દ્રવ્યસંલેખનાને પૂછતો નથી, ભાવસંલેખનાથી ઇન્દ્રિયો અને કષાયોને પાતળા કર.' 'ઇતિ' શબ્દ આચાર્યના કથનની સમાપ્તિમાં છે; અને સ્વયં શોધિને જાણતા કે નહિ જાણતા એવા પ્રત્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા સાધુએ આચાર્ય પાસે જઈને શુદ્ધિ કરવી જોઈએ અર્થાત્ આલોચના કરવી જોઈએ; કેમ કે આ રીતે જ પરમ આર્જવની સિદ્ધિ છે, ત્યાં=આચાર્ય પાસે શુદ્ધિ કરવાના વિષયમાં, પ્રવ્રજ્યાથી માંડીને દ્રવ્યાદિ ચતુષ્ટયથી જ્ઞાનાદિ ત્રયના અતિચારનું આલોચન કરવું જોઈએ. અને સ્પષ્ટ નહિ જણાતા એવા=નહિ ઉપસ્થિત થતા એવા અતિચારોનું 'જે મારા અતિચારોને જિનો જાણે છે તે અતિચારોનું હું આલોચન કરું છું' એ પ્રમાણે સંમુગ્ધ આકારથી આલોચન કરવું જોઈએ; કેમ કે આ રીતે પણ ભાવશુદ્ધિ થાય છે.

ભાવાર્થ :-

કોઈ સાધુ અનશન કરવા તૈયાર થયા હોય કે અન્ય ગચ્છમાંથી આવેલા હોય ત્યારે ગુરુએ ગચ્છને પૂછીને અનશન કરનારનો સ્વીકાર કરવો જોઈએ; કેમ કે અનશન કરનારની સમાધિ માટેની ઉચિત પ્રવૃત્તિઓ ગચ્છના સાધુઓને કરવાની છે, અને તેમને ગુરુએ પૂછેલું હોય તો તેઓ ઉત્સાહથી કૃત્ય કરે, અને જો તેમને પૂછ્યા વગર ગુરુ સ્વયં તેનો સ્વીકાર કરી લે તો ગુરુને ચારગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

વળી અન્ય ગચ્છમાંથી આવેલ અનશન કરનાર અને ગચ્છના સાધુઓ પણ પરસ્પર એકબીજાની પરીક્ષા કરે અર્થાત્ અનશન માટે આવેલ સાધુ સર્વ આચારો શાસ્ત્રવિધિ અનુસાર કરે છે કે નહિ ? તેમ ગચ્છના સાધુ તેની પરીક્ષા કરે, અને અનશન કરનાર સાધુ પણ ગચ્છના સાધુઓ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ શાસ્ત્રવિધિ અનુસાર કરે છે કે નહિ ? તેની પરીક્ષા કરે, અને તે પરીક્ષા કર્યા વગર અનશન સ્વીકારે તો અનશન કરનારને ચારગુરુ પ્રાયશ્ચિત્ત આવે, અને ગચ્છના સાધુઓ પણ તેની પરીક્ષા કર્યા વગર તેને અનશન માટે સ્વીકારે તો તે સ્વીકારનાર સાધુઓને ચારગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

અનશન કરનાર સાધુ પ્રથમ સંલેખના કરે, અને સંલેખનાથી તૈયાર થયા પછી અનશન માટે આચાર્યને પૂછવા માટે આવે ત્યારે આચાર્ય તેને પૂછે કે તેં સંલેખના કરી છે કે નહિ ? આ પ્રકારનો પ્રશ્ન સાંભળીને તેને આચાર્યના વચન પ્રત્યે ચિત્તમાં અરુચિ પણ થાય; કેમ કે પોતે સમુદાયમાં રહીને પ્રતિદિન તપ દ્વારા

શરીરને કૃશ કર્યું છે તે પ્રત્યક્ષ સિદ્ધ છે, આમ છતાં આચાર્ય તેને પૂછે છે કે તે સંલેખના કરી કે નહિ ? તેથી ઇષત્ અરુચિપૂર્વક પણ કહે કે 'આ મારા શરીરમાં જુઓ, શું સંલેખના કરવાનું બાકી રહ્યું છે ?' એમ કરીને પોતાની આંગળી મરડીને બતાવે, ત્યારે આચાર્ય કહે કે શરીરને કૃશ કરવા રૂપ દ્રવ્યસંલેખનાનું હું પૂછતો નથી, પરંતુ ઇંદ્રિયો અને કષાયોને કૃશ કરવા રૂપ ભાવસંલેખનાનું હું પૂછું છું, અને તે ઇંદ્રિયો અને કષાયોને કૃશ કર, જેથી અનશન કરવાની શક્તિનો સંચય થાય.

વળી અનશન કરનાર સાધુ સ્વયં ગીતાર્થ હોય તો શુદ્ધિને જાણતા પણ હોય, અને સ્વયં ગીતાર્થ ન હોય તો શુદ્ધિને જાણતા ન હોય, તોપણ આચાર્ય પાસે જઈને અતિચારોની શુદ્ધિ કરે અર્થાત્ દીક્ષાથી માંડીને અત્યાર સુધી જે કોઈ અતિચારો લાગેલા છે તે સર્વને આચાર્ય આગળ પ્રકાશન કરે, અને તેમ કરવાથી જ અતિઆર્જવ પરિણામ થાય છે. વળી પ્રવ્રજ્યાથી માંડીને અત્યાર સુધી થયેલા સર્વ અતિચારોનું આલોચન કર્યા પછી, કોઈ સૂક્ષ્મ અતિચારો કે જે પોતાને અતિચારરૂપે સ્પષ્ટ ઉપસ્થિત ન હોય તેવા પણ અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા માટે કહે છે કે 'મારા જે અતિચારો સર્વજ્ઞ જાણે છે, હું જાણતો નથી. તે અતિચારોની પણ હું આલોચના કરું છું.' આમ કરવાથી જે કોઈ અતિચારોને સર્વજ્ઞ અતિચાર રૂપે જાણે છે, તે સર્વ અતિચારો પ્રત્યે સંમુગ્ધ આકારથી જુગુપ્સા થાય છે, જેથી ભાવની શુદ્ધિ થાય છે.

ટીકા :-

स्थानं च तस्य तादृशं ग्राह्यं यत्र ध्यानव्याघातो न भवति यत्रेन्द्रियप्रतिसञ्चारो न भवति तादृशप्रशस्तवसतिद्वयं ग्राह्यम्, एकस्यां प्रत्याख्याता स्थाप्यतेऽपरस्यां साधवः, अशनादिगन्धेन प्रत्याख्यातुरभिलाषो मा भूत्, सत्स्वाहारधर्मेष्वाहारदर्शनतो भुक्तभोगिनोऽपि निपुणस्यापि क्षोभप्रसङ्गादिति । पानकं योग्यमाहारं च प्रत्याख्यातुस्तत्र प्रदेशे वृषभाः स्थापयन्ति यत्र प्रत्याख्यातुरपरिणतानां वा नागमनम्, अन्यथा गृद्ध्यप्रत्ययदोषप्रसङ्गात् तथा निर्यापकाः पार्श्वस्थादिलक्षणवर्जिताः कालोचितगुणाः प्रियधर्माणः क्रियन्ते, ते चोद्वर्त्तनकारिणश्चत्वारोऽभ्यन्तरमूलेऽपि चत्वारः संस्तारकारका अपि चत्वारो धर्मकथकाश्चत्वारो लोकस्य, उल्लुण्ठवचनप्रतिकारिणो वादिनोऽपि चत्वारोऽग्रद्वारेऽपि चत्वारो भक्तनेतारश्चत्वारः पानकनेतारश्चत्वार उच्चारपरिष्ठापकाश्चत्वारः प्रस्रवणपरिष्ठापकाश्चत्वारो बहिर्लोकस्य धर्मकथकाश्चत्वारश्चतसृष्वपि दिक्षु सहस्रमल्लाश्चत्वारः, इत्येवमष्टचत्वारिंशदपेक्ष्यन्ते, जघन्यतस्तु त्रयो भवन्ति, तत्र द्वौ गीतार्थौ निर्यापकौ प्रत्याख्याता चैकः, तत्रैकः प्रत्याख्यातुः पार्श्वे तिष्ठति, अपरश्च भक्तपानमार्गणाय गच्छतीति, तथा भक्तप्रत्याख्यायकस्य चरमकालेऽतीवाहारकाङ्क्षा समुत्पद्यते तद्व्यवच्छेदार्थमिष्टश्चरमाहारो दातव्यो यतस्तेन तृष्णाव्यवच्छेदाद्वैराग्यभावना प्रवर्त्तत इति । आहारानुबन्धे च कस्यचिज्जायमाने प्रतिदिनमाहारद्रव्यहान्या हितशिक्षया च तस्याहारतृष्णाविच्छेदः कर्त्तव्यः, समाहितश्च प्रज्ञाप्यो भवतीति समाध्यर्थं परिहान्या तस्य दानमिति ।

ટીકાર્થ :-

स्थानं च ..... परिहान्या तस्य दानमिति । અને તેનું=અનશન માટેનું, સ્થાન તેવું ગ્રહણ કરવું જોઈએ, જ્યાં ધ્યાનનો વ્યાઘાત ન થાય. જ્યાં ઇંદ્રિયોનો પ્રતિસંચાર ન થાય તેવા પ્રકારની પ્રશસ્ત બે વસતિ ગ્રહણ કરવી જોઈએ. એક વસતિમાં પ્રત્યાખ્યાન કરનાર સ્થાપન કરાય છે અને બીજી વસતિમાં સાધુઓ સ્થાપન કરાય છે.

અહીં પ્રશ્ન થાય કે સાધુઓ માટે અને પ્રત્યાખ્યાની માટે જુદી વસતિ કેમ રાખી ? તેથી કહે છે –

'આહારાદિની ગંધથી પ્રત્યાખ્યાન કરનારને અભિલાષ ન થાવ' માટે જુદી વસતિ રાખવાનું કહેલ છે; કેમ કે આહારાદિ ધર્મો વિદ્યમાન હોતે છતે, આહારના દર્શનથી, નિપુણ એવા પણ ભુક્તભોગીને પણ ક્ષોભનો પ્રસંગ છે. 'इति' શબ્દ સંલેખના કરનાર માટે કેવી વસતિ ગ્રહણ કરવી જોઈએ, એ કથનની સમાપ્તિમાં છે.

પ્રત્યાખ્યાન કરનારનું=સંલેખના કરનારનું, પાનક અને યોગ્ય આહાર, તે સ્થાનમાં ગીતાર્થો સ્થાપન કરે છે જ્યાં પ્રત્યાખ્યાન કરનારનું અને અપરિણતોનું આગમન ન હોય. અન્યથા=તેવા સ્થાનમાં મૂકવામાં ન આવે, અને પ્રત્યાખ્યાન કરનારનું આગમન થતું હોય, તો પ્રત્યાખ્યાનીને ગૃદ્ધિનો પ્રસંગ છે; અને અપરિણત સાધુઓને અવિશ્વાસદોષનો પ્રસંગ છે, અને નિર્યાપકો પાર્શ્વસ્થાદિ સ્વરૂપથી રહિત, કાળને ઉચિત ગુણવાળા=વર્તમાનકાળને ઉચિત ગુણવાળા, પ્રિયધર્મવાળા=અવદ્યના ભીરુ, કરાય છે.

તે નિર્યાપકો કેટલા કરવાના છે ? તે બતાવે છે –

અને તેઓ=નિર્યાપકો, ઉદ્વર્તના કરનારા ચાર, અભ્યન્તરમૂલમાં પણ ચાર, સંથારો કરનારા પણ ચાર અને લોકને ધર્મકથા કરનારા ચાર, ઉલ્લુંઠ વચનનો પ્રતિકાર કરનારા એવા વાદીઓ પણ ચાર, અગ્રદ્વારમાં પણ ચાર, આહાર લાવનાર ચાર, પાનક લાવનાર ચાર, ઉચ્ચાર પરઠવનારા ચાર, માતૃ પરઠવનારા ચાર, બહાર વર્તતા લોકોને ધર્મકથા કહેનારા ચાર, ચારે પણ દિશામાં રહેનારા સહસ્રમલ્લ ચાર, આ રીતે અડતાલીશ નિર્યાપકો અપેક્ષા રખાય છે. વળી જઘન્યથી ત્રણ હોય છે, ત્યાં બે ગીતાર્થ નિર્યાપક અને એક પ્રત્યાખ્યાન કરનાર. તેમાં=બે નિર્યાપક ગીતાર્થમાં, એક ગીતાર્થ પ્રત્યાખ્યાન કરનાર પાસે રહે છે અને બીજા આહારપાણી વહોરવા જાય છે. 'इति' શબ્દ નિર્યાપકોની સંખ્યાના કથનની સમાપ્તિ માટે છે. અને ભક્તપ્રત્યાખ્યાન કરનારને ચરમ કાળમાં અત્યંત આહારની આકાંક્ષા ઉત્પન્ન થાય છે, તેના વ્યવચ્છેદ માટે ઇષ્ટ એવો ચરમ આહાર આપવો જોઈએ=સંલેખના કરીને પ્રત્યાખ્યાન કરવાની પૂર્વે જે આહાર વાપરીને પ્રત્યાખ્યાન ગ્રહણ કરવાનો પ્રારંભ કરે તે વખતે ઇષ્ટ એવો ચરમ આહાર આપવો જોઈએ, જેથી તેના વડે=ઇષ્ટ ચરમ આહાર વડે, તૃષ્ણાનો વ્યવચ્છેદ થવાથી પ્રત્યાખ્યાનકાળમાં વૈરાગ્યભાવના પ્રવર્તે છે. 'इति' શબ્દ અનશન સ્વીકારતાં પહેલાં ચરમ આહારના કથનની સમાપ્તિમાં છે.

પૂર્વમાં કહ્યું કે ભક્તપ્રત્યાખ્યાન કરનારે ભક્તપ્રત્યાખ્યાન કરતાં પૂર્વે ચરમકાળમાં ઇષ્ટઆહાર આપવો જોઈએ, જેથી પ્રત્યાખ્યાન કર્યા પછી આહારની તૃષ્ણા ઉત્પન્ન ન થાય. હવે કોઈને ચરમકાળમાં ઇષ્ટ આહાર આપવામાં આવે અને તે ઇષ્ટ આહાર પ્રત્યે તેને પ્રતિબંધ થાય તો તે પ્રત્યાખ્યાનનું વિલંબન કરીને સંલેખનાકાળમાં ઇષ્ટ આહારની અપેક્ષા રાખે, ત્યારે શું કરવું જોઈએ ? તે બતાવવા માટે કહે છે –

કોઈકને આહારનો અનુબંધ થતે છતે=ઇષ્ટ આહાર પ્રત્યેનો ઈષદ્ રાગ થયે છતે, પ્રતિદિન આહારદ્રવ્યની હાનિ દ્વારા અને હિતશિક્ષા દ્વારા તેની આહારની તૃષ્ણાનો વિચ્છેદ કરવો જોઈએ, અને સમાધાનને પામેલો=આહાર પ્રત્યે થયેલો રાગનો પરિણામ હોવા છતાં ઇષ્ટ આહાર મળવાને કારણે સમાધાન પામેલા ચિત્તવાળો, પ્રજ્ઞાપ્ય થાય છે, એથી સમાધિ માટે પરિહાનિથી તેનું દાન છે=ઇષ્ટ આહારનું દાન છે. 'इति' શબ્દ હાનિદ્વારની સમાપ્તિ માટે છે.

ભાવાર્થ :-

અનશન કરનાર સાધુને માટે તેવું સ્થાન ગ્રહણ કરવું જોઈએ, જેથી ધ્યાનનો વ્યાઘાત ન થાય અને ઇંદ્રિયો વિષય તરફ પ્રવૃત્ત ન થાય. આનાથી એ પ્રાપ્ત થાય કે અનશન કરનાર સામાન્ય રીતે જ્યાં લોકોનો સંચાર હોય તેવા સ્થાનમાં અનશન કરે નહિ, પરંતુ અનશન શરૂ કર્યું ત્યારથી ધ્યાનમાં સુદૃઢ વ્યાપાર કરી શકે તેવું ઉપષ્ટંભક સ્થાન સ્વીકારવું જોઈએ. વળી આવી પ્રશસ્ત વસતિ પણ બે ગ્રહણ કરવાની છે, એકમાં પ્રત્યાખ્યાન કરનારાને સ્થાપન કરાય છે અને અન્ય વસતિમાં સાધુઓ રહે છે. આ પ્રકારની બે વસતિના ગ્રહણનું પ્રયોજન એ છે કે જો એક જ વસતિમાં અનશન કરનારા અને અન્ય સાધુઓ હોય, તો અન્ય સાધુઓ આહારાદિ વાપરતા હોય તેની ગંધથી પણ અનશન કરનારના ચિત્તમાં વ્યાઘાત થવાનો સંભવ રહે છે; કેમ કે અતિક્ષુધાતુર અવસ્થામાં અપ્રમાદભાવથી ધ્યાનમાં યત્ન કરતા હોય ત્યારે પણ આહારની ગંધ આવે તો આહારનું સ્મરણ થવાની સંભાવના રહે છે.

વળી અનશન કરનાર સાધુ પ્રથમ સંલેખના કરે છે, અને સંલેખનાકાળમાં તપની વૃદ્ધિ અને આહારનો સંકોચ કરે છે ત્યારે, જે દિવસે તેને આહાર વાપરવાનો હોય તે દિવસે ગીતાર્થો તેના માટે યોગ્ય આહાર અને યોગ્ય પાનક લાવે છે. તે આહાર-પાનક પણ તેવા સ્થાનમાં સ્થાપે છે જ્યાં પ્રત્યાખ્યાન કરનારનું આગમન ન હોય અને અપરિણત સાધુઓનું પણ આગમન ન હોય; કેમ કે જો પ્રત્યાખ્યાન કરનાર સાધુ ધ્યાનાદિ માટે બેઠા હોય તે સ્થાનમાં જ આહાર હોય તો ધ્યાનમાંથી ઉપયોગ ચલાયમાન થાય, અને આહારના વિચારોથી મન પ્રવૃત્ત બને તેવી સંભાવના રહે છે, અને તેમ બને તો આહાર પ્રત્યે નિરપેક્ષ થવાને બદલે કંઈક અભિમુખ થવાનો પરિણામ થાય છે. તેથી શુદ્ધ ભાવોની વૃદ્ધિમાં વ્યાઘાત ન થાય તદર્થે ગીતાર્થો જે આહાર પ્રત્યાખ્યાન કરનારને જ આપવાનો છે, તે આહાર પણ તે પ્રદેશમાં સ્થાપન કરતા નથી. વળી અપરિણત સાધુઓનું ત્યાં આગમન થતું હોય તો તેઓને શંકા થાય કે આ મહાત્મા આ રીતે આહાર વાપરતા હશે, તેથી પ્રત્યાખ્યાન કરનાર સાધુ પ્રત્યે અવિશ્વાસ થવાનો પ્રસંગ આવે.

વળી અનશન કરનાર સાધુને નિર્યામણા કરાવનાર ગીતાર્થો સંયમમાં પ્રમાદ કરનારા પાર્શ્વસ્થાદિ દોષવાળા ગ્રહણ કરવા જોઈએ નહિ, પરંતુ કાળને ઉચિત ગુણવાળા અને જેઓને ધર્મ અતિપ્રિય છે, તેવા નિર્યાપકો કરાય છે, જેથી નિર્યામણા કરનાર સાધુ પ્રમાદી આચરણવાળા ન બને.

વળી આ નિર્યામણા કરાવનાર નિર્યાપકો ઉત્કૃષ્ટથી અડતાલીસ રાખવાના છે. આવા અડતાલીસ નિર્યામણા કરાવનારા નિર્યાપકો કોઈક પ્રભાવક આચાર્યાદિ નિર્યામણા કરતા હોય તેને આશ્રયીને સંભવ છે. વળી જઘન્યથી બે ગીતાર્થો અને એક પ્રત્યાખ્યાન કરનાર એમ ત્રણ સાધુ હોય તોપણ નિર્યામણા કરાય છે. એમાં તે બે ગીતાર્થ સાધુઓમાંથી એક ગીતાર્થ સાધુ પ્રત્યાખ્યાન કરનાર પાસે બેસીને સતત તેને ધર્મધ્યાનની પ્રવૃત્તિમાં સહાયક બને છે, અને બીજા ગીતાર્થ સાધુ પોતાના અને પ્રત્યાખ્યાન કરનારના આહારાદિ માટે જતા હોય છે, પરંતુ સંલેખના કરનાર સ્વયં પોતાનાં ભક્તપાનાદિ માટે જતા નથી.

સંલેખના કર્યા પછી જ્યારે કાયાની, કષાયોની અને ઇંદ્રિયોની સંલેખના થઈ ચૂકી હોય ત્યારે, આચાર્યની અનુમતિથી પ્રત્યાખ્યાન કરનાર જાવજ્જીવ માટે આહારનાં પચ્ચક્ખાણ કરે તેની પૂર્વે સંલેખનાકાળમાં, તે પ્રત્યાખ્યાન કરનારને જે ચરમ આહાર આપવામાં આવે છે, તે ચરમ આહાર તેને જે ઇષ્ટ હોય તે લાવીને ગીતાર્થોએ આપવો જોઈએ, જેથી તે આહાર વાપરેલો હોવાથી અનશનકાળમાં ક્ષુધાથી પીડિત અવસ્થામાં તે ઇષ્ટ પદાર્થનું સ્મરણ થાય નહિ, અને અનશનકાળમાં તે સાધુ વૈરાગ્યભાવના સારી રીતે કરી શકે, જેથી પંડિતમરણની પ્રાપ્તિ થાય. વળી અનશન કરતાં પૂર્વે તેને ઇષ્ટ હોય એવો ચરમ આહાર આપવામાં આવે, અને સંલેખનાને કારણે ક્ષીણ શરીરવાળા હોવાથી કોઈક અનશન કરનાર સાધુને આહારમાં પ્રતિબંધ થાય, તો તે સાધુના આહારના પ્રતિબંધના નિવારણ માટે દ્રવ્યની હાનિથી અર્થાત્ ઇષ્ટદ્રવ્યની હાનિથી, અને હિતશિક્ષાથી તેની આહારની તૃષ્ણાનો વ્યવચ્છેદ કરાવવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે જે સાધુને આહારનો પ્રતિબંધ થયો છે, તે સાધુને પ્રતિદિન હાનિથી પણ ઇષ્ટ આહાર આપવામાં આવે, તો તે આહાર ગ્રહણ કરવાથી તે સાધુને તે આહારનો પ્રતિબંધ વધશે. તેથી ઇષ્ટ આહાર આપવાનો નિષેધ કરવાને બદલે આહાર આપવાનું કેમ કહ્યું ? તેથી કહે છે –

ઇષ્ટ આહાર આપવાથી સમાધાનને પામેલો એવો તે પ્રત્યાખ્યાન કરનાર સાધુ પ્રજ્ઞાપ્ય બને છે, તેથી તેને હિતશિક્ષા આપીને આહારનો પ્રતિબંધ ત્યાગ કરાવી શકાય છે. માટે તેના ચિત્તની સમાધિ માટે પરિહાનિથી આહારનું દાન અપાય છે.

ટીકા :-

तथाऽपरिश्रान्तैः प्रतिचारकैः सर्वं प्रतिकर्म कर्त्तव्यम्, एतदर्थमेव गच्छस्यापेक्षणात्, तथान्यतरयोगेऽप्यसङ्ख्येयभवार्जितं कर्म क्षपयति साधुर्विशिष्य स्वाध्याये, ततोऽपि विशिष्य वैयावृत्त्ये, ततोऽपि विशिष्योत्तमार्थ इति । संस्तारकश्चास्य भूः शिला वाऽङ्गुषिरा कार्या, तत्र स्थितो निषण्णो वा यथासमाधि तिष्ठतु, फलकं वा एकाङ्गिकमानेतव्यम्, तदभावे द्व्यादिफलकात्मकमपि, तत्रास्तरणमुत्सर्गतः सोत्तरपट्टस्य संस्तारकस्य कर्त्तव्यम्, अपवादतो बहूनामपि कल्पानाम्, तथाप्यसंस्तरणे दर्भादीनाम-

ઋષિરાણાં, તદભાવે ઋષિરતૃણાનામપિ યથાસમાધિ યાવત્તૂલિકાદેરપિ તથોપધેઃ પ્રતિલેખનાં પ્રત્યાખ્યાની સ્વયમેવ કરોતિ, અસમર્થસ્ય તુ સર્વમન્યે કુર્વન્તિ, તથા યઃ કાયોપચિતો બલવાંસ્તસ્ય બહિર્નિષ્ક્રમણ-પ્રવેશનાદિ કારયતિ તથાપ્યવિષહમાણં તં સંસ્તારગતં સંસ્તારયન્તિ, તસ્ય સમાધ્યર્થં મૃદુઃ સંસ્તારકઃ કર્ત્તવ્યઃ, તથાપ્યસંસ્તરણે પ્રત્યાખ્યાનનિસ્તારકદેશવિરતાદિદૃષ્ટાન્તેન પ્રોત્સાહનીયઃ, તથા પ્રથમદ્વિતીયપરીષહાભ્યાં વ્યાકુલિતો યદ્યવભાષેત ભક્તં પાનં વા તદા પરીક્ષણીયઃ 'કિમયં પ્રાન્તદેવતયા 'ચ્છલિતોઽવભાષતે સ્વભાવતો વા ?' ઇતિ, તત્ર યદિ સમસ્તમવિતથં બ્રૂતે તદા તસ્ય યથોચિતં દાતવ્યમ્, કિં કારણં પ્રત્યાખ્યાપ્ય પુનરાહારો દીયતે ? પરીષહચમૂયોધનાય કવચપ્રાયોઽયમાહાર ઇતિ હેતોઃ, ઉજ્ઝિતશરીરસ્યાપિ સમાધિસંધાનસ્યાત એવ સિદ્ધેઃ, તથા કાલગતસ્ય ચિહ્નકરણાદિવિધિપૂર્વં પરિષ્ઠાપના કર્ત્તવ્યા । તથા સ ભક્તપ્રત્યાખ્યાતા ગૃહિણાં ન પ્રકાશ્યતે યતઃ કદાચિત્પરિષહોદયેન વ્યાઘાતે સમસ્ત-પ્રવચનલઘુતાપત્તિઃ સ્યાત્, ઉત્પન્ને ચ વ્યાઘાતે ગીતાર્થૈરુપાયઃ પ્રયોક્તવ્યો યાવત્સસહાયસ્યાન્યત્ર જ્ઞાતસ્ય તસ્ય પ્રેષણમિતિ । યસ્તુ તં ભક્તપરિજ્ઞાવ્યાઘાતવન્તં નિન્દતિ તસ્યાનુદ્ઘાતાશ્ચત્વારૌ માસાઃ । યસ્તુ ન જ્ઞાતઃ સ યદિ ન નિસ્તરતિ તથાપિ ન પ્રવચનોદ્ઘાહ ઇત્યાદિ । તસ્માદિદાનીમપિ નિર્યાપકાનાં સત્ત્વાચ્ચરણારાધનાનિર્વાહાત્ સિદ્ધં દુષ્પ્રસહાન્તમવિચ્છિન્નં ચરણમ્ ।।૨૦૧।।

ટીકાર્થ :-

તથાઽપરિશ્રાન્તૈઃ ..... ચરણમ્ ।। અને અપરિશ્રાન્ત એવા પ્રતિચારકોએ=ગુણવાન એવા સંલેખના કરનાર સાધુની ભક્તિ કરવામાં ઉત્સાહિત એવા પ્રતિચારકોએ, સર્વ પ્રતિકર્મ કરવું જોઈએ અર્થાત્ અનશન કરનારને અંતિમ સમયે વૈરાગ્યભાવનાની વૃદ્ધિ માટે કરાતા ધર્મધ્યાનની પ્રવૃત્તિમાં ઉપષ્ટંભક એવું સર્વ કૃત્ય કરવું જોઈએ; કેમ કે આના માટે જ=સંલેખના કરનારને ધર્મધ્યાનના ઉપષ્ટંભક એવા પ્રતિકર્મ માટે જ, ગચ્છની અપેક્ષા છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રતિચારકો સંલેખના કરનારની પ્રવૃત્તિમાં ઉપષ્ટંભક પ્રતિકર્મ કરવામાં ઉત્સાહિત કેમ હોય છે ? તેથી કહે છે –

સાધુજીવનના કોઈપણ યોગમાં અસંખ્યાત ભવથી અર્જિત કરાયેલું કર્મ સાધુ ખપાવે છે, વિશેષ કરીને સ્વાધ્યાયમાં, તેનાથી પણ વિશેષ કરીને વૈયાવચ્ચમાં=અનશન માટે પ્રવૃત્ત થયેલા સાધુના પ્રતિકર્મની પ્રવૃત્તિમાં, તેનાથી પણ વિશેષ કરીને ઉત્તમાર્થમાં=પરભવને શ્રેષ્ઠ ધર્મ સાધક બનાવવાના પ્રબળ કારણ એવા અનશનમાં, સાધુ કર્મ ખપાવે છે, એથી સાધુ અત્યંત ઉત્સાહથી ઉત્તમાર્થ સાધનારા મહાત્માનું સર્વ પ્રતિકર્મ કરે, એમ અન્વય છે.

અને આનો=પ્રત્યાખ્યાન કરનારનો, ખાડા-ટેકરા વગરની ભૂમિ અથવા શિલાસંથારો કરવો જોઈએ અને ત્યાં=સંથારામાં, અનશન કરનાર સાધુ સમાધિ પ્રમાણે ઊભા રહેલા કે બેસેલા રહે.

ભૂમિ કે શિલા ઉપર અનશન કરી શકે તેમ ન હોય તો શું કરવું જોઈએ ? તે 'વા'થી બતાવે છે –

અથવા એક અંગવાળું=સાંધા વગરનું, ફલક=પાટિયું, લાવવું જોઈએ, તેના અભાવમાં=સાંધા વગરના ફલકના અભાવમાં, બે આદિ સાંધાવાળું ફલક લાવવું જોઈએ, ત્યાં=તે ફલક ઉપર, ઉત્સર્ગથી ઉત્તરપટ્ટા સહિત સંથારો પાથરવો જોઈએ, અપવાદથી ઘણા પણ વસ્ત્રોનો સંથારો પાથરવો જોઈએ; તોપણ નિર્યામણા કરનાર સંસ્તરણ ન કરી શકે તો છિદ્ર વગરના દર્ભાદિનો સંથારો કરવો જોઈએ, અને તેના અભાવમાં=છિદ્ર વગરના દર્ભાદિના સંથારાના અભાવમાં, છિદ્રવાળા તૃણાદિનો પણ યથાસમાધિ સંથારો પાથરવો જોઈએ, યાવત્ રૂ આદિના પણ તકિયા મૂકવા જોઈએ; અને ઉપધિની પ્રતિલેખના પ્રત્યાખ્યાન કરનાર સ્વયં જ કરે છે. વળી અસમર્થ થયેલા એવા પ્રત્યાખ્યાન કરનારની સર્વ પ્રતિલેખના અન્ય કરે છે, અને જે કાયાથી ઉપચિત બલવાન પ્રત્યાખ્યાન કરનાર છે, તેને બહાર નિષ્ક્રમણ-પ્રવેશ આદિ કરાવે છે અર્થાત્ તેને સંથારાથી બહાર નિષ્ક્રમણ અને માત્રુ આદિ અર્થે અન્ય સ્થાને પ્રવેશ કરાવે છે, તે રીતે પણ સહન નહિ કરતા=બહાર નિષ્ક્રમણ-પ્રવેશ આદિ કરવા રૂપે સહન નહિ કરતા એવા, સંથારાગત તેને સંસ્તરણ કરે છે, અર્થાત્ માત્રુ આદિની ઉચિત પ્રવૃત્તિઓ કરાવે છે, તેની સમાધિ માટે મૃદુ સંથારો કરવો જોઈએ. તે રીતે પણ=સંથારામાં રહીને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ નિર્યાપકો કરાવે અને સમાધિ માટે મૃદુ સંથારો કરી આપે તે રીતે પણ, અસંસ્તરણમાં=ભક્તપ્રત્યાખ્યાનના અસંસ્તરણમાં, પ્રત્યાખ્યાનના નિસ્તારક એવા દેશવિરતિવાળા શ્રાવક આદિના દૃષ્ટાંતથી પ્રોત્સાહિત કરવા જોઈએ, અને પ્રથમ-દ્વિતીય પરિષહ દ્વારા=ક્ષુધા-તૃષા પરિષહ દ્વારા, વ્યાકુલિત થયેલા જો ભક્તપાનની માગણી કરે ત્યારે પરીક્ષા કરવી જોઈએ, શું આ સાધુ નજીક રહેલા દેવતાથી છલિત થયેલા બોલે છે ? અથવા સ્વભાવથી બોલે છે ? એ પ્રમાણે પરીક્ષા કરવી જોઈએ. ત્યાં=આ અનશન કરનાર પ્રાન્તદેવતાથી છલિત થઈને બોલે છે અથવા સ્વભાવથી બોલે છે એ પ્રકારની પરીક્ષામાં, જો સમસ્ત યથાર્થ બોલે (તો આ સાધુ દેવતાથી છલિત થઈને બોલતા નથી, પરંતુ સ્વભાવથી બોલે છે એ પ્રમાણે નિર્ણય થાય.) ત્યારે તે સાધુને યથા ઉચિત આપવું જોઈએ=જે પ્રકારે તેનું ચિત્ત ક્ષુધા-તૃષાની વ્યાકુળતાનો પરિહાર કરીને ધર્મધ્યાનમાં પ્રવર્તી શકે તે પ્રકારે ઉચિત પાનક કે આહાર આપવા જોઈએ. પ્રત્યાખ્યાન કરાવીને=જાવજ્જીવ આહાર-પાણીના ત્યાગનું પ્રત્યાખ્યાન કરાવીને ફરી આહાર કેમ અપાય છે ? તેથી કહે છે– પરિષહરૂપી સેના સાથે યુદ્ધ કરવા માટે કવચપ્રાય આ આહાર છે એ હેતુથી અપાય છે; કેમ કે ત્યાગ કરાયેલા શરીરવાળા એવા પણ અનશન કરનારને આનાથી જ=કવચપ્રાય આહારથી જ, સમાધિના સંધાનની સિદ્ધિ છે=પરિષહને કારણે જે સમાધિ તૂટી ગયેલી તેના સંધાનની સિદ્ધિ છે, અને કાળ પામેલા એવા અનશન કરનારના શરીરની ચિહ્નકરણાદિ વિધિપૂર્વક પરિષ્ઠાપના કરવી જોઈએ.

વળી કોઈ પ્રત્યાખ્યાન કરનાર પાર ન પામે તેવી સંભાવના હોય, તેવા પ્રત્યાખ્યાન કરનારને આશ્રયીને અન્ય વિકલ્પ બતાવે છે –

અને તે ભક્તપ્રત્યાખ્યાન કરનાર ગૃહસ્થોની આગળ પ્રકાશન કરાતા નથી, જે કારણથી કદાચ પરિષહના ઉદયથી વ્યાઘાત થયે છતે=ક્ષુધા-તૃષા પરિષહના ઉદયથી ધર્મધ્યાનમાં વ્યાઘાત થયે છતે,

(જો તે પ્રત્યાખ્યાન કરનાર પ્રત્યાખ્યાનના પારને ન પામે તો) સમસ્ત પ્રવચનની લઘુતાની પ્રાપ્તિ થાય, અને વ્યાઘાત ઉત્પન્ન થયે છતે=પરિષહનો વ્યાઘાત ઉત્પન્ન થયે છતે, ગીતાર્થોએ ઉપાય કરવો જોઈએ=પ્રત્યાખ્યાનના નિસ્તારણ માટે કે પ્રવચનના ઉડ્ડાહના પરિહાર માટે ઉપાય કરવો જોઈએ, યાવત્ લોકોમાં જ્ઞાત એવા પ્રત્યાખ્યાન કરનારને સહાય સહિત અન્ય દેશમાં મોકલવા જોઈએ. 'ઇતિ' શબ્દ પ્રવચનના ઉડ્ડાહના રક્ષણના ઉપાયના કથનની સમાપ્તિમાં છે; અને જે સાધુ ભક્તપરિજ્ઞાના વ્યાઘાતવાળા એવા તે સાધુની નિંદા કરે છે, તેને અનુદ્‌ઘાત ચારમાસ પ્રાયશ્ચિત્ત આવે, વળી જે સાધુ લોકમાં જ્ઞાત નથી તે જો નિસ્તાર ન પામે=સ્વીકારેલા ભક્તપ્રત્યાખ્યાનના નિસ્તારને ન પામે તોપણ પ્રવચનનો ઉડ્ડાહ નથી ઇત્યાદિ.

તે કારણથી હમણાં પણ નિર્યાપકોનું સત્ત્વ હોવાથી ચારિત્રની આરાધનાનો નિર્વાહ થવાને કારણે દુપ્પસહસૂરિ સુધી અવિચ્છિન્ન ચારિત્ર સિદ્ધ છે. ॥૨૦૧॥

ભાવાર્થ :-

વળી જે સાધુએ ભક્તપ્રત્યાખ્યાન કરીને જાવજ્જીવ માટે અનશન સ્વીકારેલું હોય તેનાં વૈયાવચ્ચ આદિ સર્વ કૃત્યો પરિચર્યા કરનાર સાધુએ ઉત્સાહથી કરવાં જોઈએ; કેમ કે સંલેખના કરતી વખતે સંલેખના કરનારના ધર્મધ્યાનની વૃદ્ધિ માટે જ ગચ્છની અપેક્ષા છે.

અહીં પ્રશ્ન થાય કે સંલેખના કરનાર સાધુની પરિચર્યા કરનાર સાધુઓને સંયમના અન્ય યોગો કરતાં સંલેખના કરનારની પ્રતિચર્યામાં વિશેષ ઉત્સાહ કેમ થાય છે ? તેથી કહે છે –

જે સાધુઓ સંયમયોગમાં અપ્રમાદથી યત્ન કરતા હોય તેઓ અત્યંત ગુપ્ત થઈને સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે, અને ગુપ્ત થઈને સંયમની સર્વ ઉચિત ક્રિયાના કાળમાં તે સાધુ અસંખ્ય ભવથી અર્જિત કર્મોની ક્ષપણા કરે છે; કેમ કે અગુપ્તિના ભાવથી અસંખ્યાતા ભવોમાં જે કર્મ બાંધેલાં તેનાથી વિરુદ્ધ એવા ગુપ્તિના પરિણામથી તે કર્મો નાશ પામે છે. વળી તે સાધુ સ્વાધ્યાય કરતા હોય ત્યારે સંયમના અન્ય યોગો કરતાં પણ વિશેષ પ્રકારનો સંવેગનો પરિણામ હોય છે, તેથી અન્ય સર્વ ક્રિયા કરતાં પણ સ્વાધ્યાયમાં વધારે કર્મનો નાશ થાય છે, અને તેના કરતાં પણ ગુણવાન એવા યોગીઓની વૈયાવચ્ચ કરતા હોય ત્યારે તે ગુણવાન પુરુષોના ગુણોની ભક્તિને કારણે તેમનું ચિત્ત વિશેષ પ્રકારે ગુણને અભિમુખ ભાવવાળું બને છે. તેથી સ્વાધ્યાય કરતાં પણ વૈયાવચ્ચમાં વિશેષ નિર્જરા થાય છે. વળી કોઈ મહાત્મા સંયમયોગની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને સંપન્ન થયેલા હોય, અને અંત સમયે શક્તિના પ્રકર્ષ માટે ઉચિત વિધિપૂર્વક અનશનમાં ઉદ્યમ કરતા હોય, તે વખતે તે મહાત્માનું ચિત્ત શક્તિના પ્રકર્ષથી વીતરાગતાને અનુકૂળ ઉદ્યમવાળું હોય છે; અને તેવા ઉત્તમ અર્થને સાધનારા એવા સાધુ વૈયાવચ્ચ કરનારા સાધુ કરતાં પણ ઘણી નિર્જરા પ્રાપ્ત કરે છે. આથી તેવા ઉત્તમ અર્થના સાધનારા સાધુની ભક્તિ કરવામાં આવે ત્યારે, તેમના તે પ્રકારના ઉત્તમ ભાવોના બહુમાનથી ભક્તિ કરનાર સાધુને તે ભાવો પ્રત્યે અત્યંત પક્ષપાત થાય છે. તેથી ઉત્તમાર્થને સાધનારા સાધુની ભક્તિમાં પણ વિશેષ પ્રકારની નિર્જરા થાય છે; અને સંયમી સાધુ નિર્જરાના અત્યંત અર્થી હોય છે, તેથી ઉત્તમાર્થને સાધતા એવા અનશન કરનાર સાધુની વૈયાવચ્ચ અપરિશ્રાન્ત થઈને કરે છે.

વળી નિર્યામણા કરનાર સાધુને માટે છિદ્ર વગરની ભૂમિ કે શિલા સંથારારૂપે કરાય છે, અને તે છિદ્ર વગરની ભૂમિ કે શિલા ઉપર તે અનશન કરનાર સાધુ જે પ્રમાણે સમાધિ રહે તે પ્રમાણે ઊભા રહીને કે બેસીને ધર્મધ્યાનમાં ઉદ્યમ કરે છે; અને કોઈ અનશન કરનાર સાધુ શિલા આદિ ઉપર ઊભા રહીને કે બેસીને ધર્મધ્યાનમાં ઉદ્યમ ન કરી શકતા હોય તો તેમના માટે સૂતેલી અવસ્થામાં પણ ધર્મધ્યાનમાં ઉદ્યમ કરવાની વિધિ છે, અને તેના માટે પ્રતિચર્યા કરનાર સાધુઓ સાંધા વગરનું ફલક મળે તો યાચના કરીને લઈ આવે અને સાંધા વગરનું ફલક ન મળે તો બે આદિ સાંધાવાળું પણ ફલક લાવે.

આશય એ છે કે સાંધાવાળા લાકડામાં કોઈ જીવજંતુની વિરાધના થવાની સંભાવના રહે, તેથી સાંધા વગરનું મળે તો પ્રથમ તેવું ફલક લાવવા પ્રયત્ન કરે, પરંતુ સાંધા વગરનું ફલક ઉપલબ્ધ ન હોય તો કૃતાદિ દોષપૂર્વક સાંધા વગરનું ફલક લાવવા સાધુ યત્ન ન કરે, પરંતુ કૃતાદિ દોષ વગર એક-બે આદિ સાંધાવાળું ફલક મળે તો તેવું લઈ આવે, અને યતનાપૂર્વક તેના ઉપર સંથારો પાથરે અને ઉત્સર્ગથી સંથારિયું અને ઉત્તરપટ્ટો પાથરીને તેના ઉપર અનશન કરનાર સૂઈને કે અનુકૂળતા પ્રમાણે બેસીને ધર્મધ્યાનમાં ઉદ્યમ કરે. હવે જો માત્ર સંથારિયું અને ઉત્તરપટ્ટો રાખવામાં આવે અને કૃશ શરીર હોવાને કારણે અનશન કરનાર સાધુ તેનાથી ધર્મધ્યાનમાં ઉદ્યમ ન કરી શકે, તો અપવાદથી ઘણાં વસ્ત્રો પણ તેના ઉપર પાથરે, જેથી અનશન કરનારને ધર્મધ્યાનમાં ઉપષ્ટંભક થાય. આ રીતે અપવાદથી ઘણાં વસ્ત્રો સ્થાપન કરવા છતાં દેહની પીડાથી વ્યથિત થયેલ તે સાધુ ધર્મધ્યાનમાં ઉદ્યમ ન કરી શકે તો છિદ્ર વગરના દર્ભાદિ આસનો પણ પાથરે, અને છિદ્ર વગરના દર્ભાદિ આસનો ન મળે તો છિદ્રવાળા પણ તે દર્ભાદિ આસનો લાવીને તે સાધુની સમાધિ માટે પ્રતિચારક સાધુઓ યત્ન કરે; અને તેનાથી પણ તે સાધુ ધર્મધ્યાનમાં ઉદ્યમ ન કરી શકે તો રૂના તકિયા વગેરે પણ લાવીને અનશન કરનારને ધર્મધ્યાનમાં સહાયક બને. આ પ્રકારની અનશન કરનારની સંથારો કરવાની વિધિ બતાવી.

હવે અનશન કરનાર સાધુ શરીરથી સમર્થ હોય તો ઉપધિની પ્રતિલેખના સ્વયં જ કરે છે, અને શરીરથી અસમર્થ હોય તો તેની ઉપધિની પ્રતિલેખના અન્ય સાધુઓ કરી આપે.

વળી અનશન કરનાર સાધુ કાયાથી ઉપચિત બલવાળા હોય તો માત્રુ આદિ માટે બહાર નિષ્ક્રમણ-પ્રવેશ આદિ અન્ય સાધુઓ દ્વારા તેમને સહાયતાપૂર્વક કરાવાય છે, અને અસમર્થ હોય તો વૈયાવચ્ચ કરનારાઓ તે સર્વ સંથારામાં રહીને કરાવે છે. આનાથી એ ફલિત થાય કે અનશન કરનાર સાધુ જ્યાં સુધી પોતાની ઉપધિની પ્રતિલેખના કે માત્રુ આદિ ક્રિયા સ્વયં કરી શકતા હોય ત્યાં સુધી અન્ય પાસે કરાવે નહિ, પરંતુ જ્યારે શરીરની ક્ષમતા ન હોય ત્યારે જ અન્ય પાસે કરાવે, જેથી પોતાના બલવીર્યનું ગોપવન ન થાય અને અપ્રમાદની વૃદ્ધિ થાય.

વળી તે અનશન કરનાર સાધુ સમાધિપૂર્વક ધર્મધ્યાનમાં ઉદ્યમ કરી શકે તેના માટે મૃદુ સંથારો કરવો જોઈએ. આ રીતે તેની સમાધિ માટે સર્વ ઉચિત યત્ન કરવા છતાં ક્ષુધા કે તૃષાથી પીડિત એવા તે અનશન કરનાર સાધુ ધર્મધ્યાનમાં ઉદ્યમ ન કરી શકે, અને વારંવાર દેહની પીડાને કે ક્ષુધા-તૃષાની પીડાને સ્મરણ કરીને વિહ્વળ થતા હોય, તો ગીતાર્થો તેને પ્રત્યાખ્યાનના નિસ્તારક એવા દેશવિરત શ્રાવક આદિના દૃષ્ટાંત

દ્વારા પ્રોત્સાહિત કરે છે, અર્થાત્ કહે છે કે 'જેઓ સર્વવિરતિ માટે સમર્થ નથી એવા દેશવિરત શ્રાવકોએ પણ અંત સમયે ઉત્તમ અર્થની સિદ્ધિ માટે મહાધૈર્યપૂર્વક અનશનને સ્વીકાર્યું છે, અને પૂર્ણ સત્ત્વથી તેનું પાલન કરીને સંસારને પરિમિત કરી શક્યા છે; જ્યારે સર્વવિરતિ પાલન કરનારા સાધુઓ તો દેશવિરત શ્રાવકો કરતાં અધિક સત્ત્વવાળા હોય છે, તેથી ઉત્તમ અર્થની પ્રાપ્તિનું અનન્ય કારણ એવું આ અનશન સાધુઓ તો સુખે સુખે નિર્વાહ કરે છે. માટે તેઓનું સ્મરણ કરીને ચિત્તને ધર્મધ્યાનમાં સ્થાપન કરવું જોઈએ.' આ રીતે પ્રોત્સાહિત થયેલા નિર્યામણા કરનાર સાધુ ક્ષુધા-તૃષા કે દેહની પીડાને ભૂલીને ધર્મધ્યાન સાધી શકે તે રીતે ગીતાર્થો પ્રેરણા કરે છે.

હવે કોઈ સાધુ અનેક રીતે પ્રોત્સાહિત કરાયેલા પણ ક્ષુધા કે તૃષાથી વ્યાકુળ થઈને ભક્ત કે પાનની માગણી કરે ત્યારે ગીતાર્થ સાધુઓ પરીક્ષા કરે કે પાસે રહેલા કોઈ ક્ષુદ્ર દેવતાથી આ સાધુ છલિત છે માટે આ પ્રમાણે બોલે છે ? કે સ્વભાવથી બોલે છે ? આ પ્રકારની પરીક્ષાનું કારણ એ છે કે તે ક્ષેત્રમાં રહેલા ક્ષુદ્ર દેવતાઓ ક્ષુદ્ર પ્રકૃતિવાળા હોવાથી ક્યારેક સંયમી સાધુના શરીરમાં પ્રવેશીને આ પ્રકારે અનુચિત પ્રવૃત્તિ કરાવીને પોતાની મનોવૃત્તિને પોષતા હોય છે. તેથી ગીતાર્થ સાધુ તેને પ્રશ્નો પૂછવા દ્વારા નિર્ણય કરે કે 'આ સાધુ સર્વ પ્રશ્નોના યથાર્થ જવાબ આપે છે, તેથી ક્ષુદ્ર દેવતાથી છલિત નથી, પરંતુ સ્વભાવથી ભક્તપાનની માગણી કરે છે.' આ પ્રમાણે નિર્ણય થાય ત્યારે તેના અંત સમયના ધર્મધ્યાનના વ્યાઘાતને જોઈને યથોચિત અન્ન-પાન આપે છે.

અહીં પ્રશ્ન થાય કે જાવજ્જીવની પ્રતિજ્ઞા કર્યા પછી આ રીતે આહાર કે પાણી કેમ આપી શકાય ? તેથી કહે છે –

આ અપાયેલો આહાર પરિષહરૂપી શત્રુના નાશ માટે કવચપ્રાયઃ છે, માટે દોષરૂપ નથી. આશય એ છે કે સાધુઓ સંયમ ગ્રહણ કરે છે ત્યારે દેહને સંયમના ઉપકરણરૂપે જ રાખે છે, સંસારી અવસ્થાના દેહનો તો ત્યાગ કરીને આવે છે. તેથી સાધુ પરિગ્રહ વગરના હોય છે, અને અનશન વખતે તે શરીરને પણ સાધુ પરઠવી દે છે. આથી જ હવે શરીરનું કોઈ પરિકર્મ કરતા નથી કે આહારાદિથી તેનું પાલન પણ કરતા નથી, પરંતુ સત્ત્વના ઉત્કર્ષથી દેહથી ભિન્ન એવા પોતાના આત્માના સ્વરૂપમાં તન્મય થવા માટે ધર્મધ્યાનમાં ઉદ્યમ કરે છે. તેથી ત્યાગ કરેલા દેહવાળા એવા અનશનધારી સાધુ પણ ધર્મધ્યાનની સમાધિ દ્વારા આત્મતત્ત્વનું ભાવન કરવા સમર્થ ન બને ત્યારે, તે ધર્મધ્યાનના સંધાન માટે ક્ષુધા કે તૃષાથી વ્યાકુળ થયેલા તે સાધુની વ્યાકુળતા દૂર કરવા માટે ઉપયોગી એટલા માત્ર આહાર કે પાણી આપીને તેના ધર્મધ્યાનના પ્રતિસંધાન માટેનો યત્ન ગીતાર્થો કરે છે. તેથી તે આહાર વ્રતભંગનું કારણ નથી કે તેની લાલસાને પોષવાનો ઉપાય નથી, પરંતુ પરિષહોથી વ્યાકુળ થઈને દુર્ધ્યાનમાં વર્તતા તે સાધુને મોહના નાશ માટેના ઉદ્યમમાં કવચનું કાર્ય કરે છે, માટે દોષરૂપ નથી અર્થાત્ જેમ કવચથી રક્ષાયેલ સૈનિક યુદ્ધભૂમિમાં શત્રુનો વિનાશ કરવા સમર્થ બને છે, તેમ આહાર આદિથી સ્વસ્થ થયેલા સાધુ મોહના ઉન્મૂલન માટે ફરી સુદૃઢ વ્યાપાર કરી શકે છે. તેથી તેની અંતસમયની સ્થિતિને અનુસાર ગીતાર્થો આહારાદિ આપીને પણ તેને સમાધિપૂર્વક અનશનના પારને કરાવે છે.

વળી અનશન કરનાર સાધુ કાળ કરી જાય પછી ચિલ્નકરણાદિ વિધિપૂર્વક તેના દેહનું પરિષ્ઠાપન કરવું જોઈએ. આ રીતે અનશનવિધિનું વક્તવ્ય કર્યા પછી હવે, અનશન કરનાર કદાચ પાર ન ઊતરે એવી સંભાવના લાગતી હોય તો ગીતાર્થ શું કરે ? તે બતાવવા માટે કહે છે –

તે ભક્તપ્રત્યાખ્યાન કરનાર સાધુ ગૃહસ્થો આગળ પ્રકાશિત કરાતા નથી; કેમ કે ક્ષુધા-તૃષા પરિષહ સહન ન કરી શકે તો ધર્મધ્યાનનો વ્યાઘાત થાય, અને અનશન મૂકી દે તો સમસ્ત પ્રવચનની લઘુતાની પ્રાપ્તિ થાય, અને લોકોમાં જણાય કે આ ભગવાનના શાસનમાં શક્તિ અનુસાર ઉચિત કૃત્યો કરવાની વિધિ નથી. આથી જ આ સાધુ જાવજ્જીવનું પચ્ચક્ખાણ લઈને હવે આહારાદિ પણ ગ્રહણ કરે છે. વળી કોઈ સાધુએ અનશન કરેલું હોય, અને કોઈક રીતે લોકોમાં જ્ઞાત હોય અને પરિષહથી તે વ્યાઘાત પામે, અને પચ્ચક્ખાણના પારને ન પામી શકે, તો ગીતાર્થો ઉચિત ઉપાય કરીને પ્રવચનના ઉડ્ડાહનું રક્ષણ કરવા પ્રયત્ન કરે, અને અંતે લોકોમાં જ્ઞાત એવા અનશન કરનારને સહાયપૂર્વક અન્યત્ર મોકલી આપે, જેથી પ્રવચનનો ઉડ્ડાહ ન થાય. વળી કોઈ સાધુએ અનશન કરેલું હોય અને વ્યાઘાત પામેલ હોય, તેની પણ કોઈ સાધુ નિંદા કરે તો અનુદ્ઘાત ચારમાસનું પ્રાયશ્ચિત્ત આવે.

આનાથી એ ફલિત થાય કે કોઈક રીતે વ્યાઘાત પામેલા પણ અનશન કરનાર સાધુ નિંદાપાત્ર નથી; કેમ કે અનશન કરીને ઉત્તમાર્થ સાધવાની મનોવૃત્તિવાળા હતા, અને શક્તિના અભાવથી તેની નિષ્ઠાને વહન કરી શક્યા નહિ, તોપણ તે આરાધક સાધુ ઉચિત ઉપાય દ્વારા સંયમની શુદ્ધિ કરતા હોય, તો તેમની નિંદા કરવાથી પાપની જ પ્રાપ્તિ થાય.

વળી જે અનશન કરનાર સાધુ લોકોમાં જ્ઞાત નથી, તે સાધુ અનશનના નિસ્તારને ન પામે તોપણ પ્રવચનનો ઉડ્ડાહ ઇત્યાદિ નથી. અહીં આદિ પદથી તે સાધુ ગીતાર્થોના અનુશાસન પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરીને સંયમની આરાધના કરે, કે શક્તિ અનુસાર આહારાદિની સંલેખના કરીને અંતિમ જીવન ધર્મધ્યાનમય પસાર કરી શકે તો તેનું અહિત પણ નથી, તેનો સંગ્રહ થાય છે.

હવે આખા કથનનું નિગમન કરતાં કહે છે –

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે વર્તમાનમાં ગીતાર્થ એવા નિર્યાપકો છે અને તે નિર્યામણાની આ પ્રમાણે વિધિ પણ છે. તે કારણથી હમણાં પણ નિર્યામણા કરાવનાર સાધુઓ છે, તેથી ચારિત્રની આરાધનાનો નિર્વાહ થઈ શકે છે. માટે દુપ્પસહસૂરિ સુધી અવિચ્છિન્ન ચારિત્ર છે, એમ સિદ્ધ થાય છે.

અહીં વિશેષ એ છે કે નિર્યામણા કરવાની વિધિમાં કહેલ કે ગુરુએ આ નિર્યામણા કરનાર સાધુ પ્રત્યાખ્યાનના પારને પામશે કે નહિ તેનો સ્વયં નિર્ણય કરવો જોઈએ અથવા દેવતાદિના ઉપદેશથી નિર્ણય કરવો જોઈએ. તેથી એ ફલિત થાય કે જે સાધુઓ આરાધક છે, પરંતુ નિર્યામણા કરવાને અનુકૂળ શક્તિના સંચયવાળા નથી, તેઓને નિર્યામણા કરવાનો નિષેધ છે; આમ છતાં અંતસમય નજીક જણાય તો આહારનો, કષાયોનો અને ઇંદ્રિયોનો સંકોચ કરવા માટે સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરે તો દોષ નથી, પરંતુ જાવજ્જીવ

ભક્તપ્રત્યાખ્યાન કરીને નિસ્તાર ન પામે તો દોષની સંભાવના રહે. માટે કાળને અનુરૂપ ગીતાર્થનો સંયોગ વિદ્યમાન હોય, પોતાને પણ નિષ્ઠા સુધી પહોંચવા ધર્મધ્યાનની શક્તિનો સંચય થયો હોય, તો તેવા સાધુ વર્તમાનમાં પણ અનશન કરે અને તેનાથી સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે, તે ઉચિત જણાય છે. **॥૨૦૧॥**

અવતરણિકા :-

દર્શનજ્ઞાનાભ્યામેવ તીર્થં પ્રવર્ત્તત ઇત્યત્ર દોષમાહ –

અવતરણિકાર્થ :-

દર્શન-જ્ઞાન દ્વારા જ તીર્થ પ્રવર્તે છે, એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં દોષને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૪માં પૂર્વપક્ષીએ કહેલ કે હમણાં નિર્યાપકો નથી, તેથી ચારિત્રની શુદ્ધિનો સંભવ નથી, માટે જ્ઞાન-દર્શન દ્વારા જ તીર્થ પ્રવર્તમાન ભાસે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૨૦૧માં વર્તમાનમાં પણ નિર્યાપકો છે માટે ચારિત્ર છે, તેમ યુક્તિથી સ્થાપન કર્યું. હવે જ્ઞાન-દર્શન દ્વારા જ તીર્થ પ્રવર્તે છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તે સ્વીકારવામાં શું દોષ પ્રાપ્ત થાય ? તે કહે છે –

ગાથા :-

दंसणनाणठिअं जइ, तित्थं तो सेणियाइआ समणा ।
इय णरएसुप्पत्ती, तेसिं जुत्ता ण वुत्तुं जे ।।२०२।।

અન્વયાર્થ :-

जइ=જો, दंसणनाणठिअं=દર્શન-જ્ઞાનથી સ્થિત, तित्थं=તીર્થ છે, तो=તો, सेणियाइआ समणा=શ્રેણિકાદિ શ્રમણો પ્રાપ્ત થયા, इय=એ રીતે, तेसिं=તેઓની=શ્રેણિકાદિની, णरएसुप्पत्ती=નરકમાં ઉત્પત્તિ, वुत्तुं=કહેવી, ण जुत्ता=યુક્ત નથી, 'जे' પાદપૂરણમાં છે. ॥૨૦૨॥

ગાથાર્થ :-

જો દર્શન-જ્ઞાનથી સ્થિત તીર્થ છે તો શ્રેણિકાદિ શ્રમણો પ્રાપ્ત થયા, એ રીતે તેઓની નરકમાં ઉત્પત્તિ કહેવી યુક્ત નથી. ॥૨૦૨॥

ટીકા :-

'दंसण'त्ति। दर्शनज्ञानाभ्यां स्थितं यदि तीर्थं मन्यसे त्वं तदा श्रेणिकादयोऽपि श्रमणाः प्राप्तास्तेषामपि ज्ञानदर्शनभावात्, इयं=एवं, तेषां=श्रेणिकादीनां नरकेषूत्पत्तिर्न वक्तुं युक्ता, श्रमणगुणयुक्तस्य नरकेष्वनुत्पादादिति ।।२०२।।

ટીકાર્થ :-

दर्शनज्ञानाभ्यां ..... नरकेष्वनुत्पादादिति ।। દર્શન-જ્ઞાનથી સ્થિત તીર્થ જો તું માને છે, તો શ્રેણિકાદિ પણ શ્રમણો પ્રાપ્ત થયા; કેમ કે તેઓમાં પણ જ્ઞાન-દર્શનનો ભાવ છે. એ રીતે=શ્રેણિકાદિ શ્રમણો પ્રાપ્ત થયા એ રીતે, તેઓની=શ્રેણિકાદિની, નરકમાં ઉત્પત્તિ કહેવી યુક્ત નથી; કેમ કે શ્રમણગુણયુક્તનો નરકમાં અનુત્પાદ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૦૨।।

ભાવાર્થ :-

'તારે તે તીર્થ' એ પ્રકારની 'તીર્થ' શબ્દની વ્યુત્પત્તિ છે, અને તે તારવામાં નિમિત્ત કારણ એવા સ્થાવર તીર્થો તીર્થસ્થળો છે, અને તારવામાં નિમિત્ત કારણ એવા જંગમ તીર્થો સુસાધુ આદિ છે, અને જીવમાં વર્તતો મોહના ઉન્મૂલનને અનુકૂળ શાસ્ત્રાનુસારી ઉદ્યમ એ જીવની પરિણતિરૂપ ભાવતીર્થ છે. આ ભાવતીર્થ તરવા માટેનું ઉપાદાનકારણ છે અને તેનાથી જીવ અવશ્ય તરે છે, અને આ ભાવતીર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ છે. તેથી જે મુનિઓ આ રત્નત્રયીમાં ઉદ્યમ કરી રહ્યા છે, તેઓમાં વર્તતી રત્નત્રયીની પરિણતિ સંસારસાગરને તરવાનું પ્રબળ કારણ છે માટે તીર્થ છે.

હવે પૂર્વપક્ષી કહે છે તે પ્રમાણે જો વર્તમાનનું તીર્થ દર્શન-જ્ઞાનરૂપ છે તેમ સ્વીકારવામાં આવે, તો એ પ્રાપ્ત થાય કે વર્તમાનમાં જેઓ દર્શન-જ્ઞાનમાં પૂર્ણ ઉદ્યમ કરે છે, તેઓમાં મોહના ઉન્મૂલનને અનુકૂળ એવું તીર્થ પ્રવર્તે છે. તેથી જેમ પૂર્વમાં રત્નત્રયીની પરિણતિરૂપ તીર્થ હતું, તેમ વર્તમાનમાં ક્ષીણશક્તિને કારણે દર્શન-જ્ઞાનરૂપ તીર્થ છે; અને જેઓ તીર્થમાં છે તેઓ મોહના ઉન્મૂલનને માટે સર્વ ઉદ્યમ કરનારા છે માટે શ્રમણ છે; અને દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરનાર મોહના ઉન્મૂલન માટે ઉદ્યમ કરનારા હોવાથી શ્રમણો છે, એમ સ્વીકારીએ, તો શ્રેણિક આદિને પણ શ્રમણો સ્વીકારવા પડે; અને શ્રેણિકાદિને શ્રમણ સ્વીકારીએ તો તેઓની નરકમાં ઉત્પત્તિ કહેવી સંગત થાય નહિ; કેમ કે જે જીવ ભગવાનના તીર્થનું અવલંબન લઈને પૂર્ણ શક્તિથી ગુણનિષ્પત્તિમાં શ્રમ કરતા હોય તે શ્રમણગુણયુક્ત કહેવાય, અને તેવા શ્રમણગુણથી યુક્ત નરકમાં ઉત્પન્ન થઈ શકે નહિ.

હવે જો ભગવાનનું શાસન દર્શન-જ્ઞાનરૂપ હોય તો જેઓ જ્ઞાન-દર્શનમાં સમ્યક્ શ્રમ કરતા હોય તેઓ તીર્થમાં છે, માટે શ્રમણગુણયુક્ત છે, તેથી નરકમાં જઈ શકે નહિ, તેમ માનવું પડે. તેથી ફલિત થાય છે કે તીર્થ દર્શન-જ્ઞાનરૂપ નથી, પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, અને જેઓ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરતા હોય તેઓ નરકમાં જઈ શકે નહિ.

અહીં પ્રશ્ન થાય કે શ્રેણિકાદિ તો વીરભગવાનના કાળમાં હતા, અને ત્યારે તો તીર્થ રત્નત્રયીરૂપ હતું, પરંતુ દર્શન-જ્ઞાનરૂપ ન હતું. તેથી શ્રેણિકાદિને શ્રમણ કેમ કહ્યા ? તેનો આશય એ છે કે પૂર્વપક્ષીના કહેવા પ્રમાણે વર્તમાનમાં જ્ઞાન-દર્શનરૂપ તીર્થ છે તેમ સ્વીકારીએ, તો વર્તમાનમાં જેઓ દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરે

છે તેઓ શ્રમણગુણયુક્ત છે અને તે જીવો નરકમાં જઈ શકે નહિ; અને તેમ સ્વીકારીએ તો વર્તમાનમાં કોઈ જીવ દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરતા હોય તેઓ પણ શ્રમણગુણયુક્ત હોવાથી નરકમાં જશે નહિ, અને તેમ સ્વીકારવામાં આવે તો વીરભગવાનના કાળમાં પણ ભલે તીર્થ રત્નત્રયીરૂપ હતું તોપણ શ્રેણિકાદિ દર્શન-જ્ઞાનગુણયુક્ત હતા, અને જેમ વર્તમાનના આરાધક જીવો દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરીને તરી શકે, પરંતુ નરકમાં જાય નહિ એમ સ્વીકારીએ, તો તેની જેમ શ્રેણિકાદિ પણ દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરનારા હોવાથી નરકમાં જવા જોઈએ નહિ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય જણાય છે. **॥૨૦૨॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

ભાવાર્થ :-

દર્શન-જ્ઞાન દ્વારા જ તીર્થ પ્રવર્તે છે એમ જે પૂર્વપક્ષી કહે છે, તેમ સ્વીકારવામાં બીજો દોષ શું પ્રાપ્ત થાય છે ? તેનો સમુચ્ચય કરવા માટે 'किञ्च'થી કહે છે –

ગાથા :-

तित्थस्स ठिई मिच्छा, वाससहस्साणि इक्कवीसं च ।
जेणं सव्वसमासु वि, दंसणनाणाइँ जग्गंति ।।२०३।।

અન્વયાર્થ :-

च=અને, तित्थस्स ठिई=તીર્થની સ્થિતિ, इक्कवीसं वाससहस्साणि=એકવીસ હજાર વર્ષ શાસ્ત્રમાં કહેલ છે તે, मिच्छा=મિથ્યા થાય, जेणं=જે કારણથી, सव्वसमासु वि=સર્વ આરાઓમાં પણ, दंसणनाणाइँ= દર્શન-જ્ઞાન, जग्गंति=જાગૃત છે. ॥૨૦૩॥

ગાથાર્થ :-

અને તીર્થની સ્થિતિ એકવીસ હજાર વર્ષ શાસ્ત્રમાં કહેલ છે, તે મિથ્યા થાય, જે કારણથી સર્વ આરાઓમાં પણ દર્શન-જ્ઞાન જાગૃત છે. ॥૨૦૩॥

ટીકા :-

'तित्थस्स'त्ति। तीर्थस्य स्थितिरेकविंशतिवर्षसहस्राणि या भगवता भगवत्यामभिहिता सापि मिथ्या स्यात्, येन सर्वासु षट्स्वपि समासु दर्शनज्ञानानि जाग्रति, तथा च चिरकालमपि तीर्था-नुषञ्जनप्रसक्तिरिति ।।२०३।।

ટીકાર્થ :-

तीर्थस्य ..... तीर्थानुजज्जनप्रसक्तिरिति ।। તીર્થની સ્થિતિ એકવીસ હજાર વર્ષ જે ભગવાન વડે ભગવતીમાં કહેવાઈ તે પણ મિથ્યા થાય, જે કારણથી સર્વમાં પણ=છએ આરાઓમાં પણ, દર્શન-જ્ઞાન જાગૃત છે, અને તે રીતે=છએ આરાઓમાં દર્શન-જ્ઞાનરૂપ તીર્થ છે તે રીતે, ચિરકાળ પણ=પાંચમા આરાના એકવીસ હજાર વર્ષ પછી પણ, તીર્થની અનુવૃત્તિની પ્રસક્તિ છે=છઠ્ઠા આરામાં પણ તીર્થ સ્વીકારવાની આપત્તિ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૩॥

ભાવાર્થ :-

ગાથા-૩૪માં પૂર્વપક્ષીએ કહેલ તેમ વર્તમાનમાં દર્શન-જ્ઞાન દ્વારા જ તીર્થ છે, તેમ સ્વીકારીએ તો ભગવતીસૂત્રના વચન સાથે વિરોધ આવે છે. તે બતાવતાં કહે છે –

ભગવાન વડે ભગવતીસૂત્રમાં કહેવાયું છે કે પાંચમા આરાના એકવીસ હજાર વર્ષ સુધી તીર્થની સ્થિતિ છે. હવે જો દર્શન-જ્ઞાન દ્વારા વીરભગવાનનું તીર્થ છે તેમ સ્વીકારીએ તો છઠ્ઠા આરામાં પણ તીર્થને સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે છએ આરામાં દર્શન-જ્ઞાન હોય છે.

આશય એ છે કે ભગવાનનું તીર્થ છઠ્ઠા આરામાં વિચ્છિન્ન થવા છતાં કોઈક નિમિત્તને પામીને કોઈકને જાતિસ્મરણ થાય તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ શકે છે, તેમ જ પૂર્વભવનું ભણેલું શ્રુતજ્ઞાન ઉપસ્થિત થઈ શકે છે તેથી છઠ્ઠા આરામાં જ્ઞાન-દર્શનની પ્રાપ્તિ છે અને તે રીતે પ્રથમના ત્રણ આરામાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનો સંભવ છે, તેથી તીર્થનો વિચ્છેદ પ્રાપ્ત થાય નહીં. માટે ભગવાનના વચન પ્રમાણે એકવીસ હજાર વર્ષ પછી તીર્થ વિચ્છિન્ન થશે તે વાતની સંગતિ કરવા માટે તીર્થને રત્નત્રયીરૂપ સ્વીકારવું જોઈએ. **॥૨૦૩॥**

અવતરણિકા :-

अपि च –

અવતરણિકાર્થ :-

વળી –

ભાવાર્થ :-

દર્શન-જ્ઞાન દ્વારા જ તીર્થ પ્રવર્તે છે એમ જે પૂર્વપક્ષી કહે છે તેમ સ્વીકારવામાં ત્રીજો દોષ શું પ્રાપ્ત થાય છે ? તેનો સમુચ્ચય કરવા માટે 'अपि च'થી કહે છે –

ગાથા :-

सव्वगईसु वि सिद्धी, तब्भवसिद्धी अणुत्तराण भवे ।
तम्हा णियंठसंजमदुगम्मि तित्थं ठियं होइ ।।२०४।।

અન્વયાર્થ :-

સવ્વગઈસુ વિ=સર્વ ગતિઓમાં પણ, સિદ્ધી=સિદ્ધિ થાય, અણુત્તરાણ=અનુત્તર દેવોને, તબ્ભવસિદ્ધી=તદ્ભવસિદ્ધિ=દેવભવમાં સિદ્ધિ, ભવે=થાય, તમ્હા=તે કારણથી=ગાથા-૨૦૨માં કહ્યું તેમ દર્શન-જ્ઞાન દ્વારા તીર્થ માનીએ તો શ્રેણિકાદિની નરકમાં ઉત્પત્તિ ન થાય, ગાથા-૨૦૩માં કહ્યું તેમ છઠ્ઠા આરામાં તીર્થ માનવાની આપત્તિ આવે અને ગાથા-૨૦૪ના પૂર્વાર્ધમાં કહ્યું તેમ સર્વ ગતિઓમાં સિદ્ધિ સ્વીકારવાની આપત્તિ આવે અને અનુત્તરદેવોને દેવભવમાં જ સિદ્ધિ સ્વીકારવાની આપત્તિ આવે તે કારણથી, णियंठसंजमदुगम्मि=નિર્ગ્રંથદ્વિક અને સંયમદ્વિકમાં, तित्थं=તીર્થ, ठियं होइ=સ્થિત છે. ।।૨૦૪।।

ગાથાર્થ :-

સર્વગતિઓમાં પણ સિદ્ધિ થાય, અનુત્તરદેવોને દેવભવમાં સિદ્ધિ થાય, તે કારણથી નિર્ગ્રંથદ્વિક અને સંયમદ્વિકમાં તીર્થ સ્થિત છે. ।।૨૦૪।।

ટીકા :-

'सव्वगईसु वि'त्ति। सर्वास्वपि गतिषु सिद्धिः स्यात्, सम्यग्दर्शनज्ञानयुक्तानां सर्वगतिष्वपि भावात्, तथा अनुत्तराणाम्=अनुत्तरोपपातिकदेवानां, तद्भवसिद्धिः स्यात्, तेषामनुत्तरज्ञानदर्शनोपेतत्वात्, न चैतदिष्टं तस्मान्निर्ग्रन्थद्विके–बकुशप्रतिसेवकलक्षणे संयमद्विके च-इत्वरसामायिकच्छेदोपस्थापनीय-लक्षणे तीर्थं स्थितं भवतीति प्रतिपत्तव्यम्, तस्मात्तीर्थस्थित्यन्यथानुपपत्त्या चारित्रं सिद्धम् ।।२०४।।

ટીકાર્થ :-

सर्वास्वपि ..... चारित्रं सिद्धम् ।। સર્વ પણ ગતિઓમાં સિદ્ધિ થાય; કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાનયુક્ત જીવો સર્વગતિઓમાં પણ છે, અને અનુત્તરોને=અનુત્તરોપપાતિક દેવોને, તદ્ભવસિદ્ધિ થાય; કેમ કે તેઓનું અનુત્તરજ્ઞાનદર્શનયુક્તપણું છે, અને આ=ગાથા-૨૦૨-૨૦૩ અને ૨૦૪ના પૂર્વાર્ધમાં કહ્યું એ, ઇષ્ટ નથી. તે કારણથી નિર્ગ્રંથદ્વિકમાં=બકુશપ્રતિસેવક રૂપ નિર્ગ્રંથદ્વિકમાં અને ઇત્વરસામાયિક અને છેદોપસ્થાનીયરૂપ સંયમદ્વિકમાં તીર્થ સ્થિત છે એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. તે કારણથી=પૂર્વમાં ગાથા-૨૦૨થી અત્યાર સુધી દર્શન-જ્ઞાન દ્વારા તીર્થ સ્વીકારવામાં દોષો આપ્યા તે કારણથી, તીર્થસ્થિતિની અન્યથા અનુપપત્તિને કારણે=તીર્થની સ્થિતિની ચારિત્ર વગર અનુપપત્તિને કારણે, ચારિત્ર સિદ્ધ છે= વર્તમાનમાં ચારિત્ર છે એમ સિદ્ધ છે. ।।૨૦૪।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે છે તેમ દર્શન-જ્ઞાન દ્વારા તીર્થ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે જેઓ દર્શન-જ્ઞાનમાં ઉદ્યમ કરે છે, તેઓનો ઉદ્યમ પ્રકર્ષવાળો થાય તો તેઓ સિદ્ધિપદને પામે; કેમ કે તીર્થનો અર્થ છે કે જેનું સમ્યગ્ સેવન કરવામાં આવે તો તે તીર્થ સંસારસાગરથી તારે છે; અને જો વર્તમાનનું તીર્થ દર્શન-જ્ઞાનરૂપ છે, તેમ સ્વીકારીએ તો દર્શન-જ્ઞાનવાળા જીવો ચારે ગતિમાં છે, અને જો તેઓ દર્શન-જ્ઞાનમાં પ્રકૃષ્ટ ઉદ્યમ કરે તો દર્શન-જ્ઞાનરૂપ તીર્થ દ્વારા તેઓ મોહના નિસ્તારને પામે, અને તેમ સ્વીકારીએ તો ચારેગતિમાંથી સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે, તેમ માનવાની આપત્તિ આવે.

વળી અનુત્તરવાસી દેવો તો અનુત્તર કોટીના જ્ઞાન અને દર્શનથી યુક્ત છે. તેથી જો જ્ઞાન-દર્શનરૂપ તીર્થ હોય તો તેઓને અનુત્તરકોટીના જ્ઞાન-દર્શનથી અવશ્ય તે ભવમાં સિદ્ધિની પ્રાપ્તિ થાય.

વળી ગાથા-૨૦૨થી અત્યાર સુધી જે દોષો બતાવ્યા તે ઇષ્ટ નથી, તેથી જ્ઞાન-દર્શનરૂપ તીર્થ નથી, પરંતુ બકુશ અને પ્રતિસેવકરૂપ બે નિર્ગ્રંથમાં અને ઇત્વરસામાયિક અને છેદોપસ્થાપનીયરૂપ બે સંયમમાં તીર્થ છે, તેમ માનવું જોઈએ.

વળી અનુમાનપ્રયોગથી પણ વર્તમાનમાં ચારિત્ર છે, તે બતાવતાં કહે છે –

જેમ અન્યથાઅનુપપત્તિરૂપ હેતુથી સાધ્યનું અનુમાન થાય છે, તેમ વર્તમાનમાં ચારિત્ર સ્વીકાર્યા વગર તીર્થની અનુપપત્તિ હોવાને કારણે વર્તમાનમાં ચારિત્ર છે, એમ સિદ્ધ થાય છે. **॥૨૦૪॥**

अवतरणिका :-

प्रत्यक्षतोऽपि साम्प्रतं व्यावहारिकस्य चरणस्य सिद्धिरप्रतिहतेत्याह –

અવતરણિકાર્થ :-

પ્રત્યક્ષથી પણ વર્તમાનમાં વ્યાવહારિક ચારિત્રની સિદ્ધિ અપ્રતિહત છે, એ પ્રમાણે કહે છે –

ભાવાર્થ :-

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે દર્શન-જ્ઞાન દ્વારા તીર્થ નથી, પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ તીર્થ છે. હવે ભગવાને બતાવેલ ચારિત્રાચારની આચરણારૂપ ચારિત્ર વર્તમાનમાં પ્રત્યક્ષથી સિદ્ધ છે, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

सव्वण्णूहिं परूविय, छक्काय महव्वया य समिईओ ।
स च्चेव य पन्नवणा, संपइकाले वि साहूणं ।।२०५।।

અન્વયાર્થ :-

सव्वण्णूहिं=સર્વજ્ઞો વડે, छक्काय महव्वया य समिईओ=છકાય, મહાવ્રતો અને સમિતિઓ, परूविय=જે પ્રરૂપણા કરાયાં=પૂર્વસાધુઓને પ્રરૂપણા કરાયાં, स च्चेव पन्नवणा=તે જ પ્રજ્ઞાપના, संपइकाले वि= વર્તમાનકાળમાં પણ, साहूणं=સાધુઓને છે. ।।૨૦૫।।

ગાથાર્થ :-

સર્વજ્ઞો વડે છકાય, મહાવ્રતો અને સમિતિઓ જે પૂર્વસાધુઓને પ્રરૂપણા કરાયાં તે જ પ્રજ્ઞાપના વર્તમાનકાળમાં પણ સાધુઓને છે. ।।૨૦૫।।

ટીકા :-

'सव्वण्णूहिं'ति। पूर्वसाधूनां सर्वज्ञैश्चारित्रप्रतिपत्तये तद्रक्षणाय च षट्काया महाव्रतानि समितयश्च प्ररूपिताः, सैव च प्रज्ञापना सम्यगाराध्यतया सम्प्रतिकालेऽपि साधूनामस्ति, तथा च षट्कायपालनादिव्यवहारचारित्रस्य स्वसंवेदनसिद्धत्वमेवेति भावः ।।२०५।।

ટીકાર્થ :-

पूर्वसाधूनां ..... स्वसंवेदनसिद्धत्वमेवेति भावः ।। પૂર્વના સાધુઓને સર્વજ્ઞ વડે ચારિત્રની પ્રાપ્તિ માટે અને તેના રક્ષણ માટે=પ્રાપ્ત થયેલા ચારિત્રના રક્ષણ માટે, છકાય, મહાવ્રતો અને સમિતિઓ પ્રરૂપણા કરાયાં, અને તે જ પ્રજ્ઞાપના વર્તમાનકાળમાં પણ સમ્યગ્ આરાધ્યપણાથી સાધુઓને છે.

આ કથનથી શું ફલિત થાય ? તે બતાવે છે –

અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે સર્વજ્ઞ વડે ચારિત્રની પ્રાપ્તિ માટે અને રક્ષણ માટે જે ઉપાયો બતાવાયા છે, તે જ ઉપાયો વર્તમાનમાં સાધુઓને પ્રાપ્ત થાય છે તે રીતે, ષટ્કાયપાલનાદિ વ્યવહારચારિત્રનું સ્વસંવેદનસિદ્ધપણું જ છે, એ પ્રકારનો ભાવ છે. ।।૨૦૫।।

ભાવાર્થ :-

ચારિત્ર એટલે મોહના ઉન્મૂલન માટેનો સમ્યગ્ ઉદ્યમ, અને ચારિત્રની પ્રાપ્તિ માટે અને ચારિત્રના રક્ષણ માટે જેને સમ્યગ્ ઉદ્યમ કરવો હોય તેને શમભાવની વૃદ્ધિ થાય તે રીતે અંતરંગ ઉદ્યમ કરવાનો સર્વજ્ઞનો ઉપદેશ છે, અને તે અંતરંગ ઉદ્યમને પોષક અને રક્ષક એવી બાહ્ય આચરણા છકાયના પાલનનો ઉદ્યમ, પાંચ મહાવ્રતોમાં ઉદ્યમ અને પાંચ મહાવ્રતોને સુરક્ષિત રાખવા માટે સમિતિઓમાં ઉદ્યમ પૂર્વસાધુઓને સર્વજ્ઞએ બતાવેલ છે, અને તે સર્વજ્ઞના વચનાનુસાર વર્તમાનમાં પણ સાધુઓને સમ્યગ્ આરાધ્યરૂપે તે જ પ્રજ્ઞાપના કરાય છે; તેથી જેઓને તત્ત્વનો પક્ષપાત છે તેઓમાં મોક્ષમાર્ગને સેવવાની તીવ્ર રુચિ છે, માટે તેઓમાં સમ્યગ્દર્શન છે અને જેઓ શાસ્ત્રવચનાનુસાર ષટ્કાયાદિ પાલનવિષયક યથાર્થ બોધ કરે છે, તેઓમાં

સમ્યગ્જ્ઞાન પણ છે, અને આ જ ભગવાનનું વચન સમ્યગ્ આરાધ્ય છે, તેવી બુદ્ધિથી જેઓ ષટ્કાયના પાલન આદિમાં ઉદ્યમ કરનારા છે, તેઓમાં વ્યવહારનયને અભિમત ચારિત્ર સ્વસંવેદનસિદ્ધ છે, અર્થાત્ તેવા આરાધક સાધુઓને પોતાના પ્રામાણિક સંવેદનથી ચારિત્ર સિદ્ધ છે. તેથી ક્વચિત્ ગુણસ્થાનકની પરિણતિરૂપ નિશ્ચય ચારિત્ર ન હોય તોપણ વ્યવહાર ચારિત્રના બળથી ભગવાનનું તીર્થ ચારિત્રવાળું છે તેમ કહેવાય છે; કેમ કે ભગવાને બતાવેલા સમ્યગ્ વ્યવહારના પાલનથી નિશ્ચયનયને અભિમત ચારિત્ર પ્રગટ થાય છે, અને પ્રગટ થયેલું હોય તો રક્ષણ થાય છે, અને તેવું ચારિત્ર જ ભવનિસ્તારનું કારણ છે. **॥૨૦૫॥**

અવતરણિકા :-

ततश्चेदं सिद्धम् –

અવતરણિકાર્થ :-

તેનાથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે દર્શન-જ્ઞાનથી જ તીર્થ પ્રવર્તે છે તેમ માનવામાં દોષ છે પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ તીર્થ છે તેમ યુક્તિથી પૂર્વમાં સ્થાપન કર્યું તેનાથી, આ=ગાથામાં બતાવે છે એ, સિદ્ધ થયું=અર્થથી સિદ્ધ થયું –

ગાથા :-

दंसणनाणसमग्गा, तित्थस्स पभावगा भवंति दढं ।
तित्थं पुण संपुण्णं, चाउव्वण्णो समणसंघो ।।२०६।।

અન્વયાર્થ :-

दंसणनाणसमग्गा=દર્શન-જ્ઞાનથી સમગ્ર એવા સંવિગ્ન પાક્ષિકો, दढं=અતિશયથી, तित्थस्स पभावगा=તીર્થના પ્રભાવકો, भवंति=થાય છે, पुण=વળી, संपुण्णं तित्थं=સંપૂર્ણ તીર્થ, चाउव्वण्णो समणसंघो=ચતુર્વિધ શ્રમણસંઘ છે. ॥૨૦૬॥

ગાથાર્થ :-

દર્શન-જ્ઞાનથી સમગ્ર એવા સંવિગ્ન પાક્ષિકો અતિશયથી તીર્થના પ્રભાવકો થાય છે, વળી સંપૂર્ણ તીર્થ ચતુર્વિધ શ્રમણસંઘ છે. ॥૨૦૬॥

ટીકા :-

'दंसण'त्ति। दर्शनज्ञानसमग्राः क्रियातश्च हीना अपि शुद्धप्ररूपणागुणाः दृढम्=अतिशयेन, तीर्थस्य प्रभावका भवन्ति । तीर्थं पुनः सम्पूर्णं चतुर्विधश्रमणसङ्घः, तदुक्तं प्रज्ञप्त्याम् - "तित्थं भंते ! तित्थं तित्थयरे तित्थं ? गोयमा ! अरहा ताव णियमा तित्थंकरे, तित्थं पुण चाउव्वण्णे समणसंघे, तंजहा- समणा य समणीओ सावया य साविआओ ।" **त्ति। इदानीं तात्त्विकश्रमणानभ्युपगमे च द्विविधसङ्घस्यैव प्रसङ्गः,**

तात्त्विकश्रावकानभ्युपगमे च मूलत एव तद्विलोपः, सम्यक्त्वस्यापि साधुसमीपे ग्राह्यत्वेन तदभावे तस्याप्यभाव इति सर्वं कल्पनामात्रं स्यादिति न किञ्चिदेतत् ।।२०६।।

ટીકાર્થ :-

दर्शनज्ञानसमग्राः ..... न किञ्चिदेतत् ।। દર્શન-જ્ઞાનથી સમગ્ર અને ક્રિયાથી હીન પણ શુદ્ધ પ્રરૂપણા ગુણવાળા સાધુઓ દૃઢ=અતિશયથી, તીર્થના પ્રભાવક થાય છે. વળી સંપૂર્ણ તીર્થ ચતુર્વિધ શ્રમણસંઘ છે, તે ભગવતીમાં કહેવાયું છે=પૂર્વમાં કહ્યું કે સંપૂર્ણ તીર્થ ચતુર્વિધ શ્રમણસંઘ છે તે ભગવતીમાં કહેવાયું છે –

હે ભગવંત ! તીર્થ='તીર્થ' પદથી વાચ્ય એવું ચતુર્વિધ સંઘરૂપ તીર્થ, તીર્થ છે ?=તારનાર છે ? કે તીર્થંકર તીર્થ છે ?=તારનાર છે ?

તેનો ઉત્તર આપતાં ભગવંત કહે છે –

હે ગૌતમ ! અરિહંતો નિયમા તીર્થંકર છે=તીર્થના કરનારા છે. વળી તારનાર એવું તીર્થ, ચતુર્વિધ શ્રમણસંઘ છે, તે આ પ્રમાણે - શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

વળી પૂર્વપક્ષી કહે છે તેમ દર્શન-જ્ઞાનરૂપ તીર્થ સ્વીકારીએ તો વર્તમાનમાં વેશધારી સાધુ છે, તાત્ત્વિક સાધુ નથી તેમ માનવું પડે, અને તેમ સ્વીકારીએ તો ભગવતીસૂત્રમાં ચતુર્વિધ શ્રમણસંઘરૂપ તીર્થ કહેલ છે તે સંગત થાય નહિ. તે બતાવતાં કહે છે –

હમણાં તાત્ત્વિક શ્રમણનો અનભ્યુપગમ કરાયે છતે=ભગવાને બતાવેલા ષટ્કાયપાલન આદિ ઉચિત વ્યવહારોનું પાલન કરનારા એવા શ્રમણોનો અસ્વીકાર કરાયે છતે, બે પ્રકારના સંઘનો જ પ્રસંગ છે અર્થાત્ શ્રાવક-શ્રાવિકારૂપ બે પ્રકારના સંઘનો જ પ્રસંગ છે, અને તાત્ત્વિક શ્રાવકનો અસ્વીકાર કરાયે છતે=ભગવાનના વચનના ઉપદેશ અનુસાર શ્રાવકના વ્રતોનું પાલન કરનારા એવા શ્રાવકોનો અસ્વીકાર કરાયે છતે, મૂળથી જ તેનો વિલોપ છે=સંઘનો વિલોપ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે વર્તમાનમાં તાત્ત્વિક શ્રમણ અને તાત્ત્વિક શ્રાવકો કોઈ નથી, પરંતુ ભગવાને બતાવેલ માર્ગના બોધવાળા અને તેના પક્ષપાતવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો છે અને તે રૂપ જ તીર્થ છે. માટે વર્તમાનમાં દર્શન-જ્ઞાનરૂપ તીર્થ સ્વીકારવામાં કોઈ બાધ નથી. તેથી કહે છે –

સમ્યક્ત્વનું પણ સાધુની સમીપમાં ગ્રાહ્યપણું હોવાને કારણે, તેના અભાવમાં=સાધુના અભાવમાં, સમ્યક્ત્વનો પણ અભાવ છે, એથી સર્વ કલ્પનામાત્ર થાય અર્થાત્ વર્તમાનમાં સાધુના આચારો કે સમ્યક્ત્વની આચરણા પારમાર્થિક નથી, માત્ર કલ્પનારૂપ છે. માટે વર્તમાનમાં ભગવાનનું તીર્થ વિચ્છિન્ન થઈ ગયું છે, જે દેખાય છે તે ઇન્દ્રજાળ જેવું કલ્પનામાત્ર સિદ્ધ થાય. એથી આ=પૂર્વપક્ષી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન રૂપ તીર્થ કહે છે એ, ન किञ्चित्=અર્થ વગરનું છે. ।।૨૦૬।।

ભાવાર્થ :-

ગાથા-૧૮થી ગાથા-૩૪ સુધી ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષ બતાવ્યો, અને ત્યારપછી અત્યાર સુધી તે પૂર્વપક્ષનું નિરાકરણ કર્યું, અને યુક્તિથી સ્થાપન કર્યું કે વર્તમાનમાં પણ તીર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ છે. તેનાથી શું ફલિત થાય છે ? તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે.

જે આરાધક જીવો ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળા છે, અને ભગવાનના વચનના પરમાર્થને જાણનારા છે, તેઓ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી યુક્ત છે. વળી જો તેઓ ભગવાને બતાવેલા ચારિત્રાચારમાં સમ્યગ્ ઉદ્યમ કરતા હોય તો ચારિત્રાચારની ક્રિયાથી હીન નથી, તોપણ ભગવાને બતાવેલ ચારિત્રાચારની ક્રિયા અતિસત્ત્વશાળી જીવો સમ્યગ્ સેવી શકે છે, તેથી કદાચ એવું સત્ત્વ ન હોય તો ક્રિયાની આચરણા ક્ષતિવાળી હોય, છતાં ભગવાને બતાવેલા માર્ગની યથાર્થ પ્રરૂપણા કરતા હોય એવા સંવિગ્ન પાક્ષિક સાધુઓ અતિશયથી તીર્થના પ્રભાવક છે અર્થાત્ તેઓમાં રત્નત્રયીરૂપ તીર્થ નથી, તોપણ તેઓના ઉપદેશથી ચતુર્વિધ શ્રમણસંઘરૂપ તીર્થની વૃદ્ધિ થાય છે. તેથી તેવા સાધુઓ અતિશયથી તીર્થના પ્રભાવક છે.

વળી સંપૂર્ણ તીર્થ ચતુર્વિધ શ્રમણસંઘ છે અર્થાત્ માત્ર સાધુ તીર્થ નથી કે તીર્થના પ્રભાવક એવા માત્ર શુદ્ધ પ્રરુપક ગુરુ પણ તીર્થ નથી, પરંતુ ચતુર્વિધ શ્રમણસંઘ સંપૂર્ણ તીર્થ છે; અને તીર્થ સંપૂર્ણ ચતુર્વિધસંઘ છે, તેમાં સાક્ષીરૂપે ભગવતીસૂત્રનું વચન બતાવેલ છે. તેનો અર્થ એ છે કે જેમ કોઈ કહે કે ઘટ એ ઘટ છે ? કે કુંભકાર ઘટ છે ? તેમ તીર્થ તીર્થ છે ? કે તીર્થંકર તીર્થ છે ? તેવું કહેવાય નહિ; પરંતુ કમ્બુગ્રીવાદિવાળી વસ્તુ ઘટ છે ? કે અન્ય આકારવાળી વસ્તુ ઘટ છે ? તેમ પ્રશ્ન કરી શકાય. તે પ્રમાણે અહીં તીર્થ તીર્થ છે કે તીર્થને કરનાર તીર્થંકર તીર્થ છે એમ પ્રશ્ન કરી શકાય નહીં. છતાં 'તીર્થ' શબ્દથી વાચ્ય જે વસ્તુ છે, તે તારનાર છે ? કે તીર્થંકર તારનાર છે ? એ પ્રકારનો પ્રશ્ન કરેલ છે માટે દોષ નથી. તેનો ઉત્તર આપતાં કહ્યું કે અરિહંતો નિયમા તીર્થંકર છે. તેથી એ પ્રાપ્ત થાય કે અરિહંતો તારનાર એવા તીર્થને કરનારા છે, અને તારનાર એવું તીર્થ ચતુર્વિધ શ્રમણસંઘ છે=ભગવાને સ્થાપન કરેલ જ્ઞાન-દર્શન-ચારિત્રની સમ્યગ્ આચરણા કરનારા જીવોનો સમુદાય છે. તેથી તે ચતુર્વિધસંઘમાં પોતપોતાની ભૂમિકા પ્રમાણે બતાવેલી રત્નત્રયીની સમ્યગ્ આચરણા કરીને જેઓ પ્રવેશ પામે છે, તેઓ તરે છે, અને તેવા તરવાના કારણભૂત ચતુર્વિધસંઘની સ્થાપના તીર્થંકરો કરનારા છે.

વળી આ તીર્થમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવો પણ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ પણ તીર્થમાં છે અને તીર્થમાં હોવાથી તેઓ સર્વે ભવસમુદ્રથી તરી રહ્યા છે; પરંતુ ચતુર્વિધસંઘના સમુદાયથી પૃથક્ એવા માત્ર સાધુ કે માત્ર શ્રાવક કે માત્ર સમ્યગ્દૃષ્ટિ દેવો પણ તીર્થ નથી, પરંતુ તીર્થના એક અવયવ છે.

આ રીતે ચતુર્વિધ શ્રમણસંઘ તીર્થ છે, તે બતાવ્યા પછી પૂર્વપક્ષી કહે છે તેમ વર્તમાનમાં ભગવાને બતાવેલ ચારિત્ર નથી, તેમ સ્વીકારીએ તો તાત્ત્વિક સાધુઓ અને તાત્ત્વિક સાધ્વીઓનો અનભ્યુપગમ થાય અર્થાત્ ભગવાને બતાવેલ ચારિત્રાચારની ક્રિયા કરનારા સાધુઓ અને સાધ્વીઓ વર્તમાનમાં નથી, તેમ

સ્વીકારવું પડે, અને તેમ સ્વીકારીએ તો વર્તમાનમાં સાધુ-સાધ્વીરૂપ બે પ્રકારનો સંઘ નથી, તેથી શ્રાવક-શ્રાવિકારૂપ બે પ્રકારનો જ સંઘ છે, તેમ માનવાનો પ્રસંગ આવે.

વળી જેમ ભગવાનના વચનાનુસાર ક્રિયા કરનારા સાધુ-સાધ્વીઓનો વર્તમાનમાં અભાવ છે, અને જેઓ સાધુવેશ લઈને ક્રિયાઓ કરે છે તે જિનવચનાનુસાર નથી, એમ સ્વીકારીને, વર્તમાનમાં ચારિત્ર નથી એમ સ્વીકારવામાં આવે, અને તેની જેમ વળી જેઓ શ્રાવકાચાર પાળે છે, તેવા શ્રાવક-શ્રાવિકા પણ જિનવચનાનુસાર શ્રાવકના આચારો પાળતા નથી, એમ સ્વીકારીએ તો, તાત્ત્વિક શ્રાવકો અને તાત્ત્વિક શ્રાવિકાઓ હમણાં નથી, એમ માનવું પડે; અને એમ સ્વીકારીએ તો ચતુર્વિધ સંઘનો મૂળથી જ વિલોપ થાય અર્થાત્ વર્તમાનમાં કોઈ ચારિત્ર પાળનારા નથી અને કોઈ દેશવિરતિ પાળનારા પણ નથી, એમ માનવાનો પ્રસંગ આવે.

અહીં પૂર્વપક્ષી કહે કે સર્વવિરતિ અને દેશવિરતિ ચારિત્રની ક્રિયાઓ વર્તમાનમાં જિનવચનાનુસાર નથી, તેથી સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ હમણાં નથી તોપણ ભગવાનના વચનનો બોધ અને ભગવાનના વચનની રુચિ ધરાવનારા જીવો છે, તેથી જ્ઞાન-દર્શન દ્વારા તીર્થ વ્યવસ્થિત છે, તેને ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રમર્યાદા અનુસાર સમ્યક્ત્વ પણ સાધુની સમીપમાં ગ્રહણ કરવાનું છે, અને પૂર્વપક્ષીના મતાનુસાર કોઈ સાધુ ન હોય તો સમ્યક્ત્વનું ગ્રહણ પણ થઈ શકે નહિ. તેથી જેમ ચારિત્રાચારની ક્રિયા કે દેશવિરતિની ક્રિયા વર્તમાનમાં નથી, એમ પૂર્વપક્ષી કહે છે, તેમ સમ્યક્ત્વગ્રહણની ક્રિયા પણ વર્તમાનમાં નથી, એમ પણ માનવું પડે, અને તેથી જ્ઞાન-દર્શનરૂપ ભગવાનનું તીર્થ છે, તે પણ કલ્પનામાત્ર થાય. એથી પૂર્વપક્ષીનું કથન અર્થ વગરનું છે.

ગાથા-૨૦૩માં કહ્યું કે છએ આરાઓમાં દર્શન-જ્ઞાન હોય છે. માટે દર્શન-જ્ઞાનરૂપ તીર્થ છે, તેમ સ્વીકારીએ તો છઠ્ઠા આરામાં પણ તીર્થ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. વળી પ્રસ્તુત ગાથાની ટીકામાં કહ્યું કે "સમ્યક્ત્વ પણ સાધુની સમીપમાં ગ્રહણ કરવાનું છે" તેથી સાધુ ન હોય તો સમ્યક્ત્વનો પણ અભાવ થાય. તેથી શંકા થાય કે છઠ્ઠા આરામાં સાધુ નથી હોતા, તોપણ સમ્યક્ત્વ છે તેમ ગાથા-૨૦૩માં કહ્યું, અને પ્રસ્તુત ગાથામાં કહ્યું કે સાધુ ન હોય તો સમ્યક્ત્વ પણ ન હોઈ શકે, તેથી પરસ્પર વિરોધ જેવું દેખાય; પરંતુ વસ્તુતઃ વિરોધ નથી. કારણ કે છઠ્ઠા આરામાં જાતિસ્મરણ જ્ઞાનથી સમ્યક્ત્વ થઈ શકે છે, જે સમ્યક્ત્વ જીવની પરિણતિરૂપ ગ્રહણ કરેલ છે; જ્યારે પ્રસ્તુત ગાથામાં તીર્થ ચતુર્વિધ સંઘ છે તેમ બતાવ્યું, તે તીર્થ જેમ ભગવાને બતાવેલ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના ઉચિત આચારના પાલન સ્વરૂપ છે, તે પ્રમાણે સમ્યક્ત્વ સાધુ પાસે વિધિપૂર્વક ગ્રહણ કરીને તેના આચારોના પાલન સ્વરૂપ છે. હવે કદાચ કોઈ સાધક સમ્યક્ત્વ ઉચ્ચરીને સમ્યક્ત્વના આચાર પાળતો હોય, છતાં ભાવથી સમ્યક્ત્વ ન હોય, તોપણ વ્યવહારથી સમ્યગ્દૃષ્ટિ કહેવાય અને તેની સંઘમાં ગણના થાય; અને કોઈએ તે રીતે સમ્યક્ત્વ ન ઉચ્ચરાવ્યું હોય અને સમ્યક્ત્વના આચાર ન પાળતો હોય, આમ છતાં કર્મના વિગમનથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય, તો તેનામાં વ્યવહારનયથી સમ્યક્ત્વ નથી. માટે તેની ચતુર્વિધ સંઘમાં ગણના થતી નથી; કેમ કે ચતુર્વિધ શ્રમણસંઘ વ્યવહારનયની આચરણાથી ગ્રહણ કરવામાં આવે છે. તેથી છઠ્ઠા આરામાં કોઈને કર્મના વિગમનથી

સમ્યક્ત્વ પ્રગટ થાય તોપણ સાધુ સમીપે સમ્યક્ત્વ નહિ ઉચ્ચરાવેલ હોવાથી, અને તે પ્રકારના સમ્યક્ત્વના આચારોનું પાલન નહિ હોવાથી, તેનામાં સમ્યક્ત્વ છે તેવો વ્યવહાર કરીને તે સંઘમાં છે તેમ કહી શકાય નહિ. તેથી વર્તમાનમાં કોઈ સાધુ નથી તેમ સ્વીકારીએ તો, વર્તમાનમાં કોઈ સમ્યગ્દૃષ્ટિ નથી, તેમ સ્વીકારવાનો પ્રસંગ આવે, તેમ ટીકામાં કહેલ છે.

પૂર્વમાં તીર્થ રત્નત્રયીરૂપ છે તેમ સ્થાપન કર્યું, અને પ્રસ્તુત ગાથામાં સંપૂર્ણ તીર્થ ચતુર્વિધ સંઘરૂપ છે એમ સ્થાપન કર્યું. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોમાં રત્નત્રયીની પરિણતિ વર્તે છે, તે જીવો રત્નત્રયીની પરિણતિના પ્રકર્ષથી સંસારસાગરથી તરે છે. વળી આ રત્નત્રયીનો આધાર ચતુર્વિધ શ્રમણસંઘ છે. તેથી રત્નત્રયી પ્રત્યે જેમને ભક્તિ છે, તેવા આરાધક જીવો રત્નત્રયીના આધારભૂત ચતુર્વિધ શ્રમણસંઘની ભક્તિ કરીને તરે છે. તેથી ચતુર્વિધ શ્રમણસંઘ પણ તીર્થ છે તેમ કહેવાય છે. **॥૨૦૬॥**

અવતરણિકા :-

अथ सकलपूर्वपक्षनिरासस्य प्रकृतोपयुक्ततां योजयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે સકલ પૂર્વપક્ષનિરાસની પ્રકૃતમાં ઉપયુક્તતાને યોજન કરતાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૨૦થી ગાથા-૩૪ સુધી અનેક યુક્તિઓથી બતાવ્યું કે નિશ્ચયનયને અભિમત સ્વપરિણામથી ઇષ્ટ એવા મોક્ષની સિદ્ધિ છે, તેથી મોક્ષના અર્થી સાધુએ પોતાના શુદ્ધ આત્મતત્ત્વને આવિર્ભાવ કરવા માટે યત્ન કરવો જોઈએ. તે સર્વ પૂર્વપક્ષની યુક્તિઓનો નિરાસ કરીને ગ્રંથકારશ્રીએ વ્યવહારનયની આચરણા આત્મકલ્યાણ માટે ઉપયોગી છે, તેમ સ્થાપન કર્યું. ગ્રંથકારશ્રીનું તે સ્થાપન ગુરુતત્ત્વના સ્વીકારમાં કઈ રીતે ઉપયોગી છે ? તેનું યોજન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

इय ववहारपसिद्धी, इत्तो सुगुरूण होइ सहलत्तं ।
णिक्खेवाइसयाणं, मणप्पसायस्स अणुरूवं ।।२०७।।

અન્વયાર્થ :-

इय=આ રીતે=પૂર્વપક્ષના નિરાસપૂર્વક અત્યાર સુધી વ્યવહારનું સ્થાપન કર્યું એ રીતે, ववहारपसिद्धी= વ્યવહારની પ્રસિદ્ધિ કરાઈ, इत्तो=આનાથી=વ્યવહારની પ્રસિદ્ધિથી, णिक्खेवाइसयाणं सुगुरूण=નિક્ષેપ અતિશયવાળા એવા સુગુરુનું, मणप्पसायस्स अणुरूवं सहलत्तं=મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું, होइ=થાય છે. ॥૨૦૭॥

ગાથાર્થ :-

પૂર્વપક્ષના નિરાસપૂર્વક અત્યાર સુધી વ્યવહારનું સ્થાપન કર્યું એ રીતે વ્યવહારની પ્રસિદ્ધિ કરાઈ, વ્યવહારની પ્રસિદ્ધિથી નિક્ષેપઅતિશયવાળા એવા સુગુરુનું મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું થાય છે. ।।૨૦૭।।

ટીકા :-

'इय'त्ति। इय=एवं, सकलप्रश्ननिर्वचनेन व्यवहारस्य प्रसिद्धिः कृता, इतः=व्यवहारप्रसिद्धेः, सुगुरूणां निक्षेपातिशयानां=नामस्थापनादिविशेषाणां, सफलत्वं भवति मनःप्रसादस्य कार्यीभूतस्य चित्तोल्लासविशेषस्यानुरूपम्, निश्चितप्रामाण्यकस्य प्रमाणरूपव्यवहारस्य प्रमेयसाधकत्वादिति भावः ।।२०७।।

ટીકાર્થ :-

इय=एवं, ... प्रमेयसाधकत्वादिति भावः ।। આ રીતે=ગાથા-૧૮થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સકલ પ્રશ્નના નિર્વચનથી=પૂર્વપક્ષીના બધા પ્રશ્નો બતાવીને તેનો ઉત્તર આપવાથી, વ્યવહારની પ્રસિદ્ધિ કરાઈ. આનાથી=પૂર્વમાં જે વ્યવહારની પ્રસિદ્ધિ કરી તે વ્યવહારની પ્રસિદ્ધિથી, નિક્ષેપ-અતિશયવાળા=નામસ્થાપનાદિ વિશેષવાળા, સુગુરુઓનું કાર્યીભૂત ચિત્તોલ્લાસવિશેષરૂપ મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું થાય છે અર્થાત્ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વ્યવહારની પ્રસિદ્ધિ કરી અને તે પ્રસિદ્ધિના સમ્યગ્ અવધારણના કાર્યભૂત ગુણવાન ગુરુને પરતંત્ર થવારૂપ ચિત્તોલ્લાસ થાય છે, તેને અનુરૂપ સુગુરુનું સફલપણું થાય છે; કેમ કે નિશ્ચિતપ્રામાણ્યવાળા=પૂર્વમાં વર્ણન કરાયેલ વ્યવહારની પ્રસિદ્ધિથી ગુણવાન ગુરુને પરતંત્ર થવું એ પ્રમાણભૂત વ્યવહાર છે એ પ્રકારના નિર્ણિત પ્રામાણ્યવાળા, પ્રમાણરૂપ વ્યવહારનું=ગુણવાનનું પારતંત્ર્ય કલ્યાણનું કારણ છે એવા પ્રમાણરૂપ વ્યવહારનું, પ્રમેયસાધકપણું છે=ગુણવાનને પરતંત્ર થનારા સુશિષ્યને ગુણવાનના પારતંત્ર્યથી સાધ્ય એવી ચારિત્રની પરિણતિરૂપ પ્રમેયનું સાધકપણું છે. ।।૨૦૭।।

ભાવાર્થ :-

ગાથા-૧૧માં કહ્યું કે સાધુ માટે ગુરુકુલવાસ એ સંયમનો પ્રથમ આચાર છે, અને ત્યારપછી ભાવગુરુને પરતંત્ર થઈ જેઓ સંયમમાં યત્ન કરે તેઓને કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તેમ સ્થાપન કર્યું. ત્યાં ગાથા-૧૮થી કોઈકે શંકા કરી કે સાધુને નિશ્ચયનયથી જ સાધ્યની સિદ્ધિ છે, તેથી ગુરુકુલવાસની આવશ્યકતા નથી, પરંતુ મોક્ષને અનુકૂળ અંતરંગ ઉદ્યમ જ આવશ્યક છે. વળી વર્તમાનનો વ્યવહાર પણ સમ્યગ્ નથી તેથી આચરવા જેવો નથી, તેમ પૂર્વપક્ષીએ અનેક યુક્તિઓથી ગાથા-૩૪ સુધી સ્થાપન કર્યું. તે સર્વ કથનનો યુક્તિથી ઉત્તર આપીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વ્યવહારની પ્રસિદ્ધિ કરી.

તેથી એ ફલિત થયું કે વર્તમાનમાં ઘણો વ્યાપક પરિણામ નિરપેક્ષ અશુદ્ધ આચરણારૂપ અશુદ્ધ વ્યવહાર હોવા છતાં પરિણામ સાપેક્ષ આચરણારૂપ શુદ્ધ વ્યવહારનો સર્વથા ઉચ્છેદ નથી, અને શુદ્ધ વ્યવહારનું

અવલંબન લઈને જેઓ ધર્મને સેવે તેઓને નિશ્ચયનયની પ્રાપ્તિ થાય, અને નિશ્ચયની પ્રાપ્તિ થાય તો જ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. તેથી કલ્યાણના અર્થીએ નિશ્ચયનું અવલંબન લઈને શુદ્ધ વ્યવહારમાં ઉદ્યમ કરવો જોઈએ, અને શુદ્ધ વ્યવહારમાં ઉદ્યમ કરવા માટે ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું જોઈએ. આ પ્રકારનો બોધ ગ્રંથકારશ્રી દ્વારા વ્યવહારની પ્રસિદ્ધિ કરાઈ તેનાથી થાય છે. તેથી નામસ્થાપનાદિ વિશેષવાળા એવા સુગુરુઓ તેવા જીવો માટે સફળ બને છે; કેમ કે શુદ્ધ વ્યવહારની પ્રસિદ્ધિને કારણે યોગ્ય જીવોને સુગુરુનું પારતંત્ર્ય ઉપાદેય ભાસે છે. તેથી વ્યવહારની પ્રસિદ્ધિના કાર્યભૂત ગુરુને સ્વીકારવા પ્રત્યે તેઓના ચિત્તનો ઉલ્લાસ થાય છે, અને જે પ્રકારનો ચિત્તનો ઉલ્લાસ અધિક તે પ્રકારે તેના માટે ગુરુનું સફલપણું અધિક થાય છે. આથી જેમને ગુણવાન ગુરુને પરતંત્ર થવાનો ચિત્તનો ઉલ્લાસ થાય છે, તેવા જીવો સ્વશક્તિના અતિશયથી આ વિષમકાળમાં પણ ગુણવાન ગુરુને સર્વ ઉદ્યમથી શોધે છે, અને ગુણવાન ગુરુને પ્રાપ્ત કરીને તેમના વચનના બળથી સર્વજ્ઞએ બતાવેલા યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. તેથી ગુણવાન ગુરુને પરતંત્ર થવાનો જે જે પ્રકારનો ચિત્તનો ઉલ્લાસ અધિક તેને અનુરૂપ તે જીવ પ્રત્યે સુગુરુનું સફલપણું થાય છે.

પૂર્વમાં કહ્યું કે ગ્રંથકારશ્રીએ શુદ્ધ વ્યવહારની પ્રસિદ્ધિ કરી, તેના કારણે મનઃપ્રસાદને અનુરૂપ સુગુરુનું સફલપણું થાય છે. તેમાં હેતુ કહે છે કે નિશ્ચિતપ્રામાણ્યક એવા પ્રમાણરૂપ વ્યવહારનું પ્રમેયસાધકપણું છે.

આશય એ છે કે ગ્રંથકારશ્રીએ વ્યવહારની પ્રસિદ્ધિ કરી, તેનાથી સિદ્ધ થયું કે વર્તમાનમાં પણ શુદ્ધ વ્યવહાર છે, અને તે શુદ્ધ વ્યવહારનું સમ્યગ્ પાલન નિશ્ચયનયની પ્રાપ્તિનું કારણ છે, અને નિશ્ચયનયની પ્રાપ્તિથી જ સાધુને સિદ્ધિ છે.

તેથી એ ફલિત થાય કે સાધુએ સંવરભાવની સિદ્ધિ માટે શુદ્ધ વ્યવહારનું પાલન કરવું જોઈએ, અને વર્તમાનનો શુદ્ધ વ્યવહાર નિશ્ચયનયની પ્રાપ્તિ દ્વારા સાધ્યની સિદ્ધિ કરનારો છે, તેથી નિશ્ચિત પ્રામાણ્યવાળો છે; અને નિશ્ચિત પ્રામાણ્યવાળો એવો પ્રમાણરૂપ વ્યવહાર પ્રમેયનો સાધક છે અર્થાત્ આચારાંગસૂત્રનું પ્રથમ વચન છે કે 'સાધુએ ગુણવાનને પરતંત્ર થવું જોઈએ,' તે વચન નિશ્ચિત પ્રામાણ્યવાળું છે અને તે વચનાનુસાર કોઈ સાધુ "જે ગુરુ વર્તમાનમાં પણ સમ્યગ્ સારણા-વારણાદિ કરતા હોય અને સાધુને સન્માર્ગમાં પ્રવર્તાવતા હોય તેવા ગુરુને પરતંત્ર થવું તે પ્રમાણરૂપ વ્યવહાર પ્રમેયનો સાધક છે" એ પ્રકારનો નિર્ણય કરીને કોઈ સાધુ ગુણવાન ગુરુને પરતંત્ર થાય તો તે ગુણવાન ગુરુના પારતંત્ર્યને કારણે તે ગુણવાન ગુરુના સારણાવારણાદિથી તે સાધુને સંયમની વૃદ્ધિરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે, અને આ સાધ્યની સિદ્ધિ તે સાધુને જે પ્રકારે ગુણવાનને પરતંત્ર થવાનો ચિત્તોલ્લાસ વિશેષ છે, તેને અનુરૂપ થાય છે. તેથી તેવા જીવો માટે નામસ્થાપનાદિ વિશેષરૂપ નિક્ષેપ અતિશયવાળા સુગુરુઓ સફળ બને છે અર્થાત્ કલ્યાણનું કારણ બને છે.

અહીં કહ્યું કે વ્યવહારની પ્રસિદ્ધિથી નામસ્થાપનાદિ વિશેષરૂપ નિક્ષેપ અતિશયવાળા સુગુરુનું સફળપણું છે. તેનો આશય એ છે કે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨થી ૧૫માં સ્થાપન કરેલ કે ભાવને પરતંત્ર જે નામાદિ હોય તે કલ્યાણના કારણ છે, અને ભાવનિરપેક્ષ એવા નામાદિ ત્રણેય હેય છે.

તેથી એ ફલિત થાય કે ભાવગુરુનાં નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણેય ઉપાદેય છે; કેમ કે તેમના નામસ્મરણાદિથી પાપનો નાશ થાય છે; અને જે ભાવગુરુ નથી તેમના નામાદિ ત્રણેય હેય છે; કેમ કે તેમના નામસ્મરણાદિથી પાપ બંધાય છે. માટે શુદ્ધ ભાવગુરુના નામસ્મરણાદિ કલ્યાણના કારણ છે અને અશુદ્ધ ભાવગુરુના નામસ્મરણાદિ પાપબંધનું કારણ છે. વળી ગાથા-૧૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ભાવને પરતંત્ર એવા નામાદિમાં વિશેષતા હોય તો તેનાથી નિર્જરારૂપ ફળમાં વિશેષતા પ્રાપ્ત થાય છે. તેથી સુગુરુના નામસ્થાપનાદિમાં જે વિશેષતા હોય તે પ્રમાણે તેમને પરતંત્ર થનારને ફળમાં વિશેષતા પ્રાપ્ત થાય છે. તેથી કોઈ ભાવગુરુનું નામસ્મરણ કરવાથી નિર્જરા થતી હોય તે ભાવગુરુમાં પણ કોઈ વિશેષતાવાળા ભાવગુરુ હોય તો તેમના નામસ્મરણથી વિશેષ નિર્જરા થાય છે.

(૧) **નામવિશેષ** :- જેમ વર્તમાનમાં કોઈ સાધુ ગુરુગુણથી યુક્ત હોય, તેથી તે ભાવગુરુ છે, અને તેમના નામસ્મરણથી આરાધક સાધુને નિર્જરા થાય છે, તેના કરતાં અધિક ગુણવાળા ગૌતમાદિ મહામુનિઓના નામસ્મરણથી અધિક નિર્જરા થાય છે; કેમ કે વિવેકી સાધુ વર્તમાનના ભાવગુરુમાં જે ગુણો જોઈ શકે છે, તેના કરતાં ગૌતમાદિ મહામુનિઓમાં કેવા વિશિષ્ટ ગુણો હતા, તે શાસ્ત્રવચનથી ઉપસ્થિત કરી શકે છે. તેથી વર્તમાનના ગુણસંપન્ન ગુરુનું નામસ્મરણ કરતી વખતે તે ગુરુમાં વર્તતા ગુણોને અનુરૂપ જે પ્રકારનો પૂજ્યભાવ થાય છે, તેના કરતાં શાસ્ત્રવચનથી ઉપસ્થિત થયેલા અધિક ગુણવાળા ગૌતમાદિ ગુરુના નામના સ્મરણથી અધિક પૂજ્યભાવ થાય છે. તેથી તે અધિક ગુણવાળા એવા ગુરુમાં થયેલ પૂજ્યભાવથી અધિક નિર્જરા થાય છે.

તેથી એ ફલિત થાય કે નામવિશેષવાળા ગુરુનું પણ મનઃપ્રસાદને અનુરૂપ સફળપણું છે. આથી જ જે ગુરુનું નામસ્મરણ કરતાં ઘણો મનઃપ્રસાદ થાય છે, તે નામવિશેષવાળા ગુરુ પ્રત્યે જે પ્રકારનો ભક્તિનો ભાવ થાય તે પ્રમાણે નિર્જરાવિશેષ થાય. તેથી નામવિશેષરૂપ ગુરુનું ચિત્તપ્રસાદને અનુરૂપ સફળપણું છે, એમ કહેલ છે.

(૨) **સ્થાપનાવિશેષ** :- કોઈ ગુણવાન ગુરુની સ્થાપના જોઈને તેમના પ્રત્યે મનઃપ્રસાદ થાય, તેનાથી નિર્જરાની પ્રાપ્તિ થાય, તેના કરતાં પણ કોઈક વિશિષ્ટ મહાત્માની સ્થાપના હોય, અને તેમના ગુણો શાસ્ત્રથી વિશેષરૂપે જાણેલ હોય, તેથી તેમની સ્થાપનામાં રહેલ વિશેષતાને કારણે અધિક મનઃપ્રસાદ થાય, તો તેનાથી નિર્જરા અધિક થાય. જેમ અન્ય કોઈ ગુરુની પ્રતિમા હોય તેને જોઈને જે પ્રકારનો આલ્લાદનો ભાવ થાય તેના કરતાં ગૌતમ આદિ મહામુનિઓની પ્રતિમાઓને જોઈને ચિત્તમાં વિશેષ પ્રકારનો આલ્લાદ થાય; કેમ કે વિવેકીને વર્તમાનના કોઈ ગુણવાન ગુરુની પ્રતિમાને જોઈને તેમના ગુણોનું સ્મરણ થવાથી જે બહુમાનભાવ થાય, તેના કરતાં ગૌતમ આદિ મહામુનિઓની પ્રતિમાને જોઈને તેમના અધિક ગુણોનું સ્મરણ થવાથી અધિક બહુમાન થાય, તો તેનાથી અધિક નિર્જરા થાય છે. તેથી સ્થાપનાવિશેષ રૂપ ગુરુનું ચિત્તના પ્રસાદને અનુરૂપ સફલપણું છે એમ કહેલ છે, અને નામસ્થાપનાદિમાં આદિ પદથી દ્રવ્યવિશેષનું અને ભાવવિશેષનું ગ્રહણ થાય છે.

(૩) **દ્રવ્યવિશેષ** :- ભાવગુરુનું દ્રવ્યવિશેષ હોય તેમને જોઈને પણ મનઃપ્રસાદ થાય તો નિર્જરાની પ્રાપ્તિ થાય છે, માટે તે દ્રવ્યવિશેષનું પણ મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું છે. જેમ વજસ્વામી ભાવાચાર્યરૂપે સ્થાપન કરાયેલ ન હતા, ત્યારે પણ 'આ ભવિષ્યમાં આપણા ગુરુ થશે' તેવું જ્ઞાન સાધુઓને થયું; તેના કારણે તે વજસ્વામીરૂપ દ્રવ્યગુરુ પ્રત્યે જે પ્રકારનો મનઃપ્રસાદ થયો તેને અનુરૂપ તે દ્રવ્ય સુગુરુનું તે સાધુઓને આશ્રયીને સફલપણું છે.

(૪) **ભાવવિશેષ** :- કોઈ ભાવગુરુ હોય અને તે ભાવગુરુમાં પણ ગૌતમાદિ જે અધિક ગુણોવાળા હોય, તેવા સુગુરુવિશેષનું મનઃપ્રસાદને અનુરૂપ વિશેષ સફળપણું થાય છે. **॥૨૦૭॥**

અવતરણિકા :-

व्यवहारसमाधानस्य विशिष्टं फलमाह –

અવતરણિકાર્થ :-

વ્યવહારસમાધાનના વિશિષ્ટ ફળને ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

'નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે' ઇત્યાદિ પૂર્વપક્ષનું ઉદ્ભાવન કરીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વ્યવહારનું સમાધાન કર્યું, તેનું સામાન્યથી શું ફળ છે ? તે પૂર્વની ગાથામાં બતાવ્યું અર્થાત્ વ્યવહારસમાધાનને કારણે નિક્ષેપઅતિશયવાળા એવા સુગુરુનું મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું છે, એ રૂપ વ્યવહારસમાધાનનું સામાન્યથી ફળ બતાવ્યું. હવે વ્યવહારસમાધાનનું વિશિષ્ટ ફળ બતાવે છે –

ગાથા :-

ववहारसमाहाणं, एयं जे सद्दहंति जिणभणियं ।
ते णिच्छयम्मि निउणा, जसविजयसिरिं लहंति सया ।।२०८।।

અન્વયાર્થ :-

जिणभणियं=સર્વજ્ઞએ કહેલ, एयं ववहारसमाहाणं=આ વ્યવહારના સમાધાનની=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ વ્યવહારના સમાધાનની, जे=જેઓ, सद्दहंति=શ્રદ્ધા કરે છે, णिच्छयम्मि निउणा ते=નિશ્ચયમાં નિપુણ એવા તેઓ, सया=હંમેશાં, जसविजयसिरिं=યશ વડે વિજયથી શ્રીને, लहंति=પામે છે. ॥૨૦૮॥

ગાથાર્થ :-

સર્વજ્ઞએ કહેલ આ વ્યવહારના સમાધાનની જેઓ શ્રદ્ધા કરે છે, નિશ્ચયમાં નિપુણ એવા તેઓ હંમેશાં યશ વડે વિજયથી શ્રીને પામે છે. ॥૨૦૮॥

ટીકા :-

'ववहार'त्ति। एतद् व्यवहारसमाधानं ये श्रद्धते जिनभणितम्=अर्थतः सर्वज्ञप्ररूपितं, ते विशिष्टकर्मक्षयोपशमाद् व्यवहारनिपुणा गुरुप्रज्ञापनाच्च निश्चयेऽपि निपुणाः सन्तः पारमेश्वरीं स्याद्वाददेशनामनुसरन्तो भावनाज्ञानेन जगज्जीवहितावहचित्तवृत्तयो यशसा=संयमयशसा, विजयेन च मिथ्यात्वाद्यन्तरङ्गशत्रुपराभवलक्षणेन श्रियं पारमैश्वर्यलक्षणां लभन्ते सदा=सर्वदा । अत्र यशोविजय इति स्वनाम सूचितम् ।।२०८।।

इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजयगणिशिष्यावतंसपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यमुख्यपण्डितश्रीनयविजयगणिचरणकमलचञ्चरीकेण पण्डितश्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन कृतायां स्वोपज्ञगुरुतत्त्वविनिश्चयवृत्तौ प्रथमोल्लासविवरणं सम्पूर्णम् ।।१।।

ટીકાર્થ :-

एतद् व्यवहारसमाधानं ..... सम्पूर्णम्।। જિનભણિત=અર્થથી સર્વજ્ઞપ્રરૂપિત એવા, આ વ્યવહારના સમાધાનની=પૂર્વમાં વર્ણન કર્યું એ વ્યવહારના સમાધાનની, જેઓ શ્રદ્ધા કરે છે, તેઓ વિશિષ્ટ કર્મક્ષયોપશમને કારણે વ્યવહારનિપુણ થાય છે; અને ગુરુની પ્રજ્ઞાપનાથી નિશ્ચયમાં પણ નિપુણ છતા પારમેશ્વરી સ્યાદ્વાદની દેશનાને અનુસરતા ભાવનાજ્ઞાનથી જગતના જીવોને હિતાવહ ચિત્તવૃત્તિવાળા તેઓ સંયમના યશ વડે અને મિથ્યાત્વાદિ અંતરંગ શત્રુઓના પરાભવરૂપ વિજય વડે પારમેશ્વર્યરૂપ શ્રીને સદા પામે છે.

અહીં=શ્લોકમાં, યશોવિજય એ પ્રમાણે પોતાનું નામ સૂચિત છે. ।।૨૦૮।।

મહામહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિના શિષ્ય પંડિતોમાં મુખ્ય શ્રી લાભવિજયગણિના શિષ્ય અવતંસ પંડિત શ્રી જીતવિજયગણિના સતીર્થ્ય=ગુરુભાઈ, પંડિતોમાં મુખ્ય શ્રી નયવિજયગણિના ચરણકમળચંચરિક, પંડિત શ્રી પદ્મવિજયગણિના ભાઈ પંડિત યશોવિજયજી કૃત સ્વોપજ્ઞ ગુરુતત્ત્વવિનિશ્ચયની વૃત્તિના પ્રથમ ઉલ્લાસનું વિવરણ સંપૂર્ણ થયું. ।।૧।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં જે વ્યવહારનું સમાધાન કર્યું તે શબ્દથી ગ્રંથકારશ્રી દ્વારા વર્ણન કરાયેલું છે, અર્થથી સર્વજ્ઞપ્રરૂપિત છે, અને જે યોગ્ય જીવો તે સમાધાનના તાત્પર્યને નિપુણતાપૂર્વક વિચારે તેને વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ થાય છે, જેથી તેવા યોગ્ય જીવો વ્યવહારમાં નિપુણ બને છે. તે આ રીતે –

પૂર્વપક્ષીએ કહેલ કે 'નિશ્ચયથી જ સાધ્યની સિદ્ધિ છે' તેથી કલ્યાણના અર્થીએ નિશ્ચયમાં જ ઉદ્યમ કરવો જોઈએ. વળી પોતાની વાતની પુષ્ટિ માટે પૂર્વપક્ષીએ કહેલ કે 'વર્તમાનનો વ્યવહાર જે પ્રકારે શાસ્ત્રમાં દેખાય છે તેવો નથી, તેથી તેવા અસંબદ્ધ વ્યવહારથી કલ્યાણની પ્રાપ્તિ થઈ શકે નહિ, માટે પણ

કલ્યાણના અર્થીએ સંયમ ગ્રહણ કરવાનું છોડી દઈને આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવા માટે સર્વ ઉદ્યમ કરવો જોઈએ.' તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તે તેમ જ છે, ફક્ત નિશ્ચયની પ્રાપ્તિનો ઉપાય વ્યવહાર છે.' વળી વર્તમાનનો અશુદ્ધ વ્યવહાર ફળસાધક નથી, એમ જે પૂર્વપક્ષી કહે છે તે પણ તેમ જ છે, છતાં વર્તમાનમાં શુદ્ધ વ્યવહાર સર્વથા નષ્ટ થયો નથી. તેથી વર્તમાનમાં વ્યાપક અશુદ્ધ વ્યવહારમાં પણ જેઓ શુદ્ધ વ્યવહાર સેવે છે, તેઓ શુદ્ધ વ્યવહારના બળથી નિશ્ચયને પ્રાપ્ત કરી શકે છે; અને શુદ્ધ વ્યવહાર કઈ રીતે નિશ્ચયની પ્રાપ્તિનું કારણ છે, તે પણ સ્થાને સ્થાને ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કરેલ છે. તેથી તેને જે સાધુ યથાર્થ રીતે જાણવા પ્રયત્ન કરે તે સાધુમાં વિશિષ્ટ પ્રકારનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે, જેથી વર્તમાનના ઘણા અશુદ્ધ વ્યવહારમાં પણ કેવા પ્રકારનો શુદ્ધ વ્યવહાર છે જે કલ્યાણનું કારણ છે, તેને જાણી શકે છે તે જાણીને કલ્યાણના અર્થી એવા તે સાધુ શુદ્ધ વ્યવહારની પ્રાપ્તિના પ્રબળ ઉપાયભૂત સુગુરુને પ્રાપ્ત કરવા માટે સમ્યક્ ઉદ્યમ કરે છે, અને સુગુરુને પ્રાપ્ત કરીને સુગુરુ દ્વારા પ્રાપ્ત થતા સારણા-વારણાદિ દ્વારા નિશ્ચયમાં પણ નિપુણ બને છે અર્થાત્ શુદ્ધ વ્યવહારનું સેવન કરીને નિશ્ચયને અભિમત એવી શુદ્ધ આત્માની પરિણતિને પ્રગટ કરવા માટે સમર્થ બને છે. આ રીતે નિશ્ચય અને વ્યવહારમાં નિપુણ બનેલા તે સાધુભગવંત નિશ્ચય અને વ્યવહારરૂપ સ્યાદ્વાદની દેશનાનું અનુસરણ કરતા ભાવનાજ્ઞાનને પ્રાપ્ત કરે છે, ભાવનાજ્ઞાનથી જગતના જીવોના હિતને કરનારી ચિત્તવૃત્તિવાળા થાય છે, અને આવી ઉત્તમ ચિત્તવૃત્તિ થવાને કારણે સંયમના યશને પ્રાપ્ત કરે છે, અને મિથ્યાત્વાદિ અંતરંગ શત્રુના વિજયને પ્રાપ્ત કરે છે, જેના ફળરૂપે પરમ ઐશ્વર્યરૂપ મોક્ષની લક્ષ્મીને સદા પ્રાપ્ત કરે છે અથવા સુગતિની પરંપરાની પ્રાપ્તિ અને અંતે મોક્ષની પ્રાપ્તિરૂપ પરમઐશ્વર્યવાળી લક્ષ્મીને સદા પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે ગ્રંથકારશ્રીએ વ્યવહારનયનું સમાધાન કર્યું, તેનાથી બે ફળની પ્રાપ્તિ થાય છે–

(૧) નિક્ષેપઅતિશયવાળા એવા ગુરુનું મનઃપ્રસાદને અનુરૂપ સફળપણું થાય છે.

(૨) વ્યવહારના સમાધાનને કારણે જે જીવોને વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે, તેઓ વ્યવહારમાં નિપુણ બને છે, અને વ્યવહારમાં નિપુણ બનવાને કારણે સુગુરુ કુગુરુના ભેદને જાણી શકે છે અને સુગુરુને આ સુગુરુ છે તેમ જાણ્યા પછી સુગુરુનું અવલંબન લઈને સુગુરુના ઉપદેશથી વ્યવહારની પ્રવૃત્તિ કરે છે, તેથી નિશ્ચયમાં પણ નિપુણ બને છે. તેથી વ્યવહારની ક્રિયા નિશ્ચયનયને અભિમત પરિણામની નિષ્પત્તિનું કારણ બને તે રીતે સેવી શકે છે, અને તે રીતે સેવાયેલી ક્રિયાથી ભાવનાજ્ઞાનવાળા બને છે, જેના ફળરૂપે આ સંસારનો અંત થાય છે. **॥૨૦૮॥**

પ્રથમ ઉલ્લાસ પૂર્ણ

इय ववहारपसिद्धी, इत्तो सुगुरूण होइ सहलत्तं ।
णिक्खेवाइसयाणं, मणप्पसायस्स अणुरूवं ॥



પૂર્વપક્ષના નિરાસપૂર્વક અત્યાર સુધી વ્યવહારનું સ્થાપન કર્યું એ રીતે વ્યવહારની પ્રસિદ્ધિ કરાઈ, વ્યવહારની પ્રસિદ્ધિથી નિક્ષેપઅતિશયવાળા એવા સુગુરુનું મનઃપ્રસાદને અનુરૂપ સફલપણું થાય છે.

: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com